ઉત્તરપથ

(ઉત્તરાર્ધ)

(મહાભારત પર આધારિત ઐતિહાસિક નવલકથા)

- શ્રી યોગેશ્વરજી

NOTICE

સર્વ હક્ક લેખકને સ્વાધીન

All rights reserved by Author

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

* * *

e-book
Title : Uttarpath - II
Language : Gujarati
Version : 1.0
Pages : 290
Created : January 1st 2016.

NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * *

પ્રસ્તાવના

રામાયણ તથા મહાભારત બન્ને ભારતીય સંસ્કૃતિના મહામૂલ્યવાન અસાધારણ ઈતિહાસગ્રંથો છે. એ અત્યંત લોકપ્રિય છે, અને એમને રચાયે હજારો વરસો વીતી ગયાં હોવા છતાં એટલા જ રસમય તેમ જ પ્રેરણાપ્રદ છે. એ મહાન ધર્મગ્રંથોએ લોકહૃદયમાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. લોકોના જીવનઘડતરમાં એમને લીધે મહાન પ્રેરણા મળી છે અને આજે પણ મળી રહી છે. એ બન્ને ગ્રંથોમાંથી પ્રેરણા મેળવીને સૌથી પહેલાં રામાયણના પ્રસંગો પર લખ્યા પછી મહાભારતના પ્રસંગોને અક્ષરદેહમાં વાર્તારૂપે આલેખવાની ઈચ્છા થઇ અને એ ઈચ્છાનું વ્યકત સ્વરૂપ આ પુસ્તકરૂપે રજૂ કરી રહ્યો છું. મહાભારતની આ સુંદર રસભરપૂર કથાના આલેખનથી મને ઘણું જાણવાનું મળ્યું છે ને આનંદ થયો છે તેમ બીજાને પણ મળશે ને થશે એવી આશા છે.

મહાભારતનો મૂળ ગ્રંથ આમ તો ઘણો મોટો અને અસંખ્ય આનુષંગિક આખ્યાનો તેમ જ ઉપાખ્યાનોથી ભરેલો છે. એમાં ધર્મના, નીતિના તથા બીજા ઉપદેશો પણ અનેક છે. એ બધા આખ્યાનો, ઉપાખ્યાનો અને ઉપદેશોને બાજુએ રાખીને કૌરવો તથા પાંડવો સાથે સંબંધ ધરાવતા મુખ્ય પ્રસંગોનું જ મેં આ ગ્રંથમાં વર્ણન કર્યું છે. એ વર્ણનમાં એક અગત્યનો સુધારો એ કર્યો છે કે મૂળ પરંપરાગત કથાની પેઠે મેં દ્રૌપદીને પાંચ પાંડવોની પત્ની તરીકે ચીતરવાને બદલે એકલા અર્જુનની જ પત્ની તરીકે વર્ણવેલી છે. પ્રાચીનતાના પૂજારીઓ વાર્તામાં કરાયેલા એ ફેરફારને ક્ષમ્ય ગણશે એવી આશા છે. બીજી મોટા ભાગની કે બધી જ હકીકતો મૂળ મહાભારત પ્રમાણે જ ક્રમબદ્ધ રીતે ચાલ્યા કરે છે, અને આજે પણ એટલી જ પ્રેરણાત્મક તેમજ રસપ્રદ છે. ભારતના ભૂતકાલીન અમર સાંસ્કૃતિક વારસાનો પરિચય કરાવનારી આવી કથાઓનું અધ્યયન જેટલું પણ અધિક થાય એટલું જ ઉપયોગી છે. આપણી વર્તમાન અને ભવિષ્યની શિક્ષિત પેઢી એમનો લાભ ઉઠાવે એ આવશ્યક છે.

- શ્રી યોગેશ્વર

તારીખ: ૯-૭-૧૯૬૯ (મસૂરી)

* * *

અનુક્રમણિકા

૧. કર્ણનું બીજું પાસું
૨. લાગણી
૩. પાશુપતાસ્ત્રની પ્રાપ્તિ
૪. અર્જુન અને ઉર્વશી
૫. ઉર્વશીની લાગણી
૬. વશીકરણમંત્ર
૭. કૃષ્ણે લાજ રાખી
૮. દ્રૌપદીનું અપહરણ
૯. જયદ્રથની મુક્તિ
૧૦. સંવેદન
૧૧. માતૃહૃદય
૧૨. યક્ષનો મેળાપ
૧૩. પુનર્જીવન
૧૪. વિરાટનગરમાં
૧૫. પરાક્રમનો પરચો
૧૬. કીચકનો સામનો
૧૭. યોજના
૧૮. કીચકનો નાશ
૧૯. કીચકબંધુઓનો વધ
૨૦. સફળ સ્વપ્નું
૨૧. દૂતની વાતચીત
૨૨. દુર્યોધને ના માન્યું
૨૩. દુર્યોધન અને અર્જુન
૨૪. કૃષ્ણનું વિજય સ્મિત
૨૫. કર્ણ અને કુંતી
૨૬. વ્યાસનો આશીર્વાદ
૨૭. શ્વેતકુમારનું પરાક્રમ
૨૮. ક્રૌંચારુણવ્યૂહની રચના
૨૯. ભીમનું પરાક્રમ
૩૦. ભીષ્મના મૃત્યુનું રહસ્ય
૩૧. ભીષ્મની બાણશય્યા
૩૨. યુધિષ્ઠિરને પકડવાની ઇચ્છા
૩૩. અભિમન્યુનું મૃત્યુ
૩૪. અર્જુનની પ્રતિજ્ઞા
૩૫. જયદ્રથનો વધ
૩૬. ઘટોત્કચનું મૃત્યુ
૩૭. દ્રોણનો નાશ અને શલ્યનું સારથિપદ
૩૮. કર્ણની મૂર્છા
૩૯. દુઃશાસનનો વધ
૪૦. કર્ણનું મસ્તક કપાઈ ગયું
૪૧. દુર્યોધનની દુર્દશા
૪૨. અશ્વત્થામા વનમાં જાય છે
૪૩. કુંતીએ રહસ્ય ખોલ્યું
૪૪. ભીષ્મનો શરીરત્યાગ
૪૫. મહાપ્રયાણ

* * *

૧. કર્ણનું બીજું પાસું

દુર્યોધને ધૃતરાષ્ટ્રને પાંડવોના વનગમનના સામાચાર કહી સંભાળાવીને કહ્યું:

'પાંડવોના જવાથી મને નિરાંત થઈ. એ મારા માર્ગમાં મોટામાં મોટી આડખીલીરૂપ હતા. એ ઉત્તરોત્તર ઉન્નતિ કરતા આપણા કરતાં પણ વધારે સુખી, સમૃદ્ધ અને યશસ્વી બની ગયેલા એથી મારું અંતર આક્રંદ કરી રહેલું. મારો અંતરાત્મા બળવા લાગેલો ને મારી ઊંઘ ઊડી ગયેલી. હવે મારી ચિંતા ટળી ગઈ. જોકે હજુ એક કામ તો બાકી રહ્યું જ છે. એમની ગતિવિધિના ચોક્કસ સમાચાર મેળવવા રહેશે જેથી તેરમા વરસે એ અજ્ઞાતરૂપે રહી જ ના શકે ને ફરી પાછા બીજાં બાર વરસનો વનવાસ ભોગવે.'

'એ કામ તો આપણે સહેલાઈથી કરી શકીશું.' દુઃશાસન બોલ્યો: 'એમને રાજ્યરહિત કરીને વનમાં મોકલવાનું કીમતી કામ કરી લીધું તો પછી એ કામની શી વિસાત ? મામા શકુનિના સહકારથી આપણે પાંડવોને હવે કદીપણ નહિ ફાવવા દઈએ.'

'દુર્યોધન !' ધૃતરાષ્ટ્ર બોલ્યા: 'પાંડવો પ્રત્યે મને પ્રેમ છે એ વાતની ના નથી છતાંપણ તારા પ્રત્યે જેવો પ્રેમ છે તેવો પ્રેમ તો નથી જ. એમના માટેનો એવો પ્રેમ મારા અંતરમાં કદી પેદા જ ના થઈ શકે. એટલે તને સુખી, સફળ, સમૃદ્ધ અને નિશ્ચિંત જોઈને મને આનંદ થાય છે. હવે તું હસ્તિનાપુર અને ઈન્દ્રપ્રસ્થ બંને રાજ્યોનો ઉપભોગ કર. ભાગ્ય તને બધી રીતે અનુકૂળ છે.'

'ભાગ્ય મને બધી રીતે અનુકૂળ છે છતાં પણ પૂરેપૂરું અનુકૂળ નથી લાગતું.'

'કારણ ?'

'એનું કારણ સાવ સાદું છે. ભાગ્ય મને બધી રીતે અનુકૂળ હોત તો દ્રૌપદીની પ્રાપ્તિ ના કરાવી આપત ? એ અસાધારણ સૌન્દર્યવતી સ્ત્રીના સૌન્દર્યથી મારો રમણીય રાજપ્રાસાદ વધારે રમણીય અને સુશોભિત બની જાત. યુધિષ્ઠિરના હારવાથી એની ઉપર મારો અધિકાર થઈ ચૂકેલો. એને લીધે મારું અંતર અતિશય આનંદમાં આવી ગયેલું. મને થયું કે મારી આશા સફળ થઈ : દ્રૌપદીને પામીને મારું જીવન ધન્ય બન્યું. પરંતુ ત્યાં તો ફરીવાર દ્યૂત રમવાનો પ્રસ્તાવ આવ્યો ને મારું કર્યુકારવ્યું ધૂળ થયું. હાથમાં આવેલી દ્રૌપદી ફરી પાછી ચાલી ગઈ એનો દોષ મારા ભાગ્યની વિપરીતતાને નહિ તો બીજા કોને દેવો ?'

'દ્રૌપદી પ્રત્યે તને હજુ પણ આકર્ષણ છે?'

'કેમ ના હોય ? દ્રૌપદી જેવું સુંદર સ્ત્રીરત્ન સંસારમાં બીજું કોઈયે નહિ હોય. એનું લાવણ્ય અનુપમ છે. એને જોઈને આંખ અને અંતર એક પ્રકારના અનેરા આનંદનો અનુભવ કરે છે. એની વાત જ જુદી છે.'

'પરંતુ એ તો સ્વયંવરમાં અર્જુનને વરી ચૂકેલી છે એટલે તને કેવી રીતે મળે ? એની અંદર મન રાખીને તું નકામો દુઃખી થઈશ એના કરતાં એનો વિચાર જ છોડી દે.'

'કેવી રીતે છોડી શકું ? એ તો મને નિરંતર યાદ આવ્યા કરે છે. એ અર્જુનની પાસે ને પાંડવોની સાથે છે ત્યાં સુધી અર્જુન અને પાંડવો મારા કરતાં વધારે સૌભાગ્યશાળી ને સુખી છે એ વાત મારાથી નથી ભૂલી શકાતી. એ હકીકત મને હંમેશા કોરી ખાય છે.'

'છતાં પણ એથી બેચેન કે દુઃખી બનવાનો કશો અર્થ નથી. હવે તને દ્રૌપદી કોઈ ઉપાયે નથી મળી શકે તેમ. એટલે મનને સમજાવીને શાંત રાખવું જ બરાબર છે. એ જ હિતાવહ છે.'

દુર્યોધન તરત જ બોલી ઉઠ્યો:

'મારું હિત શામાં છે તે હું સારી પેઠે સમજું છું. વળી હું એટલે બધો નિરાશાવાદી પણ નથી જ.'

ધૃતરાષ્ટ્રે કહ્યું:

'એમાં આશાવાદ કે નિરાશાવાદનો કશો સવાલ જ નથી ઊઠતો. એ તો એક સીધીસાદી વ્યાવહારિક વસ્તુ છે. જે પદાર્થની પ્રાપ્તિ માટે કોઈ આશા ના હોય તેને યાદ કરીને દુઃખી થવામાં બુદ્ધિમાની નથી જ લાગતી. દ્રૌપદી સ્વયંવરમાં વરમાળા પહેરાવીને તને વરી હોત કે તારી થઈ હોત તો એના જેવો આનંદ બીજો એકે ન હતો. એ જોઈને મને પણ સંતોષ અને શાંતિ થાત. પરંતુ હવે શું થઈ શકે ? જે પૂરનાં પાણી પ્રબળ વેગે વહેતાં આગળ વહી ગયાં છે તે હવે કેમે કરીને પાછાં નથી આવી શકે તેમ.'

'એની તો મને ખબર છે. તોપણ મારાથી બનશે તેટલો પ્રયત્ન કરીશ જ.'

'કેવો પ્રયત્ન ?'

'તમારી સંમતિ હોય તો દ્રૌપદીનું હરણ પણ કરી લાવું.'

'ના, એને માટેની સંમતિ મારાથી કદીપણ ના આપી શકાય. દ્રૌપદી પરાક્રમી પાંડવોથી સારી રીતે રક્ષાયેલી હોવા ઉપરાંત કૃષ્ણની કૃપા પામી ચૂકેલી હોવાથી એનું હરણ કરવાનો પ્રયત્ન તારે માટે કાળને કંકોતરી લખવા બરાબર થઈ પડે. એવા પ્રયત્નમાં સફળતા સાંપડે તોપણ એના પરિણામે તું જીવતો તો ના જ રહી શકે. તારી ભાવનાની કદર કરું છું પરંતુ એની પૂર્તિ માટેનું સાધન મને સુયોગ્ય નથી લાગતું.'

'તો પછી શું મારે દ્રૌપદીને ભૂલી જવી ? એ તો હવે શક્ય જ નથી.'

'એને ભૂલી ના શકે તો તારા સંજોગો સુધરે ને વધારે બળવાન બને તેની રાહ જો. સંભવ છે કે આગળ પર ભાગ્ય તને આજે છે એના કરતાં વધારે અનુકૂળ બની જાય.'

'તો તો ઘણું સારું થાય. એને માટે તમારો આશીર્વાદ માગું છું.'

'મારો આશીર્વાદ તો છે જ.'

'ખરેખર ?'

'હા. ખરેખર.'

'તો પછી એ આશીર્વાદ અવશ્ય ફળશે, ને મારી ઈચ્છા પૂરી થશે.'

થોડીવાર મૂક રહીને દુર્યોધન ફરી બોલ્યો:

'વનનાં દુઃખો જોઈને દ્રૌપદીનું મન બદલાય તેમ જ પાંડવો પરથી ઉપરામ બની જાય એવું બને ખરું. એ દશામાં એનો અર્જુનને માટેનો મોહ મટી જાય. એવે વખતે જો એને રાજ્યસુખનું પ્રલોભન બતાવવામાં આવે તો એ મારો સ્વીકાર કરવા તૈયાર થઈ જાય ખરી. અહા એ કલ્પના જ કેટલી બધી રસમય તથા ભવ્ય લાગે છે ?'

'એનો અર્થ એ કે એવા અનુકૂળ સંજોગો ના આવે ત્યાં સુધી એમની પ્રતીક્ષા કરતા રહેવું.' દુઃશાસન વચ્ચે જ બોલી ઊઠ્યો.

'હા.' ધૃતરાષ્ટ્રે જણાવ્યું : 'એનો અર્થ એ જ.'

'અને એવા અનુકૂળ સંજોગો આવે જ નહિ તો?'

'તો મનને વધારે વ્યથિત કરવાને બદલે સમજાવી દેવું.'

'ના.' દુર્યોધન બોલ્યો : 'મનને સમજાવવાનું તો મારાથી નહિ જ બની શકે. દ્રૌપદીને મેળવવાની આશામાં હું જીવ્યા કરીશ એ બરાબર છે. એ મારું નહિ જ માને તો હું એની તથા પાંડવોની ઉપર વધારે ને વધારે દુઃખ વરસાવ્યા કરીશ. એમને સુખશાંતિથી રહેવા જ નહિ દઉં.'

દુઃશાસન બોલ્યો:

'દુર્યોધન ! તું પોતે ગાફેલ રહ્યો ને હાથમાં આવેલી દ્રૌપદીને એમનેમ જવા દઈને હવે એને યાદ કરવા બેઠો છે. તેં શું ભારેમાં ભારે ભૂલ નથી કરી ? પાંડવોના પરાક્રમની પરવા કર્યા વિના, તારા આદેશને આજ્ઞાંકિત સેવકની જેમ અનુસરીને, દ્રૌપદીના કેશ પકડીને મેં સભામાં તારી આગળ હાજર કરેલી. એ અવસરને તેં હાથે કરીને ખોઈ નાખ્યો. એવો દેવદુર્લભ અવસર ફરી ક્યારે મળવાનો હતો ? તારો પુણ્યોદય થવાથી જ તું એને જીતી શકેલો. પરંતુ મારી બધી જ હિંમત તથા મહેનત પર તેં પાણી ફેરવી વાળ્યું !'

'પાણી મેં નથી ફેરવી વાળ્યું પરંતુ આપણા પિતાએ ફેરવી વાળ્યું છે. એ દ્રૌપદીના પોકારોથી પીગળી ગયા. એમણે પાંડવોને મારા દાસત્વમાંથી ભલે મુક્ત કર્યા પરંતુ દ્રૌપદીને મારી દાસી તરીકે રહેવા દીધી હોત તો આજે મારા જેવો સંપૂર્ણ સુખી સંસારમાં બીજો કોઈયે ના હોત. પરંતુ મારું ભાગ્ય એટલું ફૂટેલું કે મને એ વખતે એનું ધ્યાન જ ના રહ્યું. નહિ તો દ્રૌપદીને તો મુક્ત થવા દેત જ નહિ. પરંતુ હવે જે થઈ ગયું છે એનો અફસોસ કરવાથી શું વળે? દોષ દેવો હોય તો મારા ભાગ્યને જ દેવાનો. એ જ જો અનુકૂળ હોત તો એવી મોટી ભૂલ મારાથી થઈ શકત ખરી ? વીતેલો વખત હવે કોણ જાણે ક્યારે પાછો આવશે !'

એવું કહીને દુર્યોધને નિઃશ્વાસ નાખ્યો.

ધૃતરાષ્ટ્રે કહ્યું:

'દુર્યોધન ! હવે નિઃશ્વાસ નાખવાથી કશું નહિ વળે. હવે તો પરિસ્થિતિનો વિચાર કરીને મનને શાંત રાખવામાં જ મંગલ છે.'

એ જ દિવસે સાંજે દુર્યોધને દ્રૌપદી સાથેનો પ્રસંગ કર્ણને કહી બતાવ્યો એટલે કર્ણે કહ્યું:

'દ્રૌપદી સન્નારી છે, સતી છે. એ તારે તાબે કદાપિ નહિ થાય.'

'તુ તો એવું જ કહેવાનો.'

'હું જે કહું છું તે તટસ્થ રીતે ને સાચું કહું છું. તું એના તરફ દોડતા તારા મનને પાછું વાળી લે એ જ બરાબર છે. મેં એના શીલવાળા સ્વભાવની પરીક્ષા તારા કહેવાથી દુઃશાસન એના વસ્ત્રને ખેંચતો'તો ત્યારે રાજસભામાં જ કરી લીધેલી.'

'છતાં પણ તને એવું નથી લાગતું કે વનની વિપત્તિઓથી ડરીને દ્રૌપદી છેવટે મારું શરણ લઈ લેશે ને મારાં પ્રલોભનોને વશ થશે?' દુર્યોધને પૂછી નાખ્યું.

કર્ણે એવી જ સ્વસ્થતાપૂર્વક ઉત્તર આપ્યો:

'બિલકુલ નથી લાગતું. તારી તેમ જ દુઃશાસનની ટક્કર ઝીલનારી દ્રૌપદી કેટલા બધા મક્કમ મનવાળી અથવા નીડર છે તે તો તેં જોઈ લીધું છે. એનું મન ખૂબ જ પવિત્ર છે. એ વિપત્તિઓથી લેશ પણ નહિ ડરે તથા પ્રલોભનોને વશ પણ નહિ થાય. તને આટઆટલા અનુભવ પછી પણ જો એની સહેજ પણ આશા હોય તો એનો અર્થ એ જ થયો કે તું એના સ્વભાવને નથી સમજ્યો. મારી સલાહ તો એ જ છે કે તું એના મોહને છોડી દે. એ મોહ નિરર્થક છે, નિષ્ફળ જવા સરજાયેલો છે, ને તને દુઃખી કરશે. દ્રૌપદી સ્વપ્ને પણ તારી નહિ થઈ શકે.'

'મિત્ર બનીને મને આવી અપ્રિય સલાહ આપી રહ્યો છે ?'

'મારી સલાહ તને અપ્રિય લાગે છે તે સમજી શકું છું પરંતુ જે વ્યાધિગ્રસ્ત હોય છે તેને દવા ક્યાં પ્રિય લાગે છે ? તારી દશા પણ એવી જ હોવાથી મારા શબ્દો તને પ્રિય નહિ લાગે પણ તારે માટે તે હિતકારક છે. હું તારો મિત્ર છું ને ઘનિષ્ઠ મિત્ર છું. એ સાચું, પરંતુ એનો અર્થ એવો થોડો જ છે કે તારા બધા જ વિચારો સાથે મળતો થાઉં અને તારી હામાં હા કર્યા કરું ? મિત્રનો ધર્મ મિત્રને સાચે માર્ગે દોરવાનો ને સાચી સલાહ આપવાનો છે. હું એ જ ધર્મ બજાવી રહ્યો છું.'

દુર્યોધને વિચાર કરીને કહ્યું:

'ધાર કે હું દ્રૌપદીનું હરણ કરી લાવવાની યોજના કરું તો ? તું મને એમાં મદદ કરે ખરો ?'

'ના. એવી મદદ મારાથી ના કરી શકાય. કદી પણ નહિ. એવી યોજના કરવાની તને સલાહ પણ નથી આપી શકતો. એવી યોજનાનું પરિણામ સારું નહિ આવે. એ તારે માટે અમંગલ અથવા ઘાતક થઈ પડશે. માટે એનો વિચાર છોડી દે એ જ ઉચિત છે. દ્રૌપદી કોઈ પરાયી સ્ત્રી નથી પણ તારી ભાભી હોવાથી તારે માટે પૂજ્ય છે. એને માટે આવા વિચારો સેવવા તથા ઘાટ ઘડવા ઘૃણાજનક છે.'

'તને એ સુંદર સ્ત્રીને માટે કોઈ જાતનું આકર્ષણ નથી થતું ?'

'આકર્ષણ થાય છે તેની ના નહિ, પરંતુ મોહ નથી થતો. આકર્ષણ થાય છે તે પણ કોઈ લાલસા, વાસના કે કામુકતાથી પ્રેરાઈને નથી થતું. આકર્ષણ એના અસાધારણ વ્યક્તિત્વ તથા ગુણોને લીધે થાય છે. એની પવિત્રતા તેમ જ સંયમપ્રિયતાનું સ્મરણ કરીને એના પ્રત્યે માન પેદા થાય છે કે એક પ્રકારનો ઊંડો પૂજ્યભાવ પ્રકટે છે. જે સમાજમાં એવી શીલવાળી સ્ત્રીઓ જન્મે છે તે સમાજને ધન્યવાદ ઘટે છે. એ સમાજ સુસંસ્કૃત અને શ્રેષ્ઠ છે. એવી સર્વોત્તમ સન્નારીનું સન્માન કરવાને બદલે અથવા એને દુઃખમાંથી મુક્તિ આપવાને બદલે તું એને ભ્રષ્ટ કરવાના ને દુઃખી બનાવવાના ઘાટ ઘડે છે અને એમાં આનંદ માને છે એથી અધિક અધઃપતન બીજું કયું હોઈ શકે? એથી દુઃખદ પણ શું હોય?'

દુર્યોધન કર્ણને શાંતિથી સાંભળી રહ્યો ને બોલ્યો:

'તારા વિચારો મને ખૂબ જ વિચિત્ર લાગે છે. એ મારે ગળે નથી ઊતરતા.'

કર્ણે કહ્યું:

'એ મારું કમભાગ્ય છે અને તારું પણ કમભાગ્ય જ છે. એ બતાવે છે કે તારો મોહ અસાધારણ છે. તું મોહાંધ છે.'

'મોહાંધ નહિ પણ પ્રેમાંધ.'

'ના. આ પ્રેમ નથી મોહ જ છે. એટલે તો તું સામાન્ય વિવેકને પણ ખોઈ બેઠો છે.'

'એ તો તારે જેમ માનવું હોય તેમ માની શકે છે. બાકી હું તો દ્રૌપદીને મેળવીશ ત્યારે જ સુખી થઈશ. તેના સિવાય મને ચેન નહિ જ પડે.'

'દ્રૌપદી તને કદાપિ નથી મળવાની.'

'એ દલીલમાં અત્યારથી શા માટે પડું? મને તો એની પ્રાપ્તિ-સંબંધી કશી શંકા જ નથી થતી. એની પ્રાપ્તિ કરીને તને બતાવી આપીશ. પરંતુ એ રૂપસુંદરી પ્રત્યે આટલો બધો પક્ષપાત બતાવે છે એ જોઈને મને નવાઈ લાગે છે.'

'એમાં નવાઈ જેવું છે જ શું? પવિત્ર પતિવ્રતા સ્ત્રીઓ અને કુમારિકાઓ આ સંસારની શોભારૂપ છે. એમના પ્રત્યે મને પહેલેથી જ પ્રેમ, પૂજ્યભાવ અને પક્ષપાત છે. એ પ્રેમ અને પૂજ્યભાવ મને મારી માતા તરફથી વારસામાં મળ્યો છે.'

'રાધા તરફથી?'

'હા. મારી માતા રાધા તરફથી. એ પોતે પણ ખૂબ જ પવિત્ર તથા પતિવ્રતા છે. એણે મને એક વાત વારંવાર શીખવાડી છે કે બેટા, દુનિયામાં બળવાન, યશસ્વી અને સુખી બનવું હોય ને જીવનને ફૃતાર્થ કરવું હોય તો સ્ત્રીઓ પ્રત્યે પૂજ્યભાવ રાખતાં અને ઉત્તમ પ્રેમયુક્ત વ્યવહાર કરતાં શીખજે. એમને જોઈને મોહાંધ ના બનતો. મારી માતાના એ સોનેરી સંદેશને જીવનમાં ઉતારવાનો બનતો પ્રયત્ન કરી રહ્યો છું. તોપણ એમાં સંપૂર્ણ સફળ થયો છું એવું નથી કહી શકતો. અલબત્ત, એને માટે જાગ્રત કે સાવધાન તો છું જ. દ્રૌપદી મારી સગી નથી છતાં પણ સ્ત્રીઓ પ્રત્યેની એવી વિશેષ દૃષ્ટિને લીધે મને આદરણીય લાગે છે. એને માટે એક પ્રકારનું અનેરું આકર્ષણ થઈ આવે છે. એ આકર્ષણ સમજપૂર્વકનું હોવાથી અફર છે.'

દુર્યોધન કર્ણની મુખાકૃતિને એકીટસે જોઈ રહ્યો.

એની આગળ કર્ણના વ્યક્તિત્વનું એક બીજું જ પાસું પ્રકટ થઈ રહેલું.

એને મૂક જોઈને કર્ણ આગળ બોલ્યો:

'એક બીજી વાત પણ કહી દઉં.'

'કહી દે.'

'દ્રૌપદીનું હરણ કરવાની તું ભૂલેચૂકે પણ યોજના કરે તો હું એનો વિરોધ કરું. એટલું જ નહિ, જરૂર લાગે તો તારો પોતાનો પણ વિરોધ કે સામનો કરું. સભામાં એના વસ્ત્રને દુઃશાસન ખેંચી રહેલો અને એ અશ્રુથી ઊભરાયેલી આંખે પોકારો પાડતી'તી ત્યારે મને કાંઈનું કાંઈ થઈ ગયેલું. મારું હૃદય રડી ઊઠેલું. દુઃશાસનનો સામનો કરીને એને બચાવવાનું મન પણ થયેલું. છતાં પણ એ વખતે મેં મારા મનને રોકી રાખ્યું. એટલી મારી નિર્બળતા કે મિત્ર પ્રત્યેની વફાદારી ભાવના. પરંતુ હવે જો એવા પ્રસંગનું પુનરાવર્તન થાય તો હું એનો મૂક પ્રેક્ષક બનીને બેસી તો ના જ રહું.'

દુર્યોધન સ્મિત કરતાં બોલ્યો:

'હું એનું હરણ નથી કરવાનો. તું નિશ્ચિંત રહેજે.'

'હું તો નિશ્ચિંત જ છું. તો પણ મારા ભાવો અને વિચારો તને કહી બતાવ્યા.'

'એ ભાવો અને વિચારો મારે માટે નવા છે. એમને સાંભળવા છતાં મારો તારે માટેનો પ્રેમ અને વિશ્વાસ એવો જ અચળ છે અને અચળ રહેશે. તોપણ મારા મનમાં એક પ્રશ્ન પેદા થાય છે માટે પૂછી લઉં. ધાર કે ભવિષ્યમાં કોઈક વાર કોઈ કારણે મારું અને પાંડવોનું યુદ્ધ થાય તો? તારી હમદર્દી કોની સાથે રહે? તું મારી પડખે રહીને લડે કે ના લડે?'

'તને એવો પ્રશ્ન થઈ રહ્યો છે એ જ નવાઈ જેવું છે. અત્યારે ક્યાં યુદ્ધ થઈ રહ્યું છે કે યુદ્ધ થવાનો સંભવ પણ ક્યાં છે? ભવિષ્યની વાત ભવિષ્ય પાસે.'

'એ તો બરાબર છે, પરંતુ હું જાણવા માંગુ છું કે તું મને મદદ કરે કે ના કરે?'

'મદદ શા માટે ના કરું? તને સમજાવવાની જરૂર હોય તો સમજાવું. યુદ્ધ દૂર કરી શકાતું હોય તો તે માટે પ્રયત્નો કરું. એ છતાં પણ યુદ્ધ આવી જ પડે કે કરવું જ પડે તો તું મારો મિત્ર હોવાથી પક્ષ તો તારો જ લઉં. તારી સાથે જ રહું. તને બનતી બધી જ રીતે મદદરૂપ થઉં. તું મારા પ્રત્યે પહેલેથી જ પ્રેમ રાખે છે. પાંડવો મને સૂતપુત્ર કહીને ઉપેક્ષાદૃષ્ટિથી જુએ છે ત્યારે તું મને સગા ભાઈ બરાબર માનીને મારી સંભાળ રાખે છે. તો વિપત્તિના વખતમાં તને કેવી રીતે છોડી શકું? કદાપિ નહિ. એ સંબંધી શંકા કરવાની હોય જ નહિ.'

દુર્યોધનને નિરાંત વળી.

એના અંતરમાં અવનવો ઉત્સાહ પેદા થયો.

એ કર્ણને ભેટી પડતાં બોલી ઊઠ્યો :

'શાબાશ કર્ણ, શાબાશ ! તારા આ શબ્દો મને અવારનવાર એક પ્રકારનો અદભુત આનંદ આપશે ને પ્રેરણા પાશે. એમને સાંભળીને મને શાંતિ થઈ. તું મારી પડખે રહીશ પછી બાકી રહેશે જ શું? આપણા બંનેનું સંયુક્ત સામર્થ્ય પાંડવોને હરાવવા માટે પૂરતું છે. આપણી આગળ કૃષ્ણ તો શું કાળ પણ નહિ ટકી શકે.'

'પરંતુ હજુ યુદ્ધ થાય તો ખરું!'

'એ તો થવાનું જ.'

'શા માટે થાય? એ કાંઈ અનિવાર્ય તો નથી જ.'

'એ તો હું પણ જાણું છું. મારો પ્રયાસ યુદ્ધને ટાળવાનો રહેશે. એને માટે અત્યારથી ચિંતા કરવાને બદલે પાંડવોના અજ્ઞાતવાસના તેરમા વરસમાં બનતી બધી જ મહેનત કરી છૂટીશ. અજ્ઞાતવાસમાં જો પાંડવો પકડાઈ જાય તો તો એમને ફરીવાર વનમાં રહેવું પડે ને કશી ચિંતા જ ના રહે. પરંતુ ના પકડાય તો એ પાછા આવીને અમારી શરત પ્રમાણે રાજ્યનો ભાગ માગે.'

'એ તો સમજી શકાય તેવું છે.'

'હા. પણ હાથમાં આવેલું રાજ્ય પાછું આપવાની મૂર્ખતા મારાથી કદી કરી શકાય ખરી? કદાપિ નહિ. એટલે એ પણ રાજ્ય વિના બેસી રહેવાને બદલે લડવાનું જ પસંદ કરે.'

'અને જો બાર વરસની અંદરઅંદર જ કૃષ્ણ જેવાનો સહકાર મળે તો એ યુદ્ધ કરી બેસે. જોકે યુધિષ્ઠિર નીતિપરાયણ હોવાથી એવી શક્યતા ઘણી ઓછી છે. છતાં પણ ક્યારે શું થાય તે સંબંધી કશું કહેવાય નહિ. તારે બધા જ સંજોગો માટે તૈયાર તો રહેવું જ જોઈએ.'

'હું તો તૈયાર જ છું અને તું મારી પડખે છે એટલે તદ્દન નિર્ભય છું. પાંડવોને વહેલા મરવું હશે તો વહેલું યુદ્ધ કરી બેસશે.'

કર્ણ ક્ષણ બે ક્ષણ શાંત રહીને બોલ્યો:

'ભીમ અને અર્જુને કરેલી પ્રતિજ્ઞા તો યાદ છે ને?'

'એવી પ્રતિજ્ઞાઓ તો કેટલીય જોઈ નાખી.' દુર્યોધન કહેવા લાગ્યો: 'એવી મિથ્યા પ્રતિજ્ઞાથી હું નથી ડરતો. ભસતા કૂતરા ભાગ્યે જ કરડે છે. જે કરવાની શક્તિવાળા હોય છે તે એવી રીતે વાતવાતમાં બોલી નથી બતાવતા. એમની પ્રતિજ્ઞા કદી પણ પૂરી નથી થવાની. એ પ્રતિજ્ઞા પ્રતિજ્ઞા જ રહેવાની છે. દ્રૌપદી પણ એના કેશને જીવશે ત્યાં સુધી બાંધી નહિ શકે.'

'દ્રૌપદી કૃષ્ણની ઉપર ખૂબ જ પ્રેમ અને શ્રદ્ધા રાખે છે. એની હકીકત સાંભળીને કૃષ્ણ પણ શાંત તો નહિ જ રહી શકે. એ એને અને પાંડવોને બનતી બધી જ રીતે મદદ કરવા તૈયાર થશે.'

'ભલે ને તૈયાર થાય. હું કોઈનાથી નથી ડરતો. દ્રૌપદી કે પાંડવોનું ઉપરાણું લઈને કૃષ્ણ પોતે આવશે તો એમને પણ મારા બાહુબળનો એવો તો સ્વાદ ચખાડીશ કે એ જીવનભર યાદ કરશે. તારું પીઠબળ પ્રાપ્ત થશે પછી મને કોનો ભય છે?'

કર્ણે જણાવ્યું:

'દુર્યોધન ! પરધનને પથ્થર બરાબર માનીએ ને પરસ્ત્રીને માતા બરાબર તો ઘણાં ઘણાં ઘર્ષણો દૂર થાય, આંતકો ટળી જાય, અને અનેક જાતની અશાંતિ શમી જાય. તારી અંદર એટલી ત્રુટિ છે. એ ત્રુટિને દૂર નહિ કરે ત્યાં સુધી એક અથવા બીજી જાતનો ભય ચાલુ જ રહેશે. મારા શબ્દો તને કડવા લાગશે તોપણ તદ્દન સાચા છે. હું તો તારો મિત્ર હોવાથી તારે પડખે છું જ, છતાં એટલું યાદ રાખીને એ પ્રમાણે ચાલે તો સારું.'

દુર્યોધન શાંત રહ્યો.

એ કર્ણને પ્રેમપૂર્વક જોઈ રહ્યો.

એ કર્ણનો મિત્ર હોવા છતાં, આજ સુધી નહોતું દેખાયું એવું કર્ણના વ્યક્તિત્વનું બીજું જ પાસું દેખી શક્યો.

કર્ણની વાત એને કડવી જરૂર લાગી પરંતુ એથી એના પ્રત્યે રોષ ના થયો.

એનો એને માટેનો સદ્દભાવ એવો જ અડગ અથવા અકબંધ રહ્યો.

* * *

૨. લાગણી

વનમાં પાંડવોના દિવસો દ્રૌપદી સાથે જેમતેમ કરીને વીતવા માંડ્યા.

જેમતેમ કરીને એટલા માટે કે દુર્યોધને કરેલો કપટયુક્ત ઘા એમનાથી ભૂલી શકાતો ન હતો.

એ ઘા એમના મર્મસ્થાનને વારંવાર ભેદ્યા કરતો અને વેદના પહોંચાડતો.

મનને સમજાવવાનો પુષ્કળ પ્રયાસ કરવા છતાં મન સમજવાની ના પાડતું એટલું જ નહિ પરંતુ અવારનવાર અફસોસ કરતું, રોતું, ઊંડે ઊંડેથી પોકારતું, પ્રાર્થતું, ને દુઃખી બનતું.

વનની નિસ્તબ્ધતા, મધુરતા અને શાંતિ વચ્ચે પણ એ શાંતિનો અનુભવ ના કરતું.

એમના દિલમાં એક પ્રકારની તીવ્ર તાપણી શરૂ થયેલી.

એને ઓલવવાના પ્રયત્નો નિષ્ફળ નીવડતા.

દ્રૌપદી પણ અવારનવાર અશ્રુ સારતી.

એને વનમાં મ્લાન મુખે વિહરતી જોઈને પાંડવોની પીડાનો પાર ના રહેતો.

એકવાર બધાં વડના વિશાળ વૃક્ષની છાયામાં બેઠેલાં ત્યારે ભીમે પોતાના હૈયાની વરાળ કાઢતાં કહેવા માંડ્યું:

'દ્રૌપદીની દશા દેખીને મને કાંઈનું કાંઈ થઈ જાય છે. અત્યારે જો દુર્યોધન મળે તો એને મરણને શરણ કરી દઉં. આપણને દ્રૌપદી સાથે બધી રીતે બેહાલ કરવામાં એણે બાકી નથી રાખ્યું.'

અર્જુન પણ ભારે સ્વરે કહેવા માંડ્યો:

'એણે આપણું રાજ્ય લઈ લેવા અને આપણને દુઃખી કરવા જ દ્યુતનું નિમિત્ત ઊભું કરેલું. એ એની પૂર્વયોજના જ હતી. દ્રૌપદીના વસ્ત્રહરણની પેલી ઘટના તો મારાથી કેમે કરી નથી ભૂલી શકાતી.'

'એ ઘટનાનો બદલો લેવાનો બાકી રહી ગયો છે પરંતુ વખત આવતાં એનો બદલો હું બરાબર લઈશ. દુર્યોધન તથા દુઃશાસનને જીવતા નહિ રહેવા દઉં.'

વાત આગળ વધત પરંતુ યુધિષ્ઠિર ઊભા થઈ ગયા ને બોલી ઊઠ્યા:

'અરે, વનમાં દૂર દૂર આ ધૂળના ગોટા શેના દેખાય છે? કોઈ મોટી સેના આવી રહી હોય એવું લાગે છે.'

ભીમ પણ ઊભો થઈને બોલ્યો:

'લાગે છે તો કાંઈક એવું જ. પરંતુ સેના અહીં આપણી પાસે શા માટે આવે? કે પછી દુર્યોધન આપણી સાથે યુદ્ધ કરવા કે આપણને પકડવા માટે આવી રહ્યો છે?'

'એવું પણ હોય.' અર્જુને જણાવ્યું: 'એ નરાધમનું કશું કહેવાય નહિ. એણે આપણને છૂટા રહેવા દેવાને બદલે આપણો નાશ કરી નાખવાનો વિચાર પણ કર્યો હોય.'

'એવું જ હશે તો તો એનો નાશ કરીને મારી પ્રતિજ્ઞાને પૂરી કરીશ. એ દુષ્ટ આપણો નાશ કરવા આવ્યો હશે તો એનો જ નાશ કરી નાખીશું.'

યુધિષ્ઠિર કહેવા માંડ્યા:

'દુર્યોધને આપણું ઐશ્વર્ય લઈ લીધું, રાજ્ય લઈ લીધું, ને બધું લઈ લીધું તોપણ આપણો પીછો કરવાનું નથી છોડ્યું એ આશ્ચર્યકારક છે. કોણ જાણે એના મનમાં એણે શું ધાર્યું છે?'

'બીજું તો શું ધારે? આપણને ખેદાનમેદાન કરવાનું અથવા મિટાવી દેવાનું. પરંતુ એની ધારણા પૂરી નહિ થાય. એ આપણને કદી પણ નહિ મિટાવી શકે. હું જોઉં છું કે એ અહીં આવીને શું કરે છે?'

ધૂળના ગોટાઓ પાસે ને પાસે આવવા માંડ્યા. થોડા વખતમાં તો રથ દેખાયા.

સૌથી પહેલા રથને સમીપ આવેલો જોઈને જ યુધિષ્ઠિર બોલી ઊઠ્યા:

'અરે, આ રથ તો દુર્યોધનનો નથી પણ કૃષ્ણનો છે. એમાં બીજું કોઈ નથી બેઠું પણ કૃષ્ણ બેઠેલા છે. હવે આટલે દૂરથી એ સ્પષ્ટ દેખાય છે. એ આપણા સમાચાર મેળવીને આપણને મળવા આવ્યા લાગે છે.'

ભીમ, અર્જુન, સહદેવ તથા નકુલની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

દ્રૌપદી પણ એ સમાચાર સાંભળીને વનની અંદરના ભાગમાંથી કૃષ્ણનું સ્વાગત કરવાની ભાવનાથી ભરાઈને દોડી આવી.

બધા કૃષ્ણનું સ્વાગત કરવા આગળ ચાલ્યાં.

દ્રૌપદીને ચાલવાથી સંતોષ ના મળ્યો એટલે એ અર્જુન સાથે ખૂબ જ ઉતાવળથી ચાલવા અથવા કહો કે દોડવા માંડી.

પરંતુ એમ કરતા એના પગમાં કાંટો વાગી ગયો.

એને કાઢવા માટે એ નીચે બેસી ગઈ.

અર્જુને એ કાંટાને ધીરેથી કાઢી નાખ્યો પણ એ નીકળવાની સાથે જ દ્રૌપદીના પગની પાનીમાંથી લોહીની ધારા ફૂટી નીકળી.

એ જ વખતે કૃષ્ણે પોતાના રથને એની આગળ લાવીને ઊભો રાખ્યો.

યુધિષ્ઠિરાદિ ભાઈઓને મળીને કૃષ્ણે દ્રૌપદીની ખબરઅંતર પૂછીને કહ્યું:

'મારો સત્કાર કરવા માટે તું ભાવવિભોર બનીને દોડી આવી એ તો સારું થયું પરંતુ એવું કરતાં તને કાંટો વાગ્યો એ જોઈને મને દુઃખ થયું. એનો ઉપાય હું જ કરું છું. તારા પવિત્ર પ્રેમને લીધે મારે એટલું તો કરવું જ જોઈએ.'

એમ કહીને કૃષ્ણે પોતાના સુંદર આકર્ષક ઉપવસ્ત્રને એક બાજુથી ફાડી નાખ્યું ને દ્રૌપદીની પાનીએ પાટો બાંધી દીધો.

એમની નમ્રતા, નિખાલસતા તથા પ્રીતિ જોઈને પાંડવોને તો એટલું આશ્ચર્ય ના થયું પણ કૃષ્ણની સાથે પોતપોતાના મંત્રીઓ ને સેવકો સાથે એમને મળવા આવેલા ભોજ, વૃષ્ણિ અને અંધક વંશના થોડાક યાદવો, દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ન, એદિદેશના ધૃષ્ટકેતુ તથા કેકય દેશના બીજા આપ્તજનોના આશ્ચર્યનો પાર ના રહ્યો.

કૃષ્ણનો દ્રૌપદી પ્રત્યેનો પ્રેમ પેખીને સૌના હૃદય ગદગદ્ બની ગયાં.

દ્રૌપદી બોલી ઊઠી:

'મારે માટે તમારે તમારું ઉપવસ્ત્ર ફાડવું પડ્યું?'

'એમાં શું મારું ઉપવસ્ત્ર કાંઈ તારા કરતા વધારે કીમતી તો નથી જ. તને વાગેલા કાંટાની વેદના મારાથી જોઈ ના શકાઈ.'

ધૃષ્ટધૃમ્ન દ્રૌપદીને લાંબે વખતે મળીને ઊંડા સ્નેહભાવમાં ડૂબી ગયો. એ બોલ્યો:

'આપણે આવા સંજોગોમાં મળીશું એની કલ્પના પણ ન હતી. તારે ને પાંડવોને વનમાં રહેવાનું થયું એ સાંભળ્યું છે ત્યારથી મારી ઊંઘ જ ઊડી ગઈ છે. કશું ગમતું જ નથી. દુર્યોધને ખરેખર ભારે અનર્થ કરી નાખ્યો.

દ્રૌપદીની આંખ સજળ બની ગઈ.

એ વધારે કશું ના બોલી એટલે ધૃષ્ટદ્યુમ્ન આગળ બોલ્યો:

'જ્યારથી આ બધા સમાચાર સાંભળ્યા છે ત્યારથી આપણાં માતાપિતા અને આપ્તજનો તો દુઃખી થયાં જ છે પરંતુ સમસ્ત પ્રજા પણ તારા પ્રત્યેના સ્નેહને લીધે શોકિત બની ગઈ છે. એમનો સઘળો આનંદ ઊડી ગયો છે.'

'માતાપિતાની મમતા તો મારા પર સ્વાભાવિક રીતે હોય જ પરંતુ પ્રજાનો પ્રેમ પણ મારે માટે પુષ્કળ છે એ હકીકત કાંઈ ઓછી આનંદદાયક નથી. એને લીધે મને એક પ્રકારની ધન્યતાનો અનુભવ થઈ રહ્યો છે. હું પ્રજાજનોની આભારી છું. આપણાં માતાપિતા સર્વપ્રકારે કુશળ તો છે ને?' દ્રૌપદીએ પૂછ્યું.

'હા કુશળ છે. પરંતુ તારા વનગમનના સમાચારથી એમની કુશળતા મટી ગઈ છે. એમના જીવનનો આનંદ અથવા રસકસ ઊડી ગયો છે. એમના કહેવાથી જ હું તારી ખબર કાઢવા તારી પાસે આવી પહોંચ્યો છું. કૃષ્ણે તથા બીજાઓએ અહીં આવવાની તૈયારી કરી છે એવી માહિતી મળવાથી મને એમનો સાથ સહજ રીતે જ મળી ગયો.'

બધાં આગળ વધ્યાં ને પાંડવોના આશ્રયસ્થાન પાસે આવી પહોંચ્યા.

ત્યાં ધૌમ્ય મુનિએ સૌનો વિધિપૂર્વક સત્કાર કર્યો.

ભોજનવિધિ પતાવીને થોડીવાર વિશ્રાંતિ કરીને બધા ભેગા મળ્યા એટલે અર્જુને કૃષ્ણને ઉદ્દેશીને કહેવા માંડ્યું:

'અમે તો ધૂળના ગોટાઓ જોઈને માની લીધેલું કે દુર્યોધન અમને હેરાન કરવા માટે આવી રહ્યો છે.'

'એ નરાધમ પૂરતી તૈયારી સાથે અમારી સાથે યુદ્ધ કરવા આવે છે એવું અમને લાગી આવેલું.' ભીમ બોલ્યો.

'એ અહીં શા માટે આવે?' કૃષ્ણે પૂછ્યું ને કહ્યું: 'એને તો જે જોઈતું'તું તે મળી ગયું. તો અવસર આવશે ત્યારે આપણે જ એની પાસે જવાનું બાકી રહ્યું છે.'

યુધિષ્ઠિર કૃષ્ણ સાથે સંમત થયા એટલે કૃષ્ણે દ્રૌપદી તરફ ફરીને પૂછ્યું:

'કાંટાની વેદના ઓછી થઈ કે નહિ?'

'થોડીક ઓછી થઈ છે.' દ્રૌપદીએ ઉત્તર આપ્યો: 'તમારી કૃપાથી પૂરેપૂરો આરામ પણ થઈ જશે. એ કાંટો તો સાધારણ હતો એટલે એની વેદનાયે સાધારણ છે. પરંતુ મારા જીવનમાં હમણાં હમણાં આવા તો

કેટલાય ભયંકર કાંટા મને વાગી ચૂક્યા છે. મારા મન અને અંતરમાં એની જે વેદના જાગી છે એ એટલી સહેલાઈથી નથી મટવાની.'

'તારી વેદનાને હું જાણું છું. દ્રૌપદી! તારી આપવીતીની મને માહિતી છે.'

દ્રૌપદી આગળ બોલી:

'ભરી સભામાં દુઃશાસન મને ઘસડી લાવ્યો ને દુર્યોધને મને એના ખોળામાં બેસવાનું કહ્યું તથા મને વસ્ત્રવિહીન કરવાનો આદેશ આપ્યો ત્યારે મારી દશા કેટલી બધી કફોડી બની ગઈ તેની કલ્પના કરી શકશો. એ વખતે મારા શરીરમાં એક સાથે હજારો કાંટા ભોંકાઈ ઊઠ્યા કે સહસ્ત્ર વીંછીના દંશ જેવી અસહ્ય વેદના શરૂ થઈ. મને થયું કે ધરતી ફાટે ને રસ્તો કરી આપે તો એમાં સમાઈ જાઉં. પરંતુ ધરતી મારે માટે રસ્તો કરવાને બદલે એવી જ અચળ રહી. મારે માથે કૌરવોની સભામાં વિપત્તિનો મહાભયંકર વરસાદ વરસ્યો તોપણ પાંડવો દીન, હીન ને લાચાર બનીને બેસી રહ્યા. ભીમની ગદા અને અર્જુનનું ગાંડીવ એ વખતે કાંઈ જ ના કરી શક્યું. એ વેદના મને રાતદિવસ કોરી રહી છે. હું અર્જુન જેવા અસાધારણ ધનુર્ધરની પત્ની હોવા છતાં મારી એવી દશા?'

'દ્રૌપદી!' ભીમ અને અર્જુન લગભગ એક સાથે બોલી ઊઠ્યા: 'અમને પણ એ વખતે વીંછીના દંશ જેવી વેદના થવાં માંડેલી પણ હારેલા હોવાથી અમે નિરુપાય બનીને લાચારની જેમ બેસી રહ્યા.'

'યુધિષ્ઠિર હારેલા હતા એ સાચું પરંતુ એનો અર્થ એવો થોડો જ છે કે એ એમના, તમારા અને મારા સ્વમાનને પણ હારી ગયેલા? એ તો સારું થયું કે મેં એ વખતે કૃષ્ણની મદદ માગીને કાકલૂદીભરી પ્રાર્થના કરી એટલે મારી પૂરેપૂરી લાજ લૂંટાતી રહી ગઈ, નહિ તો મારી કેવી દશા થાત? હું રાજા દ્રુપદની પુત્રી છું તોપણ મારી ઉપર એવો કેર વરતાવવામાં આવ્યો અને તમે બધા એને જોઈ રહ્યા એથી મને કેટલું બધું દુઃખ થયું હશે?'

કૃષ્ણે કહ્યું:

'પાંચાલી! તારા એ દુઃખને સમજી શકું છું અને એની દવા થોડા જ વખતમાં થઈ રહેશે. દુર્યોધને દ્યૂત રમવાનું આમંત્રણ આપ્યું ત્યારે જો યુધિષ્ઠિરે મારી સલાહ લીધી હોત તો હું એમને દ્યૂત રમવા માટે હસ્તિનાપુરમાં જવા જ ના દેત. પણ મને દુર્યોધનના એ કપટદ્યૂતની ખબર જ ના પડી શકી. એ વખતે હું દ્વારકાની બહાર હતો. જ્યારે એની અને એના અમંગલ પરિણામની માહિતી મળી ત્યારે બહુ મોડું થઈ ગયેલું ને દુષ્ટ દુર્યોધને જે કરવું'તું તે કરી લીધેલું.'

'અમને બધી રીતે બરબાદ બનતાં પહેલા તમારી મદદ નહિ મળવાની હોય.'

દ્રૌપદીની આંખ એટલું કહેતાં તો ટપકી પડી.

એ જોઈને કૃષ્ણનું હૃદય અત્યંત વ્યથિત બની ગયું. એ કરુણ, મંદ અને મૃદુ સ્વરે બોલી ઊઠ્યા:

'દ્રૌપદી ! તને રડતી જોઈને મારું હૃદય પણ રડી રહ્યું છે. વનવાસના સમાચાર સાંભળીને હું તને ને પાંડવોને આશ્વાસન અને હિંમત આપવા આવ્યો છું. જે કાંઈ બની ગયું છે તે બની ગયું. એ હવે અન્યથા નથી થવાનું. એનો અફસોસ કરવો નકામો છે. હવે તો આગળનો વિચાર કરીને એનો ઉપાય શોધવાનો છે. અંતરમાંથી બહાર નીકળનારાં આ તારાં આંસુ વ્યર્થ નહિ જાય. એ એક દિવસ જરૂર ફળશે. તારા દુઃખને દૂર

કરી તેમ જ પાંડવોના પરિતાપનો અંત લાવી હું તમને સૌને રાજ્યશ્રીથી સંપન્ન કરીને ફરી સુખી કરીશ ત્યારે જ મને શાંતિ થશે. એને માટે હું અહીં એકઠા થયેલા સૌની આગળ પ્રતિજ્ઞા કરું છું. મારી એ પ્રતિજ્ઞા ફળશે જ.'

કૃષ્ણની એ પ્રતિજ્ઞાને સૌ શાંતિપૂર્વક, ઊંડા રસ સાથે સાંભળી રહ્યા.

સોને કૃષ્ણને માટે માન પેદા થયું.

દ્રૌપદી બોલી:

'પરંતુ દુર્યોધને તો પાણી પહેલાં પાળ બાંધી છે. એણે તેરમે વરસે અજ્ઞાતવાસની અને એ દરમિયાન અમારી માહિતી મળી જાય તો બીજી વારના વનવાસની શરત કરી છે.'

'ભલે કરી. એણે એવી રીતે પાળ બાંધી હશે તો એ પાળ તૂટી જશે. એની એ રમત નિષ્ફળ જશે. આપણે પણ આપણી સલામતી માટે પાળ બાંધીશું અને એવી પાળ બાંધીશું કે એને કશી ખબર જ નહિ પડે. હવે એના એકે દાવપેચને નહિ ફાવવા દઉં.'

'પરંતુ આપણે અત્યારે જ દુર્યોધન પર આક્રમણ કરીએ તો? આપણા સંયુક્ત બળ આગળ એ નહિ ટકી શકે.' ધૃષ્ટદ્યુમ્ને જણાવ્યું.

'એ વાત બરાબર છે, છતાં પણ એના પર અત્યારે આક્રમણ કરવામાં આવે એવી સલાહ મારાથી નહિ આપી શકાય. અત્યારે તો પાંડવો વનવાસના પોતાના વખતને શાંતિથી પૂરો કરે એ જ યોગ્ય છે. એ દરમિયાન કે એ પછી યુદ્ધની આવશ્યકતા જણાશે તો કહી બતાવીશ.'

'અમારી જરૂર પડે ત્યારે અમને આદેશ આપજો. અમે પાંડવોને પડખે રહીને એમને બનતી બધી રીતે મદદ કરવા તૈયાર રહીશું.'

કૃષ્ણે દ્રૌપદીને જેમતેમ કરીને શાંત પાડી.

યુધિષ્ઠિરે પણ જણાવ્યું:

'જે થઈ ગયું છે એનો અફસોસ કરવાને બદલે એને ભૂલી જા, દ્રૌપદી! એને યાદ કરવાથી કશો જ ઉપયોગી હેતુ નહિ સરી શકે.'

'કેમ નહિ સરી શકે? મારી સાથે દુર્યોધન તથા દુઃશાસને કરેલો રાક્ષસી વૃત્તિવાળો અધમ વ્યવહાર મારા રોમરોમમાં ડંખી રહ્યો છે. એનું સ્મરણ મને એ દુર્વ્યવહારનો બદલો લેવાની પ્રેરણા પાશે તથા તમને સૌને પણ તમારી ફરજનું સતત સ્મરણ કરાવશે. એને કેવી રીતે ભૂલી શકું? એને સ્વપ્ને પણ ના ભૂલી શકાય એટલા માટે તો મેં મારા કેશને છૂટા રાખ્યા છે. હું એટલી બધી જડ તથા સ્વમાનવિહોણી નથી જ કે ભરસભામાં કરવામાં આવેલા ઘોર અપમાનને એટલી સહેલાઈથી ભૂલી શકું. મારા કરુણ ક્રંદનને ભૂલી શકું, ને દુર્યોધનના શબ્દોને ભૂલી શકું. તમને કદાચ એ અપમાન નહિ સાલતું હોય, એ અપમાન અપમાન નહિ લાગતું હોય, પણ મને તો સાલી રહ્યું છે. મારા અણુએ અણુને સળગાવી રહ્યું છે.'

દ્રૌપદીની આંખ ફરી પાછી ટપકી પડી. એ જોઈને કૃષ્ણે કહ્યું:

'હસ્તિનાપુરની રાજસભામાં કરાયલા એ કરુણ ક્રંદનના પડઘા અત્યારે પણ મારા કાનમાં પડી રહ્યા છે. એ પડઘા મને પીડિત કરે છે. તું મારી ભક્ત કે પ્રેમભક્ત હોવાથી તને ખાતરી આપું છું કે ભવિષ્યમાં

કૌરવોની સ્ત્રીઓ તારા કરતાં પણ વધારે કરુણ રીતે એમના સર્વનાશનાં ક્રંદન કરશે અને દુઃખી થશે. તને રાજ્યસુખની ફરીવાર પ્રાપ્તિ થશે. સૂર્ય ઊગવાનું છોડીને પ્રકાશરહિત બની જાય, સમુદ્ર ક્ષારરહિત થાય, સરિતાઓ વહેવાનું છોડી દે, ને ધરતી ધારણ કરવાની વિશેષતાને છોડી દે, તોપણ મારું એ કથન કદાપિ મિથ્યા નહિ થાય.'

દ્રૌપદી ગદગદ્ બની ગઈ ને બોલી:

'તમારા મારે માટેના પ્રેમ માટે તમારી ઋણી છું. મારે માટેની આવી અસાધારણ લાગણી તમારા વિના બીજા કોના દિલમાં હોઈ શકે? તમે જો હસ્તિનાપુર હોત તો જે થયો તે અનર્થ કદી પણ ના થાત, અરે તમે દ્યૂતની યોજનાથી માહિતગાર હોત તોપણ કેટલો બધો ફેર પડી જાત? પરંતુ અમારે આ બધું ભોગવવાનું હશે એટલે તમે પણ દ્યૂતની પ્રવૃત્તિથી અજ્ઞાત અને દૂર રહ્યા.'

'તમે દ્વારકાની બહાર હતા?' ભીમે પૂછ્યું.

'હા. હું દ્વારકાની બહાર હતો. રાજસૂય યજ્ઞ દરમિયાન મારે ઈન્દ્રપ્રસ્થ આવવાનું થયેલું ત્યારે એનો ગેરલાભ લઈને શાલ્વે દ્વારકા પર આક્રમણ કરેલું. દ્વારકાવાસીઓ એ વખતે ખૂબ જ મુસીબતમાં મુકાઈ ગયેલા. દ્વારકા પાછા ફર્યા પછી મને એ હકીકતની ખબર પડી ત્યારે મેં શાલ્વને શિક્ષા કરવાનો નિર્ણય કર્યો.'

'શાલ્વે દ્વારકા પર આક્રમણ કર્યું તેનું કારણ?'

'તેનું કારણ સાવ સાદું છે. શાલ્વ શિશુપાલનો ઘનિષ્ઠ મિત્ર હોવાથી રાજસૂય યજ્ઞમાં મેં શિશુપાલનો નાશ કરવાથી ક્રોધે ભરાયો. એ ક્રોધને ઠાલવવા માટે જ એ એના નગરાકાર વિમાન સૌભમાં બેસીને દ્વારકા પર ચઢી આવેલો. એનો નાશ કરી પાછા ફર્યા પછી જ મને હસ્તિનાપુરના સમાચાર મળી શક્યા. એ સમાચાર જો વહેલા મળ્યા હોત તો દ્યૂતને અવશ્ય અટકાવી દેત. સ્ત્રીઓનો વધારે પડતો સંસર્ગ, દ્યૂત, મદિરાપાન તથા મૃગયા માણસોનો સર્વનાશ કરી નાખે છે. એનો આશ્રય દુઃખકારક હોવાથી કદાપિ ના લેવો જોઈએ.'

દ્રૌપદી ગદગદ્ સ્વરે કહેવા માંડી:

'અમારા જીવનમાંથી લગભગ બધું જ જતું રહ્યું છે પણ તમારી અમારે માટેની ઊંડી અનુકંપા તેમ જ લાગણી શેષ રહી છે એ જોઈને ઊંડો સંતોષ અને આનંદ થાય છે. તમારા જેવા મહાપુરુષોનો પ્રેમ કાંઈ જેનેતેને ના મળે. એ પણ અમારું પરમ સૌભાગ્ય જ કહી શકાય. તમને જેમ અમારે માટે લાગણી થાય છે તેમ અમને પણ તમારે માટે સહજ લાગણી ને પ્રીતિ થયા કરે છે.'

અર્જુને દ્રૌપદીના શબ્દોનું સમર્થન કર્યું એટલે એ આગળ બોલી:

'ચારે બાજુથી બળુ બળુ થતા આ સંસારમાં તમારું સ્વર્ગીય સાંનિધ્ય અમને એક પ્રકારની ઊંડી શાંતિ આપે છે. તમારા સુધામય શબ્દો સંતપ્ત અંતરને એક પ્રકારનો અનેરો અવર્ણનીય આરામ પહોંચાડે છે. તમારી શીળી છત્રછાયા જીવનમાં આશા આપે છે ને હિંમત ભરે છે. અમારા પ્રત્યેની અદભુત લાગણીથી પ્રેરાઈને જ તમે અદૃશ્ય રહીને કૌરવસભામાં મારા વસ્ત્રને અનંત કરીને મારી રક્ષા કરેલી.'

યુધિષ્ઠિરે કામ્યક વનના નિવાસ દરમિયાન સૌનો સારી પેઠે સત્કાર કર્યો.

એથી પ્રસન્ન થઈને કૃષ્ણે એમને પૂછ્યું:

'વનમાં તમને બીજી કોઈ તકલીફ તો નથી?'

'ના. તમારી કૃપાથી બધી રીતે આનંદ છે. દુર્યોધન અને દુઃશાસનના દુર્વ્યવહારના સ્મરણથી કોઈ કોઈવાર દિલ દુઃખી થઈ જાય છે ખરું, પણ પાછું મનને મનાવી લઈએ છીએ. અહીં આવતાંવેંત જ ધૌમ્ય મુનિના માર્ગદર્શન મુજબ તપશ્ચર્યા કરવાથી ભગવાન સૂર્યનારાયણે મારા પર પ્રસન્ન થઈને મને એક તાંબાનું પાત્ર પ્રદાન કર્યું છે એથી અમારી આહારની તકલીફ દૂર થઈ છે.'

'તાંબાનું પાત્ર? અને એ પણ સૂર્યનારાયણે પ્રદાન કર્યું છે?' ધૃષ્ટદ્યુમ્ને કુતૂહલ બતાવ્યું.

એ કુતૂહલને શાંત કરતાં યુધિષ્ઠિરે જણાવ્યું:

'ધૌમ્ય મુનિના કહેવા પ્રમાણે મેં સૂર્યનારાયણની નિયમપૂર્વક સ્તુતિ કરી. એથી પ્રસન્ન થઈને એમણે મને દર્શન આપીને પાત્ર પ્રદાન કરતાં કહ્યું કે યુધિષ્ઠિર, મારા અનુગ્રહની સ્મૃતિરૂપે આ પાત્રનું દાન કરું છું. એ પાત્રની શક્તિ બાર વરસ સુધી કામ કરતી રહેશે. આ પાત્રમાં તૈયાર કરેલી રસોઈ દ્રૌપદી જમી લેશે પછી એ ભોજન સમાપ્ત થશે. મારો એ ઉપરાંત એક બીજો પણ આશીર્વાદ છે કે આજથી ચૌદમાં વરસમાં તમને તમારા રાજ્યની પ્રાપ્તિ થશે.'

'એ તો અત્યંત આશ્ચર્યકારક કહેવાય.'

'આશ્ચર્યકારક હોવા છતાં સાચું છે. એ ધન્ય દિવસથી અમે એ પાત્રનો પ્રયોગ કરીએ છીએ. એના પ્રભાવથી પકાવેલી રસોઈ થોડીક હોય છે તોપણ વધારે થઈ જાય છે ને અક્ષય બની જાય છે. માટે તો એ પાત્રને અમે અક્ષયપાત્રનું નામ આપ્યું છે. એની મદદથી અસંખ્ય અતિથિઓની સેવા થઈ શકે છે.'

'ત્યારે તો એ અક્ષયપાત્રનું દર્શન કરવું જોઈએ.'

યુધિષ્ઠિરે એ પાત્ર સૌની સમક્ષ રજૂ કર્યું. એને અવલોકીને સૌ આનંદ પામ્યા.

કૃષ્ણે છેવટે જ્યારે દ્વારકા જવાની અનુમતિ માગી ત્યારે પાંડવો તથા દ્રૌપદીએ ખૂબ જ ભાવવિભોર બનીને એમની તરફ જોવા માંડ્યું.

દ્રૌપદીનું દિલ લાગણીવશ બનીને અશ્રુધારા રૂપમાં વહેવા લાગ્યું.

કૃષ્ણે એના મસ્તક પર હાથ મૂકીને આશીર્વાદ આપ્યો ત્યારે તો એ દિલને છૂટું મૂકીને રડવા લાગી.

થોડીવાર પછી શાંત બનીને એણે પૂછ્યું:

'ફરીવાર તમારા દેવદુર્લભ દર્શનનો લાભ ક્યારે મળશે?'

કૃષ્ણની આંખ પણ એ લાગણી જોઈને ભરાઈ આવી.

'તું તથા પાંડવો જ્યારે પણ યાદ કરશો ત્યારે એક વિપળનાય વિલંબ વિના આવી પહોંચીશ.' એમણે કહ્યું.

'યાદ તો પળે પળે કરીએ છીએ.'

કોઈ કશું ના બોલ્યું.

એ અનેરી લાગણીની અનુભવથી સૌનાં હૈયાં હાલી ઊઠ્યાં.

સૌ નિશ્ચલ અને મૂક બની રહ્યાં.

* * *

૩. પાશુપતાસ્ત્રની પ્રાપ્તિ

કમ્યક વનમાંથી કૃષ્ણ વિદાય થયા.

એમની સાથે ધૃષ્ટદ્યુમ્ન, ઈન્દ્રસેન તથા બીજા બધાએ પણ વિદાય લીધી.

એ પછી યુધિષ્ઠિરે ભાઈઓને ઉદ્દેશીને કહ્યું:

'આપણે પૂરાં બાર વરસ સુધી વનમાં રહેવાનું હોવાથી એવા અનુકૂળ સ્થાનની શોધ કરવી જોઈએ કે જ્યાં ફળ, ફૂલ ને પાણી પર્યાપ્ત પ્રમાણમાં મળી શકે. એ સ્થાન શાંતિદાયક અને સુખકારક હોવું જોઈએ, તથા ત્યાં આજુબાજુ ઋષિઓના આકર્ષક આહ્લાદક આશ્રમો હોવા જોઈએ.'

અર્જુન તથા ભીમે આજુબાજુના પ્રદેશનું નિરીક્ષણ કરીને દ્વૈતવનને રહેવા માટે પસંદ કર્યું.

એ વનમાં શુદ્ધ સ્વાદિષ્ટ પાણીથી ભરેલું એક સુંદર સરોવર હતું. એને લીધે એની શોભા અનેકગણી વધી ગયેલી.

ત્યાં ફળફૂલનો પાર ન હતો.

પંખીઓના કલરવથી એનું વાતાવરણ ભરેલું રહેતું, અને એ વનમાં પવિત્ર પ્રદેશમાં ઠેરઠેર તપસ્વી, ત્યાગી, યોગી અને ઋષિમુનિઓના આશ્રમો હતા.

ત્યાંનું વાતાવરણ દ્રૌપદીને પણ પસંદ પડ્યું.

એ સુંદર દ્વૈતવનમાં પાંડવો શાંતિપૂર્વક રહેવા લાગ્યા.

એ દિવસોમાં એકવાર એમની પાસે તપસ્વીશ્રેષ્ઠ મહામુનિ માર્કંડેય આવી પહોંચ્યા.

દ્રૌપદી તથા પાંડવોએ એમનો પરમ પૂજ્યભાવથી પ્રેરાઈને વિધિપૂર્વક સત્કાર કર્યો.

વાતવાતમાં એમણે પોતાની પૂર્વસ્મૃતિને જાગ્રત કરીને જણાવ્યું:

'યુધિષ્ઠિર! તમને આ દશામાં દેખીને મને દશરથનંદન રામની સ્મૃતિ થઈ આવે છે.'

'એ સત્યનિષ્ઠ મહાપુરુષ દશરથનંદન રામને તમે જોયેલા?'

'હા.'

'કયાં જોયેલા?'

'ઋષ્યમૂક પર્વત પર એ એમના ભાઈ લક્ષ્મણ અને એમની પત્ની સીતા સાથે ત્યાં વિચરણ કરી રહેલા. એ ઈન્દ્ર કરતાં પણ વધારે બળવાન, કાળને પણ દંડ દેવાની શક્તિવાળા, સત્યધર્મી અને પરમ પવિત્ર હતા. એમને સંગ્રામમાં જીતવાની શક્તિ કોઈનામાં ન હતી તોપણ પિતાના વચનપાલનને માટે એમણે વનમાં આવવું પડ્યું. તમે પણ એમના જેવા જ ગુણો ધરાવો છો એટલે તમને નિહાળીને મને એમનું સ્મરણ સહેજે થઈ ગયું. ધર્મની મર્યાદામાં રહીને એમણે એમના વનવાસ દરમિયાન ભાતભાતનાં કષ્ટ ભોગવેલાં.'

'વનવાસનાં કષ્ટો તો અમે પણ ભોગવશું પરંતુ અમને ફરી વાર રાજ્ય મળશે કે નહિ?' ભીમથી પૂછ્યા વિના ના રહેવાયું.

'કેમ નહિ મળે ?' માર્કંડેયે સામેથી પૂછ્યું ને કહ્યું: 'વનવાસનો નિશ્ચિત વખત પૂરો થતાં તમને તમારું રાજ્ય જરૂર મળશે.'

'દુર્યોધન એનો મોહ જતો કરી શકશે?' અર્જુને પૂછ્યું.

'ના.'

'તો પછી?' સહદેવ અને નકુલ લગભગ એક સાથે બોલી ઊઠ્યા: 'રાજ્ય કેવી રીતે મળી શકશે?'

'લડવાથી.'

'લડવાથી?'

'હા. લડવાથી. દુર્યોધનનો આજનો સ્વભાવ જોતાં એ હાથમાં આવેલા વિશાળ સમૃદ્ધ રાજ્યને નહી છોડી શકે. એ રાજ્યને તમારે એના હાથમાંથી હિંમતપૂર્વક ખૂંચવી લેવું પડશે. એ જ માર્ગ આખરે બાકી રહેશે અને તમને જરૂર સફળતા મળશે.'

દ્રૌપદી ઊંડા વિચારમાં ડૂબી ગઈ.

પાંડવો પણ વિચારમાં પડ્યાં.

એમને થયું કે આખરે શું રાજ્યને માટે લડવું જ પડશે? માર્કંડેય મુનિ અસાધારણ શક્તિથી સંપન્ન મનાતા. એમની ભવિષ્યવાણી કેવી રીતે મિથ્યા થઈ શકે?

મહામુનિ માર્કંડેય પાંડવોના અદભુત અનુરાગયુક્ત આતિથ્યનો અનુભવ કરીને પ્રસન્નતાપૂર્વક વિદાય થયા પછી એક ધન્ય દિવસે મહર્ષિ વ્યાસ પણ એ વનમાં આવી પહોંચ્યા.

એમણે પાંડવોને તથા દ્રૌપદીને આશ્વાસન આપ્યું ને ઉજ્જવળ ભાવિની આશા પૂરી પાડી.

દ્રૌપદી તથા પાંડવોને એથી રાહત મળી.

મહર્ષિ વ્યાસના પ્રયાણ પછી યુધિષ્ઠિરે અર્જુનને જણાવ્યું :

'મહામુનિ માર્કંડેયના કહ્યા પ્રમાણે ભવિષ્યમાં આપણી તથા કૌરવોની વચ્ચે કોઈ પ્રકારનું ઘર્ષણ કે યુદ્ધ ફાટી નીકળે તો એમાં આપણો પરાજય ના થાય એને માટેની તૈયારી આપણે અત્યારથી જ કરી લેવી જોઈએ. એ માટેની સલાહ મહર્ષિ વ્યાસની પાસેથી પણ પ્રાપ્ત થઈ છે.'

અર્જુને કહ્યું:

'આપણી ભવિષ્યની સલામતી તથા સુખાકારીનો વિચાર કરીને તમે જે કહો તે કરવા તૈયાર છું.'

'તારી ઉપર અમારી સમસ્ત આશા ટકી રહી છે. આપણી સુદૃઢતાને માટે તારે અસ્ત્રશસ્ત્રમાં વિશેષ પ્રવીણ થવાની આવશ્યકતા છે. એને માટે તારે ઉત્તર દિશાનો પ્રવાસ કરીને ઈન્દ્ર પાસે પહોંચવું જોઈએ.'

'ઈન્દ્ર પાસે?'

'હા. ઈન્દ્ર પાસે. વૃત્રાસુર સાથેના યુદ્ધ વખતે દેવોએ પોતાનું બધું જ અસ્ત્રબળ ઈન્દ્રને અર્પણ કરેલું. ત્યારથી બધી જાતનાં રહસ્યમય ગૂઢ શસ્ત્રાસ્ત્રો ઈન્દ્રની પાસે હોવાથી એમનું જ્ઞાન પણ ઈન્દ્ર જ આપી શકે તેમ છે. એ તારી ઉપર કૃપા કરીને એ શસ્ત્રાસ્ત્રોની માહિતી અવશ્ય પૂરી પાડશે. એ માહિતી આપણા ભાવિ કાર્યમાં સફળતા મેળવવા માટે જરૂરી છે.'

અર્જુનને યુધિષ્ઠિરનો પ્રસ્તાવ પસંદ પડ્યો.

એણે ઉત્તર પ્રદેશનો પ્રવાસ કરવાની તૈયારી બતાવી.

ભીમ, સહદેવ તથા નકુળને એ વાત ગમી ગઈ.

દ્રૌપદીને જ્યારે એની માહિતી મળી ત્યારે એ અર્જુનને કહેવા લાગી:

'શસ્ત્રાસ્ત્રોના રહસ્યજ્ઞાનને પ્રાપ્ત કરીને પાછા આવતાં કેટલો વખત લાગે તે વિશે કશું ચોક્કસ કહી ના શકાય. તમે પાછા આવી પહોંચશો એ ચોક્કસ છે. મારો અંતરાત્મા એની સાક્ષી પૂરે છે. વચ્ચેના વખત દરમિયાન તમારો વિયોગ મને સાલશે તો ખરો જ. પરંતુ તમે ઉત્તમ પ્રકારના કાર્યને માટે જઈ રહ્યા છો એટલે એ વિયોગને સહન કરવાનું બળ મને મળી રહેશે.'

'તારા વિયોગની વ્યથાનો અનુભવ તો મારે પણ કરવો પડશે. છતાં પણ મને એટલી ચિંતા નથી થતી. એ વિયોગની પાછળની કર્તવ્યબુદ્ધિ મારા આત્માને ઉત્સાહિત કરશે ને મને પ્રેરણા દેશે. એને લીધે એ વ્યથાને સહી શકીશ ખરો.'

દ્રૌપદી થોડોક વખત ધરતી તરફ જોઈ રહીને બોલી:

'દુર્યોધને કરેલું અપમાન મારા હાડોહાડમાં લાગી ગયું છે. એ અપમાનનો બદલો લેવાની તમે અને ભીમે પ્રતિજ્ઞા કરી છે. એ પ્રતિજ્ઞાને જ્યાં રહો કે ફરો ત્યાં યાદ રાખશો તો આપણા વિયોગના દુઃખને સહેલાઈથી સહી શકશો. એ અસહ્ય ઘોર અપમાનની સ્મૃતિને લીધે વિરહની તીવ્રતમ વેદનાને સહેવાનું મારે માટે પણ સહેલું બનશે. અમારા સૌનાં સુખદુઃખનો આધાર એક તમારી ઉપર જ રહેલો છે. અમારું ઐશ્વર્ય, સુખ અને અમારી રાજ્યપ્રાપ્તિ માત્ર તમારા પર જ અવલંબે છે. મને એની ગંભીરતાનો ખ્યાલ હોવાથી તમારી વચ્ચે નહિ આવું. તમને શાંતિપૂર્વક સ્મિત સાથે અનુજ્ઞા આપીશ અને તમે સુખશાંતિ તેમ જ સફળતાપૂર્વક પાછા ફરો એવી કામના કરીશ.'

'તારી કામના તથા પ્રાર્થના મારે માટે ખૂબ જ કિંમતી થઈ પડશે. એ મને મારા કાર્યમાં મદદ કરશે. પવિત્ર મનની સન્નારીઓના સંકલ્પમાં જે અસાધારણ અમોઘ શક્તિ હોય છે તે શક્તિને હું જાણું છું. એ શક્તિની સહાયથી મારું કાર્ય પૂરું કરીને સફળતાપૂર્વક પાછો ફરીશ અને આપણા જીવનને ઉજ્જવળ કરવામાં ફાળો ધરીશ.'

'પરંતુ તમે બાર વરસ પહેલાં તો પાછા ફરશો ને?'

'બાર વરસ પહેલાં? બાર વરસનો ગાળો તો ઘણો જ લાંબો કહેવાય. હું તો એની ખૂબ ખૂબ પહેલાં, બનતી વહેલી તકે જ, પાછો આવીશ. પાછો ફરવા સિવાય બીજું કાર્ય હાલ મારી આગળ છે જ ક્યાં? અને તારું સ્મરણ મને નિરંતર થયા કરશે ને? એ સ્મરણ મને તારી પાસે વહેલી તકે આવવા પ્રેરિત કરશે.'

દ્રૌપદી ધીમે સ્વરે બોલી:

'છતાં પણ તમે પાછા આવવાની ઉતાવળ ના કરતા. શસ્ત્રાસ્ત્રની વિદ્યામાં પ્રવીણ બન્યા પછી તો એકે ક્ષણ વધારે ના રોકાતા, પરંતુ જ્યાં સુધી એ વિદ્યાની પ્રાપ્તિ ના થાય ત્યાં સુધી ધીરજ, હિંમત તથા તિતિક્ષાને ધારણ કરીને શીખવા માટે બનતું બધું જ કરી છૂટજો. મારી ચિંતા અને મોહિની તમને તમારા લક્ષ્યમાંથી ચલિત ના કરે એનું ધ્યાન રાખજો.'

'એ બાબત તદ્દન નિશ્ચિંત રહેજે. મને મારા કર્તવ્યનો પૂરેપૂરો ખ્યાલ છે અને રહેશે. એમાં પ્રમાદ નહિ કરું અને ભૂલેચૂકે કદાચ પ્રમાદ કરું તો તું મને પાછો મોકલજે.'

અર્જુન હસી પડ્યો.

દ્રૌપદીયે હસવા લાગી.

એથી વાતાવરણ સહેજ હળવું બન્યું.

અર્જુનને સૌએ ભારે ભાવભીની વિદાય આપી.

એ વખતનું દૃશ્ય અદભુત હતું.

સૌનાં હૃદય એ વખતે રડી ઊઠ્યાં.

*

ઉત્તર દિશાનો પુણ્ય પ્રવાસ કરતાં કરતાં અર્જુને હિમાલયના પાવન પ્રદેશમાં પ્રવેશ કર્યો.

ગંધમાદન પર્વત પરથી આગળ વધીને એ ઈન્દ્રકીલ પાસે આવી પહોંચ્યો ત્યારે ત્યાં એને તપસ્વી વેશધારી ઈન્દ્રનો મેળાપ થયો.

ઈન્દ્રે એના પર પ્રસન્ન થઈને એને વરદાન માગવાનું કહ્યું તો એણે જણાવ્યું:

'મારી ઉપર અનુગ્રહ કરીને મને અસ્ત્રશસ્ત્રની સંપૂર્ણ શિક્ષા આપો.'

ઈન્દ્રે પૂછ્યું:

'મારી પાસેથી દિવ્ય શસ્ત્રો અને અસ્ત્રોની વિદ્યાને શીખીને શું કરીશ? એના કરતાં તો અલૌકિક ઐશ્વર્યને અથવા ભોગોને માગી લે.'

પરંતુ અર્જુન અડગ રહેયો એટલે ઈન્દ્રે કહ્યું:

'મારી પાસેથી શસ્ત્રાસ્ત્રોની દૈવી વિદ્યા પ્રાપ્ત કરતાં પહેલાં શંકરને પ્રસન્ન કરી લે એ આવશ્યક છે. પછી તને સ્વર્ગમાં લઈ જઈને તારો મનોરથ પૂરો કરીશ.'

ઈન્દ્રના સંકેત પ્રમાણે અર્જુને ભગવાન શંકરના દર્શન માટે તપ કરવાનો આરંભ કર્યો.

ચાર મહિનાના એ તીવ્ર તપના અનુષ્ઠાનથી પ્રસન્ન થઈને ભગવાન શંકર ભીલનો વેશ ધારણ કરીને અર્જુનની આગળ પ્રકટ થયા.

ભીલવેશધારી શંકરને અર્જુન સ્વાભાવિક રીતે જ ના ઓળખી શકયો.

એ જ વખતે મૂક નામનો દાનવ જંગલી શૂકરનું રૂપ લઈને અર્જુન પર હુમલો કરવા તૈયાર થયો.

અર્જુને એનો નાશ કરવાના ઉદ્દેશથી ગાંડીવ પર બાણ ચઢાવ્યું એટલે ભીલવેશધારી શંકરે જણાવ્યું:

'આ શૂકરનો વધ કરવાનો સંકલ્પ સૌથી પહેલાં મેં કરેલો છે માટે તું એની ઉપર બાણ ના છોડતો.'

પરંતુ અર્જુને એ વાતને લક્ષમાં લીધા વગર જ શૂકર પર પોતાનું બાણ છોડી દીધું.

શંકરે પણ એ જ વખતે બાણ છોડવાથી બંને બાણ શૂકરના અંગ પર પહોંચીને અથડાયાં. એને પરિણામે ભયંકર અવાજ થયો.

એ પછી તો બંનેએ બાણ પર બાણ છોડીને શૂકરના શરીરને વીંધી નાખ્યું.

શૂકર દાનવના રૂપમાં પ્રકટ થઈને મરણ પામ્યું એટલે અર્જુને ભીલની તરફ ફરીને પૂછ્યું:

'આ શૂકરનો નાશ કરનાર તું કોણ છે તે મને કહી શકીશ? મેં એનો નાશ કરવાનો સંકલ્પ કરેલો તોપણ તેં એને બાણ શા માટે માર્યા તેનો ખુલાસો કરી શકીશ? તને હવે જીવતો નહિ જવા દઉં.'

'એને મારવાનો પહેલો સંકલ્પ તો તેં નહિ પણ મેં જ કરેલો. એટલે બાણ છોડીને મેં કોઈ અપરાધ નથી કર્યો. તે છતાં પણ તને તારા બળનો ઘમંડ હોય તો એ ઘમંડ મિથ્યા છે. એને હું ઘડીના છઠ્ઠા ભાગમાં દૂર કરી દઈશ.'

'તું મારો ઘમંડ દૂર કરશે? તું?'

'હા. હું.'

'પરંતુ તું તો ભીલ છે!'

'ભીલ છું કે કોણ છું તેની સાથે તારે શો સંબંધ છે? તારે તો મારા પરાક્રમ સાથે જ કામ છે ને? ને પરાક્રમ તો તેં હજુ હમણાં જ જોયું તેમ, તારા કરતાં મારું વધારે છે.'

'બિલકુલ નહિ. તારા કરતાં મારું પરાક્રમ વધારે છે.'

'એ તારું ઘોર અજ્ઞાન અને એના પરિણામે પેદા થયેલું મિથ્યાભિમાન છે.'

'એ અજ્ઞાન કે મિથ્યાભિમાન નથી. વાસ્તવિકતા છે. અજ્ઞાન અને મિથ્યાભિમાન તો તારું છે.'

'તો પછી ફરીવાર કસોટી કરીને જોઈ લે.'

'કસોટી? તું મારી કસોટીમાં કેવી રીતે ટકી શકવાનો છે? આજે તારે માથે કાળ ભમી રહ્યો લાગે છે માટે જ તું આવા પ્રલાપો કરી રહ્યો છે. તારે યમસદનમાં જવાની ઉતાવળ હોય તો તારી ઉપર દયા કરીને તને હમણાં જ ત્યાં મોકલી આપું છું.'

એમ કહીને અર્જુને ભીલવેશધારી શંકર પર બાણોનો વરસાદ વરસાવવા માંડ્યો.

પરંતુ શંકરને એની કશી જ અસર ના થઈ.

અર્જુનના ઉપરાઉપરી છૂટતાં બાણોને એ ફૂલની માળાની પેઠે સહેલાઈથી પકડી લેવા લાગ્યાં.

એમ કરતાં જ્યારે અર્જુનના બાણો ખૂટી ગયાં ત્યારે એણે ધનુષ્યનો પ્રહાર શરૂ કર્યો.

શંકરે ધનુષ્ય લઈ લીધું ત્યારે એણે તલવાર ચલાવી, પરંતુ શંકરના સુદૃઢ વજ્રસમાન શરીરને વાગતાવેંત જ તલવારના બે ટુકડા થઈ ગયા.

એ પછી વૃક્ષો તથા પથ્થરોથી લડવામાં પણ સફળતા ના સાંપડી ત્યારે એણે મુક્કા મારવાની શરૂઆત કરી, પરંતુ શંકરનો એક જ મુક્કો વાગતાં અર્જુન મરણતોલ બની ગયો. એણે કહ્યું:

'તું ભીલ હોવાથી સ્વાભાવિક રીતે જ ભારે માયાવી છે છતાં તને હજુ પણ પહોંચી વળીશ. મારામાં થોડીઘણી હિંમત તો છે જ. હવે હું મારા આરાધ્યદેવનું શરણ લઉં છું.'

એણે માટીની વેદી બનાવીને એની ઉપર ભગવાન શંકરની સ્થાપના કરીને એમની પૂજાનો આરંભ કર્યો એટલે ભીલે પૂછ્યું:

'તારા આરાધ્યદેવ વળી કોણ છે?'

'દેવોના દેવ મહાદેવ શંકર.'

'શંકર?'

'હા. શંકર. તું એમને નહિ ઓળખી શકે છતાં પોતાની શક્તિનો પરચો એ તને હમણાં જ બતાવશે.'

'પરચો? મને વળી પરચો બતાવે એવું છે જ કોણ? બ્રહ્મા, વિષ્ણુ કે શંકર કોઈયે મારી પાસે નથી ટકી શકે તેમ.'

ભીલ ખડખડાટ હસવા લાગ્યો.

એ જોઈને અર્જુન બોલ્યો:

'એ તો તને હમણાં જ ખબર પાડી દઉં છું. તું નફ્ફટની જેમ હસી રહ્યો છે પણ હસવામાંથી ખસવું ના થાય તેનું ધ્યાન રાખજે. તારું હસવું તને ભારે પડી જશે.'

'સારું સારું. તું તારા ઉપાસ્યદેવ શંકરની પૂજા તો કર. હું પણ એમનું બળ કેવું ને કેટલું છે તે જોઈ લઉં.'

'એ તને હમણાં જ બતાવી આપું છું.'

અર્જુને શંકરની પ્રતિમા પર પુષ્પ ચઢાવ્યું.

પરંતુ બીજી જ પળે એના આશ્ચર્યનો પાર ના રહ્યો.

શંકરની પ્રતિમા પર ચઢાવેલું પુષ્પ પેલા ભીલના મસ્તક પર જઈને શોભી રહ્યું.

એને કશું સમજાયું નહિ કે એ ફૂલ ત્યાં કેવી રીતે પહોંચી ગયું!

એ ભીલ તરફ સાશંક, આશ્ચર્યચકિત આંખે જોઈ રહ્યો.

ત્યાં તો ભીલે સંમોહક સ્મિત સાથે પૂછ્યું:

'કેમ? પૂજા પૂરી થઈ ગઈ? શંકરે પરચો બતાવી દીધો?'

અર્જુનના અંતરદ્વાર ઊઘડી ગયાં.

એને ભીલનાં રૂપમાં અલૌકિકતાનો અનુભવ થવા માંડયો.

એ ભીલને પગે લાગ્યો ને બોલ્યો:

'હું તમારા સામર્થ્ય આગળ હારી ગયો. મને એ હકીકતનો સ્વીકાર કરતાં ખરેખર આનંદ થાય છે. તમે કોઈ સામાન્ય માનવ નથી લાગતા. ભીલ પણ નહિ. તમે ખરેખર કોણ છો? કોઈ સિદ્ધેશ્વર કે સાક્ષાત શંકર છો કે શું?'

'હું શંકર છું ને તારી શક્તિ તથા ભક્તિની કસોટી કરવા માટે આવ્યો છું.'

અર્જુનની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

'મારી શક્તિ તથા ભક્તિની કસોટી? મારી અંદર શક્તિ અથવા ભક્તિ છે જ ક્યાં?'

'ઘણી જ છે.'

'એ તો તમારી ગુણગ્રાહકતા તથા મહાનતા છે. બાકી મારામાં જે છે તે તો તમારા વિશાળ સિંધુની આગળ બિંદુ બરાબર પણ નથી.'

'છતાં પણ હું એથી પ્રસન્ન થયો છું. તારી જે ઈચ્છા હોય તે માગી લે.'

શંકરના અલૌકિક સુંદર સ્વરૂપને નિહાળીને અર્જુન કહેવા માંડયો:

'તમારું દેવદુર્લભ દર્શન થયું એટલે મને ઊંડી શાંતિ મળી છે. મારી મોટામાં મોટી અભિલાષા તો એ જ હતી. છતાં પણ મને વરદાન આપવાની ઈચ્છા જ હોય તો મને પાશુપતાસ્ત્રનું દાન કરો. એ અસ્ત્ર સમસ્ત સંસારનો સંહાર કરવાની શક્તિ ધરાવે છે. એની મદદથી ભાવિ યુદ્ધમાં મને સૌની સામે વિજય મળે એવી કૃપા કરો. મંત્રનો જપ કરીને એ અસ્ત્રને છોડવાથી એની અંદરથી હજારો ત્રિશૂળ, ગદાઓ અને સર્પાકાર ભયંકર બાણ નીકળે છે તેની મને ખબર છે.'

શંકરે કહ્યું:

'અર્જુન! તું બધી રીતે અધિકારી હોવાથી તને મારું પ્રિય પાશુપતાસ્ત્ર અર્પણ કરું છું. એથી તું બધી રીતે વિજયી અને યશસ્વી થઈશ. એ અસ્ત્રના પ્રયોગમાં ઈન્દ્ર, યમ, કુબેર કે વરુણ પણ પારંગત નથી તો માનવોની તો વાત જ શી કરવી? એનો પ્રયોગ નાછૂટકે જ કરવાનો હોય છે કારણ કે એની અંદર જગતનો નાશ કરવાની શક્તિ સમાયેલી છે. મારી કૃપાથી તારું શરીર રોગરહિત બની જશે, તથા તને દૈવી જ્ઞાનની પ્રાપ્તિ થશે.'

અર્જુન સ્નાનાદિથી નિવૃત બની નિર્મળ થયો એટલે શંકરે એને પાશુપતાસ્ત્રનું રહસ્ય સમજાવ્યું અને એ અલૌકિક અસ્ત્ર અર્પણ કરીને આશીર્વાદ આપ્યો.

અર્જુનનું જીવન એથી કૃતાર્થ થયું.

એને પોતાનો પરિશ્રમ સફળ થયેલો લાગ્યો.

એણે ભગવાન શંકરની અત્યંત પ્રેમ તથા પૂજ્યભાવપૂર્વક સ્તુતિ કરી.

એ પછી શંકર વિદાય થયા.

અર્જુન એમનું સ્મરણ કરતો ઊભો રહ્યો.

એ જ વખતે એની આગળ કુબેર, વરુણ, યમ, ગાંધર્વો તેમ જ ઈન્દ્ર આવી પહોંચ્યા.

યમદેવે જણાવ્યું:

'અર્જુન! આજે બધા લોકપાલો તારી પાસે આવી પહોંચ્યા છે. મારી અર્પેલી દૈવી દૃષ્ટિથી એ સૌનું દર્શન કર. સનાતન ઋષિ નર હોવા છતાં તેં સંસારના કલ્યાણને માટે જન્મ લીધો છે. કૃષ્ણની સાથે મળીને સંસારના કલ્યાણકાર્યમાં તારે ઉપયોગી બનવાનું છે. હું તને યમદંડ આપું છું. એ દંડનું કોઈ નિવારણ નથી કરી શકતું.'

અર્જુને યમદંડનો સ્વીકાર કર્યો એટલે વરુણે કહ્યું:

'અર્જુન! મારો વરુણ પાશ યુદ્ધમાં કદી નકામો નથી જતો. તું એને વિધિપૂર્વક શીખી લે. તારકાસુર સાથેના સંગ્રામમાં એ જ પાશના પ્રયોગથી મેં હજારો અસુરોને પકડીને કેદ કરેલા. તું એની મદદથી તારી મરજી મુજબ ગમે તેને કેદ કરી શકશે.'

એ પછી કુબેરે એને અંતર્ધાન નામનું અસ્ત્ર આપીને કહ્યું:

'આ અસ્ત્ર શત્રુનો સહેજવારમાં સંહાર કરનારું તથા તેજ, બળ અને પ્રતિષ્ઠાને પ્રદાન કરનારું છે. ભગવાન શંકરે ત્રિપુરાસુરનો નાશ કરતી વખતે આ અસ્ત્રના પ્રયોગ દ્વારા અસુરોને ભસ્મિભૂત કરી નાખેલા.'

અર્જુને એ અસ્ત્ર ગ્રહણ કર્યું એટલે ઈન્દ્રે કહ્યું:

'અર્જુન ! તને દેવતાઓની કૃપાની પ્રાપ્તિ થઈ છે.'

'તેનું મૂળ કારણ તમે છો. તમે જ મને ભગવાન શંકરની કૃપા મેળવવા ઉત્સાહિત કરેલો. એમની કૃપાની પ્રાપ્તિ થઈ એટલે બીજા બધાની કૃપા પણ સહેજે મળી ગઈ.'

'દેવતાઓની કૃપા તારી ઉપર શા માટે ના થાય? તારે એમનાં મોટાં મોટાં કામ કરવાનાં છે. હવે સ્વર્ગમાં આવવા માટે તૈયાર થા. તને લેવા માટે મારો સારથિ માતલિ હમણાં જ આવી પહોંચશે. ત્યાં આવ્યા પછી તને બીજાં અલૌકિક અસ્ત્રો પ્રદાન કરીશ.'

અર્જુને સૌને પ્રણામ કરીને સૌની પ્રશસ્તિ કરી.

* * *

૪. અર્જુન અને ઉર્વશી

ઈન્દ્ર તથા બીજા દેવતાઓના વિદાય થયા પછી થોડી જ વારમાં ઈન્દ્રનો સારથિ માતલિ દૈવી રથ સાથે આવી પહોંચ્યો.

એની અલૌકિક આભાથી આજુબાજુનો બધો જ અંધકાર દૂર થઈ ગયો ને બધે પ્રકાશ પથરાઈ રહ્યો.

એ રથમાં અનેક અસાધારણ શસ્ત્રો પડેલાં.

એને જોઈને આંખ એની અનેરી આભાથી અંજાઈ જતી.

માતલિની વિનંતિથી અર્જુન એ રથમાં બેસી ગયો એટલે રથ ચાલવા લાગ્યો.

મંદરાચલ પર્વતથી ઉપર ઊઠીને એ રથ દૂરદૂર ચાલવા લાગ્યો ત્યારે માતલિએ જણાવ્યું :

'પૃથ્વી પરથી ઉપર તારાઓના રૂપમાં જે દેખાય છે તે પુણ્યાત્મા પુરુષોનાં નિવાસસ્થાનો છે.'

સિદ્ધ પુરુષોના માર્ગેથી આગળ વધીને રથ રાજર્ષિઓના પુણ્યવાન પ્રદેશમાં પહોચી ગયો. એ પછી ઈન્દ્રની દૈવી પુરી અમરાવતીનું દર્શન થવા માંડ્યું.

સ્વર્ગની શોભા, સુવાસ, અલૌકિકતા અને આભા કોઈક જુદી જ જાતની હતી.

પરમ પુણ્યશાળી પુરુષોને પ્રાપ્ત થનારા એ લોકનો પરિચય કરાવતાં માતલિએ કહેવા માંડ્યું:

'અર્જુન! આ શાસ્ત્રમાં વર્ણવેલો પુરાણપ્રસિદ્ધ સ્વર્ગલોક. આ લોકનું દર્શન કોઈક બડભાગીને જ થઈ શકે છે. જે તપ નથી કરતા, ધર્મકર્મ નથી આચરતા, યજ્ઞાદિ નથી કરતા, એમને આ દૈવી લોકનું દર્શન નથી થઈ શકતું. શરાબી, ગુરુસ્ત્રીગામી, માંસભક્ષી તથા દુરાત્માથી આ પ્રદેશમાં પ્રવેશ પણ નથી કરી શકાતો.'

અમરાપુરીમાં દેવતાઓનાં ઈચ્છાનુસાર ચાલવાવાળાં અનેક વિમાનો દેખાયા.

એમનું નિરીક્ષણ કરીને અર્જુન આભો બની ગયો.

એના સ્વાગતમાં ઠેર ઠેર કર્ણમધુર વાદ્યો વાગવા માંડ્યા.

ગંધર્વો અને અપ્સરાઓએ એની ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી.

ઈન્દ્રે પણ આગળ આવીને એનું સન્માન કર્યું.

ઈન્દ્રના સુસજ્જિત વિશાળ સભાભવનમાં અર્જુન આવી પહોંચ્યો ત્યારે ગંધર્વો ગીતો ગાવા લાગ્યા અને મેનકા, રંભા, સ્વયંપ્રભા, ઉર્વશી, ચિત્રસેના, ચિત્રલેખા, મધુસ્વરા અને મિશ્રકેશી તથા દંડગૌરી જેવી અપ્સરાઓ નૃત્ય કરવા લાગી.

એ અસાધારણ સૌન્દર્યવતી, વ્યાધિ અને વૃદ્ધાવસ્થાથી રહિત અપ્સરાઓ કોઈનાય મનને મુગ્ધ કરવા સમર્થ હતી.

એ દિવ્ય લોકમાં ઈન્દ્રના અદભુત ભવનમાં વાસ કરીને અર્જુન ઈન્દ્રના પથપ્રદર્શન પ્રમાણે જુદાં જુદાં શસ્ત્રાસ્ત્રોની પ્રયોગવિદ્યામાં પારંગત બની ગયો.

વિદ્યાને ગ્રહણ કરવાની એની શક્તિ જોઈને ઈન્દ્રે એની આગળ પોતાનું બધું જ અનુભવજ્ઞાન ખુલ્લું મૂકી દીધું.

એમ કરતાં કરતાં લાંબો વખત વીતી ગયો એટલે ઈન્દ્રે અર્જુનને પૂછ્યું:

'સ્વર્ગલોક તને સુખદ તો લાગે છે ને?'

'લાગે છે.'

'તો પછી સદાને માટે અહીં જ રહી જા.'

'અહીં સદાને માટે તો કેવી રીતે રહી શકાય?'

'કેમ?'

'મારું શરીર જ અહીં છે પરંતુ મન તો મારા ભાઈઓ પાસે રમ્યા કરે છે. એમને છોડીને તમારી પાસે શસ્ત્રાસ્ત્રોનું જ્ઞાન મેળવવા માટે આવી પહોંચ્યો છું એટલે એમની પાસે વહેલી તકે પાછા ફરવાની ઈચ્છા તો મને રહે જ છે. એવી ઈચ્છા મારે માટે સ્વાભાવિક છે. તમે મને વહેલી તકે હવે પાછો મોકલો એવું ઈચ્છું છું.'

'તને હંમેશને માટે સ્વર્ગમાં નહિ રાખું. તારા ભાઈઓને મદદરૂપ થવા માટે તારે પાછા જવાનું છે એ તો હું પણ જાણું છું. છતાં પણ તારે હજુ એક અગત્યની વિદ્યાને હસ્તગત કરવાની બાકી છે.'

'કઈ વિદ્યા?'

'નૃત્ય તથા સંગીતની વિદ્યા. એ ઉપરાંત મૃત્યુલોકમાં વાગનારાં વિભિન્ન વાદ્યોને વગાડવાની વિદ્યા. એ વિદ્યા તને આગળ પર કામ લાગશે.'

ઈન્દ્રના આદેશાનુસાર અર્જુન ચિત્રસેન ગંધર્વ પાસેથી નૃત્ય, સંગીત તેમ જ વાદ્યકળા શીખવા લાગ્યો.

એકવાર ઉર્વશી ઈન્દ્રના રંગભવનમાં થોડાક આમંત્રિતોની આગળ નૃત્ય કરી રહેલી ત્યારે અર્જુન એને અનિમેષ નેત્રે ઉલ્લાસપૂર્વક જોવા લાગ્યો.

નૃત્યની પરિસમાપ્તિ પછી પણ એ અવારનવાર એના તરફ રસપૂર્વક જોતો રહ્યો ત્યારે ઈન્દ્રને એના મુગ્ધ અથવા મોહિત મનને સમજતાં વાર ના લાગી.

ઉર્વશી પોતે પણ અર્જુન પ્રત્યે લાંબા વખતથી આકર્ષાયલી.

એ આકર્ષણથી પ્રેરાઈને એ એને એકાંતમાં મળવાનાં સ્વપ્નાં સેવતી.

નૃત્ય પ્રસંગ પૂરો થયા પછી એ પોતાના ભવનમાં આવીને વિશ્રામ કરવા લાગી.

પરંતુ એનું મન વિશ્રામ કરવાને બદલે અર્જુનની આકૃતિની આજુબાજુ જ ભમવા માંડ્યું.

એ આકૃતિ એને અતિશય આકર્ષક, આહલાદક અને અદભુત લાગી.

'કેટલી સુંદર અને સરસ આકૃતિ?' એનો અંતરાત્મા બોલી ઊઠ્યો: 'અને કેટલી બધી અમૃતમય? એને જોવા છતાં પણ મન નથી ધરાતું. આજ સુધી મેં કેટલાય પુરુષો, યક્ષો, ગંધર્વો ને દેવો જોયા પરંતુ અર્જુનનું દર્શન એકદમ અનેરું છે. અર્જુનની મૂર્તિ અજોડ છે. એનું સૌથી પહેલું અવલોકન કર્યું છે ત્યારથી જ મારું મન એના પ્રત્યે આકર્ષાઈ ચૂક્યું છે. એ આકર્ષણ ઉત્તરોત્તર વધતું જ જાય છે. દિનપ્રતિદિન ઘટવાને બદલે પ્રગાઢ બનતું જાય છે. અંતર એ અર્જુનના આલિંગનને માટે બેચેન બન્યું છે. એમ થાય છે કે એને જોયા જ કરું અને એની પાસે જ બેસી રહું. પરંતુ એવું સૌભાગ્ય એટલી સહેલાઈથી ક્યાંથી સાંપડે?'

ઉર્વશીનું અંતર અર્જુન પ્રત્યેના અનુરાગથી આતુર બની રહ્યું.

એનો પ્રાણ પ્રેમથી પરિપ્લાવિત બનીને પોકારવા લાગ્યો.

એનું અંગે અંગ અથવા પ્રત્યેક પરમાણુ એક પ્રકારની મીઠી પ્રેમપીડાનો અનુભવ કરવા લાગ્યું.

એવી પીડા તો એને ક્યારે પણ નહોતી થઈ.

એને થયું કે આ શું? મારા અંતરને વળી આ શું થઈ રહ્યું છે? અનુરાગની એકાએક અવિર્ભાવ પામેલી આ અસહ્ય અગ્નિજ્વાળામાં હું કેવી રીતે જીવતી રહી શકીશ?

ત્યાં તો કોઈનો પગરવ સંભળાયો.

એણે એકાએક ઊભા થઈને બહાર આવીને જોયું તો બીજું કોઈ નહિ પણ ચિત્રસેન.

ચિત્રસેન?

હા. ચિત્રસેન જ.

આંખ ઓળખવામાં ભૂલ તો નથી કરતી ને?

ના. આ ચિત્રસેન જ છે.

એના આત્માએ ઊંડો નિસાસો નાખ્યો.

એને થયું કે અત્યારે ચિત્રસેન બદલે પોતાની પાસે અર્જુન આવ્યો હોત તો કેટલું સારું થાત ? પોતાને કેટલું બધું ગમત? પરંતુ જે થાય છે તે બધું જ કાંઈ પોતાની રુચિ પ્રમાણેનું થોડું જ થાય છે?

એણે ચિત્રસેનનું સ્વાગત કર્યું અને એના આગમનનું કારણ પૂછ્યું એટલે ચિત્રસેને કહ્યું:

'તારી મુખાકૃતિ પરથી અનુમાન થાય છે કે તું કોઈક ઊંડા વિચાર કે ભાવમાં ડૂબી ગઈ છે.'

'સાચું છે.'

'તો એવા કેવાક વિચારમાં ડૂબી ગઈ છે તે કહી શકીશ?'

'અર્જુનના વિચારમાં.' ઉર્વશીએ કોઈપણ જાતના સંકોચ વિના કહી જ નાખ્યું : 'મારું મન કોણ જાણે કેમ પણ એના પ્રત્યે પ્રબળપણે ખેંચાઈ રહ્યું છે.'

'સાચેસાચ?'

'હા. સાચેસાચ. તારે એનો ઉપાય કરવાનો છે.'

'હું તો એનો શો ઉપાય કરી શકવાનો છું? એનો ઉપાય દેવરાજ ઈન્દ્રે જ કરી દીધો છે.'

'કેવી રીતે?'

'તને ખબર નહિ હોય પરંતુ આજે તું નૃત્ય કરતી'તી ત્યારે અર્જુન તારી તરફ એકીટસે જોઈ રહેલો. એ તારા પર મોહિત થયો છે ને તને જોઈને ભાન ભૂલ્યો છે.'

'આ હું શું સાંભળી રહી છું? મને તો એની કલ્પનાય ન હતી.'

'હું જે કહું છું તે સાચું છે. તારું ત્રિભુવનસુંદર રસનીતરતું રૂપ તું જ કહે ને કોને નથી મોહિત કરે તેમ? એને અવલોકીને મોટા મોટા મુનિવરોનાં મન મોહિત થઈ છે તો અર્જુનનું એની આગળ ગજું કેટલું? ઈન્દ્રથી એ હકીકત છૂપી નથી રહી. અર્જુનના મનોભાવોને એ સમજી ગયા છે. માટે જ એમણે મને તારી પાસે મોકલીને એક વિશેષ સુખદ સંદેશ મોકલ્યો છે.'

'વિશેષ સુખદ સંદેશ?'

'હા. તારું મન પણ તારા કહેવા પ્રમાણે અર્જુનમાં લાગ્યું હોવાથી તારે માટે એ સંદેશ સાચેસાચ સુખદ થઈ પડશે. એથી તારા સંતપ્ત આત્માને શાંતિ મળશે. દેવરાજના આદેશનુસાર તારે આજે અર્જુનની સેવામાં જવાનું છે અને એને તારા અનુપમ લાવણ્ય તથા સુખદ સમાગમથી આનંદ આપવાનો છે.'

ઉર્વશીનું અંતર ઉલ્લાસથી ઊભરાઈ ઊઠ્યું.

એનું મુખકમળ ખીલી ઊઠ્યું.

એણે જણાવ્યું:

'દેવરાજ ઈન્દ્રના એ અનુગ્રહ બદલ એમની આભારી છું. એમને કહેજે કે એમના આદેશનો બરાબર અમલ કરીશ. એથી મને આનંદ મળશે. દેવરાજના એ આનંદદાયક આદેશ બદલ એમનો કયા શબ્દોમાં ધન્યવાદ માનવો એ નથી સૂઝતું. હું અર્જુનની પાસે વહેલી તકે જઈ પહોંચું છું.'

ચિત્રસેન ચાલી નીકળ્યો એટલે ઉર્વશીએ શાંતિનો શ્વાસ લીધો.

અર્જુનના ભાવિ મિલનનાં ચિત્રવિચિત્ર દિવાસ્વપ્નો જોતી થોડાક સમય સુધી તો એ પરિમલભરેલી પથારીમાં આળોટતી રહી.

એ દિવાસ્વપ્નોને લીધે એની આંખમાં એક પ્રકારનું ઘેન છવાઈ ગયું.

એનું મન નશીલું બની રહ્યું.

એના રોમરોમમાં રસની ટશેરો ફૂટી.

એના હૃદયમાં રાગની ભરતી આવવા માંડી અને અંગમાં અસાધારણ અદમ્ય ઉત્તેજના પેદા થઈ.

સાંજનો સમય થવા આવ્યો એ પહેલાં સ્વર્ગલોકમાં સાકાર થયેલી સુંદર સંધ્યાની જેમ એ સુંદર શણગાર સજીને ચાલી નીકળી.

પ્રસન્નતા અને આશા જ જાણે એના રૂપમાં સજીવ બનીને ચાલવા લાગી.

જોતજોતામાં તો એ અર્જુનના આવાસમાં આવી પહોંચી.

અર્જુને એનો સત્કાર કરીને એના શુભાગમનનું કારણ પૂછ્યું તો એણે સુધાસભર સ્વરે કહેવા માંડ્યું:

'મારા સમી સુંદર અપ્સરાને આવી રીતે એકાંતમાં આવવાનું પ્રયોજન બીજું કયું હોઈ શકે? અમારું તન, મન કે સૌંદર્ય છે જ શાને માટે? સુંદર તથા શ્રેષ્ઠ પુરુષોની સેવા માટે. તારું દર્શન કર્યું છે ત્યારથી જ મારા દિલમાં તારા પ્રેમનું દર્દ પેદા થયું છે. મારું અંતર અને અંગેઅંગ તને મળવા અને તારી સાથે એક થવા માટે ઝંખી રહ્યું છે. હું તને મળવાનો ઘાટ ઘડતી'તી ત્યાં જ ઈન્દ્રે ચિત્રસેનને મોકલીને મને તારી પાસે આવવાનો ને તારી સેવા કરવાનો આદેશ આપ્યો એથી અતિશય આનંદ થયો. સ્વર્ગ બીજી બધી રીતે આનંદદાયક ને શાંતિપ્રેરક છે તોપણ એનો આનંદ અમારા જેવી આહલાદક, અસાધારણ સૌંદર્યવતી અપ્સરાઓના ઉપભોગમાં જ રહેલો છે. હું તને મનોમન વરી ચૂકી છું માટે તું મારી લાલસાને શાંત કર.'

ઉર્વશીના શબ્દો સાંભળીને અર્જુન એકદમ આભો બની ગયો ને સંકોચમાં પડ્યો.

એ થોડીવાર મૂંગો રહ્યો એટલે એના મૌનને સંમતિસૂચક સમજીને ઉર્વશી કહેવા માંડી:

'તને મારા શબ્દો સાંભળીને સ્વભાવ સહજ સંકોચ થશે પરંતુ એમાં સંકોચ કરવાનું કશું કારણ નથી. શૂરવીર પુરુષો આવી બાબતમાં નકામો સંકોચ નથી કરતા. જે સમય મળ્યો છે તે સોનાનો મળ્યો છે. એનો

પૂરેપૂરો લાભ લઈને આનંદ કરી લે. આવો ઉત્તમ અવસર જેનેતેને જ્યારેત્યારે નથી મળતો. અને હું તો તારી ઉપર મોહિત બનેલી છું એટલે મને સ્વીકારવામાં કોઈ જાતની હરકત નથી. ભાગ્ય મારા રૂપમાં સામેથી ચાલીને તારી પાસે આવી પહોંચ્યું છે તો એનો સ્વીકાર કરી લે.'

'મારાથી એને નહિ સ્વીકારી શકાય.' અર્જુને છેવટે કહી દીધું: 'હું તારી તરફ કામુકતાથી નથી જોતો.'

'નથી જોતો? એ હકીકતને હવે કોણ માનવાનું છે? તું મારાથી મોહાઈને ઈન્દ્રસભામાં મારી તરફ એકીટસે જોતો'તો એ કોનાથી અજાણ્યું છે? ઈન્દ્ર તથા ચિત્રસેન પણ એથી માહિતગાર છે એટલે તો એમણે મને તારી પાસે મોકલી છે.'

'ઈન્દ્રની સભામાં હું તારી તરફ એકીટસે જોઈ રહેલો એનું કારણ જુદું હતું.'

'જુદું એટલે?'

'એની પાછળ કામુકતા કે વિષયવાસના ન હતી પરંતુ પૂજ્યભાવ હતો.'

'પૂજ્યભાવ અને એ પણ મારે માટે?'

'હા. પૂજ્યભાવ અને તારે માટે. તને જોઈને મારા અંતરમાં એક જાતનો ઊંડો ઉમળકો ઊઠેલો. માટે જ તને એકીટસે જોઈ રહેલો. મને થયું કે તું પુરુષવંશની આનંદમયી માધુર્યમૂર્તિ માતા છે. મારા પૂર્વજોની જનેતા છે. એ જ ભાવથી હું તને જોઈ રહેલો. મારી આંખમાં અને મારા અંતરમાં તારે માટે માતૃભાવ જ ભરેલો હતો. બીજો કોઈ જ બૂરો ભાવ એમાં નહોતો પેદા થયો.'

'પરંતુ અર્જુન, એ કદાચ સાચું હોય તોપણ તને ખબર છે કે અમે અપ્સરાઓ કોઈની સાથે કાયમને માટેના લગ્નબંધનથી નથી બંધાતી. એ ઉપરાંત અમે નિત્ય યુવા અને નિત્ય નૂતન રહીએ છીએ. હું કામપીડિતા હોવાથી મારો સ્વીકાર કર. એ વખતે તને મારે માટે માતૃભાવ થયો હોય તોપણ હવે હું તારી પાસે સામેથી ચાલીને આવી જ પહોંચી છું ને તને પ્રાર્થી રહી છું તો મને કોઈ પણ પ્રકારના સંકોચ વિના શાંતિ આપ.'

'મારાથી એવી શાંતિ નહિ આપી શકાય.'

'કારણ?'

'કારણ મેં જણાવી દીધું છે. મારાથી એવા વિલાસી, લંપટ કે કામુક નહિ જ થઈ શકાય. હું તને મારી માતા બરાબર માનું છું. તારા પ્રત્યે કુંતી, માદ્રી અને ઈન્દ્રપત્ની શચી જેવો જ આદર રાખું છું.'

'અર્જુન! તું હજુ પણ વિચાર કર.'

'અરે બીજો કશો જ વિચાર નથી કરવાનો. મેં શાંતિપૂર્વક વિચારી જ લીધું છે. વિચાર તો હવે મારે નહિ, તારે કરવાનો જ બાકી રહે છે. તું મારા પ્રત્યેની મોહભાવનાને દૂર કર.'

'મારી ઈચ્છાને અવગણવાનું પરિણામ કેટલું બધું અમંગલ આવશે એની કલ્પના કરી શકે છે?'

'એવી મિથ્યા કલ્પના શા માટે કરું? એનો ભય મને લેશ પણ નથી લાગતો. હું મારા ધર્મને વળગી રહું એ જ બરાબર છે. એમાં મારો સંતોષ છે.'

'મને શાંતિ આપવી એ તારું કર્તવ્ય નથી લાગતું?'

'ના. સ્વર્ગલોકમાં મારા આવવાનું પ્રયોજન જુદું હતું. શસ્ત્રાસ્ત્રની પ્રાપ્તિ. એ કર્તવ્ય મેં પૂરું કર્યું છે. હવે તારા પ્રલોભન અથવા પ્રેમપાશમાં નહિ ફસાઈ શકું. તું ગમે તે કરીશ તોપણ..'

ઉર્વશીની આંખ લાલ બની ગઈ.

એની કાયામાં—કમનીય કોમળ કાયામાં કંપ થવા લાગ્યો.

એની છાતી વધારે ને વધારે ધડકવા લાગી.

એનું આખુંયે સ્વરૂપ ફરી ગયું.

સૌમ્ય મટીને એ રૌદ્ર બની ગઈ.

ધ્રુજતા સ્વરે એ બોલી ઊઠી:

'અર્જુન, તું કઠોર છે. ક્રૂર છે. મેં તને આવો નહોતો ધાર્યો. તું તદ્દન નિર્દય છે.'

'ભલે હોઉં. જો વાસનામાંથી મુક્તિ મેળવીને શાંતિથી વિચારજે તો સમજાશે કે તું પણ મારી પ્રત્યે એક પ્રકારની કઠોરતા જ કરી રહી છે. આ કઠોરતા નથી તો બીજું શું છે?'

'મારી લાગણીને લાત મારવાનો દંડ તારે ભોગવવો જ પડશે.'

'એને ભોગવવાની મારી તૈયારી છે.'

'તો હું તને શાપ આપું છું.'

ઉર્વશીની આકૃતિ ભયાનક બની ગઈ. એ લથડાતા છતાં મક્કમ કે નિશ્ચયાત્મક સ્વરે આગળ બોલી:

'હુ તને શાપ આપું છું કે તારે સ્ત્રીઓમાં નર્તક થઈને રહેવું પડશે અને સન્માનરહિત જીવન જીવતાં તું નપુંસકના નામથી ઓળખાશે.'

પગથી માથા સુધી ભયંકર ક્રોધજ્વાળમાં સળગતી ઉર્વશી એટલું કહીને એક વિપળનાય વિલંબ વિના ચાલી નીકળી.

અર્જુનના ઉત્તરની એણે રાહ જ ના જોઈ.

અર્જુન કશું જ બોલ્યા વિના એને વીજળીવેગે જતી જોઈ રહ્યો.

* * *

૫. ઉર્વશીની લાગણી

અર્જુનને થયું કે આજે એકાએક આ શું થઈ ગયું! ઉર્વશી પોતાના ઉરમાં ના વસી તો પરિણામ કેવું કરુણ આવ્યું?

પરંતુ ઉર્વશી પોતાના ઉરમાં કેવી રીતે વસી શકે?

એ અતિશય લાવણ્યવતી હોવા છતાં પણ એના પ્રત્યેની પોતાની દૃષ્ટિ તદ્દન જુદી હતી.

એ દૃષ્ટિમાં વાસના કે કામુકતાને બદલે પવિત્ર તથા પ્રખર પૂજ્યભાવ હતો. એટલે ઉર્વશીની લાગણી કે માગણીને સંતોષવાનું સહેજ પણ શક્ય ન હતું.

એના બદલામાં જે દંડ મળ્યો તે કઠોર તો હતો જ તોપણ એણે એને શિરોધાર્ય ગણ્યો.

શિરોધાર્ય ના ગણે તો બીજું કરે પણ શું?

'સ્વર્ગની અપ્સરાઓ આવી જ અવનવી હોય છે.' એ મનોમન ગણગણવા લાગ્યો : 'એ અનુકૂળ થાય કે આપણે એમને અનુકૂળ થઈએ તો આનંદનો વરસાદ વરસાવી દે, નહિ તો પછી પીડાનો પાર ના રાખે. એ ક્રોધે ભરાય તો કોઈનીય ના રહે. અને એ ક્યારે અનુકૂળ થાય ને ક્યારે પ્રતિકૂળ બની જાય, ક્યારે રાજી થઈને સર્વસ્વનું સમર્પણ કરવા તૈયાર થાય અને ક્યારે નારાજ બનીને જીવલેણ જેવી બની જાય એ વિશે કશું જ ચોક્કસ ના કહી શકાય. એમની પ્રકૃતિ અને નીતિરીતિ ઘણી જ ગહન હોય છે. અને એકલી એમની જ શા માટે? દેવો, દાનવો અને માનવો સૌની પ્રકૃતિ અને નીતિરીતિ એવી જ ગહન હોય છે ને? કોઈના વિશે અગાઉથી ક્યાં કશું ભાખી શકાય છે?'

સવારે એ રોજની જેમ ચિત્રસેનને મળ્યો ત્યારે ચિત્રસેને ભેટી પડતાં પૂછ્યું:

'સ્વર્ગનો સાચો આનંદ મળી ગયો ને?'

'હું તો અહીં આવ્યો છું ત્યારથી આનંદ જ અનુભવું છું.'

'એ આનંદ તો સાધારણ કહેવાય. હું એવા સાધારણ આનંદની વાત નથી કરતો, અસાધારણ આનંદની વાત કરી રહ્યો છું.'

'અસાધારણ આનંદ એટલે શું?'

'તું હજુ પણ ના સમજ્યો? ઉર્વશી જેવી અપ્સરાઓનો આનંદ. સ્વર્ગનો સાચો આનંદ એ જ છે. રાતે ઉર્વશી આવેલી ને? એને ઈન્દ્રના આદેશથી મેં જ મોકલેલી. સ્વર્ગમાં એકેકથી સુંદર અપ્સરાઓ અનેક છે પરંતુ ઉર્વશીની બરાબરી કરી શકે એવી અપ્સરા એકે નથી. ઉર્વશી તો રતિ કરતાંય વધારે રૂપવતી છે. એની કૃપાદૃષ્ટિની આશા મોટા મોટા દેવો પણ રાખતા હોય છે. તને એના સમાગમસુખની પ્રાપ્તિ થઈ એ કાંઈ જેવું તેવું સૌભાગ્ય છે કે?'

'સમાગમસુખની પ્રાપ્તિની ઈચ્છા મને હતી જ નહિ અને આજે પણ નથી.'

'એનું કારણ?'

'ઉર્વશીને જોઈને મને કોઈ જાતની કામુકતા ના થઈ શકી. એના પ્રત્યે મને પૂજ્યભાવ થયેલો ને આજે પણ પૂજ્યભાવ કાયમ છે. મારે એનો દંડ ભોગવવો પડ્યો.'

'દંડ?'

'હા, દંડ. પવિત્ર રહેનારને પણ દંડ ભોગવવો પડે છે એની ખબર મને ત્યારે જ પડી શકી. ઉર્વશીની શરીરસુખની માગણીનો મેં અસ્વીકાર કર્યો એટલે એણે ક્રોધે ભરાઈને મને શાપ આપ્યો.'

'શાપ આપ્યો?'

'હા. શાપ આપ્યો.'

અર્જુને ઉર્વશી સાથેનો આખો પ્રસંગ સવિસ્તાર કહી સંભળાવ્યો એટલે ચિત્રસેન બોલી ઊઠ્યો:

'અર્જુન, ઉર્વશી તારા પર મોહિત થઈને તને આનંદ આપવા સામેથી ચાલીને આવેલી તો તારે એનો સ્વીકાર કરવો જોઈતો'તો. એ તને તથા તું એને બધી રીતે કૃતાર્થ કરત તો કાંઈ ખોટું નહોતું. ઉર્વશી જેવી અલૌકિક અપ્સરા કાંઈ જેને તેને ને જ્યારે ત્યારે નથી મળતી. તેં એનો અસ્વીકાર કર્યો એથી એ રોષે ભરાય તેમ જ તને શાપ આપે એ સમજી શકાય તેવું છે. એના અત્યાર સુધીના જીવનમાં તારા જેવા વર્તનવાળા કોઈયે પુરુષનો મેળાપ એને નહિ થયો હોય. એટલે એના હૃદયને લાગી આવે જ.'

'એને લાગી આવે એની ના નથી. કામ સંતુષ્ટ ના થતાં ક્રોધમાં પરિણમે છે એનો મને અનુભવ છે, એટલે ઉર્વશીનું એ વર્તન મને વિસ્મયકારક નથી લાગતું. એને મારી પ્રત્યે પ્રેમ જ હોત તો એવું વર્તન ના કરત. મને શાપ ના આપી શકત. એનો પ્રેમ પ્રેમ નહોતો પણ મોહ હતો.'

'અપ્સરાઓને કોઈના પર ભાગ્યે જ પ્રેમ હોય છે, અર્જુન! એ વધારે ભાગે મોહથી જ પીડાતી હોય છે. એવું સમજીને જ આપણે એમની સાથે સંબંધ રાખવો જોઈએ.'

ચિત્રસેને એ બધી હકીકત ઈન્દ્રને કહી બતાવી એટલે ઈન્દ્રે અર્જુનને બોલાવીને કહ્યું:

'તું ઉર્વશીને નિહાળીને મોહિત થયેલો માટે જ તને આનંદ આપવા મેં એને તારી પાસે મોકલી આપેલી.'

અર્જુને કાંઈક આશ્ચર્ય પામીને પૂછ્યું:

'હું મોહિત થયેલો એવું તમે કેવી રીતે માન્યું?'

'તું સભામાં સૌની હાજરીમાં સહેજ પણ સંકોચ વિના એની તરફ એકીટસે જોતો'તો એના પરથી મેં એવું અનુમાન કરેલું.'

'એ અનુમાન સાચું નહોતું. ઉર્વશી તરફ હું એકીટસે જોતો'તો ત્યારે મારા મનમાં એને માટે માતૃભાવ હતો. એનું હું પુરુવંશની જનનીરૂપે જ જોયા કરતો'તો. એને માટેનો બીજો કોઈ વિકાર મારા મનમાં નહોતો પેદા થયો.'

'હરકત નહિ. તારી દૃષ્ટિને હું સારી રીતે સમજી શકું છું. સમજી શકું છું એટલું જ નહિ, એની કદર પણ કરી શકું છું. ભોગ કરતાં ત્યાગમાં વધારે તાકાતની જરૂર પડે છે. તેં એવી તાકાત બતાવી આપી છે. તારું એ આત્મબળ જોઈને મને અતિશય આનંદ થાય છે ને તને અભિનંદન આપવાનું મન થઈ આવે છે. તારી પવિત્રતા અને અડગતા ખરેખર પ્રશંસનીય છે. એવી પવિત્રતા અને અડગતા જ્યાંત્યાં જોવા નથી મળતી. અમારા સુખમય સ્વર્ગલોકમાં તો એનું દર્શન દુર્લભ છે. તારા જેવા પુત્રરત્નને પ્રાપ્ત કરીને કુંતી

ખરેખર કૃતાર્થ થઈ છે. પાંડુ પણ પૂજ્ય બની ગયા છે. તારા જેવું મક્કમ મનોબળ મોટા મોટા મુનિઓમાં પણ નથી મળતું.'

'પરંતુ એ મનોબળ ઉર્વશીને આનંદ ના આપી શક્યું. એને જોઈને એ ક્રોધે ભરાઈ ગઈ.'

'હરકત નહિ. એ ક્રોધે ભરાય એ સહેજે સમજી શકાય તેવું છે. તેં એનો અસ્વીકાર કર્યો એનો આઘાત એનાથી નહિ સહી શકાયો હોય.'

'એ આઘાતને લીધે તો એણે મને શાપ આપ્યો.'

'એણે આપેલા એ શાપની વાત મેં ચિત્રસેન પાસેથી સાંભળી છે. એ શાપથી તારા દિલને દુઃખ થયું હશે. તારી જગ્યાએ કોઈ બીજો પુરુષ હોય તો તેને પણ દુઃખ થાય. પરંતુ એથી દુઃખી થવાનું કોઈ કારણ નથી. કારણ કે આખરે તો એ શાપ તારે માટે કલ્યાણકારક જ થઈ પડશે.'

'કેવી રીતે?'

'તેરમા વરસમાં અજ્ઞાતવાસ કરવાનો અવસર આવશે ત્યારે એ શાપને લીધે તું નપુંસક બનીને ગુપ્તરૂપે રહી શકીશ. એક વરસ સુધી એવી રીતે રહ્યા પછી તને પુરુષત્વની પ્રાપ્તિ થઈ રહેશે. એ શાપ તને તારા અજ્ઞાતવાસમાં ખૂબ જ મદદરૂપ બનશે.'

'ત્યારે તો જે વિષરૂપ લાગે છે તે મારે માટે અમૃતમય બનશે.'

'જરૂર. કેટલીયવાર વિષ અમૃતમય બની જાય છે અને અમૃત વિષમય. તાપ છાયા આપે છે ને છાયા તાપમાં પલટાય છે. તારક મારક તથા જે મારક લાગે છે તે તારક થઈ પડે છે. ઉર્વશી શાપ આપીને તારુ અમંગલ કરવા ગઈ પરંતુ પ્રકારાંતરે તારું મંગલ કરી બેઠી.'

'મેં એના શાપને શાંતિપૂર્વક વધાવી લીધો. આખરે એ એક કામાતુર સ્ત્રી હતી. એવે વખતે એ શાપ ના આપે તો બીજુ કરે પણ શું? એવા વિચારથી મને એના પ્રત્યે ધિક્કાર કે દ્વેષ નહિ પરંતુ અનુકંપા પ્રકટે છે.'

ઉર્વશીનો ક્રોધ થોડા જ વખતમાં શાંત થઈ ગયો ત્યારે એ અર્જુનની પાસે આવીને બોલી:

'મેં ક્રોધમાં ને ક્રોધમાં તને ઘણો મોટો શાપ આપી દીધો ખરું ને?'

'હરકત નહિ. એ શાપ મારે માટે કલ્યાણકારક થઈ પડશે. આશા તો એવી જ છે.'

'તને શાપ આપ્યા પછી હવે મને પશ્ચાતાપ થાય છે. એ વખતે મને ઉશ્કેરાટને લીધે કશું ભાન જ ના રહ્યું. શાપ આપી જ દીધો છે એટલે હવે કશો ઉપાય નથી. તોપણ ઈચ્છું છું કે એ તારે માટે આશીર્વાદરૂપ બની જાય.'

થોડીક ક્ષણો સુધી શાંત રહ્યા પછી એ ફરી બોલી:

'અર્જુન! તને મારે માટે કોઈ જાતનું આકર્ષણ જ નથી થતું?'

'થાય છે. જે આકર્ષક હોય છે એ કુદરતી રીતે જ સૌ કોઈનું આકર્ષણ કર્યા કરે છે. હું પોતે પણ એ નિયમથી પર કેવી રીતે હોઈ શકું? પણ સાથે સાથે એટલું કહી દઉં કે મારું આકર્ષણ જરાક જુદું છે. મેં કહેલું તેમ તને પુરુવંશની જનનીરૂપે જોવાની જ મને ટેવ પડી છે. મારું સમસ્ત આકર્ષણ એ દૃષ્ટિ પર અવલંબે છે.'

'એ દૃષ્ટિને માટે હુ તને શાબાશી આપું છું, અર્જુન! તોપણ એક બીજી વાત કહી બતાવું.'

'કહી બતાવ.'

'મારે કહેવાની વાત તદ્દન ટૂંકી અને સાદી છે. તને મારે માટે જે પવિત્ર ભાવના થાય છે તે સહાનુભૂતિપૂર્વક સમજી શકું છું પણ સ્વર્ગમાં કાંઈ હું એકલી નથી. મારાથી વધારે નહિ તો મારા જેટલી રૂપવતી અપ્સરાઓ અહીં અનેક છે. એ બધી જ પોતપોતાની આગવી રીતે આનંદ આપી શકે તેમ છે. એમને મેળવીને કોઈ પણ ધન્ય બની શકે તેમ છે. એ બધી અપ્સરાઓમાંથી કોઈ પણ તારી સેવામાં હાજર થઈ શકે તેમ છે.'

અર્જુન મંદમંદ સ્મિત કરતાં કહેવા માંડ્યો:

'એવી લાગણી માટે તારો ખરેખર ઋણી છું. અફસોસ માત્ર એટલો જ છે કે તારા જેવી લાગણી મારા હૃદયમાં નથી પેદા થતી. મને મારા જીવનમાં કોઈયે અપ્સરાની આવશ્યકતા નથી લાગતી.'

'કારણ?'

'જેના ઘરમાં હીરા, માણેક કે મોતી હોય તે કથીરની કામના કરે ખરો કે? એવી રીતે દ્રૌપદી તથા સુભદ્રાને મેળવીને મને એટલો બધો સંતોષ છે કે મારું મન બીજે ક્યાંય જતું કે લાગતું જ નથી. એમના સંગમાં મને સ્વર્ગસુખ લાગે છે. એમની આગળ મોટી મોટી અપ્સરાઓ પણ કશી જ વિસાતમાં નથી લાગતી. એ બંનેથી અને મારાં સ્વજનોથી છૂટો પડીને અહીં જે કર્તવ્યની દીક્ષા લઈને આવ્યો છું તેનું મને સ્મરણ છે. એ સ્મરણ મને સદા જાગ્રત રાખે છે.'

'દ્રૌપદી તથા સુભદ્રા બંનેમાં ઉત્તમ કોણ?'

'બંને પોતપોતાની રીતે ઉત્તમ છે. દ્રૌપદી તેજસ્વી છે તો સુભદ્ર શાંત છે. બંને મધુભાષિણી છે. હા. રૂપની દૃષ્ટિએ દ્રૌપદી થોડીક ચઢી જાય ખરી.'

'દ્રૌપદી મારા કરતાં વધારે રૂપવતી છે?'

'એમાં કોઈ શંકાને સ્થાન જ નથી. એના જેવું અસાધારણ રૂપ સૃષ્ટિમાં બીજી કોઈયે સ્ત્રીને નહિ મળ્યું હોય. તું રૂપવતી છે ખરી પરંતુ તારું રૂપ દ્રૌપદી જેવું નિષ્કલંક ના કહી શકાય. કૌરવોની સભામાં દુઃશાસન એની લાજ લૂંટવાનો પ્રયાસ કરતો'તો ત્યારે એણે પાડેલા પીડાજનક પોકારોના પડઘા મારા કાનમાં આજે પણ અથડાયા કરે છે. પરપુરુષને આનંદ આપવાની વાત તો દૂર રહી: પરપુરુષની પાસે જવાનો વિચાર પણ એનાથી ના કરી શકાય. તારામાં અને એનામાં આટલો ફેર છે. આભજમીનનો ફેર. તું એની બરાબરી કદાપિ ના કરી શકે.'

'અમારાં જીવન છે જ એટલા માટે. બીજાને આનંદ આપવા માટે. અમારે લીધે તો આખોય સ્વર્ગલોક સુખદ લાગે છે. સુધામય છે. અમે ના હોત તો સ્વર્ગ સ્વર્ગ જ ના હોત. સ્વર્ગનું કોઈ આકર્ષણ પણ ના હોત. અમને જો અમારી નજરે જોઈશ તો અમારી રીતભાત યોગ્ય જ લાગશે. અમે જે કરીએ છીએ એ કોઈપણ રીતે અનર્થકારક તો નથી જ. સ્વર્ગના જીવોને માટે એવો ઉલ્લાસ સ્વાભાવિક હોય છે.'

ઉર્વશી થોડીકવાર મૂક રહી અને પછી નિઃશ્વાસ નાખતાં બોલી:

'હું ઉર્વશીને બદલે દ્રૌપદી કે સુભદ્રા હોત તો કેટલું સારુ? પરંતુ એવું ભાગ્ય કાંઈ હવે મળી શકે છે? દ્રૌપદી તથા સુભદ્રા સાથે મને પણ સ્થાન ના મળી શકે? અમે ત્રણે સંપથી રહીને તારી સેવા કરી શકીએ.'

અર્જુને જણાવ્યું:

'એ બાબત મારા ભાવો મેં સ્પષ્ટ કરી દીધા છે. એ ભાવોને બદલવાનું કોઈ કારણ નથી દેખાતું. હું તને મારી પત્ની તરીકે કદીયે નહિ અપનાવી શકું. એવી લાગણી જ મને નથી થતી.'

'તોપણ તને પહેલાંની પેઠે ઉત્તેજિત થઈને શાપ તો નહિ જ દઉં. મારું એટલું કમનસીબ. મારી ભાવના એવી જ રહેશે. એને સફળ કરવા મારાથી બનશે તેટલું તપ કરીશ. ભાવનાની શક્તિ અત્યંત અસાધારણ અને અમોઘ હોય છે. એ શક્તિ સાચી હશે તો આજે નહિ તો કાલે તને પત્નીરૂપે જરૂર મળીશ. ત્યારે જ મને શાંતિ વળશે. ત્યાં સુધી મારું રૂપ, મારું તપ અને જીવન નિષ્ફળ જ રહેશે.'

'એવું ના માનતી, ઉર્વશી!'

'ના કેમ માનું? મારે માટે એવી માન્યતા તદ્દન સ્વાભાવિક છે.'

'સ્વાભાવિક હોય તોપણ એ માન્યતા જ રહેશે ને તને દુઃખી કરશે.'

'એ દુઃખ બહારથી જોતાં દુઃખ હશે તોપણ મને સુખમય લાગશે.'

એટલું કહેતાં તો ઉર્વશીની આંખ છલકાઈ ગઈ.

'અરે, તારી આંખમાં તો આંસુ આવ્યાં!' અર્જુન બોલી ઊઠ્યો.

'આંસુ કેમ ના આવે? મારું હૃદય એટલું કઠોર નથી. અમે અપ્સરાઓ આમ તો ભોગ અને વિલાસપ્રધાન જીવન જીવનારી કહેવાઈએ છીએ તોપણ ભારે લાગણીપ્રધાન અથવા સંવેદનશીલ હોઈએ છીએ. અમારા લોકમાં મોટેભાગે આનંદ જ આનંદ હોય છે પણ પ્રસંગોપાત કોઈવાર આંસુ પણ નથી સારવાં પડતાં એમ નહિ.'

*

એ દિવસોમાં મહર્ષિ લોમશ એકાએક સ્વર્ગમાં આવી પહોંચ્યા.

અર્જુનના અસાધારણ વ્યક્તિત્વની હકીકત સાંભળીને એ ખૂબ જ પ્રસન્ન થયા.

એમણે અર્જુનને અંતઃકરણપૂર્વકના અભિનંદન આપ્યાં ને કહ્યું:

'અર્જુન, તારા જેવી પવિત્રતા તથા ત્યાગવૃત્તિ સામાન્ય માનવોમાં તો શું, મોટા મોટા મુનિવરોમાં પણ ભાગ્યે જ મળે. ઉર્વશી સ્વર્ગની સર્વોત્તમ અપ્સરા છે. એ કામમોહિત થઈને તને આનંદ આપવા સામેથી ચાલીને આવી પહોંચી તોપણ તેં એનો ત્યાગ કર્યો. એ ચમત્કાર કાંઈ જેવોતેવો તો નથી જ. એ એક મોટામાં મોટો ચમત્કાર છે.'

અર્જુને નમ્રતાપૂર્વક કહ્યું:

'મેં કશો ચમત્કાર કર્યો હોય એવું મને નથી લાગતું. મેં જે કાંઈ કર્યું છે તે તદ્દન સહજ રીતે જ કર્યું છે. એનો યશ મને નથી ઘટતો પરંતુ તમારા જેવા પ્રાતઃસ્મરણીય સંતપુરુષોને ઘટે છે. મારા જીવનમાં જે કાંઈ શુભ, વિશેષ કે ઉત્તમ છે તે તમારા સમાન સંતપુરુષોના અદભુત અનુગ્રહને જ આભારી છે.'

'એ તારી નમ્રતા છે. અર્જુન! એ નમ્રતાને લીધે જ તું આજ સુધીમાં આટલો બધો આગળ વધી શક્યો છે અને હજુ પણ આગળ વધી શકીશ. પૃથ્વી પર દ્રૌપદી, યુધિષ્ઠિર તથા તારા બીજા ભાઈઓ કામ્યક વનમાં વાસ કરે છે ને તને અહર્નિશ યાદ કરે છે. એ તારા પુનર્મિલનને ઝંખે છે.'

'હું પણ આટલે દૂર રહીને એમનું નિરંતર સ્નેહપૂર્વક સ્મરણ કરું છું. મારું કાર્ય હવે પૂરું થવા આવ્યું છે એટલે દેવરાજ ઈન્દ્રની અનુજ્ઞા મેળવીને જ થોડા જ વખતમાં એમની પાસે જવાની આશા રાખું છું. તમે ત્યાં સુધીમાં કોઈવાર એમની પાસે જાઓ તો મારા કુશળ સમાચાર એમને અવશ્ય પહોંચાડજો.'

ઈન્દ્રે જણાવ્યું:

'મુનિશ્રેષ્ઠ, અર્જુનના બધાં જ કાર્યો પૂરા થયાં છે પરંતુ હજુ એનું એક કાર્ય બાકી છે. એને પૂર્ણ કર્યા વિના એ મનુષ્યલોકમાં રહેતા એના ભાઈઓ પાસે નહિ જઈ શકે.'

'કયું કાર્ય?'

'નિવાતકવચ નામના દૈત્યોના નાશનું કાર્ય. એ દૈત્યો અજ્ઞાન તેમ જ મિથ્યા દેહાભિમાનને લીધે મારું અનિષ્ટ કરવામાં આનંદ માને છે. એમને એમના અનુચરો સાથે નષ્ટ કરવાની અમારી તૈયારી છે. એ કીમતી કાર્યમાં એ ઉપયોગી થઈ શકશે એવો મને વિશ્વાસ છે. અર્જુનમાં એવી શક્તિ છે.'

'એવી શક્તિ એનામાં કેમ ના હોય? એ કોઈ સાધારણ માનવ નથી પરંતુ માનવરૂપધારી દેવતા છે. એ સનાતન ઋષિ નર છે. એ હકીકત મારી યોગશક્તિથી જાણી શક્યો છું.'

'તારું કથન સર્વાંશે સાચું છે. મહર્ષિ નર અને નારાયણ બંને લોકશક્તિનું મહાન કર્મ કરવા માટે પૃથ્વી પર માનવરૂપમાં પ્રકટ થયા છે. એ બંનેની શક્તિઓ અતિશય અસાધારણ છે. એ બંનેમાંથી વીર અર્જુન અત્યારે અહીં હોવાથી નિવાતકવચોનો નાશ હવે નજીક છે.'

અર્જુન ઈન્દ્રને ઉદ્દેશી કહેવા માંડ્યો:

'મારા સ્વર્ગના નિવાસ દરમિયાન તમે મને જે મહામૂલ્યવાન મદદ કરી છે તેનો બદલો મારાથી કેમે કરીને નથી વાળી શકાય તેમ. તમે સ્વયં શક્તિશાળી છો છતાં પણ નિવાતકવચનો નાશ જો મારી દ્વારા જ કરવા માગતા હો તો હું તેને માટે તૈયાર છું. તમે જ્યારે પણ આદેશ આપશો ત્યારે એમની સાથે યુદ્ધ આદરી દઈશ.'

અર્જુનનો ઉત્સાહ જોઈને ઈન્દ્રની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એણે અર્જુનને ધન્યવાદ આપ્યા.

લોમશ મુનિએ પણ એને અભિનંદન આપીને કહ્યું:

'અર્જુન, તને મળીને ને તારું સુંદર જીવન જોઈને મને ખૂબ જ આનંદ થયો. મારું સ્વર્ગનું આગમન સફળ થયું. મનુષ્યલોકમાં જઈને દ્રૌપદી તથા પાંડવોને તારા સમાચાર કહી સંભળાવીશ.'

'અને માતા કુંતીને પણ કહી સંભળાવજો, તથા સુભદ્રા તથા કૃષ્ણને પણ.' અર્જુન બોલી ઊઠ્યો.

'કૃષ્ણ તો સર્વાંતર્યામી હોવાથી બધું જાણતા હશે. છતાં પણ અવસર આવ્યે એમને, કુંતીને ને બીજા બધાને તારી માહિતી પૂરી પાડીશ. એથી એમને ખૂબ જ આનંદ થશે.'

અર્જુન એ આનંદની કલ્પના કરી રહ્યો.

* * *

૬. વશીકરણમંત્ર

નિવાતકવચોના નાશ પછી ઈન્દ્રે પરમ પ્રસન્ન બનીને અર્જુનને જણાવ્યું:

'તેં મારી ઘણી મોટી સેવા કરી. નિવાતકવચોનો નાશ કરવાની શક્તિ તારા વિના બીજા કોઈની અંદર નહોતી. તેં આ શક્તિનો સારી પેઠે પરચો બતાવ્યો. તારો આભાર કેવી રીતે માનવો તે નથી સમજાતું.'

'એમાં આભાર માનવા જેવું કશું જ નથી.' અર્જુને કહ્યું.

'કેમ નહિ?'

'કારણ કે મેં કોઈ પરાક્રમ નથી કર્યું. અને કર્યું હોય તોપણ મારી ફરજ જ બજાવી છે.'

'તોપણ એના બદલામાં કાંઈક માગી લે.'

'એ ફરજ મેં બદલા માટે નથી બજાવી.'

'તોપણ તું કાંઈક માગશે તો મને સંતોષ થશે.'

'તમારી પાસે બીજું તો શું માગું? અમારી ઉપર જે આફતના વાદળ ઘેરાયેલાં છે તે દૂર થઈ જાય ને નવાં વાદળાં પેદા ના થાય એટલો અનુગ્રહ માગી લઉં છું.'

ઈન્દ્ર જરાક વિચારમાં ડૂબી ગયો ને બોલ્યો:

'તમારી ઉપર જે વિપત્તિનાં વાદળાં ઘેરાયલાં છે ને બીજાં નવા વાદળાં ઘેરાવાની સંભાવના છે તેનું મુખ્ય કારણ એ છે કે દુર્યોધનની દાનત સાફ નથી.'

'એ તો જાણું છું. એની દાનત સાફ હોત તો અમારી સાથે કપટદ્યૂત રમીને એ અમને વનમાં ના મોકલત.'

'એ તમારું સમૃદ્ધ રાજ્ય પચાવી પાડવા માગે છે. તમે એને તમારા પરાક્રમનો પરચો નહિ બતાવો ત્યાં સુધી એ રાજ્ય પાછું નહિ મળી શકે.'

'એટલે? અમારે એની સાથે લડવું પડશે?'

'મને તો એમ જ લાગે છે.'

'એ યુદ્ધ થશે જ તો ઘણું કરુણ તથા ભયંકર હશે.'

'હા. દુર્યોધન પ્રતાપી છે એ તો સાચું છે પરંતુ એના પક્ષમાં એના કરતાં વધારે પ્રતાપી પુરુષો છે. એમની સાથે તમારે લડવું પડશે. તમારું કાર્ય સહેલું થઈ રહે એટલા માટે હું તમને મારાથી બનતી મદદ કરી છૂટીશ.'

'એ મદદ કેવી રીતે કરશો? અમારી સાથે લડીને? અથવા અમારા તરફથી લડીને?'

'ના. મારી મદદ પરોક્ષ હશે. છતાં ઘણી કીમતી થશે.'

'એટલે?'

'દુર્યોધનના સાથીઓને હું મારી રીતે નિર્બળ કરી નાખીશ. એ માટેની મારી યોજનાને અત્યારે નહિ કહી બતાવું. છતાં પણ હું તને બને તેટલા વધારે પ્રમાણમાં અને અત્યંત અસકરકારક રીતે ઉપયોગી થઈશ એની ખાતરી રાખજે.'

અર્જુન વધારે ના બોલ્યો.

એને શાંતિ થઈ.

*

પોતાના પ્રયોજનને પૂર્ણ થયેલું જોઈને અર્જુનને અતિશય આનંદ થયો. એનો સઘળો અસંતોષ મટી ગયો.

એણે સ્વર્ગનો ત્યાગ કરીને દ્રૌપદી તથા પોતાના બંધુઓ પાસે પહોંચવાનો નિર્ણય કર્યો.

એને માટે ઈન્દ્રની અનુમતિ માગી.

ઈન્દ્રે ભાવવિભોર બનીને કહ્યું:

'સ્વર્ગમાં આટલા બધા લાંબા વખત લગી રહેવાને લીધે આપણી વચ્ચે એક પ્રકારનો અતૂટ સ્નેહસંબંધ સ્થાપિત થઈ ચૂક્યો છે. તું અમારો આત્મીય બની ગયો છે. તને અહીંથી જવાની અનુમતિ આપવાનું મન તો નથી થતું.'

'મને પણ અહીંથી જવાનું ગમતું નથી જ. સ્વર્ગ મારે માટે મધુમય ઘર જેવું બની ગયું છે. અહીં મને કોઈ પણ પ્રકારની તકલીફ નથી પડી. મારી ઉપર તમે અપાર પ્રેમ વરસાવ્યો છે ને મને સર્વ પ્રકારે સુખશાંતિ આપવાનો જે પ્રયાસ કર્યો છે એને મારાથી કદી પણ નહિ ભૂલી શકાય. એ પ્રેમના સુખદ સ્મરણથી મારું હૃદય ગદ્‌ગદ્ બની જાય છે.'

અર્જુનની આંખ ભરાઈ આવી.

'તો પછી સદાને માટે સ્વર્ગમાં જ રહી જા.' ઈન્દ્ર બોલી ઊઠ્યો.

'સ્વર્ગમાં તો સદાને માટે કેવી રીતે રહી શકું? રહેવાની ઈચ્છા તો ઘણી છે પરંતુ મારું કર્તવ્ય મને પોકારી રહ્યું છે. એ કર્તવ્યની ઉપેક્ષા મારાથી નથી કરી શકાય તેમ. હા, જ્યાં પણ રહીશ ત્યાં તમને નિરંતર યાદ કરીશ. તમને કદી પણ નહિ ભૂલી શકું.'

'હું પણ તને કદી કાળ નહિ ભૂલી શકું. અર્જુન! તારી નમ્રતા, સરળતા, વીરતા અને પવિત્રતા મને હંમેશા યાદ રહેશે.'

ઈન્દ્રનું હૃદય ગદ્‌ગદ્ બની ગયુ.

એટલામાં તો ચિત્રસેન આવી પહોંચ્યો.

અર્જુન સ્વર્ગને છોડીને મનુષ્યલોકમાં જવાનો નિર્ણય કરી ચૂક્યો છે એ જાણીને એને પણ એના પ્રત્યે ઊંડી લાગણી થઈ આવી. એ બોલ્યો:

'તારું પ્રયાણ સઘળા સ્વર્ગવાસીઓને માટે દુઃખદ થઈ પડશે. તું અહીં હજુ પણ થોડુંક વધારે રહ્યો હોત તો સારું થાત. તારાં સંસ્મરણો સનાતન બનીને સ્વર્ગને સુવાસિત કરશે. ખાસ કરીને તારો ઉર્વશી સાથેનો પ્રસંગ તો હમેશાં યાદ આવ્યા કરશે. સ્વર્ગમાં આટલા બધા આત્માઓ વસે છે અને આવે છે પરંતુ કોઈ આત્મા તારા જેટલો અસાધારણ અથવા અલૌકિક નથી જ. જોકે તારા બધા જ વિચારો કે ભાવો સાથે હું સંમત નથી થતો. મને આજે પણ લાગે છે કે તેં ઉર્વશીનો ઉપભોગ કરીને એને શાંતિ આપી હોત તો સારું. એના જેવી અપ્સરાઓ જેનેતેને ને જ્યારે ત્યારે નથી મળતી.'

'છતાં પણ મને એના ત્યાગનો જરા પણ વસવસો નથી થતો. એ પોતે પણ મારી ભાવનાને સમજી ગઈ છે એટલે શાંત થઈ છે.'

'એ શું ધૂળ શાંત થાય? એનો સ્વભાવ જ એવો છે કે એ શાંત થઈ શકે જ નહિ. એનું કાળજું એને કાયમને માટે કોરી ખાતું હશે.'

'મને એવું નથી લાગતું.'

'ધાર કે એ તારી ભાવનાને સમજીને શાંત થઈ ગઈ હોત તોપણ એની અપ્સરાસહજ આકાંક્ષાને સંતોષી હોત તો કાંઈ ખોટું ન હતું.'

'એ તો કેમ કહેવાય?'

ઇન્દ્ર વચ્ચે જ બોલ્યો:

'અર્જુને જે કર્યું છે તે યોગ્ય જ કર્યું છે, ચિત્રસેન!'

'શું યોગ્ય કર્યું છે ?' ચિત્રસેન બોલી ઊઠ્યો: 'ઉર્વશી જેવી અસાધારણ અપ્સરા કામના આવેગથી ખેંચાઈને એની પાસે આવે, એના અનુગ્રહની માગણી કરે, અને એ એને ઠોકર મારે એ શું યોગ્ય કહેવાય?'

'એની દૃષ્ટિએ એ યોગ્ય જ છે. છતાં હવે એની ચર્ચા કરવાથી કે એનો વિરોધ નોંધાવવાથી શું વળવાનું છે. જે થવાનું હતું તે થઈ ગયું છે અને અર્જુનને એનો સંપૂર્ણ સંતોષ છે.'

• * *

અર્જુને સ્વર્ગમાંથી પ્રયાણ કરવાની તૈયારી કરી લીધી એટલે ઉર્વશી એને મળવા માટે આવી અને બોલી:

'મૃત્યુલોકમાં જઈને મને ભૂલી તો નહિ જાય ને?'

'મૃત્યુલોકમાં જઈને કર્તવ્યોના અનુષ્ઠાનમાં ડૂબી જઈશ એ સાચું છે તોપણ તારું સ્મરણ કોઈ કોઈવાર તો થશે જ. એ સ્મરણ મને પ્રેરણા પાતું રહેશે.'

'મારા સ્મરણમાંથી તને શી પ્રેરણા મળતી રહેશે?'

'મૃત્યુલોકનાં પ્રલોભનોથી સાવધાન રહેવાની ને પવિત્ર બનવાની.'

ઉર્વશી ઉત્સાહિત બનીને બોલી:

'અર્જુન! તે મારી ભોગેચ્છાનો અસ્વીકાર કરેલો ત્યારે મેં તને રોષે ભરાઈને શાપ આપેલો પરંતુ આજે તારા વ્યક્તિત્વથી પ્રસન્ન થઈને તારી વિદાય વખતે વરદાન આપું છું કે મારો શાપ તારે માટે વરદાનરૂપ થઈ જાઓ. એ તારું કલ્યાણ કરો. એ ઉપરાંત જીવનમાં ડગલે ન પગલે તને સફળતા મળો, વિજય મળો, ને તારી કીર્તિ ત્રિલોકમાં બધે જ ફરી વળો. એ સિવાય પણ તારે કાંઈક માગવું હોય તો માગી લે.'

અર્જુને જણાવ્યું:

'તેં જે વગર માગ્યે પ્રેમપૂર્વક આપ્યું છે એનો સહર્ષ સ્વીકાર કરું છું. બાકી મારે બીજું કશું જ નથી માગવું. મારી ઉપર અને અમારા કુળની ઉપર તારી અમીદૃષ્ટિ રહે એટલું જ ઈચ્છું છું.'

'તારી એ ઈચ્છા પૂરી થશે. મારી કૃપાથી તારી અને તારા બંધુઓની ઉત્તરોત્તર ઉન્નતિ થશે. તમારા બધાં જ દુઃખ દૂર થશે. તમે બધા જ બંધુઓ રાજ્યસુખથી સંપન્ન થશો.'

અર્જુને ઉર્વશીને પ્રેમ તથા પૂજ્યભાવપૂર્વક પ્રણામ કર્યા.

ઉર્વશીએ શાંતિથી લાગણીભરેલા સ્વરે કહ્યું:

'મારી એક બીજી ઈચ્છા પણ પ્રકટ કરું.'

અર્જુન તરફ નિહાળીને એ થોડોક વખત મૂક રહીને આગળ બોલી:

'તારી સાથેના પ્રસંગે મારા સ્વભાવમાં ને સમસ્ત જીવનમાં ક્રાંતિ કરી છે ને વિશેષતા ભરી છે. મેં સંકલ્પ કર્યો છે કે તારી સ્મૃતિરૂપે મારે સ્વર્ગના ભોગવિલાસમય જીવનનો પરિત્યાગ કરવો અને બને તેટલા સંયમથી રહેતાં શીખવું. એ માટે મેં દેવરાજની સંમતિ મેળવી લીધી છે અને મને એમના આશીર્વાદ સાંપડી ચૂક્યા છે. મને શ્રદ્ધા છે કે હું મારા સંકલ્પમાં સફળ થઈશ, ને મારા જીવનને ઉજ્જવળ કરીશ. રૂપમાં તો ઉત્તમ છું જ પણ હવે ગુણમાં પણ ઉત્તમ બનીશ.'

'તારો એ સંકલ્પ સાચો હોય તો ઘણો જ વિચિત્ર છે.'

'મારો સંકલ્પ સાચો છે છતાં વિચિત્ર લાગે એ સ્વાભાવિક છે. પરંતુ મારું શું વિચિત્ર નથી એ કહી શકીશ? હું વિચિત્રતાઓથી ભરેલી છું ને મારું બધું જ એક અથવા બીજી રીતે જોતાં વિચિત્ર જ છે.'

'એ સંકલ્પ ખૂબ જ કરુણ છે. એને સાંભળતાવેંત જ મનમાં ઘેરી કરુણતા છવાઈ જાય છે.'

'સાચું છે. એ છતાં પણ એ મને સ્ફુર્યો છે ને હું એને વળગી રહેવાની છું એ ચોક્કસ છે.'

'તો તો મારે સ્વર્ગમાં ફરી વાર તારી પૂજા કરવા માટે આવવું પડશે.'

'તે જરૂર આવજે. એ બહાને અહીં અવાશે. બાકી મારા જેવી સ્ત્રીની પૂજા કદાપિ ના કરવાની હોય. આ તો મારા મનનો સંકલ્પ તને કહી બતાવ્યો. તેની સફળતા માટે તારા સદ્ભાવની આશા રાખું છું.'

'મારો સદભાવ તો છે જ.'

'ખરેખર ?'

'ખરેખર.'

ઉર્વશીની આંખ આભારથી ભરાઈને નીચે નમી પડી. એ બોલી:

'તો તો હું જરૂર સફળ થઈશ. મારે મન તારા સદભાવનું મૂલ્ય ઘણું જ મોટું છે.'

'આપણો પ્રથમવાર મેળાપ થયો ત્યારે એ મેળાપ આ શુદ્ધ સદભાવયુક્ત સ્નેહસંબંધમાં પરિણમશે તેની કલ્પનાય ક્યાં હતી? આપણો સંબંધ આટલો બધો સુંદર થઈ શક્યો છે એ જોઈને મને આનંદ થાય છે. અહીં આવવાથી મને બેવડો લાભ થઈ ગયો. એક તો ભાતભાતનાં શસ્ત્રાસ્ત્રોની પ્રાપ્તિ થઈ, ને બીજું તારી મમત્વવાળી મીઠી લાગણી મળી. અહીંથી પ્રયાણ કરવાનો અવસર આવ્યો છે ત્યારે મને એમ લાગે છે કે એક મમતાળુ માતાને છોડીને જઈ રહ્યો છું. અહીંના સંસ્મરણોને મારાથી નહિ ભૂલી શકાય. કદાપિ નહિ. એમને ભૂલવાની ઈચ્છા પણ નહિ કરી શકું.'

*

પાંડવોએ મુનિ લોમશના કહેવાથી જુદાંજુદાં અનેક તીર્થોની યાત્રા કરી.

એ યાત્રામાં એમનો સમય ખૂબ જ શાંતિપૂર્વક પસાર થયો.

એ દરમિયાન એમને મહર્ષિ વ્યાસનો પણ મેળાપ થયો.

અર્જુનના પાછા આવ્યા પછી એકવાર એને મળવા દ્વારકાથી કૃષ્ણ આવી પહોંચ્યા.

એમની સાથે સત્યભામા પણ હતી.

પાંડવોએ એમનો અને એમની પત્ની સત્યભામાનો અત્યંત આદર અને પ્રેમપૂર્વક સત્કાર કર્યો.

કૃષ્ણે અર્જુનની સવિસ્તર કથા સાંભળીને એને ધન્યવાદ આપ્યો ત્યારે એની આંખમાં આંસુ આવી ગયાં.

કૃષ્ણે કહ્યું:

'અર્જુન! કૌરવો સાથે હવે ભવિષ્યમાં યુદ્ધ ફાટી નીકળશે તોપણ તમારો સૌનો વિજય નિશ્ચિત છે. તને પ્રાપ્ત થયેલી વિદ્યા ઘણી કામ લાગશે. એને લીધે તારી ને પાંડવોની શક્તિ અનેકગણી વધી ગઈ.'

અર્જુને નમ્રતાપૂર્વક જણાવ્યું:

'એ શક્તિ અત્યારે નથી વધી પણ પહેલેથી જ વધેલી છે. જ્યારથી અમને તમારી હૂંફ મળી છે, અમીદૃષ્ટિ મળી છે, ને અમારી ઉપર તમારી કૃપા થઈ છે ત્યારથી જ. ત્યારથી જ અમે શક્તિશાળી છીએ. અમારું મુખ્ય બળ શસ્ત્રોમાં નથી રહ્યું પરંતુ તમારી કૃપામાં સમાયલું છે.'

અર્જુનનો અને પાંડવોનો પ્રેમ તેમ જ વિશ્વાસ જોઈને કૃષ્ણને આનંદ થયો.

સૌ ભોજનાદિથી નિવૃત્ત થઈને વિશ્રામ કરવા માંડ્યા ત્યારે સત્યભામા દ્રૌપદી પાસે બેસીને પૂછવા લાગી:

'તારી પાસે કોઈ વશીકરણ મંત્ર છે કે શું?'

'કેમ?'

'જો હોય તો મારે એની આવશ્કતા છે. મને લાગે છે કે તારી પાસે એવો કોઈ ગુપ્ત વશીકરણમંત્ર હોવો જોઈએ. એના પ્રયોગથી જ તું પાંડવોને વશ કરી શકી છે. તું એકલા અર્જુનને વશ કરે એ સમજાય એવું છે પરંતુ પાંડવો બધા જ તારે અધીન હોય એવું લાગે છે. મને પણ કૃષ્ણને અધીન કરવાની ઈચ્છા છે તો મને કોઈ તપ, વ્રત, જપ, હોમ, ઔષધિ કે જડીબુટ્ટી અથવા વશીકરણમંત્રની માહિતી આપ.'

દ્રૌપદી બોલી:

'મારી પાસે તપ, વ્રત, ઔષધિ, જડીબુટ્ટી, હોમ કે જપ કશું જ નથી. કોઈ વશીકરણમંત્ર પણ નથી. એવા મંત્રના પ્રયોગો સતી સ્ત્રીઓ નથી કરતી. સતી સ્ત્રીઓનો શુદ્ધ સ્નેહ, સરળ સેવાભાવી નિષ્કપટ સ્વભાવ અને એમની મધુમયી વાણી જ એમનું વશીકરણ બની જાય છે. એ વશીકરણ કદી વ્યર્થ નથી જતું.'

'તું કશું છુપાવતી તો નથી ને?'

'મારે શા માટે કશું છુપાવવું પડે? મારી પાસે જે કાંઈ છે અને જેની અંદર મને શ્રદ્ધા છે તે કહી બતાવું છું. મંત્રતંત્ર, ઔષધિ કે જડીબુટ્ટીથી કોઈ કોઈના પર અધિકાર નથી કરી શકતું. કોઈ રીતે કામચલાઉ વખતને માટે એવો અધિકાર કરી શકાય તોપણ એ આખરે અનર્થકારક જ થઈ પડે છે. એથી કોઈનું કાયમી કલ્યાણ નથી થતું.'

સત્યભામા શાંતિપૂર્વક સાંભળી રહી એટલે દ્રૌપદીએ આગળ કહેવા માંડ્યું:

'કોઈના પણ મનનું વશીકરણ કરવાનો એક અમોઘ અને સરળ ઉપાય એ છે કે આપણે એના પર જેટલો બને તેટલો વધારે સ્નેહ રાખવો, એના સુખની અપેક્ષા રાખવી, અને એને માટે ઘસાઈ છૂટવું. એ ઉપરાંત વાણીને બને તેટલી મધુર રાખવી. મધુર વાણી એ મોટામાં મોટું વશીકરણ છે એવો મારો અનુભવ છે. અત્યારે તો ઠીક પણ ઈન્દ્રપ્રસ્થમાં પણ એમની બીજી સ્ત્રીઓની સાથે હું પાંડવોની બનતી સેવા કર્યા કરતી. એ સેવાવૃષ્ટિથી જ પાંડવો મારે વશ થયા હોય તો નવાઈ નહિ.'

'હવે મને તારો એ વશીકરણમંત્ર સમજાયો.' સત્યભામા બોલી ઊઠી: 'એ સંબંધમાં પેદા થયેલો મારો સંશય દૂર થયો.'

'બસ ત્યારે, એ મંત્રને યાદ રાખીને કૃષ્ણની સદાયે સ્નેહપૂર્વક સેવા કર્યા કર. એમને તારા વ્યવહારથી એવું લાગવું જોઈએ કે સંસારમાં સૌથી વધારે સ્નેહ તું એમને જ કરે છે: બીજા કોઈનેય નથી કરતી. તારું સમસ્ત જીવન એમની પ્રસન્નતાની સુંદર સામગ્રીરૂપ અથવા એમની આરાધનારૂપ બની રહેવું જોઈએ. એ તારે માટે મોટામાં મોટા વશીકરણરૂપ થઈ પડશે. એથી કૃષ્ણની કૃપાની પ્રાપ્તિ થશે. કૃષ્ણ પણ સર્વ પ્રકારે તારા જ થઈ રહેશે.'

દ્રૌપદીની વાતથી સત્યભામાને ઘણો સંતોષ થયો. એ ગદ્‌ગદ કંઠે બોલી:

'તું અત્યારે વનમાં છે પરંતુ તારા ઉત્તમ ગુણોને લીધે તને થોડા જ વખતમાં સર્વોત્તમ રાજ્યસુખની પ્રાપ્તિ થશે. યુધિષ્ઠિર સામ્રાજ્યના સ્વામી બનીને તને તથા બીજા બધાને સુખી કરશે. તારી વિપત્તિ લાંબો વખત નહિ ટકે.'

કૃષ્ણે દ્વારકાની જવાની તૈયારી કરી એટલે સત્યભામાએ દ્રૌપદીની રજા લીધી.

રજા લેતી વખતે એ ગળગળી બની ગઈ અને દ્રૌપદીને અત્યંત ભાવપૂર્વક ભેટી પડી.

કૃષ્ણ તથા બીજા બધા એ અસાધારણ સ્નેહદૃશ્યને જોઈ રહ્યા.

કૃષ્ણે પણ પીડાગ્રસ્ત પાંડવોને આશ્વાસન આપ્યું ને હિંમત પૂરી પાડી.

રથ ચાલવા માંડયો ત્યારે દ્રૌપદીએ સત્યભામાને પૂછ્યું:

'પેલો વશીકરણમંત્ર યાદ તો છે ને?'

'બરાબર યાદ છે.' સત્યભામાએ ઉત્તર આપ્યો: 'અને હંમેશા યાદ રહેશે.'

'કોઈ બીજી શંકા તો નથી ને?'

'ના.'

ઘોડાઓ હણહણાટ કરતાં આગળ વધ્યાં.

* * *

૭. કૃષ્ણે લાજ રાખી

પાંડવો દ્રૌપદી સાથે વનમાં ખૂબ જ સુખશાંતિપૂર્વક પોતાના દિવસો પસાર કરી રહ્યા છે એ જાણીને દુર્યોધનના દુઃખનો પાર ના રહ્યો. એણે દુઃશાસન, શકુનિ તથા કર્ણની આગળ પોતાની વેદનાને વ્યક્ત કરતાં કહેવા માંડ્યું:

'મેં પાંડવોને વધારે ને વધારે દુઃખી કરવાના પ્રયાસો કરવામાં કશું બાકી નથી રાખ્યું તોપણ એ પ્રયાસોની જોઈએ એટલી અસર નથી થઈ લાગતી. પાંડવો વનમાં પણ સુખી છે એ જાણીને મને પુષ્કળ પીડા થાય છે.'

શકુનિ બોલ્યો:

'વનમાં એ સુખી હોય તોપણ આપણું શું બગડી ગયું? હું નથી માનતો કે એ સુખી હોય. વનમાં કોઈ સુખી હોઈ શકે જ નહિ. અને હોય તોપણ એમનું રાજ્ય તો આપણે છીનવી લીધું છે પછી ચિંતા કરવાનું કારણ જ ક્યાં છે?'

કર્ણે જણાવ્યું:

'પાંડવોના ગ્રહો ઘણા સારા લાગે છે એટલે જ એમને જ્યાં જાય છે ત્યાં સુખ મળી રહે છે. એમના ભાગ્યમાં સુખ જ હશે તો એ જોઈને તું ગમે તેટલો દુઃખી થઈશ તોપણ શું વળવાનું છે? એથી એમનું સુખ થોડું જ દૂર થવાનું છે?'

દુઃશાસને કહ્યું:

'એમના ભાગ્યમાં સુખ હોય એવું મારાથી નથી માની શકાતું. એમના જેવું દુઃખ દુનિયામાં બીજા કોઈને નહિ હોય. અને હજુ તો એ વધારે દુઃખી થશે. એમના દુઃખનો પાર નહિ રહે. હું જીવું છું ત્યાં સુધી તો એમને કોઈ પણ ઉપાયે સુખી નહિ થવા દઉં.'

'શાબાશ દુઃશાસન! તારા વિચારો મને મળતા જ છે. આપણે બંને ભેગા મળીને પાંડવો તથા દ્રૌપદીના જીવનને નષ્ટભ્રષ્ટ કરી દઈશું.'

'કહે છે ને કે યુધિષ્ઠિરે સૂર્યોપસના કરીને અદભુત અક્ષયપાત્ર મેળવ્યું છે!'

'મેળવ્યું છે. પરંતુ એથી શું?'

'એ અક્ષયપાત્રની મદદથી એ અતિથિઓની સારી પેઠે સેવા કરી શકે છે. કહે છે કે જ્યાં સુધી દ્રૌપદી નથી ખાતી ત્યાં સુધી એ અક્ષયપાત્રમાં રાંધેલી રસોઈ કદી પણ નથી ખૂટતી.'

'આપણી પાસે એવું અક્ષયપાત્ર નથી તોપણ આપણી રસોઈ પણ ક્યાં ખૂટે છે? આપણી પાસેની સંપત્તિ અક્ષય હોવાથી આપણે સંપૂર્ણ સુખી છીએ. એમની પાસે જે અક્ષયપાત્ર છે એ એમના ક્ષયનું કે પતનનું પાત્ર બની રહેશે. હું એવો ઉપાય શોધી કાઢીશ કે એ એમને સહેજ પણ સુખી નહિ કરી શકે.'

'તારા મનમાં એ જ વિચારો ઘોળાયા કરતા લાગે છે!' કર્ણ બોલ્યો : 'પાંડવો દ્રૌપદી સાથે વનમાં ગયા છે તોપણ તને સહેજ પણ શાંતિ નથી લાગતી કે એમના પ્રત્યે અનુકંપા નથી જાગી શકતી.'

'અનુકંપા કેવી રીતે જાગે? હું એટલો અજ્ઞાની નથી કે એમના પ્રત્યે એવી અનુકંપા જગાવું. એ વનમાં ગયા છે એ સાચું પરંતુ જીવી રહ્યા છે એ પણ એટલું જ સાચું છે. એ જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી મને એમની પ્રત્યે અનુકંપા નહિ પ્રકટે ને શાંતિ પણ નહિ મળે.'

'તો પછી એમને વનમાં મોકલવાને બદલે એમની સાથે યુદ્ધ જ કરી લેવું'તું. યુદ્ધની મદદથી એમની સાથે કાયમને માટે ફેંસલો થઈ જાત. આ પાર કે પેલે પાર.'

'એ તો હજુ પણ શું બગડી ગયું છે? બીજા કોઈ ઉપાયથી એમને ધાર્યા પ્રમાણે હેરાન ના કરી શકાય તો યુદ્ધનો રસ્તો છે જ. એમને સુખશાંતિથી જીવવા તો નહિ જ દઉં.'

એટલામાં તો મહર્ષિ દુર્વાસાના શુભાગમનના સમાચાર આવી પહોંચ્યા.

એ સાંભળીને દુર્યોધન સૌની સાથે એમનો સત્કાર કરવા ચાલી નીકળ્યો.

દુર્વાસાને સુંદર સાનુકૂળ સ્થાનમાં ઉતારો આપીને દુર્યોધન એમની તનમનધનથી સારી પેઠે સેવા કરવા લાગ્યો.

દિવસોની સેવા પછી એ મહામુનિ પ્રસન્ન થયા ને બોલ્યા:

'દુર્યોધન! તેં મારી પુષ્કળ પ્રેમપૂર્વક સેવા કરી છે. એ સેવાથી તેં મારા દિલને જીતી લીધું છે.'

દુર્યોધનનું અંતર આનંદથી ઊભરાઈ રહ્યું.

'મેં તો મારા કર્તવ્યનું પાલન જ કર્યું છે.'

'છતાં પણ એ પાલન ઘણી સારી રીતે થયું છે એને લીધે હું તારા પર પ્રસન્ન થયો છું. તારા જેવું સુંદર અને સંતોષકારક કર્તવ્યપાલન ભાગ્યે જ કોઈ કરી શકે. એના પુરસ્કારરૂપે તને કોઈ વરદાન આપવા માગું છું. તું કોઈ વરદાન માગી લે.'

દુર્યોધન હરખાઈ ને મનના સાચા ભાવોને છુપાવતા બોલ્યો:

'તમારા સરખા સત્પુરુષની કૃપાથી મને બધી રીતે આનંદ છે. કોઈ જાતની તકલીફ નથી લાગતી. ઐશ્વર્ય અને રાજ્યસુખ પણ પૂરેપૂરું છે.'

'તોપણ મારું મન રાખવા માટે કશુંક માગી લે.'

દુર્યોધને બરાબર ગોઠવીને કહ્યું:

'તમારા જેવા મહાપુરુષના આગ્રહનો અનાદર કરવાની શક્તિ કોનામાં છે? મોટા મોટા દેવોમાં પણ નથી. માટે એ આગ્રહને માન આપીને માગું છું કે પાંડવો અત્યારે દ્રૌપદી સાથે વનમાં વાસ કરે છે ત્યાં તમે શિષ્યો સાથે પહોંચી જાઓ અને એમના અતિથિ બનીને ભોજનની માગણી કરો.'

'ભલે. હું મારા શિષ્યો સાથે ત્યાં પહોંચી જઈશ.'

'તમારા એ અનુગ્રહને માટે તમારો ચિરકાળ પર્યંત ઋણી રહીશ. પરંતુ મને એક વાતનું સ્મરણ થઈ આવ્યું તે પણ એના અનુસંધાનમાં કહી દઉં. તમે પાંડવોના અતિથિ થઈને એમની પાસે ભોજનની માગણી તો કરશો જ પણ એ માગણી કરવા એવે વખતે જઈ પહોંચજો કે જ્યારે દ્રૌપદી ભોજન કરીને પરવારી ચૂકી હોય.'

'એ માગણીને મેં મંજૂર રાખી. હું શિષ્યો સાથે એવે વખતે જ જઈ પહોંચીશ. પછી તો તારી ઈચ્છા પૂરી થશે ને?'

'મારી ઈચ્છા એટલી જ છે.' એવું કહીને દુર્યોધન પગે લાગ્યો.

એ આગળ કશું ના બોલ્યો.

એને ખાતરી હતી કે દુર્વાસા દ્રૌપદીના પરવારી લીધા પછી ત્યાં જઈ પહોંચશે ને ભિક્ષાની માગણી કરશે એટલે અક્ષયપાત્રની શક્તિ ક્ષીણ થવાથી દ્રૌપદી ભોજન નહિ કરાવી શકે. પરિણામે દુર્વાસા રોષે ભરાશે, અસંતુષ્ટ થશે, ને રોષમાં દ્રૌપદી તથા પાંડવોને શાપ આપી દેશે. પોતાને એટલું તો જોઈએ છે.

પાંડવો તથા દ્રૌપદીના ભાવિ અમંગલનું અનુમાન કરીને દુર્યોધન મનોમન નાચવા લાગ્યો.

એનું અંગેઅંગ અવર્ણનીય આનંદરસથી ઊભરાઈ ઊઠ્યું.

એને થયું કે પોતાની બાજી ફળી ખરી.

હા, એનો પૂર્વાર્ધ તો ફળ્યો જ છે અને ઉત્તરાર્ધ પણ ફળશે જ એવી આશા છે.

દુર્યોધનની અનુમતિ લઈને અને એને આશીર્વાદ દઈને મહામુનિ દુર્વાસા શિષ્યો સાથે ચાલી નીકળ્યા.

ફરતા ફરતા એ વનના પાવન પ્રદેશમાં પાંડવો પાસે આવી પહોંચ્યા.

પાંડવો એમના દેવદુર્લભ દર્શનથી પ્રસન્ન થયા.

એમનો ઊંડા ઉમળકા સાથે સત્કાર કરવામાં આવ્યો એટલે એમણે જણાવ્યું:

'યુધિષ્ઠિર! અમે લાંબો પ્રવાસ કરીને અહીં આવી પહોંચ્યા છીએ.'

'એ અમારું મોટામાં મોટું સૌભાગ્ય કહેવાય. તમારા એ અસાધારણ અનુગ્રહથી અમે કૃતાર્થ થયા છીએ, તમે અમારા અતિથિ છો. અતિથિ તરીકે અમને આદેશ આપો કે તમારી શી સેવા કરીએ?'

'તું અમારી સેવા કરીશ ખરો?'

'જરૂર કરી શકીશ. તમે આદેશ આપો એટલે એનું પાલન કરવા દ્રૌપદી અને અમે બનતું બધું જ કરી છૂટીશું.'

'અત્યારે તો બીજી કોઈ સેવા કરાવવાની ઈચ્છા નથી થતી. અમને બધાને ભૂખ લાગી છે. નજીકમાં આવેલી આ નિર્મળ નદીમાં સ્નાન કરીને અને સંધ્યાદિથી નિવૃત્ત થઈને આવી પહોંચીએ ત્યાં સુધી ભોજનની તૈયારી કરવાનું કહી દે.'

'ભલે. તમે શાંતિથી પાછા આવો ત્યાં સુધીમાં બધું થઈ રહેશે.'

દુર્વાસા શિષ્યો સાથે ચાલી નીકળ્યા એટલે ભીમે યુધિષ્ઠિરને ઉદ્દેશીને કહેવા માંડ્યું:

'તમે તો હાથે કરીને ઉપાધિ વહોરી લીધી.'

'કેમ?'

'એમને ભોજન કરાવવાની હા પાડીને.'

'અતિથિ અભ્યાગતને ભોજન કરાવવાનો આપણો ધર્મ નથી શું?'

'છે. પરંતુ આપણે ભોજન કરી ચૂક્યા છીએ અને દ્રૌપદી પણ ભોજન કરી ચૂકી છે. સૂર્યદેવતાના અનુગ્રહ પ્રમાણે અક્ષયપાત્રની આજની શક્તિ તો સમાપ્ત થઈ. હવે એ પાત્રનો પ્રયોગ કરીને આપણે એ બધાને ભોજન કેવી રીતે કરાવી શકીશું?'

અર્જુન બોલ્યો:

'દુર્વાસા મુનિને એમના શિષ્યો સાથે અહીં મોકલનાર દુર્યોધન જ છે. એ આપણને શક્ય એટલી બધી રીતે હેરાન કરવા માગે છે.'

'એની માહિતી તને કેવી રીતે મળી શકી?' યુધિષ્ઠિરે પૂછ્યું.

'એમના એક શિષ્ય સાથેની વાતચીત દ્વારા. એણે મને જણાવ્યું કે દુર્વાસા મુનિ દુર્યોધનની સેવાથી પ્રસન્ન થઈ એને અનુગ્રહિત કરીને એની ઈચ્છાથી પ્રેરાઈને જ અહીં આવી પહોંચ્યા છે.'

'એ દુષ્ટ દુર્યોધનને તો વહેલી તકે મારી નાખવો જોઈએ. એ જીવતો હશે ત્યાં સુધી આપણને શાંતિથી નહિ રહેવા દે.'

'સાચું છે, ભીમ! મને પણ એવું જ લાગે છે.'

પરંતુ યુધિષ્ઠિર એટલા જલદી ઉત્તેજિત થાય તેમ ન હતા. એ સ્વસ્થ રહ્યા ને બોલ્યા:

'દુર્વાસા મુનિ દુર્યોધનની માગણીને માન આપીને આપણી પાસે આવી પહોંચ્યા હશે તોપણ શું? આખરે એ મુનિ હોવાથી એમનાથી ચિંતીત થવાનું કોઈ જ કારણ નથી લાગતું.'

'એ મુનિ છે એ સાચું પરંતુ એમની સેવામાં ત્રુટિ આવતાં ક્રોધે જલદી ભરાઈ જાય છે. એમનો ક્રોધ એટલો બધો પ્રબળ કહેવાય છે કે વાત નહિ.'

'એમના ક્રોધ વિશે તો મેં પણ સાંભળ્યું છે. છતાં પણ એથી ડરવાની જરૂર નથી. આપણને હેરાન કરવાની દુર્યોધનની દુષ્ટ યોજના—જો એણે એ યોજના કરી જ હશે તો—નિષ્ફળ જશે.'

એટલામાં દ્રૌપદી આવી પહોંચી.

બધી હકીકત સાંભળીને એ બોલી:

'દુર્વાસા અને એમના શિષ્યોને સાધારણ ભોજનથી તૃપ્ત નહિ કરી શકાય. અક્ષયપાત્ર આપણા મોટામાં મોટા આધારરૂપ હતું પણ આજે તો એ પણ કોઈ જાતની શક્યતા રહિત બની ગયું. તમને જમાડીને મેં પોતે ક્યારનુંય ભોજન કરી લીધું છે.'

'તો પછી?'

'તો પછી બીજું શું? હવે તો આપણા સુખદુઃખના સાથી કૃષ્ણ જ આપણા પર કૃપા કરે અને આપણી કોઈ રીતે લાજ રાખે તો.'

'એ લાજ રાખે એવું લાગે છે?'

'કૌરવોની રાજસભામાં દુઃશાસન મારા વસ્ત્રને ખેંચી રહેલો ત્યારે એમણે જ મારી લાજ રાખેલી. એ આપણી વહારે આવે તો બગડવા બેઠેલી બાજી સુધરી શકે ખરી. એમના અનુગ્રહ આગળ કશું જ અશક્ય નથી. મારી એવી શ્રદ્ધા છે. આપણે એમને પ્રાર્થી તથા પોકારી જોઈએ.'

એ જ વખતે કૃષ્ણનો રથ આવી પહોંચ્યો.

આખુંય અરણ્ય એને લીધે અલંકૃત બની ગયું.

પાંડવો અને દ્રૌપદી એમને નિહાળીને આશ્ચર્યચકિત અને આનંદમગ્ન બની ગયાં.

રથમાંથી ઊતરીને કૃષ્ણે સૌને ભાવપૂર્વક ભેટીને કહ્યું:

'તમને બધાને એકાએક મળવાની ઈચ્છા થવાથી આવી પહોંચ્યો. કિન્તુ તમારા વદન પર ચિંતા શેની ફરી વળી છે? એની ઉપર ઉલ્લાસ કેમ નથી લાગતો?'

દ્રૌપદી તથા યુધિષ્ઠિરે દુર્વાસાની કથા કહી સંભળાવી.

એ સાંભળીને કૃષ્ણ હસ્યા ને બોલ્યા:

'એ બધું દુરાત્મા દુર્યોધનનું જ કારસ્તાન. પરંતુ હરકત નહિ. એનું ષડયંત્ર ધૂળમાં મેળવીશું. સાચું કહું તો ભૂખ તો મને પણ લાગી છે.'

'પણ અક્ષયપાત્રમાં તો કશું જ નથી વધ્યું.'

'નથી વધ્યું એ કાંઈ ચાલે? અતિથિનો સત્કાર કરવાનો તમારો ધર્મ છે.'

'એ ધર્મ તો છે જ. એની કાંઈ ના પડાય ? પરંતુ...'

'પરંતુ શું? દ્રૌપદી, એ અક્ષયપાત્રને લઈ આવ. હું તને ને બધાને એનો પરચો બતાવું.'

'એનો પરચો તો રોજ જોઈએ છીએ.'

'એવો નહિ, જરાક જુદી જાતનો પરચો.'

દ્રૌપદી અક્ષયપાત્રને લઈ આવી ને બોલી:

'મેં તો એને સાફ કરીને રાખી મૂક્યું છે.'

'સાફ કરીને રાખી મૂક્યું છે તોપણ એમાં એક શાકનું ફોડવું દેખાઈ રહ્યું છે.'

'શાકનું ફોડવું?'

'હા.'

'તે એને શું કરશો? એ તમારી કે દુર્વાસાની ભૂખ ભાંગી શકશે ખરું?'

'તું જો તો ખરી કે હું શું કરું છું.'

પાંડવોના વિસ્મયનો પાર ના રહ્યો.

કૃષ્ણે અક્ષયપાત્રમાં એક બાજુએ ચોંટી રહેલા શાકના ફોડવાને હાથમાં લીધું અને આરોગ્યું.

દ્રૌપદી તેમ જ પાંડવો એમના એ અદભુત અભિનયને નિહાળી રહ્યા.

એ અભિનય એકદમ અસાધારણ સાબિત થયો.

શાકને આરોગતાં પહેલાં એમણે મનોમન સંકલ્પ કર્યો કે આ શાક દ્વારા સમસ્ત સૃષ્ટિના આત્મા યજ્ઞભોક્તા પરમાત્મા સંપૂર્ણપણે તૃપ્તિ પામો.

એ સંકલ્પના પરિમામરૂપે જોતજોતામાં તો આખી સૃષ્ટિના જીવોમાં એક પ્રકારની પરિતૃપ્તિ ફરી વળી. દુર્વાસાના આતિથ્યની ચિંતામાં પડેલા પાંડવોને કૃષ્ણે કહ્યું:

'હવે તમારે દુર્વાસા તથા એમના શિષ્યોની ચિંતા કરવાની જરૂર જરા પણ ના રહી. મારા સંકલ્પને લીધે એમની ક્ષુધા મટી ગઈ. એ સરિતાતટથી જ પાછા ફરશે. તમારી પાસે ભોજનની અપેક્ષાથી નહિ આવે.'

થયું પણ ખરેખર એવું જ.

દુર્વાસા એમના શિષ્યો સાથે સરિતા સ્નાન કરીને ધ્યાનાદિમાં લીન બનેલા ત્યારે એમને અમીના ઓડકાર આવવા માંડ્યા.

તાજા થયેલા ભોજનથી જાણે કે એ પૂરેપૂરા ધરાઈ ગયા.

એમને એથી અતિશય આશ્ચર્ય થયું.

એમણે ઉદ્ગાર કાઢ્યા:

'અરે, આપણે યુધિષ્ઠિરને તો ભોજન તૈયાર કરવાનો આદેશ આપીને આવ્યા છીએ અને આમ એકાએક આ શું થઈ ગયું? પેટમાં જરા પણ ભૂખ જ નથી. પહેલેથી આવી ખબર હોત તો એમને રસોઈ બનાવવાનું કહેત જ નહિ.'

શિષ્યોની દશા પણ એવી જ છે. એવું જાણીને દુર્વાસાએ ત્યાંથી જ પાછા વળવાનો નિર્ણય કર્યો.

પાંડવો પોતાની પ્રતીક્ષા ના કરે એટલા માટે એમણે એક શિષ્ય સાથે એમને સંદેશો મોકલ્યો અને બીજા શિષ્યો સાથે પ્રયાણ કર્યું.

દુર્વાસાના શિષ્ય મારફત સંદેશો મેળવીને પાંડવો દ્રૌપદી સાથે ખૂબ જ પ્રસન્ન થયા.

દ્રૌપદીએ કૃષ્ણને કહ્યું:

'તમે અમારી લાજ રાખી ખરી. અમને સંપૂર્ણ શ્રદ્ધા છે કે દુર્યોધનની ભવિષ્યની બીજી બધી જ બાજીઓને ધૂળમાં મેળવીને તમે આવી જ રીતે અમારી લાજ રાખશો.'

કૃષ્ણે હસતાં હસતાં કહ્યું:

'એ લાજ મેં નથી રાખી, અક્ષયપાત્રમાં અવશિષ્ટ રહેલા શાકના ફોડવાએ રાખી છે.'

'શાકનું ફોડવું તો માત્ર નિમિત્ત હતું, બાકી બીજું બધું કામ તો તમારી અલૌકિક શક્તિને લીધે જ થઈ શક્યું છે.'

દુર્યોધનને પાછળથી જ્યારે હકીકતની ખબર પડી ત્યારે એને ખૂબ જ અફસોસ થયો.

એણે દુઃશાસનને કહ્યું:

'આ વખતે પાંડવોની દશા ખરેખર કફોડી બની જાત. દ્રૌપદી પણ કલ્પાંત કરત ને મને કાયમ માટે યાદ કરત. પરંતુ એમના ગ્રહો હજુ બળવાન લાગે છે એટલે જ પેલો કૃષ્ણ એમની મદદે આવ્યો. મારે કોઈવાર એ કૃષ્ણને જ પરચો બતાવવો પડશે.'

દુઃશાસન બોલ્યો:

'આ વખતે પાંડવો બચી ગયા તેથી શું થયું? એમને ને દ્રૌપદીને હેરાન કરવાનો વખત હજુ કેટલીવાર આવશે. આપણે જીવીએ છીએ ત્યાં સુધી એમને નિરાંતે નહિ જ રહેવા દઈએ. જોઈએ છીએ કે કૃષ્ણ એમને ક્યાં લગી બચાવ્યા કરે છે!'

* * *

૮. દ્રૌપદીનું અપહરણ

કૃષ્ણની અસીમ કૃપાથી પાંડવો તથા દ્રૌપદીએ એક મોટા કષ્ટમાંથી મુક્તિ મેળવી એટલે કૃષ્ણ દ્વારકા જવા માટે ચાલી નીકળ્યા.

એ પછીના થોડા દિવસો પાંડવોએ એકંદરે સુખશાંતિપૂર્વક પસાર કર્યા.

પરંતુ એ સુખશાંતિનો સમય લાંબો વખત ના ટક્યો.

દ્રૌપદીના આપત્તિમય જીવનમાં એક બીજી આપત્તિ આવીને ઊભી રહી.

એ દિવસે બપોરે પાંડવો પુરોહિત ધૌમ્યની અનુમતિથી બ્રાહ્મણોને માટે ફળફૂલ લેવા વનમાં ગયેલાં.

એમના આશ્રયસ્થાનમાં દ્રૌપદી એકલી હતી.

આશ્રયસ્થાનના દ્વાર આગળ ઊભી રહેલી ત્યારે ત્યાં એકાએક વૃદ્ધક્ષત્રનો પુત્ર, સિંધુદેશનો રાજા જયદ્રથ આવી પહોંચ્યો.

એની સાથે બીજા પણ કેટલાક રાજાઓ હતા.

જયદ્રથે દૂરથી દ્રૌપદીને જોઈ ત્યાં જ એનું મન મોહિત બની ગયું.

એના હૃદયમાં દ્રૌપદી વસી ગઈ.

એકાદ બે ક્ષણ સુધી તો એ એને કામાતુર નજરે નિહાળી રહ્યો.

દ્રૌપદી એને એવી રીતે ઊભેલો જોઈને સહેજ સંકોચમાં પડી. એણે દૃષ્ટિને જરાક બીજી તરફ ફેરવી લીધી, ને કહ્યું:

'હું તમારો સત્કાર કરું છું. તમે કોણ છો? મને તમારી ઓળખાણ આપી શકશો?'

'જરૂર. હું સિંધુપ્રદેશનો રાજા જયદ્રથ છું. મારી સાથેના બીજા રાજાઓ મારા મિત્રો છે. તું મારો સત્કાર કરે છે તેથી મને આનંદ થાય છે. પરંતુ મારે એવા સામાન્ય સત્કારની લાલસા જરા પણ નથી. તારી પાસેથી હું કોઈક જુદી જ જાતના સત્કારની અપેક્ષા રાખું છું.'

'જુદી જ જાતના એટલે?'

'તું ના સમજી? હું તારી પોતાની માગણી કરું છું. હું લગ્નની ઈચ્છાથી શાલ્વ દેશ તરફ જઈ રહ્યો છું. રસ્તામાં એકાએક તને જોવાથી મારી પ્રસન્નતાનો પાર નથી રહ્યો. તારા જેવી સૌન્દર્યવતીની પ્રાપ્તિ મને મારી પત્નીરૂપે થઈ જાય તો મારું જીવન સાચેસાચ કૃતાર્થ થાય.'

'પરંતુ મારું લગ્ન તો ગાંડીવધારી વીર અર્જુનની સાથે થઈ ગયેલું છે. મારું નામ દ્રૌપદી છે. હું મહારાજા દ્રુપદની પુત્રી છું. પાંડવો દ્યૂતમાં હારી જવાથી મારે એમની સાથે વનમાં આવવું પડ્યું છે. તમે મારા પ્રત્યે મોહદૃષ્ટિ રાખો છો તે બરાબર નથી. તમારી ઈચ્છા હોય તો થોડો વખત અહીં અમારા અતિથિ તરીકે વિશ્રામ કરી શકો છો. પાંડવો વનમાં ફળફૂલ લેવા અને વિહાર કરવા ગયેલા છે.'

જયદ્રથે એ અવસરને બધી રીતે અનુકૂળ જાણીને જણાવ્યું:

'વનમાં રહીને આવી રીતે કષ્ટ ભોગવવું એનાં કરતાં તો મારી પટ્ટરાણી બનીને સુખી થવાનું વધારે સારું છે. આવા નિર્માલ્ય અર્જુન અને પામર પાંડવોની સાથે રહીને જીવનને બરબાદ કરી દેવા કરતાં મારી

પ્રિયતમા બનીને તારા સૌંદર્યને સફળ કરવું વધારે સારું છે. તેં લગ્ન કર્યું હોય તો તેથી શું થયું? તારી તે ભૂલને તું સુધારી શકે છે. હું તને સંપૂર્ણપણે સુખી કરીશ. મારું અંતર તને મેળવવા માટે આતુર બની ગયું છે ને તારે માટેના મોહથી ઊભરાઈ રહ્યું છે. હું તને મેળવવાનો નિશ્ચય કરી ચૂક્યો છું.'

દ્રૌપદીની કાયા કંપવા લાગી.

એની આંખ રાતી બની ગઈ.

એ બોલી:

'અરે દુષ્ટ, તું તારી અતિથિ તરીકેની મર્યાદાનો ત્યાગ કરી રહ્યો છું. મેં અતિથિ સમજીને સ્વાગત કરવાની તૈયારી બતાવી ત્યારે તું મારી એકલતાનો ગેરલાભ ઉઠાવવા માગે છે. પરંતુ પાંડવો હમણાં જ પાછા આવશે ને તને પોતાના પરાક્રમનો પરચો બતાવી આપશે. પાંડવો પરાક્રમી છે, ધર્મપ્રેમી છે, ધર્માનુસાર જીવન જીવનારા છે, ને યુદ્ધમાં યક્ષો તેમ જ રાક્ષસોનો પણ સામનો કરી શકે તેમ છે. એ તને બરાબર દંડ દેશે.'

જયદ્રથે અટ્ટહાસ્ય કરીને કહ્યું:

'એ અહીં આવી પહોંચે એ પહેલાં જ તારું અપહરણ કરી જઈશ.'

'અપહરણ?'

'હા. અપહરણ. પાંડવોના પરાક્રમનો ભય મને લેશ પણ નથી લાગતો. હું એમને યુદ્ધમાં પહોંચી વળું તેવો છું. તને હજુ મારા સામર્થ્યની ખબર નથી પડી.'

'અરે દુષ્ટ, તું સામર્થ્યનાં બણગાં ફૂંકે છે પરંતુ તારું સામર્થ્ય એક પરસ્ત્રીનું અપહરણ કરવામાં જ રહેલું લાગે છે. અર્જુનના ગાંડીવ અને ભીમની ગદાની શક્તિની તને કલ્પના પણ નહિ આવી શકે. એ મારા અપહરણની વાત જાણીને તારા પ્રાણનું હરણ કરી નાખશે. એ અરણ્યમાંથી આવતા જ હશે. અરે, આજનો દિવસ કેટલો બધો અમંગલ ઊગ્યો છે! પરંતુ હરકત નહિ. એ તને ઘોર દંડ દેવા માટે હમણાં જ આવી પહોંચશે.'

'એ આવશે એ પહેલાં તો તને બળજબરી લઈ જઈશ.'

'બળજબરી? તું મને બળજબરી લઈ જશે?'

'કેમ નહિ? તને બળજબરી લઈ જવી એ તો રમતવાત છે. એમાં એક જાતનો આનંદ રહેલો છે.'

'તારા એ આનંદને હું ધૂળમાં મેળવીશ.'

'તારામાં એવી શક્તિ જ ક્યાં છે?' એવું કહીને જયદ્રથ લાલસાયુક્ત નજરે આગળ વધ્યો.

દ્રૌપદીને પકડવા માટે એણે પ્રયાસ કર્યો ત્યાં જ દ્રૌપદીએ પોતાની સમસ્ત શક્તિ તથા હિંમતને એકઠી કરીને 'નરાધમ, તું મને પકડવાનો પ્રયત્ન કરી રહ્યો છે? તને સહેજ પણ શરમ નથી આવતી?' કહીને એને જોરથી ધક્કો માર્યો.

એ અણધાર્યા ધક્કાથી એ નીચે પડી ગયો.

'દુષ્ટ! તું આટલો બધો દુર્બળ છે તેની મને ખબર નહિ.'

દ્રૌપદીના સાહસથી જયદ્રથ સહેજ શરમાઈ ગયો.

છતાં પણ એ એમ પાછો પડે તેવો ન હતો.

'કમલાક્ષી!' એ બોલી ઊઠ્યો: 'તું બળવાન છે એવું બતાવવા હું હાથે કરીને પડી ગયો. તારા અસાધારણ સૌન્દર્યબળથી તેં મને પહેલેથી જ હરાવી દીધો છે ને તારો કર્યો છે. હવે તને મારું સાચું બળ બતાવી આપું છું.'

એણે દ્રૌપદીના ઉપવસ્ત્રને પકડી લીધું અને એને બળપૂર્વક પકડીને પાસે ઊભેલા પોતાના રથ તરફ લઈ જવા માંડ્યો.

દ્રૌપદીએ એના સંકજામાંથી છૂટવા માટે એનો ભરચક સામનો કરી જોયો પરંતુ એ નિષ્ફળ ગયો.

એના શ્વાસોચ્છવાસ વધી ગયા.

એ જયદ્રથને ફિટકાર આપવા લાગી.

પરંતુ જયદ્રથનું અંતર ના પલટાયું.

એ વખતે દ્રૌપદીએ પાડેલા પોકારો સાંભળીને ધૌમ્ય મુનિ આવી પહોંચ્યા.

એમણે જયદ્રથને ઠપકો આપતાં કહ્યું:

'તારું કર્મ ઘણું જ કુત્સિત છે. ક્ષત્રિયોની પરંપરાગત પ્રાચીન ધર્મમર્યાદા પ્રમાણે દ્રૌપદીનું હરણ કરવાનો તને હક નથી. હજુ પણ સમજી જા અને એને છોડી દે.'

'મેં એને છોડી દેવા માટે નથી પકડી. ધર્માધર્મની મર્યાદાનો વિચાર કરવાનો વખત જ મારી પાસે ક્યાં છે? મને તો એક જ ધર્મની ખબર છે અને તે દ્રૌપદીને માટેના મોહધર્મની.'

'પરંતુ તું પાંડવોના સામર્થ્યનો વિચાર તો કરી જો.'

'એનો વિચાર કરવાની મને ફુરસદ જ ક્યાં છે? એવો વિચાર મારે શા માટે કરવો પડે? પાંડવોમાં સામર્થ્ય હોત તો દુર્યોધન એમને હરાવીને વનમાં શા માટે તગેડી કાઢે? એમનામાં સામર્થ્ય છે ખરું પરંતુ તે ફક્ત બણગાં ફૂંકવા પૂરતું. સાચું સામર્થ્ય હોય તો મારો પડકાર ઝીલીને એ દ્રૌપદીને છોડાવી જાય.'

દ્રૌપદી છંછેડાઈને બોલી:

'દુષ્ટ! તારી બુદ્ધિ નાશ પામી છે એટલે તું પ્રમત્તની પેઠે ફાવે તેમ બક્યા કરે છે, પણ તું જોઈશ કે પ્રતાપી પાંડવો મને થોડા જ સમયમાં છોડાવી જશે ને તને એમના સામર્થ્યનો સ્વાદ ચખાડશે.'

'એ તો જ્યારે થશે ત્યારે ખરું, પરંતુ અત્યારે તો તું મારા હાથમાં સપડાઈ છે ને તને મારી સામ્રાજ્ઞી બનાવવા માટે મારી સાથે લઈ જઉં છું.'

'હું તારી સામ્રાજ્ઞી નથી બની શકું તેમ; કોટિ ઉપાયે પણ નહિ.'

'જોજે ત્યારે. તું વિરોધ કરતી જ રહીશ ને હું તને મારી બનાવી દઈશ.'

'કદાપિ નહિ બનાવી શકે; કદાપિ નહિ.'

જયદ્રથનો રથ આગળ ચાલ્યો એટલે એ બોલ્યો:

'હવે અર્જુનની આશા છોડી દે. એને અને પાંડવોને છેલ્લી સલામ કરી લે. એમણે તને ખૂબ જ દુઃખ આપ્યું છે. લગ્ન પછી તારી પીડાનો પાર નથી રહ્યો. તારું અસાધારણ સુંદર યૌવન વનની વિપત્તિઓની

વચ્ચે વેડફાઈ રહેલું. એમાંથી મેં તારો ઉદ્ધાર કર્યો છે. એને માટે તારે મને અંતરના અંતરતમમાંથી અભિનંદન આપવા જોઈએ ને મારો ઊંડો આભાર માનવો જોઈએ.'

'એ તો પાંડવો—ખાસ કરીને અર્જુન અને ભીમ શસ્ત્રો સાથે આવી પહોંચશે ને તને હરાવી તથા ઘાયલ કરીને ધરતી પર ઢસડશે ત્યારે તારો એકસામટો આભાર માની લેશે. અને આભારની પરિસમાપ્તિરૂપે એ તને યમલોકમાં પણ પહોંચાડી દેશે.'

'એમ કે?' જયદ્રથ વ્યંગમાં કહેવા લાગ્યો: 'હું તો તને એકલી સુંદર જ સમજતો'તો પરંતુ તું તો બોલવામાં ચતુર પણ છે. સારું છે. તારી ચતુરતા મને આનંદ આપશે ને કામ લાગશે. આજે તને મેળવીને હું કૃતાર્થ થયો. આજનો દિવસ મારા જીવનનો સર્વશ્રેષ્ઠ દિવસ થઈને ઊગી નીકળ્યો છે. હું લગ્નની ઈચ્છાથી જ બહાર નીકળેલો ત્યાં જ માર્ગમાં દૈવે મારી ઉપર કૃપા કરીને તારા જેવી સ્વરૂપવતીનો સમાગમ કરાવી દીધો. મારી છતાં મારાથી છૂટી પડેલી વસ્તુ એ રીતે મને પાછી મળી. એને લીધે મારા આનંદનો અત્યારે પાર નથી. મારા આત્માનું અણુએઅણુ આનંદથી રંગાઈ ગયું છે.'

દ્રૌપદીએ કહ્યું:

'આજનો દિન તારા સૌભાગ્યનો નથી પરંતુ દુર્ભાગ્યનો છે. તેં જે કર્યું છે તેના પરિણામની ખબર ના હોવાથી જ તું આવો બકવાદ કરી રહ્યો છે. યજ્ઞના પશુને સારી સામગ્રી મળતાં એ આનંદ પામે છે ને પાસે જ ઊભેલા મૃત્યુને ભૂલી જાય છે તેમ તું પણ થોડોક વખત આનંદ કરી લે. તારા સર્વનાશની છેવટની ક્ષણ સુધીનો આટલો અંતિમ ઉત્સવ—જો એને ઉત્સવ માનતો હોય તો –ઊજવી લે. તારો કાળ હવે વધારે દૂર તો નથી જ.'

દ્રૌપદીના શબ્દો સાર્થક ઠરતા હોય તેમ જયદ્રથને પાછળથી અવાજ સંભળાયો:

'અરે દુષ્ટ જયદ્રથ! તારા દુઃસાહસની ખબર અમને દ્રૌપદીની પરિચારિકા દ્વારા મળી ગઈ છે. દ્રૌપદીનું હરણ કરીને આમ ચોરની પેઠે શા માટે નાસી રહ્યો છે? તારામાં તાકાત હોય તો સામી છાતીએ આવી જા, નહિ તો પછી દ્રૌપદીને છોડી દે.'

પાંડવોના શબ્દ સાંભળીને જયદ્રથની સેના ડરી ગઈ ને નાસભાગ કરવા લાગી.

અર્જુને પોતાની પ્રિયતમા દ્રૌપદી તથા જયદ્રથને એક જ રથમાં બેઠેલાં જોયાં એથી એનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠ્યો.

યુધિષ્ઠિર, ભીમ, સહદેવ અને નકુળ સૌને વ્યથા થઈ.

સૌએ જયદ્રથને લલકાર્યો.

પાંડવોએ બાણોની વર્ષા કરીને સમસ્ત સેનાને મૂંઝવી દીધી.

ભીમે જયદ્રથની સેનાના હાથીને તથા ચૌદ સૈનિકોને ગદાથી મારી નાખ્યા.

અર્જુને પાંચસો મહારથી વીરોનો સંહાર કર્યો.

યુધિષ્ઠિરે સો યોદ્ધાઓનો નાશ કરી નાખ્યો.

અને નકુલ તથા સહદેવે?

એ પણ એવી કટોકટીના વખતે પોતાના બળપ્રયોગમાં પાછા કેવી રીતે પડે?

હાથમાં ચપલા જેવી ચળકતી તલવાર લઈને નકુલે રથમાંથી નીચે કૂદીને જયદ્રથની સેનામાં સંહારનું તાંડવનૃત્ય કરવા માંડ્યું.

એ જોઈને સેના અસ્વસ્થ થઈ કે ગભરાઈ ગઈ.

સહદેવ પોતાના રથને લઈને હાથી પર બેઠેલા યોદ્ધાઓની પાસે જઈ ચઢ્યો અને એમનો નાશ કરવા લાગ્યો.

એ બધા સંઘર્ષ દરમિયાન ત્રિગર્ત દેશના રાજાએ રથમાંથી નીચે ઊતરીને પોતાની ગદાના પ્રહારથી યુધિષ્ઠિરના ચારે ઘોડાઓને મારી નાખ્યા.

એ રાજા ભયંકર રીતે ઘાયલ થઈને કરુણ ચિત્કાર કરતો ત્યાં જ મરણ પામ્યો.

એના મુખમાંથી લોહી નીકળી પડ્યું.

યુધિષ્ઠિર પોતાના સારથિ ઈન્દ્રસેનની સાથે રથમાંથી ઊતરીને સહદેવના સુંદર રથમાં બેસી ગયા.

બીજી બીજુએ ભીમસેનને એકલો જોઈને એની ઉપર જયદ્રથના ખાસ મિત્ર રાજા કોટિકાસ્યે આક્રમણ કર્યું.

ભીમે એના સારથિના મસ્તકને છરો મારીની ધડથી અલગ કરી દીધું. સારથિના મરવાથી એના રથના ઘોડાઓ આમતેમ નાસવા લાગ્યા.

કોટીકાસ્ય એ દેખીને ડરી ગયો ને રથમાંથી ઊતરી પડ્યો.

ભીમે એને પકડીને પ્રાસ નામના શસ્ત્રથી મારી નાખ્યો.

અર્જુન પણ પોતાના પરાક્રમપ્રદર્શનમાં પાછો પડે તેવો ન હતો. એણે પોતાનાં સુતીક્ષ્ણ બાણોની મદદથી સૌવીર દેશના બાર રાજાઓનાં મસ્તક કાપી નાખ્યાં. એ ઉપરાંત જયદ્રથ સાથે શાલ્વ દેશ તરફ જવા નીકળેલા શિબિ અને ઈક્ષ્વાકુ વંશના તેમ જ ત્રિગર્ત અને સિંધુદેશના રાજાઓનો પણ સંહાર કર્યો.

એ જોઈને જયદ્રથના ભયનો પાર ના રહ્યો.

એણે પોતાની રહીસહી સેનાને પાંડવોને ઘેરી લેવાનો તથા મારી નાખવાનો આદેશ આપ્યો.

પોતે કરેલી મહાન, ભયંકર ભૂલને સમજવા છતાં એણે દ્રૌપદીને વશ કરવાનો અંતિમ ઉપાય અજમાવતાં કહ્યું:

'દ્રૌપદી! તું ધારે તો આ રક્તપાતને અત્યારે જ અટકાવી શકે તેમ છે.'

'હું?'

'હા, તું. તારે લીધે જ એનો આરંભ થયો છે, ચાલી રહ્યો છે, ને તારે લીધે જ એ અટકી શકશે.'

'એનો આરંભ મારે લીધે નથી થયો, તારે લીધે થયો છે. તેં મારી સલાહને અનુસરીને મારું અપહરણ ના કર્યું હોત તો પાંડવો ક્રોધે ના ભરાત અને આમાંનું કશું જ ના થાત.'

'તું મારો દોષ નકામો કાઢી રહી છે. ખરો દોષ તો તારો જ છે. હું તને મારી બનાવીને સુખી કરવા ચાહું છું તેમાં કોઈ અપરાધ નથી કરી રહ્યો. તું મારા પ્રેમ તેમ જ મારી લાગણીની કદર કરીને પાંડવોને સાફ શબ્દોમાં સંભળાવી દે કે તું મારી પત્ની બનવા તૈયાર થઈ છે માટે આ યુદ્ધ બંધ કરીને તારો મોહ છોડી એ પાછા જાય.'

દ્રૌપદીનું વદન રાતુચોળ બની ગયું.

એનું અંતર અને અંગેઅંગ સળગવા માંડ્યું.

એણે ઉત્તેજિત અવાજે કહ્યું:

'દુષ્ટ! મૂર્ખ! પાપી! હું પાંડવોને એવું કહું એવી કલ્પના પણ તું કેવી રીતે કરી શકે છે? તારે માથે મોત ભમી રહ્યું છે તેથી જ તું આવા લવારા કર્યા કરે છે. તને હજુ પણ સદ્બુદ્ધિ નથી સૂઝતી. મને છોડી દઈને, પાંડવોની માફી માગીને, હજુ પણ તારા પ્રાણની રક્ષા કરી લે. તારો અપરાધ અક્ષમ્ય હોવા છતાં પાંડવો તને મારા કહેવાથી માફ કરશે.'

જયદ્રથે જણાવ્યું :

'મારે પાંડવો જેવા પામર પુરુષોની માફી શા માટે માગવી પડે? મેં એમનો કશો જ અપરાધ નથી કર્યો. એમના કામચલાઉ વિજયથી તું ઉલ્લાસમાં આવી ગઈ હશે પરંતુ એ ઉલ્લાસ લાંબો નહિ ટકે.'

અને પછી દ્રૌપદીને ડરાવવાના આશયથી એણે ધીમેથી કહ્યું:

'મારી પાસેના અદભુત દેવદુર્લભ શસ્ત્રપ્રયોગની તને કે પાંડવોને ખબર નથી. એ શસ્ત્રપ્રયોગની મદદથી પાંચે પાંડવોનાં મસ્તક એક જ સાથે છેદી શકાય તેમ છે. એમને એવી રીતે મારી નાખીશ પછી તારે મારે શરણે આવ્યા વિના બીજો કોઈ રસ્તો જ નહિ રહે.'

'હું મરી જઈશ તોપણ તારે શરણે નહિ આવું. અને તારી પાસે સાચેસાચ એવો કોઈ શસ્ત્રપ્રયોગ હોત તો એનો ઉપયોગ કેમ નથી કરતો? એવા શસ્ત્રપ્રયોગની વાતથી હું ડરી જાઉં એવી તો નથી જ. તું તારા શસ્ત્રપ્રયોગનાં બણગા ફૂંકે છે તો તેને સાર્થક કરવાનો અવસર હવે આવી પહોંચ્યો છે. મેં તો તારી દ્વારા અત્યાર સુધી એક અપહરણના જ શસ્ત્રનો પ્રયોગ જોયો છે. તેં ચોરીનું કામ બતાવ્યું એ જ તારી બહાદુરી છે.'

જયદ્રથ મનોમન ધૂંધવાયો તો ખરો પણ ચૂપ રહ્યો.

એણે જોયું કે પાંડવો એની સેનાનો સાફ કરીને એના પર આક્રમણ કરવાની તૈયારીમાં છે એટલે એણે દ્રૌપદીને કહ્યું:

'તારું ભાગ્ય જ એવું ફૂટેલું છે. તું હાથે કરીને દુઃખી થઈ છે ને હજુ પણ થઈશ. તારા પાપે એમને વનમાં આવવું પડ્યું છે. તારા નસીબમાં મારા જેવો સોહામણો સદગુણી શૂરવીર સ્વામી ક્યાંથી હોય? માટે જ તું મને છોડી દેવાની હઠ પકડીને બેઠી છે. તારા જેવી સુંદરીઓ તો સંસારમાં હજારો છે. એમનામાંથી જેની ઉપર ભાગ્યદેવતાની કૃપા હશે તે મારી પત્ની બની શકશે. એને દેખીને તને ઈર્ષા થશે પરંતુ પછી બહુ મોડું થઈ ગયું હશે. હજુ તારે મારી પ્રિયતમા થવા તૈયાર થવું હોય તો વિચાર કરવાનો છેલ્લો અવસર આપું છું.'

દ્રૌપદી દૃઢતાપૂર્વક બોલી ઊઠી:

'હું તારી પ્રિયતમા કદાપિ નહિ બની શકું.'

'તો પછી ભલે દુઃખી થા. હું જ તારો ત્યાગ કરું છું.'

જયદ્રથે વખત વરતીને દ્રૌપદીને રથમાંથી નીચે ઉતારી દીધી ને પોતાનો પ્રાણ બચાવવા રથને વનમાં દોડાવવાની આજ્ઞા કરી.

સારથિએ એની આજ્ઞાનો અમલ કર્યો.

રથના ઘોડાઓ પણ એને દૂર ને દૂર લઈ જવા ઉત્સુક હોય તેમ વેગથી દોડવા લાગ્યા.

પાંડવો દ્રૌપદીને જયદ્રથના હાથમાંથી મુક્ત થયેલી જોઈને પ્રસન્ન થયા.

સહદેવ, નકુલ, યુધિષ્ઠિર અને ધૌમ્ય મુનિ એને રથમાં બેસાડીને પાછા વળ્યા.

ભીમે જણાવ્યું:

'જયદ્રથે આપણી વીરતા જોઈને ગભરાઈને દ્રૌપદીને છોડી દીધી તે સારું થયું તોપણ એને સહીસલામત રીતે નાસી જવા તો નહિ જ દઈએ. હું અર્જુન સાથે એનો પીછો પકડીને એને એના અપરાધનો બદલો આપું છું. જેથી એ તો યાદ રાખે જ પરંતુ બીજાને પણ બોધપાઠ મળે.'

'પણ એનો વધ ના કરતો. વધ કરવાને બદલે એને પકડી લાવશે તો પૂરતું છે. ' યુધિષ્ઠિર બોલ્યા.

'મને તો થાય છે કે એ હાથમાં આવે તો એને જીવતો ને જીવતો જ સળગાવી દઉં.'

'ના. ક્રોધમાં ને ક્રોધમાં એવું ના કરતો.'

'તો શું એની ઉપર દયા કરું?'

'દયા નહિ પણ એવો દુર્વ્યવહાર પણ નહિ. એને મારી ના નાખતો. એને અપમાનિત કરીશું એટલે એ પછીનું જીવન એને માટે મરણથી પણ વધારે ક્લેશકારક થઈ પડશે.'

ભીમ ચૂપ રહ્યો.

અર્જુન પણ કાંઈ ના બોલ્યો.

દ્રૌપદીની મુક્તિથી સંતોષ પામીને જયદ્રથને દંડ કરવાના ઉદ્દેશથી એ ભીમની સાથે એનો પીછો કરવા તૈયાર થયો.

પ્રત્યેક પળ મૂલ્યવાન હોવાથી વખતને ખોવાનું હવે પાલવે તેમ ન હતું.

* * *

૯. જયદ્રથની મુક્તિ

ભીમ અને અર્જુન અતિશય ઉત્સાહ તેમ જ ક્રોધપૂર્વક જયદ્રથની પાછળ પડ્યા ત્યારે જયદ્રથનો રથ અરણ્યમાં આશરે એકાદ ગાઉ દૂર નીકળી ગયેલો.

ભીમ અને અર્જુને પરિસ્થિતિને પામી જઈને જયદ્રથ પોતાના હાથમાંથી છટકી ના જાય એટલા માટે ઘોડાની લગામ પોતાના હાથમાં લીધી ને ઘોડાઓને દોડાવી મૂક્યા.

ભીમે કહ્યું:

'અર્જુન! જયદ્રથ કોઈ હિસાબે નાસી ના જાય તે જોવાનું છે. તારી ધનુર્વિદ્યાને આજે પડકાર ફેંકવામાં આવ્યો છે. એ આગળ ને આગળ નાસતો જાય ને તારું ધનુષ્ય તારા હાથમાં જ રહી જાય એ શું શોભાસ્પદ છે? એને તારી વિદ્યાનો પરચો બતાવી દે.'

'એ પરચો એને હમણાં જ બતાવી આપું છું. એના નાસી જવાના સાધનનો જ નાશ કરું છું.'

એમ કહીને અર્જુને એકાદ ગાઉ દૂરથી જ બાણ છોડયું.

એના વાગવાથી અને એવાં ઉપરાઉપરી બીજાં બાણ વાગવાથી જયદ્રથના વાયુવેગે દોડતા રથના ચારે ઘોડા નાશ પામ્યાં.

એ જોઈને એની ચિંતા વધી થઈ.

એના વિસ્મય, દુઃખ તેમ જ શોકનો પાર ના રહ્યો.

એકાએક આવી આપત્તિ આવી પડશે અને માર્ગમાં અંતરાય ઊભો થશે એની એને કલ્પના જ ન હોવાથી થોડાક સમય સુધી તો એ ગભરાઈ ગયો ને શૂન્યમનસ્કની જેમ ઊભો રહ્યો.

પરંતુ બીજી જ ક્ષણે સમજાયું કે એવી રીતે નિષ્ક્રિય બનીને ઊભા રહેવાનું સહેજ પણ સલામતીભર્યું નથી.

પરિસ્થતિની ગંભીરતાનો ખ્યાલ કરીને સારથિને જરૂરી સૂચનાઓ આપીને એ પોતાનો જીવ બચાવવા માટે રથમાંથી કૂદી પડીને નાસવા લાગ્યો.

પરંતુ એને નાસતો જોઈને કાળની પેઠે એનો પીછો કરનારા ભીમ અને અર્જુને અટ્ટહાસ્ય કરી એને લલકારતા કહ્યું:

'અરે, આ જ તારું પરાક્રમ? હું તો તને ખૂબ જ પરાક્રમી માનતો'તો. તું યુદ્ધભૂમિમાંથી તો નાસી ગયો પરંતુ હવે જીવ બચાવવા માટે કાયરની પેઠે મૂઠીઓ વાળીને પગપાળા નાસી રહ્યો છે તે જોઈને ખરેખર આશ્ચર્ય થાય છે ને તારી દયા આવે છે.'

'તું નાસી નાસીને બીજે ક્યાં જવાનો છે? આટલો બધો બીકણ હતો તો પછી દ્રૌપદીનું અપહરણ કરીને ચોરની પેઠે શા માટે આવેલો? હવે તો દોડવાને બદલે ઊભો રહે ને તારા દુષ્કર્મનો દંડ ભોગવવા તૈયાર થા. તારે માટે એ જ માર્ગ બાકી રહે છે.'

ભીમ અને અર્જુનને છેક જ પાસે આવી પહોંચેલા જોઈને જયદ્રથ ખૂબ જ ડરી ગયો. તોપણ ઊભો રહેવાને બદલે સમગ્ર શક્તિ તેમ જ હિંમત એકઠી કરીને દોડવા લાગ્યો.

દોડતાં દોડતાં ગભરામણને લીધે એનો મુકુટ નીચે પડી ગયો અને એનાં વસ્ત્રો અસ્તવ્યસ્ત બની ગયાં.

એને થયું કે હવે મારાથી નહિ જ બચી શકાય.

એની છાતી જોરથી ધડકવા લાગી.

એ જ વખતે જેમ શકરો બાજ હોલા ઉપર તરાપ મારે તેમ, ભીમે પણ રથમાંથી નીચે ઊતરીને એની પાછળ દોડવા માંડ્યું અને જોતજોતામાં તો એને પકડી લીધો.

એ જોઈને એનું આખુંય શરીર કંપી ઊઠ્યું ને શૂન્ય જેવું બની રહ્યું.

ભીમ બોલ્યો:

'તું દોડી દોડી ને કેટલેક દૂર જવાનો હતો? તારી શક્તિ જ કેટલી છે? મૂર્ખ, દુષ્ટ, પાપી! તારી અંદર શક્તિનો તો છાંટોય નથી છતાં તું દ્રૌપદીનું અપહરણ કરીને નાસવાનું સાહસ કરી બેઠો? લે, તને એ સાહસનો સ્વાદ ચખાડું.'

ભીમે એને ઉપાડીને જમીન પર ફેંકી દીધો અને મુક્કા પર મુક્કા મારીને ખોખરો કર્યો.

એણે ઊભા થવાની કોશિશ કરી તો એના મસ્તક પર લાત મારી.

એ પછી એની છાતી પર ચઢી બેસીને એ એને મારવા માંડ્યો.

જયદ્રથ રોવા તથા પોકાર પાડવા લાગ્યો.

એટલામાં અર્જુન પણ આવી પહોંચ્યો.

આવતાવેંત જ એ જયદ્રથ પર તૂટી પડ્યો ને બોલ્યો:

'દ્રૌપદીનું અપહરણ કરીને ચોરની પેઠે નાસી જતાં પહેલાં વિચાર નહોતો આવ્યો કે તારા હાથપગને ખોખરા કરનારા પાછળથી આવીને તને પકડી લેશે? તેં સિંહની બોડમાં હાથ નાખ્યો છે. હવે જીવતો નહિ જઈ શકે.'

જયદ્રથને પોતાની ભયંકર ભૂલ સમજાઈ ગઈ.

એણે ભીમે અને અર્જુનની માફી માગી એટલે ભીમે કહ્યું:

'માફી ફક્ત અમારી નથી માગવાની પણ દ્રૌપદીની માગવાની છે. તેં એની સાથે જે ભયંકર દુર્વ્યવહાર કર્યો છે તેને દ્રૌપદી વિના બીજું કોઈયે માફ ના કરી શકે.'

'સાચું છે.' અર્જુને એમાં સૂર પુરાવ્યો: 'તને અમે દ્રૌપદી પાસે હાલહવાલ કરીને લઈ જઈશું ત્યારે જ અમને શાંતિ વળશે અને એના સંતપ્ત આત્માને પણ શાંતિ થશે. તેં કરેલ કુકર્મના ફળને એ જુએ તે ખૂબ જ જરૂરી છે. ભીમ! યુધિષ્ઠિરના આદેશને અનુસરીને આનો વધ ના કરતો. એને આપણી સાથે લઈ જઈએ એ જ બરાબર છે.'

'અર્જુન!' ભીમ બોલ્યો: 'મારા હાથ તો જયદ્રથનો વધ કરવા માટે આતુર બની રહ્યા છે. જયદ્રથને નિમીષમાત્રમાં જ યમસદનમાં પહોંચાડી શકું તેમ છું. એનો વધ કરવાથી મને શાંતિ થશે.'

'છતાં પણ થોડીક ધીરજ રાખ.'

'હજુ પણ ધીરજ રાખું? હાથમાં આવેલો અવસર આમ ખોઈ નાખવો છે?'

'ખોઈ નાખવાની વાત જ ક્યાં છે? હાલ જયદ્રથનો વધ નથી કરવો એટલું જ.'

'દ્રૌપદીને એણે જે કષ્ટ આપ્યું છે તે જોતાં તો એને એક ક્ષણને માટે પણ જીવતો નથી રાખવા જેવો. યુધિષ્ઠિરની નીતિ મને ખૂબ જ ઢીલી લાગે છે અને તું પણ એ નીતિમાં સહકાર કરે છે એ જોઈને મને નવાઈ લાગે છે.'

'હું જયદ્રથને છોડી દેવાની વાત નથી કરતો. એને ઘાયલ અને અપમાનિત દશામાં દ્રૌપદી પાસે લઈ જવાની ને માફી મંગાવવાની વાત કરું છું.'

ભીમે અર્ધ ચંદ્રાકાર બાણની મદદથી જયદ્રથના મસ્તકને મૂંડી નાખ્યું.

એના કાળાભમ્મર કેશની કેવળ પાંચ લટો કાયમ રાખીને કહ્યું:

'દુષ્ટ! તારે જીવતા રહેવું હોય તો એક જ શરતે જીવતો રહી શકશે. રાજાઓની સભામાં તારે તારી ઓળખાણ દાસ તરીકે આપવી પડશે. જો એ શરત માન્ય ના હોય તો મરવા માટે તૈયાર થા.'

જયદ્રથે એ શરતને મંજૂર રાખી.

એ સિવાય પોતાની સલામતીનો બીજો કોઈ ઉપાય જ એને ના દેખાયો.

એ પછી ભીમે અર્જુનની મદદથી એને બાંધીને પોતાના રથમાં નાખી દીધો.

રથ ચાલવા લાગ્યો એટલે ભીમે એના પર ફરી પાછો પ્રહાર કર્યો.

એથી થોડાક વખત સુધી એ અચેત જેવો બની ગયો.

જ્યારે હોશમાં આવ્યો ત્યારે એને પોતાની જાત પર ભારે તિરસ્કાર પેદા થયો.

ભીમ અને અર્જુનને હાથે થયેલી દુર્દશાથી એને દુઃખ થયું.

દ્રૌપદી આ દશામાં પોતાને જોશે તો એને કેવું લાગશે?

આવા જીવન કરતાં તો મરણ વધારે સારું હતું.

પોતાને જીવતો રાખીને તો ભીમ અને અર્જુને પોતાની વધારે દુર્દશા કરી છે.

આ દુર્દશા તો કદી પણ, કોઈયે સંજોગોમાં, નહિ ભૂલી શકાય.

આના કરતા તો દ્રૌપદી પાસે ના જ ગયો હોત, એને જોઈને ના મોહાયો હોત, અને એનું અપહરણ ના કર્યું હોત તો સારું થાત.

પરંતુ હવે શું? હવે તો વખત વહી ગયો.

એ સ્વરૂપવતીનું આકર્ષણ જ એટલું બધું અદભુત અને અનેરું હતું કે એની પાસે પહોંચ્યા વિના, એની ઉપર મોહિત થયા વિના, ને એનો વિરોધ થતાં એનું અપહરણ કર્યા વિના રહી જ ના શકાયું.

મારે આ બધું ભોગવવાનું હશે એટલે જ મારી બુદ્ધિ એવી થઈ.

અને હજુ પણ એ બુદ્ધિમાં ફેર ક્યાં પડ્યો છે?

હજુ પણ, આવા વિષમ વાતાવરણમાં પણ, એ સૌન્દર્યવતીનું આકર્ષણ એવું જ અકબંધ રહ્યું છે.

જેને મળવાની જરા પણ આશા નથી એને મૂકીને મન ક્યાંય જવા નથી માગતું અને એના તરફ રાગ રાખે છે એ શું ઓછું આશ્ચર્યકારક છે?

જયદ્રથ એવા વિચારો અને ભાવોમાં લીન હતો એટલામાં તો રથ પાંડવોના આશ્રયસ્થાન આગળ આવી પહોંચ્યો.

યુધિષ્ઠિર, સહદેવ તથા નકુળ બહાર નીકળ્યા.

એમની પાછળ દ્રૌપદી પણ બહાર નીકળી.

સફેદ સ્વચ્છ વસ્ત્રોને લીધે એ અતિશય આકર્ષક દેખાતી.

એની કમરની નીચે સુધી પહોંચતા કેશ એ આકર્ષકતામાં અભિવૃદ્ધિ કરતાં.

એને જોઈને જયદ્રથે પોતાના મુખને નીચે કરી દીધું. એને થયું કે મારું ચાલે તો અત્યારે ને અત્યારે જ મરી જાઉં અથવા ધરતીમાં સમાઈ જાઉં!

પરંતુ પોતે પરાધીન છે એની એને ખબર હતી. એ પરવશતા એને સાલવા લાગી.

આશ્રમના આંગણમાં રથને રોકીને ભીમ જયદ્રથને પકડીને નીચે ઊતર્યો.

અર્જુને પણ એનું અનુસરણ કર્યું એટલે એણે જણાવ્યું:

'આ દુષ્ટે નાસી જવાનો બનતો બધો જ પ્રયાસ કરી જોયો પણ એ પ્રયાસમાં એ ફાવ્યો નહિ. અમે એને આખરે પકડી પાડ્યો. મેં તો એનો વધ કરવાનો જ વિચાર કરેલો પરંતુ અર્જુન વચ્ચે પડ્યો. એણે તમારા આદેશનું સ્મરણ કરાવ્યું. એટલે તમારી આમન્યા ખાતર જયદ્રથને જીવતો રાખીને તમારી આગળ હાજર કર્યો છે. એથી તમને ને દ્રૌપદીને સંતોષ થશે. એણે દ્રૌપદીનું અપમાન કરવામાં બાકી નથી રાખ્યું. એના બદલારૂપે એના શરીરના ટુકડા કરી નાખું તોપણ એ દંડ ઓછો પડે. છતાં પણ મેં મારા ક્રોધને કાબૂમાં રાખ્યો છે. તમે તથા દ્રૌપદી એને જોઈ લો પછી તમે કહેશો તેમ કરીશું.'

ભીમ તથા અર્જુને જયદ્રથના પ્રસંગને વિસ્તારથી કહી બતાવ્યો.

ભીમે પૂછ્યું:

'હવે તમારી શી આજ્ઞા છે?'

'જયદ્રથને છોડી દેવાની.' યુધિષ્ઠિરે જણાવ્યું.

'છોડી દેવાની?'

'હા. એણે પૂરતો દંડ ભોગવી લીધો છે. એ દંડ એને હંમેશા યાદ રહેશે. હવે એને છોડી દે.'

'પરંતુ એ તો આપણો દાસ બની ચૂક્યો છે. વળી એણે એના ભયંકર દુષ્કર્મને માટે દ્રૌપદીની માફી માગવાની છે. પછી જ, જો દ્રૌપદી કહે તો જ, એને છોડવાનો વિચાર કરી શકાય. એ બાબત દ્રૌપદીને પણ પૂછવું પડશે.'

દ્રૌપદી અત્યાર સુધી શાંત હતી પણ હવે એણે એકાએક પૂછ્યું:

'જયદ્રથ! તને તારા કુકર્મને માટે પશ્ચાતાપ થાય છે ખરો?'

જયદ્રથને થઈ આવ્યું તો ખરું કે હું કહી દઉં કે તારી આગળ મારો પ્રેમ પ્રકટ કરીને તારું અપહરણ કરીને મેં કોઈ સાધારણ કે અસાધારણ કુકર્મ કર્યું છે એવું મને જરા પણ નથી લાગતું. પછી એનો પશ્ચાતાપ કરવાનો પ્રશ્ન જ ક્યાં રહે છે, પરંતુ સંજોગો જોઈને એણે પોતાની એ લાગણીને શાંત કરી દીધી ને ઉપર ઉપરથી કૃત્રિમ રીતે કહ્યું:

'હા. મને એને માટે પશ્ચાતાપ થાય છે. મેં એક અવિચારી અને ઉતાવળિયું કામ કરી નાખ્યું. એનો મને અફસોસ છે.'

'તો પછી એટલું પૂરતું છે. એણે દાસત્વ સ્વીકાર્યું છે અને એના મસ્તકનું મૂંડન કરવામાં આવ્યું છે એટલે એને છોડી દેવામાં હરકત નથી.'

યુધિષ્ઠિરે જણાવ્યું:

'જયદ્રથે પશ્ચાતાપ પ્રકટ કર્યો છે એટલે દ્રૌપદીની ઈચ્છા પ્રમાણે એને બંધનમુક્ત કરીને છોડી દઈએ જ પરંતુ દાસત્વમાંથી પણ મુક્ત કરીએ.'

'એને દાસત્વમાંથી પણ મુક્ત કરવો છે?' ભીમે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'હા, ભીમ! એને દાસત્વમાંથી પણ મુક્ત કરી દઈએ અને જ્યાં જવું હોય ત્યાં જવા દઈએ.'

'મને તો લાગે છે કે આ દયા વધારે પડતી છે.'

'વધારે પડતી નથી, બરાબર જ છે.'

'તમને બરાબર લાગતી હશે પરંતુ મને નથી લાગતી.'

'લાગશે, પાછળથી લાગશે.'

'કદી પણ નહિ લાગે.'

'છતાં પણ અત્યારે તો યુધિષ્ઠિર કહે છે તેમ જ કરીએ એ વધારે સારું છે.' અર્જુને કહ્યું.

ભીમે અર્જુન, યુધિષ્ઠિર અને દ્રૌપદી તરફ કાંઈક અણગમા ભરેલી આંખે જોયું.

એ પછી અર્જુનની મદદથી એણે જયદ્રથને બંધનમુક્ત કર્યો.

જયદ્રથને જાણે કે નવું જીવન મળ્યું. એણે કહ્યું:

'તમારા સૌના અનુગ્રહને હું કદી નહિ ભૂલી શકું. એ અનુગ્રહને માટે જેટલો આભાર માનું એટલો ઓછો છે.'

દ્રૌપદી બોલી:

'જયદ્રથ! તેં ક્ષત્રિયોની પરંપરાગત ઉત્તમ મર્યાદાનો ત્યાગ કરીને મારી ઉપર કુદૃષ્ટિ કરી, મને ના કહેવા યોગ્ય વચન કહ્યાં, ને મારું અપહરણ કર્યું, તો તેનો બદલો તને આજે ને આજે જ મળી ગયો. ભીમ તો તારો વધ જ કરી નાખત પરંતુ તેં ક્ષમા માગવાથી તને જીવનદાન મળ્યું છે. હવે તારા રહ્યાસહ્યા સૈનિકો તથા સેવકો સાથે અહીંથી જ્યાં જવું હોય ત્યાં વિદાય થા. પરસ્ત્રી તરફ પાપ ભરેલી નજરે જોવાની આવી ભૂલ ભવિષ્યમાં કદાપિ ના કરતો. નહિ તો કોઈકવાર જીવનું જોખમ કરી બેસીશ. મહારાજ યુધિષ્ઠિર જેવા ઉદાર દિલના દયાળુ પુરુષો દુનિયામાં જ્યાંત્યાં નથી મળતા.'

'હવે ફરીવાર આવી ભૂલ કરીશ તો ત્યાં ને ત્યાં જ મારી નાખીશ.' ભીમ બોલ્યો.

'હવે તો મરવું હોય તો જ એવું કરવાનો સંકલ્પ કરજે.' અર્જુન કહ્યું.

જયદ્રથ એ બધા કડવા ઘૂંટડા ગળી ગયો.

એના મનમાં વ્યથા તો ઘણી થઈ પણ એ શું કરે? બીજો કોઈ રસ્તો જ ક્યાં હતો?

પોતાના સૈનિકો અને પરિચારકો સાથે એ ઉદાસ વદને ત્યાં જ ચાલી નીકળ્યો.

બહાર નીકળ્યા પછી એનું અંતર ભરાઈ આવ્યું.

એની આંખમાંથી આંસુ ટપકી પડ્યાં.

એનો વેરભાવ પ્રબળ બન્યો અને એણે પાંડવોએ કરેલા વ્યવહારનો બદલો લેવાનો નિશ્ચય કર્યો.

પાંડવોને કોઈ રીતે પરાસ્ત કરી શકાય તો દ્રૌપદીની દશા ભારે કફોડી બની જાય. પછી એને માટે પોતાને શરણે આવ્યા સિવાય છૂટકો જ ના રહે.

અને ધારો કે એ દશામાં પણ એ શરણે ના આવે તો એનું અપહરણ કરી જવાય, અને એને બળજબરી પોતાની બનાવાય.

એમ થાય તો કેટલો બધો આનંદ થાય?

જયદ્રથનું અંતર આનંદી ઊઠ્યું.

દ્રૌપદીને મેળવવાની વાત કેવળ કાલ્પનિક હતી તોપણ એથી એને નવું ચેતન મળ્યું. એની અંદર નવી આશાનો સંચાર થયો.

કલ્પનામાં પણ એક પ્રકારનો આનંદ તો છે જ.

* * *

૧૦. સંવેદન

જયદ્રથના મનમાં કલ્પનાના તરંગો એક પછી એક પેદા થવા તથા ફૂટવા લાગ્યા.

એ તરંગોમા તણાતાં તણાતાં એણે એક સંકલ્પ કરી લીધો. ભયંકર સંકલ્પ:

અમે તેમ થાય પણ પાંડવોનો નાશ કરીને દ્રૌપદીને મારી કરું!

એ સંકલ્પની પૂર્તિને માટે સિંધુ દેશની પોતાની રાજધાની જવાનું માંડી વાળ્યું અને રથને સીધો હરદ્વારની દિશામાં ચલાવવાનો આદેશ આપ્યો.

પાંડવો તરફથી પોતાના ભયંકર દુષ્કર્મને માટે એને જે દંડ મળેલો તે દંડની વેદના એના અંતરને વલોવી રહેલી.

એને લીધે એનું અંગેઅંગ અસ્વસ્થ બનેલું અને ચિત્ત ચકડોળે ચઢેલું.

એના મનમાં વાંરવાર વિચારો ઘોળાવા માંડ્યા:

'પાંડવો ભલેને એમ માનતા હોય કે એમણે મને દંડ કર્યો ને દ્રૌપદીને મારી પાસેથી છૂટી કરી એટલે આખુંયે પ્રકરણ પૂરું થયું પરંતુ અવસર આવ્યે એમની એ ભ્રમણા દૂર થશે. એમને ખબર પડશે કે એ પ્રકરણ હજુ પૂરું નથી થયું.'

જયદ્રથે હરદ્વારના પુરાણપ્રસિદ્ધ પવિત્ર પ્રદેશમાં પ્રવેશ કર્યો.

હરદ્વારના ગંગાતટવર્તી પાવન પ્રદેશનું વાતાવરણ એને અત્યંત આનંદદાયક લાગ્યું.

ચારે તરફ વિસ્તરેલા એકાંત અરણ્યે એના આત્માને રસ પૂરો પાડ્યો.

છતાં પણ એને શાંતિ તો ના જ મળી.

એના અંતરમાં પ્રકટેલી બદલો લેવાની ભાવના દિનપ્રતિદિન વધારે ને વધારે પ્રબળ બનવા લાગી.

એ ભાવનાથી પ્રેરાઈને તો એ હરદ્વારના સુંદર, તપઃપૂત, ઋષુમુનિસેવિત સ્થાનમાં આવેલો.

ત્યાં રહીને શ્રદ્ધાભક્તિથી સમન્વિત થઈને એણે ભગવાન શંકરના અનુગ્રહની આકાંક્ષાથી પ્રેરાઈને તપશ્ચર્યા કરી.

એના ફળરૂપે ભગવાન શંકરનો સાક્ષાત્કાર થયો ત્યારે એની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

શંકરના અલૌકિક સ્વરૂપને નિહાળીને એ એમના ચરણમાં પડ્યો એટલે શંકરે કહ્યું:

'જયદ્રથ! તારી તપશ્ચર્યાથી હું પ્રસન્ન થયો છું. તારી આકાંક્ષાનુસાર હું તારી આગળ પ્રકટ થયો છું. તું કોઈ વરદાન માગી લે.'

જયદ્રથને ખૂબ જ સંતોષ થયો. એને થયું કે મારી મહેનત ફળી ખરી. એણે લેશ પણ વિલંબ વિના છતાં ચતુરતાપૂર્વક જણાવ્યું:

'હું જે પણ વરદાન માગું તે તમે આપશો ખરા?'

'જે પણ વરદાન એટલે?'

'મારી મરજી મુજબનું વરદાન.'

'એ તો સમજ્યો. પરંતુ જે વરદાન તારા હિતનું હશે તે જ આપી શકીશ.'

'હું મારા હિતનું જ વરદાન માગવા તૈયાર થયો છું.'

'માણસને કેટલીકવાર પોતાના હિતની સાચી માહિતી નથી હોતી. એટલે તો એ અનેકવાર પોતાના અહિતને હિત અને હિતને અહિત સમજે છે.

'બીજાને માટે એ હકીકત લાગુ પડતી હશે પરંતુ મારે માટે નથી લાગુ પડતી. મને મારા હિત તથા અહિતના ભેદની બરાબર ખબર છે.'

'પરંતુ તારું વરદાન બીજાનું અહિત કરનારું ના હોય એનું ધ્યાન રાખજે.'

'એમાં બીજાના હિતાહિતનો કોઈ પ્રશ્ન જ નથી. તમે અંતર્યામી હોવાથી મારી પરિસ્થિતિ તથા મનોદશાને બરાબર જાણો છો. મારી ઉપર પ્રસન્ન હો તો વરદાન દો કે હું યુદ્ધમાં રથ સહિત પાંચે પાંડવોને જીતી લઉં.'

શંકર જરા વિચારમાં પડ્યા ને બોલ્યા:

'એવું વરદાન મારાથી નહિ આપી શકાય.'

'કારણ?'

'કારણ એ જ કે પાંડવોને યુદ્ધમાં કોઈપણ નથી જીતી શકે તેમ. એ લગભગ અજેય છે. હા, ફક્ત એક દિવસ તું અર્જુન સિવાયના બીજા પાંડવોને યુદ્ધમાં પાછા હઠાવી શકીશ.'

'અને અર્જુનને?'

'અર્જુનને મારવાનું, હરાવવાનું કે પાછા હઠાવવાનું તારે માટે સ્વપ્ને પણ શક્ય નથી. એ કોઈ સામાન્ય મનુષ્ય નથી, મહાપુરુષ છે. દેવોના સ્વામી નરનો અવતાર છે. એણે પૂર્વકાળમાં ભગવાન નારાયણ સાથે તપ કરેલું. એને મનુષ્યો તો શું દેવતાઓ પણ નથી જીતી શકે તેમ. તને કદાચ ખબર નહિ હોય પરંતુ મેં એની ઉપર પ્રસન્ન થઈને એને મારા પ્રિય અસ્ત્ર પાશુપતાસ્ત્રનું દાન કર્યું છે. એ ઉપરાંત ઈન્દ્ર અને બીજા લોકપાલોએ એને બીજાં અસાધારણ શક્તિવાળાં અસ્ત્રશસ્ત્રો પ્રદાન કર્યાં છે. ભગવાન નારાયણ પૃથ્વી પર પૃથ્વીના પરિત્રાણ માટે કૃષ્ણ રૂપે પ્રકટ થઈને અર્જુનની રક્ષા કરે છે. એમનો અને અર્જુનનો સંબંધ ખૂબ જ સ્નેહમય તથા ગાઢ છે. એવા અર્જુનને કોઈપણ નથી હરાવી શકે તેમ.'

જયદ્રથ વિચારમાં પડ્યો ને બોલ્યો:

'તો પછી ભીમને? એને પણ નહિ હરાવી શકાય?'

'ના. તું એ પાંચે ભાઈઓમાંથી કોઈને પણ નહિ હરાવી શકે. એમને હરાવવાના સંકલ્પનો પરિત્યાગ કર એ જ સારું છે. મારું માનવા તૈયાર હોય તો એમની સાથે મિત્રતા કરી લે. તારે માટે એ જ હિતાવહ છે.'

'મિત્રતા કેવી રીતે કરું? એમણે—ખાસ કરીને ભીમ અને અર્જુને મારી સાથે યુદ્ધે ચઢી, મને હરાવી, બાંધીને હેરાન કરવામાં બાકી નથી રાખ્યું. એમની પ્રત્યે પ્રેમભાવ થઈ શકે જ કેવી રીતે? એમના એ ભયંકર દુર્વ્યવહારને યાદ રાખીને જ, મને યોગ્ય બદલો આપવા હું તમને પ્રસન્ન કરવાની તપશ્ચર્યામાં પ્રવૃત્ત થયો છું.'

'એ બધું બરાબર છે પરંતુ તારે જે કષ્ટ ભોગવવું પડ્યું છે તેનું કારણ તું જ છે. તેનો દોષ પાંડવોનો નથી, તારો જ છે. તેં દ્રૌપદી પ્રત્યે કુદૃષ્ટિ કરીને એનું અપહરણ ના કર્યું હોત તો તારે જે પરિસ્થિતિમાંથી પસાર થવું પડ્યું તે પરિસ્થિતિ પેદા જ ના થાત.'

'પરંતુ દ્રૌપદીને નિહાળતાંવેંત મને એના પર પ્રેમ થયો એમાં હું શું કરું?'

'એને પ્રેમ ના કહેવાય, મોહ કહેવાય.'

'ભલેને ગમે તે કહેવાય, પરંતુ મારું મન આજે પણ એની અસાધારણ સૌન્દર્યમયી આકૃતિની આજુબાજુ ભમ્યા કરે છે. એને મેળવવાની ને મારી કરવાની મને લગની લાગી છે.'

'એ લગની અકલ્યાણકારક અને ખોટી છે.'

'મારું મન એવું નથી માનતું.'

'એથી શું થયું? સત્ય કાંઈ કોઈ એને સ્વીકારે નહિ એટલે સત્ય મટી જાય છે? તારું મન એટલું વિષયાંધ અને જડ છે. એને સુધારવું જોઈએ.'

'એને નહિ સુધારી શકું.'

'તો પછી એ તારી ચિંતા, અશાંતિ અને તારા સર્વનાશનું કારણ થઈ પડશે.'

જયદ્રથ ભગવાન શંકરના ચરણકમળને બે હાથે વીંટી વળ્યો અને એમને આંસુથી ભીંજવતાં બોલ્યો:

'પ્રભુ! તમારી કૃપાથી મારા જીવનમાં એવો સર્વનાશનો વખત નહિ આવે એની મને શ્રદ્ધા છે. તમારી કૃપા મને બધી જાતનાં અનિષ્ટોમાંથી ઉગારી લેશે. તમે પાંડવોને મારવાનું કે હરાવવાનું વરદાન ના આપી શકતા હો તો હરકત નહિ, એના બદલામાં મને દ્રૌપદીની પ્રાપ્તિનું વરદાન આપશો તોપણ સંતોષ માનીશ.'

શંકરે કહ્યું:

'દ્રૌપદીની પ્રાપ્તિનું વરદાન તને કેવી રીતે આપી શકું? તું નથી જાણતો કે દ્રૌપદી પરસ્ત્રી છે અને પરસ્ત્રીને માતા બરાબર માનવામાં જ કલ્યાણ છે.'

'દ્રૌપદી પરસ્ત્રી હોવા છતાં તમે જો વિશેષ કૃપા કરો તો મને મળી શકે.'

'એવી અનુચિત કૃપા મારાથી કરાય જ કેવી રીતે?'

'મારા અંતરને શાંતિ આપવા માટે તમે એવી કૃપા જરૂર કરી શકો.'

'કદાપિ નહિ. એવી કૃપાનો વિચાર પણ મારાથી ના કરી શકાય. તારું કલ્યાણ કરવાની કામના હોય તો દ્રૌપદીને માટેના દુર્ભાવને દફનાવી દે. એ સિવાય તને શાંતિ નહિ મળી શકે, અને તારા વિનાશનો માર્ગ વધારે વિશદ બનશે.'

જયદ્રથ જરાક ગંભીર બની ગયો ને ચિંતામાં પડ્યો.

'ત્યારે મારી બંનેમાંથી એક પણ ઈચ્છા પૂરી નહિ થઈ શકે?' એણે પૂછ્યું.

'ના. તારી કોઈયે ઈચ્છા પૂરી નહિ થાય.'

'તો પછી તપશ્ચર્યાનું ફળ? એ ફળ કશું જ નહિ?'

'તપશ્ચર્યાનું ફળ તો મળી ગયું ને તે મારું દેવદુર્લભ દર્શન. બાકી વરદાન કાંઈ ફાવે તેવાં આપી શકાય? એવાં અયોગ્ય વરદાનો આપવા માટે હું નથી બંધાયેલો.'

એટલું કહીને ભગવાન શંકર અદૃશ્ય થઈ ગયાં.

જયદ્રથ ચિંતાતુર વદને ઊભો રહ્યો.

*

એ અરસામાં કુંતીનો વખત એક પ્રકારની ઊંડી વેદનામાં વીત્યા કરતો.

વિદુર તથા કૃષ્ણ દ્વારા પાંડવોની કુશળતાના સમાચાર સાંભળીને એને આનંદ થતો પરંતુ એ આનંદ જેમતેમ અસ્થાયી ઠરતો.

હસ્તિનાપુરમાં એના દિવસો જેમતેમ કરીને પસાર થતા.

એ પોતે ખૂબ જ સમજુ હતી અને વિદુરજી એને અવારનવાર આશ્વાસન આપતા તોપણ કોઈ કોઈવાર એનું અંતર અસ્વસ્થ બની જતું.

એ વખત દરમિયાન હસ્તિનાપુરમાં મોટા મોટા નોંધપાત્ર ફેરફારો થયા હતા.

દુર્યોધને દુઃશાસન તથા કર્ણ જેવાં પરાક્રમી સાથીઓની મદદથી દિગ્વિજય કરીને પોતાના રાજ્યનો વિસ્તાર કરેલો.

એથી એનો અહંકાર વધી ગયેલો.

એકવાર એ કર્ણને લઈને કુંતીને મળવા આવ્યો ત્યારે પોતાના દિગ્વિજયની કથા એણે સવિસ્તર કહી બતાવી.

કુંતીએ એ સાંભળીને કહ્યું:

'તારી ઉન્નતિની વાત સાંભળીને મને આનંદ થાય છે.'

'ખરેખર?'

'હા. ખરેખર. અફસોસ માત્ર એટલો જ થઈ રહ્યો છે કે તું સુખી છે પરંતુ પાંડવો અને દ્રૌપદી વનમાં દુઃખી છે.'

'એ ખરેખર દુઃખી છે?'

'વનમાં ગમે તેટલું સુખ હોય તોપણ એ સુખ કાંઈ ઘરના સુખની તોલે થોડું જ આવી શકે છે? ઘર તે ઘર અને વન તે વન.'

'પરંતુ એમને વનમાં મોકલ્યા કોણે? એમનાં જ કર્મોએ.'

'એમનાં કર્મો તો ઘણાં ઉત્તમ છે. એ કર્મોએ એમને વનમાં નથી મોકલ્યાં, પરંતુ તારી અનીતિએ મોકલ્યાં છે.'

'અનીતિ? મેં શી અનીતિ કરી?'

'દ્યૂતક્રીડા દ્વારા તેં કરેલી અનીતિને બધાં જ જાણે છે એટલે એને ફરી કહી બતાવવાની જરૂર નથી. દ્રૌપદી સાથે તેં કરેલી અનીતિ તો ઉઘાડી જ હતી.'

દુર્યોધન મંદ મંદ હસવા લાગ્યો ને બોલ્યો:

'દ્રૌપદીને હું દ્યૂતમાં જીતી ગયેલો એટલે એની સાથેનો મારો વ્યવહાર બરાબર જ હતો. એ મારી દાસી બનીને રહી હોત તો પાંડવોને આટલું બધું દુઃખ ના પડત. પાંડવોને સુખી કરવા હોય તો એમને કહેવડાવજો કે તેરમા વરસમાં ખૂબ જ સંભાળીને રહે, નહિ તો ફરી પાછો વનવાસ વેઠવો પડશે.'

'તારો એમને માટેનો દુર્ભાવ હજુ નથી મટ્યો?'

'એમાં દુર્ભાવ કે સદ્દભાવનો સવાલ જ ક્યાં છે? એ તો નીતિનો સવાલ છે.'

'નીતિનો?'

'અલબત્ત, નીતિનો.'

'એ નીતિ નથી, અનીતિ છે.'

'હું એને અનીતિ નથી માનતો. પાંડવો તેરમા વરસે ગુપ્ત ના રહી શકે તો ફરીવાર વનવાસ વેઠે એ પહેલેથી જ નક્કી થઈ ગયું છે. એમણે પોતે એને માટે સંમત્તિ આપી છે.'

'છતાં પણ તને એમને માટે સદ્દભાવ હોય તો તું એ શરતમાં ફેરફાર કરી શકે છે.'

'એવી અનીતિ શા માટે કરું?'

'એ અનીતિ નથી.'

'એ તો તમારી દૃષ્ટિએ ને? મારી દૃષ્ટિએ તો એ અનીતિ જ છે.'

કર્ણ અત્યાર સુધી શાંત હતો પરંતુ એ વચ્ચે જ બોલી ઊઠ્યો:

'નીતિ અથવા અનીતિની વાતને બાજુએ રાખીએ તોપણ બાર વરસના વનવાસનો દંડ પાંડવોને માટે પૂરતો છે. તેરમા વરસે એ ગુપ્તવાસ કરે કે ના કરે તોપણ એમને વધારે વનવાસમાંથી મુક્તિ આપવી જોઈએ. તું સ્વેચ્છાથી એવી મુક્તિ આપે તો ખોટું નથી. ખાસ કરીને એમની સાથે દ્રૌપદી છે માટે.'

'દ્રૌપદી છે તો હું શું કરું?' દુર્યોધન બોલી ઊઠ્યો: 'દ્રૌપદીને એ મારી પાસે મોકલી દે તો એ સમસ્યાનો ઉકેલ સહેલાઈથી થઈ જાય. કર્ણ! તારા દિલમાં પાંડવો ને દ્રૌપદીને માટે ફૂણી લાગણી છે તેમ મારા દિલમાં પણ છે જ છતાં વચનથી બંધાઈ ચૂક્યો છું માટે લાચાર છું. તારી સલાહને એ બાબતમાં નહિ સ્વીકારી શકું.'

એ ચર્ચા ત્યાં જ અટકી પડી.

કુંતી કદાચ આગળ બોલત પરંતુ એને આગળ બોલવાનુ મન ના થયું.

થોડીક આડીઅવળી વાતો કરીને દુર્યોધન વિદાય થયો ત્યારે પણ એ એક પ્રકારના અજબ જેવા મનોમંથનનો અનુભવ કરી રહેલી.

કર્ણના શબ્દો થોડા જ હતા તોપણ એના કાનમાં ગુંજી રહ્યા.

એ શબ્દોને એ અવારનવાર રટવા લાગી.

એને થયું કે કર્ણનું અંતર કેટલું બધું ઉદાત્ત છે? અને કેમ ના હોય? એની અંદર જે જન્મજાત સંસ્કારો છે તે બીજા કોઈના નથી કિન્તુ પોતાના જ છે.

પાંડવો પાંચ નથી પણ છ છે.

માત્ર એની એમને માહિતી નથી એટલું જ.

એ માહિતી પોતે આપી છે જ ક્યાં?

એનું અંતર વલોવાઈ રહ્યું, વ્યથિત થયું.

રાતે એણે એ પ્રસંગ વિદુરને કહી બતાવ્યો ત્યારે વિદુરે કહ્યું:

'કર્ણ દુર્યોધનનો સાથી હોવા છતાં સુંદર સંસ્કારોથી સંપન્ન છે એ હકીકતની પ્રતીતિ આ પ્રસંગ પરથી સહેજે થઈ રહે છે. એક સૂતપુત્રમાં આવા ઉત્તમ કોટિના સંસ્કારો ભાગ્યે જ હોય, છતાં એ સૂતપુત્ર છે એ આશ્ચર્ય છે.'

'સૂતપુત્ર?'

'હા. સૂતપુત્ર. એ અધિરથ અને રાધાનો પુત્ર છે.'

'એ એમનો સાચો પુત્ર છે?'

'સાચો જ તો. એનું લાલનપાલન એમણે ખૂબખૂબ મમતાથી કરેલું છે. કોઈ કોઈ કહે છે કે એ એમનો મોટી ઉંમરે મળી આવેલો પુત્ર છે. પરંતુ એથી શું? એની ઉપર કોઈ બીજાનો અધિકાર થોડો જ થઈ શક્યો છે?'

કુંતીને થયું તો ખરું કે હું કહી દઉં કે એની ઉપર એક માતા તરીકે મારો અધિકાર છે છતાં એ શાંત રહી.

કવચકુંડળધારી કર્ણની આકર્ષક આકૃતિ એની આંખ આગળ રમી રહી.

એ આકૃતિ જાણે કે એની આગળથી હઠવા જ નહોતી માગતી.

ભૂતકાળના દિવસોની સ્મૃતિ એને સતાવવા લાગી.

એ રાજભવન, એ મધ્યરાત્રી પછીનો સમય, એ પેટી, એ નદીનો પ્રશાંત પ્રવાહ, બધું જ એને યાદ આવ્યું.

એના અંતરમાં એકવાર ફરીથી સંવેદન પેદા થયું.

* * *

૧૧. માતૃહૃદય

એ રાતે કુંતીને એક સ્વપ્ન આવ્યું.

સ્વપ્નમાં એણે જોયું કે કર્ણ શાંતિથી સૂતો છે ત્યારે એની આગળ સૂર્યદેવે પ્રકટ થઈને કહ્યું:

'કર્ણ! મને તારા પ્રત્યે પ્રેમ તથા મમતા હોવાથી હું તારી આગળ પ્રકટ થયો છું. મારે તને એક આવશ્યક અને ઉપયોગી વાતનો સંદેશ આપવાનો છે.'

'શેનો સંદેશ?' કર્ણે પૂછ્યું.

'તને મારા સંદેશની યથાર્થતામાં વિશ્વાસ આવશે ખરો?'

'શા માટે નહિ આવે?'

'પાંડવોને વનવાસમાં બાર વરસ પૂરાં થવા આવ્યાં છે. એ વરસો દરમિયાન અર્જુને દેવરાજ ઈન્દ્રનો અનુગ્રહ પ્રાપ્ત કર્યો છે. ઈન્દ્રે એના પર પ્રસન્ન થઈને એને તથા પાંડવોને મદદ કરવાનું વચન આપ્યું છે એ વચનને પૂરું કરવાના ઉદ્દેશથી એ થોડાક વખતમાં તારી પાસે આવી પહોંચશે.'

'મારી પાસે? મારી પાસે શા માટે?'

'તું દાનેશ્વરી છે અને યાચકને ઈચ્છાનુસાર વસ્તુ આપવામાં સહેજ પણ સંકોચ નથી કરતો માટે.'

'મને તમારો કથિતાર્થ ના સમજાયો.'

'તું શાંતિથી સાંભળીશ ને વિચારીશ તો સહેલાઈથી સમજાઈ જશે. ઈન્દ્રને ખબર છે કે તારી પાસે જે જન્મની સાથે મળેલાં કવચ અને કુંડળ છે તે અલૌકિક છે. એની શક્તિને લીધે તું યુદ્ધમાં અમર અને અજેય છે. તારી પાસે એ કવચ અને કુંડળ હશે ત્યાં સુધી યુદ્ધમાં તને કોઈયે પરાસ્ત નહિ કરી શકે. એ અદભુત કવચકુંડળ તારા પ્રાણ જેવાં હોવાથી તારે એમની રક્ષા કરવી જોઈએ. ઈન્દ્ર એ કમનીય કવચકુંડળની યાચના કરીને તને નિર્બળ બનાવવા અને એ રીતે પ્રતિપક્ષી પાંડવોને વધારે પ્રબળ કરવા માગે છે.'

કર્ણ કંઈક વિચારમાં પડ્યો ને બોલ્યો:

'મારી સાથે આટલી બધી મમતાપૂર્વક વાર્તાલાપ કરનારા તમે કોણ છો?'

'હું સૂર્યદેવ છું. તારી પ્રત્યેના પ્રબળ પ્રેમ અને કલ્યાણભાવથી પ્રેરાઈને જ તારી આગળ પ્રકટ થયો છું. મારા શબ્દોમાં વિશ્વાસ રાખીને એ પ્રમાણે ચાલીશ તો તારું કલ્યાણ નિશ્ચિત છે.'

'પરંતુ મારી પાસે આવીને યાચના કરનારને હું કદી પણ નિરાશ નથી કરતો. હું એની ઈચ્છાનુસાર વસ્તુ અવશ્ય આપું છું. મારું એ વ્રત છે.'

'એ વ્રતની મને ખબર છે. એને ઈન્દ્રના સંબંધમાં અપવાદરૂપ કર.'

'એવું તો કેવી રીતે કરી શકું?'

'કેમ ના કરી શકે? એ તો તારા જીવનમરણનો સવાલ છે.'

'મારી વીરતા તથા દાનવૃત્તિને લીધે તો સંસારમાં મારી ખ્યાતિ છે. હું એ ખ્યાતિનો નાશ કરવા નથી માંગતો.'

'તારી ખ્યાતિનો નાશ ના થાય એવું તો હું પણ ઈચ્છું છું. પરંતુ સાથે સાથે તને ભાવિ ભયસ્થાનથી ચેતવવા માગું છું.'

'એને માટે તમારો ઋણી છું અને તમને અનેકાનેક અભિનંદન આપું છું. તમારા મારા પ્રત્યેના પ્રેમને જોઈને મારું હૃદય ગદગદ્ બની જાય છે. છતાં પણ મારા વ્રતમાંથી તો નહિ જ ચળું.'

સૂર્યદેવ શાંતિપૂર્વક બોલ્યા:

'કર્ણ! મેં તને સાવધાન કરવાનો મારો ધર્મ બજાવી દીધો. તારે એને અનુસરીને ચાલવું કે નહિ તેનો નિર્ણય કરવાનું કામ તારા પર છોડી દઉં છું. તને તારા વ્રતમાં ચલિત કરવામાં મને આનંદ નથી લાગતો. પણ એક સૂચના તો તને અવશ્ય આપું છું. ઈન્દ્રની યાચનાના બદલામાં તું તારા દિવ્ય કવચ અને કુંડળ કાઢી જ આપવાનો હોય તો એ પહેલાં એમને કહેજે કે મને સૌથી પહેલાં તમારી શત્રુઓનો સંહાર કરનારી અમોઘ શક્તિ પ્રદાન કરો. ઈન્દ્રની એ શક્તિ ખૂબ જ પ્રબળ છે. એકવાર છોડ્યા પછી હજારો શત્રુઓનો સંહાર કર્યા સિવાય એ છોડનારની પાસે પાછી નથી આવતી.'

એટલું સમજાવીને એ અદૃશ્ય થઈ ગયા.

કુંતીની આંખ ઉઘડી ગઈ.

એણે જોયું તો પોતે વિદુરના સુંદર સદનમાં શય્યા પર સૂતી હતી.

સ્વપ્નની આખીયે ઘટના એ અત્યંત રસપૂર્વક યાદ કરવા લાગી.

એની પ્રતિક્રિયા એના પર ઘણી ભારે થઈ.

એને થયું કે સ્વપ્નનો આ પ્રસંગ શું સાચો હશે? સાચો જ હોય તો...

એક બાજુ પાંડવોનું હિત છે. તો બીજી બાજુ કર્ણના યશસ્વી જીવનનો, એની અસાધારણ કારકિર્દીનો, સવાલ છે.

પાંડવોની શક્તિ વધે એ પોતાને જરૂર ગમે પરંતુ કર્ણની શક્તિ ઘટે કે છેક નામશેષ બને એ પણ પસંદ તો ના જ પડે.

પોતે તો એવી જ અભિલાષા સેવે કે કર્ણની શક્તિ સોળે કળાએ ખીલી ઊઠે. એક માતૃહૃદયને માટે એ યોગ્ય જ છે.

એને એમ પણ થયું કે કર્ણને સ્વપ્નનો સંદેશ કહી સંભળાવીને પોતે સાવધાન કરે તો?

પોતાની એ એક ફરજ છે અને સામાન્ય સંજોગોમાં પોતે એ ફરજ જરૂર બજાવી હોત, પરંતુ આજની અસામાન્ય પરિસ્થિતિમાં એ ફરજ બજાવવાનું સાહસ ના કરવું જ બરાબર છે.

અને સઘળાં સ્વપ્નાં સાચાં પડે છે એવું પણ ક્યાં છે?

કેટલાંક સ્વપ્ન તો મનના તરંગોના પરિણામે પેદા થતા હોય છે. કેટલાંક યથાર્થ હોય છે. આ સ્વપ્ન પણ એવું જ લાગે છે. અને એ એવું જ અસત્ય ઠરે એવું ઈચ્છું છું.

પરંતુ ભૂલેચૂકે પણ જો સાચું પડશે તો એનો દોષ ઓછાવત્તા પ્રમાણમાં મને પણ લાગશે. છતાં મારાથી બીજું શું કરી શકાય તેમ છે? મારા જીવનનો ઘટનાપ્રવાહ જ એવી રીતે આગળ વધ્યો છે કે કર્ણના

સંબંધમાં મારાથી કાંઈ કરી જ ના શકાય. મારે જાણવા છતાં અજાણ રહેવું પડે. એથી વધારે કરુણતા કે વિષમતા બીજી કઈ હોય?

એની આંખ ભરાઈ આવી.

એને ખબર નહોતી કે કર્ણને સાચેસાચ એવું સ્વપ્ન આવેલું કે કર્ણ પણ અત્યારે એના વિચારોમાં લીન બનીને બેઠેલો.

કર્ણે નિશ્ચય કર્યો કે ઈન્દ્ર કદાચ યાચક બનીને આવે કે બીજું કોઈપણ આવે તોપણ પોતે વ્રતપાલનમાંથી કોઈ પણ પરિસ્થિતિમાં પાછા તો ના જ પડવું.

*

પોતાના નિત્યનિયમાનુસાર બીજે દિવસે મધ્યાન્હ સમયે કર્ણ નદીના નિર્મળ નીરમાં ઊભો રહીને સૂર્યનું સ્તવન કરવા માંડ્યો.

એ વખતે ઈન્દ્ર એની આગળ ઊભો રહીને વેદપાઠી બ્રાહ્મણના રૂપમાં આવી પહોંચ્યો ને બોલ્યો:

'ભિક્ષામ્ દેહિ!'

એ સવિશેષ અવસર દરમિયાન આવેલા કોઈને કર્ણ નિરાશ કરતો ના હોવાથી શાંતિપૂર્વક કહેવા માંડ્યો:

'તમારે કયી જાતની ભિક્ષા જોઈએ છે?'

'મારી ઈચ્છાનુસાર ભિક્ષા આપવાની તમારી તૈયારી છે ખરી?'

'એમાં પૂછવા જેવું છે જ શું? મેં આજ સુધી કોઈપણ યાચકને અસંતુષ્ટ નથી કર્યો. તમારે જે જોઈએ તે માગી લો. તમે કહો તો સ્વાદિષ્ટ સુંદર ભોજન આપું, સુંદર વસ્ત્રો આપું, સ્થાન પ્રદાન કરું, સુવર્ણના સુંદર અલંકારોવાળી સ્ત્રીઓ તથા ગાયો તેમ જ ગામ અર્પણ કરું.'

ઈન્દ્રે હસીને કહ્યું:

'મારે એમાંનું કશું જ નથી જોઈતું.'

'તો પછી શું જોઈએ છે? યાચકની યાચનાના બદલામાં મારો પ્રાણ આપવાની પણ મારી તૈયારી છે.'

'મારે કોઈના પ્રાણની યાચના શા માટે કરવી પડે? અને એ પણ તમારા સરખા સત્પુરુષના પ્રાણની?'

'તમે એવી યાચના કરો કે ના કરો એ જુદી વાત છે પરંતુ મેં મારી પરિસ્થિતિને સ્પષ્ટ કરી દીધી. તમે વિનાવિલંબ કોઈ પણ વસ્તુ માગી લો ને હું તમને કોઈયે કારણે નિરાશ નહિ કરું.'

'સાચેસાચ?'

'હા. સાચેસાચ.'

'તો પછી મારી માગણી તદ્દન સાધારણ છે. તમે વાસ્તવમાં સત્ય સંકલ્પ કે સત્યપ્રતિજ્ઞ છો ને તમારા દ્વાર પરથી કોઈ નિરાશ થઈને પાછું નથી ફર્યું તો મને તમારાં જન્મની સાથે જ પ્રાપ્ત થયેલાં કવચકુંડળ અર્પણ કરો. મને એથી સંતોષ થશે.'

કર્ણને પોતાના સ્વપ્નનું અને એ સ્વપ્ન દરમિયાન સૂર્યદેવે કાઢેલા ઉદ્ગારોનું સ્મરણ થયું. એણે જણાવ્યું:

'વિપ્રવર! તમારી માગણી સાધારણ નથી પણ અત્યંત અસાધારણ છે. મને જન્મથી પ્રાપ્ત કવચકુંડળ અમૃતમય હોવાથી એમને લીધે મને ત્રિલોકમાં કોઈપણ નથી મારી શકે તેમ. એમનાથી અલગ થવાની ઈચ્છા મને એટલા માટે જ નથી થતી. એમના બદલામાં તમે કોઈક બીજી વસ્તુની માગણી કરો તો મને આનંદ થશે. કવચકુંડળને અર્પણ કરવાથી તો મારી શક્તિ ઘટી જશે અને હું શત્રુઓનો સફળતાપૂર્વક સામનો કરવાને બદલે એમનો શિકાર બની જઈશ.'

'મેં જે માગ્યું છે તે ખૂબ વિચારપૂર્વક માગ્યું છે. તમે સત્યપ્રતિજ્ઞ હો તો તમારે એ આપવું જ જોઈએ. સત્યપ્રતિજ્ઞ ના જ હો તો તો મારે કાંઈ કહેવાનું જ નથી.'

કર્ણે પૂછ્યું:

'હું મારી પ્રતિજ્ઞા પૂરી કરું તે પહેલાં તમે કોણ છો તે કહી બતાવશો?'

'આ પ્રસંગને આ હકીકતની સાથે કશો સંબંધ છે? હું ગમે તે હોઈ શકું.'

'તમારા સ્વરૂપને ગુપ્ત રાખવાની તમારી ઈચ્છા હોય તોપણ મેં એને જાણી લીધું છે. મને ગઈકાલે સવારે સ્વપ્નમાં આવીને સૂર્યદેવે સઘળી માહિતી પૂરી પાડેલી તે પ્રમાણે મને ખબર છે કે તમે ઈન્દ્રદેવ છો.'

'સાચું છે.' ઈન્દ્રે એનો સ્વીકાર કર્યો એટલે કર્ણે આગળ કહ્યું:

'તમે મારી પ્રશસ્તિથી પ્રેરાઈને પાંડવોના પક્ષને પ્રબળ કરવા મારાં કવચકુંડળ લેવા માટે આવી પહોંચ્યા એ મારે માટે ગૌરવની વાત છે. પાંડવો પ્રત્યે મને કોઈ જાતની શત્રુતા નથી. હું મારા વ્રતમાંથી નહિ ચળું. પરંતુ તમે સમજુ ને શક્તિશાળી છો એટલે તમારે મારો ખ્યાલ પણ કરવો જોઈએ. જો મારો ખ્યાલ કરવાને બદલે કેવળ સ્વાર્થબુદ્ધિથી પ્રેરાઈને મારાં કવચકુંડળ લઈને વિદાય થશો તો મારું મોટું અહિત કરશો. એથી તમને પણ દોષ લાગશે. માટે મારી એક પ્રાર્થના સાંભળી લો તો સારું.'

'કયી પ્રાર્થના ?'

'મારી પ્રાર્થના સાવ સાધારણ છે એટલે તમે એને સ્વીકારશો એવી આશા છે. તમે મારાં કવચકુંડળ લો એની પહેલાં એમના બદલામાં મને કોઈ એવી વસ્તુ આપો કે મારું રક્ષણ કરે.'

ઈન્દ્રે વિચાર કરીને સ્નેહસભર સ્વરે જણાવ્યું:

'તને તારા રક્ષણની જ ચિંતા સતાવતી હોય તો તને એ ચિંતામાંથી મુક્ત કરું છું. તારા રક્ષણ માટે મારી પાસેથી એક વજ્રને છોડીને બીજી કોઈયે વસ્તુની માગણી તું કરી શકે છે.'

'તો પછી મારાં કવચકુંડળના બદલામાં સંગ્રામમાં શત્રુઓનો સંહાર કરનારી તમારી અમોઘ શક્તિ મને અર્પણ કરો.'

'એ શક્તિ તને અર્પણ કરતાં મને સહેજ પણ સંકોચ નથી થતો પરંતુ એ શક્તિના પ્રયોગ માટેની મારી એક શરત કહી બતાવું.'

'ખુશીથી કહી બતાવો.'

'તારા હાથમાંથી છૂટેલી મારી એ અમોઘ શક્તિ જેનો તને સૌથી વધારે ભય હશે ને જે યુદ્ધમાં તારો ખૂબ જ શૂરવીરતા તથા સફળતાપૂર્વક સામનો કરતો હશે એવા એક જ શત્રુનો નાશ કરીને પાછી મારી પાસે આવી જશે. એક બીજી યાદ રાખવા જેવી શરત એ પણ છે કે તારી પાસે બીજાં શસ્ત્રો બાકી રહ્યા હશે ત્યારે તથા પ્રાણસંકટ આવી પડતાં પહેલાં જો પ્રમાદવશ એ અમોઘ શક્તિનો ઉપયોગ કરી નાખીશ તો એનો પ્રયોગ તારી ઉપર જ થઈ જશે.'

કર્ણે કહ્યું:

'તમારી શરત મને મંજૂર છે. એ શક્તિનો ઉપયોગ હું મોટામાં મોટા સંકટમાં પડીશ ત્યારે જ કરીશ, અને એ પણ એક જ વાર.'

ઇન્દ્રે એ પછી એને પોતાની અમોઘ શક્તિ પ્રદાન કરી.

કર્ણે પણ ઈન્દ્રને પોતાના સુકોમળ સુંદર શરીર પરથી કવચકુંડળ ઉતારી આપ્યાં.

એ લઈને ઈન્દ્રની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

પાછળથી દુર્યોધન, દુઃશાસન અને શકુનિને એ ઘટનાની ખબર પડી ત્યારે એમના રોષ અને વિષાદની સીમા ના રહી.

દુર્યોધને કર્ણની પાસે પહોંચીને પોતાના અંતરની વેદનાને ઠાલવતાં કહ્યું :

'કર્ણ! તું મોટામાં મોટી ભૂલ કરી બેઠો. ઈન્દ્રને કવચકુંડળ આપતાં પહેલાં મારી સલાહ લીધી હોત તો? તેં વધારે પડતી ઉતાવળ કરી દીધી. તારાં અલૌકિક કવચકુંડળને લીધે તું યુદ્ધમાં અજેય હતો.'

'તો શું હું આજે પણ અજેય નથી? મારી બરાબરી યુદ્ધમાં બીજું કોણ કરી શકે તેમ છે?'

'છતાં પણ કવચ અને કુંડળ તારે માટે સર્વોત્તમ સંરક્ષણરૂપ હતાં. એમને લીધે કાળ પણ તારી સામે ટકી શકવાની શક્તિ નહોતો ધરાવતો. મને ચોક્કસપણે સમજાય છે કે ઈન્દ્રે પાંડવોને શક્તિશાળી અને નિર્ભય બનાવવા માટે તારી સાથે યાચક બનીને કપટ કર્યું છે. એ સંબંધમાં તને આવેલું સ્વપ્ન સાચું પડ્યું. મને ખેદ માત્ર એટલો જ થાય છે કે એ સ્વપ્ન તાજું હોવા છતાં એથી જાગ્રત થઈને તું તારી જાતને ઈન્દ્રની જાળમાં પડતાં બચાવી ના શક્યો. તું ગમે તેવો દાનેશ્વરી કે સત્યસંકલ્પ હોય તોપણ કોઈ તારી ભલમનસાઈનો આવી રીતે ગેરલાભ ઉઠાવી જાય તો મને તો ના જ ગમે.'

'પરંતુ ઈન્દ્રે મને કવચકુંડળના બદલામાં શક્તિ તો આપી જ છે!'

'એ શક્તિ કેવળ એક જ વાર અને એક જ શત્રુ પર વાપરવાની છે એ દૃષ્ટિએ જોતાં એનું મહત્વ મને બહુ મોટું નથી લાગતું.'

'એ શક્તિનું મહત્વ ભલે ના લાગતું હોય પણ મારું મહત્વ તો લાગે છે ને? હું જીવતો છું ને તારી સાથે છું ત્યાં સુધી તારે શેની ચિંતા છે?'

'એ તો સાચું છે. તારે લીધે તો હું નિર્ભય છું. આપણે બંને સાથે છીએ એટલે આપણા સંયુક્ત બળની આગળ કોઈપણ નથી ટકી શકે તેમ. તોપણ તેં ભૂલ તો કરી જ છે. ઘણી જ મોટી ભૂલ. મારા એ સુનિશ્ચિત અભિપ્રાયમાં કોઈપણ પ્રકારનો ફેર નથી પડી શકે તેમ.'

કર્ણને પોતાને પણ લાગ્યું કે ઈન્દ્ર સાથેના વ્યવહારમાં થોડીક વધારે પડતી ભલમનસાઈ કે ઉતાવળ થઈ ગઈ, પરંતુ પાછું એને લાગ્યું કે બીજું થાય પણ શું? બીજો કોઈ માર્ગ જ ક્યાં હતો?

ઈન્દ્રે પોતાની પાસે યાચક બનીને યાચના કરી અને પોતે એને ઈચ્છાનુસાર પદાર્થ પ્રદાન કરવાની તત્પરતા દાખવી પછી એ પ્રમાણે વર્તવું જ જોઈએ ને?

હા, સ્વપ્નના સૂચનને લક્ષમાં લઈને પોતે ઈન્દ્રને યાચના કરવાની અનુમતિ જ ના આપી હોત તો આવો અનર્થકારક અવસર ના ઉપસ્થિત થાત.

પરંતુ ઈન્દ્રને યાચના કરવાની અનુમતિ ના આપીને પોતે પોતાની પ્રતિષ્ઠા પર કુઠારાઘાત કરવા નહોતો માગતો.

એ રીતે વિચારતા, જે કાંઈ થઈ ચૂક્યું તે યોગ્ય જ હતું એની એને પ્રતીતિ થઈ.

એણે દુર્યોધનને હિંમત આપી.

'ઈન્દ્રે તારી પાસેથી હીરો લઈને તેના બદલામાં તને કાચનો નાનોસરખો ટુકડો જ આપ્યો છે. અમૃતનો આગાર લઈને જલાશયનું સાધારણ બિંદુ જ આપ્યું છે. તારું ચેતન હરી લઈને કેવળ શ્વાસોચ્છવાસ પ્રદાન કર્યો છે. એવા ઈન્દ્રને તો એણે કરેલા ભયંકર, અક્ષમ્ય, અપરાધને માટે દંડ કરવો જોઈએ દંડ. મારું ચાલે તો તો એનો પ્રાણ જ હરી લઉં. પાંડવોને વનમાં ગયે બાર વરસ પૂરાં થવા આવ્યાં છે ત્યારે એણે કરેલું આ કપટ આપણે માટે ઘાતક થઈ પડે તો નવાઈ નહિ. કુંડળ અને કવચ તારે માટે એક શક્તિશાળી ઢાલરૂપ હતાં.'

કર્ણે કહ્યું:

'કુંડળકવચ મારી પાસે નથી રહ્યાં તોપણ હું શક્તિશાળી તો છું જ. મારી પાસે જે અસ્ત્રશસ્ત્રનું અનંત જ્ઞાન અને જે અસાધારણ વીરતા છે એ મારી મોટામાં મોટી ઢાલરૂપ છે. એને લીધે મારું જીવન સદાને માટે સલામત છે. અને હું હંમેશા તારે પડખે છું તથા તારે પડખે જ રહીશ એટલે તારે કોઈપણ પ્રકારની ચિંતા નથી કરવા જેવી.'

'એ તો તું કહે છે એટલે ને? મારું મન તો અમંગલ ઘટનાથી ચિંતામાં પડી ગયું છે.'

'અસ્થાને છે કે સ્થાને એ તો સમય પર સમજાશે.'

'તો પછી એને માટેના સમુચિત સમયની રાહ જો.'

*

પોતાને આવેલા સ્વપ્નથી કુંતી થોડીક ચિંતાતુર તો રહેતી જ પરંતુ ફળાદેશની જિજ્ઞાસાથી પ્રેરાઈને એણે થોડાક દિવસો પછી એકાએક જ્યારે કર્ણને જોયો ત્યારે એને કાંઈનું કાંઈ થઈ ગયું.

એનું હૃદય રડવા લાગ્યું.

વિદુરની આગળ વાત કાઢતાં એમણે એને વ્યથારહિત સ્વરે કહી બતાવ્યું:

'કર્ણે કુંડળ અને કવચનું દાન કર્યું એ અતિશય આનંદજનક છે. પાંડવો એ જાણીને રાજી થશે, ખાસ કરીને યુધિષ્ઠિર.'

'કારણ?'

'કર્ણના કુંડલ અને કવચ જન્મપ્રાપ્ત છે એ જાણીને યુધિષ્ઠિરને એનો ભય લાગતો અને એ એને અજેય સમજતા. હવે એ ભય તથા લઘુતાગ્રંથિ દૂર થશે.'

'કવચ તથા કુંડળને લીધે એ અજેય હતો?' કુંતીએ અજાણી થઈને પૂછ્યું.

'અવશ્ય. હવે ભવિષ્યમાં કદાચ કૌરવો ને પાંડવો વચ્ચે ધર્ષણ કે યુદ્ધ ફાટી નીકળશે તો એને હરાવી શકાશે.'

'હરાવી શકાશે?'

'હા. હરાવી તો શકાશે જ પણ જરૂર પડશે તો મારી પણ શકાશે.'

કુંતીની કાયા કંપવા લાગી. એની આંખ ભરાઈ આવી.

કર્ણની એવી અવદશાને એ કલ્પી પણ ના શકી.

એણે પોતાની જાતને સંભાળી લેવાનો પ્રયાસ કરતાં કહ્યું:

'પરંતુ કૌરવો ને પાંડવો વચ્ચે યુદ્ધ થાય જ શા માટે? બંને વચ્ચે સંપ, સ્નેહ અને શાંતિ રહે એ જ સારું છે. યુદ્ધ કોઈ રીતે હિતાવહ તો નથી જ.'

'છતાં પણ એ આવી જ પડે તો શું થાય? મારા કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે કર્ણ હવે અપરાજિત અથવા અવધ્ય નહિ રહી શકે.'

એ શબ્દોએ કુંતીના કાળજાને કોરી નાખ્યું.

કુંતી એ હકીકતને પહેલેથી જ જાણતી હતી પરંતુ વિદુરના મુખથી એને શ્રવણ કરવાનું એને જરા પણ રુચિકર ના લાગ્યું.

એનું આખુંય ચિત્તતંત્ર વ્યથિત તેમ જ અવ્યવસ્થિત બની ગયું. એનો ઉલ્લાસ ઊડી ગયો.

રાતે એ શય્યામાં જઈને સૂતી તો ખરી પણ એને ઊંઘ ના આવી.

મોડે સુધી એ જાગતી રહી ત્યાં સુધી એણે કર્ણના દીર્ઘાયુ માટે માટે પ્રાર્થના કરી, એના વિજયની કામના કરી, અને એને સુખી, તથા સફળ જીવનનો આશીર્વાદ આપ્યો.

એનું માતૃહૃદય ત્યારે જ સંતોષાઈ શક્યું.

મોડી રાતે એની આંખ મળી ગઈ ત્યારે કર્ણ એની સમક્ષ આવી પહોચ્યો ને બોલ્યો:

'હું તારા આશીર્વાદ માગું છું.'

'મારા આશીર્વાદ તો છે જ.' એણે કહ્યું: 'પરંતુ તારાં કુંડળકવચ ક્યાં ગયા? એ તો તારી રક્ષારૂપ હતાં!'

'મારી રક્ષારૂપ તો તારો પ્રેમ જ છે. એનો તેં ત્યાગ તો નથી કર્યો ને?'

'એનો ત્યાગ કેવી રીતે કરી શકું ?'

'બસ ત્યારે. તારી પાસે માતૃહૃદય છે ત્યાં સુધી મારું જીવન સલામત તેમ જ નિર્ભય છે.'

કુંતી ભાવવિભોર બનીને કશું ના બોલી.

* * *

૧૨. યક્ષનો મેળાપ

સૌંદર્યવતી દ્રૌપદીને જયદ્રથના હાથમાંથી મુક્તિ મળ્યા પછી કામ્યક વનનો ત્યાગ કરીને પાંડવો ફરી પાછા દ્વૈતવનમાં રહેવા માટે આવી પહોંચ્યા.

એ વન ફળફૂલ, વૃક્ષ, લતાઓ તથા જળાશયોથી સુશોભિત હોવાથી અત્યંત આકર્ષક અને આનંદદાયક થઈ પડ્યું.

બારમાં વરસની પરિસમાપ્તિને થોડોક સમય શેષ રહ્યો ત્યારે એમના જીવનમાં એક બીજી ઘટના બની.

એક અગ્નિહોત્રી બ્રાહ્મણના મંથનકાષ્ઠને અરણી સાથે એક વૃક્ષ પર લટકાવવામાં આવેલું.

ત્યાં એકાએક એક મૃગ આવી પહોચ્યું અને એની સાથે શીંગડા ઘસવા માંડ્યું.

એમ કરતાં કરતાં એ મંથનાકાષ્ઠ એના શીંગડામાં ભરાઈ ગયું.

મૃગ એ લઈને નાસવા લાગ્યું.

બ્રાહ્મણની પ્રાર્થનાને લક્ષમાં લઈને પાંડવોએ મંથનકાષ્ઠને પાછું મેળવવાના ઉદ્દેશથી મૃગનો પીછો કર્યો.

એમણે મૃગને ઘાયલ કરવાનો કે મારી નાખવાનો પ્રયાસ કર્યો પરંતુ એ નિષ્ફળ થયો.

મૃગ પોતાના પ્રાણની રક્ષા કરવા એ એકાંત અરણ્યમાં દૂરસુદૂર દોડી ગયું. એમની આંખ આગળથી અદૃશ્ય થઈ ગયું.

એને ના જોવાથી એ હતોત્સાહ બની ગયા.

બધા જ બંધુઓ શ્રમિત હતા તથા એમને તરસ પણ લાગેલી એટલે યુધિષ્ઠિરે નકુલને કહ્યું:

'નકુલ! સૌને તરસ લાગી છે તો આજુબાજુ સમીપમાં ક્યાંક જળાશય હોય તો તપાસ કર.'

નકુલે વૃક્ષ પર ચઢીને ચારે તરફ દૃષ્ટિપાત કરતાં જણાવ્યું:

'થોડેક છેટેથી સારસ પક્ષીના સમધુર સ્વર સંભળાઈ રહ્યા છે તથા પાણીથી પોષણ પામનારાં વૃક્ષો દેખાય છે એટલે પાણી અવશ્ય હોવું જોઈએ. હું એ બાજુ જઈને પાણી ભરી લાવું છું.'

યુધિષ્ઠિરની અનુમતિ મેળવીને નકુલે પાણી લાવવા માટે પ્રયાણ કર્યું.

થોડીવારમાં તો એ જળાશયની પાસે આવી પહોંચ્યો.

શાંત સુંદર જળાશયને નિહાળીને એનું અંતર આનંદી ઊઠ્યું.

એ જળાશયમાં કમનીય કમળો ખીલેલાં અને એની ઉપર અને આજુબાજુ ભ્રમરો ગુંજારવ કરતાં.

એમને લીધે વાતાવરણ અત્યંત અદભુત લાગતું.

એ જળાશયને રસિકતાભરેલી મુગ્ધ દૃષ્ટિથી નિહાળીને નકુલે પોતાની તરસ છિપાવવા માટે તૈયારી કરી એ જ વખતે પાસેના વૃક્ષ પરથી કોઈનો અવાજ આવ્યો:

'નકુલ! આ જળાશય પર મારો અધિકાર છે. એના પાણીને પીવાની આકાંક્ષા હોય તો સૌથી પહેલાં મારા પ્રશ્નોના પ્રત્યુત્તર આપવા તૈયાર થઈ જા. એ સિવાય તને પાણી પીવા કે લેવા નહિ દઉં.'

નકુલને કશું સમજાયું નહિ.

એણે અવાજની દિશામાં આશ્ચર્યચકિત આંખે જોવા માંડ્યું.

ત્યાં કશું જ દૃષ્ટિગોચર ના થયું.

અવાજ ફરી સંભળાયો:

'કશુંક અમંગલ થાય તો એનો દોષ મને ના આપે એટલા માટે તને ચેતવવાની મારી ફરજ છે. તું મિથ્યાભિમાનને વશ થઈને ખોટું સાહસ ના કરતો.'

પરંતુ નકુલને કશો ભય ના લાગ્યો.

એણે જળાશયનું પવિત્ર પાણી પીધું અને એ જ વખતે એ ધરતી પર ઢળી પડ્યો.

એનું અંગ અચેતન બની ગયું.

લાંબા વખત લગી નકુલ પાણી લઈને પાછો ના આવ્યો ત્યારે યુધિષ્ઠિરને ચિંતા થઈ. એમણે કહ્યું:

'સહદેવ! નકુલ વનમાં વિહારે નીકળી પડ્યો કે પછી જળાશયની આગળ બેસી રહ્યો? એની પાછળ જઈને એને વહેલી તકે પાછો બોલાવી લાવ.'

સહદેવ નકુલને શોધતો થોડી જ વારમાં જળાશય પાસે આવી પહોંચ્યો.

નકુલને નિશ્ચેટ દશામાં દેખીને એને ખૂબ જ દુઃખ થયું.

એને થયું કે નકુલ પ્યાસથી પીડિત થઈને એકાએક આમ મૃતાવસ્થાએ પહોંચી ગયો, કુદરતી કાળને અધીન થયો, કે પછી આ એકાંત અરણ્યપ્રદેશમાં રહેતા કોઈક ભયંકર અસુરને હાથે મરાઈ ગયો?'

એ પ્રશ્નનો પ્રત્યુત્તર પૂરેપૂરો ના મળી શકવાથી એ કાંઈક નિરાશ બન્યો.

નકુલનું શરીર સંપૂર્ણ સ્વસ્થ હતું.

એની ઉપર કોઈ ઝપાઝપીનાં ચિહ્નો નહોતાં દેખાતાં એટલે એનું મરણ—જો એ મરણ જ હોય ને બેહોશી ના હોય તો—તદ્દન કુદરતી રીતે જ થયેલું લાગતું હતું.

ચિંતાતુર વદને એ જળાશય તરફ પાણી પીવા માટે આગળ વધ્યો ત્યાં જ પાછળથી અવાજ સંભળાયો:

'સહદેવ! નકુલે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીને પાણી પીધું હોવાથી મારે એની આવી દશા કરવી પડી છે. તું પણ મારા પ્રશ્નોના પ્રત્યુત્તર આપ્યા વિના જ પાણી પીશ તો નકુલને જ પંથે પ્રયાણ કરીશ. માટે પહેલાં મારા પ્રશ્નોના સંતોષકારક ઉત્તર આપ.'

સહદેવે પૂછ્યું:

'તું વળી મને રોકનાર કોણ?'

'આ સ્થળનો અધિપતિ. જળાશયનો માલિક.'

'જળ કે જળાશય પર કોઈનો અધિકાર નથી હોતો. એ તો સમસ્ત સંસારની સંપત્તિ છે. એનો ઉપભોગ ઈચ્છાનુસાર કોઈયે કરી શકે છે. એ ઉપભોગ કરતાં મને કોઈ જ નહિ અટકાવી શકે.'

'તો પછી જોઈ લે.'

'એમાં શું જોવાનું છે?'

'તને અટકાવું છું કે નહિ તે.'

'અટકાવવાની શક્તિ હોય તો મારી સામે આવી જા. આમ ડરપોકની પેઠે છુપાઈને શું બકી રહ્યો છે?'

'ડરપોક હું નથી, તું છે.'

'જો ત્યારે કોણ ડરપોક છે એની ખાતરી કરી લે.'

સહદેવે પાણીની અંજલિ લીધી. પરંતુ પીવાનો પ્રારંભ કરતાં પહેલાં જ એની દશા પણ નકુલના જેવી જ થઈ.

એ પણ અચેતન બનીને ધરતી પર ઢળી પડ્યો.

વાતાવરણમાં વૃક્ષ પરથી પ્રતિધ્વનિત થતા અટ્ટહાસ્યના પડઘા સંભળાયા.

એ ધ્વનિ સાથે શબ્દો પણ છૂટવા લાગ્યા:

'લે, જોઈ લે તારી બહાદુરી! મારી સૂચનાની ઉપેક્ષા કરવાનું પરિણામ હવે તારા ભાઈની સાથે તું પણ ભોગવી લે!'

એમને શોધવા માટે યુધિષ્ઠિરના આદેશાનુસાર આવેલા અર્જુન અને ભીમની પણ એવી જ દશા થઈ.

એ ચારે ભાઈઓમાંથી કોઈ પણ પાણી લઈને પાછું ના આવ્યું ત્યારે યુધિષ્ઠિરની ચિંતાનો પાર ના રહ્યો.

એમના મનમાં જાતજાતના તકવિતર્કો પેદા થવા લાગ્યા.

બીજો કોઈ પણ રસ્તો ના દેખાતાં એ ભાઈઓના રહસ્યનો ઉકેલ લાવવા એ પોતે તૈયાર થયા ને જળાશયની દિશામાં ચાલી નીકળ્યા.

જળાશય પાસે પહોંચતાં જ એમણે ચાર ભાઈઓને એક બાજુ અચેતન દશામાં પડેલાં જોયા એથી એમના આશ્ચર્ય તેમ જ દુઃખનો પાર ના રહ્યો.

એમનું કાળજું ક્રંદન કરી ઊઠ્યું.

એમને થયું કે ચારે ભાઈઓ આવી અચેતન દશાને કેવી રીતે પામ્યા? એમને કોઈ માર્યા હોય એવું અનુમાન કરવાનું કોઈ કારણ નથી દેખાતું કારણકે શરીરમાં શસ્ત્રપ્રહારનું ચિહ્ન જ નથી. મારા પરમ પરાક્રમી ભાઈઓનો યુદ્ધમાં સામનો કરવાની અને સંહાર કરવાની શક્તિ જ કોનામાં છે?

આ જળાશયનું પાણી કદાચ વિષમય હોય અને એને પીવાથી એમનું મૃત્યું થયું હોય. પરંતુ એ અનુમાન પણ બરાબર નથી લાગતું. કારણ કે એમના શરીરમાં વિષનું કોઈ ચિહ્ન પણ નથી દેખાતું.

તો પછી ચારેના મૃત્યુ એક જ સ્થળે લગભગ એકસરખી રીતે જ કેવી રીતે થઈ શક્યાં?

જળાશયની આજુબાજુના વિસ્તારમાં કે જળાશયમાં કોઈ અદૃષ્ટ આત્મા કે શક્તિ છે જેણે એમનો નાશ કરવામાં મહત્વનો ભાગ ભજવ્યો હોય?

કે પછી...

એમનું ચિત્ત વિચારોના વધારે ચગડોળે ચઢ્યું.

દુર્યોધને શકુનિની સહાયથી અમારી આસપાસ ગુપ્તચરોની એવી ટોળી તો નથી ઊભી કરી કે જે અમારી પ્રત્યેક પ્રવૃત્તિનું બરાબર ધ્યાન રાખે?

આ અમંગલ કામ એમનું તો નથી?

એમને કાંઈ સમજ ના પડી.

એમની આંખમાંથી અશ્રુપાત થવા લાગ્યો.

માતા કુંતી, દ્રૌપદી, સુભદ્રા અને બીજા બધાંને પોતે કેવી રીતે સમજાવી શકશે?

પોતાની ભૂલને લીધે જ આ ચારેને વનમાં આવવું પડ્યું. વનવાસનો નિર્ધારિત સમય પણ લગભગ સમાપ્ત થવા આવ્યો ને નવા સુખમય જીવનનાં સ્વપ્ન સેવવાનું સૌએ શરૂ કર્યું ત્યાં જ આ અમંગલ બનાવ બની ગયો, એ આઘાત કેટલો બધો અસાધારણ છે?

એમના સંયમના બધા જ બંધો તૂટી ગયા.

એ નિસ્સંકોચપણે શોક કરવા લાગ્યા.

થોડાક વખત પછી સ્વસ્થ થઈને એ પાણી પીવાના આશયથી આગળ વધ્યા ને જળાશયમાં નીચા નમ્યા ત્યાં જ પાછળના વૃક્ષ પરથી અવાજ આવ્યો:

'યુધિષ્ઠિર! તમારા બંધુઓની આવી અવદશા કરનાર હું જ છું. એમાં દોષ મારો નથી પણ એમનો છે. આ જળાશય પર મારો અધિકાર હોવાથી મારા સંતોષ માટે મેં એમને મારા પ્રશ્નના ઉત્તરો આપવાનું કહ્યું. એમણે મારી આજ્ઞાનો અનાદર કરીને પ્રશ્નોના ઉત્તર આપવાનો બદલે પાણી પીવાનો પ્રારંભ કરવાથી એમનું મૃત્યુ થયું. તમે પણ મારા પ્રશ્નોના ઉત્તર આપતાં પહેલાં જ પાણી પીવાનો પ્રારંભ કરશો તો તમારી દશા પણ એવી જ થશે.'

યુધિષ્ઠિરને ભારે આશ્ચર્ય થયું. એમણે પૂછ્યું:

' જે તૃષાથી સંતપ્ત હોય તે પાણી ના પીએ તો બીજું શું કરે? એમની પાસેથી પાણી પીતાં પહેલાં પ્રશ્નોના ઉત્તરોની આશા રાખવી શું ઉચિત છે?'

'ઉચિત કે અનુચિતની ચર્ચા કરવાથી કશો જ લાભ નથી થવાનો. મેં જે પદ્ધતિ દર્શાવી એને અનુસરીને પાણી પીવું હોય તો પી શકો છો. બાકી જો બળજબરી કરવા જશો કે દુરાગ્રહોને વશ થશો તો તેનું પરિણામ ઘણું માઠું આવશે. તમારા ભાઈઓના જેવું જ.'

'મારે દુરાગ્રહને વશ શા માટે થવું પડે? હું તમારા પ્રશ્નોના ઉત્તરો આપવાનો જરૂર પ્રયાસ કરીશ. પરંતુ એ પહેલાં તમે કોણ છો તે કહી બતાવો. તમે શું રુદ્ર છો?'

'ના.'

'તો પછી વસુ છો?'

'ના.'

'તો પછી મરુત્ છો?'

'મરુત્ પણ નથી.'

'તો પછી અગ્નિ અથવા ઈન્દ્ર છો?'

'ના. અગ્નિ કે ઈન્દ્ર પણ નહિ.'

'તો પછી?'

'યક્ષ?'

'હું યક્ષ. મારા સ્વરૂપને જોવું હોય તો પાસે આવીને જોઈ શકો છો.'

યુધિષ્ઠિર આગળ વધ્યાં.

યક્ષની વાણી તથા પદ્ધતિ એમને ખૂબ જ અમંગલ કઠોર લાગી.

એમણે વૃક્ષની ઉપર દૃષ્ટિપાત કર્યો તો ત્યાં યક્ષ બેઠેલો.

એની આકૃતિ ભયંકર તેમ જ વિશાળ હતી.

તાડ જેવી લાંબી, અગ્નિ સમાન તેજસ્વી અને પર્વત સરખી વિશાળ કાયાવાળા યક્ષને નિહાળીને યુધિષ્ઠિરને રોષ તો ચડ્યો પરંતુ એમણે પોતાની જાતને કાબૂમાં રાખીને કહ્યું:

'તમારા દર્શનથી મને આનંદ થયો, પણ તમારું કર્મ ઘણું જ કઠોર છે.'

યક્ષ હસ્યો ને બોલ્યો:

'કઠોર લાગે તોપણ મને એનો સહેજ પણ ખેદ નથી થતો.'

'ખરેખર?'

'હા.'

'એનો અર્થ એવો થયો કે તમને હૃદય જ નથી.'

'તમે ગમે તેમ માનો તેની મને પરવા નથી. મેં મારી સ્થિતિનું સ્પષ્ટીકરણ કર્યું છે. તમારો હવે કયો માર્ગ અપનાવવો તે નક્કી કરવાનું છે. '

'હું તમારા પ્રશ્નોના ઉત્તર અવશ્ય આપીશ. પરંતુ મારા ઉત્તરો તમને સંતોષી શકશે કે કેમ તે નથી જાણી શકતો.'

યક્ષે પ્રશ્નો પૂછવાની તૈયારી કરી.

* * *

૧૩. પુનર્જીવન

એ જ વખતે યુધિષ્ઠિરે પૂછ્યું:

'મારા ઉત્તરો તમને સંતોષી શકશે તો? મારા મૃતભાઈઓની ઉપર એની કશી અસર પડશે ખરી?'

'જરૂર પડશે.' યક્ષે જણાવ્યું: 'તમારા પ્રત્યુત્તરો જો મને સંપૂર્ણ સંતોષકારક લાગશે અને પ્રસન્ન કરશે તો તમારા મૃત ભાઈઓને પુનર્જીવન પ્રદાન કરીશ. મારું વચન કોઈપણ સંજોગોમાં મિથ્યા નહિ થાય તેની ખાતરી રાખજો.'

'તો પછી તમે મને ગમે તે પ્રશ્ન કે પ્રશ્નો પૂછી શકો છો. મને વિશ્વાસ તો છે કે હું તમને સંપૂર્ણપણે સંતોષી શકીશ.'

'યુધિષ્ઠિર! તમે વિવેકી અને બુદ્ધિમાન હોવાથી જ મારી સૂચનાનુસાર કરવા તૈયાર થયા છો. તમારામાં ને તમારા ભાઈઓમાં એટલો તફાવત છે. એમણે મારી આજ્ઞાનો અનાદર ના કર્યો હોત તો એમની દશા આવી કફોડી ના થાત. મારી માગણી ન્યાયસંગત હોવાથી જ તમે તેનો સ્વીકાર કર્યો છે. તમારા પ્રતાપી મનાતા ભાઈઓએ એટલું સામાન્ય સૌજન્ય બતાવ્યું હોત તો મને સંતોષ થાત. એમના મૃત્યુનું દુઃખ મને પણ નથી થતું એમ નહિ પરંતુ એ સિવાય બીજો કોઈ રસ્તો જ ન હતો. પ્રાજ્ઞ પુરુષો વીતેલી વાતોનો શોક નથી કરતા પણ એમને સુધારવાનાં સાધનો શોધે છે એ ન્યાયે હવે એમનો શોક કરવો ઉચિત નથી.'

'તોપણ મને શોક તો થઈ જ રહ્યો છે. હા, એટલું ખરું કે એમને નવજીવન આપવાની શક્યતા હોવાથી એ શોક કાંઈક હળવો બન્યો છે. તમે મને ઈચ્છાનુસાર પ્રશ્નો પૂછો. હું એમના ઉત્તર આપવાની કોશિશ કરીશ.'

યક્ષ થોડીવાર ચિંતનશીલ મુદ્રામાં બેસી રહ્યો ને બોલ્યો:

'તમે મારા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો નહિ આપી શકો તો શું થશે તે પણ જાણી છો.'

'બીજું શું થશે? મારું મૃત્યુ જ ને?'

'હા. મૃત્યુ.'

'મારા ભાઈઓની જેમ મારે પણ મૃત્યુને ભેટવું પડે તો મને એનું દુઃખ નહિ થાય. મૃત્યુનો ભય પણ નહિ લાગે. પરંતુ મને લાગે છે કે મારું મત્યુ એટલું સમીપ નથી. મારે આ સંસારમાં હજુ ખૂબ ખૂબ શ્વાસ લેવાના છે.'

'હું પોતે પણ ઈચ્છું છુ કે તમે લાંબા વખત લગી શ્વાસ લો, અને એને માટે મારા પ્રશ્નોના સારી પેઠે જવાબ દો.'

'તમારા પ્રશ્નોના ઉત્તર મારી બુદ્ધિની મર્યાદામાં રહીને આપવા તૈયાર છું.'

'એમાં તમારા અત્યાર સુધીના સમસ્ત જ્ઞાન અને અનુભવની કસોટી થશે.'

'ભલે. મારું જ્ઞાન અને મારો અનુભવ અતિશય અલ્પ હોવા છતાં મારી હિંમત મોટી છે.'

'એ તો તમારા પ્રત્યુત્તરો પરથી સમજાઈ જશે. એ પ્રત્યુત્તરોને સાંભળવા હું ઉત્સુક છું. મારો પહેલો પ્રશ્ન એ છે કે સૂર્યનો ઉદય કોણ કરે છે?'

'પરબ્રહ્મ પરમાત્મા.' યુધિષ્ઠિરે ઉત્તર આપ્યો: 'એમના વિના એનો ઉદય કરવાની શક્તિ છે જ બીજા કોનામાં?'

'સૂર્યની ચારે તરફ કોણ ચાલે છે?'

'દેવતા.'

'એ શેમાં પ્રતિષ્ઠિત છે?'

'સત્યમાં.'

'એને અસ્ત કરનારું બળ કયું છે?'

'ધર્મનું બળ.'

યક્ષે કહ્યું:

'યુધિષ્ઠિર! એ પ્રશ્નોના ઉત્તર બરાબર છે. સંપૂર્ણપણે સંતોષકારક છે. હવે બીજા પ્રશ્નો પૂછું.

'માનવીને શ્રોત્રિય બનાવનારી વસ્તુ કયી છે?'

'શ્રુતિથી જ માનવ શ્રોત્રિય બને છે.'

'મહત્પદ શાથી મળે છે?'

'તપ કરવાથી.'

'માનવ બ્રહ્મરૂપ શેનાથી થાય છે?'

'ધૃતિથી.'

'અને બુદ્ધિમાન?'

'વૃદ્ધોની સંગતિ તથા સેવાથી બુદ્ધિમાન અને સુખી થાય છે.'

'તમારા એ ઉત્તરો પણ યથાર્થ છે. હવે કહો કે બ્રાહ્મણોની અંદર દેવત્વ કયું છે? સત્પુરુષોનો પ્રિય ધર્મ કયો છે? મનુષ્યતાનું સર્વ સામાન્ય લક્ષણ કયું અને અસત્પુરુષોને અનુરૂપ આચરણ કોને કહેવું અથવા કેવા આચરણથી અસત્પુરુષ છે એવું નક્કી કરી શકાય?'

યુધિષ્ઠિરે શાંતિથી સરળ તથા સુમધુર ભાષામાં ઉત્તર આપ્યો:

'વેદોના સ્વાધ્યાય તથા સદગુણોને બ્રાહ્મણોની અંદર રહેનારું દેવત્વ કહી શકાય. સત્પુરુષોનો પ્રિય ધર્મ સંયમ અથવા તપ છે. મનુષ્યતાનું સર્વસામાન્ય લક્ષણ ભય તથા પ્રેમ છે. અને દીનદુઃખી, અનાથ કે અસહાયની રક્ષા ના કરવી એથી અધિક અસભ્ય અસત્પુરુષોને છાજતું લક્ષણ બીજું કોઈ જ નથી લાગતું. જે પરાઈ પીડાને ના જાણે ને જાણીને દૂર કરવાની કોશિશ ના કરે તેને સત્પુરુષ ના કહી શકાય.'

'સાચુ છે, યુધિષ્ઠિર! તો પછી ક્ષત્રિયોમાં દેવત્વ કયું?'

'શસ્ત્ર અથવા બાણવિદ્યા.'

'એમનો સત્પુરુષોને અનુરૂપ ધર્મ કયો?'

'યજ્ઞ.'

'પ્રતિષ્ઠાની ચાહનાવાળા માટે ઉત્તમ શું છે?'

'ગૌ.'

'અને અપશયથી મુક્ત રહેવા માગનારને માટે શું ત્યાજ્ય કહેવાય?'

'વ્યસન અને કુકર્મ.'

'એવો કયો પુરુષ છે જે ઈન્દ્રિયોનો અનુભવ કરે છે, શ્વાસ લે છે, બુદ્ધિમાન, કીર્તિમાન તથા સૌને માટે આદરણીય છે, તોપણ મૃત બરાબર છે?'

યુધિષ્ઠિર સહેજ વિચાર કરીને કહ્યું:

'જે પુરુષ દેવતા, અતિથિ, સેવક, માતાપિતા અને પોતાનો આત્મા એ પાંચેનું ધ્યાન નથી રાખતો, પોષણ નથી કરતો, ને શ્રેય નથી સાધતો તે શ્વાસ લેતો હોય તોપણ નિર્જીવ, નિષ્પ્રાણ જડ કે મૃત બરાબર સમજી લેવો. જેના જીવનથી પોતાનું, સમાજનું અથવા રાષ્ટ્રનું લેશપણ હિત ના સધાય તેનું જીવન ધરતીને ભારરૂપ છે અને એવું જીવન ના હોય તોપણ શું?'

'શાબાશ, યુધિષ્ઠિર!' યક્ષ બોલી ઊઠ્યો: 'તમારા સુંદર સાચા ઉત્તરોએ મને સંતોષ જ નહિ પરંતુ આનંદ આપ્યો છે. એ ઉત્તરોથી મારો આત્મા પ્રસન્ન થયો છે. તમે આટલા પ્રશ્નોના ઉત્તરો ખૂબ જ સારી રીતે આપ્યા છે તેવી જ રીતે બીજા પ્રશ્નોના ઉત્તરો પણ આપી શકશો એવી આશા છે. તમારી તૈયારી હોય તો એ પ્રશ્નો પૂછી લઉં.'

'પૂછી લો. મારી શક્તિ પ્રમાણે એમના ઉત્તરો પૂરા પાડીશ.'

યક્ષે પૂછ્યું:

'પૃથ્વી કરતાં ઉત્તમ અથવા ગૌરવવંતી કોણ?'

'માતા.'

'આકાશથી ઊંચું કોણ?'

'પિતા.'

'વાયુથી વિશેષ વેગવાન શું?'

'મન.'

'તણખલાંઓ કરતાં વધારે વજનદાર?'

'ચિંતા.'

'સૂતી વખતે આંખ કોણ નથી મીંચતું. ઉત્પન્ન થઈને કોણ ચેષ્ટા નથી કરતું? હૃદય કોને નથી ને વેગથી કોણ વહી જાય છે?'

યુધિષ્ઠિરે ઉત્તર આપ્યો:

'માછલી સૂતી વખતે આંખ નથી મીંચતી. ઈંડુ ઉત્પન્ન થઈને કોઈ પ્રકારની ચેષ્ટા નથી કરતું, પથ્થરને હૃદય નથી હોતું અને નદી વેગથી વહે છે.'

'પરદેશગમન કરનારનો મિત્ર કોણ?'

'એનો સહપ્રવાસી.'

'ઘરમાં રહેનારનો મિત્ર કોણ?'

'સ્ત્રી.'

'રોગી તથા મરણ પામનારનો મિત્ર કોણ?'

'વૈદ તેમ જ દાન.'

'ધર્મનું મુખ્ય સ્થાન કયું છે?'

'દક્ષતા.'

'યશનું મુખ્ય સ્થાન કયું છે?'

'દાન.'

'સ્વર્ગનું મુખ્ય સ્થાન?'

'સત્ય.'

'અને સુખનું મુખ્ય સ્થાન?'

'શીલ.'

'ધનોમાં પ્રધાન ધન કયું?'

'શાસ્ત્રજ્ઞાન.'

'લાભોમાં મુખ્ય લાભ?'

'આરોગ્ય.'

'સુખોમાં શ્રેષ્ઠ સુખ?'

'સંતોષ.'

'કોને સંયમમાં રાખવાથી શોક નથી થતો?'

'મનને સંયમમાં રાખવાથી.'

'કોની સાથે કરેલી સંધિ કાયમ રહે છે?'

'સત્પુરુષોની સાથે.

યુધિષ્ઠિરના ઉત્તરો સાંભળીને યક્ષ કહેવા માંડ્યો:

'યુધિષ્ઠિર! તમારા ઉત્તરો ખૂબ જ સંતોષકારક છે. એ સાંભળીને મને તમારા પ્રત્યે પ્રેમ અને આદરભાવ થાય છે. છતાં પણ મારી પોતાની તૃપ્તિ માટે હું તમારા જ્ઞાન અને અનુભવની વધારે કસોટી કરીશ.'

યુધિષ્ઠિરની અનુમતિ મેળવીને એણે શાંતિથી વિચાર કરીને આગળ પૂછ્યું:

'કયી વસ્તુનો ત્યાગ કરવાથી મનુષ્ય પ્રિય થાય છે અને શેનો ત્યાગ કરવાથી શોક નથી કરતો?'

યુધિષ્ઠિરે શાંતિથી કહ્યું:

'તમે મને અત્યાર સુધી કેટલાય પ્રશ્નો પૂછી નાખ્યા તોપણ મને એમનો ઉત્તર આપતાં કંટાળો નથી આવતો. તમારી સાથેની જ્ઞાનચર્ચામાં મારી તરસને ભૂલી ગયો છું. તમે મારી ઉપર અનુગ્રહ કરીને મારા ભાઈઓને નવજીવન આપશો એ વિચાર મને તમારા પ્રશ્નોના ઉત્તરો આપવા વધારે ઉત્સાહિત કરી રહ્યો છે. તમને સંપૂર્ણ સંતોષ ના થાય ત્યાં સુધી તમે ભલે પૂછ્યા કરો. તમારા આ પ્રશ્નોના ઉત્તરમાં મારે એટલું

કહેવાનું છે કે માનનો ત્યાગ કરવાથી મનુષ્ય પ્રિય થાય છે તથા ક્રોધનો ત્યાગ કરવાથી શોક નથી કરવો પડતો.'

'હવે કહો કે જગત શેનાથી ઢંકાયેલું છે?'

'અજ્ઞાનથી.'

'આત્મા કોને લીધે પ્રકાશિત નથી થતો?'

'તમોગુણને લીધે.'

'મનુષ્ય મિત્રોને શા માટે છોડી દે છે?'

'લોભને લીધે.'

'સ્વર્ગની પ્રાપ્તિમાં અંતરાયરૂપ શું થાય છે?'

'આસક્તિ.'

'મનુષ્ય તથા રાષ્ટ્ર મરેલું ક્યારે કહેવાય છે?'

'મનુષ્ય દરિદ્ર હોય તો મરેલો કહેવાય છે અને આદર્શ રાજા વિનાનું રાજ્ય મરેલું મનાય છે.'

'મનુષ્યોનો દુર્જય શત્રુ કોણ છે?'

'ક્રોધ.'

'અસાધ્ય વ્યાધિ કયી છે?'

'લોભ.'

'સાધુ કોને કહેવો?'

'જે સૌનું હિત કરે તેને.'

'અને અસાધુ કોને માનવો?'

'નિર્દય પુરુષને.'

'સાચું સ્નાન કોને કહેવું?'

'મનના મેલ ધોવા તેને..'

'પંડિત કોને ગણવો?'

'ધર્મજ્ઞને.'

'અને અક્ષય નરકનો અધિકારી?'

'જે બીજાની સેવાભાવનાથી રહિત છે, સંપત્તિ, સત્તા તેમ જ શક્તિ હોવા છતાં જે એનો સદુપયોગ નથી કરતો, એ.'

'કુળ, આચાર, સ્વાધ્યાય અને શાસ્ત્રશ્રવણ, એમાંથી કોની દ્વારા બ્રાહ્મણત્વની સિદ્ધિ થાય છે તે કહી શકશો?'

'જરૂર. બ્રાહ્મણત્વની સિદ્ધિમાં કુળ, સ્વાધ્યાય કે શાસ્ત્રશ્રવણ કારણરૂપ નથી થતું કિન્તુ કેવળ આચાર જ કારણરૂપ થઈ શકે છે. એટલે હંમેશા સદાચારની રક્ષા કરવાની આવશ્યકતા છે. જેનો સદાચાર સુરક્ષિત છે તેનું બ્રાહ્મણત્વ પણ સલામત છે, પરંતુ જેનો આચાર નષ્ટ થઈ ગયો તે તો પોતે જ નાશ પામ્યો એવું સમજી

લેવું. ચાર વેદોમાં પારંગત હોવા છતાં કોઈનો આચાર દુષિત હોય તો તે શૂદ્ર બરાબર છે. જે ધર્માચરણમાં તત્પર અને જીતેન્દ્રિય છે જ તે જ બ્રાહ્મણ છે.'

'મધુરભાષી માનવને શું મળે છે?'

'સૌનો પ્રેમ એ સૌનાં મનને જીતી લે છે.'

'સંસારમાં સાચા અર્થમાં સુખી કોણ છે?'

'જેને દેવું નથી, જે ઘેર છે, જે અપરિગ્રહી છે, ને જેના જીવનની આવશ્યકતાઓ ઓછી છે, તે દિવસમાં એકવાર ભલે સૂકો રોટલો જ ખાતો હોય તોપણ સુખી છે.'

'સૌથી મોટું આશ્ચર્ય શું છે?'

યુધિષ્ઠિર થોડીવાર વિચાર કરીને પછી બોલ્યા:

'સંસારમાં આશ્ચર્યો તો અનેક છે પણ એમાં સૌથી મોટું આશ્ચર્ય તો મને એ જ લાગે છે કે પ્રાણીઓ રોજરોજ યમસદનમાં પ્રવેશ કરે છે તોપણ બીજા બધા યાવચ્ચંદ્રદિવાકરૌ જીવતા રહેવાની અભિલાષા રાખે છે અને પોતાના કલ્યાણને માટેનો પરમ પુરુષાર્થ કરવાને બદલે અકલ્યાણનાં કર્મોમાં રચ્યાપચ્યા રહે છે.'

'પંથ કોને કહેવો?'

'શ્રુતિઓ જુદી જુદી છે ને સ્મૃતિઓ પણ જુદી જુદી છે. જેના વચનને પ્રમાણભૂત માની શકાય એવા કોઈ મુનિ નથી: એટલે કે મુનિઓના શબ્દોમાં પણ એકવાક્યતા નથી દેખાતી. ધર્મનું તત્વ હૃદયરૂપી ગુફામાં છુપાયલું અથવા અત્યંત ગુઢ છે. એટલે અનુભવી મહાપુરુષો જે માર્ગે ચાલ્યા કે વિકાસ કરી ચૂક્યા છે તે જ પંથ છે.'

'ઠીક ત્યારે, વાર્તા કયા છે તે કહી બતાવો!'

'આ મહામોહરૂપી કઢાઈમાં કાળ ભગવાન સમસ્ત પ્રાણીઓને માસ અને ઋતુરૂપી કડછીથી ફેરવીને સૂર્યરૂપી અગ્નિ તથા દિવસરાતરૂપી લાકડાં દ્વારા પકાવી રહ્યા છે એ જ સૌથી સરસ અનાદિ કાળથી ચાલી આવતી વાર્તા છે.'

યુધિષ્ઠિરના પ્રત્યુત્તરોથી વધુ પ્રસન્ન થયો ને બોલ્યો:

'સૌથી અધિક ધની કોને કહેવો?'

યુધિષ્ઠિરે જણાવ્યું:

'સંસારમાં તો જે સ્થૂળ ધન, વૈભવ, ઐશ્વર્ય અથવા સંપત્તિથી સંપન્ન હોય તેને ધની કહેવામાં આવે છે. પરંતુ એ બાબતમાં મારી માન્યતા જરા જુદી છે. મારી દૃષ્ટિએ સાચો ધનવાન એ જ છે જે સુખ તથા દુઃખ, પ્રિય અને અપ્રિય, હર્ષ અને શોક તેમ જ ભૂત અને ભવિષ્ય જેવાં દ્વંદ્વોની વચ્ચે સ્થિર રહી શકે છે. જેણે અક્ષય આત્મધનની પ્રાપ્તિ કરી છે તે જ સૌથી વધારે ધનવાન છે.'

યક્ષની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

એ પ્રસન્નતા એના મુખમંડળ પર સ્પષ્ટ રીતે દેખાઈ રહી.

એણે યુધિષ્ઠિરને સંપૂર્ણપણે સાચા ઉત્તરો આપવા માટે ઊંડા ઉમળકાપૂર્વક અભિનંદન આપ્યાં ને કહ્યું:

'તમારા પ્રત્યુત્તરોએ મને પ્રસન્ન કર્યો છે. હું એના બદલામાં તમારી ઉપર અનુગ્રહ કરવા તૈયાર છું. તમારા મૃત ભાઈઓમાંથી તમે જેને પસંદ કરશો તે એક ને હું પુનર્જીવન આપી શકીશ. માટે કોને પુનર્જીવન આપું તે કહી બતાવો.'

યુધિષ્ઠિર સહેજ પણ સંકોચ વિના સત્વર બોલ્યા:

'મારા બધા ભાઈઓમાંથી મારા પસંદગી પ્રમાણેના કોઈ એક જ ભાઈને પુનર્જીવન આપવાની તમારી તૈયારી હોય તો હું નકુલને પસંદ કરું છું. તમે નકુલને પુનર્જીવન આપી શકો છો.'

યક્ષના મુખમંડળ પર આશ્ચર્યની છાયા ફરી વળી. એણે પૂછ્યું:

'તમે તમારા નાના ભાઈ નકુલને શા માટે પસંદ કરો છો?'

'કેમ?'

'નકુલ કરતાં ભીમ અને અર્જુન વધારે બળવાન છે. ભીમ દસ હજાર હાથીઓના બળ જેટલું બળ ધરાવે છે અને અર્જુનનું સામર્થ્ય પણ સુપ્રસિદ્ધ છે. ભીમ અને અર્જુન તમને અનેક રીતે ઉપયોગી થઈ શકે. એમને પસંદ કરવાનું છોડીને તમે નકુલને પસંદ કરો એથી આશ્ચર્ય ના થાય તો બીજું શું થાય?'

યુધિષ્ઠિર બોલ્યા:

'તમને આશ્ચર્ય થાય તે સાવ સ્વાભાવિક છે. તોપણ મારી પસંદગી ધર્મસંગત તથા ન્યાયયુક્ત છે. જીવનમાં જે ધર્માનુસાર નથી ચાલતો તે હાથે કરીને પોતાનો નાશ નોતરે છે અને જે ધર્માચરણ કરે છે તે સુખી થાય છે. એ મંત્રને મેં મારા વ્યક્તિગત જીવનમાં વણી લીધો છે. એથી મને લાભ થયો છે.'

'નકુલની પસંદગી કરવામાં કયો ધર્મ સંકળાયેલો છે તે મને નથી સમજાતું.'

'મારી દૃષ્ટિ પ્રમાણે સમજશો તો સમજાશે. તમે તો જાણો છો કે લોકો મને ધર્માત્મા કહે છે. મારે સૌ ભાઈઓ પ્રત્યે સમભાવ રાખવો જોઈએ. મારા પૂજ્ય પિતાની બે પત્નીઓ હતી: કુંતી અને માદ્રી. બંનેને માટે એમને સરખો પ્રેમ હતો. માદ્રીએ પોતાના પુત્રો નકુલ તથા સહદેવની સોંપણી કુંતીને કરેલી. મારી માતા કુંતીએ અને અમે એમની સંભાળ સારી રીતે રાખી છે. એ મને ભીમ તથા અર્જુન જેટલા જ પ્રિય છે. હવે કોઈ એક ભાઈને પુનર્જીવન આપવાનો પ્રશ્ન છે ત્યારે માદ્રીને અન્યાય ના થવો જોઈએ. નકુલને પુનર્જીવિત કરીને માદ્રીના આત્માનું તો તર્પણ કરી જ શકાશે પરંતુ સાથે સાથે મને પણ ધર્માચરણનો સંતોષ તથા શાંતિ મળશે.'

'પરંતુ માદ્રી તો અત્યારે નથી.'

'એથી શું? એ નથી માટે તો એના તરફની જવાબદારી વધે છે ને વધારે મહત્વ ધારણ કરે છે. મારા હૃદયમાં માતા કુંતી અને માદ્રી બંને પ્રત્યે સમાન ભાવ છે. બંને વચ્ચે મને કોઈ ખાસ ભેદ નથી લાગતો. માટે નકુલ જ પુનર્જીવન પ્રાપ્ત કરે એવી મારી ઈચ્છા.'

'યુધિષ્ઠિર, તમે ફરીવાર, શાંત ચિત્તે અને સારી પેઠે વિચાર કરી જુઓ. પાછળથી પસ્તાવું ના પડે માટે ખોટું સાહસ ના કરી બેસો.'

'હું સાહસ નથી કરતો. મેં જે નક્કી કર્યું છે તે સારી પેઠે વિચારીને જ નક્કી કર્યું હોવાથી તેને માટે પસ્તાવાનો પ્રસંગ ઉપસ્થિત થવાનો કોઈ ખાસ અવકાશ જ નથી રહેવાનો!'

'તો પછી તમારો નિર્ણય અફર છે ?'

'અવશ્ય. એ અફર અથવા અંતિમ છે.'

યુધિષ્ઠિરની દૃઢતા જોઈને યક્ષે પોતાનો સૂર બદલ્યો ને જણાવ્યું:

'યુધિષ્ઠિર, તમારી નિર્મળ ધર્મબુદ્ધિને માટે તમને ધન્યવાદ ઘટે છે. આટલી બધી નિર્મળ ધર્મબુદ્ધિનું દર્શન તમારા જેવા કોઈક નિર્મળ હૃદયના વિરલ વ્યક્તિવિશેષના જીવનમાં જ થઈ શકે. આવી વિશદ ધર્મબુદ્ધિ કોઈક ધન્ય કાળે ધન્ય સ્થળે જ જોવા મળે. મારું જીવન એથી સફળ અને ધન્ય બન્યું. તમારા પ્રાણપ્યારા બંધુઓ આવી રીતે મારા આદેશનું ઉલ્લંઘન કરીને મરણને શરણ ના થયા હોત તો તમારા ધર્માનુચરણના પ્રેમનો પરિચય મને કેવી રીતે થાત? એટલે જે થયું તેને હું તો મંગલમય અથવા શ્રેયસ્કર જ સમજું છું.'

યક્ષે થોડોક શ્વાસ ખાઈને કહ્યું:

'તમારી નિષ્ઠા, પ્રીતિ તથા સમભાવનાએ મારું હૃદય જીતી લીધું છે. પહેલાં મેં તમારા એક જ ભાઈને જીવન પ્રદાન કરવાનો નિર્ણય કરેલો પરંતુ એ નિર્ણયમાં ફેરફાર કરીને હવે સૂચવું છું કે તમારા બધા જ બંધુઓ મારા અનુગ્રહથી ફરીવાર જીવન પ્રાપ્ત કરી લેશે. અત્યારે ને અત્યારે જ.'

એવું કહીને યક્ષ વૃક્ષ પરથી નીચે ઊતર્યો.

એણે ચારે મૃત ભાઈઓના શરીર પર પાણીની અંજલિ છાંટી.

એને લીધે ચારે ભાઈઓ ઊંઘમાંથી ઊઠતા હોય તેમ બેઠા થઈ ગયાં.

* * *

૧૪. વિરાટનગરમાં

પોતાના પ્રિય બંધુઓને પુનર્જીવન પામેલા જોઈને યુધિષ્ઠિરનું હૈયું હરખી રહ્યું.

એમની આંખ ભરાઈ આવી.

એમણે યક્ષને એના અનુગ્રહને માટે અંતઃકરણપૂર્વકના ધન્યવાદ આપીને પૂછ્યું:

'તમારું જ્ઞાન, સામર્થ્ય અને કર્મ જોતાં તમે કોઈ સામાન્ય આત્મા તો નથી જ લાગતા. તમારું વ્યક્તિત્વ અત્યંત અસાધારણ છે એમાં શંકા નથી. આ વિશાળ પૃથ્વીમાં એવો કોઈયે વીરપુરુષ મેં નથી જોયો જે મારા અદભુત બાહુબળવાળા પરમ પ્રતાપી બંધુઓને આવી રીતે ઘડીના છઠ્ઠા ભાગમાં જ નિષ્પ્રાણ બનાવી દે. તમારી શક્તિ સાચેસાચ અજોડ છે. તમે યક્ષ તો ના જ હોઈ શકો. તમારા વાસ્તવિક સ્વરૂપને જાણવાની મારી ઈચ્છા છે.'

'મારું વાસ્તવિક સ્વરૂપ જાણવાની ઈચ્છા?' યક્ષે હસીને પૂછ્યું ને કહ્યું:

'એવી ઈચ્છા થાય એ સાવ સ્વાભાવિક છે. એ ઈચ્છાને સહેલાઈથી સમજી શકું છું. હું ધર્મરાજ પોતે છું ને તમારી ધર્મનિષ્ઠાની કસોટી કરવા માટે આવ્યો છું. એ કસોટીમાંથી તમે સારી પેઠે પસાર થઈ ગયા. તમારી સમદૃષ્ટિને જોઈને મને સંપૂર્ણ સંતોષ થયો છે. જગતમાં તપસ્વી જ્ઞાની મનુષ્યો મળે છે. પરંતુ સમદૃષ્ટિથી સંપન્ન મનુષ્યો ભાગ્યે જ મળી શકે છે. એ સમદૃષ્ટિથી મને ઊંડી પ્રસન્નતા થઈ છે. હું તમને ઈચ્છાનુસાર વસ્તુ પ્રદાન કરવા તૈયાર છું. તમે મારી પાસેથી કોઈ વરદાન માગી લો.'

યુધિષ્ઠિરે કોઈ પણ પ્રકારના સંકોચ સિવાય કહ્યું:

'જે બ્રાહ્મણના મંથનકાષ્ઠને લઈને મૃગ નાસી ગયું છે તેના અગ્નિહોત્રમાં ભંગ ના પડે.'

'મૃગના રૂપમાં મંથનકાષ્ઠને લઈને નાસી જનાર બીજો કોઈ નહિ પણ હું જ હતો. અરણી સાથેનું એ મંથનકાષ્ઠ તમને સુપ્રત કરું છું. એ મંથનકાષ્ઠ તમે એ બ્રાહ્મણને અર્પણ કરજો. એ વરદાન તો સાવ સાધારણ છે. માટે તમે કોઈ બીજું વરદાન માગી લો.'

'બીજું કોઈ વરદાન આપવાની તૈયારી હોય તો એ જ વરદાન માગી લઉં કે વનવાસના તેરમા વરસ દરમિયાન અમને કોઈ ઓળખી ના શકે. ખાસ કરીને દુર્યોધન અને એના પક્ષના માણસો.'

'એ વરદાન પણ મેં આપી દીધું. દુર્યોધન અને એના સાથીઓ તમારી માહિતી મેળવવાના બનતા બધા જ પ્રયત્નો કરવા છતાં એ પ્રયત્નોમાં સફળ નહિ થાય. તેરમા વરસે તમે બધા ગુપ્ત જ રહેશો. તમે તમારા આ જ રૂપે વિચરશો તોપણ તમને કોઈ નહિ ઓળખી શકે. મારા અનુગ્રહને પરિણામે તમે બધા જેવું ધારશો તેવું સ્વરૂપ ધારણ કરી શકશો. એથી તમને મોટી મદદ મળશે. એ ઉપરાંત પણ કોઈ બીજું વરદાન માગવું હોય તો માગી લો.'

યુધિષ્ઠિર વિચારમાં પડ્યા ને બોલ્યા:

'તમારો આટલો અનુગ્રહ ઓછો છે કે હજુ પણ વધારે વરદાન માગવાની ઈચ્છા કરું ? તમારા દૈવી દર્શનનો દેવદુર્લભ લાભ મેળવીને અમે ખરેખર કૃતાર્થ છીએ. વિશેષ વરદાન આપવાની ઈચ્છા જ હોય તો

એવું વરદાન આપો અથવા એવો અનુગ્રહ કરો કે ક્રોધ, લોભ, લાલસા કે મોહને જીતી શકું તેમ જ મારા મનને દયા, દાન, તપ તથા સત્યમાં લગાડી શકું.'

ધર્મે કહ્યું:

'યુધિષ્ઠિર, તમારા વિના આવી ઉદાત્ત ભાવનાથી ભરેલું વરદાન બીજું કોણ માગી શકે? તમારા વિના જીવનની વિશુદ્ધિનો એવો વિચાર પણ બીજા કોને આવે? માનવ મોટે ભાગે નિરંકુશ જીવન જીવતો હોય છે અને એવા જીવનમાં જ આનંદ માને છે. સંયમશીલ શુદ્ધ જીવન જીવવાની ઈચ્છા કોઈક વિરલ વ્યક્તિવિશેષના જ જીવનમાં જાગે છે, પુષ્ટિ પામે છે, ને સફળ બને છે. તમે તો સદગુણોના ભંડાર છો. એ સદગુણો તમારા જીવનમાં કાયમ રહેશે ને ઉત્તરોત્તર વધતા જ જશે. એને માટે મારો અંતઃકરણપૂર્વકનો આશીર્વાદ છે.'

એ આશીર્વાદથી યુધિષ્ઠિર આનંદી ઊઠ્યા.

પાંડવો પણ ખૂબ જ પ્રસન્ન થયા.

એ જ વખતે ધર્મરાજ અદૃશ્ય થઈ ગયા.

એ એમના આશ્રય તરફ ચાલી નીકળ્યા ત્યારે ભીમે જણાવ્યું:

'આપણે પાણીની શોધમાં આ જળાશય પાસે આવવાનું થયું એ ઘણું સારું થયું.'

'અને મરણને શરણ થવાનું થયું તે?' અર્જુને પૂછ્યું: 'એ સારું થયું કે નહિ?'

'એ પણ એક રીતે જોતાં સારું જ થયું.' સહદેવ બોલ્યો.

'બરાબર છે.' નકુલે સૂર પુરાવ્યો: 'એને લીધે તો આપણે પુનર્જીવનનો આનંદ પ્રાપ્ત કરી શક્યા તથા જેમની કલ્પના પણ નહોતી એવાં અમૂલખ વરદાન પામ્યાં.'

'સાચું છે.' યુધિષ્ઠિરે ઉપસંહાર કરતાં કહ્યું: 'આ ઘટના આપણા સૌના જીવનને માટે આશીર્વાદરૂપ થઈ ગઈ છે. એથી આપણને અસાધારણ લાભ થયો છે. હવે આપણને કોઈ ભય નથી રહ્યો. વનવાસનું તેરમું વરસ આપણે કોઈપણ પ્રકારની ચિંતા વિના શાંતિપૂર્વક પસાર કરીશું. દુર્યોધન આપણી માહિતી મેળવવાના કરોડો કીમિયા કરશે તોપણ સફળ નહિ થાય.'

પાંડવોએ પોતાના આશ્રમમાં આવીને પેલા તપસ્વી બ્રાહ્મણને અરણી સાથે મંથનકાષ્ઠ સુપ્રત કર્યું.

વનવાસનો નિર્ધારિત વખત એવી રીતે ચિત્રવિચિત્ર અનુભવોમાં ઝડપથી પસાર થવા માંડ્યો.

જોતજોતામાં બાર વરસ પૂરાં થવા આવ્યાં.

તેરમાં વરસના પ્રારંભને એકાદ અઠવાડિયું બાકી રહ્યું એટલે યુધિષ્ઠિરે વનવાસી મુનિવરોને કહ્યું:

'તમારા સૌના સ્વર્ગીય સહવાસમાં અમારા દિવસો ખૂબ જ આનંદપૂર્વક પસાર થઈ ગયા. તમારે લીધે એકાંત વન અમારે માટે રાજભવન સરખું સુખદ થઈ પડ્યું છે. એને માટે અમે તમારા ઋણી છીએ. અમારાં જીવનમાં હવે તેરમા અજ્ઞાતવાસના વરસનો આરંભ થશે. એ વરસ અમે શાંતિપૂર્વક પસાર કરી શકીએ એ માટે તમારા સૌના આશીર્વાદની આવશ્યકતા છે.'

મુનિઓએ જણાવ્યું:

'યુધિષ્ઠિર! અમારા તમને આશીર્વાદ છે. તમારા સૌના સંસર્ગને લીધે અમને પણ ખૂબ જ આનંદ થયો છે. તમારા અજ્ઞાતવાસનું તેરમું વરસ ઘણી સારી રીતે પસાર થઈ જશે. દુર્યોધન તમારી ઉપર વિપત્તિનો વરસાદ વરસાવવા બનતું બધું જ કરી છૂટ્યો છે તોપણ હવે એનો પુરુષાર્થ સફળ નહિ થઈ શકે.'

મુનિવરોના શબ્દો સાંભળીને પાંડવો પ્રસન્ન થયા. ભીમ બોલી ઊઠ્યો:

'દુર્યોધને અમારી પાછળ ગુપ્તચરો રાખ્યા છે. એ ઉપરાંત લાગતાવળગતા સૌને સૂચના પણ આપી છે કે અમને કોઈ આશ્રય ના આપે તથા મદદ ના કરે. એટલા માટે તો અમે કોઈક બીજા પ્રદેશમાં જવાનો નિર્ણય કર્યો છે. દુર્યોધન ત્યાં પણ અમને શાંતિથી નહિ રહેવા દે તો મારા મનને શાંત નહિ રાખી શકું. એને યુદ્ધ માટે લલકારીને મારે દંડ દેવો પડશે.'

અર્જુન બોલ્યો:

'મુનિવરોનાં તથા ધર્મરાજના વચનમાં મને તો પૂરતો વિશ્વાસ છે એટલે દુર્યોધનના બધા જ પ્રયત્નો વ્યર્થ બનશે. આપણે એની લેશપણ ચિંતા કરવાની જરૂર નથી લાગતી.'

યુધિષ્ઠિરે અજ્ઞાતવાસનું તેરમું વરસ ક્યાં વિતાવવું તે બાબત મુનિવરોની સલાહ માગી તો મુનિઓએ જણાવ્યું:

'અજ્ઞાતવાસનું તેરમું વરસ વિરાટનગરમાં વિતાવવાનું સારું રહેશે. એ નગર તમને બધી રીતે અનુકૂળ રહેશે. તમારો વનવાસનો શેષ સમય સારી રીતે પૂરો થશે એ માટે અમારો અંતઃકરણપૂર્વકનો આશીર્વાદ છે.'

પાંડવો પ્રસન્ન થયા.

દ્રૌપદીને પણ આનંદ થયો.

સૌએ પ્રાતઃસ્મરણીય મુનિવરોને પ્રણામ કર્યા.

એ જ દિવસે દ્વૈતવનનો ત્યાગ કરીને આગળ વધવાની એમણે તૈયારી કરી.

મુનિઓએ એમને હર્ષાશ્રુ સાથે વિદાય આપી.

એમના આશ્રમોમાં રહેનારી ગાયો પણ એમનાં વાછરડાં સાથે એક પ્રકારની મીઠી વેદનાનો અનુભવ કરવા માંડી.

આશ્રમોનાં હરણો પણ એક પ્રકારની મૂક વેદનાનો અનુભવ કરવા લાગ્યાં.

એમની મુખાકૃતિ અને આંખ પરથી સ્પષ્ટ દેખાઈ આવ્યું કે એમને પાંડવો તથા દ્રૌપદીનો વિયોગ નથી ગમતો.

દ્રૌપદી એમના સંવેદનશીલ દિલને સમજી ગઈ.

એમની પાસે પહોંચીને એણે ચાર-પાંચ ગાયો, વાછરડાં અને હરણોના શરીરે હાથ ફેરવ્યો.

એ જ વખતે એમની આંખમાંથી અશ્રુ ટપકી પડ્યાં.

મૂંગા પ્રાણીઓનાં હૈયા કોણ કહે છે કે હાલી નથી ઊઠતાં અને સંવેદનશીલતાનો અનુભવ નથી કરતાં?

આંખુય વન વિયોગની વેદનાથી સભર બનીને પાંડવોના પ્રયાણને પેખી રહ્યું.

વાયુએ મંદગતિએ વહેવાનું શરૂ કર્યું.

પંખીઓના કરુણ સ્વર વિયોગની વ્યથાથી ભરેલા એ વાતાવરણમાં ચારે તરફ ફરી વળ્યાં.

એ દિવસે પાંડવોએ દ્રૌપદી સાથે થોડોક પ્રવાસ કરીને એક બીજા સુંદર સ્થળમાં વિશ્રામ કર્યો, અને અજ્ઞાતવાસનું તેરમું વરસ કેવી રીતે વિતાવવું તેની યોજના-વિચારણામાં લાંબો વખત પસાર કર્યો.

સુનિશ્ચિત અને સંતોષકારક યોજના ઘડી કાઢીને સૌ સૂઈ ગયા.

બીજે દિવસે ઊઠીને પાંડવો દ્રૌપદી સાથે યમુના નદીના દક્ષિણ તટ પરથી આગળ વધ્યા.

જંગલોમાં અને પર્વતોની ગુફાઓમાં વિશ્રામ કરતા તથા વનના ભયંકર માર્ગેથી આગળ વધતા છેવટે એ મત્સ્યદેશમાં પહોંચી ગયાં.

મત્સ્યદેશના પાટનગર વિરાટનગરની પાસે પહોંચ્યા પછી એમને શાંતિ થઈ.

વિરાટનગર ઘણું રમણીય અને વિશાળ હતું.

એની હદમાં પ્રવેશતાવેંત અર્જુને જણાવ્યું:

'આપણે આપણાં શસ્ત્રો સાથે વિરાટનગરમાં પ્રવેશ કરીએ એ ઉચિત નથી. કારણ કે એ અવસ્થામાં બીજા આપણને સહેલાઈથી ઓળખી લેશે. એટલે આપણે શસ્ત્રોને મૂકીને જ આગળ વધીએ.'

'પરંતુ શસ્ત્રોને મૂકવા કયાં અને કોના ભરોસે?' ભીમે પૂછ્યું: 'આવાં સરસ અને ભારે શસ્ત્રોને કાંઈ રસ્તા પર થોડાં જ મૂકી દેવાય?'

'રસ્તા પર શા માટે મૂકીએ? એમને આપણે સુયોગ્ય સ્થાનમાં જ મૂકી દઈએ. મારું આ ગાંડીવ જ કેટલું મોટું છે? એને લઈને નગરમાં પ્રવેશ કરવામાં જોખમ છે.'

યુધિષ્ઠિરને પણ અર્જુનની વાત પસંદ પડી. સમીપમાં જ આવેલા સ્મશાન તરફ સંકેત કરીને એમણે સૂચવ્યું:

'સ્મશાનની પાસેની ટેકરી પર આવેલું પેલું શમીવૃક્ષ જોયું? એ કેટલું બધું વિશાળ તથા ઘટાદાર છે? એની ઉપર ચઢવાનું સાધારણ માનવને માટે મુશ્કેલ છે. એ વૃક્ષ રસ્તાથી દૂર જંગલમાં છે. એની ઉપર આપણાં શસ્ત્રાસ્ત્રો રાખીને આપણે નગરમાં આગળ વધીએ એ ઉચિત છે.'

યુધિષ્ઠિરનું એ સૂચન સૌને ગમી ગયું.

સૌએ પોતાનાં શસ્ત્રો એકઠાં કરીને ધનુષ્યની સાથે બાંધી દીધાં.

પછી યુધિષ્ઠિરના આદેશને માન આપીને નકુલ ભીમની મદદથી એ સુંદર શમીવૃક્ષ પર ચઢી ગયો.

એણે સૌનાં ધનુષ્યોને એક સલામત સ્થાનમાં દોરડાની મદદથી શાખા સાથે મજબૂત રીતે બાંધી દીધાં.

એ પછી શસ્ત્રોને વધારે સુરક્ષિત કરવાના ઉદ્દેશથી પ્રેરાઈને પાંડવોએ એક વિચિત્ર કામ કરી નાખ્યું.

સ્મશાનમાં પડેલી તાજી લાશને લઈને એમણે એ ઘટાદાર શમીવૃક્ષ પર લટકાવી દીધી જેથી એને જોઈને કોઈ એ વૃક્ષની પાસે ના આવે.

એવી રીતે બધી બાહ્ય વિધિ પતી ગયા પછી એમણે એમની નિશ્ચિત યોજનાનુસાર નગરમાં પ્રવેશ કર્યો.

નગરમાં પ્રવેશ કરતાંવેંત જ એમની દૃષ્ટિ દેવીના એક સુંદર મંગલમય મંદિર પર પડી.

મંદિરના સુવર્ણમય શિખરને નિહાળીને એમનું મન ખૂબ જ પ્રસન્ન થયું.

એમણે એ રંગબેરંગી સુંદર પુષ્પોથી સુશોભિત ઉદ્યાનવાળા શાંત મંદિરમાં પ્રવેશ કર્યો ને એની અધિષ્ઠાત્રી દેવીની પ્રતિમાને પુષ્કળ પ્રેમ તેમ જ પૂજ્યભાવપૂર્વક પ્રણામ કર્યા.

દેવીએ એ પ્રણામનો સ્વીકાર કરતાં જાણે સ્મિત કર્યું.

એ આશીર્વાદાત્મક સ્મિતનો અનુભવ કરતાં પાંડવો કૃતાર્થ થયાં.

દ્રૌપદી બોલી:

'જગદંબા આપણી ઉપર અનુગ્રહની અનંત વર્ષા વરસાવી રહી હોય એવું લાગે છે. મારું અંતર સાક્ષી પૂરે છે કે અજ્ઞાતવાસનો આપણો સમય ઘણી સારી રીતે પસાર થઈ જશે અને છેવટે સૌ સારાં વાનાં થશે.'

'મને પણ એવું જ લાગે છે.' અર્જુન બોલ્યો.

'અને મને પણ.' યુધિષ્ઠિરે સૂર પુરાવ્યો:

'પરંતુ એક વાત યાદ રાખવા જેવી છે.' ભીમ કહેવા માંડ્યો:

'આપણો માર્ગ સદાને સરળ અથવા સલામત રહેશે એવું સ્વપ્ને પણ ન માનતા. આપણે વિરાટનગરમાં રહીને પણ સાવધ તો રહેવું જ પડશે.'

'સાવધ તો રહીશું જ. આપણે બધા જ પરાક્રમી છીએ એટલે કોઈ આપણને ખોટી રીતે નથી રંજાડી શકે તેમ.'

મત્સ્યદેશના પ્રતાપી રાજા વિરાટની સભામાં સૌથી પહેલાં યુધિષ્ઠિરે પ્રવેશ કર્યો.

રાજા વિરાટે એમનો સત્કાર કર્યો અને એમના આગમનનું પ્રયોજન પૂછ્યું એટલે યુધિષ્ઠરે જણાવ્યું:

'હું એક ઉચ્ચ કુલોત્પન્ન બ્રાહ્મણ છુ. મારી અભિલાષા આપની પાસે રહીને આજીવિકા મેળવવાની અને બદલામાં સેવા કરવાની છે.'

રાજાએ કહ્યું:

'તમારો આશય ઘણો ઉદાત્ત છે. એ જાણીને મને આનંદ થાય છે. પરંતુ તમે ક્યા પ્રકારની સેવા કરશો તે પણ સાથે સાથે જણાવી શકો તો સારું.'

'મારી સેવા છેક સાધારણ હોવા છતાં અસાધારણ છે.'

'એટલે? એ સેવા કેવી છે?'

'દ્યૂતક્રીડામાં પાસા ફેંકવાની કળામાં કુશળ હોવાથી તમારી એ સંબંધમાં સેવા કરવાની મારામાં શક્તિ છે.'

'તમારું નામ તથા ગોત્ર કયું છે તથા તમે પહેલાં કોઈ સારે ઠેકાણે રહી ચૂક્યા છો?'

'મારું ગોત્ર વ્યાઘ્રપાદ તથા મારું નામ કંક છે. પહેલાં મેં ઈન્દ્રપ્રસ્થમાં રહીને પરમ પ્રતાપી રાજા યુધિષ્ઠિરની સારી પેઠે સેવા કરી છે. એટલે મને રાજ્યકુળનો પર્યાપ્ત અનુભવ છે.'

'કંક, તમારા સરખા સુયોગ્ય પુરુષની અમારે આવશ્યકતા છે. તમને મારે ત્યાં જરૂર સ્થાન મળશે અને એ પણ એક ખાસ માનવંતા મિત્ર તરીકે. તમને મારા જેવી જ સુંદર પાલખીમાં બેસવાની તથા મારી

પાસે ગમે ત્યારે આવવાની છૂટ રહેશે. રાજ્યની બહારના સંબંધો, કોષ, સેના અને રાજપ્રાસાદની વ્યવસ્થાનો ભાર તમારે માથે રહેશે. એ ઉપરાંત જીવિકા અથવા આશ્રયની ઈચ્છાવાળા માણસોની વિજ્ઞપ્તિઓને સાંભળવાની તેમ જ માન્ય રાખવાની જવાબદારી પણ તમારી જ રહેશે. તમારી શક્તિનો પૂરતો ઉપયોગ કરીને તમે અહીં રહેશો ને તમારા વર્તન તથા કામથી મને સંતોષ મળશે તો આગળ પર બીજા વિશેષાધિકારો પણ અર્પણ કરીશ.'

યુધિષ્ઠિરે ભારે પ્રસન્નતાપૂર્વક રાજાનો આભાર માન્યો. રાજાએ પોતાનો સેવક નહિ પરંતુ મિત્ર તરીકે સ્વીકાર કર્યો એથી એમને આનંદ થયો.

પોતે યુધિષ્ઠિરને ત્યાં રહીને વિશેષ અનુભવ મેળવ્યો છે એવી માહિતી મળવાથી જ રાજાએ પોતાની ઉપર આવો અસાધારણ અનુગ્રહ કરેલો એમાં લવલેશ શંકા નહોતી. પરંતુ એ અનુભવે એમના અંતરને ઊંડા સંવેદનથી ભરી દીધું.

એમને થયું કે વિધિની કેવી વિચિત્રતા છે? રાજા વિરાટને ક્યાં ખબર છે કે જે યુધિષ્ઠિરના નામનો આવો પ્રભાવ છે તે યુધિષ્ઠિર પોતે જ આશ્રયની આકાંક્ષાથી આવી પહોંચ્યો છે? એમને એવી ખબર પડે તો એમની અને પોતાની સ્થિતિ કેવી કફોડી થાય?

રાજાએ એકાએક પૂછ્યું પણ ખરું:

'રાજા યુધિષ્ઠિર કુશળ તો છે ને? એમના કશા સમાચાર છે કે નહિ? દુર્યોધને હસ્તિનાપુરમાં એમને દ્યૂતક્રીડા માટે આમંત્ર્યા એ પછી એ દ્યૂતમાં હારી ગયેલા એવા સમાચાર સાંપડેલા ખરા. પરંતુ પાછળથી એમનું શું થયું અને અત્યારે એમની અવસ્થા કેવી છે તે નથી જાણી શકાયું.'

યુધિષ્ઠિર ઈરાદાપૂર્વક ચૂપ રહ્યા એટલે રાજાએ જણાવ્યું:

'મહારાજા યુધિષ્ઠિરની અવસ્થા અત્યારે કેવી છે તેની ખબર કદાચ તમને નહિ હોય. પરંતુ એથી શું? તમારા જેવા વિનયી, મધુભાષી, અનુભવી પુરુષને મેળવીને મને સંતોષ થયો છે. તમારે લીધે મારો રાજપ્રાસાદ અને રાજદરબાર સુશોભિત બનશે.'

એ પછી રાજા વિરાટની પાસે ભીમ આવી પહોંચ્યો ને બોલ્યો:

'મારું નામ બલ્લવ છે. હું રસોઈ બનાવવાનાં કામમાં કુશળ હોવાથી તમારે ત્યાં રસોઈયા તરીકે રહેવાની ઈચ્છાથી આવી પહોંચ્યો છું.'

રાજાએ એની તરફ સ્થિર દૃષ્ટિથી જોયું ને કહ્યું:

'તું રસોઈયો હોય એવું માની નથી શકાતું. તું તો ભારે પરાક્રમી અને તેજસ્વી છે.'

'હું પરાક્રમી અને તેજસ્વી તથા હૃષ્ટપુષ્ટ શરીરવાળો છું એ સાચું છે તોપણ છું તો રસોઈકળામાં કુશળ રસોઈયો જ. મને રાજકુળની ઉત્તમ રસોઈનો અનુભવ છે. હું તમને મારી રસોઈથી પ્રસન્ન કરીશ. મારી શરીરશક્તિ પણ અત્યંત અસાધારણ છે. મોટા મોટા પહેલવાનો પણ મારી બરાબરી નથી કરી શકતા. મને સિંહો તથા હાથીઓ સાથે યુદ્ધ કરતાં પણ સારું ફાવે છે. એમાં હું સિદ્ધહસ્ત છું એમ કહું તો ચાલે. મારી વાતમાં સહેજ પણ અતિશયોક્તિ નથી એની પ્રતીતિ હું તમને યોગ્ય સમય પર કરાવી આપીશ.'

રાજાએ ભીમને પોતાને ત્યાં પાકશાળાના મુખ્ય વ્યવસ્થાપક તરીકે નિયુક્ત કરી દીધો.

યુધિષ્ઠિર અને ભીમ બંનેને એથી સંતોષ થયો.

થોડા દિવસોમાં તો એ બંનેએ પોતાના ઉત્તમ વ્યવહારથી વિરાટ રાજાના દિલને જીતી લીધું.

એવી રીતે થોડાક દિવસો પસાર થયા એટલે દ્રૌપદી છેક સાધારણ વસ્ત્રો પહેરીને રાજા વિરાટની રાણી સુદેષ્ણા પાસે આવી પહોંચી.

રાણીએ એનો પરિચય પૂછ્યો એટલે એણે કહ્યું:

'મારું નામ સૈરન્ધ્રી છે. હું સેવાકર્મમાં કુશળ છું અને એ કાર્યની ઈચ્છાથી પ્રેરાઈને તમારો આશ્રય માગું છું. મને ઉત્તમ પ્રકારના અંગરાગ તૈયાર કરતાં, હાર બનાવતાં અને વાળ ગૂંથતા આવડે છે. હું પહેલા મહારાણી દ્રૌપદીની સેવામાં રહી ચૂકી છું.'

'પરંતુ સૈરન્ધ્રી, તારી અલૌકિક સુંદરતા તથા કાન્તિને જોતાં તું કોઈ સામાન્ય સ્ત્રી નથી લાગતી.'

'છતાં પણ હું એક સામાન્ય સ્ત્રી કરતાં વિશેષ કશું જ નથી. સામાન્ય સ્ત્રી ના હોત તો તમારી પાસે આશ્રય શોધતી ના આવત.'

'હું તને આશ્રય અવશ્ય આપીશ, તને તારે લાયક કાર્ય સુપ્રત કરીશ. પરંતુ તને જોઈને રાજા મોહિત તો નહિ થઈ જાય?'

'એની ચિંતા ના કરતાં. મારી સ્વભાવસહજ પવિત્રતા અને મારી શીલવૃત્તિ હંમેશા મારી રક્ષા કરે છે. મને સદાચારથી વિચલિત કરવાની કોઈનામાં શક્તિ નથી. તમે મને આશ્રય આપો એટલે થયું. હું કોઈની ચરણસેવા નહિ કરી શકું ને કોઈનું ઉચ્છિષ્ટ ભોજન પણ નહિ કરું.'

રાણી સુદેષ્ણાએ એને પોતાના મહેલમાં રાખી.

દ્રૌપદી એવી રીતે ઈચ્છાનુસાર આશ્રય મળવાથી રાજી થઈ.

* * *

૧૫. પરાક્રમનો પરચો

યુધિષ્ઠિર, ભીમ અને દ્રૌપદીને આશ્રય મળ્યા પછી સહદેવ, અર્જુન અને નકુલ પણ વિરાટ રાજા પાસે આશ્રય મેળવવા માટે આવી પહોંચ્યા.

સહદેવે ગોવાળનો વેશ ધારણ કરીને રાજા વિરાટની ગૌશાળામાં કામ કરવાની અનુજ્ઞા માગીને કહ્યું:

'હું વૈશ્ય છું ને મારું નામ અરિષ્ટનેમિ છે. પહેલાં હું પાંડવોને ત્યાં ગાયોની સંભાળ રાખતો ને સેવા કરતો. એમના સરખા કોઈ સત્પુરુષની સેવામાં રહીને જીવનને સફળ કરવાના ઉદ્દેશથી જ હું જુદાં જુદાં સ્થળોમાં વિચરણ કરું છું. આપના જેવા સત્પુરુષ મને બીજા કોઈપણ નથી મળી શકે તેમ. માટે જ આપનો આશ્રય શોધતો આવ્યો છું.

રાજા વિરાટે એની યોગ્યતા વિશે પૂછપરછ કરવા માંડી તો એણે સ્પષ્ટીકરણ કરતાં કહ્યું:

'મારી યોગ્યતાનું વર્ણન મારા જ મુખથી કરવાનું ઉચિત તો ના જ લેખાય છતાં મને પૂછવામાં આવ્યું છે તો કહી બતાવું કે ગાયોને વધારવાના, રોગરહિત કરવાના અને સુધારવાના ઉપાયોને હું સારી રીતે જાણું છું. એ ઉપરાંત ઉત્તમ લક્ષણોવાળા બળદોને પણ સહેલાઈથી ઓળખી શકું છું જેમના મૂત્રને સૂંઘવામાત્રથી વંધ્યા સ્ત્રીને પણ ગર્ભ રહી શકે છે.'

રાજા વિરાટે એને પોતાની વિશાળ પશુશાળાનો પ્રધાન અધિકારી બનાવ્યો.

એ પશુશાળાની એક વિશેષતા એ હતી કે એમાં એક જ રંગના એક લાખ પશુ હતાં.

ઈન્દ્રપ્રસ્થ વિના એવી વિશાળ પશુશાળા સહદેવે બીજે ક્યાંય નહોતી જોઈ.

અર્જુન જ્યારે રાજા વિરાટની આગળ ઉપસ્થિત થયો ત્યારે એનું મન એની તરફ સ્વાભાવિક રીતે જ આકર્ષાયું.

એણે સ્ત્રીની જેમ સુંદર આભૂષણો પહેરેલાં.

એના કાનમાં કુંડલ તથા હાથે સોનાની બંગડીઓ હતી.

એના કાળાભમ્મર લાંબા કેશ તથા લાંબા હાથ ખૂબ જ સુંદર દેખાતા.

એણે રાજસભામાં પ્રવેશીને મંદ અને મધુર સ્વરે પોતાનો પરિચય કરાવતાં કહ્યું:

'હું નપુંસક છું ને મારું નામ બૃહન્નલા છે. મેં નૃત્ય તથા સંગીતની વિદ્યામાં પ્રવીણતા પ્રાપ્ત કરી છે. મને વિવિધ પ્રકારનાં વાદ્યો વગાડવાનો પણ શોખ છે.'

રાજાએ એના તરફ રસભરી જિજ્ઞાસાયુક્ત દૃષ્ટિથી જોયું એટલે અર્જુને ઉત્સાહિત બનીને કહ્યું:

'મને જો આશ્રય આપવામાં આવશે તો રાજપરિવારમાં નૃત્ય તથા સંગીત શીખવી શકીશ ને તમને સૌને પ્રસન્ન કરીશ.'

વિરાટ રાજાએ અર્જુનની કસોટી કરીને ખાતરી કરી લીધી કે એ નૃત્ય, સંગીત તેમ જ વાદ્યવિદ્યામાં પારંગત છે. એ ઉપરાંત એના નપુંસકપણાની પણ પ્રતીતિ કરી. એ પછી એની રાજપુત્રી ઉત્તરા અને રાજપરિવારની કન્યાઓને તાલીમ આપવા માટે નિયુક્તિ કરી.

સુયોગ્ય સમય જોઈને નકુલે પણ રાજાની મુલાકાત લીધી ને જણાવ્યું:

'મને અશ્વશાળાઓના સંચાલનનો પૂરતો અનુભવ છે. મેં જુદા જુદા કેટલાય રાજાઓને ત્યાં કામ કર્યું છે. આપની અશ્વશાળાની વ્યવસ્થા માટે મારી પસંદગી કરવાની પ્રાર્થના કરું છું. મારા સેવાકાર્યથી આપને સંપૂર્ણ સંતોષ આપવાની ખાતરી આપું છું. અશ્વોના પ્રકાર અને સ્વભાવનું મને જ્ઞાન છે, એમની ચિકિત્સા પણ સારી પેઠે કરી શકું છું, અને દુષ્ટ પ્રકૃતિના અશ્વોને કહ્યાગરા કરું છું.'

વિરાટનગરમાં અશ્વશાળાની સ્થિતિ સારી હતી. એની વ્યવસ્થા પણ સંતોષકારક કહી શકાય તેવી હતી. તોપણ રાજાએ નકુલના વ્યક્તિત્વનો વિચાર કરીને અને એની વિશિષ્ટ ગુણવત્તાને લક્ષમાં લઈને એને પોતાની અશ્વશાળાના સૌથી ઉત્તમ અધિકારી તરીકે પસંદ કર્યો.

પાંચે પાંડવ એવી રીતે દ્રૌપદી સાથે વિરાટનગરમાં સુખપૂર્વક રાજ્યાશ્રય પામીને રહેવા લાગ્યા.

સમુદ્રપર્યંત પૃથ્વીના સ્વામી પાંડવો કોઈને ખબર ના પડે તેવી રીતે પ્રાપ્ત પરિસ્થિતિમાં પોતાના અજ્ઞાતવાસની અવધિના દિવસો શાંતિપૂર્વક પસાર કરવા માંડ્યા.

દુર્યોધનનો વિચાર એમને હંમેશા આવતો રહેતો.

એ ભારે પ્રપંચી હોવાથી કયે વખતે ગુપ્તચરો દ્વારા માહિતી મેળવે ને શું કરે તે કહી શકાય તેમ ન હતું. એટલે પાંડવો સદા સાવધાન રહેતા.

સૌથી વધારે ચિંતા એમને દ્રૌપદીની થતી હતી.

ઈન્દ્રપ્રસ્થમાં સર્વપ્રકારનું સુખ ભોગવીને વનના કઠોર વસવાટનાં બાર વરસો એણે જે ધીરજ, હિંમત, ઉત્સાહ તેમ જ સમજ અને સહનશીલતાપૂર્વક પસાર કરેલાં તેને યાદ કરીને એને માટે એક પ્રકારનો ઊંડો આદરભાવ પેદા થતો, એક જાતની ઊંડી વેદના અથવા અનુકંપા પણ થઈ આવતી. પરંતુ વિરાટનગરની એની પરિસ્થિતિનો વિચાર કરતાં સૌ ગળગળા બની જતા. એણે જે કામ સ્વીકારેલું તે શું એને માટે ઉચિત હતું? એ કામ કેટલું બધું સામાન્ય કહેવાય અને એ પોતે કેટલી બધી અસામાન્ય હતી? પરંતુ...એવું કામ એ સ્વીકારે નહિ તો બીજું કરે પણ શું?

દ્રૌપદી પોતે પણ ભૂતકાળના કડવા અનુભવોને નહોતી ભૂલી શકી.

એ અનુભવોનાં અવારનવાર થઈ આવતાં સ્મરણો એને સતાવ્યા કરતાં.

એથી એનો અંતરાત્મા સંતપ્ત રહેતો.

એના અંગેઅંગમાંથી જાણે કે જ્વાળાઓ નીકળતી.

કોઈ કોઈવાર ઊર્મિનો અતિરેક થતાં એની આંખમાંથી આંસુ પણ ટપકવા લાગતાં.

કોઈવાર એ ક્રોધે ભરાઈ જતી.

તોપણ એ મોટે ભાગે પ્રાપ્ત પરિસ્થિતિને અનુકૂળ બનવાનો ખ્યાલ રાખતી જેથી બહારના કોઈને શંકા ના થાય અને કોઈ એને ઓળખી ના શકે.

એવી રીતે ત્રણેક મહિનાનો સમય પસાર થયો ને ચોથા મહિનાનો આરંભ થયો ત્યારે વિરાટનગરમાં બ્રહ્મમહોત્સવ શરૂ થવાનો અવસર આવી પહોંચ્યો.

એ ઉત્સવમાં ભાગ લેવા અને એ દરમિયાન કુસ્તી કરીને પોતાનું શ્રેષ્ઠત્વ સાબિત કરવા જુદા જુદા પ્રદેશોમાંથી અસંખ્ય પહેલવાનો એકઠા થયા.

રાજાએ એમનું ભારે ઉમળકાપૂર્વક સ્વાગત કર્યું અને એમને ઉચિત ઉતારો આપ્યો.

કુસ્તી કરવાના આશયથી અખાડામાં એકઠા થયેલા પહેલવાનોમાં સૌથી ચતુર, અભિમાની અને શક્તિશાળી પહેલવાન જીમૂત હતો.

એણે પોતાના અસાધારણ સામર્થ્યથી અખાડામાં આવેલા બધા જ પહેલવાનો પર ધાક જમાવી દીધી.

એની યુક્તિપ્રયુક્તિ તથા દક્ષતા આગળ કોઈપણ પહેલવાન ટકી ના શક્યો.

બધા જ પહેલવાનો ઉત્સાહરહિત તેમ જ ઉદાસ બની ગયા અને એનો મુકાબલો કરતાં ડરવાં લાગ્યાં.

જીમૂત સર્વવિજયી જેવો બની ગયો ને બોલ્યો:

'આટલા બધા પહેલવાનોમાં છે કોઈ મારો સામનો કરનાર અને મને હરાવનાર? મારા જેવી લોકોત્તર શક્તિ બીજા કોઈનામાં ક્યાંથી હોય? આખીયે પૃથ્વીમાં હું એક જ પહેલવાન છું. બીજા તો બધા માત્ર બણગાં ફૂંકનારા છે એટલું જ. હજુ પણ કોઈની હિંમત અને તાકાત હોય તો આગળ આવે.'

પહેલવાન જીમૂતની વાણી સાંભળીને બધા પહેલવાનો વિચારમાં પડ્યા અને એકમેકની તરફ જોવા માંડ્યા.

એમનાં મુખમંડળ મ્લાન બની ગયાં.

એ જોઈને જીમૂતના ઉલ્લાસનો પાર ના રહ્યો.

સભામાં સઘળે સન્નાટો છવાઈ ગયો.

એ વખતે વિરાટ રાજાને ભીમસેનનું સ્મરણ થયું.

ભીમ પહેલવાનોની પાસે, એક તરફ, મૂક પ્રેક્ષક બનીને બેસી રહેલો.

જીમૂતનું પરાક્રમ તથા મિથ્યાભિમાન જોઈને એને કાંઈનું કાંઈ થઈ ગયું.

એની સાથે કુસ્તી કરીને એને પૃથ્વી પર પછાડવાની એને ઈચ્છા થઈ આવી.

એ જ વખતે સહેજ કુતૂહલથી પ્રેરાઈને વિરાટ રાજાએ ભીમને જીમૂતનો પડકાર ઝીલવાનો આદેશ આપ્યો.

એ આદેશને અવગણવાનું ભીમને માટે અશક્ય હતું.

રાજાનું માન રાખવા તથા પોતાની સ્પર્ધાભાવનાને સંતોષવા ભીમ આસન પરથી ઊભો થઈને જીમૂતની આગળ પહોંચ્યો અને એને લલકારવા લાગ્યો.

પોતાની સર્વશ્રેષ્ઠતાને લલકારનાર એ સુદૃઢ શરીરવાળા પુરુષને જોઈને જીમૂત ક્રોધે ભરાયો.

પોતાનો પરાક્રમને કોઈ પડકારી શકે કે પડકારવાની કલ્પના પણ કરી શકે એ વાત એના માન્યામાં નહોતી આવતી.

એણે ગર્વભરી ભાષામાં ભીમને પૂછ્યું:

'તું મારી સાથે સાચેસાચ લડવા માગે છે?'

'લડવા માગું છું એટલું જ નહિ, તને હરાવવા માગું છું.'

'તારી બુદ્ધિ ઠેકાણે તો છે ને?'

'તને તેની શંકા હોય તો મારી સાથે કુસ્તી કરવા માંડ. મારી શૂરવીરતાનો સ્વાદ ચાખીશ એટલે તારી બધી જ ભ્રાંતિ દૂર થશે.'

'તું અકાળે મરવા તૈયાર થયો છે. આજે તારા જીવનનો છેલ્લો દિવસ લાગે છે.'

'એ તો મારી સાથે કુસ્તી કરીશ એટલે સમજી શકીશ. મને દેખીને તું ડરી ગયો છે એટલે જ આવી રીતે બકવાદ કરીને વખત બગાડી રહ્યો છે. બહાદુરો બકવાદ નથી કરતા, બળનો પરચો બતાવે છે.'

'તો પછી જોઈ લે મારો પરચો, આવી જા!'

'હા. આવી જા.'

બંનેએ કુસ્તીની તૈયારી કરી એટલે લોકોએ હર્ષધ્વનિ કર્યો.

હૃષ્ટપુષ્ટ શરીરવાળા ભીમ અને જીમૂતે હાથ મિલાવ્યા ને વિજયની મહેચ્છાથી લડવા માંડ્યું.

એમની કુસ્તીના પરિણામને જોવા સૌ અતિશય ઉત્સુક બની રહ્યાં.

એ પરસ્પર અંગને અથડાવતા, ઘસતા અને અલગ પડતા ત્યારે ભયાનક અવાજ થતો તે બે પર્વતોના અથડાવવાનું સ્મરણ કરાવતો.

વજ્ર જેવા મજબૂત મુક્કાથી બંને એકમેકને પ્રહાર કરતા, એકમેકને વળગી પડતા, અને ધક્કો મારીને છૂટ થતા.

એક બીજાને નીચે પાડી દેતો તો બીજો એની ઉપર ચઢી બેસતો.

કોઈવાર મસ્તક તો કોઈવાર પગ અથવા ઘુંટણથી પ્રહાર કરતા તો કોઈવાર એકમેકને ઘસડતાં એ વીરપુરુષો કોઈપણ હથિયારનો ઉપયોગ કર્યા વિના કેવળ બાહુબળ, શરીરબળ અને પ્રાણબળના આધારે જ લડતા રહ્યા.

એમના દ્વંદ્વયુદ્ધમાં લોકોને ખૂબ જ રસ પડ્યો.

યુદ્ધ કરતાં કરતાં જીમૂતે ભીમને કહ્યું:

'હવે તું સમજુ હોય તો તારી હાર સ્વીકારી લે.'

'શા માટે?' ભીમે કઠોરતાપૂર્વક પૂછ્યું ને કહ્યું: 'હાર તો તારે સ્વીકારવી જોઈએ.'

'મારે?'

'હા. તારે. તું કુસ્તી કરીને થાક્યો લાગે છે.'

'હું શા માટે થાકું? હું તો જરા પણ નથી થાક્યો.'

'એમ? હજુ તારું અભિમાન કાયમ છે? તો પછી આવી જા.'

ભીમે જીમૂતને કુદકો મારીને બંને હાથે પકડી લીધો.

જીમૂતે છૂટવાનો પ્રયાસ કરી જોયો પરંતુ એનો પ્રયાસ નિષ્ફળ નીવડ્યો.

ભીમે એની ગરદન તેમ જ કમર પકડીને ઊંચો કર્યો ત્યારે તો એ અદૃષ્ટપૂર્વ પરાક્રમને જોઈને સમસ્ત સભા સ્તબ્ધ બની ગઈ.

મોટા મોટા પહેલવાનો પણ મંત્રમુગ્ધ કે સ્તબ્ધ બની ગયા અને 'શાબાશ શાબાશ' 'આશ્ચર્યકારક, અત્યંત આશ્ચર્યકારક' જેવા શબ્દોના પોકારો કરવા લાગ્યાં.

ત્યાં તો એ સૌના માનવામાં પણ ના આવે એવું એક બીજું આશ્ચર્ય થયું.

ભીમે જીમૂતને બંને હાથે ઉપાડીને ચક્કર ચક્કર ફેરવ્યો અને અત્યંત રોષપૂર્વક પૃથ્વી પર પછાડ્યો.

પૃથ્વી પર પછડાતાવેંત જ એનું મસ્તક ફાટી ગયું. એમાંથી લોહીની ધારાઓ નીકળવા લાગી, એણે દિશાપ્રદિશાઓને ગજાવતો ભયંકર ચિત્કાર કર્યો, અને એનું મૃત્યુ થયું.

જીમૂતને મરેલો દેખીને બીજા પહેલવાનોએ ભીમના લોકોત્તર સામર્થ્યની પ્રશંસા કરી અને એને અભિનંદન આપ્યાં.

રાજાએ પણ ભીમને ધન્યવાદ આપ્યો ને કહ્યું:

'તું કુસ્તીમાં પણ આટલો બધો કુશળ હોઈશ તેની મને કલ્પના નહિ. તારી શક્તિ અદભુત છે. તું વિરાટનગરની શોભારૂપ છે.'

દ્રૌપદી તથા બીજા પાંડવોને ભીમે બતાવેલા પરાક્રમના પરચાની ખબર પડી ત્યારે અતિશય આનંદ થયો. છતાં પણ અજ્ઞાતવાસ વિચાર કરીને એમણે ભીમને એવા બીજા જાહેર પરાક્રમપ્રસંગોથી દૂર રહેવાની ખાસ સલાહ આપી.

* * *

૧૬. કીચકનો સામનો

મત્સ્યનરેશની રાજધાની વિરાટનગરીમાં એવી રીતે વિવિધ વાતાવરણ તથા પ્રસંગોની વચ્ચે વાસ કરતાં કરતાં પાંડવો તથા દ્રૌપદીએ દસ મહિનાનો સમય પસાર કરી દીધો.

એ દસ મહિના એમને માટે તો દસ યુગ જેવા કઠોર કે નીરસ થઈ પડ્યા તોપણ એમણે એમને નાછૂટકે પસાર કર્યા.

ભૂતજીવનનાં સંસ્મરણો એમના મનમાં સળવળતાં ત્યારે એમને ઊંડી વ્યથા થતી.

એમને થતું કે જીવનનો એક તબક્કો કેવો સરસ હતો અને આજે એ કેટલો બધો નીરસ છે!

દ્રૌપદી રાણી સુદેષ્ણાની સેવિકા તરીકે કામ કરતી તો ખરી પરંતુ એ કામ એને રુચતું ના હોવાથી એનો આત્મા દુઃખી રહેતો અને અફસોસ કર્યા કરતો.

એનું ભાગ્યચક્ર પણ જે ઝડપી ગતિએ જુદા જુદા રૂપરંગો સાથે ફરી રહ્યું'તું એને યાદ કરીને એ વિચારે ચઢી જતી અને એનું અંતર વલોવાઈ જતુ.

પલટાતા જતા ને પ્રતિકૂળ પરિસ્થિતિઓનું નિર્માણ કરતા એ ભાગ્યચક્રે એના જીવનમાં એક નવા જ ઘટનાક્રમનું સર્જન કર્યું.

એ રાજમહેલમાં સેવિકારૂપે રહેતી તોપણ એનું અસાધારણ સૌન્દર્ય છૂપું ના રહેતું, એ સૌને આકર્ષતું.

એ અદભુત સૌન્દર્યે એને માટે એક નવા જ પ્રકારની પરિસ્થિતિ પેદા કરી.

રાણી સુદેષ્ણાની સાથે મહત્વની મંત્રણા કરીને રાજા વિરાટનો સેનાપતિ કીચક પાછો ફરી રહેલો ત્યાં જ એની નજર દ્રૌપદી પર પડી.

એ નજર જાણે કે ત્યાં જ ચોંટી રહી.

દ્રૌપદી કીચકને પોતાની તરફ અનિમેષ નેત્રે નીરખતો જોઈને સહેજ સંકોચમાં પડી ને નીચે જોવા લાગી ત્યારે કીચકે કહ્યું:

'તું મને જોઈને તારી દૃષ્ટિને નીચી ઢાળી દે છે એ આશ્ચર્યકારક છે. હું તો તારી મતવાલી મીઠી દૃષ્ટિના મધુનું પાન કરવા માગું છું અને એ પણ ધરાઈ ધરાઈને. તું વ્યર્થ સંકોચ કરી રહી છે. હું કોઈ સામાન્ય માનવ નથી પરંતુ રાણી સુદેષ્ણાનો ભાઈ અને વિરાટનરેશનો પ્રધાન સેનાપતિ છું. મારી સાથે બાંધેલો તારો સ્નેહસંબંધ નકામો નહિ જાય.'

દ્રૌપદી શાંત રહી એટલે એથી ઉત્સાહિત બનીને એ આગળ બોલ્યો:

'તારા સ્ત્રીસહજ સંકોચને સહેલાઈથી સમજી શકું છું. એ સંકોચ તારા જેવી સુંદરીને માટે શોભારૂપ છે. એ સંકોચ ધીમે ધીમે દૂર થઈ જશે. પરંતુ પહેલાં તારી ઓળખાણ તો આપ. તું કોણ છે ને ક્યાંથી આવી છે? તારા સુંદર સુધાસભર સ્વરૂપને નિહાળીને મારું મન એકદમ મોહિત બની ગયું છે. હું ઈચ્છું છું કે તું મારી થા. તારા જેવું મધુમય મુખ અને તારા જેવું સુંદર શરીર સંસારમાં ક્યાંયે નહિ હોય. તારા જેવી સર્વોત્તમ સૌન્દર્યવતી સ્ત્રી મેં આજ સુધી બીજી કોઈયે નથી જોઈ. જે જાતનું કામ તું અહીં રહીને કરી રહી છે તે તારે

માટે જરા પણ યોગ્ય નથી. તું એકવાર મારી થઈ જા તો તારા ચરણોમાં સર્વોત્તમ સુખોપભોગની વર્ષા કરીશ અને સંપૂર્ણપણે તારો થઈશ.

કીચકના શબ્દો સાંભળીને દ્રૌપદીના સમસ્ત દેહમાં દાહ પેદા થયો.

એનું અંતર જલવા લાગ્યું.

છતાંપણ એણે એ દાહને કાબૂમાં રાખતાં જરાક ગંભીરતાપૂર્વક કહ્યું:

'તમે રાણી સુદેષ્ણાના ભાઈ અને મત્સ્યદેશના મુખ્ય સેનાપતિ હોવા છતાં આવી બેજવાબદારીભરી રીતે બોલો છો એથી મને દુઃખ થઈ રહ્યું છે. તમારા જેવા પ્રતિષ્ઠિત પુરુષને આવું અનીતિયુક્ત વર્તન જરા પણ નથી છાજતું.'

'મારું વર્તન અનીતિયુક્ત છે?'

'અવશ્ય.'

'મને તો એવું નથી લાગતું.'

'કારણ કે તમારી દૃષ્ટિ મોહાંધ છે.'

'તારા જેવી રૂપસુંદરીને જોઈને મારી દૃષ્ટિ મોહાંધ બની હોય તો એમાં આશ્ચર્યકારક અથવા અજૂગતું શું છે? દૃષ્ટિ છે જ એટલા માટે કે એ તારા જેવી રૂપવતીને નીરખીને મોહાંધ બની જાય. દિલ છે જ એટલા માટે કે એ તારા જેવી સૌન્દર્યવતીનું આશ્રયસ્થાન થઈ જાય. અને શરીર પણ એટલા જ માટે છે કે તારા સ્વર્ગીય સ્પર્શસુખથી કૃતાર્થ થાય. તને મારી પ્રિયતમા બનાવીને મારા મહેલમાં રાખીશ અને અસીમ સુખ પ્રદાન કરીશ.'

'પરંતુ હું તો બીજાની બની ચૂકી છું. હું એક પરસ્ત્રી છું ને પરસ્ત્રી પ્રત્યે કેવી દૃષ્ટિ રાખવી ને કેવી રીતે વર્તવું જોઈએ તે તમને કહી બતાવવાનું ના હોય.'

કીચકે લાલસાયુક્ત, ઉપેક્ષાભર્યું હાસ્ય કરીને કહ્યું:

'તું બીજાની બની ચૂકી હોય તોપણ શું? જે પુરુષની સાથે તે તારું જીવન જોડ્યું છે તે તદ્દન નિર્માલ્ય તેમ જ જડ અને કદરહીન લાગે છે. એ વિના તારો આવી રીતે પરિત્યાગ ના કરે અને તને આવી અધમ દશામાં પણ ના મૂકે. એને પસંદ કરવામાં તથા તારો કરવામાં તે મોટી ભૂલ કરી છે. એ ભૂલને તું સુધારી શકે છે. હું તને અત્યંત આદરપૂર્વક અપનાવવા તૈયાર છું.'

દ્રૌપદી દૃઢતાપૂર્વક બોલી:

'મારા જીવનમાં મેં કોઈ ભૂલ કરી છે એવું મને નથી લાગતું. મારા પતિ નિર્માલ્ય નથી પરંતુ મહાબળવાન છે. એ મારી ઉપર પુષ્કળ પ્રેમ રાખે છે. એમણે આજ સુધી મારી પ્રત્યેક પ્રકારે કદર કરી છે. પરંતુ મારાં કર્મો એવાં છે કે અમે બંને વિપત્તિ વેઠી રહ્યા છીએ.'

'એ વિપત્તિમાંથી હું તને ક્ષણવારમાં છોડાવી શકું તેમ છું. તું મારી થઈ જા એટલે તને સર્વપ્રકારે સુખી કરી દઈશ. મારું મન તને જોઈને મોહિત થઈ ગયું છે. આ આખાય રાજ્ય પર એક રીતે જોતાં મારો જ અધિકાર છે. મારા સામર્થ્ય જેવું સામર્થ્ય સમસ્ત સૃષ્ટિમાં બીજા કોઈનુંય નથી. મારી પ્રિયતમા બનીને તું સર્વોત્તમ સુખની સ્વામિની થઈ જઈશ.'

દ્રૌપદી કીચકના સાહસથી ક્રોધે ભરાઈને બોલી ઊઠી:

'તું મોહપાશમાં સપડાઈને હાથે કરીને મૃત્યુના મુખમાં પડવાની તૈયારી કરી રહ્યો છે. તારા કુત્સિત વિચારનો પરિત્યાગ કરી દે નહિ તો....'

'નહિ તો શું?'

'તારો સર્વનાશ થઈ જશે.'

'મારો સર્વનાશ કરે એવું છે જ કોણ?'

'તારું પોતાનું જ કુકર્મ. બીજું શું?'

'મેં કોઈયે કુકર્મ નથી કર્યું.'

'એ તો તું કહે છે ને? પરસ્ત્રી પ્રત્યે કુદૃષ્ટિ કરવી અને એની સાથે આવી રીતે સંભાષણ કરવું એ કુકર્મ નહિ તો બીજું શું છે? એનાથી વધારે મોટું કુકર્મ બીજું કયું હોઈ શકે?'

'સુંદરી, તું જે બોલે તે જરાક વિચાર કરીને બોલ. તારા શબ્દો મને ઉત્તરોત્તર દુઃખી કરી રહ્યા છે. હું તને સાચા દિલથી સંપૂર્ણપણે ચાહું છું તોપણ તું મારી અવગણના કરી રહી છે એ જોઈને મને દુઃખ અને આશ્ચર્ય બંને થાય છે. તારા જેવી કઠોર કાળજાવાળી સ્ત્રી બીજી કોઈયે નહિ હોય.'

'પોતાની પવિત્રતાને મહત્વની માનનારી પ્રત્યેક શીલવતી સંસ્કારી સ્ત્રી એવી જ હોય છે. એવી સ્ત્રીઓમાં હું અપવાદરૂપ કેવી રીતે હોઈ શકું? મને જોઈને તને આશ્ચર્ય થતું હોય તો તેટલું તારું કમનસીબ જ કહી શકાય. તેં અત્યાર સુધી મારા જેવી સ્ત્રીને નહિ જોઈ હોય, કેવળ કુલટાઓનો જ સંપર્ક સાધ્યો હશે, એવું કહેવું જોઈએ.'

'ત્યારે તું નહિ માને?'

'ના.'

'મારી ભોગેચ્છાની તૃપ્તિ નહિ કરે?'

'ના. એને માટેની બિલકુલ ઈચ્છા ના રાખતો. રાખીશ તો આખરે પસ્તાવું પડશે.'

'પસ્તાવું પડશે? કોને? મારે કે તારે?'

'તારે જ.'

કીચક સમજી તો ગયો કે દ્રૌપદી નથી માને તેમ. તોપણ બીજો દાવ અજમાવતા બોલ્યો:

'તારી અવજ્ઞાનું પરિણામ કેવું આવશે તે જાણે છે?'

'જાણું છું પણ મને તેની ચિંતા નથી.'

'હું તને બળજબરી લઈ જઈશ તો?'

'મને નથી લાગતું કે એવા ઘોર અપરાધને રાજા તદ્દન નિષ્ક્રિય જોયા કરે.'

'રાજા મારા અધિકારમાં છે. એ મારી ઈચ્છાની ઉપરવટ નથી જઈ શકે તેમ.'

'એથી શું થયું? મારા સ્વામી અત્યંત શક્તિશાળી છે ને મારી સર્વ પ્રકારે રક્ષા કરી શકે તેમ છે. એ તારો નાશ કરી નાખશે.'

કીચક અટ્ટહાસ્ય કરીને કહેવા માંડ્યો:

'મારો નાશ કરી શકે એવું છે જ કોણ? આ પૃથ્વી પર આજ સુધી તો એવું કોઈ જ નથી પાક્યું.'

'એ તારું મિથ્યાભિમાન છે.'

'મિથ્યાભિમાન નથી પરંતુ મને થયેલું અનુભવપૂર્ણ જ્ઞાન છે. હમણાં તારું મગજ ઠેકાણે નથી એટલે આવું બોલ્યા કરે છે પરંતુ શાંતિપૂર્વક વિચારી જોઈશ તો મારું કથન તને ઉચિત લાગશે. તું બે-ચાર દિવસ વિચાર કરી જો.'

'તારી આશા એકદમ અસ્થાને છે. મેં જે કાંઈ કહ્યું છે તે પૂરતા વિચાર પછી જ કહ્યું છે. એટલે એમાં કશો જ ફેર નહિ પડે.'

'છતાં પણ તું વિચાર તો કરી જોજે.'

એમ કહીને કીચક ચાલી નીકળ્યો.

દ્રૌપદીનું કાળજું એના કઠોર શબ્દોથી કોરાઈ રહ્યું.

એના દુઃખનો પાર ના રહ્યો.

એને થયું કે સ્ત્રીને જોઈને પુરુષ એના દેહોપભોગની લાલસા સિવાય બીજું કાંઈ જ નથી કરી શકતો? એના મનમાં, અંતરમાં અને એની દૃષ્ટિમાં એના સિવાય બીજું પેદા જ નથી થતું? સ્ત્રી એટલે માત્ર શરીરસુખનું સાધન જ અને બીજું કશું જ નહિ? એના પ્રત્યેની પૂજ્ય ભાવનાને પ્રકટાવવાનું ને સુદૃઢ કરવાનું શું શક્ય જ ના બની શકે?

એની આંખ ભરાઈ આવી.

દુઃશાસન, દુર્યોધન, જયદ્રથ અને કીચક એની આંખ આગળ તરવરવા લાગ્યા.

બીજે દિવસે રાણી સુદેષ્ણએ દ્રૌપદીને કીચકને ત્યાં જઈને કોઈ અમૃતમય પેયપદાર્થ લાવવાનો આદેશ આપ્યો તો દ્રૌપદીએ કહ્યું:

'મને કીચકને ત્યાં જવાનું યોગ્ય નથી લાગતું.'

'કારણ?'

'એની વૃત્તિ અમંગલ અને અધમ છે.'

'તને કેવી રીતે ખબર પડી?'

'મને અનુભવ થયો છે.'

'કેવો અનુભવ?'

દ્રૌપદીએ કીચકનો પ્રસંગ કહી બતાવ્યો.

એ સાંભળીને સુદેષ્ણા જરા દુઃખી થઈ ગઈ ને બોલી:

'કીચક મારો ભાઈ હોવાથી એની વૃત્તિની મને ખબર છે. તને એનો અનુભવ મળ્યો એટલું જ. છતાં તારે એથી ડરવાનું કશું જ કારણ નથી લાગતું. તારી પવિત્રતાનો ભંગ તારી ઈચ્છા વિના કોઈ જ નથી કરી શકવાનું.'

'એ તો હું પણ જાણું છું પરંતુ એના મુખમાંથી નીકળેલા શબ્દો મને શૂળની પેઠે સાલી રહ્યા છે. મને એનું મોં જોવાનીયે ઈચ્છા નથી થતી.'

'તોપણ મારી ઈચ્છાને અનુસરીને તું તેની પાસે જા. તું નહિ જાય તોપણ એ તારી પાસે આવશે. તારી પવિત્રતાનો બરાબર અનુભવ થતાં એ તને પજવવાનું છોડી દેશે.'

દ્રૌપદીને સુદેષ્ણાનો વિચાર ગમ્યો તો નહિ જ. છતાં પણ સુદેષ્ણાના આગ્રહ આગળ એનું કશું ના ચાલવાથી એ કીચકને ત્યાં જવા માટે તૈયાર થઈ.

દ્રૌપદીને જોતાવેંત જ કીચકની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

એ ઉન્માદી બનીને બોલી ઊઠ્યો:

'સૈરન્ધ્રી, હું તારું અતિશય પ્રેમપૂર્વક સ્વાગત કરું છું. આજનો દિવસ મારા જીવનમાં ખૂબ જ મૂલ્યવાન બનીને ઊગી નીકળ્યો છે. કેટલો બધો આનંદમય છે આ દિવસ! મને ખાતરી જ હતી કે તું આવી રીતે એકવાર સામેથી ચાલીને મારી પાસે આવી પહોંચશે ને મારી થઈને રહેવામાં ગૌરવ ગણશે. મારી થયા વિના રહી જ નહિ શકે. મારો પ્રભાવ જ એવો ભારે છે. તું આવી એટલે મારા જીવનમાં કેટલું બધું આવી પહોંચ્યું તે જાણે છે? સુખ, શાંતિ, આનંદ, જીવન. અરે, મારા શરીરમાં આજે પ્રાણ આવ્યો! તારા વિના હું ખરેખર મરવા પડેલો ને મારું જીવન નીરસ બનેલું.'

કીચકનો ઉન્માદ જોઈને દ્રૌપદી મનોમન હસવા માંડી ને બોલી:

'તારા પ્રલાપ પરથી લાગે છે કે તારી મોહાંધતા હજુ એવી જ છે. તારામાં તલભાર પણ ફેર નથી પડ્યો. તું પોતે મોહાંધ હોવાથી મારી અંદર પણ એ મોહનું આરોપણ કરી રહ્યો છે.'

'સૈરન્ધ્રી, તું મારી ઉપર મોહિત બનીને મને તારા પ્રખર પ્રેમરસમાં સ્નાન કરાવવા માટે આવી પહોંચી છે છતાં આવું બોલીને મારા અંતરને શા માટે દુઃખી કરે છે? તારા વિયોગમાં મેં અત્યાર સુધી ભોગવેલું દુઃખ શું ઓછું છે કે તું એમાં વધારો કરી રહી છે?'

'તારું દુઃખ તેં માની લીધેલું છે. અને એ સાચેસાચ હોય તોપણ એમાં વધારો કરનાર હું નથી. તું છે.'

'હું?'

'હા. તું.'

'કેવી રીતે?'

'મારા પ્રત્યેની મોહવૃત્તિ જ તને બેચેન બનાવી રહી છે. એ મોહવૃત્તિનો ત્યાગ કરી દે.'

'નહિ કરી શકું. કદાપિ નહિ કરી શકું. તું પોતે જ મોહવૃત્તિને વશ થઈને મારી પાસે આવી પહોંચી છે ને હવે મને ઉપદેશ આપવાનો અભિનય કરે છે? પરંતુ તારો આવો અભિનય પણ અતિશય આનંદદાયક લાગે છે. થોડોક વખત આવો અભિનય કરે તેની હરકત નથી પરંતુ મારા દિલનો વિચાર કરીને હવે જરાક જુદો અભિનય કરવા માંડ. એ દિલ તને પોતાની અંદર સમાવી દેવા આતુર બની ગયું છે. આવ મારા દિલની દેવી, સૈરન્ધ્રી, આવ, તારા પ્રેમનું પાન કરીને મારા સંતપ્ત અંતરને શાંત કરું!'

કીચક પોતાના હાથ લંબાવીને આગળ વધ્યો ને બોલ્યો:

'તને મારા બાહુપાશમાં સમાવી લઈશ ત્યારે જ મને શાંતિ મળશે. તું મારા હૃદયની રાણી બની ચૂકી છે છતાં જે સંકોચ કરે છે તે સંકોચને સારી પેઠે સમજી શકું છું. સ્ત્રીઓ સ્વભાવથી જ સંકોચશીલ હોય છે પરંતુ

એ સંકોચ છૂટી જાય છે ત્યારે એમનો ઉન્માદ માજા મૂકી દે છે એ પણ એટલું જ સાચું છે. તું અહીં આવી પહોંચી એ જ બતાવે છે કે તારા દિલમાં પણ મારું સ્થાન થઈ ચૂક્યું છે. આ એક સુભગ સંયોગ છે.'

'પરંતુ હું તો મહારાણી સુદેષ્ણાના આદેશથી આવી છું.'

'બરાબર છે. એ વાત મારી સમજમાં આવી ગઈ. સુદેષ્ણા મારી બેન હોવાથી મારી રગને જાણી ગઈ છે એટલે જ મને શાંતિ આપવાના આશયથી એણે તને મોકલી આપી છે. એને માટે એનો ખરેખર ઋણી છું. ભાઈની વેદનાને જાણીને મટાડવાનો ઉપાય બેન ના કરે તો બીજું કોણ કરે?'

દ્રૌપદીને થયું કે કીચક કેટલો બધો કામાંધ છે કે બધું એની રીતે વિચારી રહ્યો છે! એને બીજું કશું સૂઝતું જ નથી! એણે સ્પષ્ટીકરણ કરતાં કહ્યું:

'રાણીએ તો મને તારે ત્યાંથી કોઈક અમૃતમય પેયપદાર્થ લેવા મોકલી છે.'

'અમૃતમય પેયપદાર્થ?' કીચક હસી પડ્યો ને બોલ્યો:

'એનું રહસ્ય તું આટલી બધી ચતુર હોવા છતાંયે ના સમજી? એ પેયપદાર્થ બીજો કોઈ નથી પણ પ્રેમ છે. તને એ પ્રેમનું પાન કરાવવા ને મારી પાસે રહીને પ્રેમનું પાન કરવા માટે જ મોકલી છે. એ પ્રેમનું પાન કરવા ને કરાવવા માટે તૈયાર છું.'

'રાણી સુદેષ્ણા વ્યભિચારિણી નથી એની મને માહિતી છે. માટે જ એમના મનમાં એવા અમંગલ વિચારો ના ઊઠી શકે. એમણે કોઈ ઉત્તમ પ્રકારનો રસ જ મંગાવ્યો છે.'

'હું તને એ રસ જ આપીશ. એ પ્રેમરસ. એનું પાન તને ધરાઈ ધરાઈને કરાવીશ.'

એમ કહીને એણે દ્રૌપદીનો હાથ પકડી લીધો.

દ્રૌપદી અતિશય ક્રોધે ભરાઈને બોલી ઊઠી:

'દુષ્ટ! અધમ! પાપી! નીચ! તું મને એકલી સમજીને મારો હાથ પકડી બેઠો છે પરંતુ એનું પરિણામ અતિશય અમંગલ આવશે તેની ખાતરી રાખજે. તે તારે ભોગવવું પડશે. હું એકલી નથી પરંતુ સત્ય તથા ધર્મથી અલંકૃત છું અને એ ધર્મ જ મારે માટે રક્ષક તથા તારે માટે ભક્ષક બનશે.'

'તારું રક્ષણ અને મારું ભક્ષણ કરે એવું સંસારમાં છે જ કોણ? હવે તો તું મારા હાથમાં છે. મારું સદભાગ્ય ઊઘડવાથી આ અમૂલખ અવસર આવી મળ્યો છે એને હવે હાથથી નહિ જવા દઉં.'

'આ તારું સદભાગ્ય નથી પરંતુ દુર્ભાગ્ય છે. તેની પ્રતીતિ તને થોડાક વખતમાં જ થઈ રહેશે.'

'મને એવી પ્રતીતિ કરાવે એવું છે જ કોણ? હું જ તને હમણાં મારા પ્રેમની પ્રતીતિ કરાવી દઈશ.'

કીચક આગળ વધ્યો. પરંતુ દ્રૌપદી પોતાનો હાથ છોડાવવાનો પ્રયાસ કરતાં કહેવા માંડી:

'મૂર્ખ, તું મને શું પ્રતીતિ કરાવવાનો હતો?'

'સૈરન્ધ્રી, બીજું કોઈ હોત તો આવા શબ્દો બોલવા માટે એના મસ્તકને ધડથી અલગ કરી નાખત, પણ આ તો તું છે ને તારા પ્રત્યે મને પ્રેમ છે એટલે તારા કઠોર શબ્દો પણ મને મધુમય ને પ્રિય લાગે છે. તારો કર કેટલો બધો કોમળ અને એનો સ્પર્શ કેટલો બધો સુધામય તથા શીતળ છે!'

કીચકના કઠોર હાથમાંથી છૂટવાનો દ્રૌપદી બનતો બધો જ પ્રયત્ન કરવા લાગી.

સાથે સાથે પાછળ પણ હઠતી ગઈ.

એ ઘર્ષણને અંતે કીચકે એનો હાથ છોડી દીધો અને એની સાડીનો છેડો પકડી લીધો.

'હવે તું ક્યાં જવાની છે?' એ અટ્ટહાસ્ય કરીને બોલી ઊઠ્યો.

પરંતુ...

એના શબ્દો સમાપ્ત થાય તે પહેલાં જ દ્રૌપદીએ પોતાની સમગ્ર શક્તિને એકઠી કરીને એને જોરથી ધક્કો માર્યો.

એ એકાએક મરાયલા ધક્કાથી કીચકનો હાથ છૂટી ગયો અને એનું શરીર લથડવા લાગ્યું.

એને લથડતો જોઈને દ્રૌપદીએ એને બીજો જોરદાર ધક્કો માર્યો ને કહ્યું:

'તારા જીવનમાં તને બધી વેશ્યાઓ અથવા નિર્બળ સ્ત્રીઓ જ મળી લાગે છે એટલે મારા જેવી સ્વમાની તેમ જ શુદ્ધ ચારિત્ર્યવાળી સ્ત્રીની શક્તિની કલ્પના તારાથી નહિ કરી શકાય.'

ઉપરાઉપરી ધક્કાઓ વાગવાથી કીચક દીવાલ સાથે અથડાઈને જમીન પર પડી ગયો.

એ અવસરનો લાભ લઈને દ્રૌપદી ત્યાંથી ભારે ધીરજ અને હિંમતપૂર્વક દોડી નીકળી.

કીચકનો સફળતાપૂર્વક સામનો કરી શકવા બદલ એણે પોતાની જાતને ધન્યવાદ આપ્યો.

કીચકના સકંજામાંથી છૂટવા છતાં એની કાયા કંપતી રહી, અને એનું મન ભય અને આશંકાથી ઘેરાઈ ગયું.

કીચક અતિશય અવિવેકી તેમ જ ક્રૂર હતો. એ કયે વખતે શું કરે તે વિશે કશું જ ના કહી શકાય.

છતાં પણ એ સલામત રીતે બહાર નીકળી શકી એટલો સંતોષ એને અવશ્ય થયો.

* * *

૧૭. યોજના

કીચકને પૃથ્વી પર પછડાતો જોઈને એના પરિચારકો દોડી આવ્યા.

એમને દેખીને એ શરમાયો ને બોલ્યો:

'મને બીજું તો કાંઈ જ નથી થયું. હું તો સૌન્દર્યવતી સૈરન્ધ્રીને ઉત્સાહિત કરવા અને દિલને જીતવા હાથે કરીને પડી ગયેલો. બાકી મને ધક્કો મારીને પાડી નાખવાનું બળ બીજા કોનામાં છે? પરંતુ એ પણ ભારે ચતુર નીકળી. મને પડેલો જોઈને નાસી ગઈ. તમે એને જવા દીધી જ શા માટે? સમયસૂચકતા વાપરીને પકડી લેવી'તી ને! કે પછી તમે પણ એની સુંદરતાથી અંજાઈ ગયા?'

'અમે અંજાઈ તો જરા પણ નથી ગયા.'

'અંજાઈ જાઓ એમાં કશું આશ્ચર્ય પણ નથી. એ છે જ સૌ કોઈને આંજી નાખે એવી. એની માદકતા તથા મધુરતાથી હું પોતે જ મંત્રમુગ્ધ બની ગયો છું તો તમારું તો શું ગજું?'

'તમને કાંઈ વાગ્યું તો નથી?'

'વાગવાનું બીજું શું હોય? મને વગાડે એવું છે જ કોણ? હા, એ સૌન્દર્યવતીની સુંદર દૃષ્ટિ મારા દિલમાં વાગી છે અને તીરથી પણ વધારે તીક્ષ્ણ બનીને વાગી છે એનું દર્દ મને જરૂર થાય છે. એ એના વિના નથી મટવાનું. એ સુમુખીને મેળવીશ ત્યારે જ મને શાંતિ વળશે. એ દોડીદોડીને બીજે ક્યાં જવાની છે? એને હમણાં જ પકડી પાડું છું.

કીચક ત્વરિત પગલે બહાર નીકળ્યો.

રાજસભા તરફ જતી દ્રૌપદીને જોઈને એ આનંદમાં આવી ગયો ને બોલ્યો:

'સુંદરી, ઊભી રહે. ઊભી રહે. મારી અવહેલના કરવાથી તું સ્વપ્ને પણ સુખી નથી થઈ શકવાની. મારાથી દૂર જવાના તારા બધા જ પ્રયત્નો મિથ્યા સાબિત થશે. તારે મારું શરણ લઈને મને સર્વસમર્પણ કર્યા વિના છૂટકો જ નથી. હું તારો પ્રશંસક, પ્રેમી અને પૂજારી છું. તો તું જ વિચારી જો કે મને મૂકીને દૂર જવું શું ઉચિત છે?'

દ્રૌપદીએ કીચકના શબ્દો સાંભળીને ગભરાયલી હરિણીની પેઠે ચંચળ નેત્રે પાછું જોયું.

એણે પોતાની ચાલને તેજ કરી.

પરંતુ એ દોડીને વધારે દૂર જાય એ પહેલાં જ કીચકે એના કાળા ભમ્મર, કોમળ, ચકચકતા, કટિપ્રદેશ સુધી પહોંચતા, લાંબા કેશસમૂહને પકડી લીધો.

દ્રૌપદી માટે હવે દોડી જવાનું અશક્ય બન્યું. એ એકદમ અસહાય બની ગઈ ને છંછેડાયેલી નાગણની જેમ બોલી:

'દુષ્ટ, તું પાછો મારી પાછળ આવી પહોંચ્યો? આવા સુંદર શક્તિશાળી રાજ્યનો સેનાપતિ થયો છે છતાં શરમ નથી આવતી?'

'મેં શરમ આવે એવું કશું કર્યું હોય તો ને? હુ સેનાપતિ છું એ સાચું છે પરંતુ એકલા મત્સ્યદેશનો જ નહિ, સ્નેહના સામ્રાજ્યનો પણ સેનાપતિ છું. મારા લાગણીવિભોર દિલને તેં તારી સુંદર દૃષ્ટિથી ઘાયલ કર્યું

છે. તારું રસમય રઢિયાળું રૂપ મારા અનુરાગથી ભરેલા અંતરમાં અંકિત થયું છે. પછી તારી પાછળ પાછળ ના આવું તો બીજું શું કરું? એમાં દોષ મારો નથી પરંતુ તારો છે. અથવા કહો કે આપણા બંનેનો છે.'

'તારા આ ભયંકર દુષ્કર્મનો દંડ તને જરૂર મળશે.'

'મને દંડ કરે એવું છે જ કોણ? મેં કોઈ કુષ્કર્મ કર્યું હોય તો મને દંડ થાય ને? હું તો સત્કર્મ જ કરી રહ્યો છું. સુંદરમાં સુદર સત્કર્મ.'

'તારી બુદ્ધિ બહેર મારી ગઈ છે એટલે તને એવું જ લાગવાનું. સત્કર્મ તથા દુષ્કર્મ વચ્ચેનો ભેદ પણ તું નથી પારખી શકતો.'

રાજસભાના દ્વાર પાસે પહોંચેલી દ્રૌપદી કીચકના કઠોર બળનો સામનો કરીને અંદર પહોંચી.

રાજસભા એને જોઈને સ્તબ્ધ થઈ ગઈ.

રાજા વિરાટને પોતાને પણ ભારે આશ્ચર્ય થયું.

કીટકે એના કેશસમૂહને જોરથી પકડીને એને ધક્કો માર્યો એથી એ જમીન પર પડી ગઈ.

એ પછી એને લાત મારીને જણાવ્યું:

'તેં મને ધક્કો મારેલો તો તેના બદલામાં તને ધક્કા ઉપરાંત લાત મારું છું જેથી તને મારા અસાધારણ સામર્થ્યની ખબર પડે ને તારી બુદ્ધિ ઠેકાણે આવે.'

'મારી બુદ્ધિ તો ઠેકાણે જ છે, પરંતુ તારી બુદ્ધિ બગડવાથી સૌના દેખતાં કોઈપણ પ્રકારની લાજમર્યાદા સિવાય આવું કુકર્મ કરી રહ્યો છે. તને બીજાનો તો ઠીક પણ રાજાનો ભય પણ નથી લાગતો.'

દ્રૌપદીને હસ્તિનાપુરની પેલી રાજસભાનું સ્મરણ થઈ આવ્યું.

એ સભામાં પણ એની દશા આવી જ કરુણ થઈ હતી ને?

ત્યાં એના કોમળ કેશ પકડીને એને દુઃશાસન ખેંચી લાવેલો અને અહીં કીચક લઈ આવ્યો.

લઈ આવ્યો એટલું જ નહિ, એની ઉપર લતાપ્રહાર કરીને એણે એનું અસહ્ય અપમાન પણ કરી નાખ્યું.

વિધિની કેવી વિચિત્રતા છે?

આવું ઘોર અપમાન પોતાને શા માટે સહન કરવું પડે છે?

એની આંખ ભરાઈ આવી.

એમાંથી શાંત છતાં પ્રદીપ્ત અગ્નિના તણખા ઝરવા લાગ્યા.

એણે મનોમન સંકલ્પ કર્યો કે મારું આવું ભયંકર અપમાન કરનાર કીચકનો હું સર્વનાશ કરી નાખીશ. એને મોટામાં મોટો દંડ કરીશ ત્યારે જ મારું રડતું હૃદય શાંત થઈ શકશે.

રાજસભામાં બીજાની સાથે યુધિષ્ઠિર અને ભીમ પણ બેઠેલા.

કીચકના કુકર્મે એ બંનેને દુઃખી કર્યા.

ભીમને થઈ આવ્યું કે કીચકને પકડીને અત્યારે ને અત્યારે જ પૂરો કરું.

એના લોચન લાલ બની ગયાં.

એણે ઊઠવાની તૈયારી કરી પરંતુ યુધિષ્ઠિરે પોતાની ગુપ્તતાનું રહસ્ય પ્રકટ થઈ જવાની આશંકાથી એને શાંત રહેવાનો સંકેત કર્યો.

રાજાએ સૈરન્ધ્રીની દુર્દશા દેખીને પૂછ્યું:

'કીચક, સૈરન્ધ્રી સરખી સુકુમારીની સાથે આવું વર્તન કરવું જરા પણ ઉચિત નથી. તારે એની પાછળ શા માટે પડવું પડ્યું?'

કીચકે ઉત્તર આપ્યો:

'સૈરન્ધ્રી સરખી સુંદરી સાથે આવું વર્તન ઉચિત નથી તે જાણું છું. મેં એની આગળ મારી પ્રિયતમા બનવાનો પ્રસ્તાવ મૂકી જોયો પરંતુ એ પ્રસ્તાવને એણે ઠોકરે માર્યો. વધુમાં એ મને ધક્કો મારીને બહાર નીકળી ગઈ. એ દશામાં મારું આવું વર્તન લગાર પણ દોષપાત્ર નથી લાગતું. એ મારી પ્રિયતમા બને તો એને અપનાવવાની મારી તૈયારી છે. અમારા જેવા સુંદર ને શૂરવીર પુરુષોને એના જેવી સુંદરીના સ્નેહની અસર થાય એમાં કશું પણ ખોટું નથી.'

દ્રૌપદીએ પોતાની આપવીતી રાજાને સંક્ષેપમાં કહી બતાવીને ઉપસંહાર કરતાં કહ્યું:

'કીચક જેવા દુષ્ટ પુરુષો જે દેશમાં વસતા હોય તે દેશને દુઃખ, દરિદ્રતા અને અપયશનો ભોગ બનવું પડે છે. હું એક પતિવ્રતા સ્ત્રી છું એ જાણવા છતાં કીચક મને પોતાની પ્રિયતમા બનાવવા માગે છે એથી વિશેષ નફ્ફટાઈ બીજી કઈ હોઈ શકે? એ મારા જેવી સ્ત્રીને પૂતળી કે ઢીંગલી માને છે અને એના પ્રત્યે કામુકતાભરેલી દૃષ્ટિથી જુએ છે પરંતુ સ્ત્રી કોઈ પૂતળી, ઢીંગલી કે કામોપભોગની સામગ્રી નથી પણ દેવી છે એનું ભાન નથી. એને મળેલી સ્ત્રીઓ પૂતળી કે ઢીંગલીઓ જ હશે, દેવીઓ નહિ હોય. એટલે એની ખુમારી એવી જ રહી ગઈ છે. પણ એ ખુમારીને હું કાઢી નાખીશ. મારી સાથે બૂરો વર્તાવ કરીને એ સ્વપ્ને પણ સુખી નહિ થઈ શકે. મારા પતિ પરાક્રમી છે. એમને મારા અપમાનની ખબર પડશે ત્યારે એ એને જીવતો નહિ જવા દે.'

કીચક જોરથી હસી પડ્યો ને બોલ્યો:

'તારી ધમકીઓ પણ મીઠી લાગે છે, સૈરન્ધ્રી! એમને સાંભળતાં મન નથી ધરાતું. તારો પતિ ગમે તેટલો બળવાન હશે તોપણ મારા જેટલો બળવાન તો નહિ જ હોય. એ મારો વાળ પણ વાંકો નહિ કરી શકે. તારે તારું શ્રેય સાધવું હોય તો બીજા બધા જ વિચારો છોડી દઈને મારી પ્રિયતમા બનવા તૈયાર થઈ જા.'

'હું તારી પ્રિયતમા કદાપિ નહિ બની શકું.'

'હું તને બનાવીને જ રહીશ.'

'તો પછી જોઈ લેજે.'

રાજાએ કહ્યું:

'કીચક! સૈરન્ધ્રી જેવી સેવાભાવી શીલવતી સ્ત્રીને આવી રીતે અપમાનિત કરવી અને સતાવવી યોગ્ય નથી. તારું એની સાથેનું વર્તન જરા પણ શોભાસ્પદ નથી. આપણા જેવા ઉત્તમ કુળવાળા શૂરવીર પુરુષો આવું અધમ આચરણ કરવા માંડશે તો પછી સાધારણ જનસમાજ પર એની અસર કેવી થશે? આપણું

આચરણ તો આદર્શ અથવા અનુકરણીય હોવું જોઈએ. સૈરન્ધ્રીથી સુદેષ્ણા સર્વ પ્રકારે સંતુષ્ટ છે. એને આ વાતની ખબર પડશે તો કેવું લાગશે?'

કીચકે ઉત્તેજિત થઈને જણાવ્યું:

'સુદેષ્ણાને કે બીજા કોઈને શું લાગશે કે નહિ લાગે એની ચિંતા શા માટે કરવી જોઈએ? એની પરવા મને બિલકુલ નથી. મારું મન તો સૈરન્ધ્રીમાં આસક્ત થયું છે. એ આસક્તિ હવે નથી છૂટે એવી. એટલે મારું પ્રિય કરવા માગતા હો તો મારી લાગણીનો ખ્યાલ કરીને સૈરન્ધ્રીને મારી થવાનો જ આદેશ આપો. મારી આજસુધીની સેવાના બદલામાં એટલો પુરસ્કાર માગું છું. એ પુરસ્કાર માગવાનો મને અધિકાર છે.'

'પુરસ્કાર માગવાનો તારો અધિકાર માન્ય રાખું છું પરંતુ તારી માગણી મુજબનો પુરસ્કાર નથી આપી શકતો. કારણ કે હું રાજા હોવાથી મારે ન્યાયનીતિયુક્ત શાસન ચલાવવાનું ધ્યાન રાખવાનું છે. સાથે સાથે પ્રણાલિકા કે પરંપરાઓ પણ એવી જ પાડવાની છે જે પ્રજાને માટે તંદુરસ્ત, અનુકરણીય અને આદર્શ નીવડે. તારી લાગણીની સાથે મારે સૈરન્ધ્રીની લાગણીનો પણ ખ્યાલ રાખવાનો છે. એ પરમ પવિત્ર, પતિવ્રતા અને શીલવાળી હોવાથી મેં પોતે પણ એની તરફ કુદૃષ્ટિથી નથી જોયું. એટલે એને તારી થવાનો આદેશ નહિ આપી શકું. તને એની અંદર આસક્તિ થઈ હોય તો એ આસક્તિ ખોટી છે.'

'મને એમાં કશું ખોટું નથી લાગતું.'

'તોપણ તારે એનો અંત આણવો જોઈએ.'

'એનો અંત જ્યાં સુધી જીવું છું ત્યાં સુધી તો નહિ જ આણી શકું. તમે એને મારી થવાનો આદેશ નહિ આપો તો મારી પોતાની રીતે એને મારી કરવાનો પ્રયાસ કરતો રહીશ. એના મનને જીતીશ ત્યારે જ મને શાંતિ વળશે. જોઈ લઉં છું કે મારાથી દૂર જઈને એ ક્યાં જાય છે?'

કીચક ઉશ્કેરાટમાં ને ઉશ્કેરાટમાં ચાલી નીકળ્યો.

સભાજનો એને જતા જોઈ રહ્યા.

કોઈ એના દુર્વ્યવહારની નિંદા કરવા લાગ્યા તો કોઈક વળી પ્રશંસા.

કોઈક દ્રૌપદી તરફ અભિનંદનયુક્ત દૃષ્ટિપાત કરવા લાગ્યા તો કોઈક અવહેલનાયુક્ત.

રાજાએ એની તરફ અનુકંપાભરેલી આંખે જોઈને એને રાણી સુદેષ્ણા પાસે પહોંચી જવાનો આદેશ આપતાં જણાવ્યું:

'સૈરન્ધ્રી, કીચકના કુકૃત્યની આ સમસ્ત સભા સાક્ષી છે. એ જોઈને મારું દિલ દુઃખી બન્યું છે ને મને રોષ ચઢ્યો છે. કીચક સંપૂર્ણપણે દોષપાત્ર છે. તારી ઈચ્છા હોય તો એને ભારેમાં ભારે દંડ કરી શકું તેમ છું. એથી તને ને આ સુજ્ઞ સભાજનોને પણ મારી ન્યાયપ્રિયતાની પ્રતીતિ થશે.'

સભાજનો એકમેકના મોં જોવા લાગ્યા.

એમનામાં કોઈ કશું બોલે એ પહેલાં જ ભીમ બોલી ઊઠ્યો:

'સૈરન્ધ્રી પ્રત્યે કીચકનું વર્તન અત્યંત અધમ છે. એવા અધમ વર્તનને કોઈપણ સન્નારી ના સહી શકે. એ વર્તનને માટે દેહાંતદંડ જેવી કઠોર સજા જ કરવી જોઈએ જેથી પ્રજામાં દાખલો બેસે. મહારાજા

યુધિષ્ઠિરને ત્યાં એક સન્નારી પ્રત્યે દુર્વ્યવહાર કરવા બદલ એક રાજપુરુષને એવી જ શિક્ષા કરવામાં આવેલી.'

દ્રૌપદીનું અંતર ભીમના શબ્દો સાંભળીને આનંદી ઊઠ્યું.

તોપણ ઉપરથી શાંત અને ગંભીર રહીને એ કહેવા માંડી:

'કીચકને દંડ કરવો કે નહિ અને કરવો તો કેટલો ને કયા પ્રકારનો - એનો નિર્ણય કરવાનું કામ મારું નથી, આપનું છે. એ સંબંધમાં એક આદર્શ લોકહિતકારી રાજા તરીકે આપ ગમે તે નિર્ણય લઈ શકો છો. મને તો વિશ્વાસ છે કે મનુષ્યને એના દુષ્કર્મનો દંડ અવશ્ય મળે છે. કીચક સેનાપતિ હોવા છતાં એ સનાતન કર્મના નિયમમાં અપવાદરૂપ નહિ થઈ શકે.'

'ઠીક ત્યારે.' રાજાએ કહ્યું: 'એ બાબત મંત્રીઓની સલાહ લઈને નિર્ણય કરીશ. કીચક અસાધારણ પ્રજાજન નથી પરંતુ એક શક્તિશાળી સેનાપતિ છે એટલે કોઈપણ નિર્ણય પર પહોંચતા પહેલાં પૂરતી વિચારણા કરવી પડશે.'

દ્રૌપદીને લાગ્યું કે વિરાટરાજા સેનાપતિ કીચકને કોઈ મોટી સજા નહિ કરી શકે. એ એમનો આપ્તજન હોવાથી એના પ્રત્યે એ થોડીઘણી સહાનુભૂતિ તો રાખશે જ.

એ એમના આદેસાનુસાર રાણી સુદેષ્ણા પાસે પહોંચી ગઈ.

સુદેષ્ણાએ એની દુઃખદ, આશ્ચર્યકારક, અનુભવકથા સાંભળીને ખાસ સહાનુભૂતિ દર્શાવતા કહ્યું:

'કીચક તારા પર મોહિત થાય કે તને જોઈને ભાન ભૂલે એમાં કશું આશ્ચર્ય નથી. તારું લાવણ્ય અને આકર્ષણ જ એવું અસાધારણ છે કે જે તને જુએ તે મંત્રમુગ્ધ બની જાય છે. રાજા જો આટલા બધા ધર્મભીરુ ના હોત તો એ પોતે પણ તારામાં આસક્ત થઈ જાત. આરંભમાં મારા અંતરમાં એ જ આશંકા ઉત્પન્ન થયેલી. એ આશંકા એક નહિ તો બીજી રીતે પણ સાચી ઠરી. કીચકનો વ્યવહાર ખરેખર વખોડવા જેવો છે. એ મારો ભાઈ છે છતાં એ વ્યવહારને મારાથી વખાણી નથી શકાતો. એને બદલે બીજો કોઈક હોત તો રાજાને કહીને એને કઠોરમાં કઠોર દંડ કરાવત.'

બીજે દિવસે દ્રૌપદી સુદેષ્ણાની સેવામાં સંલગ્ન હતી ત્યારે લાગ જોઈને કીચક એની પાસે આવી પહોંચ્યો ને બોલ્યો:

'સૈરન્ધ્રી! દેવી! મારા તરફ જરાક જો તો ખરી. તારી દૃષ્ટિમાં દૃષ્ટિ મેળવવા હું આતુર છું. તને સાચા દિલથી ચાહું છું. મારું હૃદય તારા વિના વ્યથિત છે. તું એકલી છે અને હું પણ એકલો છું. આ યુવાની શું કામ લાગવાની છે? એ નિરર્થક રીતે વહી રહી છે. હું તને મારા દિલની દેવી બનાવીને હંમેશાને માટે મારી પાસે રાખીશ. મારી ઉપર પ્રસન્ન થા તો હું મારા જીવનનો મંગલમય મહોત્સવ કરી શકું. હવે મને વધારે તલસાવવો ઠીક નથી. તારા વિના વધારે નહિ જીવી શકું.'

કીચકને જોઈને દ્રૌપદી ગુસ્સામાં ગરજી ઊઠી:

'આખી સભામાં અપમાનિત થયો તોપણ તું પાછો આવી પહોંચ્યો? તને આવી રીતે મારી પાસે આવતાં શરમ નથી આવતી? તું અધમ નહિ, અધમાધમ લાગે છે.'

'તું મને ગમે તેવો માને તેની મને પરવા નથી. હું ગમે તેવો હોઈશ તોપણ તારો પ્રેમી કે પ્રીતમ છું. તારા રાગથી રંગાયેલો છું. સભામાં મારે અપમાનિત થવું પડ્યું કે તારે? સમજદાર લોકો તો કહેવા લાગ્યા કે કીચકનો આટલો બધો પ્રેમ હોવા છતાં સૈરન્ધ્રી કઠોર કાળજાની બનીને શા માટે બેસી રહી છે? આવો શૂરવીર ને સ્નેહી સેનાપતિ બીજો કોણ મળવાનો છે? સૈરન્ધીને, સાચું કહું તો મને તારી પાસે આવતા જરા પણ શરમ નથી આવતી. તારી પાસે ને સાથે જ રહેવા મારું અંતર વલખાં મારે છે કે તલસે છે. સરિતા સાગરની પાસે ના પહોંચે તો બીજે ક્યાં પહોંચે? ભ્રમર ફૂલની નજીક ના જાય તો બીજે ક્યાં જાય? અને ચકોર પક્ષી ચંદ્રની ચાંદનીને નિહાળીને મદોન્મત ના બને તો બીજું શું કરે? મારી દશા પણ એવી જ છે. હું પણ એ નિસર્ગગત નિયમથી પર નથી થઈ શકું તેમ.'

'તું એ માની લીધેલા નિયમથી પર નહિ થઈ શકે તો તારો નાશ નોતરશે. તું મને તો નહિ જ મેળવી શકે પરંતુ મૃત્યુને જરૂર મેળવશે. હું તારી સાથે વધારે વાત કરવા નથી માગતી.'

એમ કહીને દ્રૌપદી બીજી તરફ ચાલી ગઈ.

કીચકે એના હાથને પકડવાનો પ્રયત્ન કરી જોયો પરંતુ એ પ્રયત્નમાં એ ના ફાવ્યો.

થોડાક વખત સુધી ત્યાં જ ઊભો રહીને પછી એ નિશ્વાસ નાખીને પાછો ફર્યો.

એના શબ્દોએ દ્રૌપદીના દુઃખી દિલને વધારે દુઃખી કર્યું.

એથી એ એકદમ અસ્વસ્થ થઈ ગઈ.

એ જ દિવસે સાંજે અનુકૂળ અવસર આવતાં એણે ભોજનાલયમાં ભીમની આગળ પોતાના અંતરની વેદના ઠાલવી બતાવી.

'કીચક મારી પાછળ પડ્યો છે. એ મને ના કહેવા જેવાં વચનો કહી બતાવે છે એથી મારું કાળજું કપાઈ જાય છે. એ અધમાધમે મને રાજસભામાં સૌના દેખતાં લાત મારીને મારા સ્વમાન અથવા ગૌરવનો ભંગ કર્યો છે. મહારાજ યુધિષ્ઠિર સાથે તમે પોતે પણ એ સભામાં હાજર હતા તોપણ તમારું રૂંવાડું સરખુંય ના હાલ્યું. તમે બધા શું એટલા બધા નિર્બળ બની ગયાં? એ મહાપાપી હજુ પણ જીવી રહ્યો છે ને મારી ફાવે તેવી મશ્કરી કરતો ફરે છે એ શું સારું છે? એ તમારે માટે ઓછું નામોશીરૂપ છે? તમારું બળ ક્યાં ગયું? એ બળ જો આવે વખતે કામ ના લાગે તો એને શું કરવાનું? તમારામાં પાણી હોય તો એ દુષ્ટ કીચકના મસ્તકને ધડથી અલગ કરી દો. ત્યારે જ મને શાંતિ મળે.'

ભીમે કહ્યું:

'દ્રૌપદી! કીચકે કરેલા દુર્વ્યવહારનું સ્મરણ મને નિરંતર રહ્યા કરે છે. એનું વેર વાળવાની વૃત્તિ મારા મનમાં કાયમ છે. રાજસભામાં એણે લાત મારી અને અનર્ગળ વચનો કહેવા માંડ્યા ત્યારે જ એને પકડીને પૃથ્વી પર પછાડવાની લાગણી મને થઈ આવેલી. પરંતુ અજ્ઞાતવાસનો વિચાર કરીને એ લાગણીને મેં જેમતેમ કરીને દબાવી રાખી. એ દુષ્ટ તારી પાછળ જ પડ્યો છે તો હું પણ એને મારા પરાક્રમનો સ્વાદ ચખાડી દઉં એ જ બરાબર છે. એ તને કોઈક સાધારણ સ્ત્રી સમજતો હશે પણ તારી પાછળ અમારા સૌનું પીઠબળ છે એની એને ખબર નથી. તારું અપમાન એ અમારું જ અપમાન છે. એ અપમાન કરનાર જીવતો નહિ રહી શકે.'

'છતાં પણ એ અત્યારે તો જીવતો જ છે. એને લીધે મારી ઊંઘ ઊડી ગઈ છે ને શાંતિ હરાઈ ગઈ છે. મને દિવસરાત એના જ વિચારો આવ્યા કરે છે. એ નરાધમનો નાશ કરવાની પ્રેરણા કરવા માટે જ હું આવી પહોંચી છું. એ તમારી શક્તિને માટે પડકારરૂપ છે.'

'એના પડકારને હું સહેલાઈથી પહોંચી વળું તેમ છું. એ પડકારનું મહત્વ મારે મન કશું જ નથી. એને ઘડીના છઠ્ઠા ભાગમાં, ચપટી વગાડતા માત્રમાં, હતો ન હતો કરી શકું તેમ છું.'

'એની મને માહિતી છે. છતાં પણ મને કેવળ કોરી વાતોથી સંતોષ નહિ વળે. મારે તો એ વાતોનો અમલ જોઈએ છે. તમને મારા પ્રત્યે પ્રેમ હોય, મારા સ્વમાનનો ભંગ સાલતો હોય, અને તમારા લોકોત્તર પરાક્રમનું ગૌરવ હોય, તો કીચકને એ પરાક્રમનો પરચો માત્ર ત્રણ જ દિવસમાં બતાવી દો ને યમસદનમાં પહોંચાડી દો, જેથી ભવિષ્યમાં કોઈ મારી તરફ બૂરી દૃષ્ટિ કરવાનું સાહસ જ ના કરે. દુર્યોધન, દુઃશાસન, શકુનિ ને જયદ્રથ તમારા હાથમાંથી છૂટી ગયા છે પરંતુ કીચક કોઈપણ કારણે ના છૂટવો જોઈએ.'

ભીમે ઉત્તેજિત સ્વરે કહેવા માંડ્યું:

'દુર્યોધન, દુઃશાસન કે શકુનિ મારા હાથમાંથી છૂટી નથી ગયા. એમને સમય પર મારા સામર્થ્યનો સ્વાદ જરૂર ચખાડીશ. એ વખતે એ મારા પરાક્રમને યાદ કરશે. અત્યારે તો કીચક સાથે કામ લેવાનું છે. તારા કહ્યા પ્રમાણે એને ત્રણ દિવસમાં યમસદનમાં જરૂર પહોંચાડી દઈશ, અને એ પણ કોઈ બીજાને ખબર ના પડે એવી રીતે. પરંતુ એને માટે આપણે એક યુક્તિ કરવી પડશે.'

'કેવી યુક્તિ?'

'કોઈ રીતે મારો ને એનો એકાંતમાં અને એ પણ રાતે મેળાપ થઈ જવો જોઈએ. એ પછીનું કામ તો હું સારી પેઠે આટોપી લઈશ. તે સંબંધી તું કાંઈ સૂચવી શકે છે ખરી?'

દ્રૌપદીના મનમાં આપોઆપ એક વિચાર પેદા થયો.

એણે એ ભીમસેનને કહી બતાવ્યો.

ભીમને એ વિચાર ગમી ગયો. એવો સુંદર વિચાર રજૂ કરવા બદલ એણે દ્રૌપદીની પેટ ભરીને પ્રશંસા કરીને કહ્યું:

'દ્રૌપદી, તું જેવી પવિત્ર છે તેવી જ બુદ્ધિશાળી છે. તારી બુદ્ધિની સૂક્ષ્મતા જોઈને મને તારે માટે માન પેદા થાય છે. તારી બતાવેલી યોજના બધી રીતે બરાબર છે. એ યોજના પ્રમાણે એ નરાધમ હવે મારે હાથે જરૂર મરવાનો અને આપણને સૌને શાંતિ થવાની. હવે તારા ખંડમાં જા અને આવશ્યક સેવાકાર્યમાં લાગી જા. અહીં વધારે રહેવું બરાબર નથી. બધું નક્કી થાય એટલે મને ખબર આપી જજે. '

દ્રૌપદી પ્રસન્નતાપૂર્વક ચાલી નીકળી.

એને સ્ફૂરેલી તથા ભીમે પસંદ કરેલી યોજના સાચેસાચ સુંદર હતી.

એ એને ખૂબ જ ગમી ગઈ.

* * *

૧૮. કીચકનો નાશ

બીજો દિવસે સવારે કીચક નિર્લજ્જ બનીને દ્રૌપદી પાસે ફરીવાર આવી પહોંચ્યો.

દ્રૌપદી એને જોઈને પોતાનું મોં તિરસ્કાર અને રોષથી ફેરવી લેતી પરંતુ આજે મોં ફેરવ્યા વિના જ ઊભી રહી એથી કીચકને કાંઈક નવાઈ લાગી.

એનું અંતર ઉલ્લાસથી ઊભરાઈ રહ્યું.

એને થયું કે આજે ભાગ્યદેવતાએ પોતાની ઉપર કૃપા કરી કે શું? એ મધુર સ્વરે કહેવા માંડ્યો:

'સૈરન્ધ્રી ! રોજ તો તું મને જોઈને મોં ફેરવી લેતી એટલે મને ઘોર નિરાશા થતી. મારા મનની ઊર્મિ મનમાં જ રહી જતી. પણ આજે તું મારી તરફ જોઈ રહી છે એથી મને આનંદ થાય છે. તારું મુખમંડળ કેટલું બધું સુંદર અને સુધામય છે? એના અલૌકિક રસનું ધરાઈ ધરાઈને પાન કરવા માટે મારું અંતર કેટલાય વખતથી તલસી રહ્યું છે. તારી મનોવૃત્તિમાં કોઈ ફેર પડ્યો છે કે નથી પડ્યો?'

દ્રૌપદીએ કહ્યું:

'કીચક! મેં તને પહેલેથી જ જણાવ્યું છે કે હું પરિણીતા છું. મારે મારા પતિનો પણ વિચાર કરવાનો છે.'

'તારો પતિ તદ્દન મૂર્ખ ને જડ લાગે છે. એને તારા પ્રત્યે જરાક પણ પ્રેમ હોત તો એ તારાથી દૂર રહીને તારી આવી દુર્દશા ના કરતા. તું કેટલી બધી દુઃખી છે તે જાણું છું. આટલી બધી રૂપવતી હોવા છતાં તારે આ રમણીય રાજપ્રાસાદમાં એક સાધારણ સેવિકા તરીકે રહેવું પડે છે. એ જોઈને મને કાંઈને કાંઈ થઈ જાય છે. મારું હૃદય વેદનામય બનીને રડી તેમ જ કકળી ઊઠે છે. તારા પતિને તારી જરાક પણ પડી હોત તો એ તને આવી અસહાય દયનીય દશામાં ના મુકત. એવા પ્રેમ વિનાના પામર પતિને વળગી રહેવા કરતાં એનો ત્યાગ કરવો જ બરાબર છે. તને એ પામર પતિનો ડર લાગતો હોય તો એનો વધ કરીને એ મિથ્યા ડરમાંથી મુક્ત કરી શકું તેમ છું.'

'મારા એ પતિ ક્યાં છે તેની મને ખબર નથી. એ મને લાંબા વખતથી નથી મળ્યા.'

'તો પછી એનો ભય તું નકામો રાખે છે. એનો વિચાર છોડીને મારા પ્રસ્તાવનો સ્વીકાર કરી લે. હું તને સંપૂર્ણપણે સુખી કરીશ. ઉત્તમ પ્રકારની તકો જીવનમાં અવારનવાર નથી આવતી. એ તકોને જે ખોઈ નાખે છે તે હાથે કરીને દુઃખી થાય છે. તારા સદભાગ્યે મને તારા જીવનમાં તારો ઉદ્ધાર કરવા માટે મોકલી આપ્યો છે તેની ખબર છે?'

'ખબર છે.' દ્રૌપદીએ શાંતિથી ઉત્તર આપ્યો: 'એટલું સમજી શકવા જેટલી બુદ્ધિ તો મારામાં છે જ.'

કીચક એ ઉત્તરથી પ્રસન્ન થઈ ગયો ને બોલ્યો:

'તારો ઉત્તર મને ખૂબ જ સંતોષકારક લાગ્યો. એ સાંભળીને મને જાણે કે નવજીવન મળ્યું. મારું મન એકદમ પ્રફુલ્લ બની ગયું. પરંતુ સૈરન્ધ્રી, કોઈ વસ્તુને સમજી શકવા જેટલી બુદ્ધિ આપણામાં હોય એ પૂરતું નથી: એને અનુસરવાની અથવા એનો અમલ કરવાની શક્તિ પણ હોવી જોઈએ. એના વિના ગમે તેવી સદ્દબુદ્ધિ હોય તોપણ એનું ફળ શું?'

દ્રૌપદી નિઃશ્વાસ નાખીને બોલી:

'કીચક! આમ તો હું ઉત્તમ કુળમાં જન્મી છું, મારાં માતાપિતા પણ સર્વોત્તમ અને સુસંસ્કારી હતાં, પરંતુ સંજોગોને વશ થઈને મારે મનને મારીને એકદમ અનિચ્છાપૂર્વક આ સેવાકાર્ય સ્વીકારવું પડ્યું છે તેનું મને દુઃખ છે.'

'તને આવી કફોડી દશામાં દેખીને મને પોતાને દારુણ દુઃખ થઈ રહ્યું છે તો પછી તને કેમ ના થાય? સૈરન્ધ્રી! તારા સુંદરતાના સદન સરખા શરીરને જોઈને કોઈ પણ કહી શકે કે તારું જીવન આવી રીતે કોઈની સેવિકા થઈને રહેવા માટે તો નથી જ. તું તો રાજરાણી થવા માટે જન્મી છે. મારા જેવા પ્રતાપી પુરુષસિંહની પટરાણી થવા માટે પેદા થઈ છે. તને સાધારણ સેવિકા તરીકે કામ કરતી જોઈને મારું કાળજું કોરાઈ જાય છે.'

'મને ચંદનાદિ સુવાસિત પદાર્થો તૈયાર કરવાની ને બીજાં સેવાકાર્યો કરવાની ટેવ જરા પણ ન હતી. અહીં આવીને જ મારે એ બધાં કાર્યો કરવા પડ્યાં છે. એટલે મારા હાથ દુઃખવા માંડ્યા છે.'

'માટે જ કહું છું કે એક વિપળનાય વિલંબ વિના મારી બની જા. મારી પ્રિયતમા બનાવીને તને બધી રીતે દુઃખમુક્ત કરવાનો મેં સંકલ્પ કર્યો હોવાથી હવે વિલંબ ના કર. જે વખત વીતી રહ્યો છે તે ભારે અમૂલખ છે. તું જાણે છે કે મારું અંતર તારા આલિંગન માટે અધીરું બની રહ્યું છે. તું મને વધારે ના તલસાવ.'

'તને તલસાવવામાં મને આનંદ નથી આવતો, કીચક! તને મારે માટે પ્રેમ છે ને પુષ્કળ પ્રેમ છે તે જાણું છું. પરંતુ કોઈ પણ સંજોગોમાં મારા પતિનો ત્યાગ તો નહિ જ કરું. તારી લાગણીને સમજી શકું છું, એની સાથે સહાનુભૂતિ પણ ધરાવું છું. તોપણ મારાથી તારા રાજભવનમાં તો નહિ જ રહી શકાય.'

'તો પછી એક કામ કર. તું મારી પત્ની થઈને મારી સાથે રહેવા તૈયાર ના થાય ત્યાં સુધી આપણે એકાંતમાં મળીએ ને આનંદ કરીએ એ માટે સંમત થા. હું તને મારા રમણીય રાજભવનમાં આવવાનું ને આખીયે રાત પસાર કરવાનું આમંત્રણ આપું છું.'

'કીચક! તેં મારા ઉપરાઉપરી વિરોધ છતાં તારા પ્રેમને એવો ને એવો જ અકબંધ રાખ્યો છે માટે હવે કઠોર રહીને તને વધારે દુઃખી નહિ કરું. એની સાથે એક અગત્યની વાત એ પણ કહી દઉં કે મારાથી તારા રાજભવનમાં નહિ આવી શકાય. હું મધ્યરાત્રિ પછી તને મળીશ ખરી, પરંતુ કોઈક બીજે ઠેકાણે. કોઈને પણ ખબર ના પડે તેમ.'

'પરંતુ બીજું એવું કોઈ એકાંત, આપણા મિલનને અનુરૂપ એવું સુંદર સ્થળ છે ખરું?'

'છે. એવું અનુકૂળ સ્થળ મારા ધ્યાનમાં છે.'

'કયું સ્થળ?'

'રાજાની નવી નૃત્યશાળામાં દિવસના અમુક ચોક્કસ સમય દરમિયાન રાજકન્યાઓ નૃત્ય શીખવાના ઉદ્દેશથી એકઠી થાય છે, પરંતુ રાતે ત્યાં સંપૂર્ણ શાંતિ હોય છે. ત્યાં એક તરફ એક સુંદર પલંગ પડ્યો રહે છે. એ પલંગ પર આપણે આજે રાતે મળીશું અને આનંદ કરીશું. આજની રાત એવી રીતે આપણા જીવનની યાદગાર રાત બની રહેશે.'

કીચકનું મુખ ખીલી ઊઠ્યું, એ બોલ્યો:

'સૈરન્ધ્રી, દેવી! આજે તેં મને ન્યાય કર્યો. તારા શબ્દોએ મને શાંતિ આપી. હવે આખરે મારા જીવનમાં આનંદનો અવસર આવી પહોંચ્યો. તારા પ્રેમામૃતનું પાન કરવા માટે આતુર બનેલું મારું અતર આજે ધન્યતાનો અનુભવ કરશે. આખરે મારી તપશ્ચર્યા ફળી ખરી. મારા પાર વગરના પ્રામાણિક પ્રેમનો વિજય થયો. તારા સંમતિસૂચક શબ્દોએ મારી કાયાપલટ કરી નાખી. મારા રોમેરોમમાં રસની વીણાઓ વગાડવા માંડી. તારી સંમતિ માટે તારો આભારી છું. મારા હૃદયને તું રહી રહીને પણ સમજી શકી એને માટે તને અભિનંદન આપું છું.'

'પરંતુ કીચક, આપણા એકાંત મિલનની ખબર કોઈને ના પડવી જોઈએ. તારા ભાઈને, મિત્રોને કે રાણી સુદેષ્ણાને પણ નહિ.'

કીચક કામાતુર બનીને બોલી ઊઠ્યો:

'એની ખબર કોઈને પણ નહિ પડે. સુંદરી! તું એ બાબતની ચિંતા ના કરતી. તદ્દન નિશ્ચિંત રહેજે.'

દ્રૌપદી શાંત રહી એટલે કીચકે કહ્યું:

'તારા વિનાની એકેક પળ મને યુગ જેવી લાંબી લાગે છે. એમ થાય છે કે તને અત્યારે ને અત્યારે જ ભેટી પડું ને મારા અંતરમાં સમાવી દઉં. તારા વિયોગનો વહ્નિ મને અતિશય વ્યાકુળ કરીને જલાવી રહ્યો છે.'

'પરંતુ હવે તો થોડાક જ કલાક શેષ રહ્યા છે, કીચક! એટલા કલાક ધીરજ ને શાંતિથી પસાર કરી દે. પછી તો આપણે મળવાનાં જ છીએ. તેં આટલી ધીરજ રાખી છે તો થોડીક વધારે રાખ.'

'સૈરન્ધ્રી! તેં મારા પ્રસ્તાવનો સ્વીકાર કરીને મારી ઉપર મોટો અનુગ્રહ કર્યો છે. એને માટે ઋણી છું. મેં તને સભામાં રોષે ભરાઈને લાત મારેલી તેને માટે તારી ક્ષમા માગું છું. લાત પણ મેં પ્રેમથી પ્રેરાઈને જ મારેલી.'

'તારું એ દૃષ્ટિબિંદુ સારી રીતે સમજી શકું છું. તેં મને લાત મારેલી એ સાચું છે પણ મને એનું લેશ પણ દુઃખ નથી લાગ્યું. અને હવે તો તારા પ્રેમને સમજી કે મૂલવી શકી છું એટલે એને યાદ કરીને દુઃખ લગાડવાનો કોઈ પ્રશ્ન જ નથી. હવે આપણે છૂટાં પડીએ. રાતે મળીશું.'

'ભલે.'

કીચક ભારે ઉન્માદ અને આનંદપૂર્વક ચાલી નીકળ્યો.

લાંબા વખતથી સેવેલું સ્વપ્ન સિદ્ધ થવાનો અમૂલખ અવસર આટલો વહેલો આવી પહોંચશે એની કલ્પના પણ એને ન હતી.

એ દ્રૌપદી પાસે આવવા નીકળ્યો ત્યારે એણે ધાર્યું પણ ન હતું કે એનો પરિશ્રમ આટલો જલદી સાર્થક થશે.

એને લાગ્યું કે આ જગતમાં મારા જેવો ને જેટલો ભાગ્યશાળી બીજો કોઈ જ નથી.

એનું અંતર આનંદથી આપ્લાવિત થઈને નાચી ઊઠ્યું. એનું અણુએ અણુ એક પ્રકારનો અસાધારણ ઉત્સવ કરી રહ્યું. એને પોતાનું જીવન ધન્ય થયેલું લાગ્યું.

સૈરન્ધ્રીની સ્નેહસુધામાં સ્નાન કરવાનું સૌભાગ્ય મળવાનું છે એ લાભ કાંઈ નાનોસૂનો છે?

એણે પોતાની સ્વામિની થવાની સંમતિ આપી છે એ ઘટના કાંઈ સાધારણ છે?

એને મળવાની ઘડીઓ ગણતો, ભાતભાતનાં દિવાસ્વપ્નોમાં લીન થતો, એ વચગાળાના વખતને વિતાવવા લાગ્યો.

દ્રૌપદી એ નવી પરિસ્થિતિથી પ્રસન્ન થતી પાકશાળામાં ભીમસેન પાસે આવી પહોંચી ને કીચક સાથેની વાતચીતથી એને વાકેફ કર્યો.

'ભીમસેન! મેં મારું કામ ભારે કુશળતાપૂર્વક પૂરું કર્યું છે. આજે મારા સંકેત પ્રમાણે કીચક મધ્યરાત્રિ પછી નૃત્યશાળામાં અવશ્ય આવી પહોંચશે. એ કામવાસનાથી પીડાય છે એટલે વહેલો પણ આવી પહોંચે. આગળનું કામ તમારે કરવાનું છે ને તમને સોંપું છું.'

ભીમે જણાવ્યું:

'એ કામ હું સારી પેઠે પૂરું કરીશ. કાલે સવારે જો બધા જ પાસા પોબાર પડશે તો કીચક જીવતો નહિ હોય.'

'કીચક સેનાપતિ છે ને પરાક્રમી છે.'

'મને એની ખબર છે ને ખાતરી છે કે એ મારા કરતાં વધારે પરાક્રમી તો નથી જ. હું એને જોતજોતામાં ધૂળ ભેગો કરી દઈશ.'

'એમ કરતાં આપણા અજ્ઞાતવાસની માહિતી કોઈને ના મળી જાય એનું ધ્યાન રાખવાનું છે.'

'એની મને ખબર છે.'

દ્રૌપદી બીજી કેટલીક મહત્વની વાતો કરીને પ્રસન્નતાપૂર્વક પાછી ફરી.

કીચકના દુર્વ્યવહારથી દુઃખી થયેલું એનું દિલ કૈંક અંશે શાંત થયું.

એ રાત્રીની પ્રતિક્ષા કરવા લાગી.

રાત્રીનો રહસ્યમય શાંત સમય શરૂ થયો અને અંધકારના ઓળા અવની પર ઊતરી પડ્યા ત્યારે કીચક ઉલ્લાસથી ઉભરાઈને પોતાના પ્રાસાદમાં આંટા મારવા માંડ્યો.

સૈરન્ધ્રીની સુંદર આકૃતિ એની આંખ આગળ આવીને અવનવા અભિનય કરવા માંડી.

એને લીધે એની ઉત્તેજના વધતી ગઈ.

'કેટલી બધી સરસ અને સુંદર?' એણે મનોમન ઉદ્ગાર કાઢ્યા: 'સૈરન્ધ્રી ખરેખર અપ્રતિમ છે, અદભુત છે. એવું સૌન્દર્ય મેં બીજે ક્યાંય નથી જોયું. સમસ્ત સંસારમાં કોઈ ઠેકાણે નહિ હોય. શું એની ચિત્તને હરનારી માદક ચાલ અને શી એની મધુથી છલકાતી વાણી! આજે એ સૈરન્ધ્રી મારી બનશે ને મને આનંદ ધરશે. મારું ભાગ્ય કેટલું બધું ઉત્તમ છે? પ્રારંભમાં એ થોડુંક પ્રતિકૂળ હતું પરંતુ પછી મારો પ્રખર પ્રેમ જોઈને દ્રવી ગયું ને કાલથી તો એકદમ અનુકૂળ બની ગયું!'

થોડાક સમય સુધી એવી રીતે વિચારમાં લીન રહ્યા પછી એ પાછો બોલ્યો:

'સૈરન્ધ્રી! સુંદરી! વિધાતાએ તને મારે માટે જ પેદા કરી છે એ હવે ચોક્કસ થયું. તારું સર્વસ્વ મારે માટે ને મારું સર્વસ્વ તારે માટે. એટલે જ આપણે આખરે મળી ગયાં અને એકમેકનાં બની રહ્યાં. તું હવે મારી થઈ ચૂકી. તને મારું જે કાંઈ છે તે સઘળું જ સમર્પિત કરું છું. મારા દીર્ઘકાળના પરિશ્રમના પરિણામે કરેલો

ધનસંગ્રહ, હીરા, માણેક, મોતી તથા વિલાસની વિવિધ પ્રકારની સામગ્રીથી સુસજ્જિત અને સુંદર દાસીઓ તેમ જ રમણીય રત્નોથી સુશોભિત રાજપ્રાસાદ અને મારું સમસ્ત યૌવન તથા જીવન તને અર્પણ કરું છું. હા; કેવળ તને જ. તું જ એની સ્વામિની થવા સરજાયલી છે.'

કીચક એવા અવનવા ભાવપ્રવાહોમાં રમવા માંડ્યો.

પદાર્થની પ્રાપ્તિની કલ્પનાનો આનંદ પણ આટલો બધો અનેરો કે અજબ છે તો પદાર્થની પ્રાપ્તિનો આનંદ તો કેટલો બધો અનંત અથવા અદભુત હશે?

મોટા ભાગના મનુષ્યો કલ્પનાના કુત્રિમ આનંદમાં જ રમતા હોય છે: પ્રાપ્તિનો અસલ આનંદ તો એમનામાં બહુ ઓછાને જ મળતો હોય છે. તોપણ એ કુત્રિમ આનંદ અને એને અનુભવવા માટેનો પુરુષાર્થ જ એમના જીવનને રસથી ભરે છે ને ટકાવી રાખે છે એ કાંઈ જેવો તેવો ચમત્કાર તો નથી જ. એ આપણી અવનીમાં દેખાતાં અનેકવિધ આશ્ચર્યોમાંનું એક મોટું આશ્ચર્ય જ છે.

કીચકે સુંદર સુવાસિત વસ્ત્રો તથા અલંકારો ધારણ કર્યા. એ પછી વિશાળ અલંકૃત અરીસામાં જોયું અને અંતઃપુરની સુંદર સ્ત્રીઓને પૂછ્યું:

'ખરેખર કહી બતાવો કે હું કેવો લાગું છું?'

'ખૂબ જ સુંદર.'

'સાચેસાચ?'

'હા. તમારા સમાન સુંદર પુરુષ સમસ્ત સંસારમાં ક્યાંય પણ હોય એવું અમને તો નથી લાગતું. અત્યારે તો તમે સાક્ષાત કામદેવ જેવા દેખાઓ છો.'

'એમ?'

'હા.'

'ત્યારે તો હું કામદેવ એને સૈરન્ધ્રી મારી રતિ.' કીચક મનોમન બોલી ઊઠ્યો: 'એ રતિનો રસ માણવા જ જઈ રહ્યો છું. આજે અમારી પ્રથમ મિલનરાત્રિ છે એટલે મારું અંતર એને મળવા માટે સ્વાભાવિક રીતે જ થનગની રહ્યું છે. એ મૃગનયની આખરે મારા પ્રેમબાણથી ઘાયલ થઈ છે અને મને રસપૂર્વક નિમંત્રી રહી છે.'

નિર્ધારિત સમય કરતાં કીચક થોડોક વહેલો જ બહાર નીકળી ગયો.

રાજાએ તૈયાર કરાવેલી નવી નૃત્યશાળામાં પ્રવેશતી વખતે એની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

આજુબાજુ બધે જ અંધકાર હતો. આખાય વાતાવરણને એક પ્રકારની ઊંડી નિસ્તબ્ધતા ઘેરી વળેલી.

એમાંથી ધીમે પગલે આગળ વધીને એ એક તરફ પડેલા પલંગ પાસે આવી પહોંચ્યો.

એ પલંગ પર દૃષ્ટિપાત કરવાથી એ સમજી ગયો કે સૈરન્ધ્રી સફેદ દૂધ જેવી ચાદર ઓઢીને એની પ્રતીક્ષા કરતી સૂઈ રહી છે. કદાચ એ થાકીને ઊંઘી પણ ગઈ હોય !

પલંગ પર બેસીને એ અત્યંત સ્નેહભરેલા શાંત સ્વરે બોલી ઊઠ્યો:

'સૈરન્ધ્રી! મારી પ્યારી! હું તારા આમંત્રણ પ્રમાણે આવી પહોંચ્યો છું. તું ક્યારની આવીને સૂઈ રહી છે અને ઊંઘી ગઈ છે કે જાગે છે?'

અને એણે ચાદર પર હાથ મૂક્યો. એ જ વખતે અવાજ આવ્યો:

'હું પણ ક્યારનોય આવી પહોંચ્યો છું.'

'તું આવી પહોંચી કે આવી પહોંચ્યો? પ્રેમના ઉન્માદમાં અથવા મને મળવાના ઉમંગમાં તું બોલવાનું ભાન ભૂલી ગઈ લાગે છે.'

'ના. હું ભાન નથી ભૂલ્યો.'

'કોણ?' કીચક આશ્ચર્યપૂવક બોલી ઊઠ્યો: 'તું કોણ છે? સૈરન્ધ્રી નથી?'

'ના. હું તારો કાળ છું કાળ. તને મારા સામર્થ્યનો સ્વાદ ચખાડવા ને મિલનનો આનંદ આપવા આવી પહોંચ્યો છું.'

કીચક ચમક્યો ને બોલ્યો:

'ત્યારે સૈરન્ધ્રી શું આવી જ નથી?'

'સૈરન્ધ્રીને બદલે હું આવ્યો છું - સૈરન્ધ્રો. હવે તું મારા હાથમાંથી છૂટી નહિ શકે. તારું મોત આવી પહોંચ્યું.'

એમ કહીને ભીમસેને કીચકના કેશ પકડી લીધા.

કીચક પરિસ્થિતિને સમજી ગયો.

એણે પોતાનું બધું બળ અજમાવીને કેશ છોડાવી દીધા ને ભીમના હાથ પકડીને કહ્યું:

'તારા અવાજ પરથી મેં તને ઓળખી લીધો. તું તો બલ્લવ છે. રાજાનો રસોઈયો. બલ્લવ! મારું અન્ન ખાઈને હવે મારી જ સામો થાય છે? મારી અને સૈરન્ધ્રીની વચ્ચે અહીં એકાંતમાં મળવાનો સંકેત થયેલો. તું ભૂલથી આવીને આ પલંગ પર સૂતો હોય તો તારી ભૂલને કબૂલ કરીને શાંતિપૂર્વક પાછો જા. તેને બદલે મારો વિરોધ કરે છે તે બરાબર નથી.'

'હું જે કરી રહ્યો છું તે બરાબર જ છે. તારા ને સૈરન્ધ્રીના સંકેતની મને ખબર છે એટલે તો તારો કાળ બનીને આવી પહોંચ્યો છું. તેં સૈરન્ધ્રીને સતાવવામાં બાકી નથી રાખી. તે દિવસે તેં એને રાજસભામાં સૌના દેખતાં લાત મારી ત્યારે જ તારી છાતી પર ચઢીને તને મારી નાખત, પણ મારા ક્રોધને મેં શાંત રાખ્યો. હવે તારા પાપનો ઘડો ભરાઈ ગયો છે ને ફૂટવાની તૈયારીમાં છે.'

'ત્યારે તો તું સૈરન્ધ્રી સાથે છૂપો સંબંધ રાખતો લાગે છે. માટે જ એનો પક્ષ લઈને આવી પહોંચ્યો છે!'

'હું એની સાથે ગમે તેવો સંબંધ રાખતો હોઉં તેથી તારે શું? તું તારું સંભાળીને બેસી રહે તો ઘણું જ છે.'

'તું મારા હાથે અકારણ મરવા તૈયાર થયો છે માટે મને તારી ઉપર દયા આવે છે.'

'હું તારા હાથે મરવા માટે તૈયાર નથી થયો. તને મારવા માટે તૈયાર થયો છું. તારી અંદર મને મારવાની શક્તિ જ ક્યાં છે? તને જોતજોતામાં મગતરાની જેમ મસળી નાખું તેમ છું.'

'એમ? તને તારા બળનું એટલું બધું અભિમાન છે? તો તો પછી આવી જા. તને જીવવા કરતાં મરવાનું જ વધારે પસંદ પડતું લાગે છે.'

'મરવાનું નહિ, મારવાનું.'

ભીમ કીચક પર તૂટી પડ્યો.

રાત્રીની પ્રત્યેક પળ મહામૂલ્યવાન હોવાથી તેને ચર્ચા કે વિતંડાવાદમાં પસાર કરવાનું જરા પણ યોગ્ય ન હતું.

ભીમ અને કીચક પરસ્પર લડવા લાગ્યા.

કીચકને માટે એ દ્વંદ્વયુદ્ધ વણનોતર્યું, વણમાગ્યું, એકાએક જ આવી પડેલું તોપણ એનો એણે પોતાની સમગ્ર શક્તિથી સામનો કર્યો.

બંને સામર્થ્યવાન તથા ચતુર અને દ્વંદ્વયુદ્ધમાં કુશળ હોવાથી એકમેકથી ગાંજ્યા જાય તેમ ન હતા.

નિર્જન નાટયશાળામાં બંને મદોન્મત હાથી જેવા એકમેકની સાથે લડવા લાગ્યા.

એ દ્વંદ્વયુદ્ધ દરમિયાન આખરે ભીમસેને ભારે ચતુરાઈપૂર્વક કુદીને કીચકના કેશ પકડી લીધા અને એને પોતાના બાહુની મદદથી છાતી સાથે દબાવી દીધો.

થાકેલો કીચક એ વજ્ર જેવી ભયાનક ભુજાઓમાંથી છૂટવાનો પ્રયાસ કરવા લાગ્યો—ફાંફા મારવા માંડ્યો, પરંતુ એના ફાંફા વ્યર્થ ગયાં.

ભીમે એનું ગળું પકડી લીધું ત્યારે તો એનો પ્રાણ જાણે કે કંઠે આવી ગયો.

એ એકદમ ગભરાઈને બોલી ઊઠ્યો:

'બલ્લવ! મને છોડી દે. હું મરી જઈશ. સૈરન્ધ્રીને નહિ સતાવું. મને છોડી દે. તને મોટામાં મોટો પુરસ્કાર આપીશ.'

'પુરસ્કાર?' ભીમ ભારે તિરસ્કારપૂર્વક બોલી ઊઠ્યો:

'પુરસ્કાર હું તને જ આપું છું. તને અત્યારે ને અત્યારે યમસદન મોકલું છું. તું તારા બળનાં બણગાં ફૂંકતો'તો તો હવે જોઈ લે.'

ભીમે એનું ગળું દબાવવા માંડ્યું. ગળું દબાતાં અસહાય અને લાચાર બનેલો કીચક ધરતી પર ઢળી પડ્યો. એની આંખની પૂતળીઓ બહાર નીકળી આવી.

ભીમે એની પીઠ પર બંને ઘૂંટણ રાખીને એના શરીરને ભુજાઓની મદદથી મરડી નાખ્યું.

એ જોઈને દ્રૌપદી કીચકના મૃત શરીરની પાસે આવીને બોલી:

'ભીમ! આ કાર્ય ઘણું સુંદર થયું. તમારા અસાધારણ પરાક્રમ બદલ તમને ધન્યવાદ આપું છું. તમારા બંનેનું યુદ્ધ થતું'તું ત્યારે હું પાછળથી આવીને એનું પરિણામ જાણવા માટે એકાંતમાં ઊભી રહેલી. આજે મારા આત્માને શાંતિ મળી.'

ભીમે કહ્યું:

'દ્રૌપદી! કામવાસનાના કીડાની આ ભયંકર દુર્દશા પરથી બીજાને ઉત્તમ પદાર્થપાઠ મળશે. જે કોઈ એની પેઠે કુદૃષ્ટિ કરશે તેની દશા આવી જ અમંગલ થશે. હવે આપણે આપણી રોજની જગ્યાએ જઈને વિશ્રાંતિ કરીએ.'

* * *

૧૯. કીચકબંધુઓનો વધ

નૃત્યશાળાના મુલાકાતીઓએ સવારે કીચકના શબને અસ્તવ્યસ્ત દશામાં પડેલું જોયું ત્યારે એમના આશ્ચર્યનો પાર ના રહ્યો.

એ સમાચાર વાયુવેગે સર્વત્ર—સમસ્ત શહેરમાં પહોંચી ગયા.

એ સાંભળીને કેટલાક પ્રસન્ન થયા તો કોઈક શોકિત બન્યા.

લોકો વિવિધ પ્રકારની વાતો કરવા લાગ્યા.

'કીચકના મૃત્યુથી રાજા એકદમ અનાથ બની ગયા. છેક જ શક્તિહીન.'

'કીચક એમના આધારરૂપ હતો.'

'રાજા તો નામના જ રાજા હતા. બાકી સાચું રાજ્ય તો કીચક જ ચલાવતો. બધી સત્તા એના જ હાથમાં હતી. એ જે ધારતો તે પ્રમાણે જ થયા કરતું. રાજા એની યોજનાને અનુમતિ આપ્યા વગર રહેતા જ નહિ. એમને એ અનુમતિ આપવી જ પડતી.'

'એનો પ્રભાવ એવો અસાધારણ હતો.'

'પરંતુ એનો નાશ કર્યો કોણે? એના જેવા મહાબળવાનને મારવાનું કામ કાંઈ સાધારણ ના કહેવાય.'

'એનો નાશ વળી બીજું કોણ કરે? એના કર્મો.'

'એ બળવાન કે બુદ્ધિશાળી હશે પરંતુ એના કર્મો રાક્ષસને છાજે તેવા હતાં. પ્રજાજનોને એ કેટલો બધો ત્રાસ આપતો?'

'અને હમણાં હમણાં એ વધારે પડતો લંપટ બની ગયેલો.'

'એટલે તો પેલી સૈરન્ધ્રીને એણે રાજસભામાં લાત મારેલી અને એનો ચોટલો પકડેલો ત્યારથી જ એનું પુણ્ય પૂરું થયેલું. એને એ સતી સ્ત્રીની આહ લાગી.'

'સૈરન્ધ્રીના કોઈક સ્નેહીએ જ એને મારી નાખ્યો.'

'કે પછી જૂના વેરને લીધે લાગ જોઈને અવસર આવતાં કોઈએ એનું કાસળ કાઢી નાખ્યું હોય.'

કીચકના મૃત્યુના સમાચાર સાંભળીને રાજા વિરાટ, રાણી સુદેષ્ણા તથા કીચકના બંધુઓને ખૂબ જ દુઃખ થયું.

કીચકના બંધુઓ છાતીફાટ રુદન કરતા એના લોહીથી ખરડાયલા ભયંકર મૃત શરીર આગળ આવી પહોંચ્યાં.

થોડીકવાર વિલાપ કર્યા પછી એમણે એના દાહકર્મની તૈયારી કરવા માંડી.

એ તૈયારી કરતાં કરતાં એમને લાગ્યું કે કીચકના મૃત્યુનું કારણ સૈરન્ધ્રી જ છે.

કીચક રાતે સુંદર વસ્ત્રો અને અલંકારોથી અલંકૃત થઈને સૈરન્ધ્રી પાસે જવા માટે જ રવાના થયેલો એવી ચોક્કસ માહિતી પણ એમણે મેળવી લીધી.

એને પરિણામે એ અતિશય ક્રોધે ભરાયા ને કહેવા માંડ્યા:

'કીચકનો નાશ કરવા માટે સૈરન્ધ્રીએ કોઈ ષડયંત્ર કર્યું લાગે છે. એ ષડયંત્રને અનુસરીને એણે કીચકને અહીં આવવાનું આમંત્રણ આપીને અગાઉની સુવ્યવસ્થિત યોજના મુજબ ગમે તે રીતે એનો નાશ કરાવ્યો લાગે છે.'

'મને પણ એવું જ લાગે છે.'

'પરંતુ સૈરન્ધ્રી એટલું બધું સાહસ કરી શકે એવું માની તો નથી શકાતું.'

'તોપણ આમાં એ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જરૂર સંડોવાયલી છે. એટલે એને પણ ભયંકર શિક્ષા કરવી જોઈએ. કીચક એની ઉપર મોહિત થયેલો. એને માટેની એની કામાસક્તિ અજાણી નથી જ. એ તો હવે પાછો નથી આવવાનો પરંતુ સૈરન્ધ્રીને પણ આપણે એની સાથે જ મોકલી દઈએ. એને પકડી લાવીને એના શબ સાથે બાંધીને સ્મશાન ભેગી કરી દઈએ. એ કીચકના શબ સાથે જ સળગી જશે તો કીચકના આત્માને શાંતિ થશે. જે સૈરન્ધ્રી એને ઉપરાઉપરી પ્રયત્નો કરવા છતાં જીવતાં ના મળી તે મૃત્યુ થતાં મળી રહેશે.'

સૌને વિચાર ગમી ગયો એટલે સૌ બોલી ઊઠ્યા:

'બરાબર છે. બરાબર છે. આપણે સૈરન્ધ્રીને પકડી લાવીએ અને આપણા સામર્થ્યનો સ્વાદ ચખાડીએ.'

સૈરન્ધ્રીના આશ્રયસ્થાનમાં આવીને કીચકના બંધુઓએ એને પકડીને બળજબરી ખેંચવા માંડી.

દ્રૌપદી એ કલ્પનાતીત ઘટનાથી ડઘાઈ ગઈ.

એણે એ સૂતપુત્રોનો બનતો સામનો કરી જોયો પરંતુ એમાં એ ફાવી નહિ.

કીટકના બંધુઓ એને નૃત્યશાળામાં લઈ આવ્યા ત્યારે એ એમના વિચારને જાણીને અતિશય દુઃખી થઈ ગઈ.

એના દુઃખ કે વિરોધની લેશમાત્ર પરવા કર્યા વિના એને કીચકના મૃત શરીર સાથે એક જ નનામી પર બાંધવામાં આવી ત્યારે તો એ ભારે કરુણ હૃદયે રડવા ને વિલાપ કરવા લાગી.

કીચકનાં સ્વજનો એને લઈને એને જીવતી જ સળગાવી દેવા સ્મશાન તરફ ચાલ્યા ત્યારે એની ચિંતાનો પાર ના રહ્યો.

એ સહાય માટે મનોમન, અત્યંત ઉત્કટતાપૂર્વક, ભીમ, અર્જુન, યુધિષ્ઠિર તથા કૃષ્ણને યાદ કરવા ને પ્રાર્થવા લાગી.

એને થયું કે પોતાના જીવનમાં આમ એકાએક કેવી કરુણ પરિસ્થિતિ પેદા થઈ! પોતાનું જીવન આવી રીતે શું આપત્તિઓની એકધારી આવૃત્તિરૂપ જ છે?

કીચકબંધુઓ એને દુઃખી દેખીને હરખાવા લાગ્યા અને ભાતભાતનાં કટુ વચનો કહેવા માંડ્યા.

એમના વજ્ર કરતાં પણ વિશેષ કઠોર હૃદયમાં જરા પણ દયા ના પેદા થઈ.

સ્મશાનમાં પહોંચીને એમણે ચિતા તૈયાર કરવા માંડી ને દ્રૌપદીને કહ્યું:

'સૈરન્ધ્રી! તારી અલ્પબુદ્ધિને માટે તને હજુ પણ પશ્ચાતાપ થાય છે કે નથી થતો? કીચકની લાગણી અને માગણીને માન આપીને પહેલેથી જ એની પટરાણી બની હોત તો આવી ઉપાધિ આવી પડત ખરી? હવે તો તારા વિનાશનો વખત આવી પહોંચ્યો છે. કીચકનો વધ કરનાર દુષ્ટ અત્યારે ક્યાં ગયો છે? એ તારી

મદદે કેમ નથી આવતો? એ ગંધર્વ હોય, યક્ષ હોય કે ગમે તે હોય, અમારી આગળ આવતાવેંત જ એનો નાશ કરી નાખીશું. એ અમારી સામે આવવાનું સાહસ તો કરે!'

એ જ વખતે મહાવેગવાન વંટોળિયો આવે તેમ ભીમસેન એ સ્મશાનભૂમિમાં એકાએક આવી પહોંચ્યો ને બોલ્યો:

'દુષ્ટો! આ તમે શું કરવા બેઠા છો? એક નિર્દોષ પવિત્ર સ્ત્રીની આવી અવદશા કરતાં તમને શરમ નથી આવતી? તમે એનો નાશ કરવાનો નિર્ણય કરીને બેઠા છો પરંતુ એને બદલે તમારો જ નાશ કરી નાખું છું. નરાધમો! આ સ્ત્રીને બદલે તમને કીચકની સાથે, એની પાસે, મોકલી આપું છું.'

ભીમને દેખીને દ્રૌપદીની ચિંતા ટળી ગઈ.

એ ઉલ્લાસમાં આવી ગઈ ને બોલી:

'બલ્લવ! આ પાપીઓ મને બળજબરી પકડી લાવ્યા છે. એમણે મને ના કહેવા જેવાં કેટલાંય કઠોર વચનો કહ્યા છે. માટે એમને આકરામાં આકરી સજા થવી જોઈ.'

ભીમે બાજુના એક તાડવૃક્ષને ઉખેડી નાખતાં કહ્યું:

'આ નરાધમોમાંથી કોઈને જીવતો નહિ જવા દઉં. એમને સારી પેઠે સજા કરીશ.'

કીચકબંધુઓ ભીમના રૌદ્ર રૂપને દેખીને ડરી ગયા. એમને કોઈને ઊગરવાની આશા ના રહી.

એમણે દ્રૌપદીને વહેલી તકે બંધનમુક્ત કરીને છોડી દીધી ને પછી પોતાના જીવ બચાવવા માટે નાસી જવાની તૈયારી કરી.

પરંતુ એમને ઘેરી લઈને તાડવૃક્ષના ભયંકર પ્રહાર કરતો ભીમ એમની ઉપર તૂટી પડ્યો.

એ પ્રહારો કીચકબંધુઓને માટે મરણતોલ થઈ પડ્યા.

એના પરિણામે કેટલાંકના મસ્તક તૂટી ગયાં તો કેટલાકનાં અંગાગો નષ્ટ થયા.

ભારે દુઃખદ કે કરુણ ચિત્કારો કરતા કીચકબંધુઓ રક્તથી રંગાઈને ધરતી પર ઢળી પડ્યા.

એ જોઈને ભીમ તથા દ્રૌપદી બંનેના આનંદનો પાર ના રહ્યો.

દ્રૌપદીનાં નિર્મળ નેત્રો આભારનાં અસંખ્ય અશ્રુથી છલકાઈ ઊઠ્યાં.

ભીમની સૂચનાનુસાર એ નગર તરફ ચાલી નીકળી, ને ભીમ પોતે બીજા માર્ગે થઈને ભોજનાશાળા તરફ ચાલી નીકળ્યો.

કીચકબંધુઓના વધના સમાચાર સાંભળીને નગરવાસીઓ તો આશ્ચર્ય અને ભય પામ્યા જ પરંતુ રાજા વિરાટ તથા રાણી સુદેષ્ણાના શોક અને વિસ્મયનો પણ પાર ના રહ્યો.

એમને થયું કે સૈરન્ધ્રી ભારે ચમત્કારી લાગે છે અથવા તો એને કોઈક અદૃષ્ટ અલૌકિક ચમત્કારિક શક્તિઓનો સાથ છે. એવી સ્ત્રીને લાંબા વખત લગી રાજભવનમાં રાખવાથી રાજ્યની ઉપર કોઈક અણધારી આફત ઊતરી પડે તો નવાઈ નહિ.

રાજભવનમાં આવતી વખતે દ્રૌપદી નૃત્યશાળામાં ગઈ ત્યારે અર્જુન રાજકન્યાઓને નૃત્યની તાલીમ આપવાની તૈયારી કરી રહેલો.

દ્રૌપદીને દેખીને એને અતિશય આનંદ થયો પરંતુ એ આનંદ એણે વિશેષ પ્રમાણમાં વ્યક્ત ના કર્યો. એણે રાજકન્યાઓની ઉપસ્થિતિમાં કહ્યું:

'સૈરન્ધ્રી! દુષ્ટો તને કીચકના શબ સાથે બાંધીને સ્મશાનમાં લઈ ગયા તેની મને ખબર છે. એ સમાચાર શહેરમાં સર્વત્ર પ્રસરી ગયેલા. એ જાણીને મને ખૂબ જ દુઃખ થયેલું.'

દ્રૌપદીએ અપરિચિતની પેઠે પૂછ્યું:

'બૃહન્નલા! તને દુઃખ થાય તે સ્વાભાવિક છે, પરંતુ તારે મારી મદદે નહોતું આવવું જોઈતું?'

'મારામાં શક્તિ જ કેટલી છે કે તારી મદદે આવું? પરંતુ સ્મશાનના તારા અનુભવોનું વર્ણન તો કરી બતાવ. તું સ્મશાનમાંથી એ નરાધમોના હાથમાંથી સહીસલામત છૂટીને આવી એ જોઈને મને સાચેસાચ આનંદ થાય છે. તને એવી અત્યંત કરુણ તેમ જ પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી કોણે ને કેવી રીતે ઉગારી? કે પછી કોઈ અકસીર ગુપ્ત વિદ્યાના પ્રભાવથી તારી પોતાની મેળે જ મુક્ત થઈ.'

'તું એવી ગુપ્ત વિદ્યામાં માને છે?'

'માનું છું.'

'તું તેમાં માને તે ભલે પરંતુ મારી મુક્તિ એવી કોઈ ગુપ્ત કે ગૂઢ વિદ્યાથી નથી થઈ. જેણે મારા પ્રત્યેની અનુકંપાથી પ્રેરાઈને કીચકનો નાશ કર્યો તેણે જ મને એના બંધુઓના હાથમાંથી છોડાવી છે.'

'એ શક્તિ અત્યંત અસાધારણ લાગે છે. એ સિવાય યુદ્ધમાં નિપુણ મનાતા પરાક્રમી કીચકબંધુઓનો સામનો કદાપિ ના કરી શકાય.'

દ્રૌપદી અર્જુનને એક તરફ લઈ ગઈ.

એણે એને સ્મશાનની સઘળી હકીકત વિસ્તારથી કહી બતાવી.

એ સાંભળીને અર્જુન આનંદી ઊઠ્યો.

'ભીમે તને અણીને વખતે ઘણી જ કીમતી મદદ કરી છે. દ્રૌપદી! એને માટે એ બધી રીતે અભિનંદનનો અધિકારી છે.'

'સાચું છે.'

'મને ખેદ છે કે હું તારો પોતાનો હોવા છતાં તને કશી જ મદદ નથી કરી શકતો. આ નપુંસક યોનિમાં મને પોતાને પણ સુખ તો નથી જ છતાં પણ ઉર્વશીના શાપને લીધે મારે આ અવસ્થા ભોગવવી પડે છે. એ શાપ સમાપ્ત થશે ત્યારે જ મને શાંતિ વળશે. તને સૈરન્ધ્રીના રૂપે જાતજાતનાં કષ્ટો ભોગવતી જોઈને મારું અંતર વ્યથિત બની રહ્યું છે પરંતુ એ વ્યથામાંથી છૂટવાનો માર્ગ મને નથી દેખાતો. અજ્ઞાતવાસનો સમય હવે લગભગ પૂરો થવા આવ્યો છે. એટલે થોડા વખતમાં જ આપણું જીવન હવે નવા વળાંક લઈ શકશે.'

'એ વળાંક પણ કેવો હશે તેની કોને ખબર છે?'

'કેમ ?'

'દુર્યોધન અને એના સાથીદારોની દ્વેષબુદ્ધિ, અથવા અધમવૃત્તિ આપણાથી અજાણી તો નથી જ. એ આપણી સાથે કેવો વ્યવહાર કરે છે એના પર બધો આધાર છે. છતાં પણ તમે બધા એને પહોંચી વળશો તો ખરાં જ.'

અર્જુને કહ્યું:

'દુર્યોધન દુષ્ટ પ્રકૃતિનો હતો એ સાચું છે પરંતુ આટલાં બધાં વરસોમાં એની પ્રકૃતિમાં ફેર પણ પડ્યો હોય.'

દ્રૌપદી બોલી:

'મને તો એવું નથી લાગતું. જરા પણ નહિ. દુર્યોધનની દુષ્ટતામાં કશો જ ફેર નહિ પડ્યો હોય. એ આપણને શોધી કાઢવાના બનતા બધા જ પ્રયત્નો કરી ચૂક્યો હશે. એની દુષ્ટતા ઉત્તરોત્તર વધતી જ જતી હશે. આપણે એની સાથે બળથી કામ લેવું પડશે. એ બીજી કોઈ રીતે નહિ માને.'

'એ તો સમય પર જોઈ લેવાશે.'

અર્જુને દ્રૌપદીને આશ્વાસન આપ્યું.

એ પછી દ્રૌપદી રાજમહેલમાં રાણી સુદેષ્ણા પાસે જઈ પહોંચી એટલે સુદેષ્ણાએ જણાવ્યું:

'કીચકબંધુઓના નાશના સમાચાર મને મળી ચૂક્યા છે. તને પકડીને એ બધા બળજબરી બાંધીને સ્મશાનમાં લઈ ગયા તે પણ જાણું છું. તારી પોતાની અંદર તો કોઈ જાતની શક્તિ છે નહિ. પરંતુ તારી આગળપાછળ કોઈક અલૌકિક શક્તિ જરૂર રહેતી લાગે છે. એ દૃષ્ટિએ વિચારતાં મને તારો ભય લાગવા માંડ્યો છે.'

'હું તો એક સાધારણ સ્ત્રી છું તથા તમારી આજ્ઞાંકિત સેવિકા છું એટલે મારાથી ભયભીત થવાનું કોઈ કારણ નથી. મારી સાથે રહીને મારી નિત્યનિરંતર રક્ષા કરનારી અલૌકિક શક્તિ મારી ઉપર કુદૃષ્ટિ કરનારને કે મારી પ્રત્યે દુર્વ્યવહાર કરનારને જ શિક્ષા કરે છે. એ શિક્ષા હોય છે પણ સખતમાં સખત. જે મારી સાથે સારો વ્યવહાર કરે તેને મારા તરફથી કોઈયે પ્રકારનું કષ્ટ નથી પડતું.'

'તારી વાત સાચી હશે, સૈરન્ધ્રી! પરંતુ એ વાત પણ એટલી જ સાચી છે કે મેં મારા આજ સુધીના જીવનમાં જોયેલી સ્ત્રીઓમાં તું સૌથી વધારે સુંદર છે. તારા જેવી સ્વરૂપવતી સુંદરી સ્ત્રી સંસારમાં બીજી કોઈયે નહિ હોય. તારું આકર્ષણ, શરીરસૌષ્ઠવ ને લાવણ્ય અનુપમ છે. એને જોઈને કોઈપણ મોહિત થઈ જાય છે.'

'જે ધર્મ કે નીતિ મર્યાદામાં માને છે તે મને જોઈને કદી પણ મોહિત નથી થતા.'

'પરંતુ એવા પુરુષો કેટલા હોય છે? ગણ્યાગાંઠયા જ. તું સુંદર તો છે જ પરંતુ સાથે સાથે પવિત્ર પણ છે એટલે કામુક મનુષ્યો તારી આગળ ફાવી નથી શકતા ને પરિણામે નાશ પામે છે. તોપણ એવા પ્રસંગોની પુનરાવૃત્તિ થયા કરે તે સારું નહિ. એટલા માટે મેં તને મારા સેવાકાર્યમાંથી મુક્ત કરવાનો નિર્ણય કર્યો છે. તને ઠીક લાગે ત્યાં રાજીખુશીથી જઈ શકે છે. એ સંબંધી મેં રાજાની સંમતિ મેળવી લીધી છે. એમના ભાવો અને વિચારો પણ મારા ભાવો ને વિચારોને મળતા જ છે.'

દ્રૌપદી સુદેષ્ણાની વાતથી જરાક વિચારમાં પડી ગઈ.

અજ્ઞાતવાસનો નિર્ધારિત વખત હવે લગભગ પૂરો થવા આવેલો એટલે એણે મનોમન ગણતરી કરીને કહ્યું:

'તમારી આજ્ઞાનું ઉલ્લંઘન નહિ કરું. એવા ઉલ્લંઘનની ઈચ્છા પણ મને નથી થતી. તમે મને તમારી સેવામાંથી મુક્ત કરવાનો નિર્ણય કર્યો છે તો એ નિર્ણયને માથે ચઢાવીશ. પરંતુ એ સંબંધી મારે એક વિજ્ઞપ્તિ કરવાની છે. એને વિજ્ઞપ્તિ કહો, યાચના કહો કે પ્રાર્થના કહો બધું એક જ છે. મને આશા છે કે મારી આટલી સેવાને લક્ષમાં લઈને મારી એ પ્રાર્થનાનો સ્વીકાર કરશો.'

'એ તો તારી પ્રાર્થના વિશે સાંભળું ત્યારે જ કહી શકું.'

'મારી પ્રાર્થના છેક સીધીસાદી છે. તમે આટલા લાંબા વખત લગી રાખી છે તો પંદરથી વીસ દિવસ વધારે રાખો. એ પછી મારો રસ્તો મારી મેળે જ શોધી લઈશ.'

સુદેષ્ણાએ દ્રૌપદીની માગણી મંજૂર રાખી એટલે દ્રૌપદીને સંતોષ થયો.

એ પહેલાંની પેઠે સેવાકાર્યમાં લાગી ગઈ.

* * *

૨૦. સફળ સ્વપ્નું

બીજે દિવસે દ્રૌપદીએ ભોજનશાળામાં જઈને ભીમને સુદેષ્ણા સાથે થયેલી વાતચીત કહી બતાવી.

એ સાંભળીને ભીમ બોલ્યો:

'સુદેષ્ણાએ રાજા સાથે મળીને જે નિર્ણય કર્યો છે તે સારાને માટે જ કર્યો છે. આપણો અજ્ઞાતવાસ પણ હવે પૂરો થવાની તૈયારીમાં જ છે. એટલે આપણે સૌએ અહીંથી નીકળવાનું જ છે. દ્રૌપદી! તને આ દશામાં દેખીને મારું હૃદય રડ્યા કરે છે પરંતુ શું કરું? મારું ચાલે તો એ દુષ્ટ દુર્યોધન અને દુઃશાસનને રહેંસી નાખીને વેરનો બદલો લઉં. એવું કરીશ ત્યારે જ મારો સંતપ્ત આત્મા શાંત થશે.

'અને મને પણ ત્યારે જ શાંતિ વળશે, ભીમ! પેલી હસ્તિનાપુરની રાજસભામાં કરાયલી પ્રતિજ્ઞા પણ ત્યારે જ પૂરી થશે. જે અસાધારણ અદભુત સામર્થ્યથી કીચક અને એના અનેક બંધુઓનો સંહાર કરી શકાયો તે સામર્થ્યની પાસે દુર્યોધન, એના બંધુઓ કે સાથીદારો સહેજ પણ નહિ ટકી શકે. એ ચપટી વગાડતામાં નષ્ટ થઈ જશે.'

ભીમની મુખમુદ્રા એકદમ પ્રફુલ્લ બની ગઈ. એ બોલી ઊઠ્યો:

'બરાબર છે. દ્રૌપદી! મારો અંતરાત્માં પણ એવું જ કહી રહ્યો છે. એ દુષ્ટોનું દમન થશે ત્યારે જ મારું જીવન સાર્થક થશે અને એમનું દમન હું જરૂર કરીશ. રાજસભામાં સૌ સભાસદોના સાંભળતાં કરેલી મારી પ્રતિજ્ઞા મને યાદ છે અને સદાને માટે યાદ રહેશે. એ પ્રતિજ્ઞાને જરૂર પૂરી કરીશ. અત્યારે તો કીચક તથા કીચકબંધુઓનો નાશ થયેલો જોઈને આપણે સંતોષ માનવો રહ્યો. એ તારે માટે ખૂબ જ ત્રાસરૂપ હતા. એમનો નાશ થવાથી તારું જીવન નિર્ભય અને નિશ્ચિંત બની ગયું. હવે તું શાંતિથી કોઈપણ પ્રકારની રોકટોક વિના હરીફરી શકીશ.'

*

પાંડવોના સમાચાર મેળવવા માટે દુર્યોધનને ઠેકઠેકાણે મોકલેલા ગુપ્તચરો હસ્તિનાપુરમાં પાછા ફર્યા ત્યારે પહેલાં તો દુર્યોધનને એમની પાસેથી કોઈક ચોક્કસ માહિતી મેળવી શકાશે એવી આશાથી આનંદ થયો પરંતુ પાછળથી એ આનંદ ઊડી ગયો.

ગુપ્તચરોએ જણાવ્યું:

'પાંડવોની માહિતી મેળવવાના પ્રયત્નો કરવામાં અમે બાકી નથી રાખ્યું. જુદાં જુદાં નગરોમાં, ગામોમાં, પર્વતપ્રદેશમાં અને અરણ્યમાં સર્વત્ર શોધ કરવા છતાં પણ એમની ભાળ ના મળી એટલે અમે નિરાશ થઈને પાછાં ફર્યા. અમને તો લાગે છે અને વિશ્વાસ થાય છે કે એ ક્યાંય નહિ હોય. અરણ્યોમાં અને એકાંતપ્રદેશોમાં પોતાના ભૂતકાલીન વૈભવને યાદ કરતા તથા દુઃખી થતા દ્રૌપદી સાથે એ બધા જ મૃત્યુ પામ્યા લાગે છે. નહિ તો આટલા આટલા પ્રખર પ્રયત્નો કરવા છતાં પણ એ અજ્ઞાત રહી જાય એવું બને જ નહિ.'

ગુપ્તચરોના શબ્દો સાંભળીને સભાજનો સ્તબ્ધ બની ગયા.

દુર્યોધન પોતે પણ થોડાક વખત સુધી તો વિચારમાં પડી ગયો.

પાંડવો શું ખરેખર મૃત્યુ પામ્યા હશે? અને દ્રૌપદી પણ આ ધરાતલ પર નહિ હોય? એમના મૃત્યુનો વિચાર કેટલો બધો આનંદદાયક છે! એમનું મૃત્યુ થઈ જાય કે થયું હોય એથી અધિક કલ્યાણકારક હકીકત બીજી હોઈ શકે? એ સમાચાર પોતાના જીવનને માટે એક મંગલમય મહોત્સવરૂપ થઈ પડે. પરંતુ...

એની વિચારતંદ્રા તૂટી.

પાંડવો પૃથ્વી પર ખરેખર ના હોય તો આ વિશાળ રાજ્યને કોઈનીય દખલ વિના પોતે એકલો ભોગવી શકે. પછી કોઈ પ્રતિસ્પર્ધી રહે જ નહિ. પણ એમના અજ્ઞાતવાસની માહિતી નથી મળી તો એમનું મૃત્યુ થયું છે એવી પાકી માહિતી પણ ક્યાં મળી છે?

એણે ગુપ્તચરોને ઉદ્દેશીને કહ્યું:

'તમે પાંડવોને શોધી નથી શક્યા એટલે એમનું મૃત્યુ થઈ ચૂક્યું છે એવું માનવું બરાબર નથી. એ તર્કસંગત નથી ને બુદ્ધિયુક્ત તો નથી જ. પાંડવો આટલા વહેલા મરણ પામે એવું માનવા માટે મારું મન નથી પ્રેરાતું. એમનું મૃત્યુ બધી રીતે શાંતિદાયક અને ઈચ્છવા યોગ્ય છે ખરું. પરંતુ એ મૃત્યુનો પૂરેપૂરો કે પાકો પુરાવો મળે નહિ ત્યાં સુધી એ જીવતા હશે એવું અનુમાન જ કરવું પડે.'

દુઃશાસન, શકુનિ, કર્ણ, અશ્વત્થામા, કૃપાચાર્ય, ભીષ્મ ને દ્રોણ કોઈ પણ પાંડવોના મૃત્યુને ના માની શક્યા.

એથી પ્રોત્સાહન પામીને દુર્યોધન બોલી ઊઠ્યો:

'પાંડવો ખૂબ જ ચતુર છે. એ એમ એટલા જલદી અને એ પણ એવી દયનીય દશામાં દુઃખી થઈને નથી મરે તેવા. અજ્ઞાતવાસનું અંતિમ વરસ હવે પૂરું થવા આવ્યું છે. એટલે થોડા જ વખતમાં એમના સમાચાર સાંભળવા મળે કે એ પોતે પ્રકટ બને તો નવાઈ નહિ. અત્યારના કટોકટી ભરેલા વખતને એ ભારે સાવધાનીપૂર્વક પૂરો કરતાં હશે. એ જો અજ્ઞાતવાસમાંથી સહીસલામત રીતે બહાર આવશે તો આપણે માટે મહાન ભય, ચિંતા અને આતંકરૂપ થઈ પડશે. એટલા માટે કોઈક એવો ઉપાય શોધી કાઢવો જોઈએ કે જેથી એ અજ્ઞાતવાસમાંથી બહાર આવી જ ના શકે. એમને જો અજ્ઞાતવાસનો સમય સમાપ્ત થતાં પહેલાં જ શોધી શકાય તો આ આખુંય રાજ્ય ઉપદ્રવરહિત, સલામત તેમ જ નિષ્કંટક બની જાય.'

કર્ણે કહ્યું:

'પાંડવો અજ્ઞાતવાસમાંથી પાછા બહાર આવશે તો પણ શું? એમાં એટલી બધી ચિંતા શા માટે કરવી જોઈએ? જે વખતે જેવી પરિસ્થિતિ પેદા થશે તે વખતે તેમાંથી રસ્તો કાઢી લેવાશે.'

ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય તથા બીજા બધાએ કર્ણની વાતને ટેકો આપ્યો.

દુર્યોધને ગુપ્તચરોને કૂતૂહલવૃત્તિથી પ્રેરાઈને પૂછ્યું:

'બધા દેશોમાં કયો દેશ સૌથી વધારે સુંદર ને સમૃદ્ધ લાગ્યો?'

'મત્સ્યદેશ.'

'મત્સ્યદેશ?'

'હા. અમને તો એ જ દેશ સૌથી સરસ લાગ્યો. જોકે આપણાં દેશની સાથે સરખાવતાં એ દેશ કશી જ વિસાતમાં નથી લાગતો પરંતુ બીજા પ્રદેશોની સરખામણીમાં ચડિયાતો છે. એ દેશની પ્રજા વિવેકી છે અને

એના રાજા વિરાટ પણ વિવેકી તથા શક્તિશાળી છે. એથી એ દેશ ઘણો જ આગળ વધ્યો છે. પરંતુ અત્યારે એ દેશની રાજધાનીમાં શોક ફરી વળ્યો છે, અને એ દેશ પણ ઘણો જ નિર્બળ બન્યો છે.'

'એનું કારણ?'

'અમે ફરતા ફરતા ત્યાં જઈ પહોંચ્યા ત્યારે અમને એના કારણની ખબર પડી. એ દેશનો સનાપતિ કીચક મહાશક્તિશાળી તથા પ્રભાવશાળી હતો. એ રાજાને સલાહ આપતો તથા રાજ્યનો બધો જ અધિકાર પોતાના હાથમાં રાખતો. એને લીધે દુશ્મનો ડરતા રહેતા અને આક્રમણ કરવાનું સાહસ ના કરતા. એ શક્તિશાળી કીચકનો અને એના બહાદુર બંધુઓનો ગંધર્વો દ્વારા નાશ કરવામાં આવવાથી રાજાના શોકસંતાપનો પાર નથી. આખાય રાજ્યની શક્તિ ઘણી જ ઘટી ગઈ છે.'

એ સાંભળીને વિગર્ત દેશના રાજા સુશર્માએ જણાવ્યું:

'આ સમાચાર અતિશય આનંદદાયક છે. મત્સ્યદેશના શાલ્વ વંશીય રાજા અમારા પર અવારનવાર આક્રમણ કર્યા કરે છે. મત્સ્યદેશના સેનાપતિ મહાબલ સુતપુત્ર કીચકે જ મને ને મારા બંધુઓને હેરાન કરેલા. એ ખૂબ જ બળવાન, ક્રૂર, અસહનશીલ અને દુષ્ટ પ્રકૃતિનો હતો. એનું પરાક્રમ પ્રખ્યાત હોવાથી અમે એનો સામનો ના કરી શક્યા. હવે એને ગંધર્વોએ મારી નાખ્યો એટલે એના મૃત્યુથી રાજા વિરાટ આશ્રયહીન ને નિરુત્સાહ બની ગયો હશે. માટે તમને, કૌરવોને ને કર્ણને ઉચિત લાગે તો એ દેશ પર આક્રમણ કરવાની તૈયારી કરીએ. એ આક્રમણથી પ્રાપ્ત થયેલા પ્રદેશો અને પદાર્થોને આપણે અંદર અંદર વહેંચી લઈશું.'

કર્ણે કહ્યું:

'સુશર્માએ બહુ સારી વાત કહી. એ સમયાનુસાર અને આવશ્યક છે. એટલે આપણે સેના સજી, એને નાની નાની ટુકડીઓમાં વહેંચી નાખી, પહેલેથી સરસ વ્યૂહરચના કરીને એ લોકો પર ચઢાઈ કરી દઈએ.'

દુર્યોધને આદેશ આપ્યો:

'તું નાના મોટાની સલાહ લઈને ચઢાઈની તૈયારી કર. આપણે સર્વે કૌરવો સાથે એક મોરચા પર જઈશું ને મહારથી સુશર્મા વિગર્તદેશીય વીરો સાથે બીજા નાકા પર પહોંચી જશે. પહેલાં સુશર્મા ચઢાઈ કરશે. એની પછી તરત જ બીજે દિવસે આપણે કૂચ કરીશું. એ ગોવાળો પર આક્રમણ કરીને વિરાટની ગાયો હરી લેશે. પછી આપણે પણ સેનાને બે વિભાગોમાં વિભક્ત કરીને રાજા વિરાટની એક લાખ ગાયો હરી લઈશું.'

રાજા સુશર્માએ વેર લેવાની વૃત્તિથી પ્રેરાઈને રથી અને બીજા વીરો સાથે રાજા વિરાટની ગાયોના હરણ માટે અગ્નિ ખૂણા પરથી આક્રમણ કર્યું.

બીજે દિવસે મોટી સંખ્યામાં એકઠા થયેલા કૌરવોએ બીજી બાજુથી આક્રમણ કરીને રાજા વિરાટની હજારો ગાયો પકડી લીધી.

એ વખતે પાંડવોનું તેરમું અજ્ઞાતવાસનું વરસ સમાપ્ત થઈ ચૂકેલું.

એને લીધે અર્જુનનું નપુંસકપણું આપોઆપ પૂરું થયું. ઉર્વશીના શાપનો સમયમર્યાદાને અનુલક્ષીને સ્વાભાવિક રીતે જ અંત આવેલો.

કૌરવોના આક્રમણની ખબર પડવાથી રાજા વિરાટે એમનો સામનો કરવાની યોજના ઘડી કાઢી.

એ યોજનાને અનુસરીને વિરાટપુત્ર ઉત્તરે બૃહન્નલાની મદદથી એમનો સામનો કર્યો.

એ સામનો કરતાં પહેલાં બૃહન્નલા બનેલા અર્જુને પોતાના ભાઈઓની મદદથી સ્મશાન પાસેના વિશાળ શમીવૃક્ષ પરથી શસ્ત્રો લઈ લીધાં.

પાંડવો તથા રાજા વિરાટની સેનાના સંયુક્ત બળ આગળ રાજા સુશર્મા તથા કૌરવોની ધાડપાડુઓની મંડળી જેવી સેનાનું જોર ના ચાલવાથી એ સેના પરાજિત થઈને નાસી ગઈ.

ગાયોને છોડાવીને ઉત્તર પાછો આવ્યો ત્યારે પાંડવોના પરાક્રમથી પ્રસન્ન થયેલા રાજા વિરાટે એમને અભિનંદન આપતાં કહ્યું:

'તમે બધા પરમ પ્રતાપી કે પરાક્રમી દેખાઓ છો. તમારું એ પરાક્રમ હવે પ્રખ્યાત થઈ ચૂક્યું છે. તમારા એ અસાધારણ સામર્થ્ય વિના ઉત્તર એકલે હાથે કદાપિ વિજયી ના બની શકત. એ માટે તમને અનેકાનેક ધન્યવાદ ઘટે છે. એમાંય બૃહન્નલા તો સૌથી વધારે ધન્યવાદને પાત્ર છે. આપણા વિજયનો બધો જ યશ એને છે. એ પરાક્રમની વાતને સાંભળીને મને લાગ્યું છે કે તમે બધા કોઈ સામાન્ય માનવો તો નથી જ. તમે મારી સેવામાં રહીને મારી ઉપર અનુગ્રહ કરવા ઊતરી આવેલા કોઈ યક્ષ, ગંધર્વ કે દેવો છો.'

'અમે યક્ષ, ગંધર્વ કે દેવો નથી.' અર્જુને ઉત્તર આપ્યો.

'તો પછી? અજ્ઞાત વેશે વિચરતા કોઈ સિદ્ધો છો?'

'ના. સિદ્ધો પણ નથી. અમે તો આ પૃથ્વી પરના સામાન્ય મનુષ્યો જેવા મનુષ્યો છીએ.'

'છતાં પણ તમે કોઈ સામાન્ય મનુષ્યો તો નથી જ.'

'તમારું એ અનુમાન સાચું છે.'

'એટલે? તમે ખરેખર કોણ છો એ હું જાણી શકું ખરો?'

'અમે પાંડવો છીએ.'

'પાંડવો?' રાજા વિરાટના વિસ્મયનો પાર ના રહ્યો. 'જેમના સામર્થ્યની જાતજાતની વાતો સાભળવામાં આવી છે તે પાંડવો શું તમે જ છો?'

'હા. એ પાંડવો અમે જ છીએ. અમારે એક વરસ અજ્ઞાતવાસમાં રહેવાનું હોવાથી અમે તમારે ત્યાં આશ્રય લીધેલો. અજ્ઞાતવાસનો એ સમય પૂરો થયો હોવાથી અમારી જાતને પ્રકટ કરવામાં હવે હરકત નથી. કંક બીજા કોઈ નહિ પણ યુધિષ્ઠિર છે, બલ્લવ ભીમ છે, અરિષ્ટનેમી સહદેવ છે, અશ્વશાળાના અધિપતિ તરીકે નકુલ છે, અને શાપને લીધે નપુંસક થયેલો ને બૃહન્નલા બનેલો હું પોતે જ ગાંડીવધારી વીર અર્જુન છું. મારો એ શાપ હવે પૂરો થયો છે. રાણી સુદેષ્ણાની સેવામાં રહેલી સૌન્દર્યની મૂર્તિ જેવી સૈરન્ધ્રી બીજી કોઈ નથી પરંતુ મારી પત્ની દ્રુપદપુત્રી દ્રૌપદી છે. મહારાજા દ્રુપદે યોજેલા સ્વયંવરમાં મત્સ્યવેધ કરીને મેં એને વરસો પહેલાં પ્રાપ્ત કરેલી.'

અર્જુનના એ ઉદ્ગારોએ વિરાટના મનમાં ભારે હલચલ મચાવી દીધી.

ત્યાં તો અર્જુને આગળ કહ્યું:

'કીચક અને એના અનાચારી અધમાધમ બંધુઓનો નાશ કોઈ ગંધર્વે નહીં પણ ભીમે જ કરેલો. દ્રૌપદી કીચકના દુર્વ્યવહારથી ભારે દુઃખી રહેતી. ભીમથી અને અમારાથી એ સહન ના થવાથી અમારી સંમતિથી ભીમે એને સંકટમુક્ત કરી દીધી.'

'ભીમનું એ પરાક્રમ એકદમ અજોડ કહી શકાય. મને એનું દુઃખ નથી. દુઃખ માત્ર એટલું જ છે કે હું તમને ઓળખી ના શક્યો અને એટલા માટે જ તમારા સરખા શૂરવીર સત્પુરુષોને મેં સેવક બનાવ્યા. યુધિષ્ઠિર દુર્યોધનની પ્રેરણાથી રમાયેલા દ્યૂતમાં બધું હારી ગયા છે તેની ખબર તો મને મળી જ હતી પરંતુ એ પોતાના ભાઈઓ સાથે મારે ત્યાં રહ્યા છે એ હકીકતને હું ના સમજી શક્યો. નહિ તો એમને અને તમને એવી રીતે રહેવા દઉં ખરો? અને દ્રૌપદીની પાસે કદી પણ એવી સાધારણ સેવા કરાવી શકું? મને આ બધી માહિતી મેળવીને હવે દુઃખ થાય છે.'

'દુઃખ થાય એ સમજી શકાય તેવું છે.' યુધિષ્ઠિર બોલ્યા:

'તમારી જગ્યાએ હું હોઉં તો મને પણ દુઃખ થાય. તોપણ એમાં દુઃખી થવા જેવું કશું જ નથી. તમે તો અમને આશ્રય આપ્યો છે.'

'મને પહેલેથી જ તમારા સત્ય સ્વરૂપની ખબર હોત તો તમને આશ્રય તો આપત પરંતુ જરાક જુદી રીતે. મારું ભાગ્ય એ વખતે એટલું બધું ઉત્તમ નહિ હોય છતાં પણ જ્યારથી જાગ્યા ત્યારથી સવાર સમજીને તમને અત્યારથી જ બધા બંધનમાંથી મુક્ત કરું છું. હવે તમે વિરાટનગરમાં મારા અત્યંત આદરણીય અતિથિ તરીકે તમારી ઈચ્છાનુસાર રહી શકશો. દ્રૌપદીને પણ અત્યારથી જ બધી જાતના બંધનમાંથી મુક્ત કરવાનો આદેશ આપું છું. તમારા મહિમાને નહોતો જાણતો ત્યારે અજ્ઞાન દશામાં મેં ગમે તે કર્યું પણ હવે એવું નહિ થઈ શકે. મારા વ્યવહારની ત્રુટિઓને માટે તમારી સાચા દિલથી ક્ષમા માગું છું.'

અર્જુને કહ્યું:

'તમારો અમારી સાથેનો વ્યવહાર ઘણો સંતાષકારક, સુખદ અને ઉત્તમ રહ્યો છે એટલે એમાં ક્ષમાયાચના કરવા જેવું કશું જ નથી. ક્ષમાયાચના તો અમારે અમારી સેવામાં કોઈ ત્રુટિ રહી હોય તો તેને માટે તમારી કરવાની છે.'

રાજાએ રાણી સુદેષ્ણાને પાંડવોની પરિચયકથા કહી બતાવી ત્યારે એણે કહ્યું:

'સૈરન્ધ્રીના રૂપમાં રહીને દ્રૌપદીએ આપણે ત્યાં આશ્રય લીધો છે એવી ખબર હોત તો એની પાસે આવી રીતે એક દિવસ પણ સેવા ના કરાવત. એનું લોકોત્તર લાવણ્ય જોઈને એના સંબંધી મારું મન શરૂઆતથી જ શંકા કર્યા કરતું'તું. હવે એ શંકા સાચી ઠરી. આજથી એ મારી સખી તરીકે આ રાજમહેલમાં એની મરજી મુજબ વાસ કરશે. હું એની બનતી બધી જ સંભાળ રાખીશ ને સેવા કરીશ.'

રાજા વિરાટે અર્જુનને પોતાની પુત્રી ઉત્તરાને પત્નીરૂપે સ્વીકારવા કહી જોયું. બીજી રીતે કહીએ તો પ્રેમપૂર્વક પ્રાર્થના કરી.

અર્જુને ઉત્તરાને બીજી રાજકન્યાઓ સાથે નૃત્ય તથા સંગીતવિદ્યા શીખવેલી. એ રીતે એને ઉત્તરાનો પરિચય હતો.

રાજાનો પ્રસ્તાવ સાંભળીને એણે જણાવ્યું:

'ઉત્તરા સર્વપ્રકારે સુંદર અને સદ્ગુણી છે તોપણ મારી શિષ્યા છે. એક વિદ્યાગુરુ તરીકે એની સાથે લગ્ન કરવાનો વિચાર પણ મારાથી ના કરી શકાય.'

'એ લગ્ન અમારે માટે આવકારદાયક હશે. એનાથી આપણે એકમેકની વધારે નજદીક આવી શકીશું.' રાજાએ દલીલ કરી.

'છતાં પણ મારાથી એ પ્રસ્તાવનો સ્વીકાર નહિ કરી શકાય. લોકોમાં ખોટો આદર્શ બેસે તેવું કોઈપણ કામ કરવાનો સંકલ્પ મારાથી નહિ જ થઈ શકે. એને બદલે તમારી ઈચ્છા જ હોય તો મારા પ્રતાપી પુત્ર અભિમન્યુ સાથે ઉત્તરાનો લગ્નસંબંધ થઈ શકશે. એ સુંદર, સર્વગુણસંપન્ન ને સર્વપ્રકારે સુયોગ્ય છે.'

વિરાટનરેશને એ વિચાર પસંદ પડ્યો.

એમણે એને અનુમતિ આપી.

એ શુભ સમાચાર થોડા જ સમયમાં ભગવાન કૃષ્ણને દ્વારિકા પહોંચાડવામાં આવ્યા.

એ સાંભળીને કૃષ્ણની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

એમણે વિરાટનરેશના દૂત સાથે પોતાનો સંમતિપત્ર મોકલાવ્યો.

નિર્ધારિત સમયે એ અભિમન્યુ, બીજા સ્નેહીજનો તથા પુરોહિત ધૌમ્ય સાથે વિરાટનગરમાં આવી પહોંચ્યા ત્યારે રાજાએ એમનો ખૂબ જ સ્નેહપૂર્વક સત્કાર કર્યો. પાંડવો એમને ભાવપૂર્વક ભેટી પડ્યા ને દ્રૌપદીએ એમના ચરણમાં પરમ પ્રેમ તેમ જ પૂજ્યભાવપૂર્વક પ્રણામ કર્યા.

લાંબા વખત પછી મેળાપ થવાથી સૌનાં અંતર ભાવવિભોર અથવા ગદગદ બની ગયાં.

ઉત્તરા અભિમન્યુને નિહાળીને રાજી થઈ, મુગ્ધ બની, ને જાણે કે કશુંક ખોઈ બેઠી.

એના અંતરમાં, અંગેઅંગમાં અથવા અણુપરમાણુમાં રાગની અસંખ્ય અવનવી રાગરાગિણી વાગી રહી.

એ રાગરાગિણી સાર્થક થઈ અને એ અભિમન્યુ સાથે લગ્નગ્રંથિથી જોડાઈ ત્યારે તો એનો અંતરાત્મા અનંત આનંદાર્ણવમાં અવગાહન કરી રહ્યો.

એને થયું કે એક અત્યંત સુંદર અને મહાન સ્વપ્નું સફળ થયું: સુખદ ઠર્યું.

* * *

૨૧. દૂતની વાતચીત

ઉત્તરા અને અભિમન્યુના લગ્ન પછી એક દિવસ કૃષ્ણે રાજા વિરાટ તથા પાંડવોના સાંભળતાં દ્રૌપદીને સંબોધીને કહ્યું:

'વનવાસમાં સૌથી વધારે તારે સહન કરવું પડ્યું છે. વનવાસમાં જ નહિ પરંતુ અત્યાર સુધીના સમસ્ત જીવનમાં. મહારાજા દ્રુપદની પુત્રી તરીકે તું કેટલા બધા સુખ, વૈભવ અને ઐશ્વર્યમાં ઊછરેલી, એમની પાસેથી અર્જુન સાથે લગ્ન કરીને બહાર નીકળ્યા પછીથી તારા જીવનમાં સુખનો સમય વધારે વખત ના ટક્યો. તારે પ્રસંગોપાત પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો.'

દ્રૌપદી થોડોક સમય શાંત રહીને કૃષ્ણની મંગલમય મુખાકૃતિને નેહપૂર્વક નિહાળીને બોલી:

'જીવનમાં મારે સુખ કરતાં દુઃખનો અનુભવ વધારે કરવો પડ્યો છે એ સાચું પરંતુ એ હકીકત ફક્ત મારે માટે નહિ પણ અમારે સૌને સારું સાચી છે. મારે પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો છે તોપણ મારું મનોબળ નથી મર્યું. હું દુઃખથી ડરીને, ડગીને કે પરિસ્થિતિથી વ્યથિત થઈને જીવનને અભિશાપરૂપ નથી સમજતી કિન્તુ આશીર્વાદરૂપ માનું છું. હા, મારો સ્વમાની ને સત્યનિષ્ઠ આત્મા આજે પણ આક્રંદ કરી રહ્યો છે. દુર્યોધન અને દુઃશાસનના દુર્વ્યવહારને ભૂલવાનું એને માટે અશક્ય થઈ ગયું છે. રાતોની રાતો સુધી એ દુર્વ્યવહારનાં દારુણ દૃશ્યો મને બેચેન બનાવે છે ને મારી નીંદને હરામ કરી દે છે. એનો કોઈક ઉપાય કરો, કૃષ્ણ! જેથી મારાથી સુખપૂર્વક ફરી શકાય ને શાંતિથી સૂઈ શકાય.'

દ્રૌપદીની વેદનાયુક્ત વાણી સાંભળીને કૃષ્ણની આંખ ભીની થઈ ગઈ. એ બોલ્યા:

'એનો ઉપાય અવશ્ય કરીશ, દ્રૌપદી! તું સુખપૂર્વક ફરી શકશે ને શાંતિથી સૂઈ શકશે. એ દિવસો હવે વધારે દૂર નથી દેખાતા. દુર્યોધન અને દુઃશાસનને એમના દુર્વ્યવહારનો દંડ જરૂર મળશે.'

'અને ના મળે તોપણ શું?' યુધિષ્ઠિર બોલી ઊઠ્યા: 'એમને દંડ મળે એવું શા માટે ઈચ્છવું જોઈએ? વેર કે બદલાની ભાવનાથી માણસ હંમેશા દુઃખી થાય છે. એ કોઈને કદાપિ સુખી નથી કરી શકતી.'

'પરંતુ આપણી ભાવના વેરની નથી, કર્તવ્યની છે. જો આપણે ડરપોક કે કાયર ના હોઈએ અને આપણામાં સહેજ પણ મરદાનગી હોય તો આપણા રાજ્યને ફરીથી પાછું મેળવીને દુર્યોધન તથા તેના દુષ્ટ સાથીઓને એમનાં દુષ્કર્મોનો દંડ આપવો જ જોઈએ. કૌરવોની સભામાં મેં જ પ્રતિજ્ઞા કરી છે તેનું મને સ્મરણ છે. દ્રૌપદીની વાણીને પણ હું નથી ભૂલી શક્યો. એ વાણી મને આજે પણ વ્યથિત કરે છે.'

ભીમના શૂરવીરતાયુક્ત શબ્દને સાંભળીને અર્જુને કહ્યું:

'સાચું છે. ભીમના શબ્દો સાથે હું સંપૂર્ણપણે સંમત છું. મારા ભાવો કે વિચારો પણ એવા જ છે. કૌરવ સભામાં દ્રૌપદીએ કરેલાં કરુણ ક્રંદનો આજે પણ મારા કાને અથડાયા કરે છે. એની દુઃખી ને દયનીય દશાને હું આજે પણ નથી ભૂલી શક્યો. એ વખતે તો લાચાર હોવાથી મારાથી કશું જ ના કરી શકાયું પરંતુ હવે પરિસ્થિતિ પેદા થતાં હું દુર્યોધનને મારા પરાક્રમનો પરચો જરૂર બતાવી આપીશ. મારી શસ્ત્રાસ્ત્રવિદ્યા બીજા કયા કામમાં આવવાની છે?'

અર્જુનની વીરવાણી સાંભળીને દ્રૌપદીનું મુખમંડળ પ્રસન્ન બન્યું ને પ્રકાશી ઊઠ્યું. એ બોલી:

'દુર્યોધનને એના દુષ્કર્મો બદલ ભારે દંડ મળશે ને મારી પ્રતિજ્ઞા પૂરી થશે ત્યારે જ મારા આત્માને શાંતિ મળશે. તમે જો શૂરવીર ક્ષત્રિયોના વંશમાં જન્મ્યા હો તો મારી પ્રતિજ્ઞા પ્રતિજ્ઞા જ નહિ રહી જાય તેનું ખાસ ધ્યાન રાખજો. તમારા શબ્દો સાંભળીને આજે મને હિંમત આવી છે, મારી આશા વધી ગઈ છે, ને મારો ઉત્સાહ દ્વિગુણિત બન્યો છે. હું એ પળની પ્રતીક્ષા કરી રહી છું જ્યારે ભીમ ગદાયુદ્ધમાં દુર્યોધનના સાથળને તોડી નાખશે. યુધિષ્ઠિર, તમે વેરની વાત કરો છો પરંતુ આ વેર નથી, વીરતા છે. સ્વમાન અથવા આત્મગૌરવ છે. એના વિના માનવનું મૂલ્ય કશું જ નથી હોતું. એ પશુ, અરે પશુ કરતાંય હીન છે.'

'દ્રૌપદીની વાત સંપૂર્ણપણે સાચી છે.' કૃષ્ણે કહ્યું: 'એની સ્વમાનયુક્ત વીરવાણી સાંભળીને મને આનંદ થઈ રહ્યો છે. એના જેવી સ્વમાની સન્નારીઓ જ સમાજને દુષ્ટોના દમનમાંથી મુક્ત કરી શકશે. એ સમસ્ત સમાજને માટે ગૌરવરૂપ છે.'

રાજા વિરાટે વચ્ચે જણાવ્યું:

'દ્રૌપદી, ભીમ અને અર્જુનના ભાવોને હું સહાનુભૂતિપૂર્વક સમજી શકું છું. એ જોઈને મને આનંદ થાય છે. પરંતુ મારી એક પ્રાર્થના છે કે પહેલાં દુર્યોધનના મનોભાવોને જાણવાનો પ્રયાસ કરીએ. તમારું ન્યાયોચિત રાજ્ય એ તમને આપી દે તો તો ધર્ષણ, કટુતા કે વિખવાદનો કોઈ પ્રશ્ન જ નથી રહેતો.'

ભીમે કહ્યું:

'દુર્યોધન ખૂબ જ કપટી તેમ જ દુષ્ટ છે. લાતોનો દેવ વાતોથી ના માને એ ઉક્તિ એના સંબંધમાં તદ્દન સાચી ઠરે છે. અમારું રાજ્ય પચાવી પાડવા તથા અમને હેરાન કરવા માટે તો એણે શકુનિની સહાયથી યુધિષ્ઠિરને કપટદ્યૂતમાં હરાવેલા. પતિવ્રતા, દ્રુપદપુત્રી દ્રૌપદીને રાજ્યસભામાં રજસ્વલા દશામાં પકડી લાવવાનો ને નગ્ન કરવાનો આદેશ આપીને એણે રાજધર્મની બધી જ મર્યાદાનો ભંગ કર્યો, એ દૃશ્ય મારી આંખ આગળ રમ્યા કરે છે. મારું સમસ્ત ચિત્તતંત્ર એથી ઉશ્કેરાઈ જાય છે. એ દુષ્ટ દુર્યોધન વાટાઘાટો દ્વારા માનવાનો છે અને હરામનું પચાવી પાડેલું રાજ્ય શું આપણને પાછું આપવાનો છે? એ તો પરાક્રમના પ્રદર્શનથી જ સીધો થશે કે નમતું જોખશે. એને એના અન્યાયી વર્તન બદલ દંડ દેવા માટે મારું અંતર અધીરું બની રહ્યું છે. મારું અણુએ અણુ ઝંખી રહ્યું છે.'

'છતાં પણ એ ઝંખનાને શાંત કરવી પડશે, ભીમ! પહેલાં આપણે જોઈએ તો ખરા કે દુર્યોધન શો ઉત્તર આપે છે! હું મારા વિશ્વાસુ દૂતને મોકલીને સૌથી પહેલાં એને તમારા સમાચાર પહોંચાડું. કોઈ પણ જાતનું સાહસ કરતાં પહેલાં એના પ્રત્યાઘાતને જાણી લઈએ એ સારું રહેશે.'

કૃષ્ણે કહ્યું:

'દુર્યોધન દુષ્ટ પ્રકૃતિનો હોવાથી પાંડવોના રાજ્યને પાછું આપવા કદીપણ તૈયાર નહિ થાય. પાંડવોએ એમનું રાજ્ય ભીખ માગીને નહિ પરંતુ પરાક્રમનો પરચો બતાવીને જ લેવું પડશે. એ વિના એ રાજ્ય કદાપિ નહિ મળી શકે. મારા મનમાં એ વસ્તુ વિશે લેશ પણ શંકા નથી. છતાં પણ આપણે હાથે કશી ઉતાવળ થઈ છે એવું ના લાગે એટલા માટે કોઈક દૂતને મોકલવામાં હરકત નથી. એથી દુર્યોધનના વિચારો વધારે સારી રીતે જાણી શકાશે. અત્યાર સુધી એ શાંત તો નહિ જ બેસી રહ્યો હોય. અજ્ઞાતવાસના વરસ દરમિયાન ગુપ્ત રહેલાં પાંડવોને શોધી કાઢવાના બનતા બધા જ પ્રયત્નો એ અવશ્ય કરી છૂટ્યો હશે. એ

પ્રયત્નોમાં નિષ્ફળતા મળતા એણે પાંડવોને મરેલા પણ માની લીધા હશે. એ પાંડવો જીવે છે એટલું જ નહિ, સહીસલામત છે એવા આશ્ચર્યકારક સમાચાર મળતાં એને કાંઈનું કાંઈ થઈ જશે. એની દ્વેષભાવના વધારે બળવાન બની જશે.'

*

કાંતદર્શી કૃષ્ણના એ શબ્દો સાચા પડ્યા.

રાજા વિરાટના દૂતે હસ્તિનાપુરમાં પહોંચીને પાંડવોના ખાસ સમાચાર કહી બતાવ્યા ત્યારે દુર્યોધન ઘડીભર દિગ્મૂઢ જેવો બની ગયો ને બોલી ઊઠ્યો:

'પાંડવો હજી જીવતા છે? અને વિરાટનગરમાં વસી રહ્યા છે? રાજા વિરાટે એમને આશ્રય આપ્યો અને એમનું તેરમું અજ્ઞાતવાસનું વરસ એમણે ત્યાં જ પૂરું કર્યું? આ હું શું સાંભળી રહ્યો છું? હું તો એમને દ્રૌપદી સાથે મરેલા જ માનતો'તો. મને એટલી નિરાંત હતી. મારા ગુપ્તચરોએ ચારે દિશામાં ફરીને એમને શોધી કાઢવાના બનતા બધા જ પ્રયત્નો કરેલા, એ મત્સ્યદેશમાં પણ જઈ પહોંચેલા છતાં એમની માહિતી ના મળી.'

'ગુપ્તચરોને એમની માહિતી નહિ મળી હોય તોપણ એ વિરાટનગરમાં હતા એ સાચું છે.'

'વિરાટનરેશે એમને આશ્રય આપ્યો એ આશ્ચર્યકારક છે. એમને મારા બાહુબળની ખબર નહિ હોય.'

'તમારા બાહુબળની ખબર કોઈને ના હોય એવું બની શકે ખરું? એની ખબર તો રાજા સુશર્મા સાથે મળીને તમે વિરાટનગર પર ચઢાઈ કરેલી ને પકડેલી ગાયોને છોડી દઈને નાસી છૂટેલા ત્યારે જ પડી શકેલી. વિરાટનરેશે પાંડવોને આશ્રય આપીને કશું અનુચિત નથી કર્યું. અતિથિ અથવા આશ્રયહીનને આશ્રય આપવો એ સૌનો ધર્મ છે. એમણે પરંપરાગત, સર્વમાન્ય, સનાતન માનવધર્મનું પાલન જ કરી બતાવ્યું છે. પાંડવો દ્રૌપદી સાથે એમને ત્યાં ગુપ્તવેશે રહેવા આવેલા ને જુદી જુદી જાતની સેવા કરવા રહેલા. એ પાંડવો અને દ્રૌપદી છે એવી ખબર તો એમને છેક પાછળથી, હજુ હમણાં જ પડી. રાજા સુશર્મા તથા તમારી શૂરવીર સેનાનો સફળતાપૂર્વક સામનો કર્યા પછી. ખબર પડતાં અને એમના બાહુબળનો સાચો ખ્યાલ આવતાં જ એ એમના મિત્ર બની ગયાં.'

'મિત્ર?'

'હા. મિત્ર. એવા પ્રતાપી પુરુષોના મિત્ર થવામાં જીવનનું ગૌરવ રહેલું છે. એવા સત્પુરુષોના શત્રુ થવાનું સાહસ કોણ કરી શકે? કોઈ અજ્ઞ કે મૂર્ખ જ. વિવેકી નહિ.'

દુર્યોધન દ્વેષાગ્નિથી સળગવા માંડ્યો.

એની આંખ અગ્નિવર્ષણ કરવા લાગી ને કાયા કંપવા માંડી.

ત્યાં તો બળતામાં ઘી હોમે તેમ દૂતે જણાવ્યું:

'વિરાટનરેશે એમની સાથે મિત્રતા કરી છે એ તો ખરું જ. પરંતુ વધુમાં એમની સાથે ગાઢ સંબંધ પણ પ્રસ્થાપિત કર્યો છે.'

'કેવી રીતે?'

'તમને એ સાંભળીને આનંદ થશે કે વિરાટનરેશે પોતાની પુત્રી ઉત્તરાનું અર્જુનપુત્ર અભિમન્યુ સાથે લગ્ન કર્યું છે. પહેલાં એ ઉત્તરાનું લગ્ન અર્જુન સાથે કરવા માગતા'તા પરંતુ અર્જુને ના પાડવાથી પાંડવોના પ્રસ્તાવ પ્રમાણે એમણે અભિમન્યુની પસંદગી કરી.'

'એનો અર્થ એવો થયો કે પાંડવો તથા દ્રૌપદીને દુઃખી કરવાની મારી ઈચ્છા સંપૂર્ણપણે સફળ ના થઈ. અજ્ઞાતવાસ પણ એમને માટે આશીર્વાદરૂપ થઈ પડ્યો. એ બધું પરાક્રમ પેલા કૃષ્ણનું જ હશે. બધો દોરીસંચાર એનો જ. બીજા કોઈનો નહિ.'

'કૃષ્ણ અત્યારે પાંડવો સાથે વિરાટનગરમાં જ વાસ કરે છે.'

'એમ..?'

'હા.વિરાટનરેશે એમની સાથે મંત્રણા કરીને કહેવડાવ્યું છે કે પાંડવો દ્રૌપદી સાથે વનવાસનો વખત પૂરો થયો હોવાથી ઈન્દ્રપ્રસ્થમાં સન્માનપૂર્વક પાછા આવવા તેમ જ પોતાનું સમૃદ્ધ રાજ્ય ભોગવવા માગે છે. દ્યૂતની શરત પ્રમાણે એમણે તેર વરસનો વખત શાંતિપૂર્વક વિતાવી દીધો છે.'

દુર્યોધન દૂતની વાત સાંભળીને ખડખડાટ કરતાં હસી પડ્યો ને બોલ્યો:

'એમણે મોકલેલો સંદેશો મેં સાંભળી લીધો પરંતુ હું હજુ એટલો બધો—એમના જેવો મૂર્ખ નથી થયો કે એ સંદેશાને સ્વીકારીને અમલી બનાવી શકું. રાજ્ય પર હવે મારો અબાધિત અધિકાર થઈ ચૂક્યો છે. તેર વરસના લાંબા ગાળા દરમિયાન ઈન્દ્રપ્રસ્થને હસ્તિનાપુર સાથે ભેળવીને મેં ઈન્દ્રપુરી જેવું બનાવી દીધું છે. એ સુંદર તો બન્યું જ છે પરંતુ સઘળી રીતે શક્તિશાળી થયું છે. એને એવું અસાધારણ બનાવવા બદલ મારો એની ઉપર અધિકાર છે. એ અધિકારથી મને પાંડવો તો શું, સંસારની કોઈયે શક્તિ વંચિત નહિ કરી શકે. વિરાટનરેશને ને કૃષ્ણને કહેજો કે પાંડવો દ્રૌપદી અને એમના પરિવાર સાથે જીવનપર્યંત ભલે વિરાટનગરમાં જ વાસ કરે. એ હસ્તિનાપુર કે ઈન્દ્રપ્રસ્થમાં આવે એવું હું સ્વપ્ને પણ નથી ઈચ્છતો. જ્યાં સુધી મારું જીવન છે ત્યાં સુધી તો એમને અહીં નહિ જ આવવા દઉં. અને દુઃશાસન, શકુનિ, અશ્વત્થામા તેમ જ કર્ણ પણ નહિ આવવા દે.'

દૂતે શાંતિપૂર્વક કહ્યું:

'વિરાટનરેશે મને વિનંતિ કરવા મોકલ્યો છે, અને એ પણ એટલા માટે કે અંદર અંદરના વિખવાદને શાંત કરીને તમે સૌ શાંતિથી રહી શકો, પોતપોતાનાં રાજ્યોને સમૃદ્ધ તથા શક્તિશાળી કરી શકો, ને બીજાને માટે પણ ઉદાહરણરૂપ બનો.'

'મારે એવું નથી કરવું. પાંડવોએ તમને રાજ્યની ભીખ માગવા મોકલ્યા છે તે જાણું છું. એ બતાવે છે કે એમનું પરાક્રમ ઓસરી ગયું છે. એમનામાં પરાક્રમ હોત તો એ આવી રીતે ભીખ માગત જ નહિ. રાજ્ય ભીખ માગવાથી નથી મળતું, બળ, કળ કે લાયકાતથી મળે છે. વિરાટનરેશના કહ્યા પ્રમાણે અમારે એકમેકનાં રાજ્યોને સમૃદ્ધ અને શક્તિશાળી કરવા જેવું કાંઈ છે જ નહિ. એમણે કરેલો પોતપોતાનાં રાજ્યોનો શબ્દપ્રયોગ તદ્દન ખોટો છે. પાંડવોનું રાજ્ય જેવું કશું રહ્યું જ નથી. હસ્તિનાપુર અને ઈન્દ્રપ્રસ્થનું સારુંય સામ્રાજ્ય હવે મારું જ છે.'

દૂત દુર્યોધનની દ્વેષપૂર્ણ મુખાકૃતિ તરફ જોઈ રહ્યો ને બોલ્યો:

'ભાઈઓ ભાઈઓની વચ્ચેનો આવો કુસંપ શું સારો લાગે છે?'

'એમાં ખોટું શું છે? એ કુસંપના બી કૌરવોએ નહિ પરંતુ પાંડવોએ જ વાવેલાં છે અને એ એનું સ્વાભાવિક ફળ ચાખી રહ્યા છે.'

'કૌરવો તથા પાંડવો પોતાના મતભેદોને ભૂલીને પ્રેમપૂર્વક ભેગા થાય તો એમની શક્તિ કેટલી બધી વધી જાય? એમના સંયુક્ત સામર્થ્ય આગળ સંસારની કોઈપણ શક્તિ ના ટકી શકે. એ દુર્જય જ નહિ, અજય બની જાય.'

'અમારે દુર્જય કે અજય બનવા માટે પાંડવોની જરૂર જરા પણ નથી. એ પામર પાંડવો અમારા સામર્થ્યમાં કશો જ વધારો નથી કરી શકવાના. અમારી શક્તિ વધારવાના બહાના હેઠળ અમારે એમને અહીં નથી બોલાવવા. એ હવે રાજ્યનો મોહ મૂકીને બહાર જ ફરતા રહે એ વધારે સારું છે.'

'ત્યારે તમે એમને અહીં નહિ બોલાવો?'

'કદાપિ નહિ. અને એ જો મારી અનુમતિ કે મારા આમંત્રણ સિવાય આવશે તો એમને કેદ પકડી લઈશ.'

'પરંતુ એમનું સુંદર શક્તિશાળી રાજ્ય?'

'રાજ્ય પર હવે એમનો અધિકાર નથી રહ્યો એ હકીકત મેં પહેલેથી જ સ્પષ્ટ કરી છે.'

'એનો અર્થ એવો થયો કે એમણે રાજ્ય જોઈતું હોય તો લડવું જોઈએ.'

'એમને એમના બળનું મિથ્યાભિમાન હોય ને મરવાનુ પસંદ હોય તો જરૂર લડે. બાકી મારી સમજ પ્રમાણે એનો અર્થ એવો નથી થતો. એનો સાચો અર્થ તો ફક્ત એટલો જ થાય છે કે એ રાજ્યની આકાંક્ષા જ ના રાખે.'

'એ વસ્તુ શક્ય છે?

'કેમ નહિ? એ તેર વરસ સુધી રાજ્ય વિના રહી શક્યા તો આખી જિંદગી સુધી પણ રહી શકે છે. પહેલાં એમની પાસે રાજ્ય હતું જ ક્યાં? એમનો જન્મ તો અરણ્યના એકાંત આશ્રયસ્થાનમાં થયેલો. રાજ્ય તો એમની ઉપર દયા કરીને પાછળથી મારા પિતાજીએ આપ્યું. એથી એ કાંઈ એમનું નથી થઈ જતું. એ પરંપરાથી અમારું જ છે ને અમારું જ રહેશે. પાંડવો, વિરાટનરેશ કે કૃષ્ણ એની આશા જરા પણ ના રાખે.'

દૂતને દુર્યોધનની દુર્ભાવનામાં સહેજ પણ શંકા ના રહી.

વિદાય થતી વખતે એણે પૂછી જોયું :

'મહારાજા વિરાટને કોઈ વિશેષ સંદેશો આપવાનો છે?'

'એમને આપવાનો સંદેશો એટલો જ છે કે પોતાના ભાવિ હિતનો વિચાર કરીને એ પાંડવો સાથેનો સંબંધ તોડી નાખે. હજુ એમને પાંડવોનો પૂરતો અનુભવ નથી પરંતુ એટલું ચોક્કસ છે કે એમના ઘનિષ્ઠ સંબંધથી એ સુખશાંતિ નહિ મેળવી શકે. પાંડવો કૃષ્ણના બળ પર આધાર રાખતા હોય તો એ આધાર પણ નકામો છે. કૃષ્ણનું પરાક્રમ નામનું જ છે. માટે તો એણે જરાસંધ જેવા મહાબળવાન યોદ્ધાનો ખુલ્લી રીતે સામનો કરવાને બદલે એને કપટ કરીને ભીમ દ્વારા મરાવી નાખ્યો. મને એ કપટલીલાયુક્ત કૃષ્ણનો ભય લેશપણ નથી લાગતો. એ પાંડવો પાસે અવારનવાર શા માટે આવે છે તે જાણવું હોય તો કહી બતાવું.'

'કહી બતાવો.'

'એ પેલી સૌંદર્યદેવી દ્રૌપદીમાં આસક્ત છે માટે. દ્રૌપદી પોતે પણ એની પ્રત્યે પ્રેમ રાખે છે.'

'પરંતુ એ પ્રેમ તદ્દન પવિત્ર છે. કૃષ્ણ પોતે પવિત્રતાનું મૂર્તિમંત પ્રતીક છે. દ્રૌપદી તો શું બીજી કોઈયે સ્ત્રીમાં એ આસક્ત નથી થઈ શકે તેમ.'

'હું એવું નથી માનતો.'

'એથી એની યથાર્થતામાં કોઈ ફેર પણ નથી પડતો. જોકે હું તો વિશેષ કાર્ય સાથે આવેલો એક રાજદૂત હોવાથી બીજી વ્યક્તિગત ચર્ચાવિચારણામાં પડવાની મારે આવશ્યકતા ના હોય તોપણ વિષય નીકળવાથી આટલો અભિપ્રાય આપી રહ્યો છું.'

'એ અભિપ્રાયની અસર મારા અનુભવપૂર્ણ વિચારો પર જરા પણ નથી પડવાની.'

દૂતે કહ્યું:

'મારા સંબંધમાં પણ એવું જ સમજી લેજો.'

અને એણે સમય વિરાટનગર તરફ ભારે હૈયે પ્રયાણ કર્યું.

* * *

૨૨. દુર્યોધને ના માન્યું

વિરાટનગરમાં પહોંચ્યા પછી રાજદૂતે રાજા વિરાટને, કૃષ્ણને અને પાંડવોને દુર્યોધન સાથેની મુખ્ય મંત્રણાથી વાકેફ કર્યા.

એ સાંભળીને વિરાટનરેશે કહ્યું:

'દુર્યોધન હજુ આવા ક્ષુલ્લક અને સ્વાર્થી વિચારો સેવે છે એ જાણીને મને આશ્ચર્ય થાય છે. એનું મન આટલું બધું કલુષિત હશે તેની મને કલ્પના નહિ. એનો અંતરાત્મા અતિશય અહંકારયુક્ત અને અલ્પ છે એમાં શંકા નહિ.'

યુધિષ્ઠિર બોલી ઊઠ્યા:

'વનવાસનાં તેર તેર વરસનાં વહાણાં વાઈ ગયા તોપણ દુર્યોધન દુર્યોધન જ રહ્યો, એની અંદર બિલકુલ પરિવર્તન નથી થયું. મને લાગતું'તું કે આટલાં બધાં વરસો પછી એના સ્વભાવમાં વિચારોમાં ને ભાવોમાં થોડોક તો સુધારો થયો જ હશે પરંતુ મારું એ અનુમાન ખોટું ઠર્યું. એની અંદર સુધારો થવાને બદલે ઉત્તરોત્તર બગાડો થતો ગયો છે. દૂતની વાત સાંભળીને મારું દિલ જરા દુઃખી થઈ ગયું છે ને મન અણધાર્યા અમંગલ વિચારો તથા ભાવોમાં ડૂબી રહ્યું છે.'

ભીમે જણાવ્યું:

'એમાં એ દુષ્ટ દુર્યોધન શું કરે? દૂત આવા જ સમાચાર લાવશે એવી ધારણા મેં કરી જ રાખેલી. દુર્યોધનના સ્વભાવને હું સારી પેઠે જાણું છું. એ આપણને હસ્તિનાપુર કે ઈન્દ્રપ્રસ્થમાં બોલાવે ને રાજ્ય આપે એવું મારા માનવામાં પહેલેથી જ નથી આવતું. સાપ પોતાની વક્રગતિને નથી છોડતો તેમ દુર્યોધન પણ એની કુટિલતાનો ત્યાગ નહિ કરી શકે. આપણે એની પાસે દૂતને મોકલવાની જરૂર જ ન હતી. ઈન્દ્રપ્રસ્થ પર આપણો અધિકાર છે અને રહેશે. એ અધિકાર કાંઈ કોઈની પાસેથી માગવાનો ના હોય. રાજ્ય આપણું જ છે અને આપણે કરેલી શરત પ્રમાણે તેર વરસ પસાર થઈ ગયા હોવાથી, એને ભોગવવાનો આપણો પૂરેપૂરો અધિકાર છે. પછી આપણે એ નરાધમ પાસે ભીખ માગવાની આવશ્યકતા જ ક્યાં છે? એ તો આપણે એને સારી પેઠે પહોંચી વળશું.'

અર્જુને બાંયો ચઢાવતાં ભીમને શાંત પાડીને કહ્યું:

'દૂતને મોકલવાથી આપણને કશું નુકશાન નથી થયું. એથી દુર્યોધનના દુષ્ટ વિચારોનો ખ્યાલ આવ્યો. એટલા પૂરતું એ સારું જ થયું છે. હવે એ સંબંધમાં આપણને કોઈ ભ્રાંતિ નહિ રહે. આ સંજોગોમાં આપણે શું કરવું તે આપણી મેળે જ શ્રીકૃષ્ણની સલાહ પ્રમાણે વિચારી લઈશું.'

'મને તો લાગે છે કે દુર્યોધન સંદેશા મોકલવાથી કદી પણ નહિ માને. જો એના મનમાં આપણે માટે જરાક પણ સદભાવ હોત તો એ આપણને વનમાં મોકલત જ નહિ, અને મોકલ્યા પછી પણ પોતાના એ કુકર્મને માટે પશ્ચાતાપ કરીને આપણને મળવા અને આશ્વાસન આપવા આટલાં બધાં વરસોમાં એકાદવાર તો જરૂર આવી જાત. પરંતુ એના હૃદયમાં એવી ભાવના નથી. અને ના હોય તોપણ શું? એ નહિ માને તો તમે

ક્યાં એટલા બધા નિર્બળ છો કે એને છોડી દેશો? ભીમની ગદા તેમ જ તમારું ગાંડીવ એને મનાવશે. એવી ભયંકર રીતે એને એનાં કર્મોનો દંડ મળશે ત્યારે જ મને ટાઢક વળશે.'

દ્રૌપદીના શબ્દો સાંભળીને કૃષ્ણે કહ્યું:

'દ્રૌપદી! તારા અંતરમાં જે અસહ્ય ઉકળાટ છે તેને સારી રીતે સમજી શકું છું. તારી સ્વમાનવૃત્તિ ને વીરતા ખરેખર પ્રશંસનીય છે. તું જે શાંતિની ઝંખના કરી રહી છે તે તને અવશ્ય મળી રહેશે. દુર્યોધનના શબ્દો પરથી સમજાય છે કે એના દિવસો હવે પૂરા થવા આવ્યા છે. એનાં દુષ્કર્મોનો ઘડો ભરાઈ ગયો છે. એને ફૂટતાં હવે વધારે વખત નહિ લાગે.'

કૃષ્ણે થોડોક વખત શાંત રહીને આગળ કહ્યું:

'કૌરવો અને પાંડવો વચ્ચે રાજ્યના મહત્વના મુદ્દા પર ટૂંક સમયમાં યાદવાસ્થળી ફાટી નીકળશે એવું લાગ્યા વિના નથી રહેતું. પાંડવો રાજ્યના પોતાના ન્યાયોચિત હિસ્સાની માગણી કરે અને કૌરવો તેને આપવાની ના પાડે તો બીજું શું થાય? મને તો એવા ઘોર યુદ્ધની જ સંભાવના સૌથી વધારે લાગે છે. પાંડવોએ કર્તવ્યને વફાદાર રહીને એ યુદ્ધ કરવું જ પડશે.'

'એવું યુદ્ધ આવી પડે તો તો તે અતિશય અમંગલ કહેવાય.' વિરાટનરેશે અભિપ્રાય આપ્યો: 'યુદ્ધ કદીપણ મંગલ નથી હોતું.'

'તોપણ જ્યારે એ આવી પડે અને એના વિના બીજો કોઈ રસ્તો ના હોય ત્યારે શું થાય? યુદ્ધનો આશ્રય શોખને ખાતર નથી લેવાનો, સત્ય કે ધર્મ અથવા ન્યાયની રક્ષા માટે એક અનિવાર્ય આવશ્યકતા તરીકે ના છૂટકે જ લેવામાં આવે છે. ત્યારે એવું યુદ્ધ બહારથી જોતા અમંગલ લાગે તોપણ મંગલમય અને આશીર્વાદરૂપ ઠરે છે. એવા યુદ્ધનો આશ્રય લેનારનું અકલ્યાણ નથી થતું.'

'છતાં પણ એવા અંદરના યુદ્ધ કરતાં તો હું રાજ્યને છોડી દેવાનું જ વધારે પસંદ કરું.' યુધિષ્ઠિર બોલી ઊઠ્યા.

પરંતુ ભીમ અને અર્જુન તરત જ બોલી ઊઠ્યા:

'રાજ્ય પર આપણો અધિકાર છે છતાં તેનો ત્યાગ શા માટે કરવો જોઈએ? એના ત્યાગની વાત સાથે મારાથી સંમત નથી થઈ શકાતું.'

'અને મારાથી પણ. મારું ગાંડીવ તથા શસ્ત્રાસ્ત્રનું જ્ઞાન હજુ નિરર્થક નથી થયું કે એવી રીતે રાજ્યાધિકારને જવા દઉં. દ્રૌપદીએ વેઠેલી વેદનાને હું નથી ભૂલી શક્યો. એની વેદના તથા યંત્રણાઓનો બદલો ના લઉં ત્યાં સુધી એને ન્યાય નહિ કરી શકું.'

'યુદ્ધના દેખીતા ભયથી ગભરાઈને રાજ્યના અધિકારનો ત્યાગ કરવામાં કાયરતા વિના બીજું કશું જ નથી. એમાં બહાદુરી નથી પરંતુ ખુલ્લી નિર્માલ્યતા જ રહેલી છે. તમે રાજ્યના મૂળભૂત અધિકારનો ત્યાગ કરી દેશો એટલે શું એમ માનો છો કે દુર્યોધનનું દિલ બદલાઈ જશે અને એ તમને સુખપૂર્વક રહેવા દેશે? એવી ભ્રાંતિમાં ભૂલેચૂકે પણ ના રહેતા. તમે રાજ્યાધિકારને છોડી દેશો તોપણ દુર્યોધન તમારો પીછો નહિ છોડે તથા તમને શાંતિથી નહિ બેસવા દે. તમે જગતમાં જીવો છો એ જ એને નથી ગમતું. એટલે એ તમને બનતી બધી રીતે હેરાન કરવા ને બને તો તમારું કાસળ કાઢવાના કીમિયા કર્યા કરશે. એટલે જીવનભર

દુઃખી થવા કરતાં જરૂર પડે તો ને ત્યારે એકવાર કાયમને માટે એનો શૂરવીરને છાજે તેવી રીતે સામનો કરી લેવો વધારે સારો છે.'

દ્રૌપદીના એ શબ્દોનું કૃષ્ણે સમર્થન કર્યું એટલે વિરાટ રાજાએ કહ્યું:

'આ બધો વાર્તાલાપ સાંભળીને મારા મનમાં જુદી જુદી આશંકાઓ પેદા થઈ રહી છે. યુદ્ધ જ્યારે અનિવાર્ય હોય ત્યારે એને અટકાવવાનો કોઈ ઉપાય નથી હોતો. એને અનિચ્છા છતાં અપનાવવું પડે છે. પરંતુ એ અનિવાર્ય છે કે કેમ એને જાણવાના પૂરતા પ્રયાસો તો કરવા જ જોઈએ. એ સંબંધી મારા મનમાં એક વિચાર પેદા થયો છે.'

'શું?' પાંડવો લગભગ એકીસાથે બોલી ઊઠ્યા: 'કયો વિચાર?'

'એને વિચાર કહો કે યોજના કહો બધું સરખું જ છે. મને આશા છે કે તમને સૌને એ પ્રિય લાગશે કે પસંદ પડશે. મને થાય છે કે આપણે દુર્યોધન સાથે એકવાર ફરી મંત્રણા કરી લઈએ ને કોઈ નિર્ણય પર પહોંચતા પહેલાં એને સમજાવવાનો પ્રયત્ન કરીએ.'

'એવા પ્રયત્નનો અર્થ હવે રહ્યો જ ક્યાં? એવો પ્રયત્ન ક્યારનોય થઈ ચૂક્યો છે. દુર્યોધન સાથે મંત્રણા કરવાનો મોહ રાખવાનું કોઈયે કારણ હવે નથી રહેતું. એને દૂત તો શું, સાક્ષાત બ્રહ્મા કે બૃહસ્પતિ આવે તોપણ નથી સમજાવી શકે તેમ.'

'એ તો હું પણ જાણું છું. છતાં મારો આશાતંતુ પૂરેપૂરો નથી તૂટયો. કૃષ્ણ મહાન મુત્સદ્દી અને શક્તિશાળી છે. એમની વાત કરવાની ને સમજાવવાની શક્તિ વિલક્ષણ છે. આપણા પ્રતિનિધિ તરીકે દુર્યોધન પાસે એમને મોકલીએ. એ વિષ્ટિકાર બનીને ત્યાં જાય તો સંભવ છે કે દુર્યોધન ઈચ્છા કે અનિચ્છાએ એમની વાત માની જાય અને એવી રીતે એક મોટું અમંગલ દૂર થાય. એ માટેનો એક વધારે પ્રયાસ કરવામાં કશી હરકત નથી. એ પ્રયાસ નિષ્ફળ જશે તો આપણી ઈચ્છા પ્રમાણેના પગલાં ભરવાની આપણને સંપૂર્ણ સ્વતંત્રતા રહેશે.'

વિરાટનરેશની વાત યુધિષ્ઠિરને પસંદ પડી. એમણે જણાવ્યું:

'આ પ્રસ્તાવ ખૂબ જ આવકારદાયક ને સરસ છે. આપણામાંથી બીજા કોઈને એની કલ્પના ના આવી શકી એ અત્યંત આશ્ચર્યકારક છે. કૃષ્ણની યોગ્યતા વિશે બેમત છે જ નહિ. એમની શક્તિને વિરોધીઓ પણ જાણે છે ને વખાણે છે. એ આપણા તરફથી વિષ્ટિકાર થઈને જાય એ બધી રીતે બરાબર છે. એનું પરિણામ સારું જ આવશે.'

'મને તો એવું નથી લાગતું.' ભીમ બોલ્યો.

'દુર્યોધન કૃષ્ણની વાતને માની લેશે એવું મને પણ નથી લાગતુ.' અર્જુને જણાવ્યું.

'અને મને પણ.' દ્રૌપદીએ સૂર પુરાવ્યો: 'એ દુષ્ટ દુર્યોધન કોઈનુંય નથી માને તેવો. કૃષ્ણ ગમે તેટલું સમજાવશે તોપણ એ નહિ સમજી શકે. અને આખરે એમને ખાલી હાથે પાછા આવવું પડશે.'

'એવું નિરાશાવાદી વલણ અત્યારથી જ અપનાવવું ઉચિત નથી.' યુધિષ્ઠિરે કહ્યું: 'કોઈપણ પ્રકારનું ભયંકર પગલું ભરતાં પહેલાં એ પગલું ભરવું જ ના પડે એવી પરિસ્થિતિ પેદા થતી હોય તો પેદા કરવાની

આવશ્યકતા છે. એને માટેના નાનામોટા બધા જ પ્રયત્નો ઈચ્છવાયોગ્ય અને આવકારદાયક છે. મને તો શ્રીકૃષ્ણની અસાધારણ શક્તિમાં વિશ્વાસ હોવાથી એ વિષ્ટિકાર તરીકે જાય એ ગમશે.'

રાજા વિરાટે જણાવ્યું:

'એ રીતે દુર્યોધનને એક બીજી તક આપવી જરૂરી છે. ગમે તેવો દુષ્ટ પ્રકૃતિનો પુરુષ પણ પરિસ્થિતિને વશ થઈને ક્યારે સુધરી જાય તે વિશે ચોક્કસપણે કશું જ ના કહી શકાય. માટે કૃષ્ણ ભલે જાય. એ આપણા સ્નેહી, સંબંધી ને હિતૈષી હોવાથી બધું સારું જ કરશે.'

અત્યાર સુધી કૃષ્ણ શાંતિપૂર્વક બધું સાંભળી રહેલા તે બોલ્યા:

'દુર્યોધન ભારે દુષ્ટ અને ચતુર છે. આપણે વાટાઘાટો કરવા જઈશું એને એ આપણી નબળાઈ સમજીને સામે ખૂબ જ કડક વલણ અખત્યાર કરશે. મને નથી લાગતું કે એ પાંડવોનું રાજ્ય પાછું આપે. એ રાજ્ય કેવળ યુદ્ધના મેદાનમાં પરાક્રમનો પરચો બતાવીને જ પાછું લઈ શકાશે. એના સિવાય બીજો કોઈ રસ્તો જ નથી દેખાતો. છતાં પણ તમે મને વિષ્ટિકાર તરીકે મોકલવા માગો છો તો હું જઈશ ને દુર્યોધનને સમજાવવાનો બનતો બધો જ પ્રયત્ન કરી છૂટીશ. જેથી કોઈને એમ ના થાય કે મેં મારાથી બનતો પ્રયાસ ના કર્યો ને દુર્યોધનને સુધરવાની એક વિશેષ તક પૂરી ના પાડી. બાકી તો દુર્યોધન સત્તા અને ઐશ્વર્યથી ઉન્મત્ત બનેલો છે. એ જાણે છે કે પાંડવો રાજ્યશ્રીથી રહિત તથા નબળા અને એકલવાયા છે એટલે શું કરી શકવાના છે? એમની સાથે જેવો પણ વ્યવહાર કરવો હશે તેવો કરી શકાશે.'

એકાદ-બે ક્ષણ સુધી એ શાંત રહ્યા ને બોલ્યા:

'હું જ્યાં સુધી જીવું છું ત્યાં સુધી તમારે પડખે ઊભો રહીને તમારું રક્ષણ કર્યા કરીશ. કોઈ તમારો વાળ પણ વાંકો નહિ કરી શકે. દુર્યોધન સાથે વાતચીત કરવા માટે જઈશ ખરો પરંતુ વાતચીતના પરિણામની પ્રતીક્ષા કરીને બેસી રહેવાને બદલે તમે તમારા બળની અભિવૃદ્ધિ કરીને તમારી સ્થિતિને સુદૃઢ કરતાં યુદ્ધની તૈયારી કરો. યુદ્ધ અવશ્યંભાવિ અથવા અનિવાર્ય છે એમ સમજીને એના જ યત્નમાં લાગી જવાનું છે.'

કૃષ્ણની વાણીએ સૌનાં હૈયાને હલાવી નાખ્યાં.

એમની વાણીમાં સૌને વિશ્વાસ હતો. એની અમોઘતાનો સૌને અનુભવ હતો.

છતાં પણ વિરાટે કહ્યું:

'યુદ્ધ અવશ્યંભાવિ અથવા અનિવાર્ય છે એવું માની લેવું બરાબર નથી લાગતું. અને એવું માની લઈએ તોપણ એને ટાળવાના કે અશક્ય બનાવવાના પ્રયત્નો તો કરવા જ જોઈએ. એવા પ્રયત્નો બધી રીતે આવકારદાયક અને લાભકારક છે. અને એટલા માટે જ અમે તમને હસ્તિનાપુર જવાની વિનંતી કરી રહ્યા છીએ.'

'સાચું છે.' યુધિષ્ઠિરે જણાવ્યું: 'તમારે અમારા પ્રતિનિધિ તરીકે હસ્તિનાપુર જવું જ જોઈએ. અમારી એવી આગ્રહપૂર્વકની પ્રાર્થના છે.'

*

કૃષ્ણે હસ્તિનાપુરમાં પ્રવેશીને વિદુરના અતિથિરૂપે રહેવાનું પસંદ કર્યું.

દુર્યોધનને એ સમાચાર પહોંચાડવામાં આવ્યા ત્યારે એણે એમને પોતાના રમણીય રાજપ્રાસાદમાં આવીને રહેવાનું આમંત્રણ આપ્યું. કિન્તુ કૃષ્ણે એનો અસ્વીકાર કરતાં કહ્યું:

'હું હસ્તિનાપુરમાં જે સંજોગોમાં આવ્યો છું તે સંજોગોમાં મારે માટે વિદુરને ત્યાં રહેવાનું જ બરાબર છે. વિદુરને અમારે સૌને માટે ઊંડી ને સાચી લાગણી હોવાથી મને એમને ત્યાં સ્વર્ગસુખ લાગે છે.'

કૃષ્ણના શુભાગમનથી કુંતીને ઘણો જ આનંદ થયો.

કૃષ્ણે એની જિજ્ઞાસાના જવાબરૂપે એને ને વિદુરને પાંડવોના કુશળ સમાચાર કહી બતાવ્યા.

પાંડવોને જે જે અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડ્યું તેનો પણ ખ્યાલ આપ્યો.

એ સાંભળીને કુંતી અને વિદુરને સંતોષ થયો.

વિદુરે જણાવ્યું:

'દુર્યોધન અત્યંત અવિચારી છે. એને ઈન્દ્રપ્રસ્થનું જે સમૃદ્ધ રાજ્ય મળ્યું છે તે પાંડવોને પાછું આપવાનો વિચાર એ સ્વપ્ને પણ નહિ કરે. એનામાં એટલી સદ્બુદ્ધિ, સદભાવના ને ઉદારતા છે જ નહિ.'

'સાચી વાત છે.' કુંતીએ કહી બતાવ્યું: 'દુર્યોધન આ તેર વરસોમાં સહેજ પણ નથી સુધર્યો. સુધરવાને બદલે બગડ્યો છે એમ કહીએ તો ચાલે. એ વધારે ને વધારે અહંકારી, અવિચારી અને અનાચારી બન્યો છે. પાંડવોએ કાં તો રાજ્યની ઈચ્છા છોડી દેવી જોઈએ કે પછી રાજ્યની પ્રાપ્તિને માટે જરૂર પડ્યે યુદ્ધનો આધાર લેવો જોઈએ.'

'પાંડવો રાજ્યની ઈચ્છા છોડી દે તે બરાબર છે?' કૃષ્ણે પૂછ્યું.

'બરાબર છે એવું તો કેવી રીતે કહી શકાય?' કુંતીએ સામેથી પૂછ્યું ને કહ્યું: 'જે રાજ્ય પર પોતાનો ન્યાયોચિત અધિકાર છે તે રાજ્યની ઈચ્છા રાખવામાં કશો અધર્મ નથી થતો. એ ઈચ્છા ઉચિત અથવા ધર્મસંગત છે. એની ઈચ્છા તથા એ ઈચ્છાની પૂર્તિના પુરુષાર્થનો ત્યાગ કરવામાં હીનતા કે કાયરતા છે ને પાંડવો એવા હીન કે કાયર બને એવી કલ્પના પણ મારાથી નથી કરી શકાતી.'

'તો પછી પાંડવોને કૌરવો સાથે યુદ્ધ કરવું પડશે એ તમને ગમશે?'

'ગમશે એવું કેમ કહી શકાય? યુદ્ધ ના થાય એ જ મને તો વધારે ગમે પરંતુ જગતમાં જે છે તે બધું આપણને ગમે તેવું થોડું છે. યુદ્ધ એક અનિવાર્ય ઘટનારૂપે આવી પડશે. તેનો સ્વીકાર પણ કરવો રહેશે. એટલું જ નહિ, એને ગમાડવું પડશે. તમે એને મટાડવાનો પ્રયાસ કરી રહ્યા છો એ સંતોષકારક છે. તમારો એ પ્રયત્ન સફળ થાય એમ ઈચ્છું છું.'

'એના સફળ થવાની શક્યતા તો નથી દેખાતી, અથવા એમ કહું કે એ શક્યતા ખૂબ જ ઓછી લાગે છે. તોપણ હું આશાવાદી છું અને આશાથી પ્રેરાઈને પ્રયાસ કરી છૂટીશ. એ પ્રયાસનું પરિણામ જોઈશું કે કેવું આવે છે! એ સારું આવે કે ખરાબ અથવા અનુકૂળ આવે કે પ્રતિકૂળ, પ્રયાસ કરવાનો સંતોષ તો આપણને રહેશે જ.'

વિદુરની સાથે કૃષ્ણ હસ્તિનાપુરની રાજ્યસભામાં ગયા ત્યારે એક બાજુથી દુર્યોધને એમનો ભારે ઉમળકાપૂર્વક સત્કાર કર્યો ને બીજી બાજુથી પોતાની સ્વાભાવિક કુટિલતાને વશ થઈને પોતાના સંબંધી ને સાથીઓ સાથે મળીને એમને કેદ કરવાનું ષડયંત્ર કર્યું.

પરંતુ ભીષ્મ, દ્રોણ તથા કર્ણ સાથેના પરામર્શને પરિણામે એમનો વિરોધ થવાથી એ ષડ્યંત્ર પડતું મુકાયું.

રાજ્યસભામાં પ્રવેશતાં પહેલાં કૃષ્ણ ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રોણ તથા કૃપાચાર્યને મળી ચૂકેલા.

એમની સાથેની વાતચીત પરથી એ એમને મોટે ભાગે લાચાર લાગ્યા.

નિર્ણયો કરવાની ને યોજનાઓ બનાવવાની બધી જ સ્વતંત્રતા કેવળ દુર્યોધનને જ હતી, બીજા કોઈને નહિ, એની પ્રતીતિ એમને સારી પેઠે થઈ ગઈ.

રાજ્યસભામાં મોટા ભાગના માનવોએ એમનું બહુમાન કર્યું એટલે એમણે પોતાના શુભાગમનનું પ્રયોજન કહી બતાવ્યું ને ઉપસંહાર કરતાં જણાવ્યું:

'પાંડવોએ મને પોતાના પ્રતિનિધિ તરીકે મોકલ્યો છે. એ તમારી સૌની સાથે શાંતિપૂર્વક રહેવા માગે છે. એમનો વનવાસનો વખત પૂરો થયો છે એટલે સ્વાભાવિક રીતે જ એમના રાજ્યને મેળવવાની ઈચ્છા રાખે છે. એ તમારા ભાઈઓ છે ને ભાઈઓની વચ્ચે ઘર્ષણ એમને ગમતું નથી. એટલા માટે એમણે મને વિષ્ટિ કરવા મોકલ્યો છે. મારી પેઠે પાંડવોનો સત્કાર કરવા તમે તૈયાર થશો અને એમને ઈન્દ્રપ્રસ્થનું એમનું રાજ્ય અર્પણ કરશો એવી આશા રાખું છું. શક્તિ કુસંપમાં નથી, સંપમાં છે: વિસંવાદમાં નથી, સંવાદમાં છે: દ્વેષમાં નથી, પ્રેમમાં છે: કટુતામાં નથી, મધુરતામાં છે. અને ઘર્ષણમાં નથી, સંગઠનમાં છે. સુખ, શાંતિ અને આનંદ પણ એમાં જ છે.'

કૃષ્ણનાં વચનો સાંભળીને દુર્યોધન હસ્યો ને બોલ્યો:

'મેં તો માનેલું કે તેર વરસ જેટલા લાંબા વખતમાં પાંડવોની રાજ્યલાલસા શાંત થઈ હશે પરંતુ એ લાલસા એવી ને એવી જ અક્ષય છે. પાંડવો હવે તો રાજ્યસુખની લાલસાનો ત્યાગ કરીને વનમાં રહે એ જ ઉચિત છે. એમની સાથે ઘર્ષણમાં ઊતરવાની ઈચ્છા મને બિલકુલ નથી. ઘર્ષણ ઊભું કરવાની ઈચ્છા તો એમની જ છે. એ ઈચ્છાનો ત્યાગ કરવા માટે એમને સમજાવી શકો તો સારું થાય.'

'પરંતુ પાંડવો રાજ્ય મેળવવાની ઈચ્છા રાખે છે એમાં અયોગ્ય જેવું કશું જ નથી.'

'એ તો તમે કહો છો ને? મને તો એ ઈચ્છા અયોગ્ય જ લાગે છે.'

'એનું કારણ એ છે કે તારી દૃષ્ટિ સ્વાર્થી ને સંકુચિત છે. તું પાંડવો પ્રત્યે દ્વેષ રાખે છે અને એમને ન્યાય કરવા નથી માગતો.'

'મારી દૃષ્ટિ સ્વાર્થી અને સંકુચિત નથી તથા મને પાંડવો પ્રત્યે દ્વેષ પણ નથી, છતાં તમને એવું લાગતું હોય તો ભલે. એથી મારા વિચારો ને ભાવોમાં કશો ફેર નથી પડતો. પાંડવોને રાજ્ય જોઈતું જ હોય તો એ લડીને લઈ શકે છે.'

'પાંડવો ને કૌરવો બંને લડશે એ સારું દેખાશે?'

'સારું ના દેખાતું હોય તો એ જ્યાં છે ત્યાં શાંતિથી બેસી રહે.'

'પરંતુ વનવાસથી સમયમર્યાદા પૂરી થયા પછી એ કોઈકને ત્યાં કેટલા સમય સુધી બેસી રહે? બીજાને ત્યાં બેસી રહેવાનું સ્વમાનપૂર્ણ તથા સારું પણ કેવી રીતે કહેવાય? પાંડવોને રાજ્ય જ જોઈએ છે

એવું નથી. એમને ઈન્દ્રપ્રસ્થનું આખું રાજ્ય ના મળે ને રહેવા માટે પાંચ ગામ જ મળે તોપણ એમાં એ ઈચ્છાનુસાર, સ્વમાનપૂર્વક, શાંતિથી રહી શકશે.'

દુર્યોધને અટ્ટહાસ્ય કરીને કહ્યું:

'પાંડવોને રહેવા માટે પાંચ ગામ પણ નહિ આપી શકું.'

'તો પછી એક ગામ આપ.'

'એક ગામ આપવાની વાત તો બાજુએ રહી પરંતુ સોયની અણી નીચે પડીને જેટલી જમીન રોકે એટલી જમીન પણ એમને નહિ આપી શકું. એ મારો નિશ્ચય છે. છતાં પણ એમને એટલી જમીન પણ જોઈતી હોય તો એ એમની ઈચ્છા હોય તો લડવા માટે આવી જાય.'

'એટલું બધું મિથ્યાભિમાન? દુર્યોધન, એવું મિથ્યાભિમાન તને નથી છાજતું.'

'એનો નિર્ણય મારે કરવાનો છે, તમારે નથી કરવાનો. એ મિથ્યાભિમાન નથી, ગૌરવ છે.'

રાજ્યસભામાં થોડીવાર સુધી શાંતિ રહી.

એ પછી ભીષ્મ ને દ્રોણાચાર્યે દુર્યોધનને પોતપોતાની આગવી રીતે સમજાવી જોયો પણ દુર્યોધન ના માન્યો.

શકુનિ તથા દુઃશાસને એને ટેકો આપ્યો પણ કર્ણે કહ્યું:

'પાંડવો રાજ્યને બદલે પાંચ ગામ માગતા હોય તો એ આપવામાં મને તો કશી હરકત નથી દેખાતી.'

'તને ના દેખાતી હોય પણ મને તો દેખાય છે. હું એવો અજ્ઞાની નથી કે એ વિષધરોને પાંચ ગામ આપીને મારી છાતી પર બેસવાનો અવસર આપું અને એવી રીતે મારું પોતાનું અમંગલ વહોરું.'

કર્ણ આગળ ના બોલ્યો એટલે દુર્યોધને કૃષ્ણને પૂછી જોયું:

'પાંડવો અમારી સાથે યુદ્ધે ચઢે તો તમારી સહાનુભૂતિ કોને માટે કામ કરે? તમે કોના પક્ષમાં રહો?'

'એનો નિર્ણય મેં હજુ સુધી નથી કર્યો. એ નિર્ણય લડાઈ અનિવાર્ય લાગતાં કરી લેવાશે. અત્યારે તો હું એ શક્ય યુદ્ધને અટકાવવા માટે તને સમજાવવાનો પ્રયાસ કરવા માટે આવી પહોંચ્યો છું.'

'હું તો સમજેલો જ છું. પ્રયાસ તો ફક્ત પાંડવોને સમજાવવાનો જ કરવાનો છે. એ પ્રયાસ સફળ થશે તો તમારો યશ વધારે ફેલાશે.'

કૃષ્ણને ખાતરી થઈ ગઈ કે દુર્યોધન કોઈ રીતે નહિ માને.

વિદુર તથા કુંતીના આતિથ્યનો આસ્વાદ લઈને એમણે ગણ્યાગાંઠ્યા દિવસોમાં જ વિરાટનગર પ્રતિ પ્રયાણ કર્યું.

પ્રયાણ પહેલાં એમણે વિદુર ને કુંતીને કહ્યું:

'કર્ણનો સ્વભાવ સુધર્યો લાગે છે. એણે દુર્યોધનને સારી સલાહ આપી પરંતુ એણે એ માની નહિ.'

કુંતી બોલી:

'મને પણ એને માટે કોણ જાણે કેમ પણ એક જાતનો ઊંડો સ્નેહભાવ થયા કરે છે. એ પાંડવપક્ષમાં હોત તો?'

'એને પાંડવપક્ષમાં લાવવાનો પ્રયત્ન કરી જોઈશ.'

'કેવી રીતે?'

'એ અત્યારે નહિ કહું.'

કુંતીનું હૃદય કૃષ્ણના શબ્દો સાંભળીને હરખી ઊઠ્યું.

કર્ણ પાંડવપક્ષમાં ભળે તો? પાંડવોને કેટલો બધો લાભ થાય?

એ કલ્પનાનાં તરંગોમાં ડૂબી ગઈ.

* * *

૨૩. દુર્યોધન અને અર્જુન

વિરાટનગરમાં પહોંચીને કૃષ્ણે પાંડવોને, દ્રૌપદીને ને વિરાટનરેશને સઘળા સમાચાર કહી બતાવ્યા.

એ સાંભળીને વિરાટનરેશનો વિષાદ વધી ગયો.

કૃષ્ણે કહ્યું:

'દુર્યોધન કોઈ રીતે નથી માને તેમ. એની દાનત તમને સૌને રખડતાં રાખવાની ને તમારું સમૃદ્ધ રાજ્ય કાયમને માટે પચાવી પાડવાની છે. મેં એને જેટલી રીતે સમજાવી શકાય તેટલી બધી જ રીતે સમજાવી જોયો પરંતુ એ ના સમજ્યો. સ્વાર્થી, સંકુચિત તથા દુષ્ટ બુદ્ધિવાળા માનવો વાટાઘાટોથી નથી માનતા. વાટાઘાટોને તથા મૌખિક વિરોધોને નબળાઈની નિશાનીરૂપ ગણે છે. એ બળપ્રયોગથી જ ડરે છે, નમે છે, ને ઠેકાણે આવે છે. એમની આગળ નીતિની ડાહીડમરી વાતો નિરર્થક થઈ પડે છે. એટલે હવે તમારી શક્તિને સુવ્યવસ્થિત કરવાનો ને વધારવાનો ઉદ્યમ કરો એ જ બરાબર છે.'

ભીમ બોલ્યો:

'દુર્યોધન યુદ્ધ વિના નથી માને એવો. હું એને મારી શક્તિનો સ્વાદ ચખાડવા તૈયાર છું. એનું મૃત્યુ નજીક છે એટલે જ એને આવી દુર્બુદ્ધિ સૂઝી રહી છે.'

અર્જુન ને દ્રૌપદી વારાફરતી બોલી ઊઠ્યા:

'દુર્યોધનને યુદ્ધ કરવાનો શોખ છે તો આપણે પણ એ શોખને તિલાંજલિ નથી આપી. એ પણ યુદ્ધનો સ્વાદ ભલે ચાખી લે. આપણે એ સ્વાદ ચખાડવા તૈયાર છીએ.'

'હવે મને લાગે છે કે કૌરવોની સભામાં કરાયલી મારી પ્રતિજ્ઞા પૂરી થશે ખરી. ઘટનાઓ એ બાજુ જ ગતિ કરી રહી છે. દુર્યોધનને યુદ્ધ જ જોઈતું હોય તો એથી ડરવાનું કશું જ કારણ નથી. આપણા પક્ષે ન્યાય, નીતિ કે ધર્મ છે એટલે વિજય આખરે આપણો જ થશે એ નિશ્ચિત છે. દુર્યોધન એના સાથીઓ સાથે રણમાં રોળાશે ત્યારે મારા આત્માને આનંદ થશે, મારા અંતરની આગ ત્યારે જ શમી શકશે, ને ત્યારે જ મારું સ્ત્રીત્વ પણ સફળ થશે.'

યુધિષ્ઠિરે કહ્યું:

'યુદ્ધ અમંગલ હોવા છતાં આપણે એનો આશ્રય લેવો પડશે એ ખરેખર દુઃખદ છે. એના કરતાં તો આપણે રાજ્યની આકાંક્ષા જ ના રાખીએ એ સારું.'

'રાજ્યની આકાંક્ષા શા માટે ના રાખીએ?' નકુલે કહેવા માંડ્યું: 'રાજ્ય આપણું જ છે. એને કોઈપણ કારણે, કોઈયે સંજોગોમાં, જતું ના કરી શકાય.'

'અને જો એ પણ યુદ્ધનો વિચાર કરીને.' સહદેવ બોલ્યો: 'એને માટે યુદ્ધ કરવું જ પડે તો આપણે હિંમતપૂર્વક કરી લઈશું. દુર્યોધનને પણ ભલે યાદ રહી જાય.'

કૃષ્ણે કહ્યું:

'કૌરવો સાથેના યુદ્ધમાં વિજય તો તમારો જ થશે. તમે જે યુદ્ધ કરશો તે ન્યાય, નીતિ ને ધર્મમર્યાદાની રક્ષા માટે કરશો એટલે તમને સફળતા સાંપડશે એ નક્કી છે. એને માટે મારો આશીર્વાદ છે. એ

આશીર્વાદ જરૂર ફળશે. રાજા વિરાટની મદદથી હવે તમે જુદાજુદા રાજાઓ સાથે સંપર્ક સાધી પરામર્શ કરીને તમારે માટે એમની સહાનુભૂતિ મેળવીને તમારા પક્ષને મજબૂત કરવાના કામમાં લાગી જાઓ. રાજ્ય માટે યુદ્ધ કર્યા સિવાય બીજો કોઈ રસ્તો જ નથી રહ્યો. યુદ્ધ જરૂર આવી પડશે ને હજારો, લાખો, લોકોનો સંહાર કરશે. દુર્યોધન અતિશય અહંકારી બની ગયો છે. એ એના કુકર્મથી આખા કૌરવકુળનો નાશ નોતરશે. લોહીની નદીઓ વહેશે ને પૃથ્વી પર પાપનો ભાર હળવો બનશે.'

'દુર્યોધને ભીષ્મ ને દ્રોણનું કહેવું પણ ના માન્યું એ નવાઈ લાગે તેવું છે.'

'એમાં નવાઈ જેવું કશું જ નથી. એ એની ઘોર જડતા તથા દુર્બુદ્ધિ બતાવે છે.'

'યુદ્ધ થશે તો ભીષ્મ ને દ્રોણાચાર્ય કોના પક્ષે ઊભા રહેશે? કે પછી તટસ્થ રહીને એ યુદ્ધમાં ભાગ જ નહિ લે?'

'ના. એ તટસ્થ કે નિષ્ક્રિય તો નહિ જ રહી શકે, પરંતુ દુર્યોધનના પક્ષે જ ઊભા રહેશે.'

'દુર્યોધનના પક્ષે?'

'હા. કારણ કે એમણે દુર્યોધનનું અન્ન ખાધું છે અને એનો આશ્રય લીધો છે. એનો વિરોધ કરીને તટસ્થ રહેવાની કે આપણા પક્ષમાં ભળી જવાની નૈતિક હિંમત એમની અંદર નથી રહી. પરંતુ તમારા પક્ષે ન્યાય, નીતિ ને ધર્મ હોવાથી એથી ભયભીત થવાની જરૂર જરા પણ નથી. એમની સંયુક્ત તાકાત પણ તમારી તાકાત આગળ નહિ ટકી શકે.'

કૃષ્ણ રાજા વિરાટ તથા પાંડવો ને દ્રૌપદીને વિવિધ પ્રકારે હિંમત, ધીરજ અને ઉત્સાહ આપીને વિદાય થયાં.

એમનો વાયુવેગી રથ દ્વારિકાની દિશામાં ચાલી નીકળ્યો ત્યારે સૌ સ્નેહીજનોએ એમને ભારે હૈયે ભાવપૂર્વક વિદાય આપી.

એ પછીની કેટલાક દિવસો સુધી પાંડવોએ વિરાટનરેશની મદદથી જુદાજુદા પરાક્રમી રાજાઓનો સંપર્ક સાધીને એમની દ્વારા યુદ્ધમાં પોતાના પક્ષે ઊભા રહેવાનાં વચન મેળવ્યા.

મોટા ભાગના રાજાઓએ એમના ભૂતકાલીન ગૌરવ તેમ જ સામર્થ્યનો વિચાર કરીને એમને યુદ્ધમાં સર્વ પ્રકારે સહકાર આપવાનું કબૂલ કર્યું.

એથી એમનો ઉત્સાહ વધી ગયો.

એમને યુદ્ધમાં વિજયી થવાની આશા જાગી.

એ જ દિવસોમાં બીજો યાદગાર બનાવ બની ગયો.

દ્રૌપદીએ અર્જુનને એક દિવસ વહેલી સવારે સૂચવ્યું:

'કૃષ્ણે આપણને યુદ્ધમાં વિજયી થવાનો આશીર્વાદ આપ્યો છે પરંતુ આપણું કામ એટલાથી નહિ ચાલે. એટલાથી સંતોષ માનવો બરાબર નથી. યુદ્ધ પ્રસંગે એ આપણી સાથે યોદ્ધાના રૂપમાં ના હોય ને પથપ્રદર્શક કે પ્રેરણાદાયકના રૂપમાં હોય તોપણ એમની ઉપસ્થિતિ આપણે માટે ઉત્સાહજનક તેમ જ પ્રેરક થઈ પડે અને આપણને અદભુત શક્તિ મળે. માટે એમની પાસે જઈને તમે એમની પાસેથી આપણા પક્ષે રહેવાનું વચન લઈ લો.'

પાંડવોને એ વિચાર ઘણો ગમી ગયો.

અર્જુનને પણ એ ઉપકારક ને ઉત્તમ લાગ્યો.

યુદ્ધમાં કૃષ્ણની સક્રિય મદદ મેળવવાના ઉદ્દેશથી એ દ્વારિકા જવા માટે તૈયાર થયો.

દિવસોના પ્રવાસ પછી એ દ્વારિકા નગરીમાં આવી પહોંચ્યો.

એ સુંદર નગરીને નિહાળીને એનું હૈયું કુદરતી રીતે જ હરખાવા માંડ્યું.

એ નગરી સાથે એના પૂર્વજીવનના મહત્વના, મહામૂલ્યવાન, સંસ્મરણો સકળાયલાં હતાં.

ઊગતી યુવાનીનો થોડોક વખત એણે એમાં વિતાવેલો ત્યારે સૌન્દર્યમયી, સ્નેહાર્દ્ર સુભદ્રાનો એને પરિચય થયેલો. એ પરિચય પ્રેમમાં પરિણમેલો, ને પ્રેમ લગ્નમાં પર્યવસાન પામેલો.

એ દિવસો કેવી રીતે ભૂલી શકાય?

એ સ્નેહદેવી સુભદ્રા અત્યારે અહીં જ, કૃષ્ણની છત્રછાયા નીચે વાસ કરતી.

છેલ્લા તેર વરસથી એ નહોતી મળી.

આજે એને મળવાનો અનેરો અવસર એકાએક જ આવી મળ્યો એથી એને અતિશય આનંદ થયો.

એનું અંતર અને અંગેઅંગ ઊછળવા લાગ્યું.

એમાંથી સ્નેહની સહસ્ત્ર સહસ્ત્ર સિતારી છૂટવા લાગી.

સુભદ્રાને સૌથી પ્રથમ મળવાની ઉત્કટ ઈચ્છા એને થઈ આવી તોપણ એ ઈચ્છાને એણે શાંત રાખી.

એના કરતાં અધિક આશીર્વાદરૂપ ઈચ્છાને લઈને એ દ્વારિકામાં આવી પહોંચેલો, એક જુદા જ કર્તવ્યને માટે પ્રવેશેલો, અને એ કર્તવ્યનું અનુષ્ઠાન એને માટે આવશ્યક હતું.

કૃષ્ણના પ્રાસાદમાં પ્રવેશતાં જ એને માહિતી મળી કે દુર્યોધન કૃષ્ણને પ્રસન્ન કરીને એમની મદદ મેળવવાના આશયથી હજુ હમણાં જ આવી પહોંચ્યો છે.

એ માહિતી મેળવીને એને ઊંડી આશંકા થઈ.

કૃષ્ણ દુર્યોધનના પક્ષે ઊભા રહેવાનું અને એને મદદ કરવાનું વચન તો નહિ આપી દે? જોકે એ એવું વચન આપે એવા છે તો નહિ, કારણ કે એમને પાંડવો પ્રત્યે વધારે પ્રેમ છે, અમારે માટે વિશેષ લાગણી છે, તોપણ...

એમના મેળાપનું પરિણામ કેવું આવ્યું છે એ તો એમને મળવાથી જ જાણી શકાશે.

અર્જુને અંદર જઈને જોયું તો કૃષ્ણ શાંતિથી સુતા'તા ને દુર્યોધન એમના પલંગ પાસે મસ્તકની બાજુમાં બેસી રહેલો.

અર્જુનને જોઈને એ આકસ્મિક દર્શનથી દુર્યોધન ચમક્યો.

'અર્જુન! તું ક્યાંથી?' એણે ઉદગાર કાઢયા.

એ ઉદગારનો ઉત્તર કોઈએ ના આપ્યો.

ઉત્તરની કશી આવશ્યકતા પણ ન હતી.

અર્જુન પલંગની બીજી બાજુએ કૃષ્ણના પગ પાસે બેસી ગયો.

કૃષ્ણની મનહર મુખાકૃતિના મધુનું પાન એણે આનંદપૂર્વક કરવા માંડ્યું.

એ દશામાં થોડોક કાળ પસાર થઈ ગયા પછી કૃષ્ણે પોતાની આંખ ઉઘાડી.

એમની દૃષ્ટિ સૌથી પહેલાં અર્જુન પર પડી એ જ વખતે અર્જુને એમને ઊભા થઈને પ્રણામ કર્યા.

કૃષ્ણે એને કુશળ સમાચાર પૂછીને આશીર્વાદ આપ્યો અને એના આગમનનું પ્રયોજન પૂછ્યું.

એ જ વખતે દુર્યોધને પોતાની ઉપેક્ષા થયેલી માનીને કહ્યું:

'તમારી પાસે એકલો અર્જુન નથી આવ્યો, હું પણ આવ્યો છું, ને સૌથી પહેલો આવ્યો છું. અર્જુન તો હજુ હમણાં જ આવ્યો.'

કૃષ્ણે દૃષ્ટિ ફેરવીને કહ્યું:

'કોણ? દુર્યોધન? તું એવી રીતે બેઠો છે કે મેં તને જોયો જ નહિ!'

'કેવી રીતે જુઓ? અર્જુન તો તમારો સંબંધી થાય એટલે તમારી દૃષ્ટિ પ્રથમ એની ઉપર જ પડેને!'

'એવું નથી છતાં પહેલાં મેં એને જ જોયો છે.'

અર્જુને જણાવ્યું:

'મારા આગમનનું પ્રયોજન બીજું કશું નથી પરંતુ તમારી મદદ મેળવાનું છે.'

'કૌરવોની સાથે યુદ્ધ ફાટી નીકળે ત્યારે તમે અમારા પક્ષમાં રહીને યુદ્ધ કરો એવું ઈચ્છું છું. મારા આગમનનો ઉદ્દેશ એને માટે પ્રાર્થના કરવાનો જ છે. તમે અમારા પક્ષમાં રહો તો અમારી શક્તિ અનંતગણી વધી જાય અને અમે કૌરવોનો સફળતાપૂર્વક સામનો કરી શકીએ.'

'હું પણ એ જ આકાંક્ષાથી તમને પ્રાર્થના કરવા માટે આવી પહોંચ્યો છું.' દુર્યોધન બોલી ઊઠ્યો: 'અને હું સૌથી પહેલાં આવ્યો હોવાથી મારી માગણી મંજૂર રાખીને તમારે પક્ષાપક્ષીથી પર થઈને કૌરવોના તરફથી લડવા તૈયાર થવું જોઈએ.'

'તારી વાત બરાબર છે, દુર્યોધન! એ વાતનો અનાદર નહિ કરી શકું. એની સાથે સાથે મારાથી અર્જુનને પણ અન્યાય નહિ કરી શકાય. તમે બંને મારી મદદની માગણી કરવા આવ્યા છો એટલે તમારા બંનેના તરફ મારું દિલ ખેંચાય છે. બંનેમાંથી કોઈ પણ એકના પક્ષમાં રહીને લડવાનું મને જરા પણ ઉચિત નથી લાગતું. એટલે હું કોઈના તરફથી નહિ લડું.'

'નહિ લડો?'

'ના. હું સ્વયં નહિ લડું, પરંતુ તમારા બંનેમાંથી એકની સાથે રહીશ. જે મને પસંદ નહિ કરે તેને મારી દસકોટિ નારાયણી સેના મળશે. તે સેનામાં મારા જેવા જ સુદૃઢ શરીરવાળા અસાધારણ સામર્થ્યયુક્ત યોદ્ધાઓ છે. એ યોદ્ધાઓ એના પક્ષે રહીને લડી શકશે. માગણી અથવા પસંદગીનો પહેલો અધિકાર મેં અર્જુનને સૌથી પહેલાં જોયો હોવાથી એને જ આપી શકીશ.'

દુર્યોધન વિચારમાં પડ્યો ને બોલ્યો:

'તમે યુદ્ધમાં શસ્ત્રપ્રયોગ કરીને લડવાના ના હો તો તો પછી તમને લેવાથી શો લાભ? મને તો તમારી સેના જ વધારે લાભકારક લાગે છે. પરંતુ એ સંબંધમાં પણ તમે મોટી યુક્તિ કરીને પસંદગીનો પહેલો અધિકાર અર્જુનને આપી દીધો છે.'

'પસંદગીનો પહેલો અધિકાર અર્જુનને આપ્યો છે એ સાચું છે પરંતુ તને સેના પસંદ છે કે હું પસંદ છું?'

'સેના જ પસંદ છે. સેનાને બદલે તમારી પસંદગી કોઈ મહામૂર્ખ જ કરી શકે. હું એવો મહામૂર્ખ નથી. જ્ઞાની છું તેનું તમને કદાચ વિસ્મરણ થયું હશે. પરંતુ પસંદગીનો પહેલો અધિકાર તમે મને આપ્યો હોય ત્યારેને?'

કૃષ્ણે અર્જુન પ્રત્યે સૂચક નેત્રે જોયું એટલે અર્જુને કહ્યું:

'પસંદગીનો પ્રથમ અધિકાર મને આપવામાં આવ્યો છે એ સાચું પરંતુ દુર્યોધનના મનોભાવોને મેં જાણી લીધા છે. માટે જ, એને કોઈપણ પ્રકારનો અન્યાય ના થાય એટલા માટે કહું છું કે એને તમારી નારાયણી સેના આપો ને મારી પાસે તમે રહો.'

અર્જુનના શબ્દો સાંભળીને દુર્યોધન હરખાયો ને બોલ્યો:

'અર્જુને જે ઉચિત છે તેની જ માગણી કરી છે.'

'તને કબૂલ છે?'

કૃષ્ણની જિજ્ઞાસાના જવાબમાં દુર્યોધને કહ્યું:

'હા. સંપૂર્ણપણે કબૂલ છે. સેના ભલે મારા પક્ષે રહીને લડે ને તમે અર્જુનના પક્ષમાં રહીને યુદ્ધમાં ના લડવાની પ્રતિજ્ઞાનું પાલન કરો. પણ એકવાર બોલ્યા પછી અર્જુન હવે ફરી જાય નહિ તેનું ધ્યાન રાખજો.'

'હું નહિ ફરી જાઉં.' અર્જુને કહ્યું: 'મે જે કહ્યું છે તે બરાબર છે.'

કૃષ્ણે કહ્યું:

'બસ ત્યારે. એમાં કશો જ ફેર નહિ પડે. એ પ્રમાણે જ કરવામાં આવશે.'

દુર્યોધનની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

એને થયું કે મેં કૃષ્ણ અને અર્જુન બંને પર એક જાતનો વિજય મેળવ્યો: મારી બાજી સફળ થઈ.

કૃષ્ણની વિદાય લઈને એ બળરામ પાસે ગયો.

બળરામે બધી વાત સાંભળીને જણાવ્યું:

'કૌરવો ને પાંડવો વચ્ચે થનારા એ ભાવિ યુદ્ધમાં હું કોઈના તરફથી નહિ લડું. મેં તટસ્થ રહેવાનો સંકલ્પ કર્યો છે.'

દુર્યોધનના ગયા પછી કૃષ્ણે અર્જુનને જણાવ્યું:

'મારા માથે જે ધર્મસંકટ આવેલું તેમાંથી મને દુર્યોધને જ મુક્ત કર્યો. એ જો મને માગી લેત તો જરાક મુશ્કેલી થાત. એને એમ લાગ્યું કે એણે આપણને છેતરી લીધા પરંતુ ખરું જોતાં એ જ છેતરાયો છે. પણ અર્જુન, તને મારી વિશાળ, શક્તિશાળી સેનાનો મોહ ના થયો? '

'કેવી રીતે થાય? જે તમારા સ્વરૂપને અને અસાધારણ સામર્થ્યને જાણે છે એને એવો મોહ ભૂલેચૂકે પણ ભાગ્યે જ થાય. તે તમારા વિના બીજા કોઈનો મોહ કરી જ ના શકે. તમે જેની પાસે ને સાથે હો છો તેને જ યશ મળે છે ને વિજય વરે છે, એ વાત ચોક્કસ છે. એક બાજુ સમસ્ત સૃષ્ટિની સેના હોય ને બીજી બાજુ તમે હો તોપણ હું તો તમને જ પસંદ કરું. વિવેકી પુરુષે તમારું જ વરણ કરવું જોઈએ.'

'એટલા માટે જ તું મને પ્રિય અને સૌથી વધારે પ્રિય છે. અર્જુન! હું તારી સાથે રહીને તારું પથપ્રદર્શન કરીશ તથા તારો સારથિ બનીશ.'

'સારથિ?'

'હા. તારા સ્નેહ અને તારી શ્રદ્ધાના બદલામાં મારી એ જ સેવા યોગ્ય રહેશે. યુદ્ધમાં તારા રથની લગામ સાથે તારા જીવનરથની લગામ પણ મારા હાથમાં રાખીશ, અને સર્વ પ્રકારની મુસીબતોને પાર કરીને એ રથને સહીસલામત રીતે આગળ લઈ જઈશ.'

અર્જુન અલૌકિક આનંદમાં ડૂબી ગયો.

એના અંતરમાં વિશ્વાસ પેદા થયો કે કૃષ્ણના સાથ અને સહકારથી કૌરવો સાથેના ભાવિ યુદ્ધમાં વિજય જરૂર મળી રહેશે.

કૃષ્ણની અનુજ્ઞા લઈને એ સુભદ્રાને મળવા ગયો ત્યારે એનું અંતર આનંદથી ઊભરાઈ રહેલું. એના મુખ પર ઊંડો સંતોષ અને આનંદ હતો.

* * *

૨૪. કૃષ્ણનું વિજયસ્મિત

અર્જુનને આનંદમય જોઈને સુભદ્રાને શાંતિ થઈ.

બંને કેટલે લાંબે વખતે મળ્યા તોપણ એમનો સ્નેહ એવો જ અચળ, અખંડ અને અભિનવ હતો.

અર્જુને વીતેલી વાતો સંક્ષેપમાં કહી સંભળાવી એટલે સુભદ્રા બોલી:

'આ વાતો સાંભળીને મને આનંદ થાય છે ને થોડોક ખેદ પણ. દ્રૌપદીએ પુણ્ય કરેલાં એટલે એ આટલો વખત તમારી સાથે રહી શકી, ને મારે દૂર રહેવાનું થયું. બાકી મારું મન તો તમારી પાસે ને સાથે જ રહે છે. માતા કુંતીની સેવામાં થોડો વખત રહીને હું હમણાં જ અહીં આવી પહોંચી છું. એમની સેવા કરવાનું સદભાગ્ય સાંપડ્યું એટલો સંતોષ જરૂર છે. પરંતુ હજુ ભાવિ અનિશ્ચિત અથવા અંધકારમય જ છે.'

'કેમ?'

'તમે જ કહો છો ને કે કોરવો ને પાંડવો વચ્ચે યુદ્ધ ફાટી નીકળવાનું છે?'

'હા. એ સાચું છે પરંતુ એ યુદ્ધમાં આપણો વિજય થશે એ પણ એટલું જ ચોક્કસ છે. આપણા પક્ષમાં કૃષ્ણ હોવાથી આપણો વિજય નક્કી છે.'

'કૃષ્ણ તમારી સાથે રહીને લડવાના છે?'

'ના, લડવાના નથી, મારા રથના સારથિ થવાના છે.'

'તમારા રથના સારથિ થવાના છે?'

'હા. એ જ એમની વિશેષતા કે મહાનતા છે. એમણે બંનેમાંથી એકે પક્ષ તરફથી ના લડવાનું નક્કી કર્યું છે તોપણ મારા સારથિ થવાની તૈયારી બતાવી છે એ સૌભાગ્ય કાંઈ જેવુંતેવું તો નથી જ. એવા સત્પુરુષ સારથિ થવાની ઈચ્છા બતાવે એ ઘટના અત્યંત અસાધારણ કહી શકાય. એ એમનો અમારે માટેનો પરમ પ્રેમ બતાવે છે.'

સુભદ્રા વિચારમાં પડી ને બોલી:

'એમને આપણે માટે પ્રેમ નહિ હોય તો બીજા કોને માટે હશે? એમની અમીદૃષ્ટિને લીધે આપણો વિજય નિશ્ચિત બનશે. મને પણ તમને યુદ્ધમાં મદદ કરવાનું મન તો થઈ આવે છે પરંતુ સ્ત્રી તરીકે મારાથી યુદ્ધમાં કોઈ જાતનો સક્રિય ભાગ ના લઈ શકાય એટલે મારું મન પાછું પડે છે.'

'હરકત નહિ. મારે તો તારો સ્નેહ, સદભાવ અને તારી સહાનુભૂતિ જ જોઈએ. એનું મૂલ્ય મારે મન સૌથી વિશેષ છે.'

સુભદ્રા શાંત રહી. એના અંતરમાં સ્નેહનો સાગર ઊછળવા ને ઘૂઘવા માંડ્યો.

એના સંગીતશ્રવણમાં એ લીન થઈ, મંત્રમુગ્ધ બનીને, બેસી રહી.

*

પાંડવોએ જુદા જુદા યુદ્ધકુશળ, પ્રતાપી રાજાઓને પોતાના પક્ષમાં લેવાની પ્રવૃત્તિ પ્રારંભી દીધી.

એમણે દૂતો મારફત મોકલેલો સંદેશ સાંભળીને ભદ્રદેશનો રાજા શલ્ય પોતાના મહાપ્રતાપી પુત્રો સાથે મોટા સૈન્યથી સજ્જ થઈને એમની પાસે આવવા નીકળ્યો.

એ અરસામાં દુર્યોધન પણ પોતાના પક્ષને બળવાન બનાવવાની પ્રવૃત્તિમાં લાગી ગયેલો.

ગુપ્તચરો દ્વારા એને રાજા શલ્યની પ્રવૃત્તિની માહિતી મળી એટલે માર્ગમાં એણે શલ્યનો સેના સહિત સત્કાર કર્યો.

એ અસાધારણ સત્કારથી પ્રસન્ન થયેલા શલ્યે એને ભેટીને કોઈક પુરસ્કાર માંગવાનું કહ્યું તો એણે એ અમુલખ અવસરથી આનંદ પામતાં જણાવ્યું:

'તમે મારી સેવાથી સંતુષ્ટ થઈને મને પુરસ્કાર આપવા માગતા જ હો તો એટલું જ માગું છું કે મારી શક્તિશાળી સેનાના સેનાપતિ થાઓ. તમે સત્યવાદી છો એટલે તમારું વચન પાળશો જ એવો વિશ્વાસ રાખું છું.'

શલ્ય થોડીક વાર તો વિચારમાં પડ્યો પરંતુ પછી બોલ્યો:

'હું મારા વચનપાલન માટે પ્રખ્યાત છું. મારું વચન જરૂર પાળીશ ને તારો સેનાપતિ થઈશ.'

દુર્યોધનને જોઈતું'તું તે મળી ગયું.

એ શલ્યની પ્રશસ્તિ કરીને હસ્તિનાપુર તરફ ચાલી નીકળ્યો.

શલ્યે યુધિષ્ઠિર પાસે પહોંચીને બધી હકીકત કહી સંભળાવી.

એ સાંભળીને પહેલાં તો પાંડવો ખિન્ન બની ગયા પરંતુ પછી એમની સંયુક્ત સલાહ પછી યુધિષ્ઠિર બોલ્યા:

'તમે દુર્યોધનના પક્ષમાં રહીને યુદ્ધ કરવાનું વચન આપ્યું તે ભલે આપ્યું પરંતુ એના પક્ષમાં રહીને પણ અમારું હિત કરી શકો છો. એટલી આશા રાખવાનો અમને અધિકાર છે.'

'હું તમારું હિત કેવી રીતે કરી શકું?'

'યુદ્ધના મેદાનમાં કર્ણ અને અર્જુન પરસ્પર લડવા માંડે ત્યારે તમારે કર્ણનું સારથિપણું સ્વીકારવું, અર્જુનનું રક્ષણ કરવામાં પરોક્ષ રીતે મદદરૂપ બનવું. ને કર્ણનો ઉત્સાહ તૂટી પડે તથા તેજોવધ થાય એવી પ્રવૃત્તિ કરવી. તમે એટલું કરશો તો કર્ણને હરાવવાનું આગળનું કામ અર્જુન પોતે જ કરી લેશે.'

શલ્યે સ્નેહ તેમ જ સહાનુભૂતિથી પ્રેરાઈને કહ્યું:

'ભલે. હું એ પ્રમાણે કરવાનું ધ્યાન રાખીશ. સંગ્રામમાં કર્ણના સારથિ તરીકે હું જરૂર કામ કરીશ. એને મારી પ્રત્યે પ્રેમ અને વિશ્વાસ હોવાથી એ મને સારથિ તરીકે જરૂર રાખશે. એનો ઉત્સાહ તથા જુસ્સો તોડી પાડવાના બનતા બધા જ પ્રયત્નો કરીને અર્જુનને મદદ કરીશ. એ ઉપરાંત તમારા હિતનું બીજું કોઈ કામ થઈ શકશે તો તે કરવા માટે પણ તૈયાર રહીશ. તમે તથા દ્રૌપદીએ વેઠેલી વિપત્તિઓને જાણું છું. એ ઘોર દુઃખો અને વિપત્તિઓને અંતે તમને સુખ, શાંતિ, સમૃદ્ધિ તેમ જ સામ્રાજ્યની પ્રાપ્તિ જરૂર થશે. મારો એવો વિશ્વાસ છે. વિપત્તિઓની વચ્ચે પણ તમે જે સહનશક્તિ ને શાંતિ રાખી છે તે ખરેખર અભિનંદનીય છે.'

શલ્યના શબ્દોથી પાંડવોને શાંતિ થઈ.

શલ્યે પાંડવો સાથે પ્રેમપૂર્વક જુદી જુદી વાતો કરીને કહ્યું:

'મને તો લાગે છે કે યુદ્ધ કૌરવોના વિનાશનું જ સાધન થઈ પડશે. દુર્યોધન અને એના સાથીઓ એથી સુખી નહિ થાય. એ યુદ્ધમાં તમારે પડખે રહીને લડવામાં મને આનંદ થાત ને ગૌરવ લાગત, પરંતુ

સંજોગોવશાત મારી એ ઈચ્છા પૂરી નહિ થઈ શકે. તોપણ મારો આત્મા મને એટલા પ્રમાણમાં ડંખશે તો નહિ જ કારણ કે દુર્યોધનની સાથે રહીને પણ કાર્ય તો હું તમારું જ કરતો હોઈશ.'

શલ્યે સૌની ભાવભીની વિદાય લીધી ત્યારે એનું અંતર ગદગદ્ બની ગયું.

પાંડવોની આંખ પણ ઊભરાઈ આવી.

શલ્યે એમની અનુજ્ઞા લઈને હસ્તિનાપુરની દિશામાં પ્રયાણ તો કર્યું પણ એનું મન એમની આજુબાજુ જ રમવા કે ભમવા લાગ્યું.

પાંડવોને લાંબે વખતે મળ્યા પછી એમને માટેના એના પ્રેમમાં વધારો થયો.

કૌરવો તરફથી પાંડવોની સામે લડવાનો સંકલ્પ એને શૂળની પેઠે સાલ્યો તો ખરો જ પરંતુ બીજો કોઈ વિકલ્પ જ ન હતો. એ સંજોગોમાં પણ પાંડવોની પોતાની રીતે સેવા કરી શકશે એટલો સંતોષ તો એને થયો જ.

*

કૌરવો તથા પાંડવો વચ્ચેના યુદ્ધને ટાળવાનો ને મહાભંયકર સંહાર થતો અટકાવવા એક બીજો પ્રયત્ન પણ કૃષ્ણે કરી જોયો.

હસ્તિનાપુર જઈને એમણે દુર્યોધનને સમજાવવા માટે ધૃતરાષ્ટ્રને ખાસ ભલામણ કરતાં કહેવાં માંડ્યું:

'મારા આગમનનો ઉદ્દેશ પાંડવો ને કૌરવો વચ્ચે સમાધાન કરાવવાનો છે. કુરુકુળ સર્વ રાજાઓમાં શ્રેષ્ઠ, શાસ્ત્રજ્ઞાન તથા સદવર્તનથી સંપન્ન અને સઘળા ગુણોથી સુશોભિત છે. તમે એ કુળના વડીલ હોવાથી એના હિતની તમારે માથે જવાબદારી છે. તમારા દુર્યોધનાદિ પુત્રો પાંડવો સાથે એકદમ અયોગ્ય વર્તન કરી રહ્યા છે. તમે એમને વશમાં નહિ રાખો તો એ કુળનો નાશ થશે. તમે દુર્યોધનાદિ પુત્રોને વશમાં રાખો ને હું પાંડવોને વશમાં રાખું. પાંડવો સાથે સંધિ કરવાથી તમારી શક્તિ પણ વધશે ને તમારું રાજ્ય વધારે સમૃદ્ધ બની રહેશે.'

ધૃતરાષ્ટ્રે જણાવ્યું:

'તમારા શબ્દો સુંદર અને આદર્શ છે. દુર્યોધનની પ્રવૃત્તિ મને જરા પણ પ્રિય નથી લાગતી, પરંતુ એ મારું તો શું પણ ગાંધારી, વિદુર, ભીષ્મ ને દ્રોણાચાર્યનું પણ નથી માનતો. એણે સંગ્રામ કરવાનો સંકલ્પ કર્યો હોય એમ એ કોઈનું સાંભળતો જ નથી. માટે તમે જ એને ફરીથી ઉપદેશ આપી જુઓ.'

એ જ વખતે દુર્યોધને અભિમાન અને રોષથી ભરેલી ભાષામાં કહ્યું:

'હું કાંઈ નાનો બાળક નથી કે મારે ઉપદેશની આવશ્યકતા હોય. મને કોણ ઉપદેશ આપી શકે તેમ છે?'

ભીષ્મે કહ્યું:

'તું બાળક નથી એ બધા જ જાણે છે તોપણ પ્રવૃત્તિ તો બુદ્ધિમાં બાળક હોય તેવી જ કરી રહ્યો છે. પાંડવોને એમના હકનું રાજ્ય આપવાથી એમનું, તારું ને સમસ્ત કુરુકુળનું બધી રીતે કલ્યાણ થશે એ સીધીસાદી વાતને પણ તું નથી સમજી શકતો એ જોઈને મને આશ્ચર્ય થાય છે. એવી રીતે તારી બાળકબુદ્ધિનું જ પ્રદર્શન કરી રહ્યો છે.'

'ભીષ્મનું કથન સંપૂણપણે સાચું છે.' દ્રોણાચાર્યે કહ્યું: 'એ કથન સાથે હું સંમત છું. યુદ્ધ આપણા કે કોઈનાય હિતમાં નથી લાગતું. એ શક્તિ, સંપત્તિ, સમૃદ્ધિ ને સંસ્કૃતિનો નાશ નોતરશે માટે તું તારા સંકલ્પની પુનર્વિચારણા કરે તો સારું.'

'મારે એની પુનર્વિચારણા કરવી પડે એવું કશું છે જ નહિ.' દુર્યોધન બોલી ઊઠ્યો: 'મેં જે વિચાર્યું છે તે બરાબર વિચારેલું છે.'

'યુદ્ધમાં યુધિષ્ઠિર, ભીમ અને અર્જુનનો સામનો કરવાની શક્તિ કોનામાં છે? એમના સંયુક્ત પ્રહારો આગળ કોણ ટકી શકે એમ છે?'

'મને એમની સંયુક્ત શક્તિની ભીતિ જરા પણ નથી લાગતી. હું કાંઈ કીચક જેવો નિર્માલ્ય કે કાયર નથી કે એમનાથી ડરી જઉં.'

ધૃતરાષ્ટ્રે પણ દુર્યોધનને સમજાવી જોયો પણ એ ના સમજ્યો.

એણે કૃષ્ણને સંબોધીને કહ્યું:

'પાંડવો જે પરિસ્થિતિમાં મુકાયા છે તેમાં મારો દોષ જરા પણ નથી. યુધિષ્ઠિર શકુનિ સાથે રાજીખુશીથી દ્યૂત રમ્યા ને હારી ગયાં તેમાં હું શું કરું? અમે પાંડવોનું કાંઈ બગાડ્યું નથી તોપણ એ પહેલેથી જ અમારો વિરોધ કરે છે અને હવે અમારી સાથે લડવાની તૈયારી કરે છે, પરંતુ હું એમનાથી નથી ડરતો. એમને એમના બળનું અભિમાન હોય તો જે થાય તે કરી લે. એમને રાજ્ય તો શું એક તસુભાર જમીન પણ નહિ આપું.'

કૃષ્ણે કૌરવોની સભામાં પોતાના ક્રોધને શાંત કરીને કહ્યું:

'તું કહે છે તેં પાંડવોનું કશું જ નથી બગાડ્યું પણ તેં જ એમનું અમંગલ કર્યું છે એ હકીકતને સૌ કોઈ જાણે છે. તારા મલિન મનના દુરાચારી સાથીઓ સાથે મળીને પાંડવો સાથે દ્યૂત દ્વારા છળકપટ કરીને આ પ્રતિકૂળ પરિસ્થિતિને પેદા કરી છે. કુળવતી, શીલવતી, પવિત્રતાની મૂર્તિ જેવી દ્રૌપદીને સભામાં લાવવાની આજ્ઞા કરીને તેં એનું અપમાન કરેલું તે સૌને યાદ છે. પાંડવો વનમાં જવા તૈયાર થયા ત્યારે દુઃશાસને એમને જે કઠોર વચનો કહેલાં તેની પણ સૌને ખબર છે. વારણાવતમાં તેં એમને કુંતી સાથે બાળી નાખવાનો પ્રયાસ કરેલો. એવી રીતે જીવનભર તું એમની સાથે દુષ્ટતાથી જ વર્ત્યો છે. છતાં હજુ તને સદ્બુદ્ધિ નથી સુઝતી.'

કૃષ્ણે એટલું કહ્યું એટલે દુઃશાસને જણાવ્યું:

'દુર્યોધન, તું પાંડવો સાથે સુલેહ કરી લે તે સારું છે.'

'શું સારું છે? મારું મન એ કાયરોની સાથે સલાહસંપ કરવાનો વિચાર પણ નથી કરી શકતું. હું એવું કદાપિ નહિ કરી શકું. મરી જઈશ તોપણ નહિ.'

કૃષ્ણે કહ્યું:

'દુર્યોધન સમસ્ત કુરુકુળના સર્વનાશનું કારણ બની રહ્યો હોવાથી કુળની રક્ષા માટે હિંમત કરીને એને કેદ કરી લેવો જોઈ.'

'મને કેદ કરવાની શક્તિ જ કોનામાં છે? મારું કાંઈક થશે એ પહેલાં તો તમને જ કેદ કરી લઈશ.'

સભામાં ધૃતરાષ્ટ્રના ખાસ આમંત્રણથી આવેલી ગાંધારીએ પણ દુર્યોધનને શિખામણ આપી જોઈ પરંતુ તે વ્યર્થ જ ગઈ.

દુર્યોધને શકુનિ તથા દુઃશાસન સાથે મળીને કૃષ્ણને કેદ કરી લેવાનો વિચાર કર્યો.

કર્ણે એનો વિરોધ કરતાં કહ્યું:

'કૃષ્ણ કેવળ વિષ્ટિકાર હોવાથી એમની સાથે એવું વર્તન કરવું ઉચિત નથી.'

દુર્યોધને જણાવ્યું:

'એ વિષ્ટિકાર હોય તેથી શું થયું? પાંડવો એમને લીધે જ કુદી રહ્યા છે. એમને કેદ પકડવાથી પાંડવોના પગ ભાંગી જશે અથવા એમનો ઉત્સાહ ઓસરી જશે.'

ધૃતરાષ્ટ્રે કહ્યું:

'દુર્યોધન, તું કૃષ્ણને કેદ કરવા ઈચ્છે છે તે જ બતાવે છે કે તારા માથા પર અમંગલ ભમી રહ્યું છે. કૃષ્ણની અસાધારણ શક્તિની તને ખબર નથી એટલે જ તું આવા ભળતા વિચારો કરી રહ્યો છે. ઈન્દ્ર સહિત સઘળા દેવો પણ જેમને પોતાની શક્તિથી વશ કરી શકે તેમ નથી તે કૃષ્ણને કેદ કરવાનો વિચાર બાળક જેમ ચંદ્રને પકડવાનો મનોરથ કરે તેવો છે. તું હજુ એમના સામર્થ્યને નથી જાણતો. તું એમને પકડવાનો ઘાટ ઘડે છે પરંતુ એમને પકડવા જતાં અગ્નિમાં પડનારાં પતંગિયાની પેઠે તારા સાથીઓ સાથે નાશ પામીશ.'

દુર્યોધને કહ્યું:

'તમે પણ ભાટ કે ચારણની પેઠે કૃષ્ણની મિથ્યા પ્રશંસા કરી રહ્યા છો તે જોઈને મને નવાઈ લાગે છે. આના કરતાં તો તમારે એમના ને પાંડવોના પક્ષમાં ભળી જવું'તું.'

કૃષ્ણ કાંઈક કહેવા તૈયાર થયા કે તરત જ દુર્યોધને પોતાની તલવાર તાણવાની તૈયારી કરી.

કૃષ્ણે જરા પણ ડર્યા કે ગભરાયા વિના આગળ વધીને દુર્યોધનનું તલવારવાળું કાંડુ પકડી લીધું ને એ તલવારને હાથમાં લઈને કહ્યું:

'જો ધારું તો આ જ તલવારથી તારા મસ્તકને ધડથી અલગ કરી શકું તેમ છું. પરંતુ એવું નહિ કરી શકુ. કારણ કે હું અહીં કોઈ યોદ્ધા તરીકે નથી આવ્યો; વિષ્ટિકાર તરીકે આવ્યો છું. મને ખાતરી થઈ છે કે હવે તું કોઈ રીતે નથી માને તેવો. તારે યુદ્ધ જ કરવું છે તો પાંડવો તને યુદ્ધનો સ્વાદ જરૂર ચખાડશે. એ યુદ્ધથી લેશ પણ નથી ડરતા.'

તલવારને જમીન પર નાખીને કૃષ્ણ ગૌરવ અને શાંતિપૂર્વક ચાલી નીકળ્યા ત્યારે સમસ્ત સભા સ્તબ્ધ થઈ ગઈ. દુર્યોધન પણ જડ કે મંત્રમુગ્ધ બનીને એમને જતા જોઈ રહ્યો.

સભાગૃહની બહાર આવીને એ પોતાના સુંદર સુશોભિત રથમાં બેઠા ને સારથિ દારુકે રથને ચલાવવા માંડ્યો. રથના સફેદ, સુંદર ઘોડાઓ આજ્ઞાંકિત સેવકોની પેઠે કુંતીના નિવાસસ્થાન વિદુરના ભવન તરફ ચાલવા લાગ્યા. કૃષ્ણના વદન પરનું એ વખતનું વિજયસ્મિત અત્યંત આકર્ષક હતું. એ સ્મિત સૌ કોઈને સંમોહિત કરવા માંડ્યું.

* * *

૨૫. કર્ણ અને કુંતી

કૃષ્ણે કુંતીની પાસે પહોંચીને કૌરવોની સભામાં બનેલી બધીએ વાત અથથી ઈતિ સુધી કહી સંભળાવીને એનો અભિપ્રાય માગ્યો ત્યારે એણે જણાવ્યું:

'પાંડવોને કહેજો કે કાયર બનીને બેસી રહેવાને બદલે હવે બહાદુરીપૂર્વક સ્વમાની તથા શૂરવીરને છાજે તેવી રીતે યુદ્ધ કરે. યુદ્ધ વિના બીજો કોઈ રસ્તો એમને માટે નથી રહેતો. કૌરવો ને પાંડવોની વચ્ચે યુદ્ધની કલ્પના પણ નથી કરી શકાતી. તોપણ એ યુદ્ધ અનિવાર્ય લાગે છે ને તેની બધી જ જવાબદારી દુર્યોધનની રહેશે. એના દુર્ભાવને લીધે જ આવી પ્રતિકૂળ પરિસ્થિતિ પેદા થઈ છે. એ જો સમજી ગયો હોત તો કૌરવો તથા પાંડવો વચ્ચે કાયમની શાંતિ સ્થપાઈ જાત. પરંતુ હવે તો એ અશક્ય લાગે છે.'

કુંતી ઊંડા વિચારમાં ડૂબી ગઈ ને પછી બોલી:

'કૌરવો ને પાંડવો વચ્ચે યુદ્ધ આવી જ પડવાનું છે એનું દુઃખ મને એટલું નથી થઈ રહ્યું જેટલું એક બીજી હકીકતનું થઈ રહ્યું છે.'

'કઈ હકીકત?'

'એ હકીકતનો સંકેત મેં એકાદવાર કરેલો છે. પાંડવો બીજાની સાથે તો લડશે એની હરકત નથી પરંતુ કર્ણની સાથે લડશે એ કલ્પના મારા કાળજાને કંપાવી દે છે. એવી કલ્પના પણ મારાથી નથી થઈ શકતી.'

'એનું કારણ?'

'કારણ તમે કદાચ જાણતા જ હશો. કર્ણ રાધાપુત્ર નથી પણ મારો પુત્ર છે, એનો જન્મ મારી કૌમાર્યાવસ્થામાં થયેલો. એ હકીકતની ખબર આજ સુધી બીજા કોઈનેય નથી પડી. પાંડવોને પણ નહિ. એના જન્મની હકીકત તમને વિસ્તારથી કહી સંભળાવું.'

કુંતીએ પોતાની કૌમાર્યાવસ્થાના વીતેલા દિવસોની એ સ્મૃતિઓ ખૂબ જ શાંતિ તથા સંવેદનાપૂર્વક કહી બતાવી.

એનો ઉપસંહાર કરતાં એણે જણાવ્યું:

'એટલે જ મારા મનમાં કર્ણને માટે મીઠી મમતા છે. એક માતાને માટે એવી મમતા સ્વાભાવિક હોય એ તમે સહેલાઈથી સમજી શકશો. એનું અમંગલ થાય એવું હું સ્વપ્ને પણ નથી ચાહતી. કર્ણ પોતે પણ આ હકીકતની ખબર પડે ને મારી સાથેના સંબંધનું ભાન થાય તો સંભવ છે કે એની આખી વિચારસરણી જ ફરી જાય અને દુર્યોધનના પક્ષનો ત્યાગ કરીને એ પાંડવોની સાથે મળી જાય પણ ખરો. એની ને પાંડવોની વચ્ચે સ્નેહસંબંધ થાય તો પાંડવોની શક્તિ વધી જાય ને પાંડવોને જ લાભ થાય. માટે મારી ઈચ્છા છે કે તમે કર્ણને એકાંતમાં મળીને સઘળી હકીકત કહી સંભળાવો અને એના માનસ-પરિવર્તન માટે પ્રયાસ કરો. એ કાર્ય કાંઈ ઓછું કલ્યાણકારક નહિ હોય.'

કૃષ્ણે કહ્યું:

'તમારા જીવનની આ ઘટના અતિશય આશ્ચર્યકારક, આનંદદાયક અથવા રોચક છે. તેની થોડીઘણી જાણ તો મને હતી જ પરંતુ આજે એને તમારી દ્વારા સંપૂર્ણ રીતે સાંભળીને મારું હૃદય ભાવવિભોર બની ગયું છે. તમારા કથિતાર્થને સહાનુભૂતિપૂર્વક સારી રીતે સમજી શકું છું. કર્ણ તમારો પુત્ર હોવાથી જ આટલો બધો પરાક્રમી છે. એની અને દુર્યોધનની વચ્ચે અતૂટ મિત્રતા હોવાથી એ એનો પક્ષ છોડશે કે કેમ એ શંકાસ્પદ હોવા છતાં હું એની પાસે જઈશ. એને એકાંતમાં મળીશ, અને એને પલટાવવાના બનતા બધા જ પ્રયત્નો કરી છૂટીશ.'

કૃષ્ણના શબ્દો સાંભળીને કુંતીને આનંદ થયો.

એના અંધકારમય અંતરમાં આશાની અભિનવ આભાનો ઉદય થયો.

એનું ચિત્ત વિચારે ચઢ્યું.

એને પ્રણામ કરીને કૃષ્ણ બહાર નીકળ્યા.

એ કર્ણને હસ્તિનાપુરની બહાર રથમાં બેસાડીને એકાંતમાં લઈ ગયા ને બોલ્યા:

'આજે હું તને એક મહત્વની હકીકત કહેવા માટે અહીં લઈ આવ્યો છું. દુર્યોધનના દુર્ભાવને લીધે કૌરવો અને પાંડવો વચ્ચે મહાભયંકર યુદ્ધ ફાટી નીકળવાનું છે તેની તો તને ખબર છે. એ યુદ્ધમાં તું કૌરવ પક્ષે રહીશ એ લગભગ ચોક્કસ છે.'

'લગભગ નહિ, એકદમ ચોક્કસ છે.'

'તારો એ નિર્ણય સ્વાભાવિક હોવા છતાં બરાબર નથી. તું કૌરવપક્ષે રહીને લડે એના કરતાં પાંડવપક્ષે રહીને યુદ્ધ કરે એ જ યોગ્ય, ધર્મસંગત તથા હિતાવહ છે.'

'કારણ?'

'એનું કારણ ઘણું મોટું છે. તું ધર્મશાસ્ત્રના સૂક્ષ્મ સિદ્ધાંતોને સારી પેઠે જાણતો હોવાથી એને સહેલાઈથી સમજી શકીશ. અત્યાર સુધી તારાથી જે રહસ્ય ગૂઢ કે ગુપ્ત રહ્યું છે તે તને કહી બતાવું છું. તું લોકો સમજે છે તેમ સૂતપુત્ર નથી પરંતુ રાજપુત્ર છે. ક્ષત્રિયપુત્ર.'

'રાજપુત્ર કે ક્ષત્રિયપુત્ર? તે કેવી રીતે?' કર્ણના વિસ્મયનો પાર ના રહ્યો.

કૃષ્ણે એનો ઉત્તર આપતાં ગંભીર છતાં મધુર ને મૃદુ સ્વરે કહેવા માંડ્યું:

'અધિરથ સૂતે તથા તેની પત્ની રાધાએ તો તને સરિતાના પ્રવાહમાંથી પ્રાપ્ત કરીને ઉછેરેલો એટલું જ, બાકી તું એમનો પુત્ર નથી.'

'તો પછી?'

'તું મહારાજા પાંડુ અને કુંતીનો પુત્ર છે.'

'મહારાજા પાંડુ અને કુંતીનો પુત્ર? તે કેવી રીતે?'

'જે કન્યાને લગ્ન પહેલાં પુત્ર થયો હોય અથવા લગ્ન વખતે જે પુત્ર એના ઉદરમાં હોય તે પુત્રને શાસ્ત્રીય પરિભાષામાં કાનીન કહેવાય છે. એવી કન્યા સાથે લગ્ન કરનાર પુરુષ તે પુત્રનો પિતા ગણાય છે. તારો જન્મ પણ દેવતાના આશીર્વાદથી કુંતી કુંવારી હતી ત્યારે થયેલો. એટલે તું એનો અને પાંડુનો પુત્ર છે

એ સાચું છે. લોકોપવાદની આશંકાથી કુંતીએ એ વખતે તારો સરિતામાં ત્યાગ કરેલો એટલું જ. બાકી તું પાંડવોનો ભાઈ ને પાંડવ જ છે.'

કર્ણ થોડીવાર સુધી વિચારમાં પડ્યો ને બોલ્યો:

'કુંતીએ એ હકીકત તો મને કદી કહી જ નથી.'

'તને તો નથી જ કહી પરંતુ મને પણ છેક આજે કહી ત્યારે જ મને ખબર પડી. કુંતી સત્યવાદીની ને પવિત્ર છે ને તેને મિથ્યાભાષણ કરવાનું કોઈ કારણ નથી.'

'આજનો દિવસ મારે માટે મંગલમય ને ધન્ય છે. વરસોથી હું મારા માતાપિતાને શોધતો'તો. હું સૂતપુત્ર છું એ વાત મારા ગળે ઉતરતી જ ન હતી. આજે મને શાંતિ થઈ. મારી શોધ સફળ થઈ.'

'છતાં પણ તારે આ હકીકતને કેટલાંક ખાસ કારણસર ગુપ્ત જ રાખવાની છે. લોકોની આગળ એને પ્રકટ નથી કરવાની. આ હકીકત પરથી પાંડવો સાથેના તારા સંબંધને તું સહેલાઈથી સમજી શકીશ. ખરું જોતાં તો તારે કૌરવોના પક્ષમાં રહીને લડવાને બદલે પાંડવોના પક્ષમાં રહીને જ લડવું જોઈએ. હું તને એ જ કહેવા આવ્યો છું.'

કૃષ્ણ થોડા વખત સુધી કર્ણની મુખાકૃતિ તરફ જોઈ રહ્યા ને બોલ્યા:

'એક બીજી મહત્વની વાત પણ કહી દઉં. કૌરવોનો ત્યાગ કરીને તું આજે જ મારી સાથે ચાલ તો પાંડવો મારા કહેવાથી તને મોટા ભાઈ તરીકે માન આપશે. અને એમના પુત્રો, દ્રૌપદી તથા સુભદ્રાપુત્ર અભિમન્યુ સૌ તારા પગમાં પડશે. એમના પક્ષના અસંખ્ય રાજાઓ પણ એમને અનુસરશે. રાજાઓ તથા રાજકન્યાઓ સોનાના, રૂપાના ને માટીના ઘડાઓમાં તીર્થોનું પાણી ભરી લાવશે. તેમાં ઔષધિઓ, રત્નો તથા લતાઓ નાખશે, ને તારો અભિષેક કરશે. યુધિષ્ઠિર તારા યુવરાજ બનશે. એવી રીતે મને અને પાંડવોને આનંદ થશે માટે સારી પેઠે વિચાર કરી લે.'

કર્ણે કહ્યું:

'તમે જે કહી રહ્યા છો તે મારી પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને મારા કલ્યાણની કામનાથી જ કહી રહ્યા છો. એ માટે તમારો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. પરંતુ મારું લાલનપાલન કરનાર અધિરથ અને રાધાને છોડીને તથા મને અધિકાર, રાજ્ય અને માન આપનાર દુર્યોધનને મૂકીને મારાથી તમારી સાથે નહિ આવી શકાય. દુર્યોધન મારી ઉપર પાર વિનાનો પ્રેમ રાખે છે તથા મારા પરાક્રમના ભરોસે જ પાંડવો સાથે યુદ્ધ કરવાની હિંમત રાખે છે. એની હિંમતને મારાથી નહિ તોડી શકાય. રાજ્યના લોભથી કે બીજા કોઈ પ્રલોભનથી પ્રેરાઈને હું એનો ત્યાગ નહિ કરી શકું. દુર્યોધન અર્જુન સાથેના દ્વંદ્વ યુદ્ધમાં મુખ્યત્વે મારો જ ઉપયોગ કરવા માગે છે.'

કૃષ્ણે કર્ણને સમજાવવાનો ને પાંડવોના પક્ષમાં લાવવાનો બનતો બધો જ પ્રયાસ કરી જોયો પરંતુ એ પ્રયાસ સફળ ના થયો.

'મારા જન્મનું આ રહસ્ય તમે બનતી બધી રીતે ગુપ્ત રાખજો કારણ કે યુધિષ્ઠિરને એની ખબર પડશે તો એ સત્યપરાયણ હોવાથી રાજ્યગાદી પર નહિ બેસે. મને પાંડવોને માટે કોઈયે જાતનો દ્વેષ,

તિરસ્કાર કે અણગમો નથી છતાં યુદ્ધમાં મારે દુર્યોધનના પક્ષે જ રહેવું પડશે, એથી કોઈ પ્રકારનું દુઃખ ના લગાડશો. મારે માટે બીજો કોઈ રસ્તો જ નથી.'

'રસ્તો તો છે પણ તારે એની ઉપર ચાલવું નથી એમ કહે. '

'એમ પણ કહી શકાય. અને મેં એને માટે જે કારણ બતાવ્યું છે તે યોગ્ય જ છે.'

'તો પછી અહીંથી પાછો જઈને દ્રૌણને, ભીષ્મને ને કૃપાચાર્યને કહેજે કે આજથી સાતમે દિવસે અમાસ આવે છે. તે જ દિવસથી યુદ્ધની યોજના કરો. અત્યારનો સમય સર્વ રીતે અનુકૂળ છે. વન જુદાં જુદાં ધાન્ય તથા વનસ્પતિથી સમૃદ્ધ છે, વૃક્ષો ફળોથી સુશોભિત છે, માખીઓ ઓછી થઈ ગઈ છે, તથા વધારે પડતી ઠંડી કે ગરમી પણ નથી પડતી. યુદ્ધને માટે લાલાયિત થયેલ રાજાઓને પણ મારો સંદેશો કહી સંભળાવજે કે તમારી યુદ્ધની ઈચ્છા હું પૂરી કરીશ. દુર્યોધનની ઈચ્છાને અનુસરનારા રાજાઓ ને રાજપુત્રો યુદ્ધમાં મૃત્યુ પામીને ઉત્તમ ગતિની પ્રાપ્તિ કરશે. પૃથ્વીના નાશનો સમય પાસે આવ્યો છે માટે જ તારું મન મારી પ્રેરણાને નથી પચાવી શકતું. વિનાશ પાસે આવે છે ત્યારે અન્યાય ન્યાય જેવો અથવા અધર્મ ધર્મ જેવો લાગે છે ને મન એનો ત્યાગ નથી કરી શકતું.'

કર્ણે કહ્યું:

'કૃષ્ણ ભવિષ્યમાં આવી પડનારા દારુણ રણસંગ્રામમાંથી બચી જઈશું તો પાછા મળીશું, નહિ તો આપણો મેળાપ હવે સ્વર્ગમાં જ થઈ શકશે.'

કર્ણે કૃષ્ણને ભેટીને એમની અનુજ્ઞા માગી.

કૃષ્ણે અનુજ્ઞા આપી એટલે પોતાના સ્વર્ણમય રથમાં બેસીને મનમાં ખિન્નતા સાથે એ પાછો ફર્યો.

કૃષ્ણે એ પછી તરત જ સાત્યકિ સાથે રથમાં બેસીને વિરાટ નગર તરફ પ્રયાણ કર્યું.

કૌરવો તથા પાંડવોની વચ્ચે યુદ્ધ અવશ્યંભાવિ છે એ વાત વિદુરના મુખમાંથી સાંભળ્યા પછી કુંતીનું દિલ ખરેખર દુઃખી બની ગયું.

વિદુરે જણાવ્યું:

'મારો વિચાર યુદ્ધ કરવાનો જરા પણ નથી પરંતુ દુર્યોધન મારી દોરવણી પ્રમાણે નથી ચાલતો. એને દોરવણી આપનારા દુઃશાસન, જયદ્રથ, કર્ણ તથા શકુનિ છે. યુદ્ધ કોઈ રીતે કલ્યાણકારક નથી થવાનું. એ સર્વભક્ષી બની રહેશે. એના વિચારથી મારી ઊંઘ પણ ઊડી ગઈ.'

વિદુરનાં વચનોથી કુંતીને વ્યથા થઈ.

કૃષ્ણે કર્ણને બધી રીતે સમજાવી જોયો તોપણ કર્ણ ના માન્યો એ જાણીને એની વ્યથા વધી ગઈ.

એણે પોતે જ કર્ણને મળવાનો ને એકવાર ફરીથી સમજાવી જોવાનો પ્રયત્ન કરવાનો નિર્ણય કર્યો.

એને થયું કે જે કાર્ય કૃષ્ણ ના કરી શક્યા તે મારાથી થઈ શકે પણ ખરું. કર્ણને સમજાવવામાં મને સફળતા સાંપડે પણ ખરી.

બીજે દિવસે એવા સંકલ્પ સાથે એ ગંગાના પ્રશાંત, પરમ પુનિત તટપ્રદેશ પર જઈ પહોંચી.

કર્ણ એ વખતે પૂર્વાભિમુખ થઈને, ઊભો ઊભો જપ કરી રહેલો.

કુંતી એના જપકર્મની પરિસમાપ્તિની પ્રતીક્ષા કરતી એની પાસે જઈને ઊભી રહી.

એના હૃદયમાં મમતાના અવનવા તંરગો ઊછળવા માંડ્યા.

એની આંખ અનુરાગથી ઊભરાવા લાગી.

મનમાં પૂર્વસ્મૃતિઓ સળવળવા માંડી અને એના અનુસંધાનમાં ભાતભાતના ભાવો તથા વિચારો પેદા થયા.

સંધ્યા સમય થવા આવ્યો એટલે કર્ણ પોતાના જપકર્મમાંથી નિવૃત્ત થયો.

સૂર્યનારાયણને પ્રેમપૂર્વક પ્રણામ કરીને એણે પાછળ જોયું તો એના આશ્ચર્યનો પાર ના રહ્યો.

કુંતીને નિહાળીને એને ભારે નવાઈ લાગી.

એણે એને બે હાથ જોડીને પ્રણામ કર્યા ને કહ્યું:

'તમને અહીં આવેલાં જોઈને મને આનંદ અને આશ્ચર્ય બંને થાય છે. તમારા શુભાગમનનુ પ્રયોજન કહી બતાવશો?'

કુંતી બોલી:

'મને અહીં એકાએક તારી પાસે આવેલી જોઈને તને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે. એ આશ્ચર્ય સમજી શકાય તેવું છે. મારા આગમનનું પ્રયોજન તને તારા જન્મરહસ્યની જાણ કરવાનું છે. તું અધિરથ અને રાધાનો પુત્ર નથી પરંતુ મારો પુત્ર છે. મારી કન્યાવસ્થામાં ભગવાન સૂર્યનારાયણની કૃપાથી રાજા કુંતિભોજને ત્યાં મને તારી પ્રાપ્તિ થયેલી.'

એ હકીકતના અનુસંધાનમાં એણે કહેવા માંડ્યું:

'તને તારા જન્મના એ રહસ્યની ખબર નથી એટલે જ તું દુર્યોધનની સેવા કરી રહ્યો છે. કૌરવો ને પાંડવો વચ્ચે યુદ્ધ ફાટી નીકળવાનો વખત વધારે ને વધારે નજદીક આવતો જાય છે ત્યારે એની ભીષણતાનો ખ્યાલ કરીને મારાથી રહી ના શકાયું ને મને થયું કે સાચી હકીકતનો ઉલ્લેખ કરી બતાવીને મારે તારી આંખ ઉઘાડવાનો પ્રયાસ કરવો જ જોઈએ. મારી વ્યથાને શાંત ના કરી શકવાથી હું તારી પાસે આવી પહોંચી છું. હું ઈચ્છું છું કે તું પાંડવોના પક્ષે ઊભો રહીને દુર્યોધને પચાવી પાડેલા એમના રાજ્યને પાછું મેળવીને એનો ઉપભોગ કર. બળરામ તથા કૃષ્ણની પેઠે તારી અને અર્જુનની જોડી થતાં કૌરવોનું કશું જ નહિ ચાલે. તું સૂતપુત્ર નથી પણ પાંડુપુત્ર છે, સર્વે ગુણોથી સંપન્ન છે. વીર્યવાન છે ને વડીલ છે.'

એ જ વખતે સૂર્યમંડળમાંથી અલૌકિક વાણી સંભળાઈ:

'કર્ણ, કુંતીએ જે કહ્યું તે સાચું છે. એના કહ્યા પ્રમાણે ચાલીશ તો તારું સર્વ પ્રકારે કલ્યાણ થશે.'

પરંતુ કર્ણનું મન એથી જરા પણ ડગ્યું નહિ.

એણે શાંતિ અને સ્વસ્થ સ્વરે કહેવા માંડ્યું:

'મારા જન્મરહસ્યની એ હકીકત તો મને કૃષ્ણે પણ કહી છે. પરંતુ તમારી સૂચનાનુસાર હવે મારાથી નહિ ચાલી શકાય. એક માતા તરીકે મારો ત્યાગ કરીને વરસો સુધી તમે મારી તરફ જોયું જ નહિ એ શું બરાબર હતું?'

'એ સમયના સંજોગો જ એવા હતા કે તારો ત્યાગ કરવો જ પડે. એમ કરતાં મારું હૈયું ફાટી જતું'તું પરંતુ એ વિના બીજો કોઈ ઉપાય જ ન હતો. મેં તારા શરીરનો ત્યાગ કર્યો છતાં તારી પ્રત્યેના પ્રેમનો ત્યાગ

નહોતો કર્યો. એ તો એવો ને એવો જ અક્ષય હતો. તને અધિરથ અને રાધાએ ઉછેર્યો છે અને આખરે તું દુર્યોધન પાસે પહોંચ્યો છે એ માહિતી પણ મેં મેળવી લીધેલી. ફક્ત તારા જન્મરહસ્યને પ્રકટ કરવાના યોગ્ય સમયની હું રાહ જોતી'તી અને એ સમય પણ આખરે આવી પહોંચ્યો છે. હવે રહસ્યને પ્રકટ ના કરું તો અનર્થ થાય તેમ છે.'

'તોપણ હવે ઘણું મોડું થઈ ગયું છે. આ હકીકત મને શરૂઆતમાં જ જણાવી દીધી હોત તો કશુંક થઈ શકત, પરંતુ હવે તો મેં દુર્યોધનને મદદ કરવાનું વચન આપી દીધું છે એટલે એ વચનનો ભંગ મારાથી નહિ કરી શકાય. હું ગમે તેવો છું તોપણ ધર્મના પાલનમાં તો માનું જ છું'

'પરંતુ તું પાંડવો સાથે મળી જઈશ તો યુદ્ધ થશે જ નહિ. તું એમના પક્ષમાં ભળી ગયો છે અને એમનો ભાઈ છે એ જાણતાં જ કૌરવોનો ઉત્સાહ ઓસરી જશે.'

'એવું કરવાનું કોઈયે કારણ મને નથી દેખાતું.'

'પરંતુ યુદ્ધમાં તારો નાશ થઈ જશે તો? ઓહો, એ કલ્પના જ કેટલી બધી ભયંકર છે?'

'તોપણ શું થયું? હું ક્ષત્રિય છું ને ધર્મયુદ્ધમાં આવી મળનારું મૃત્યુ ક્ષત્રિયને માટે મંગલમય જ થઈ પડે છે.'

કુંતીએ કાંઈક વિચાર કરીને કહ્યું:

'તો પછી તું નહિ માને?'

'ના. મારી કર્તવ્યપાલનની વૃત્તિ મને એની ના કહે છે. પહેલાં આદર્શ માતાની પેઠે તમે મારું હિત નથી કર્યું ને હવે યુદ્ધનો અવસર આવ્યે મને આવી પ્રેરણા આપો છો તે બરાબર નથી. હું દુર્યોધનનો ગુણ નથી ભૂલી શકવાનો. એની સાથે રહીને લડતાં લડતાં જો મૃત્યુ આવવાનું હોય તો ભલે આવે. મને એનો ભય નથી. પણ મારાથી પક્ષપલટો તો નહિ જ થઈ શકે. આટલાં વરસથી હું સૂતપુત્ર તરીકે ઓળખાઉં છું તો થોડાંક વધારે વરસો એવી રીતે ભલે ઓળખાઉ મને એની ચિંતા નથી. તમે મારો ત્યાગ કરીને અત્યાર સુધી જે અક્ષમ્ય અપરાધ કર્યો છે તેનું પરિણામ મારે ને તમારે બંનેને ભલે ભોગવવું પડે.'

કર્ણ શાંત રહ્યો એટલે કુંતીએ પૂછ્યું:

'મારો એ અપરાધ તું ક્ષમા નહિ કરી શકે?'

'મેં એને ક્ષમા કરી જ દીધો છે. મારા મનમાં કોઈને માટે કોઈ જાતની કડવાશ નથી. હું કૃતઘ્ન થવાની ઈચ્છા નથી રાખતો એટલા માટે કૌરવો તરફ રહીને સંપૂર્ણ શક્તિ સાથે યુદ્ધ કરીશ. પરંતુ તમારો ફેરો ફોગટ નહિ જાય. તમારી લાગણીનો ખ્યાલ રાખીને હું કેવળ અર્જુન સાથે જ યુદ્ધ કરીશ. હું પણ તમારો પુત્ર જ છું. તેથી યુદ્ધમાં મારે હાથે અર્જુન મરશે તોપણ તમારા પાંચ પુત્રો જ જીવતા રહેશે ને હું મરીશ તોપણ પાંચ પુત્રો કાયમ રહેશે. એવી રીતે વિશેષ નુકશાન નહિ થાય.'

કર્ણના શબ્દો સાંભળીને કુંતીનું અંતર ભાવાર્દ્ર બની ગયું. એ બોલી:

'કર્ણ, તને જોઈને ને તારી વાણી સાંભળીને મને ખરેખર આનંદ થાય છે. તું વીર, વિવેકી તથા નરરત્ન છે એમાં સંશય નથી. તારા સમાન સુપુત્રને જન્માવીને હું ધન્ય થઈ છું. તને થોડા વખત પહેલાં મળી હોત તો સંભવ છે કે તને તેમ જ બીજા કેટલાંયને યુદ્ધના દાવાનળમાંથી ઉગારી લેત. હસ્તિનાપુરના

ઈતિહાસમાં એવી રીતે એક અવનવા અધ્યાયનો ઉમેરો થાત. પરંતુ વિધાતાને એ માન્ય નહિ હોય. તોપણ આજે મને નિરાંત થઈ કે મોડે મોડે પણ મેં મારું કર્તવ્ય બજાવી લીધું. મેં તને સત્ય વાતનું સ્મરણ કરાવ્યું. તું લોકોત્તર ને મહાન છે એમાં શંકા નથી ને સંસાર તને એ રીતે યાદ કરશે. મારો આશીર્વાદ છે.'

'તમારો એ આશીર્વાદ માથે ચઢાવું છું, બાકી તમે મને અત્યાર સુધી ઘણી બધી વસ્તુઓથી વંચિત રાખ્યો. તમારા જેવી મમતાળુ માતા તથા પાંડવો જેવા ભાઈઓથી. તમે એ સંબંધનું સ્મરણ જ ના કરાવ્યું. ભૂલ તમારી ને એના ભોગ મારે બનવું પડ્યું. લોકો મને પાંડવવિરોધી કે દુષ્ટ કહે છે પરંતુ હું તેવો નથી. મને કૌરવો તથા પાંડવો બંને પ્રત્યે પ્રેમ છે. હું દુર્યોધનનું અંધાનુકરણ નથી કરતો. ઊલટું એના હિત માટે કેટલીકવાર જુદો પણ પડું છું. તોપણ મારા ઘડતરમાં સંજોગોએ ભાગ ભજવ્યો છે તેમ તમારો ફાળો પણ છે જ. એ ફાળો કાંઈ નાનોસૂનો તો નથી જ. તમે લોકલાજના ભયથી કાયમને માટે મારો પરિત્યાગ ના કર્યો હોત, ને પરિત્યાગ કરીને પણ પાછળથી પાંડવોને મારો સાચો પરિચય કરાવ્યો હોત, તો પરિસ્થિતિ જુદી હોત. મને માતા મળત, તમને પુત્ર, પાંડવોને બંધુ મળત, બળ મળત: અને એવી રીતે બીજું શું શું ના મળત?'

કુંતી ધીરજ ના રાખી શકી.

એની આંખ ટપકવા લાગી.

કર્ણે કહ્યું:

'પરંતુ એ બધું યાદ કરવું કે બોલી બતાવવું વૃથા છે. જે ઘટનાઓ બની છે ને બનશે તેમાં મારી જેમ તમારો દોષ પણ રહેલો છે. તોપણ હવે તમને વધારે દુઃખી નહિ કરું. એ બધાની ચર્ચાથી લાભ પણ શો થવાનો છે? લાભ તો બાજુએ રહ્યો પણ અંતર દુઃખી થશે એ જુદું.'

કર્ણે કુંતીને પ્રણામ કર્યા.

કુંતી બોલી:

'મને તો આપણા મેળાપથી લાભ જ થયો છે. હૈયા પરનો વરસોનો ભાર આજે હળવો બન્યો છે. હવે હું શાંતિથી હરીફરી શકીશ. પરંતુ આપણી વચ્ચેની આ ગુપ્ત રહસ્યવાત કોઈ જાણે નહિ તેનું ધ્યાન રાખજે કારણ કે એને પ્રકટ કરવાથી કોઈ હેતુ નહિ સરે.'

'ભલે હું એને ગુપ્ત રાખીશ ને તમે પણ ગુપ્ત જ રાખજો.'

'યુદ્ધમાં અર્જુન સિવાય બીજા ભાઈઓનો નાશ ના કરવાનું તેં વચન આપ્યું છે તેનું પાલન કરજે.'

'ભલે.'

કુંતીએ કર્ણને આશીર્વાદ આપ્યો, અને પછી બંને જુદા જુદા માર્ગે ચાલી નીકળ્યા.

* * *

૨૬. વ્યાસનો આશીર્વાદ

એ રાતે કુંતીને મોડે સુધી ઊંઘ ના આવી.

એને જાતજાતના ને ભાતભાતના વિચારો આવવા લાગ્યા.

કર્ણની શાંત, સ્વમાનશીલ, પ્રતાપી ને મક્કમ મુખાકૃતિ એની આંખ આગળ રમવા માંડી.

કર્ણના શબ્દો એને એકધારા યાદ આવવા અને એના અંતરને ભાવમય કરવા માંડ્યા.

એને થયું કે કર્ણ માની ગયો હોત તો? પોતાની પ્રાર્થનાને લક્ષમાં લઈને એ કૌરવોનો ત્યાગ કરીને પાંડવપક્ષમાં ભળી ગયો હોત તો? તો એને કેટલો બધો આનંદ થાત? સંભવ છે કે એથી ભવિષ્યનું ભીષણ યુદ્ધ જ અટકી જાત.

હવે તો યુદ્ધ જરૂર થશે. એમાં અનેકનો સંહાર થશે છતાં પણ એનો દોષ પોતાને નહિ લાગે. કારણ કે પોતાની મર્યાદામાં રહીને એને થતું અટકાવવાનો બનતો બધો જ પ્રયત્ન પોતે કરી જોયો છે.

પોતે જે સંજોગોથી ઘેરાઈ ગયેલી તેમાં વિશેષ પ્રયત્ન કરવાની શક્યતા જ ક્યાં હતી.

ધીરે ધીરે એની આંખ મળી ગઈ.

એ પછી એને જે સ્વપ્ન દેખાયું તે ભારે વિચિત્ર હતું.

સ્વપ્નમાં એ જાણે કે ભીષણ યુદ્ધભૂમિમાં પહોંચી ગઈ.

ચારે તરફ મહા ભયંકર યુદ્ધ થઈ રહેલું અને એમાં એક બાજુ અર્જુન તથા કર્ણ લડી રહેલા.

કુંતી એ યુદ્ધને જોઈને હચમચી ઊઠી. એની કાયા કંપવા લાગી.

એણે કહ્યું:

'કર્ણ, તેં મને વચન આપ્યું છે તેને ના ભૂલતો.'

'હું એ વચનને નથી ભૂલ્યો.'

'તો પછી અર્જુન તારી સાથેના યુદ્ધમાં મરાય નહિ તેનું ખાસ ધ્યાન રાખજે.'

કર્ણ સ્મિત કરતાં કહેવાં માંડ્યો:

'મેં આપેલા વચન પ્રમાણે હું અર્જુન સિવાય બીજા કોઈ બંધુને નહિ મારું. હું વચન પાળીશ. પરંતુ યુદ્ધમાં ધાર કે અર્જુન મને મારી નાખશે તો?'

'તને?'

'હા. મને. કેમ? એ મને ના મારે?'

'તો...'કુંતી કાંઈ બોલી ના શકી.

'એક માતા તરીકે તેં એનો વિચાર નથી કર્યો લાગતો. નહિ તો જેવી રીતે તેં મારી પાસેથી વચન લઈ લીધું તેવી રીતે અર્જુન પાસેથી પણ લઈ લીધું હોત કે એ મને ના મારે.'

'એ વાતનો તો મને ખ્યાલ જ રહ્યો નહિ.'

'ક્યાંથી રહે? તને મારાં કરતાં અર્જુન વધારે વહાલો લાગે છે!'

'એવું નથી. એવું ભૂલેચૂકે પણ ના સમજતો.'

'તો પછી શું સમજું?'

'એ જ કે તું મને સૌથી વધારે વ્હાલો છે. અર્જુનને હમણાં જ કહું છું કે એ તારી ઉપર મરણતોલ ઘા ના કરે. અર્જુન, તું કર્ણનો નાશ ના કરતો. એને ના મારતો. એ સૂતપુત્ર નથી પરંતુ મારો પુત્ર તથા તારો ભાઈ છે, અર્જુન!'

કર્ણ તથા અર્જુનનું યુદ્ધ અટકી ગયું.

કુંતી અર્જુન તરફ દોડીને બોલી:

'ભાઈઓ વચ્ચેનું આ ભીષણ યુદ્ધ હું કોઈયે સંજોગોમાં નહિ થવા દઉં. એને બનતા બધા જ ઉપાયે અટકાવી દઈશ.'

એટલામાં તો એની આંખ ઊઘડી ગઈ.

*

કુંતી, કૃષ્ણ, યુધિષ્ઠિર, વિદુર, ધૃતરાષ્ટ્ર, ભીષ્મ તથા દ્રોણાચાર્ય જે યુદ્ધને અટકાવવા માગતા'તા તે યુદ્ધ અટકી ના શક્યું અને આખરે એમની ઈચ્છા વિરુદ્ધ પણ આવી પડ્યું.

કુરુક્ષેત્રના વિશાળ રણમેદાનમાં કૌરવો તેમ જ પાંડવોની સુસજ્જ, શક્તિશાળી સેનાઓ એકમેકની સાથે લડવા માટે તૈયાર થઈ ત્યારે સંસ્કૃતિનો સર્વનાશ જાણે કે નજદીક આવ્યો હોય અને એને માટેની બધી જ તૈયારીઓ થઈ ચૂકી હોય એવું લાગવા માંડ્યું.

સરસ્વતી નદીના સુંદર સુપ્રસિદ્ધ તટપ્રદેશ પર બંને સેનાઓ એકઠી થઈ ત્યારે કાળના દૂતો ઊતરી પડ્યા હોય એવું ભાન થયું.

સર્વભક્ષી મૃત્યુ જાણે કે પાસે આવી પહોંચ્યું.

એ દિવસો માગશર મહિનાની શરૂઆતના હોવાથી હવામાન બધી રીતે અનુકૂળ હતું.

પાંડવસેનાના વિખ્યાત સાત નાયકો દ્રુપદરાજ, વિરાટ, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, સાત્યકિ, ચેકિતાન તથા ભીમ હતા.

એ સાતે સેનાનાયકો વેદજ્ઞ તથા વીર, યુદ્ધકુશળ અને શસ્ત્રો તથા અસ્ત્રોના પ્રયોગોમાં પારંગત હતા.

કૌરવસેનાના પ્રધાન સેનાપતિ ભીષ્મ હતા.

બળ અને બુદ્ધિમાં એમની બરાબરી કરી શકે એવો વીર યોદ્ધા કૌરવપાંડવની સેનામાં તો શું, સમસ્ત સંસારમાં મળવો મુશ્કેલ હતો.

એમની ધાક એવી અદભુત હતી કે વાત નહિ.

યોદ્ધાઓ એમનું નામ સાંભળીને જ ડરતા ને રણમાંથી પાછી પાની કરવાના સંકલ્પો કરતાં.

કૃષ્ણની સલાહથી પાંડવોએ એવા મહાપરાક્રમી ભીષ્મનો સામનો કરવા માટે પોતાની સેનામાંથી કોઈ વૃદ્ધને પસંદ કરવાને બદલે એક યુવાન યોદ્ધાને સરસેનાપતિ તરીકે પસંદ કર્યો.

એ યુવાન હોવા છતાં પરમ પરાક્રમી અને પ્રતાપી હતો.

એના અંતર અને અંગેઅંગમાંથી ઉત્સાહના ફુવારા ઊડી રહેલા.

એ મહત્વકાંક્ષાની મૂર્તિ જેવો, મજબૂત મનોબળવાળો, યુવાન બીજો કોઈ જ નહિ પરંતુ દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ન હતો.

રાજા દ્રુપદે, દ્રૌપદીએ, યુધિષ્ઠિરે ને કૃષ્ણે એને સંગ્રામમાં સફળ થવા માટેના ખાસ આશીર્વાદ આપ્યા.

યુદ્ધના નિશ્ચિત સમય પહેલાં કુરુક્ષેત્રના એ સુપ્રસિદ્ધ યુદ્ધમેદાનમાં અર્જુનના સારથિ તરીકે કૃષ્ણે પ્રવેશ કર્યો ત્યારે એ અદૃષ્ટપૂર્વ, અકલ્પનીય દૃશ્યને દેખીને ત્યાં એકત્ર થયેલા બધા જ યોદ્ધાઓ મુગ્ધ બની ગયા ને દિગ્મૂઢ થયા.

અર્જુને કહ્યું પણ ખરું:

'તમને મારા સારથિના રૂપમાં આવેલા જોઈને સૌને આશ્ચર્ય થઈ રહ્યું છે—ખાસ કરીને કૌરવોને.'

કૃષ્ણે કલ્યાણકારક સ્મિત કરતાં કહ્યું:

'એમને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે. એ મદોન્મત બની ગયા છે અને એમનો નાશ કરવાની યોજનામાં સહયોગ આપવા મારે તારા સારથિ થઈને જીવનને પ્રેરણામય કરવું આવશ્યક છે. કૌરવો મને સારથિરૂપમાં જોઈને મારા તારે માટેના પ્રબળ પ્રેમની પ્રતીતિ ભલે કરી લે.'

ત્યાં તો અર્જુને એકાએક પૂછ્યું:

'કૃષ્ણ! આ યુદ્ધ ના કરીએ તો ના ચાલે?'

'કેમ? એવો વિચાર કેમ ઊઠ્યો?'

'એટલા માટે કે યુદ્ધ કોઈ વચ્ચે નથી થવાનું પરંતુ ભાઈઓ, સ્નેહીઓ, સ્વજનો તથા ગુરુજનોની વચ્ચે થવાનું છે. એને પરિણામે અસંખ્ય જનોનો નાશ થશે, લોહીની નદીઓ વહેશે, ને પીડા તથા પરિતાપની ભયંકર હોળી સળગશે. બદલામાં મળશે કેવળ રાજ્ય. એવા રાજ્યને ભોગવવાનું કેમ ગમશે? હસ્તિનાપુર, ઈન્દ્રપ્રસ્થ અને એવા બીજા પ્રદેશોની અસંખ્ય સ્ત્રીઓ વિધવા બનશે, બાળકો બાપ વગરનાં થશે, અને સંપત્તિ વેરવિખેર બની જશે. એ પછી એ રક્તરંગી સ્મશાનભૂમિ પર રાજ્ય ભોગવવાનું મન કદી પણ કેવી રીતે થશે? મને તો આ યુદ્ધ કરવાનું એટલું મન નથી થતું.'

કૃષ્ણે સ્વસ્થતાપૂર્વક કહ્યું:

'મન થાય કે ના થાય તોપણ યુદ્ધ કરવું જ પડશે કારણ કે એ અનિવાર્ય છે. કર્તવ્યના પાલનથી છટકવાના વિચાર કરીને હવે કાયર ના થવાય. હું તારી સાથે જ છું પછી તારે કોનો ભય છે? તું યુદ્ધ કરીને વિજય મેળવ અને કર્તવ્યના અનુષ્ઠાનનો સંતોષ ધારણ કર.'

કૃષ્ણના એવા એવા અનુભવપૂર્ણ વિવિધ પ્રકારના ઉપદેશથી અર્જુનની મોહનિંદ્રા મટી ગઈ, એની જડતા કે તંદ્રા તૂટી ગઈ. અને એ ગાંડીવ લઈને યુદ્ધ કરવા તત્પર બન્યો.

વ્યોમના વિશાળ વિતાન પર વાદળાં એકાએક ઊમટી પડે ને વિખરાઈ જાય તેમ એના મનની ઉપર છવાયલાં વિચારોના—વિપરીત વિચારોનાં વાદળાં આપોઆપ હઠી ગયાં.

એનું મન પહેલાં જેવું નિર્મળ બની ગયું.

પહેલાં કરતાં પણ અધિક ઉત્સાહિત, હિંમત તથા સામર્થ્યવાળું.

*

સવાર પડતાં જ દુર્યોધનનો આદેશ પ્રાપ્ત કરીને તેના પક્ષના રાજાઓ પાંડવો પર ચઢાઈ કરવા માટે નીકળી પડ્યા.

એમણે નિત્યકર્મથી નિવૃત્ત થઈને શ્વેત વસ્ત્રો પહેરેલાં અને પુષ્પની સુવાસિત સુંદર માળાઓ ધારણ કરેલી.

એ સંગ્રામમાં શત્રુઓને જીતવાની આકાંક્ષાવાળા, યુદ્ધકુશળ, મહાબળવાન ને જ્ઞાની હતા.

શરીરના રક્ષણ માટે એમણે બખ્તરો ધારણ કરેલાં.

બીજી તરફથી યુધિષ્ઠિરની સૂચના પ્રમાણે પાંડવોની સેનામાં સંમિલિત થયેલા જુદા જુદા રાજાઓ અને રાજયોદ્ધાઓ પણ પોતાના પરાક્રમનું પ્રદર્શન કરવાની ઈચ્છાથી પ્રેરાઈને ચાલી નીકળ્યા.

એ શસ્ત્રસજ્જ યોદ્ધાઓનો ઉત્સાહ પણ માતો નહોતો.

ચિત્રવિચિત્ર બખ્તરો તેમ જ તેજસ્વી કુંડલોને ધારણ કરનારા એ પરમ પરાક્રમી યુદ્ધકુશળ યોદ્ધાઓ અગ્નિજ્વાળાની પેઠે પ્રકાશિત લાગતા.

યુધિષ્ઠિરે સેનાના પ્રથમ વિભાગમાં ધૃષ્ટદ્યુમ્નને આગળ કરીને અભિમન્યુ, બ્રહંત તથા બીજાને વિદાય કર્યા.

બીજા સેનાવિભાગમાં એમણે અર્જુન, ભીમ તેમ જ યુયુધાન મોકલ્યા.

એ યોદ્ધાઓના કોલાહલથી સમસ્ત ગગનમંડળ ગાજી ઊઠ્યું.

એ સેનામાં યુધિષ્ઠિર પોતે પણ જોડાયા.

એમની સાથે રાજા દ્રુપદ, વિરાટ અને બીજા અસંખ્ય યોદ્ધાઓ ચાલવા લાગ્યા.

યુદ્ધભૂમિમાં જાણે કે શૂરવીરતાનો સાગર ઊછળવા માંડ્યો.

યુદ્ધના અનુભવવાળા યોદ્ધાઓ અખૂટ ઉત્સાહમાં આવી ગયાં.

એ વિશાળ સેનાની આગળપાછળ વીસ હજાર ઘોડા તથા પાંચ હજાર હાથી પર બેઠેલા યોદ્ધાઓ, રથીઓ તથા ધનુષ, તલવાર અને ગદાધારી હજારો સૈનિકો ચાલી રહેલા.

સેનાના બીજા ભાગમાં વીસ હજાર સુંદર, મોટા દાંતવાળા, ઉત્તમ કોટિના, મદઝરતા હાથીઓ એકઠા કરવામાં આવેલા.

એ પણ ધીમી છતાં મક્કમ ગતિએ આગળ વધતા.

યુધિષ્ઠિરની પાછળ બીજા સિત્તેર હજાર હાથીઓ ચાલતા હતા.

એ હાથીઓની ઉપર બેઠેલા તથા અન્ય અસંખ્ય યોદ્ધાઓ આનંદમાં આવીને ભેરી તથા શંખ અને બીજાં વિવિધ પ્રકારનાં વાદ્યોના શબ્દો કરવા માંડ્યા.

એ સાંભળીને દુર્યોધનની સેનાના અગણિત વીર યોદ્ધાઓએ પણ એવા જ શબ્દો કરવાનું શરૂ કર્યું ત્યારે ધરતી અને આકાશ એથી છવાઈ ગયું.

વીરોએ વીરોને એવી રીતે યુદ્ધ માટે આહવાન કર્યું ત્યારે આખુંય વાતાવરણ એકદમ ઉત્તેજિત બની રહ્યું.

પછી અર્જુનના ધ્વજનો અગ્રભાગ જોતાં જ મહામનસ્વી દુર્યોધને પોતાના સાથી રાજાઓ સાથે મંત્રણા કરીને પાંડવો સામે વ્યૂહ રચવા માંડયો.

હજારો હાથીઓની વચ્ચે વીંટળાયેલા દુર્યોધને શ્વેત છત્ર ધારણ કરેલું.

પાંડવોની સેના એને જોતાવેંત જ ઉલ્લાસથી ઊભરાઈ ને ઉપરાઉપરી શંખનાદ કરવા માંડી.

એથી પાંડવો અને કૃષ્ણ આનંદ પામ્યાં.

કૃષ્ણ અને અર્જુને વગાડેલા પાંચજન્ય અને દેવદત્ત શંખોના ધ્વનિને સાંભળતાવેંત જ કૌરવોની સમસ્ત સેના ખળભળી કે કંપી ઊઠી.

સેનાની ગતિને લીધે આજુબાજુ ઊડતી પ્રચંડ ધૂળે સૂર્યને ઢાંકી દીધો, અને ચારે તરફ આંધી ઉત્પન્ન થઈ.

પ્રલયકાળનાં મહાભયંકર મહાસાગરના તટ પર મૃતઃપ્રાય બનવા માટે ઊભેલી એ બંને સેનાઓ શૂરવીરતાના બે વિરાટ સિંધુસમી લાગવા માંડી.

આખી પૃથ્વી એની ઉપરના પરમ પરાક્રમી પુરુષરત્નોની સાથે બે વિરાટ વિભાગોમાં વહેંચાઈ ને કાળના મુખમાં જાણે કે કોળિયો થવા માટે ઊભી રહેલી.

એ પુરુષરત્નોએ જીવનની લાલસા તથા મૃત્યુની ભીતિનો ત્યાગ કરેલો.

એમના અંતરમાં 'જીવવું કે મરવું'ના મંગલમય મહામંત્રનું જ રટણ ચાલતું.

એમણે એમના આગેવાનો દ્વારા પારસ્પરિક સંમતિથી ઘડાયલા નિયમોને માન્યા રાખેલા કે યુદ્ધ બંધ પડે પછી બંને પક્ષના યોદ્ધાઓએ વેરભાવને ભૂલી જઈને પરસ્પર પ્રીતિ રાખવી : યુદ્ધ હંમેશા સમાન શક્તિવાળાની સાથે જ કરવું અને એ પણ અન્યાયયુક્ત તો ના જ કરવું: વાણીયુદ્ધ ચાલતું હોય ત્યારે એના ઉત્તરમાં શસ્ત્રયુદ્ધ કરવાને બદલે વાણીથી જ ઉત્તર આપવો: સેના છોડીને નીકળી જાય તેમની સાથે કદી પણ યુદ્ધ ના કરવું: રથી સાથે રથીએ, ગજારોહી સાથે ગજારોહીએ, ઘોડેસવાર સાથે ઘોડેસવારે અને પગે ચાલનાર સાથે પગે ચાલનારે જ લડવું: પહેલાં લલકારી, તૈયાર તથા શસ્ત્રસજ્જ થવાની તક આપીને પછી જ પ્રહાર કરવો: જે વિહ્વલ થાય કે ગભરાઈ જાય તેના પર ભૂલેચૂકે પણ પ્રહાર ના કરવો તથા બીજાની સાથે જોડાયલાને, શરણે આવેલાને, યુદ્ધથી વિમુખ થયેલાને, કવચ વગરનાને કે શસ્ત્રહીન થયેલાને કદીપણ ના હણવો: એ ઉપરાંત સૂતોને, રાવતોને, ભેરી તથા શંખ વગાડનારાઓ અને શસ્ત્રો પહોંચાડનારાઓ પર કદીપણ પ્રહાર ના કરવો.

કૌરવો તથા પાંડવોની બંને સેનાઓએ યુદ્ધની પૂરતી તૈયારી કરી લીધી છે અને એ સેનાઓ પૂર્વ તેમ જ પશ્ચિમ દિશામાં અલગ અલગ ઊભી રહી છે એ જાણીને હસ્તિનાપુરમાં મહર્ષિ વ્યાસ આવી પહોંચ્યા.

શોક અને દુઃખમાં ડૂબી ગયેલા વિચિત્રવીર્યપુત્ર ધૃતરાષ્ટ્રે એમનું અત્યંત સ્નેહ સાથે સ્વાગત કર્યું.

મહર્ષિ વ્યાસે કુશળ સમાચાર પૂછ્યા એટલે એના ઉત્તરમાં ધૃતરાષ્ટ્રે કહ્યું:

'કૌરવો ને પાંડવો વચ્ચે મહાભયંકર યુદ્ધ ફાટી નીકળવાનું છે એ સમાચારથી મને શોક થઈ રહ્યો છે. પાંડવોને રાજ્ય જોઈએ છે ને દુર્યોધન રાજ્યને આપવા જરા પણ નથી ચાહતો. મેં એને મારાથી બનતી બધી જ રીતે સમજાવ્યો તોપણ એ ન માન્યો. હવે યુદ્ધ અનિવાર્ય બનીને આવી પહોંચ્યું છે અને એમાં ભાગ

લેવા માટે જુદા જુદા પ્રદેશોના રાજાઓ તૈયાર થયા છે. બળરામને એ યુદ્ધ પસંદ ના હોવાથી એમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાગ લેવાને બદલે એ તીર્થયાત્રાએ નીકળી પડ્યા છે. યુદ્ધનો વિચાર કરીને મારું મગજ તો કાંઈ કામ જ નથી કરતું.'

વ્યાસે જણાવ્યું:

'તમારી ચિંતાને સમજી શકું છું. કૌરવો ને પાંડવો વચ્ચે જે ભયંકર યુદ્ધ ફાટી નીકળશે તેમાં તમારો યોગ પણ કાંઈ ઓછો નથી.'

'મારો યોગ?'

'જરૂર. એમાં આશ્ચર્ય પામવા જેવું કશું જ નથી. દુર્યોધન પર તમે પહેલેથી જ કાબૂ રાખ્યો હોત તો પરિસ્થિતિ આટલી બધી વણસી ના જાત. પરંતુ તમે એને પહેલેથી જ છૂટો દોર આપી દીધો. એનું પરિણામ આટલું બધું પ્રતિકૂળ આવ્યું છે.'

'પરંતુ હવે શું થશે? આ ભીષણ યુદ્ધને અટકાવવાનો કોઈ ઉપાય જ નથી?'

'ઉપાય કેમ નથી? દુર્યોધન જો હજુ પણ સમજી જાય ને પાંડવોને એમના ભાગનું રાજ્ય આપી દે તો યુદ્ધ અત્યારે જ અટકી શકે તેમ છે.'

'પરંતુ દુર્યોધન સમજી શકે એમ છે જ નહિ.'

'માટે તો યુદ્ધ થવાનું છે. એ યુદ્ધ સર્વસંહારક સાબિત થશે. દુર્યોધન, એના સાથીઓ અને બીજા રાજાઓ કાળથી ઘેરાઈ ગયા છે. એ વાતનો શોક નથી કરવા જેવો. શોક કરવાથી કશું વળે તેવું નથી. હા, એક વાત જણાવી દઉં. કૌરવો ને પાંડવોના એ ભીષણ યુદ્ધને જોવાની ઈચ્છા હોય તો તને મારી અલૌકિક શક્તિથી દૃષ્ટિ આપી શકું છું. એ દૃષ્ટિની મદદથી ત્યાં ચાલી રહેલા યુદ્ધને પ્રત્યક્ષ રીતે જોઈ શકાશે.'

ધૃતરાષ્ટ્રે સહેજ વિચાર કરીને કહ્યું:

'મારા આજ સુધીના જીવનપર્યંત હું અંધ જ રહ્યો અને હવે દૃષ્ટિ લઈને શું કરું? તમે તમારી દિવ્ય શક્તિથી મને એવી દૃષ્ટિ આપી શકો તેમ છો એ સાચું છે, મને એમાં વિશ્વાસ છે. પણ એ દૃષ્ટિ મારે માટે આશીર્વાદરૂપ નહિ બની શકે. યુદ્ધની કલ્પના કરીને જ મારું કાળજું કંપી ઊઠે છે તો પછી એને પ્રત્યક્ષ રીતે નિહાળવાનું હોય તો તો મારાથી સહન જ કેવી રીતે થઈ શકે? પુત્રો અને સ્વજનોનો વધ જોવાની રુચિ મને જરા પણ નથી થતી. ફક્ત એ યુદ્ધને વિગતવાર સાંભળવાની ઈચ્છા મને રહ્યા કરે છે તો મારી એ ઈચ્છા પૂરી કરો.'

વ્યાસે ધૃતરાષ્ટ્રની પાસે બેઠેલા ગાવલ્ત્રણપુત્ર સંજયને લક્ષ્ય કરી કહ્યું:

'આ ગાવલ્ત્રણપુત્ર સંજય તમને યુદ્ધના સઘળા સમાચાર કહી બતાવશે. એનાથી કશું અજ્ઞાત નહિ રહી શકે. એને મારી કૃપાથી દૈવી દૃષ્ટિની પ્રાપ્તિ થશે. તે સર્વજ્ઞ બનશે. દિવસે કે રાતે, ખાનગીમાં કે જાહેરમાં જે કાંઈ થશે તથા મનમાં ધારવામાં આવશે તે બધું જ એને જણાઈ જશે. એ યુદ્ધમાં જશે તોપણ જીવતો પાછો આવશે. એને શસ્ત્રો છેદી નહિ શકે ને કોઈ જાતનો શ્રમ નહિ પડે. એની મદદથી તમેં અહીં બેઠા બેઠા યુદ્ધની કડીબદ્ધ માહિતી મેળવી શકશો.'

'યુદ્ધમાં વિજય કોનો થશે એ કહી શકશો?'

'વચગાળાનો વિજય ગમે તેનો થાય, અંતિમ વિજય તો જેની પાસે ધર્મ હશે, સત્ય હશે, ને ન્યાયનીતિ હશે, તેનો જ થઈ શકશે, ને તે જ શાંતિ તથા સમૃદ્ધિ મેળવશે ને સુખી બનશે. આ યુદ્ધમાં મોટો સંહાર થશે. અત્યારે એવાં જ લક્ષણો દેખાઈ રહ્યાં છે. ગીધો, બાજો, કાગડાઓ ને બગલાઓ ઝાડની ટોચો પર ઊતરે છે તથા ટોળાબંધ જમાવ કરે છે. ભયંકર કંકપક્ષીઓ ચિચિયારીઓ કરી રણભૂમિની વચ્ચે થઈને દક્ષિણ દિશા તરફ ચાલ્યાં જાય છે. ઉદય અને અસ્ત વખતે સૂર્ય માથા વિનાના ધડોથી ઘેરાયલો દેખાય છે. એ વખતે સૂર્યને શ્વેત, રક્ત અને કૃષ્ણ વર્ણોવાળાં વર્તુળો વીંટળાઈ વળે છે. કારતકની પૂર્ણિમાનો ચંદ્ર એકદમ ઝાંખો, તેજ વગરનો તથા લાલ થઈ ગયેલો છે. એથી લાગે છે કે અસંખ્ય રાજાઓ, રાજપુત્રો અને શૂરવીરો પૃથ્વી પર પથારી કરશે.'

વ્યાસ થોડીવાર અટક્યા, વિચારમાં પડ્યા, ને આગળ કહેવા લાગ્યાં:

'દેવતાઓની મૂર્તિઓ કંપે છે, હસે છે, પ્રસ્વેદથી ભીંજાય છે, ને નીચે પડી જાય છે. ત્રિલોકમાં પ્રખ્યાત અરુંધતી તારાએ વસિષ્ઠ તારાને પાછળ મૂકી દીધો છે. વાદળ વિનાના વ્યોમમાં વિકરાળ શબ્દો થઈ રહ્યા છે. એ સૌનો વિચાર કરતાં નજદીકના ભવિષ્યના મહાન ભયની ખાતરી થાય છે. તેરમે દિવસે અમાસ આવી છે તે પ્રજાનો ક્ષય કરશે. ક્ષયને તમે અટકાવી શકો તેમ છો તોપણ દુર્યોધનના મોહને લીધે નથી અટકાવી શકતા.'

ધૃતરાષ્ટ્રે પોતાની અસમર્થતાની અભિવ્યક્તિ કરતું મૌન રાખ્યું.

પોતાના સદુપદેશની અસર ધૃતરાષ્ટ્રને નથી થવાની એ જાણીને વ્યાસ ત્યાંથી ઊભા થયા.

ધૃતરાષ્ટ્રે એમને ભાવભીની વિદાય આપી એટલે વ્યાસે જણાવ્યું:

'મનુષ્ય જીવનમાં જેવું વાવે છે તેવું જ લણે છે ને કરે છે તેવું જ પામે છે. દુર્યોધન હજુ પણ ચેતી જાય તો સારું. નહિ તો પછી પાંડવોને માટે ખોદેલા ખાડામાં એ જ પડશે ને નષ્ટ થશે.'

ધૃતરાષ્ટ્રે ઠાવકા થઈને કહ્યું:

'દુર્યોધન અને એની સેના ખૂબ જ શક્તિશાળી છે છતાં વિધિનું વિધાન જ એવું હશે તો કોઈ શું કરવાનું છે?'

'એમાં વિધિને દોષ દેવો નકામો છે. દોષ દુર્યોધનનો, એના સલાહકારોનો, ને તમારો છે.'

એટલું કહીને વ્યાસ ચાલી નીકળ્યા.

વિદુર, કુંતી, દ્રૌપદી, સુભદ્રા અને બીજી પાંડવ પત્નીઓની પાસે પહોંચીને એમણે એમને હિંમત આપી.

દ્રૌપદીએ એમને પ્રણામ કરીને કહ્યું:

'મને અખંડ સૌભાગ્યવતી થવાનો આશીર્વાદ આપો.'

'સંસારમાં કોઈયે સ્ત્રી અખંડ સૌભાગ્યવતી થઈ શકી છે?' વ્યાસે પૂછ્યું ને કહ્યું: 'પરંતુ યુદ્ધના પરિણામરૂપે તારા સૌભાગ્યને જરા પણ હરકત નહિ આવે. મારો આશીર્વાદ છે.'

* * *

૨૭. શ્વેતકુમારનું પરાક્રમ

કુરુક્ષેત્રના યુદ્ધમેદાનમાં બંને પ્રતિસ્પર્ધી સેનાઓ લડવા માટે તૈયાર થઈને એકમેકની સામે ઊભી રહી ત્યારે મહારથીઓ ઉલ્લાસથી ઊભરાઈને વિવિધ પ્રકારના નાદ કરવા લાગ્યા.

ચારે તરફ જુદાં જુદાં વાજિંત્રો વાગવા લાગ્યા.

એ જ વખતે એક આશ્ચર્યજનક અનેખી ઘટના બની.

યુધિષ્ઠિરે પોતાનું કવચ કાઢી નાખ્યું. શસ્ત્રો છોડી દીધાં, ને રથમાંથી ઊતરીને કૌરવસેના તરફ પગપાળા જ ચાલવા માંડ્યું.

એમને એવી રીતે જતા જોઈને અર્જુને, ભીમે, સહદેવે, નકુલે, કૃષ્ણે તથા બીજા રાજાઓએ પણ એમનું અનુસરણ કર્યું.

યુધિષ્ઠિરે સ્પષ્ટીકરણ કરતાં કહ્યું:

'યુદ્ધ કરતાં પહેલાં કૌરવસેનાના કેટલાક પૂજ્ય પુરુષો તથા વડીલોની અનુમતિ અને આશિષ મેળવવાની ઈચ્છાથી પ્રેરાઈને હું એમની પાસે જઈ રહ્યો છું. મહાપુરુષો સાથે શાસ્ત્રાનુસાર સંમતિ મેળવીને યુદ્ધ કરવાની પરિપાટી છે અને એ પરિપાટી કલ્યાણકારક છે.'

કૃષ્ણે યુધિષ્ઠિરની ભાવનાને અનુમોદન આપ્યું એટલે બીજા કોઈને કશું કહેવાનું ના રહ્યું.

યુધિષ્ઠિરને એવી રીતે શસ્ત્ર વિના સામે આવતા જોઈને કૌરવપક્ષના યોદ્ધાઓ ભારે કુતૂહલપૂર્વક એમના તરફ જોઈ રહ્યા.

એમને એમની પ્રવૃત્તિનું રહસ્ય ના સમજાવાથી એમણે અંદર અંદર કહેવા માંડ્યું:

'યુધિષ્ઠિરને આપણી વિરાટ અને શક્તિશાળી સેના દેખીને ભય લાગ્યો છે. એમના પગ ઢીલા થઈ ગયા છે.'

'એમનું કાળજું આવું કમજોર હતું તો એમણે યુદ્ધમેદાનમાં આવવું જ ન હતું.'

'સારું છે. યુધિષ્ઠિર યુદ્ધ નહિ કરે ને શરણાગતિ સ્વીકારશે એટલે આપણે પણ આપોઆપ જ નહિ લડવું પડે.'

'અરે, અર્જુન, ભીમ અને કૃષ્ણ શું કરે છે તે તો હજુ જુઓ. એ યુધિષ્ઠિરને લડવા માટે બાધ્ય કરશે.'

'એ શું બાધ્ય કરે? યુદ્ધની તૈયારી કરીને એ બધા યુદ્ધ મેદાનમાં આવ્યા છે તો ખરા પરંતુ હવે એમના હોશકોશ ઊડી ગયા લાગે છે!'

યોદ્ધાઓના કુતૂહલ વચ્ચે યુધિષ્ઠિરે કૌરવસેનામાં પ્રવેશ કર્યો.

એમણે સામે ઊભેલા ભીષ્મ પિતામહને ચરણસ્પર્શ કરીને કહ્યું:

'આપણી બંને સેનાઓ યુદ્ધ કરવા તૈયાર થઈ છે પરંતુ યુદ્ધ ફાટી નીકળે એ પહેલાં હું તમારી અનુજ્ઞા અને આશિષ માગું છું.'

ભીષ્મ યુધિષ્ઠિર પર પ્રસન્ન થયા ને બોલ્યા:

'તારા વિનયથી હું પ્રસન્ન છું. આ યુદ્ધ અનિવાર્ય બનીને આવી પડ્યું છે તો ભલે થાય. કૃષ્ણે અને અમે એને અટકાવવાના કેટલાય પ્રયાસો કરી જોયા પરંતુ તે વ્યર્થ થયા. યુદ્ધમાં તમારો સૌનો વિજય જરૂર થશે. મારું હૃદય તમારા સૌની સાથે જ છે તોપણ સંજોગોને અનુસરીને મારે કૌરવો તરફથી લડવું પડે છે. મારો આશીર્વાદ તો છે જ છતાં પણ તારે કોઈ વરદાન માગવું હોય તો માગી લે.'

યુધિષ્ઠિર શાંતિપૂર્વક બોલ્યા:

'યુદ્ધમાં અમારો વિજય થવાનો આશીર્વાદ તમે આપી ચૂક્યા છો પરંતુ તમે તો અપરાજિત છો. યુદ્ધમાં તમને દેવો કે દાનવો કે બીજું કોઈ પણ નથી જીતી શકે તેમ. તમારા પર વિજય મેળવવાનું રહસ્ય મને કહી બતાવો એ જ વરદાન હું માગી રહ્યો છું.'

'યુદ્ધમાં મને સાક્ષાત્ ઈન્દ્ર પણ નથી જીતી શકે તેમ એ સાચું છે. વળી અત્યારે મારા મૃત્યુનો કાળ પણ એટલો પાસે નથી. માટે મારા મૃત્યુનું કે મારા પર વિજય મેળવવાનું રહસ્ય હમણાં નહિ કહું. એ રહસ્યને જાણવા માટે તારે ફરી કોઈવાર આવવું પડશે.'

એ પછી યુધિષ્ઠિર એમને પ્રણામ કરીને દ્રોણની પાસે આવી પહોંચ્યા.

દ્રોણે એના વિવેકથી પ્રસન્ન થઈને જણાવ્યું:

'જ્યાં કૃષ્ણ છે ત્યાં વિજય નક્કી જ છે.'

'પરંતુ તમારા સરખા મહાન શસ્ત્રનિષ્ણાતની સામે લડીને વિજય મેળવવાનું શું સહેલું છે?'

'સહેલું તો નથી જ પરંતુ એકદમ અશક્ય પણ નથી.'

'કેવી રીતે?'

'હું જીવું છું ત્યાં સુધી તમારો વિજય નહિ થઈ શકે.'

'તો પછી તમારું મૃત્યુ કેવી રીતે થઈ શકે?'

'મને દ્વંદ્વયુદ્ધમાં જીતી કે મારી શકે એવા કોઈયે શત્રુને હું નથી જોતો. તોપણ હું શસ્ત્રહીન અને અચેતન જેવો બની ગયો હોઉં ત્યારે જો મારા પર પ્રહાર કરવામાં આવે તો યોદ્ધાઓ મને હણી શકે. વિશ્વસનીય વ્યક્તિ દ્વારા અપ્રિય શબ્દો સાંભળીને હું યુદ્ધમાં ગમે તેટલા ઉત્સાહ વચ્ચે પણ શસ્ત્રોનો ત્યાગ કરું છું.'

યુધિષ્ઠિરે એમની અનુમતિ મેળવી, એમને પ્રણામ કરીને આગળ ચાલવા માંડ્યું

શલ્યે એમને આશીર્વાદ આપ્યો એટલે એમણે જણાવ્યું:

'તમારા આશીર્વાદથી મને અપાર આનંદ થાય છે. તમે આ યુદ્ધમાં કૌરવો તરફથી લડી રહ્યા છો તોપણ તમે મને આપેલા વચનનું પાલન કરજો. યુદ્ધમાં તમારે સૂતપુત્ર કર્ણનો તેજોવધ કરવાનો છે એ વાતને ભૂલતા નહિ.'

શલ્યે કહ્યું:

'એ વાત મને બરાબર યાદ છે. મને તમારે માટે અપાર સહાનુભૂતિ હોવાથી કૌરવોના પક્ષમાં રહીને પણ હું તમારા વિજયનો જ ખ્યાલ રાખીશ.'

એ જ વખતે રણભૂમિમાં કર્ણની પાસે પહોંચીને કૃષ્ણે કહ્યું:

'કર્ણ! ભીષ્મ જ્યાં સુધી લડે ત્યાં સુધી તું યુદ્ધ નથી કરવાનો એવું મેં સાંભળ્યું છે તે શું સાચું છે?'

'હા. સાચું છે. સંપૂર્ણ સાચું છે.'

'તો પછી ભીષ્મ જ્યાં સુધી લડે ત્યાં સુધી તું અમારા પક્ષમાં આવી જાય તો કેવું સારું થાય? ભીષ્મનો નાશ થાય પછી તને ઠીક લાગે તો કૌરવોના પક્ષમાં જતો રહેજે.'

'મારાથી એવું નહિ બની શકે.' કર્ણે સ્પષ્ટ રીતે કહ્યું: 'હું જ્યાં સુધી જીવતો હોઈશ ત્યાં સુધી પાંડવો પ્રત્યે સહાનુભૂતિ રાખવા છતાં પણ દુર્યોધનનું અપ્રિય નહિ જ કરી શકું. હું દુર્યોધનનો પણ હિતેચ્છુ છું.'

કૃષ્ણ પાછા ફર્યા પછી યુધિષ્ઠિરે સેનાની મધ્યમાં ઊભા રહીને કહ્યું:

'અમારા પક્ષમાં જે જોડાવા માગતા હોય તેમનો સહર્ષ સ્વીકાર કરવાની અમારી તૈયારી છે. હજુ પણ જે ધારે તે પોતાના વિચાર બદલી શકે છે.'

એ સાંભળી યુયુત્સુ બોલી ઊઠ્યો:

'તમે મારો સ્વીકાર કરવા તૈયાર હો તો તમારા પક્ષમાં રહીને ધૃતરાષ્ટ્રના પુત્રો સામે યુદ્ધ કરવાની મારી તૈયારી છે.'

યુધિષ્ઠિરે એનો સહર્ષ સ્વીકાર કર્યો એટલે એ કૌરવોને છોડીને પાંડવોના પક્ષમાં ચાલ્યો ગયો.

એથી પાંડવો ખૂબ જ પ્રસન્ન થયા.

યુધિષ્ઠિરે પોતાનું સુવર્ણસદૃશ સુશોભિત કવચ ધારણ કર્યું.

બધા પાંડવો તથા વીરો પોતપોતાના સ્થાનમાં સુસજ્જ બનીને ગોઠવાઈ ગયા એટલે દુંદુભિ વાગવા માંડ્યા, શરણાઈઓ બજી ઊઠી, અને સિંહનાદ થવા લાગ્યા.

કૌરવોની આગેવાની ભીષ્મે લીધી ને પાંડવોની ભીમસેને.

એ પછી તરત જ બંને સેનાઓ વચ્ચે ભીષણ યુદ્ધ ફાટી નીકળ્યું.

યોદ્ધાઓ જખમ કે મરણની પરવા કર્યા વિના પોતાની સમગ્ર શક્તિથી લડવા લાગ્યા.

બને સેનામાં સિંહનાદો, ભેરીઓ, મૃદંગો, કિકિયારીઓ, કિલકિલાટો, ઘોડાઓના હણહણાટો અને હાથીઓની ત્રાડો સંભળાવા લાગી.

ભીમ ભયંકર ગર્જના કરતો કૌરવસેના પર તૂટી પડ્યો ત્યારે એ ગર્જનામાં બીજા બધા જ અવાજો મળી ગયા.

ભીમ કૌરવસેનાને છિન્નવિચ્છિન્ન કરતાં આગળ વધવા માંડ્યો. પરંતુ એ આગળ વધે એ પહેલાં તો એને કૌરવયોદ્ધાઓએ ઘેરી લીધો અને વાદળો જેમ સૂર્યમંડળને ઢાંકી દે તેમ બાણસમૂહોથી ઢાંકી દીધો.

એટલે અભિમન્યુ તથા બીજા પાંડવપુત્રો, નકુલ, સહદેવ અને બીજા વીર યોદ્ધાઓ કૌરવો પર તૂટી પડ્યા અને કઠોર વજ્રોથી પર્વતો પર ઉપરાઉપરી પ્રહાર કરતા હોય તેમ વાયુવેગે છૂટનારા સુતીક્ષ્ણ તીરોથી પ્રહાર કરવા લાગ્યા.

ચારે તરફ ટંકાર કરતાં ધનુષ્યોનો ઘોષ થવા લાગ્યો અને પ્રદીપ્ત બાણો આકાશમાંથી ખરતા તારાઓની પેઠે પડવા લાગ્યાં.

બંને સૈન્યોની ઊડેલી રજથી જાણે કે સૂર્ય પણ ઢંકાઈ ગયો.

યોદ્ધાઓમાંના કેટલાક રણમાં ઝૂઝતા, કેટલાક ઘાયલ થતા તો કેટલાક કાળના કોળિયા બનતા.

ક્રુર મનના કૌરવો જીવવાની આશાને છોડી દઈને પાંડવો અને એમની સેના પર તૂટી પડ્યા.

શાંતનુનંદન ભીષ્મ પોતાના ત્રિલોકપ્રસિદ્ધ પરાક્રમનો પરિચય કરાવવા ધનુષ્ય લઈને અર્જુનનો સામનો કરવાના આશયથી આગળ આવ્યા ત્યારે અર્જુન પણ એમને જોઈને જરા પણ ડર્યા વગર પોતાના વિશ્વવિખ્યાત ગાંડીવ સાથે એમની સામે ધસી ગયો.

એકમેકનો વધ કરવાની ઈચ્છાવાળા એ બંને પુરુષસિંહો એકમેકની સાથે લડવા લાગ્યા.

ભીષ્મે અર્જુનને પોતાનાં તીખાં તમતમતાં બાણોથી વીંધી નાખ્યો તોપણ એ પાછો ના હઠ્યો.

અર્જુને પણ ભીષ્મ પર પ્રહાર કરવામાં બાકી ના રાખ્યું.

પરંતુ ભીષ્મ પણ એ પ્રહારોથી જરા પણ ચલાયમાન ના થયા.

બીજી બાજુ મહાન વીર ધનુર્ધર સાત્યકિ તથા કૃતવર્માની વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું.

બાણોથી જડાઈ ગયેલા એ બંને વીરો વસંતઋતુમાં ખીલેલાં પુષ્પોથી લાલ લાગતાં ખાખરાનાં વૃક્ષો સમાન શોભી રહ્યાં.

અભિમન્યુ બૃહદબલ સાથે લડવા લાગ્યો.

કોસલરાજ બૃહદબલે અભિમન્યુના રથના ધ્વજને છેદી નાખ્યો તથા તેના સારથિને ગબડાવી પાડ્યો.

એથી ક્રોધે ભરાયલા અભિમન્યુએ ભલ્લ નામનાં સુતીક્ષ્ણ બળવાન બાણોની મદદથી એની ધજાને વીંધી નાખી અને એકેક બાણથી એના સારથિ અને અંગરક્ષકને મારી નાખ્યાં.

બંને ક્રોધાતુર બનીને એકમેકને બાણો વડે વીંધવા લાગ્યા.

પછી ભીમ તથા દુર્યોધનનું યુદ્ધ ફાટી નીકળ્યું.

બંને મહાબળવાન, પ્રમુખ પુરુષસિંહો એકબીજા પર બાણોની વર્ષા કરવા માંડ્યા.

દુઃશાસન નકુલ સાથે લડવા લાગ્યો, ને નકુલને વીંધવા માંડ્યો. ત્યારે નકુલે એના ધ્વજ તથા ધનુષબાણને તોડી નાખ્યાં.

દુર્મુખ સહદેવ સામે ધસી ગયો ને બાણવર્ષા વરસાવા લાગ્યો.

શૂરવીર સહદેવે દુર્મુખના સારથિનો નાશ કર્યો.

યુધિષ્ઠિર મદ્રરાજ સામે ધસી ગયા ત્યારે મદ્રરાજે એમના ધનુષ્યના ટુકડા કરી નાખ્યા.

યુધિષ્ઠિરે બીજું ધનુષ્ય લઈને ક્રોધે ભરાઈને મદ્રરાજને બાણોથી ઢાંકી દીધો.

એ જ વખતે સાહસવીર ધૃષ્ટદ્યુમ્ને દ્રોણની ઉપર આક્રમણ કર્યું.

દ્રોણે પાંચાલકુમાર ધૃષ્ટદ્યુમ્નના ધનુષ્યના ટુકડા કરીને એણે એવું ભયંકર બાણ માર્યું કે એ એના શરીરમાં પેસી ગયું.

ધૃષ્ટદ્યૂમ્ને એથી લેશપણ હતાશ થયા વગર બીજું ધનુષ્ય ધારણ કર્યું, ચૌદ બાણો લીધાં, ને દ્રોણ સાથે લડવા માંડ્યું.

બળવાન શિખંડી દ્રોણપુત્ર અશ્વત્થામા પર તૂટી પડ્યો ત્યારે શિખંડીને એણે ઘાયલ કર્યો.

શિખંડીએ અશ્વત્થામા પર વળતો પ્રહાર કર્યો.

બંને વીરો કાળના દૂત જેવું કરાળ રૂપ ધારણ કરીને બાણોની વર્ષા કરવા લાગ્યા.

બીજી બીજુ દ્રુપદે સિંધુપતિ જયદ્રથ પર હુમલો કર્યો.

જયદ્રથે દ્રુપદને ત્રણ બાણો મારીને વીંધી નાખ્યો ને દ્રુપદે જયદ્રથને વીંધવાનો પ્રયાસ કરવા માંડ્યો.

બંને લોહીથી ખરડાઈ ગયા.

જયદ્રથ દ્રૌપદીના પ્રસંગને યાદ કરીને પાંડવો પ્રત્યેના બધા જ વેરભાવને એકઠો કરીને દ્રુપદ સાથે ભારે ઝનૂનપૂર્વક લડવા લાગ્યો. એમનું યુદ્ધ ખૂબ જ દારૂણ બની રહ્યું.

દુર્યોધનનો ભાઈ વિકર્ણ પણ પાછો પડે એવો ન હતો.

એણે ભીમપુત્ર સૂતસોમ સાથે યુદ્ધ કર્યું.

મહારથી ચેકિતાન સુશર્મા પર ધસી આવ્યો.

એણે બાણના ઉપરાઉપરી પ્રહાર કરવા માંડ્યા તોપણ એથી જરા પણ ડર્યા કે ગભરાયા વગર સુશર્માએ એને તીખાં તમતમતાં બાણોથી ઢાંકી દીધો.

પરાક્રમી શકુનિ પણ કાંઈ પાછળ પડે તેવો ન હતો.

એણ પ્રતિવિંધ્ય પર આક્રમણ કર્યું ત્યારે મત્ત સિંહે હાથી પર તરાપ મારી હોય એવું લાગવા માંડ્યું.

યુધિષ્ઠિરના પુત્ર પ્રતિવિંધ્યે શકુનિના શરીરને પોતાના તીક્ષ્ણ તીરોથી ભરી દીધું. એથી એની આકૃતિ જ બદલાઈ ગઈ.

શકુનિએ પણ અભૂતપૂર્વ પરાક્રમ બતાવીને પ્રતિવિંધ્યની એવી જ દશા કરી દીધી.

દીપડાનાં તથા વાઘનાં ચામડાથી મઢેલી મ્યાનોમાંથી ચકચકતી તલવારો તાણીને કેટલાય વીર યોદ્ધાઓ સમરાંગણમાં શત્રુઓની સામે ધસવા લાગ્યાં.

ઘાયલ થયેલા યોદ્ધાઓ પણ એ જોઈને શૂરાતનમાં આવી જતા અને સામા ધસી આવેલા ક્રોધે ભરાયલા યોદ્ધાઓની ઉપર તલવાર, ઢાલ તથા પરશુ લઈને તૂટી પડતા.

કેટલાક યોદ્ધાઓ તલવારોથી ચીરાઈ ગયા, કોઈક ફરશીઓથી કપાઈ ગયા, તો કોઈક હાથીઓથી કચડાઈ તેમ જ ઘોડાઓથી છૂંદાઈ રહ્યા.

કોઈના મસ્તક ધડથી અલગ થઈને ઠોકરો ખાતાં રણમેદાનમાં દડાની પેઠે ઊછળવા માંડ્યા, કોઈના આંતરડાં નીકળી પડ્યા, સાથળો તૂટી ગયા, હાથ કપાઈ ગયા, તો કોઈ અપંગ બની ગયા.

પાણી માટે પોકાર પાડતા કેટલાક યોદ્ધાઓ ધરતી પર આળોટવા અને ચીસો પાડવા લાગ્યા.

યુદ્ધના એ દારુણ દિવસનો પૂર્વાર્ધ એવી રીતે મહા ભયંકર યુદ્ધમાં પૂરો થયા પછી દુર્મુખ, કૃપાચાર્ય, શાલ્વ અને વિવિશંતિ નામના પાંચ અતિરથીઓથી રક્ષાયલા ભીષ્મે પાંડવોની સેનામાં પ્રવેશ કર્યો, ને પાંડવોની વિશાળ સેના પર ભાતભાતનાં તીક્ષ્ણ બાણો છોડવા માંડ્યા.

એ બાણોથી પોતાના મર્મસ્થાનો પર પ્રહાર પામેલા યોદ્ધાઓ, હાથીઓ ચિત્કારો કરવા લાગ્યા.

ભીષ્મને એવી રીતે બાણોની સતત વર્ષા કરતા જોઈને ઉત્તમ ઘોડાવાળા રથમાં બેસીને અભિમન્યુ એમનો સામનો કરવા માટે આવી પહોંચ્યો.

એણે ભીષ્મના રથના તાલકેતુ ધ્વજને એક તીક્ષ્ણ બાણના પ્રહારથી પાડી નાખ્યો અને ભીષ્મ તથા એમના પાંચ રથીઓ સાથે લડવા માંડ્યું.

એણે એક સચોટ બાણથી કૃતવર્માને તેમ જ પાંચ વાયુવેગી બાણોથી શલ્યને ઘાયલ કરીને ભીષ્મ પિતામહને નવ બીજાં બાણો મારીને ઢાંકી દીધા.

એણે દુર્મુખના સારથિના મસ્તકને ધડથી અલગ કરી નાખ્યું. કૃપાચાર્યનું સુવર્ણવિભૂષિત ધનુષ્ય છેદી નાખ્યું, ને પોતાની ધનુર્વિદ્યાનો ઉપયોગ કરીને એ સૌની ઉપર પ્રહાર કરવા લાગ્યો.

ભીષ્મે એની સામે આવીને એને ઉપરાઉપરી નવ બાણો મારીને ઘાયલ કર્યો.

એની કંચન જેવી કમનીય કાયામાંથી લોહીની ધારાઓ છૂટી નીકળી.

ભીષ્મે એના ધ્વજનો નાશ કર્યો અને બીજાં ત્રણ બાણો મારીને એના સારથિને ઘાયલ કરી દીધો.

કૃતવર્મા, કૃપાચાર્ય ને શાલ્વ પણ પોતપોતાની રીતે પ્રહાર કરવા લાગ્યા.

એમના સંયુક્ત પ્રહારોની આગળ પણ અભિમન્યુ એવો જ અડગ અને અચળ રહ્યો ને ભીષ્મને પોતાનાં બાણોથી અકળાવવા લાગ્યો.

ભીષ્મનાં બાણોને એણે અધવચ્ચે જ તોડી નાખ્યાં ને એમના ધ્વજને નષ્ટ કરીને પૃથ્વી પર પાડી દીધો ત્યારે ચારે તરફ હાહાકાર થઈ રહ્યો, તે એને ઉત્સાહિત કરવા માટે ભીમસેને ગર્જનાઓ કરી.

ભીષ્મે અભિમન્યુને અસંખ્ય બાણોથી ઢાંકી દીધો ત્યારે એની રક્ષા માટે પાંડવોના દસ મહાચાપધારી મહારાજાઓ રથમાં બેસીને દોડી આવ્યા.

એ મહારથીઓ રાજા વિરાટ, એમનો પુત્ર શ્વેતકુમાર, ભીમ, દ્રુપદરાજ, ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ અને કેકયકુમારોનો સમાવેશ થતો હતો.

ભીષ્મે એથી લેશપણ ગભરાયા વિના લડવાનું ચાલુ રાખીને ત્રણ બાણોથી દ્રુપદને ને નવ બાણોથી સાત્યકિને વીંધી દીધા, તથા ભીમના ધ્વજને તોડી પાડ્યો, એટલે ભીમે પણ ત્રણ બાણથી ભીષ્મને, એક બાણથી કૃપાચાર્યને તથા આઠ બાણોથી કૃપાચાર્યને વીંધી નાખ્યા.

એ વખતે વિરાટકુમાર ઉત્તર ઊંચી વાળેલી સૂંઢવાળા હાથી પર બેસીને રાજા શલ્વ પર ધસી આવ્યો.

શલ્યે વેગથી ધસી આવતા હાથીને બાણોથી અટકાવી દીધો.

એથી ક્રોધે ભરાયલા ગજેન્દ્રે શલ્યના રથની ધૂંસરી પર પગ મૂકીને એના ચાર સુંદર અને સશક્ત ઘોડાઓની મારી નાખ્યા.

ઘોડા વગરના રથમાં ઊભા રહેલા એ મદ્રરાજ શલ્યે ઉત્તરનો અંત આણવાના આશયથી સાપના જેવી ઝેરીલી શક્તિ ફેંકી.

એ શક્તિના પ્રહારથી ઉત્તરનું કવચ તૂટી ગયું, એના અંકુશ તથા તોમર છૂટી ગયાં. અને એ મૂર્છા પામીને હાથી પરથી નીચે પડી ગયો.

એ જોઈને શલ્ય હાથમાં તલવાર સાથે પોતાના રથમાંથી નીચે ઊતર્યો અને એણે ઉત્તરના હાથીની સૂંઢ કાપી નાખી.

સેંકડો બાણોથી મર્મસ્થળે વીંધાયલો તે હાથી પોતાની સૂંઢ કપાઈ જવાથી ઘોર ચિત્કાર કરતાં મૃત્યુ પામ્યો.

હાથીનો નાશ કરીને શલ્ય કૃતવર્માના તેજસ્વી રથમાં બેસી ગયો.

શલ્યનું એ પરાક્રમ પેખીને વિરાટપુત્ર શ્વેત આકૃતિથી પ્રજ્વલિત અગ્નિની પેઠે ક્રોધથી ભડભડી ઊઠ્યો.

એણે ધનુષ્યનો ટંકાર કરીને શલ્યને મારવાની તૈયારી કરી ત્યારે યોદ્ધાઓ પોતપોતાના રથને લઈને એની મદદે દોડી ગયા.

એ શૂરવીર શ્વેતકુમાર બાણોની વર્ષા વરસાવતો શલ્યની પાસે પહોંચી ગયો ત્યારે શલ્યનો સર્વનાશ સમીપ સમજીને કૌરવ પક્ષના સાત રથીઓ એની આજુબાજુ વીંટળાઈ વળ્યા.

એ સૌએ સાથે મળીને શ્વેતકુમાર પર બાણવર્ષા કરવા માંડી.

એથી મહાધનુર્ધર શ્વેતે કોપાયમાન બનીને સાત બાણો મારીને એમના ધનુષ્યોના ટુકડા કરી નાખ્યા.

એમણે ધારણ કરેલાં બીજાં ધનુષ્યો પણ શ્વેતે સહેલાઈથી તોડી નાખ્યાં ત્યારે એમણે શક્તિઓ લીધી.

પોતાના રથ તરફ છૂટેલી એ સાતે શક્તિઓને શ્વેતે છેદી નાખી ને પછી સાતે રથીઓને ઘાયલ કરીને શલ્યના રથ તરફ ધસારો કર્યો ત્યારે કૌરવસેનામાં હાહાકાર થઈ ગયો.

ભીષ્મને આગળ કરીને દુર્યોધન શલ્યને બચાવવા માટે શ્વેતની સાથે લડવા માટે તૈયાર થયો.

શ્વેતનું એ પરાક્રમ ખરેખર અદભુત હતું.

* * *

૨૮. ક્રૌંચારુણવ્યુહની સૂચના

દુર્યોધને મૃત્યુના મુખમાં મહારાજ શલ્યને છોડાવવાનો પ્રયત્ન કરવા માંડ્યો.

એ પ્રયત્નના પરિણામે રણભૂમિમાં ભીષણ યુદ્ધ ફાટી નીકળ્યું.

કૌરવો ને પાંડવોના રથો તથા હાથીઓ પરસ્પર સંમિશ્રિત થઈ ગયા.

શૂરવીર સેનાપતિ શ્વેતને આગળ કરીને હજારો મહત્વકાંક્ષી મહારથીઓ દુર્યોધનને પરાક્રમનો પરચો બતાવવા લાગ્યા.

શ્વેતકમારનું સંરક્ષણ કરવાની ઈચ્છાથી પ્રેરાઈને એ મહારથીઓએ શિખંડીને આગળ કર્યો અને શૂરવીર શ્રેષ્ઠ ભીષ્મપિતામહના સુવર્ણથી મઢેલા સુંદર રથને ઘેરી વળ્યા.

ભીષ્મે શરસમૂહની મદદથી સૂર્યને ઢાંકી દીધો તથા મોટા મોટા મહારથીઓનાં મનને પણ બેચેન બનાવ્યા.

એમણે શૂરવીરોનાં સેંકડો શિરોને કાપી નાખ્યાં તેમ જ લોઢાના કાંટાવાળાં બખ્તરોથી સજ્જ કરાયલા હાથીઓને પણ યમપુરીમાં પહોચાડી દીધા.

મૃત્યુ પામેલા મહારથીઓવાળા રથોને ઘોડાઓ વિહવળ બનીને આમતેમ ખેંચવા લાગ્યા તો બીજી તરફ પોતાની ઉપર મરી ગયેલા, ઘાયલ બનેલા, ધનુષ્યની સાથે જ લટકી રહેલા યોદ્ધાઓને લઈને ઘોડાઓ ઉન્મત્તાવસ્થામાં આમતેમ દોડાદોડ કરવા માંડ્યા.

એ આખુંય દૃશ્ય ભારે વેદનાજનક કે વિચિત્ર હતું.

હાથમાં તલવાર ને બાણવાળા, ભાથા સજેલા અને ધડથી છૂટાં પડેલાં મસ્તકવાળા હજારો વીરો પૃથ્વી પર વીરશય્યામાં સૂતા હતા, અને મૂર્છા પામીને ગબડી પડેલા હજારો બીજા વીરો ફરી ભાનમાં આવીને સાવધ થઈને સામસામા દોડતા હતા.

એ યોદ્ધાઓ ફરી પાછા દ્વંદ્વયુદ્ધ કરતા અને એકબીજા પર ઘા કરીને યુદ્ધમેદાનમાં આળોટતા.

ઘાયલ બનેલા અને અંગભંગ થયેલા યોદ્ધાઓની પીડાનો પાર ન હતો.

એ મોટેથી ચિત્કારો તથા મદદ માટે પોકારો પાડતા.

એમના પોકારો સાંભળીને એમને પાણી પાય, સાંત્વનના બે શબ્દો સંભળાવે કે સહાયતા કરે એવું કોઈ ત્યાં ન દેખાતું ત્યારે યુદ્ધની ભીષણતાનું એમને વધારે કઠોર રીતે ભાન થતું અને એમના અંતરો આકંદ કરી ઊઠતાં.

સંગ્રામમાં કાનને ફાડી નાખનારા ઢોલનો અનવરત અવાજ સંભળાતો. એ અવાજમાં યોદ્ધાઓના વીરનાદો કે વાર્તાલાપો અને પરસ્પર અપાયલા પરિચયો કશું જ નહોતું સંભળાતું.

એ ભયંકર યુદ્ધમાં શ્વેતે કૌરવસેનાનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો. એણે ઉત્તમ હૃદયાભિમાન રથવાળા હજારો રાજાઓ અને રાજપુત્રોને મારી નાખ્યા ને બીજા અનેકને ઘાયલ કર્યા.

કૌરવ યોદ્ધાઓને માટે એનો સામનો કરવાનું કામ એકદમ મુશ્કેલ બન્યું ત્યારે મહાબળવાન ભીષ્મે જ એની સામે લડવા માંડ્યું.

મહાપ્રતાપી ભીષ્મ જ તે દિવસના રણસંગ્રામમાં અડગ રહ્યાં. એમણે યોદ્ધાઓનો હિંમત, ધીરજ અને સિફતપૂર્વક સામનો કર્યો અને એમનામાંથી અસંખ્યને મૃત્યુના મુખમાં પહોંચાડી દીધા.

ભીષ્મથી ઘાયલ થયેલા ને હારેલા કેટલાય યોદ્ધાઓએ નાસભાગ કરવા માંડી. તો બીજા કેટલાકે લડવાનું જ મૂકી દીધું. એ જોઈને ભીષ્મની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

એમણે દુર્યોધનનું પ્રિય કરવાની કામનાથી યુક્ત થઈને પોતાના જીવનની પણ પરવા કર્યા વિના પાંડવોની હિંમત હારી ચૂકેલી પીડિત શોકસંતપ્ત સેના પર મારો ચલાવવા માંડ્યો ત્યારે તો એ સેના વેરવિખેર બની ગઈ અને ચારે તરફ હાહાકાર મચી રહ્યો.

એ મહાપુરુષનો સામનો કરી શકે તેવો એક જ નીડર, મહાબળવાન મહારથી સેનાપતિ શ્વેત હતો.

ભીષ્મે એની ઉપર આક્રમણ કર્યું ત્યારે એમનાથી એ બિલકુલ ના ડર્યો.

એણે ભયંકર બાણવર્ષા કરીને એમને ઢાંકી દીધા.

ભીષ્મે પણ એના શરીરને બાણના પ્રહારથી વ્યથિત કરીને ઢાંકી દીધું.

મહાગજોની પેઠે પ્રમત્ત બનેલા એ બંને વીરો એકમેકનો વધ કરવાની ઈચ્છાથી પ્રેરાઈને એકમેકની સામે ભારે વીરતાપૂર્વક લડવા લાગ્યા.

શ્વેતકુમારના સામર્થ્ય અને સંરક્ષણ વિના પાંડવોની સમસ્ત સેના એક જ દિવસમાં પરાજય પામી હોત અને એ આખુંય યુદ્ધ એક જ દિવસમાં પરિસમાપ્તિએ પહોંચ્યું હોત, પરંતુ શ્વેતના મક્કમ પ્રતિકાર પાસે ભીષ્મ પિતામહનું જોર વધારે ના ચાલ્યું.

એથી પાંડવો પ્રસન્ન થયા ને દુર્યોધનના ખેદનો પાર ના રહ્યો.

જુદા જુદા રાજાઓથી રક્ષાયેલો દુર્યોધન પાંડવોનું વેર વાળવાની ઈચ્છાથી ક્રોધે ભરાઈને સેના સાથે પાંડવોની સેના સામે ધસ્યો ત્યારે દુર્મુખ, કૃતવર્મા, કૃપાચાર્ય ને શલ્ય ભીષ્મની પાસે પહોંચીને એમની રક્ષા કરવા લાગ્યા.

એ જોઈને શ્વેતે સાત બાણો છોડીને ભીષ્મને વીંધી નાખ્યા.

ભીષ્મે એને દસ બાણોથી વીંધી નાખ્યો છતાં પણ એ ડરીને પાછો હઠવાને બદલે પર્વતની પેઠે અચળ ઊભો રહ્યો ને વળતા પ્રહારો કરવા માંડ્યો.

દુર્યોધને એ વખતે સેનાને લલકારતાં કહ્યું:

'શાંતનુનંદન ભીષ્મ શ્વેતના હાથે મૃત્યુ પામી ના બેસે તેનું સૌને ધ્યાન રાખવાનું છે. ભીષ્મ આપણા પ્રાણ જેવા હોવાથી એમની રક્ષા કરવાનો આપણો ધર્મ છે. એ ધર્મનું ગમે તે ભોગે પાલન થવું જોઈએ.'

દુર્યોધનનો લલકાર સાંભળીને બાહ્લીક, કૃતવર્મા, શલ, શલ્વ, જલસંધ, વિકર્ણ, ચિત્રસેન અને વિવિંશતિ ભીષ્મને વીંટળાઈ વળ્યાં અને શ્વેતની ઉપર અતિ ભયંકર શસ્ત્રવર્ષા કરવા લાગ્યા.

ભીષ્મે બીજું ધનુષ્ય ધારણ કરીને શ્વેતને વીંધવા માંડ્યો તો શ્વેતે પણ એવી જ રીતે ભીષ્મને વીંધવા માંડ્યા.

શ્વેતે ભીષ્મના ધનુષ્યને તોડી નાખ્યું એટલે એમણે નવું ધનુષ્ય લઈને એની ઉપર બાણવર્ષા કરવા માંડી.

એમણે એના રથના ઘોડાઓ અને સારથિઓનો નાશ કર્યો એટલે શ્વેત રથમાંથી નીચે ઉતરી પડ્યો.

એણે મહાભંયકર શક્તિ ધારણ કરી, ભીષ્મને પડકારીને એમની ઉપર એ શક્તિ ફેંકી.

એ મહાભયંકર શક્તિને ભીષ્મે જરા પણ ગભરાયા વિના, આઠ બાણોની મદદથી નવ ટુકડામાં કાપી નાખી ત્યારે કૌરવો ભારે હર્ષનાદ કરવા લાગ્યા.

એથી વિરાટપુત્ર રાજકુમાર શ્વેત ખૂબ જ ક્રોધે ભરાયો, ને ગદાને લઈને અજેય જેવા ભીષ્મને મારવા આગળ વધ્યો.

એના પવનવેગી પ્રહારમાંથી છટકવા માટે ભીષ્મ સમયસૂચકતા વાપરીને જમીન પર પડી ગયા.

શ્વેતે એ ગદાને ભીષ્મના રથ પર ફેંકી.

એ ગદા ભીષ્મને તો ના વાગી, પરંતુ એથી એમનો રથ, એમનો ધ્વજ, એમનો સારથિ અને એમના ઘોડાઓનો નાશ થઈ ગયો.

ભીષ્મ એમને માટે લાવવામાં આવેલા બીજા રથમાં બેઠા ને શ્વેતનો સામનો કરવા લાગ્યા. એમણે ગમે તેમ કરીને એનો વધ કરવાનો સંકલ્પ કર્યો.

શ્વેતની મદદે દોડી આવેલા સાત્યકિ, ભીમ, દ્રુપદ, ધૃષ્ટકેતુ અને અભિમન્યુને એમણે અટકાવી દીધા ત્યારે શ્વેતે એમના ધનુષ્યને તોડી નાખ્યું.

ભીષ્મે બીજું ધનુષ્ય લીધુ ને ભીમને આઠ, સાત્યકિને સોળ, ધૃષ્ટદ્યૂમ્નને વીસ તથા શ્વેત અને અભિમન્યુને ત્રણ ત્રણ બાણ મારીને ઘાયલ કર્યા.

પછી એક બાણને ધનુષ્ય પર મૂકીને બ્રહ્માસ્ત્રથી મંત્ર્યું.

એ બાણે શ્વેતના કવચ તથા હૃદયને ભેદી નાખીને ઝળહળતા વજ્રની જેમ પૃથ્વીમાં પ્રવેશ કર્યો.

શ્વેત નિષ્પ્રાણ બની ગયો, ને તૂટી પડતા પર્વત-શિખરની પેઠે નીચે પડ્યો.

એ જોઈને કૌરવો કિલકિલાટ કરવા લાગ્યા ને પાંડવોની સમસ્ત સેના શોકમાં ડૂબી ગઈ. વિલાપ કરવા લાગી, ને કંપી ઊઠી.

ભીષ્મના મુખમંડળ પર વિજેતાનું સુખદ સ્મિત ફરી વળ્યું.

શ્વેતનો વધ થવાથી શિખડી જેવા મહાધનુર્ધારી યોદ્ધાઓ ચિંતામાં પડ્યા.

કૃષ્ણ અને અર્જુન પણ દુઃખી થયા.

બંને સેનામાં હાહાકાર થઈ રહ્યો.

યોદ્ધાઓ એની અપ્રતિમ વીરતાની અને એના વધની વાતો કરવા લાગ્યા.

વિરાટપુત્ર સેનાપતિ શ્વેતને નાશ પામેલો જોઈને શંખ આહુતિથી પ્રદીપ્ત અગ્નિની પેઠે ક્રોધાતુર બની ગયો.

એણે ઈન્દ્રના ધનુષ્ય જેવું મહાન ધનુષ્ય ધારણ કરીને, આજુબાજુ ઊભેલા અસંખ્ય રથસમૂહોથી રક્ષિત રહીને, શલ્યનો સંહાર કરવાના ઉદ્દેશથી રણમેદાનમાં એના તરફ ધસારો કર્યો.

શંખને એવી રીતે શલ્ય તરફ આવતો ને બાણોની વર્ષા વરસાવતો જોઈને કૌરવસેનાના સાત રથીઓ એને બચાવવા માટે તૈયાર થયા.

એમના વિવિધ વર્ણવાળાં ધનુષ્યો વાદળસમૂહમાં ચમકતાં વીજળીની પેઠે ટંકાર કરવા માંડ્યા.

એમણે કરેલી બાણવર્ષાથી શંખ ક્રોધે ભરાયો.

એમણે સાત સુતીક્ષ્ણ બાણોની મદદથી એમનાં ધનુષ્યો તોડી નાખીને ગર્જના કરવા માંડી.

એને એવી રીતે ગર્જના કરતો જોઈને ભીષ્મે મેઘમંડળની જેમ ભયંકર ગર્જના કરીને એની સામે ધસારો કર્યો.

એને ભીષ્મના પ્રહારોથી બચાવવા માટે અર્જુન અગમચેતી વાપરીને એની આગળ આવીને ઊભો રહ્યો.

શલ્ય ગદા લઈને રથમાંથી નીચે ઊતર્યો, અને એણે શંખના રથના ચાર ઘોડાઓને હણી નાખ્યાં.

શંખ રથમાંથી ઊતરી, તલવાર તાણીને દોડ્યો અને પાસે ઊભેલા અર્જુનના રથમાં બેસી ગયો.

બીજી બાજુએ ભીષ્મે ઉપરાઉપરી બાણ છોડીને ધરતી અને આકાશને ભરી દીધું, અને અર્જુનને એક તરફ રાખીને રાજા દ્રુપદ પર આક્રમણ કરીને અસંખ્ય બાણો વરસાવ્યાં.

દ્રુપદરાજાના વિશાળ સૈન્યનો એ બાણોએ નાશ કર્યો.

ભીષ્મના અસાધારણ સામર્થ્ય આગળ ટકી રહેવાનું પાંડવસેનાને માટે અશક્ય બન્યું.

એ આખીય સેના એમની આગળ નિરુપાય થઈ ગઈ.

ભીષ્મ અખંડ અગ્રભાગવાળા ઝેરી સાપના જેવા સુતીક્ષ્ણ બાણોને સતત છોડતા જ રહ્યાં.

એથી સેનામાં અવ્યવસ્થા થઈ ગઈ, ભંગ પડ્યો, ને ચારે તરફ નાસભાગ થવા લાગી.

ભીષ્મને ભારે કઠોરતાપૂર્વક લડી રહેલા ને પોતાની સેનાના યોદ્ધાઓને નાસભાગ કરતા જોઈને પાંડવોએ સૂર્યાસ્ત થયેલો જાણીને પોતાની સેનાઓને છાવણીમાં પ્રવેશવાની આજ્ઞા કરી.

પ્રથમ દિવસનું યુદ્ધ એવી રીતે પૂરું થયું ત્યારે દુર્યોધનના ઉલ્લાસનો પાર ના રહ્યો.

એને થયું કે કૌરવોનો વિજય હવે નિશ્ચિત છે.

પરંતુ પાંડવોની ચિંતા ને વ્યથા વધી ગઈ.

યુધિષ્ઠિરે છાવણીમાં પહોંચીને થોડાક સ્વસ્થ થયા પછી કૃષ્ણને કહ્યું પણ ખરું:

'કૌરવોની સેનામાં બીજા બધીને પહોચી શકાય તેમ છે પરંતુ એક ભીષ્મ પિતામહને પહોંચી વળવું અશક્ય છે. એમની સામે ટકવાની શક્તિ બીજા કોઈની અંદર નથી દેખાતી. પાંડવસેનાને બાણોની વર્ષા વરસાવીને એમણે વેરવિખેર કરી નાખી. રણમાં ક્રોધાયમાન બનેલા યમને જીતી શકાય, વજ્રપાણિ ઈન્દ્રને જીતી શકાય, પાશધારી વરુણને અને ગદાધર કુબેરને પણ જીતી શકાય. પરંતુ મહાતેજસ્વી, હિમાલય જેવા અચળ અથવા અડગ ભીષ્મને તો જીતી શકાય જ નહિ. ભીષ્મ મારી આખી સેનાનો સંહાર કરી નાખશે. પતંગિયાં પ્રદીપ્ત પાવકમાં પડીને નાશ પામે છે તેમ એ સેના ભીષ્મના ક્રોધાગ્નિમાં પડીને શાંત થશે. મને પહેલેથી જ ભીષ્મના આવા પરાક્રમની ખબર હોત તો હું રાજ્ય માટે યુદ્ધ કરવાને બદલે જીવનભર વનમાં વસવાનું જ વધારે પસંદ કરત.'

કૃષ્ણે કહ્યું:

'ભીષ્મનું પરાક્રમ ઘણું પ્રબળ છે. એ પરાક્રમના પરચાથી પાંડવસેના ચિંતાતુર કે ભયભીત બની ગઈ છે. એ ભય, ચિંતા કે ઉદ્વેગને સારી પેઠે સમજી શકું છું. તમારા પોતાના ઉપર એ પરાક્રમનો પ્રભાવ ઘણો ભારે પડ્યો છે. યુદ્ધ એવું જ ભંયકર અથવા આકરું હોય છે. છતાં પણ આ તો હજુ પાશેરામાં પહેલી પૂણી છે. એટલામાં જ જો ચિંતાતુર, ભયભીત કે વ્યગ્ર બની જશો તો કેમ ચાલશે?'

'વ્યગ્ર ના બનીએ તો શું કરીએ? મારો બધો જ આધાર એક માત્ર અર્જુન પર છે પરંતુ તે તો યુદ્ધમાં તટસ્થ જેવો જ બની ગયો છે ને કશું જ પરાક્રમ નથી બતાવતો. ભીમ પોતાના પૂરેપૂરા પરાક્રમથી લડે છે ને પોતાની વજ્ર જેવી ગદાથી હાહાકાર મચાવે છે, પરંતુ એવી રીતે તો એ સો વરસ સુધી લડે તોપણ કૌરવ સેનાનો અંત ના લાવી શકે. ભીષ્મનો સામનો કરનારો એકે યોદ્ધો મને નથી દેખાતો. તમારો અનુગ્રહ હશે તો જ અમે ભીષ્મ તથા બીજા યોદ્ધાઓની સામે સફળતાપૂર્વક લડી શકીશું, રાજ્ય પામીશું, અને આનંદ કરીશું.'

એટલું કહેતાં તો યુધિષ્ઠિરની આંખ ભરાઈ આવી.

કૃષ્ણે એમને આશ્વાસન આપતાં કહેવા માંડ્યું:

'યુધિષ્ઠિર, તમે આ અણીના વખતે આવી રીતે શોક ના કરો. ભીષ્મ પરમ પરાક્રમી છે એ સાચું છે, તોપણ આખરે તમારા સંયુક્ત આક્રમણ સામે નહિ ટકી શકે ને વિજય તો તમારો જ થશે એ નક્કી છે. મારા વચનમાં પૂરેપૂરો વિશ્વાસ રાખો અને હિંમત તથા શ્રદ્ધાપૂર્વક યુદ્ધ કરો. હું તમારે પક્ષે છું ને તમારું શ્રેય સાધવા તૈયાર છું પછી તમારે શેનો ભય છે? વિરાટરાજ, દ્રુપદ, સાત્યકિ તથા ધૃષ્ટદ્યુમ્ન ખૂબ જ બળવાન છે. વળી આ શિખંડી તો ભીષ્મના કાળરૂપે જ નિર્માયલો છે. એનું પરાક્રમ તમે સમય પર જોઈ શકશો.'

'પરંતુ દ્રોણ પણ ભીષ્મના જેવા જ પરાક્રમી છે. એ એમનાથી જરાય નથી ઊતરે એવા.'

'એ ભીષ્મના જેવા જ પરાક્રમી છે એ સાચું છે છતાં એમને પણ પહોંચી વળાશે.'

'કેવી રીતે પહોંચી વળાશે?'

'મહાબળવાન દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ન દ્વારા. ધૃષ્ટદ્યુમ્ન એમના નાશ માટે જન્મેલો છે. પોતાના જન્મના હેતુને એ સારી પેઠે સફળ કરશે.'

'પરંતુ ધૃષ્ટદ્યુમ્ન તો નાનો છે!'

'નાનો હોય એથી શું થયું? એનો આત્મા મોટો છે. એ આત્મામાં અનંત શક્તિ ભરેલી છે અને એથી એ દ્રોણના કાળ જેવો બની રહેશે.'

કૃષ્ણે કહેલા સાંત્વનના શબ્દોથી યુધિષ્ઠિરને હિંમત આવી. એમનો શોક મોટેભાગે મટી ગયો.

બીજે દિવસે વહેલી સવારે ધૃષ્ટદ્યુમ્નને બોલાવીને એમણે કહ્યું:

'દેવાસુર સંગ્રામ સમયે બૃહસ્પતિએ ઈન્દ્રને શત્રુનો સંહાર કરનારો જે ક્રૌંચારુણ નામનો વ્યૂહ બતાવેલો તે જ વ્યૂહ આપણે આજે ગોઠવવાનો છે. એ વ્યૂહ કૌરવોને મુશ્કેલીમાં મૂકશે અને એમનો મોટા પ્રમાણમાં નાશ નોતરશે.'

ધૃષ્ટદ્યુમ્ને એવો વ્યૂહ રચવાનું કબૂલ કર્યું. એથી યુધિષ્ઠિર તથા બીજા યોદ્ધાઓને શાંતિ થઈ.

* * *

૨૯. ભીમનું પરાક્રમ

બીજે દિવસે ધૃષ્ટદ્યુમ્ને મહાભયંકર ક્રૌંચવ્યૂહની રચના કરી અને એની રક્ષાનું કામ અર્જુનને સોંપ્યું.

એ જોઈને દુર્યોધનના કહેવાથી ભીષ્મે, દ્રોણે તથા કૌરવોએ એવા જ બીજા મહાન વ્યૂહની રચના કરી.

ભીષ્મની પાછળ બધા જ કૌરવપક્ષના યોદ્ધાઓ ચાલી નીકળ્યા. એટલે બંને સેનાઓમાંથી સિંહનાદ તથા શંખોના અવાજો આવવા લાગ્યા.

શ્રીકૃષ્ણે અને અર્જુને રત્ન તથા સુવર્ણથી મઢેલા પાંચજન્ય અને દેવદત્ત નામના સુંદર શંખો વગાડ્યા.

ભીમે પોતાનો પૌંડ્ર નામનો શંખ વગાડ્યો, યુધિષ્ઠિરે અનંતવિજય અને નકુલ તથા સહદેવે સુઘોષ અને મણિપુષ્પક નામના શંખ વગાડ્યા.

એમની સાથે થયેલા બીજા અસંખ્ય શૂરવીરોના શંખનાદથી આકાશ અને પૃથ્વીની વચ્ચેનો બધો જ વિસ્તાર ભરાઈ ગયો.

એ પછી કૌરવયોદ્ધાઓએ દુર્યોધનના આદેશથી પ્રાણની પણ પરવા કર્યા વિના, મનને કઠોર કરીને, પાંડવોને ઘેરી લેવા માટે ધસારો કર્યો.

પાંડવોએ એમના આક્રમણનો વળતો ઉત્તર આપવાનો આરંભ કર્યો એટલે કુરુક્ષેત્રના એ વિશાળ યુદ્ધમેદાનમાં ભયંકર યુદ્ધ ફાટી નીકળ્યું.

ભીષ્મ પિતામહના અદભુત પરાક્રમ આગળ પાંડવસેના અવ્યવસ્થિત થવા માંડી.

ભીષ્મ પિતામહે અભિમન્યુ, ભીમ, ધૃષ્ટદ્યુમ્ન, વિરાટનરેશ, સાત્યકિ, ચેદીનરેશ તથા મત્સ્યનરેશ પર બાણોની વર્ષા વરસાવવા માંડી એથી સેનાનો વ્યૂહ તૂટી પડ્યો.

સૈનિકો, ધજાવાળાઓ અને હાથી તથા ઘોડાઓ ઘાયલ થઈને ધરતી પર ઢળી પડવા લાગ્યા.

એ જોઈને અર્જુન પરિસ્થિતિની ગંભીરતાને સમજી ગયો ને કૃષ્ણને સંબોધીને બોલ્યો:

'ભીષ્મના અસાધારણ સામર્થ્ય આગળ આપણી સેના વધારે નહિ ટકી શકે. ભીષ્મના પ્રહારોથી સમસ્ત સેના ગભરાઈને અસ્તવ્યસ્ત થઈ ગઈ છે. એને હિંમત આપવા માટે મારે એમનો ભારે દૃઢતા તથા શૂરવીરતાપૂર્વક સામનો કરવો પડશે. માટે આપણા રથને ભીષ્મ પિતામહની પાસે લઈ લો.'

કૃષ્ણે અર્જુનના રથને ભીષ્મ તરફ હંકારવા માંડ્યો એટલે અર્જુને અતિશય ઉત્સાહપૂર્વક કૌરવસેના પર બાણોનો મારો ચલાવ્યો.

એ બાણોથી કેટલાય ઘાયલ થયા ને નાશ પામ્યા ત્યારે પાંડવસેના પાછી હરખમાં આવી ગઈ.

અર્જુન સામે ઊભા રહેવાની કે ટકવાની શક્તિ દ્રોણ, ભીષ્મ કે કર્ણ સિવાય બીજા કોઈનામાં ન હતી.

ભીષ્મે એને સિત્તેર બાણ માર્યા, દ્રોણાચાર્યે પચીસ, કૃપાચાર્યે પચીસ, દુર્યોધને ત્રીસ અને શલ્યે નવ બાણ માર્યા.

એ ઉપરાંત શકુનિ અને વિકર્ણ જેવા બીજા યોદ્ધાઓએ પણ જુદી જુદી દિશામાંથી બાણો મારવામાં બાકી ના રાખ્યું.

એથી અર્જુન સારી પેઠે ઘવાયો ને વીંધાયો તોપણ પર્વતની પેઠે અચળ રહીને લડતો રહ્યો.

લોહીથી ખરડાયલા શરીરવાળા અર્જુને ભીષ્મને પચીસ, કૃપને નવ, દ્રોણને આઠ, વિકર્ણને ત્રણ, શલ્યને ત્રણ અને દુર્યોધનને પાંચ બાણ મારીને વીંધી નાખ્યાં.

પછી અર્જુન રથીઓની વચ્ચે દાખલ થયો અને એમની ઉપર ખૂબ જ પૌરુષપૂર્વક પ્રહાર કરવા લાગ્યો.

એ જોઈને દુર્યોધને ભીષ્મને જણાવ્યું:

'તમે તથા દ્રોણાચાર્ય બંને જીવો છો તે છતાં અર્જુન આપણી સેના સામે સફળતાપૂર્વક લડી રહ્યો છે એ જોઈને મને નવાઈ લાગે છે. તમારે લીધે જ કર્ણે મારી ઉપર અપાર પ્રેમ હોવા છતાં અત્યારે યુદ્ધ ના કરવાનો સંકલ્પ કર્યો છે. એની અનુપસ્થિતિમાં બધી જ જવાબદારી તમારે માથે છે. માટે એ જબાવદારીનો ખ્યાલ રાખીને એવું કરો કે અર્જુનનો નાશ થાય. તમારે માટે એ કામ જરાય અશક્ય તો નથી જ.'

દુર્યોધનના શબ્દો સાંભળીને ભીષ્મે પોતાના શ્વેત અશ્વવાળા સુંદર રથને અર્જુનની સામે લીધો.

અર્જુન અને ભીષ્મ જ્યારે યુદ્ધ કરવા માટે એકમેકની આગળ આવીને ઊભા રહ્યા ત્યારે રાજાઓ અને બીજા યુદ્ધપ્રિય યોદ્ધાઓએ શંખનાદો કરવા માંડ્યા.

કૌરવો ભીષ્મને ને પાંડવો અર્જુનને ઘેરીને ઊભા રહ્યા.

પછી ભયંકર સંગ્રામ શરૂ થયો.

અર્જુને કરેલી બાણની વૃષ્ટિને ભીષ્મે સામેથી કરેલી બાણવૃષ્ટિથી અટકાવી દીધી.

ભીષ્મની બાણવૃષ્ટિને પણ અર્જુને એવી જ વીરતાથી શાંત કરી દીધી.

ક્રોધે ભરાયલા મહાન ભીષ્મે કૃષ્ણને ત્રણ બાણ મારીને છાતીના પ્રદેશમાં વીંધી નાખ્યા ત્યારે કૃષ્ણ રાતાં પુષ્પોવાળા ખાખરાના ઝાડ જેવા દેખાવા લાગ્યા.

એમને એવી રીતે ઘવાયલા જોઈને અર્જુન અતિશય ક્રોધમાં આવી ગયો.

એણે સુતીક્ષ્ણ બાણની મદદથી ભીષ્મના સારથિને ઘાયલ કર્યો.

અર્જુન અને ભીષ્મ બંને બળવાન, યુદ્ધમાં દુર્જય અને એકમેકને માટે યોગ્ય હતા.

શરવર્ષાને લીધે તે બંને સંગ્રામમાં અદૃશ્ય થઈ જતા ને પાછા એ વર્ષા ઓછી થતાં પ્રકટ થતા.

એમને દેવો, દાનવો કે ગંધર્વો પણ નહોતા જીતી શકે તેમ.

એમનું યુદ્ધ અતિશય અદભુત અને આશ્ચર્યરૂપ હતું.

બંને ખૂબ જ વીરતાપૂર્વક યુદ્ધ કરતા હોવા છતાં કોઈને જીતી શકે તેવું નહોતું લાગતું.

બંનેની શૂરવીરતા સરખી હતી.

એ બંનેનું ભીષણ યુદ્ધ એક તરફ ચાલી રહેલું ત્યારે બીજી તરફ બંને પક્ષના યોદ્ધાઓ તલવારોથી, ચમકતી તીક્ષ્ણ ફરશીઓથી, બાણોથી અને વિવિધ શસ્ત્રોથી એકબીજાનો સંહાર કરવામાં સંલગ્ન હતા.

શૂરવીર યોદ્ધાઓના યુદ્ધને લીધે ચારે તરફ સંહાર ચાલી રહેલો.

એ સંહારને લીધે કોઈક ચીસો પાડતું, કોઈ પોકારો કરતું, કોઈ રડતું, તો કોઈક લોહીથી ખરડાઈને ધરતી પર ઢળી પડતું.

આખીયે રણભૂમિ એવી રીતે ભારે ભયંકર અને અમંગલ બની રહેલી.

ભીષ્મનું અને અર્જુનનું અભૂતપૂર્વ પરાક્રમ જોઈને દેવો, ગંધર્વો, ચારણો ને બીજા વીર યોદ્ધાઓ પરસ્પર કહેવા લાગ્યા:

'આ યુદ્ધ મહાભીષણ, અદભુત અને આશ્ચર્યકારક છે. અર્જુન અને ભીષ્મ બંને લોકોત્તર મહારથીઓ હોવાથી એમને સંગ્રામમાં કોઈ પણ નથી જીતી શકે તેમ. ભીષ્મને અર્જુન અને અર્જુનને ભીષ્મ જીતી શકશે કે કેમ એ શંકાસ્પદ જ છે. આવું મહાભયંકર યુદ્ધ તો ક્યારેય જોવા નથી મળ્યું.'

ભીષ્મ અને અર્જુન વચ્ચે દારુણ યુદ્ધ ચાલી રહેલું ત્યારે બીજી તરફ દ્રોણાચાર્ય તથા ધૃષ્ટદ્યુમ્ન વચ્ચે મહાભયંકર મોરચો મંડાયેલો.

દ્રોણે સુતીક્ષ્ણ બાણોની મદદથી ધૃષ્ટદ્યુમ્નને વીંધી નાખ્યો અને એના સારથિને રથના સ્થાનથી ગબડાવી પાડ્યો.

એ ઉપરાંત ચાર ઉત્તમ બાણો મારીને ધૃષ્ટદ્યુમ્નના રથના ચાર ઘોડાઓને ઘાયલ કર્યા.

એ જોઈને ધૃષ્ટદ્યુમ્ને ક્રોધે ભરાઈને દ્રોણને તીક્ષ્ણ બાણોથી વીંધી દીધા.

દ્રોણે ધૃષ્ટદ્યુમ્નનો નાશ કરવા માટે કાળના અગ્રદૂત જેવું ઘોર બાણ ધારણ કર્યું ત્યારે યોદ્ધાઓમાં હાહાકાર થઈ રહ્યો.

ધૃષ્ટદ્યુમ્ન એ મહાવિનાશક બાણને પોતાની તરફ આવતું જોઈને જરા પણ ના ગભરાયો.

પર્વતની પેઠે આગળ રહીને એણે એ બાણને છેદી નાખ્યું ને દ્રોણને બાણોની વર્ષાથી ઢાંકી દીધા.

એ જોઈને પાંચાલો ને પાંડવપક્ષના યોદ્ધાઓ હર્ષનાદ તથા જયજયકાર કરવા લાગ્યા.

એથી ઉત્સાહિત થઈને ધૃષ્ટદ્યુમ્ને દ્રોણનું મૃત્યુ ઉપજાવવાના કઠોર સંકલ્પથી પ્રેરાઈને સુવર્ણ તથા વૈડૂર્યથી અલંકૃત શક્તિનો પ્રહાર કર્યો.

પરંતુ એ શક્તિ ધારેલું કામ ના કરી શકી, કારણ કે દ્રોણે એને ત્રણ ટુકડામાં તોડી નાખી.

ધૃષ્ટદ્યુમ્ને નિરાશ થયા સિવાય બાણોની ઝડી વરસાવી, પરંતુ દ્રોણે એને અટકાવીને ધૃષ્ટદ્યુમ્નના ધનુષ્યને વચ્ચેથી જ તોડી નાખ્યું.

ધનુષ્ય તૂટી જવાથી એ વીર દ્રુપદપુત્રે ગદા ફેંકી.

એ ગદા દ્રોણનું મૃત્યુ નીપજાવવા માટે વાયુવેગથી આગળ વધી પણ દ્રોણે બાજુએ હઠી જઈને એનો પ્રહાર ચૂકાવી દીધો ને ધૃષ્ટદ્યુમ્ન પર બાણોનો વરસાદ વરસાવ્યો.

એ બાણોથી ધૃષ્ટદ્યુમ્નનું કવચ ભેદાઈ ગયું એથી કૌરવો અને પાંડવોના આચાર્ય દ્રોણને આનંદ થયો.

ધૃષ્ટદ્યુમ્ન એમ ગાંજ્યો જાય એવો ન હતો.

એણે એક બીજું ધનુષ્ય લીધું ને દ્રોણને પાંચ બાણો મારીને ઘાયલ કર્યા.

દ્રોણે ધૃષ્ટદ્યુમ્નનું એ ધનુષ્ય પણ કાપી નાખ્યું અને પોતાના બાણોની મદદથી એના સારથિને સ્થાનભ્રષ્ટ કરીને રથના ચારે ઘોડાઓને મારી નાખ્યા.

એક બીજું બાણ છોડીને એના ધનુષ્યને પણ તોડી નાખ્યું.

ધનુષ્ય તૂટી જવાથી, રથ ભાંગી પડવાથી, ઘોડાઓ હણાઈ જવાથી ને સારથિ મૃત્યુ પામવાથી ધૃષ્ટદ્યુમ્ને હાથમાં ગદા લીધી ને રથમાંથી ઊતરીને ચાલવા માંડ્યું.

પરંતુ દ્રોણે સમયસૂચકતા વાપરીને એ જ વખતે એની ગદા પાડી નાખી.

ગદાથી વંચિત થવા છતાં ધૃષ્ટદ્યુમ્ન જરા પણ ડર્યો નહિ.

ગદાને બદલે એણે ઢાલ લીધી ને ખડ્ગ ધારણ કર્યું અને સિંહ જેમ મત્ત માતંગની ઉપર આક્રમણ કરે તેમ દ્રોણનો સંહાર કરવા ઈચ્છાથી પ્રેરાઈને એમના તરફ ચાલવા માંડ્યો.

દ્રોણે પોતાના શરસમૂહથી એને આગળ વધતો અટકાવી દીધો, એટલે એ ઢાલની મદદથી એમના શરસમૂહને ઝીલવા લાગ્યો.

એ વખતે ભીમ એની મદદે આવી પહોંચ્યો.

એણે દ્રોણને સાત બાણ મારીને ઘાયલ કર્યા અને ધૃષ્ટદ્યુમ્નને પોતાના રથમાં બેસાડી દીધો.

એ જોઈને દુર્યોધને કલિંગરાજ ભાનુમાનને એમની વિશાળ સેના સાથે દ્રોણનું રક્ષણ કરવાનો આદેશ આપ્યો.

રાજા ભાનુમાનની આજ્ઞાથી કલિંગોની મોટી સેના ભીમની સામે ધસી આવી.

દ્રોણે ધૃષ્ટદ્યુમ્નને છોડી દઈને વિરાટરાજ અને દ્રુપદનરેશ પર આક્રમણ કર્યું એટલે ભીમ તથા કલિંગોની વચ્ચે મહાભયંકર, સર્વસંહારક યુદ્ધ ફાટી નીકળ્યું.

કલિંગરાજ મોટી સેનાથી રક્ષાઈને ભીમસેન તરફ દોડી ગયો.

કલિંગરાજની સાથે નિષાદપતિ કેતુમાન પણ ભીમનો સામનો કરવા માટે આવી પહોંચ્યો.

ભીમસેન ચેદીઓની મદદથી એમની સામે લડવા તૈયાર થયો.

કલિંગરાજે હજારો રથની મદદથી અને કેતુમાને શસ્ત્રસજ્જ નિષાદો તથા દસ હજાર હાથીઓની મદદથી ભીમસેનને એકાએક હુમલો કરીને ઘેરી લીધો ત્યારે ભીમની સાથે રહીને એની રક્ષા કરનારા ચેદી, મત્સ્ય તથા કરુષદેશના રાજાઓ નિષાદો પર પોતાની સમગ્ર શક્તિથી તૂટી પડ્યા અને એવી રીતે ઘોર યુદ્ધનો પ્રારંભ થયો.

બંને લોહીતરસી સેનાઓનો ઘોષ ગરજી રહેલા ઘોર સાગર કે ગગનમંડળની જેમ ધૂધવી રહ્યો.

ભીમે તીક્ષ્ણ બાણો મારીને કલિંગોની સેનાને ઢાંકી દીધી.

કલિંગરાજે તથા તેમના શક્રદેવ નામના મહારથી પુત્રે ભીમ પર બાણોનો મારો ચલાવ્યો.

શક્રદેવે ભીમના ઘોડાઓનો નાશ કર્યો અને એને બાણોથી ઘેરી લીધો.

ભીમે ઘોડા વગરના રથમાં ઊભા રહીને શક્રદેવની સામે લોઢાની ગદા ફેકી.

એ ગદા વાગતાંની સાથે જ શક્રદેવ ચેતનારહિત થઈને એના રથમાંથી નીચે પડ્યો અને એના સારથિની પણ એ જ દશા થઈ.

પોતાના પુત્રનો એવી રીતે નાશ થયેલો જોઈને કલિંગદેશના અધિપતિએ હજારો રથોની મદદથી ભીમને ઘેરો ઘાલ્યો, એટલે ભીમે ગદાને છોડી દઈને તલવાર લીધી.

તલવાર તથા ઢાલ લઈને એણે કલિંગરાજ પર આક્રમણ કર્યું એ જોઈને કલિંગરાજે એની ઉપર બાણ છોડ્યું.

ભીમે તલવારની મદદથી એ બાણને વચ્ચેથી જ તોડી નાખ્યું ને ભાનુમાનની દિશામાં દોટ મૂકી.

ભાનુમાને શરવર્ષા કરીને ભીમને ઢાંકી દીધો અને ગગનને ગજવતી મોટી ગર્જના કરી.

ભીમે એની સામે કરેલી ભીષણ ગર્જનાથી કલિંગોની આખી સેના ભયભીત બની ગઈ.

ગર્જના કરીને ભીમ કલિંગરાજના ગજરાજના બે દાંત પકડીને એની ઉપર ચઢી ગયો.

કલિંગરાજ ભાનુમાને એના પર એક ભયંકર શક્તિ છોડી પરંતુ ભીમે એને તોડી નાખી, ને હાથી પર આરૂઢ થઈને યુદ્ધ કરી રહેલા ભાનુમાનને તલવારથી કાપી નાખ્યો, અને એ તલવાર હાથી પર ચલાવી.

તલવારના આઘાતથી હાથી ચીસો પાડતો, ભારે વ્યથાનો અનુભવ કરતો, નીચે ઢળી પડ્યો.

એથી ઉત્સાહિત અને ઉત્તેજિત થઈને ભીમ આજુબાજુના કેટલાય હાથી તથા ઘોડાઓ પર તલવાર ચલાવવા લાગ્યો.

તલવારથી એણે હાથી પર બેઠેલા, ઘોડાઓ પર બેઠેલા તથા પગપાળા લડતા અસંખ્ય યોદ્ધાઓનો નાશ કરી નાખ્યો એથી ચારે તરફ હાહાકાર મચી રહ્યો.

ભીમે અસંખ્ય રથીઓને કાપીને પૃથ્વી પર સુવાડી દીધા અને એવી રીતે ચારે તરફ ત્રાસનું સામ્રાજ્ય ફેલાવી દીધું.

કલિંગરાજ ભાનુમાન જેવા યુદ્ધકુશળ યોદ્ધાનો નાશ થવાથી યોદ્ધાઓમાંના અનેકની નૈતિક હિંમત પણ તૂટી ગઈ.

ભીમના અભૂતપૂર્વ પરાક્રમ આગળ એ હતપ્રભ જેવા બની ગયા.

છતાં પણ કલિંગસેનાને સજ્જ કરીને શ્રુતાયુ ભીમનો સામનો કરવા માટે આવી પહોંચ્યો.

ભીમ એને જોઈને અતિશય ક્રોધે ભરાયો.

શ્રુતાયુએ મારેલાં બાણને તોડી નાખીને ભીમે ધનુષ્ય ધારણ કરીને એને સાત બાણો માર્યા એથી શ્રુતાયુ વીંધાઈ ગયો, જોરથી ચિત્કાર પાડી ઊઠ્યો, ને નાશ પામ્યો.

એ જોઈને કલિંગસેના ખૂબ જ દુઃખી થઈ ગઈ અને નાસભાગ કરવા લાગી.

એ સેનાને નાસભાગ કરતી જોઈને ધૃષ્ટદ્યુમ્ને પાંડવોની સેનાને ઉત્સાહિત કરી એટલે એ સેના ભીમની મદદે આવી પહોંચી.

ધૃષ્ટદ્યુમ્ન પોતે પણ ભીમની પાસે આવીને ઊભો રહ્યો.

એ બંને કલિંગસેનાનો નાશ કરવા લાગ્યા એટલે બીજી બાજુ લડી રહેલા ભીષ્મ ત્યાં આવી પહોંચ્યા. અને એમણે પોતાનું ધ્યાન એ મહાવીરો પર કેન્દ્રિત કર્યું.

જુદાજુદા યોદ્ધાઓને આગળ વધતા અટકાવવા માટે એમણે બાણોની વર્ષા કરી અને ભીમના સ્વર્ણસુંદર રથના ઘોડાઓનો નાશ કર્યો.

ભીમે રથમાં ઊભા રહીને જે શક્તિ ફેંકી તેના તેમણે ત્રણ ટુકડા કરી નાખ્યા.

સાત્યકિ તથા ભીમે બાણ તથા ગદાની મદદથી તેમના સારથિનો વધ કર્યો એટલે સારથિ વિનાના ઘોડાઓ ભીષ્મના રથને રણભૂમિમાંથી બહાર ખેંચી ગયા.

એવી રીતે ભીષ્મની સાથેના યુદ્ધનો એકાએક અને કામચલાઉ રીતે અંત આવ્યો. એટલે વિજયના આનંદમાં આવેલો ભીમ ધૃષ્ટદ્યુમ્નને ભેટી પડ્યો.

સૌએ ભીમને અદભુત પરાક્રમ બદલ અભિનંદન આપ્યાં.

* * *

30. ભીષ્મના મૃત્યુનું રહસ્ય

બીજા દિવસના ભીષણ યુદ્ધમાં દુર્યોધનને પોતાને પીછેહઠ કરવી પડી, એ ભીમના મર્મભેદી બાણથી ઘાયલ થયો, અને સારથિએ એને બેહોશ થયેલો જોઈને રથને યુદ્ધમેદાનમાંથી પાછો વાળ્યો ત્યારે કૌરવોની મોટા ભાગની સેના નાસભાગ કરવા લાગી, એ ઘટના કાંઈ જેવીતેવી કરુણ અને ગંભીર ન હતી.

દુર્યોધનને એ બધું યાદ કરીને ખૂબ જ દુઃખ થવા લાગ્યું.

એણે ભીષ્મ પિતામહની પાસે પહોંચીને કહ્યું:

'પાંડવોનું પરાક્રમ પેખીને સમસ્ત કૌરવસેના એક પ્રકારની ઘોર નિરાશામાં ડૂબી ગઈ છે. ભીમ, અર્જુન, વિરાટ અને ધૃષ્ટદ્યુમ્ન ઉપરાઉપરી બાણોની વર્ષા કરીને કૌરવસેનાને મૂંઝવી રહ્યા છે. ત્યારે એમનો સફળતાપૂર્વક સામનો કરી શકે એવું તમારા સિવાય બીજું કોઈ જ નથી દેખાતું. તમારા સામર્થ્યમાં શ્રદ્ધા હોવાથી જ મેં આ યુદ્ધનો આરંભ કર્યો છે. છતાં પણ તમે હજુ તમારું સંપૂર્ણ સામર્થ્ય નથી બતાવ્યું. પાંડવોની શક્તિ તમારી અસાધારણ શક્તિ આગળ કશી જ વિસાતમાં નથી. તમે જો ધારો તો એ સૌનો સંહાર એક ઘડીમાં જ કરી શકો. તોપણ તમે આટલી બધી શાંતિ રાખી રહ્યા છો એ અત્યંત આશ્ચર્યકારક છે. મારાં કરતાં તમને પાંડવો વધારે વહાલા હોય એવું લાગ્યા કરે છે.'

'એવું તો નથી જ. એવું સમજતો હોય તો તે તારી ભૂલ છે.'

'તો પછી?'

ભીષ્મ વિચારમાં પડ્યા ને બોલ્યા:

'હું મારાથી બને તેટલું તો લડી જ રહ્યો છું'

'તમે તમારી સમસ્ત શક્તિથી લડતા હો તો પાંડવો એક દિવસ પણ જીવતા ના રહી શકે.'

'મેં તને પહેલેથી જ કહેલું કે પાંડવોનો સંહાર કરવો સહેલો નથી. એ ખૂબ જ શક્તિશાળી કે પરાક્રમી છે. દેવો કે ગંધર્વો પણ એમનો સામનો નથી કરી શકે તેમ.'

'પરંતુ તમારી શક્તિ તો અસીમ છે. તમે એમનો સામનો જરૂર કરી શકો તેમ છો. એમને ધરાશાયી પણ કરી શકો છો. તમે માત્ર મન મૂકીને લડો એટલી જ વાર છે.'

દુર્યોધનની વારંવારની વિનંતીથી ભીષ્મનું અંતર દ્રવી ગયું. એટલે એ બોલી ઊઠ્યા:

'પાંડવો લગભગ અજેય જેવા છે તોપણ કાલે યુદ્ધનો પ્રારંભ થશે ત્યારે હું મારી સમગ્ર શક્તિથી એમનો સામનો કરીશ અને એમને મારું પરાક્રમ બતાવી આપીશ. કાલે કાં તો પાંડવો નહિ, અર્જુન નહિ, કે પછી હું નહિ!'

ભીષ્મના શબ્દો સાંભળીને દુર્યોધન ખૂબ જ પ્રસન્ન થયો.

એણે ભીષ્મને એમના નિશ્ચયને માટે અભિનંદન આપ્યાં ને કહ્યું:

'હવે મને શાંતિ થઈ. આવતીકાલે તમે સંપૂર્ણ શૂરવીરતાથી લડશો એટલે પાંડવો જીવતા નહિ રહી શકે. કાલે જ યુદ્ધની પૂર્ણાહુતિ થઈ જશે.'

ભીષ્મનો અસાધારણ સંકલ્પ સહેજ પણ છાનો ના રહ્યો.

એ સંકલ્પની વાત ધીરેધીરે બધે જ ફેલાઈ ગઈ. કૌરવસેનામાં તો ખરી જ પરંતુ પાંડવસેનામાં પણ.

એને લીધે કૌરવોનાં અંતર આનંદી ઊઠ્યાં ને પાંડવો વિચારમાં પડ્યા.

કૃષ્ણને એની માહિતી મળી ત્યારે એમને જરા પણ દુઃખ ના થયું.

એમણે પરિસ્થિતિની ગંભીરતાને પૂરેપૂરી સમજી લીધી અને એમાંથી રસ્તો કાઢવાની યોજના કરી.

એ યોજનાનુસાર એ દ્રૌપદીને લઈને બ્રાહ્મમુહૂર્તના શાંત સમયે ભીષ્મના નિવાસસ્થાને જઈ પહોંચ્યા.

એ બહાર જ રહ્યા ને દ્રૌપદી એમની સૂચનાનુસાર અંદર જઈને ભીષ્મ પિતામહને પગે લાગી એટલે ભીષ્મના મુખમાંથી સ્વાભાવિક રીતે જ ઉદ્ગાર નીકળ્યા:

'સૌભાગ્યવતી ભવ.'

દ્રૌપદી તરત જ બોલી ઊઠી:

'તમારા જેવા મહાપુરુષની વાણી કદી મિથ્યા ના હોઈ શકે. પરંતુ અત્યારના સંજોગોમાં એ વાણી કેવી રીતે સાચી ઠરશે?'

'કેમ? તું કોણ છે?'

'હું દ્રૌપદી છું.'

'દ્રૌપદી?'

'હા. હું તમારી પાસે આશીર્વાદ લેવા આવેલી. મને આશીર્વાદ મળી ગયો પરંતુ એ સાચો પડશે ખરો? તમે તો અર્જુનનો સંહાર કરવાનો સંકલ્પ કરી બેઠા છો!'

ભીષ્મને થયું કે વાત ઘણી આગળ વધી ગઈ.

એમણે બરાબર જોયું તો એ દ્રૌપદી જ હતી.

દ્રૌપદી બોલી:

'હું તમારી પાસે અર્જુનની પ્રાણરક્ષાની ભિક્ષા માગવા આવી છું. એના વિના મારું સૌભાગ્ય અખંડ નહિ જ રહી શકે.'

દ્રૌપદીની ચતુરતા જોઈને ભીષ્મ પ્રસન્ન થયા ને બોલ્યા:

'તારી બુદ્ધિને જોઈને મને તારે માટે માન થાય છે. મારો આશીર્વાદ મિથ્યા નહિ થાય. યુદ્ધમાં હું અર્જુનની સામે લડીશ ખરો પરંતુ એને મારીશ નહિ.'

'પરંતુ બીજા પાંડવોનું શું? અર્જુન એમના વિના નહિ જીવી શકે. એમને માટેનો એનો પ્રેમ એવો ઉત્કટ છે.'

'બીજા પાંડવો મારા સમકક્ષ નહિ હોવાથી એમની સાથે બનતા સુધી નહિ લડું. કોઈ સંજોગોમાં મારે લડવું પડશે તોપણ એમનો નાશ નહિ કરું. બસ?'

'બસ.'

દ્રૌપદીને નિરાંત વળી.

ભીષ્મે કહ્યું:

'દ્રૌપદી, આજે યુદ્ધમાં અર્જુનનો વધ કરવા માટે બનતું બધું જ કરી છૂટવાની બાંયધરી હું દુર્યોધનને આપી ચૂકેલો, પરંતુ તેં આવીને આખીયે પરિસ્થિતિને બદલી નાખી. પાંડવો મારા શત્રુ નથી. મને એમના પ્રત્યે પ્રેમ છે. મેં જે આશીર્વાદ આપ્યો છે એને સાચો કરી બતાવીશ. તું એની જરા પણ ચિંતા ના કરતી.'

દ્રૌપદી ભીષ્મને પગે લાગીને બહાર આવીને અજવાળું થતાં પહેલાં જ કૃષ્ણની સાથે ચાલી નીકળી.

કૃષ્ણે પૂછ્યું:

'શું થયું? તારી ચિંતા ટળી કે ના ટળી?'

'ટળી ગઈ. તમારી કૃપાદૃષ્ટિ છે પછી ચિંતા ના ટળે એવું બની શકે જ કેવી રીતે? તમારા શુભાશીર્વાદ અને પથપ્રદર્શનથી જ અમે સુખી અને સલામત છીએ. કષ્ટો, ચિંતાઓ અને વ્યથાઓ આવે છે. પરંતુ તમારી છત્રછાયાને લીધે પાછો એમનો ઉકેલ પણ થઈ જાય છે. કશું કાયમને માટે નથી ટકતું.'

'ભીષ્મની સાથે આવી રીતે યુક્તિપૂર્વક કામ ના લીધું હોત તો ભીષ્મ આપણને મોટી મુશ્કેલીમાં મૂકી દેત. માટે જ મારે આવો રસ્તો કાઢવો પડ્યો.'

દ્રૌપદી કૃષ્ણ તરફ આભારસૂચક આંખે જોઈ રહી.

એની આંખ ભરાઈ આવી.

એ બોલી:

'તમે અર્જુનના રથના સારથિ તો થયા છો પરંતુ એના ને અમારા જીવનરથના પણ સારથિ બન્યા છો, એ કાંઈ જેવીતેવી ધન્યતાની વાત નથી જ. એવું અસાધારણ સૌભાગ્ય કોઈક અપવાદરૂપ વિરલ આત્માને જ પ્રાપ્ત થઈ શકે. યુદ્ધના દારુણ, પ્રતિકૂળ પ્રસંગમાંથી પાંડવો તમારા પ્રેમપૂર્ણ પથપ્રદર્શનથી જ પાર ઊતરી જશે એની મને ખાતરી છે.'

*

ત્રીજા દિવસના આરંભથી જ કુરુક્ષેત્રના વિશાળ મેદાનમાં ભયંકર યુદ્ધ ફાટી નીકળ્યું.

બંને પક્ષોના વીર યોદ્ધાઓ એકમેકના કાળ બનીને ભારે વીરતા તથા ઝનૂનપૂર્વક લડવા લાગ્યા.

આખોયે દિવસ ભીષ્મના પરમ પરાક્રમનો હતો એમ કહીએ તો ચાલે.

એ ઘોર યુદ્ધમાં અસંખ્ય યુદ્ધપ્રેમી યોદ્ધા ઘાયલ થઈને નીચે પડવા લાગ્યા, કેટલાક બૂમો પાડવા તથા નાસવા માંડ્યા, તો બીજા કેટલાક કપાઈ ગયેલાં મસ્તક સાથે ધનુષ્યો ખેંચીને તથા બીજાં શસ્ત્રો સાથે ઊભેલાં દેખાવા લાગ્યાં.

ભીષ્મે પોતાની ભયંકર બાણવર્ષાથી અર્જુન અને કૃષ્ણ બંનેને ઢાંકી અને મૂંઝવી દીધા ત્યારે કૃષ્ણે વિચાર્યું કે મહાપ્રતાપી ભીષ્મનો સફળતાપૂર્વક સામનો કરી શકે એવું પાંડવપક્ષમાં કોઈ જ નથી. પ્રજ્વલિત પાવકમાં પડીને નષ્ટ થઈ જનારાં પતંગિયાની પેઠે યોદ્ધાઓ એમની સામે લડવા જઈને મૃત્યુના મુખમાં હોમાઈ જાય છે.

એમણે પાંડવોની સલાહ લઈને નવમા દિવસની રાતે ભીષ્મના વધનો ઉપાય જાણવા માટે ભીષ્મના તંબુ તરફ પ્રયાણ કર્યું.

પાંડવો તેમ જ કૃષ્ણે પોતાનાં શસ્ત્રો છોડી દઈને ભીષ્મના તંબુમાં પ્રવેશ કર્યો ત્યારે એમને એકાએક આવેલા જોઈને ભીષ્મને આશ્ચર્ય થયું.

એમણે સૌનું સ્વાગત કર્યું અને આવવાનું પ્રયોજન પૂછ્યું ત્યારે યુધિષ્ઠિરે જણાવ્યું:

'યુદ્ધમાં તમારી સામે ટકી શકે એવો એકે યોદ્ધો અમારા સૈન્યમાં નથી દેખાતો. એટલું જ નહિ, અમારું સમસ્ત સૈન્ય પણ તમારી આગળ નથી ટકી શકે તેમ. અમને વિજય તથા રાજ્યની ઈચ્છા છે પરંતુ આટલા દિવસના યુદ્ધ પરથી લાગે છે કે અમારી એ ઈચ્છા પૂરી નહિ થઈ શકે.'

અર્જુને કહ્યું:

'યુદ્ધમાં બાણોની વર્ષા વરસાવીને તમે હાહાકાર મચાવી દીધો છે. અમારી મોટી સેના નાશ પામી છે.'

'પાંડવો તમારા લોકોત્તર સામર્થ્ય અને અસાધારણ યુદ્ધકૌશલથી ભયભીત બની ગયા છે.' કૃષ્ણે કહ્યું: 'એમને ખૂબ જ ચિંતા થવા માંડી છે. અમારા આગમનનું એકમાત્ર પ્રયોજન તમને યુદ્ધમાં કેવી રીતે જીતી શકાય તે જાણવાનું છે. તમારા મરણનું રહસ્ય જાણવાની અમારી ઈચ્છા છે. પોતાના મરણ અથવા પરાજયના રહસ્યને કોઈ એટલી સહેલાઈથી ના બતાવી શકે તેની અમને ખબર છે. પરંતુ તમે તો મહાપુરુષ છો. વળી પાંડવો પ્રત્યે પ્રેમ તેમ જ સદભાવ રાખો છો, માટે જ, એમનું મંગલ કરવાની ઈચ્છાથી પ્રેરાઈને હું એટલી માહિતી માગી રહ્યો છું.'

ભીષ્મે કહ્યું:

'કૃષ્ણ! પાંડવો પ્રત્યે મને પ્રેમભાવ છે એ સાચું છે. એ પણ સાચું છે કે જ્યાં સુધી પાંડવો મને નહિ જીતે ત્યાં સુધી વિજયી નહિ થઈ શકે. મારા મૃત્યુ પછી કૌરવોની સમસ્ત સેના મરી જ ગઈ છે એવું માની લેજો.'

'પરંતુ તમારું મૃત્યુ કેવી રીતે થઈ શકે એ જ પ્રશ્ન છે.'

'એ પ્રશ્નને સમજું છું. એને માટે પાંડવોએ મારી ઉપર ઉપરાઉપરી પ્રહાર કરવા જોઈએ.'

'પાંડવોએ પ્રહાર કરવામાં કશું બાકી નથી રાખ્યું તે છતાં પણ તમને જીતી કે મારી નથી શકાયા એ એક હકીકત છે.'

'સાચું છે. મારા હાથમાં શસ્ત્રો હોય ત્યારે દેવો કે દાનવો કોઈ પણ મને નથી જીતી શકે તેમ. પરંતુ હું શસ્ત્રહીન હોઉં ત્યારે મને જીતવાનું કે મારવાનું કામ સહેલું છે.'

'પરંતુ યુદ્ધમેદાનમાં તમે શસ્ત્રોનો ત્યાગ કરો એવું બની શકે ખરું?' યુધિષ્ઠિરે પૂછ્યું.

'બની શકે.' ભીષ્મ બોલી ઊઠ્યા: 'એ સંબંધી મારા સંકલ્પને સાંભળવા જેવો છે. જે રણમેદાન પર પડી ગયો હોય. રણમાંથી નાસી જતો હોય, કવચ તથા ધ્વજ વગરનો હોય, નિ:શસ્ત્ર હોય, સ્ત્રી હોય કે સ્ત્રીના નામને ધારણ કરનાર હોય, એક પુત્રવાળો કે દુષ્ટ હોય, તેની સાથે યુદ્ધ કરવાનું મને પસંદ નથી પડતું. તમારા સૈન્યમાં દ્રુપદરાજનો શિખંડી નામે જે મહારથી પુત્ર છે તે પૂર્વે સ્ત્રી હતો. એનું વૃત્તાંત તમે સૌ સારી રીતે જાણો છો. અર્જુન એને યુદ્ધ મેદાનમાં પોતાની આગળ રાખીને મારા પર પ્રહાર કરે અથવા તો એવા

કોઈ બીજા પુરુષને આગળ કરીને મારી ઉપર બાણોનો વરસાદ વરસાવે તો મારું મૃત્યુ થશે ને તમે વિજય મેળવશો.'

'ખરેખર?'

'હા. ખરેખર. મને મારવાની શક્તિ અર્જુન તથા કૃષ્ણ સિવાય બીજા કોઈનામાં નથી. અને મારું મૃત્યુ એવી જ રીતે થઈ શકશે.'

ભીષ્મ પિતામહના શબ્દો સાંભળીને પાંડવો અને કૃષ્ણ આશ્ચર્યચકિત બની ગયા.

એમને ભીષ્મને માટે માન પેદા થયું.

એ ભીષ્મને વંદી રહ્યા.

ભીષ્મે કહ્યું:

'પોતાના મૃત્યુનું ગૂઢ રહસ્ય આવી રીતે બીજું કોઈ પણ ભાગ્યે જ કહી શકે. મને તમારે સૌને સારું સહાનુભૂતિ છે માટે જ મેં એને કહી બતાવ્યું. સત્ય તમારા પક્ષે હોવાથી ઈચ્છું છું કે તમને વિજય મળે.'

અને પછી કૃષ્ણને ઉદ્દેશીને એ આગળ બોલ્યા:

'તે દિવસે યુદ્ધમાં મારું પરાક્રમ પેખીને તમે ખૂબ જ રોષે ભરાયા અને તમારી શસ્ત્ર ધારણ ના કરવાની પ્રતિજ્ઞાનો ભંગ કરીને સુદર્શન ચક્ર સાથે મારો વધ કરવા મારી તરફ દોડી આવ્યા ત્યારે જ મારા જીવન પર પડદો પડી જાત, અર્જુને તમને રોકી રાખ્યા ને તમે પાછા વળ્યા.'

કૃષ્ણે કહ્યું:

'ભીષ્મ, જીવનને માટેની તમારી નિર્મમતા જોઈને આનંદ થાય છે. આવી નિર્મમતા તમારા જેવા મહાપુરુષ વિના બીજા કોઈમાં ભાગ્યે જ હોઈ શકે. તમારા માર્ગદર્શનથી પાંડવોનું કામ સહેલું બનશે. એને માટે તમને જેટલાં પણ અભિનંદન આપું એટલાં ઓછાં છે. પાંડવો ન્યાય અને નીતિને ખાતર લડી રહ્યા છે માટે સહાનુભૂતિ, શુભેચ્છા અને આશીર્વાદને પાત્ર છે.'

'મારા એમને અંતઃકરણપૂર્વકના આશીર્વાદ છે.'

પાંડવોની આંખ ભરાઈ આવી.

એ ભીષ્મને પગે લાગીને ભારે હૈયે બહાર નીકળ્યા.

કૃષ્ણે પરમ પ્રેમ તેમ જ પૂજ્યભાવે જણાવ્યું:

'તમારી નિર્ભયતા તથા સત્યનિષ્ઠા કાયમને માટે યાદ રહેશે ને સૌને પ્રેરણા પાશે.'

ભીષ્મ કશું ના બોલ્યા.

* * *

૩૧. ભીષ્મની બાણશય્યા

બીજે દિવસે સવારે યુદ્ધનો સાનુકૂળ સમય થતાં જ ભેરી, આનક અને મૃદંગ જેવાં જાતજાતનાં રણવાદ્યો વાગવા લાગ્યાં ને કૌરવો તથા પાંડવો લડવા માટે તૈયાર થયા.

પાંડવોએ શિખંડીને આગળ કર્યો. એના રથની બંને બાજુ અર્જુન અને ભીમ એની રક્ષા કરતાં ઊભા રહ્યા તે રથની પાછળના ભાગમાં વીર અભિમન્યુ અને બીજા યોદ્ધાઓ રક્ષા કરવા લાગ્યાં.

એમની પાછળ નકુળ, સહદેવ અને યુધિષ્ઠિર તથા રાજા વિરાટ અને દ્રુપદ હતાં.

કૈકયદેશના રાજકુમારો અને ધૃષ્ટકેતુ એ સૌની પાછળ ચાલવા લાગ્યાં.

કૌરવસેનામાં સૌથી આગળ ભીષ્મ, પછી દ્રૌણાચાર્ય અને એમની પાછળ અશ્વત્થામા, કૃપાચાર્ય તથા કૃતવર્મા હતા.

એમની પાછળ કંબોજ દેશનો મહાબળવાન રાજા સુદક્ષિણ હતો.

એમની વચ્ચે પુલવકાળના પ્રતીક જેવું ઘોર યુદ્ધ ફાટી નીકળ્યું.

રોષે ભરાયલા ભીષ્મે પોતાનાં બાણોના પ્રયોગોથી પાંડવોના મહારથીઓને આગળ વધતા અટકાવી દીધા ને સૈન્યનો સંહાર કરવા માંડ્યો.

પાંડવો એમનો સામનો કરવા માટે આવી પહોંચ્યા તો ખરા પરંતુ એમનું અભૂતપૂર્વ પરાક્રમ જોઈને ભારે વિસ્મય પામ્યા.

ભીષ્મે તીક્ષ્ણ બાણોનો વરસાદ વરસાવીને શિખંડીના રથ ને સૈન્યનો નાશ કરી નાખ્યો, એટલે શિખંડીએ ભીષ્મની છાતીમાં ત્રણ બાણ મારીને એમને ઘાયલ કર્યા.

એ વખતે ભીષ્મે જણાવ્યું:

'શિખંડી, તું મારા પર પ્રહાર કરીશ કે નહિ કરે તોપણ મારે તારી સાથે યુદ્ધ નથી કરવું. તું વીર નથી, પુરુષ નથી, પરંતુ વિધાતાએ પૂર્વે પેદા કરેલી સ્ત્રી શિખંડિની છે. તારી સાથે યુદ્ધ કરવું સહેજ પણ શોભાસ્પદ નથી લાગતું.'

શિખંડીએ ક્રોધે ભરાઈને કહેવા માંડ્યું:

'ભીષ્મ! તમે બાણ મારવામાં તો કુશળ છો જ પરંતુ સાથે સાથે વાગ્બાણ મારવામાં પણ એટલા જ કુશળ છો ને એની ખબર તો મને અત્યારે જ પડી શકી. તમારાં વાગ્બાણ મને બરાબર વાગી ગયાં છે. તમે મારી ઉપર પ્રહાર નહિ કરવાનો સંકલ્પ કર્યો હશે તોપણ હું તો તમારી ઉપર પ્રહાર કરીશ જ. તમારું પરાક્રમ અસાધારણ છે તે જાણું છું છતાં પણ તમારો નાશ કરવા માટે મારાથી બનતું બધું જ કરી છૂટીશ.'

પાંડવો શિખંડીને શૂરાતન ચઢાવવા લાગ્યાં.

અર્જુન બોલ્યો:

'શિખંડી, આજે જે અમૂલખ અવસર આવ્યો છે તે હાથમાંથી જતો રહે નહિ તેનું ધ્યાન રાખવાનું છે. કિનારો સમુદ્રને રોકી રાખે છે તેમ હું કૌરવોની પ્રચંડ સેનાને રોકી રાખીશ. તે તારા પર શસ્ત્રપાત નહિ કરી શકે. તારી બધી જ શક્તિ ભીષ્મનો સંહાર કરવાના કામમાં લગાડ તો તું એમનો વધ જરૂર કરી શકીશ.'

ભીષ્મે શિખંડીને એક તરફ છોડી દઈને પાંડવસેના પર ભયંકર પ્રહારો કરવા માંડ્યા.

પરંતુ અર્જુને બતાવેલી વીરતાથી કૌરવસેના ભયભીત બની ગઈ ને નાસભાગ કરવા લાગી.

એ દેખીને દુર્યોધને દુઃખ વ્યક્ત કર્યું એટલે એને આશ્વાસન આપતાં ભીષ્મે વધારે વીરતાથી લડવા માંડ્યું.

એમણે દસ હજાર હાથીઓ, દસ હજાર ઘોડેસવારો અને પગપાળા લડતા હજારો યોદ્ધાઓનો સંહાર કરી નાખ્યો.

એથી ક્રોધે ભરાયલા પાંડવો ભીષ્મને ચારે તરફ વીંટી વળ્યાં.

યુદ્ધના એ દસમા દિવસે બંને પક્ષના પ્રતાપી યોદ્ધાઓની મોટા પ્રમાણમાં ખુવારી થઈ.

અર્જુન, ભીષ્મ, દ્રોણ, ભીમ અને અભિમન્યુએ પોતાના અદભુત પરાક્રમથી હાહાકાર મચાવી દીધો.

એ પરાક્રમમાં ધૃષ્ટદ્યુમ્ન પણ પાછો ના પડ્યો.

યુદ્ધમાં ભીષ્મનું પરાક્રમ સૌથી વધારે હતું. એ પરાક્રમથી પ્રભાવિત થયેલા કૃષ્ણે અર્જુનને કહ્યું:

'અર્જુન, ભીષ્મ અત્યારે બંને સેનાની વચમાં ઊભા રહ્યા છે. એમનો સમયસૂચકતા વાપરીને મારી નાખીશ તો જ તારો વિજય થઈ શકશે. એમનો પ્રતિકાર તથા નાશ તારા વિના બીજું કોઈ જ નથી કરી શકે તેમ.'

કૃષ્ણની પ્રેરણાથી અર્જુને ભીષ્મને શરસમૂહથી ઢાંકી દીધા.

એ જ વખતે શિખંડી હાથમાં ધનુષ્ય લઈને ભીષ્મના રથ તરફ ધસી ગયો.

એ જોઈને અર્જુને અને બીજા અસંખ્ય પાંડવયોદ્ધાઓએ ભીષ્મ તરફ ધસારો કર્યો.

એમણે મારેલાં બાણોને વિખેરી નાખીને ભીષ્મ એમની દિશામાં આગળ વધવા લાગ્યાં.

એમણે દ્રુપદની સેનાના સાત મહારથીઓને મારી નાખ્યા ત્યારે તો ચારે તરફ હાહાકાર થઈ રહ્યો.

પાંડવો શિખંડીને આગળ કરીને લડવા લાગ્યા.

અર્જુને શિખંડીને આગળ કરીને, ભીષ્મની સામે દોડી જઈને એમનું ધનુષ્ય કાપી નાખ્યું એ જોઈને ક્રોધે ભરાયેલા કૌરવયોદ્ધાઓ એને મારવા માટે દોડી આવ્યા.

પાંડવપક્ષના મહારથીઓ પણ અર્જુનની રક્ષા માટે દોડી આવ્યા અને એવી રીતે તુમુલ યુદ્ધ શરૂ થયું.

શિખંડીએ કપાઈ ગયેલા ધનુષ્યવાળા ભીષ્મને દસ બાણોથી વીંધી નાખ્યા ને બીજા ધનુષ્યને એમના સારથિને વીંધી નાખ્યો.

ભીષ્મે લીધેલા બીજા ધનુષ્યને પણ અર્જુને તોડી નાખ્યું એટલે એમણે અર્જુન તરફ એક મહાભયંકર શક્તિ ફેંકી.

અર્જુને એ વજ્ર જેવી શક્તિના પાંચ ટુકડા કરી નાખ્યા ત્યારે તો ભીષ્મ પિતામહ ખૂબ જ ક્રોધે ભરાયા.

ભીષ્મે યુદ્ધમાં હજારો યોદ્ધાઓનો સંહાર કર્યો.

એની સાથેસાથે એમણે પોતાના શરીરત્યાગનો સંકલ્પ પણ કરી લીધો.

એમના અંગ પર બે આંગળ જેટલી જગ્યા પણ ઘા વિનાની ના રહી.

થાકેલા, ઘાયલ થયેલા, અને અર્જુનના મર્મભેદી બાણોથી હતપ્રભ થયેલા ભીષ્મ સૂર્યાસ્તને થોડોક સમય શેષ રહ્યો ત્યારે રથ પરથી નીચે ઢળી પડ્યા.

એ જોઈને કૌરવસેના કલ્પાંત કરવા લાગી.

ભીષ્મ પિતામહને રથ પરથી પડતા જોઈને કૌરવસેનાના મોટા મોટા મહારથીઓનાં મન પણ પડી ગયા.

ભીષ્મના શરીરમાંના શરસમૂહને લીધે એમનું શરીર પૃથ્વીનો સ્પર્શ ના કરી શક્યું.

એમના પડવાથી ધરતી કંપવા લાગી ને મંદમંદ વરસાદ વરસવા માંડ્યો.

એ વખતે દક્ષિણાયન હોવાથી એમણે પોતાના પ્રાણને ટકાવી રાખવાનો સંકલ્પ કર્યો.

ઈચ્છાનુસાર શરીર ત્યાગવાની શક્તિ હોવાથી એ સંકલ્પની સિદ્ધિ એમને માટે જરા પણ અશક્ય નહોતી.

ભીષ્મને શરશય્યા પર સૂતેલા જોઈને પાંડવો હર્ષનાદો કરવા લાગ્યા.

એમને એ ભીષણ યુદ્ધ મોટે ભાગે જીતાયલું લાગ્યું.

દુર્યોધનને માથે જાણે કે આભ તૂટી પડ્યું. એ વિલાપ અને શોક કરવા માંડ્યો.

કૃપાચાર્ય, દુઃશાસન, દ્રોણ અને શકુનિ પણ ઘોર વિષાદમાં ડૂબી ગયા.

પાંડવસેના પ્રસન્નતાના પારાવારમાં ડૂબી હોય તેમ શંખો ફૂંકવા લાગી.

ચારે તરફ વિજયનાં વાદ્યો વાગી રહ્યા.

એ વાદ્યોના નાદ કૌરવોનાં કાળજાને કંપાવી રહ્યો.

ભીષ્મ એ નાદનું શ્રવણ કરતા શરશય્યા પર પ્રણવમંત્રના જપ કરવા માંડ્યા.

એમને હવે જીવનમાં કશો રસ નહોતો રહ્યો.

છિન્નભિન્ન થયેલા કવચ તથા શરીરવાળા એ શાંતનુપુત્ર, શૂરવીર શ્રેષ્ઠ, ભીષ્મને કૌરવો અને પાંડવોના પ્રતાપી યોદ્ધાઓ ઘેરી વળ્યાં.

દ્રોણાચાર્ય તો ભીષ્મને માટેની લાગણીની ઉત્કટતાને લીધે થોડોક સમય બેહોશ બની ગયા.

યુદ્ધ એકાએક બંધ થઈ ગયું ને બંને સેનાના યોદ્ધાઓ પાછા ફરવા માંડ્યા ત્યારે ભીષ્મે વ્યથિત સ્વરે જણાવ્યું:

'મારું મસ્તક જમીનથી અદ્ધર અટકી રહ્યું છે માટે એને ઊંચું કરવા માટે ઉશીકાંની આવશ્યકતા છે.'

એ સાંભળીને રાજાઓ કોમળ અને સુંદર ઉશીકાં લાવ્યા, દુર્યોધન પણ સરસ ઉશીકું લઈને આવી પહોંચ્યો, પરંતુ ભીષ્મે એમનો અસ્વીકાર કર્યો. એમણે કહ્યું:

'મારા જેવા પરાક્રમી પુરુષને આવાં ઉશીકાં ના શોભે. આ ઉશીકાં વીરશય્યાને અનુરૂપ નથી જ.'

અને અર્જુન તરફ દૃષ્ટિપાત કરીને બોલ્યા:

'અર્જુન, તું પોતે જ મને વીરોચિત ઉશીકું પૂરું પાડ.'

અર્જુને ભીષ્મની આજ્ઞાને અનુસરીને જમીન પર ત્રણ બાણો મારીને એમના મસ્તકને આધાર આપીને ઉંચું કર્યું.

એ જોઈને ભીષ્મે સંતુષ્ટ થઈને એની પ્રશંસા કરી, ને કહ્યું:

'અર્જુન, તેં મારા મનોભાવોને જાણી લઈને મારે અનુરૂપ ઉશીકું પૂરું પાડ્યું છે. ધર્મમાં સ્થિતિવાળા પુરુષને માટે આવું જ ઉશીકું બરાબર હોઈ શકે. એણે તો સંગ્રામમાં આવી રીતે શરશય્યા પર જ સૂવું જોઈએ. ઉત્તરાયણના સૂર્ય થતા સુધી હું આ જ શય્યા પર સૂઈ રહીશ.'

એ જ વખતે શરીરમાંથી બાણોને ખેંચી કાઢવામાં કુશળ વિદ્વાન વૈદ્ય ઉપચારનાં સાધનો સાથે એ સ્થળે દુર્યોધન પાસે આવી પહોંચ્યા.

એમને જોઈને ભીષ્મે કહ્યું:

'દુર્યોધન, મારે હવે વૈદ્યોનું શું કામ છે? એમને યોગ્ય સત્કાર સાથે વિદાય કરો. મેં શરીરનો ત્યાગ કરવાનો નિર્ણય કર્યો છે. યોગ્ય સમયે મારા શરીરનો અગ્નિસંસ્કાર પણ મારા શરીરમાં રહેલાં બાણો સાથે જ કરવામાં આવે એવી મારી આકાંક્ષા છે.'

દુર્યોધને વૈદ્યોને એમની યોગ્યતા પ્રમાણે ધન આપીને વિદાય કર્યા.

રાત વીતી ગઈ ને સવાર થયું ત્યારે ભીષ્મના દર્શનને માટે જુદા જુદા યોદ્ધાઓ, રાજાઓ, રાજપુરુષો અને બીજા લોકો ઊમટી પડ્યા.

કૌરવો ને પાંડવો પણ આયુધોને એક તરફ રાખી, કવચોને ઉતારી નાખી, તથા પ્રેમભાવ ધારણ કરીને એમની આજુબાજુ બેસી ગયા.

ભીષ્મ બાણોની વેદનાથી વ્યથિત હોવા છતાં એ વેદનાને બનતી શાંતિપૂર્વક સહી રહેલા.

વચ્ચે વચ્ચે વેદના અસહ્ય બનતાં એ નિસાસા પણ નાખી લેતા.

એમનો કંઠ તૃષાતુર બનીને સુકાઈ રહેલો.

એમણે પાણી માટે માગણી કરી એટલે યોદ્ધાઓ તથા રાજપુરુષોએ વિવિધ પ્રકારના ખાદ્યપદાર્થો લાવી આપ્યાં અને શીતળ સ્વાદિષ્ટ પાણી પ્રદાન કર્યું.

એ જોઈને એ બોલી ઊઠ્યા:

'જીવનનો અંતકાળ વધારે દૂર નથી ત્યારે મારાથી આવા ભોગો ભૂલેચૂકે પણ ના ભોગવી શકાય, તમે મને જાતજાતનાં ભોગપદાર્થો પ્રદાન કર્યા એને માટે તમારો આભાર માનું છું, પરંતુ મને મારે યોગ્ય ઉશીકું આપનાર અર્જુન ક્યાં છે? હું એને મળવા માગું છું.'

ભીષ્મના શબ્દો સાંભળીને અર્જુન આગળ આવીને એમને પ્રણામ કરીને ઊભો રહ્યો ને બોલ્યો:

'મને જે આદેશ આપવો હોય તે આપી શકો છો.'

ભીષ્મે કહ્યું:

'અર્જુન, બાણોથી ચારે તરફ વીંધાઈ ગયેલા મારા શરીરમાં ખૂબ જ બળતરા થાય છે. મારા મર્મસ્થાનની વેદના અસહ્ય છે. મારું ગળું સુકાઈ રહ્યું છે. માટે મને પાણી આપ. તારા વિના બીજા કોઈનાથી એ કામ નહિ થઈ શકે.'

અર્જુન ભીષ્મને સાંત્વન આપીને રથ પર બેઠો.

એણે ગાંડીવનો ટંકાર કરીને ભીષ્મની પ્રદક્ષિણા કરી અને પર્જન્યાસ્ત્રનો પ્રયોગ કરવાનો નિર્ણય કર્યો.

એણે બાણ મારીને ભીષ્મની જમણી બાજુની ધરતીને વીંધી નાખી.

એ જ વખતે જમીનમાંથી સુંદર, સ્વચ્છ, શીતળ, સુધામય, સૌરભયુક્ત, પાણીની ધારા નીકળી.

એ ધારાથી ભીષ્મ પિતામહ તૃપ્તિ પામ્યા.

અર્જુનના એ અસાધારણ, પ્રખર, પરાક્રમથી આજુબાજુના બધા જ પુરુષો વિસ્મય પામ્યાં.

સૌ એની પ્રશંસા કરવા લાગ્યા.

ચારે તરફ શંખ અને દંદુભિઓનો નાદ થવા માંડ્યો.

ભીષ્મે એને અભિનંદન આપતાં કહ્યું:

'આવું અસાધારણ કર્મ તારા વિના બીજું કોણ કરી શકે? તેં મને સંપૂણપણે સંતોષ આપ્યો. જગતનાં સર્વ પ્રાણીઓમાં મનુષ્યો શ્રેષ્ઠ છે, પક્ષીઓમાં ગરુડ, સરિતાઓમાં ગંગા, પર્વતોમાં હિમાલય અને તેજસ્વી પદાર્થમાં સૂર્ય શ્રેષ્ઠ છે. તારી લોકોત્તર શક્તિ જોઈને મને ખરેખર આનંદ થાય છે. દુર્યોધને તમારા સૌની સામે આ ભયંકર યુદ્ધ ઝંપલાવ્યું છે પરંતુ એને યુદ્ધમાં વિજય મળવો મુશ્કેલ છે.'

દુર્યોધન પાસે જ ઊભો હતો. તે તરત બોલી ઊઠ્યો:

'અર્જુન અને પાંડવો પરાક્રમી છે તો અમે પણ ઓછા પરાક્રમી નથી. હું એમના પરાક્રમથી નથી ડરતો.'

'છતાં પણ આવા ઘોર સંહારને અટકાવવાને માટે તું સમજી જઈને એમની સાથે સંધિ કરી લે તો સારું. એવી રીતે તું શેષ રહેલાં અનેક જીવનને બચાવી શકીશ. મારા મૃત્યુ પહેલાં આ યુદ્ધનો અંત આવશે તે મને ગમશે. પાંડવોને એમનું અરધું રાજ્ય પાછું સોંપી દે. મારી સાચી શિખામણને નહિ માને તો આખરે તારે પસ્તાવું પડશે.'

દુર્યોધને કહ્યું:

'પસ્તાવું મારે નહિ પડે, પાંડવોને પડશે. તમારા ઉપદેશની અસર મારી ઉપર જરા પણ નથી થવાની. ઉપદેશ આપવો જ હોય તો પાંડવોને આપો. જેથી એ રાજ્યનો મોહ મૂકી દઈને ઘર ભેગા થઈ જાય. એને માટે હજુ પણ અવકાશ છે.'

'મારાથી એવો ઉપદેશ નહિ આપી શકાય. બધી ભૂલ તારી જ છે.'

'ભૂલ મારી નથી પરંતુ પાંડવોની છે, પાંડવો પ્રત્યે તમને જે ફૂણી લાગણી છે તેથી જ તમે સાચા ને સંપૂર્ણ દિલથી યુદ્ધ કરવાને બદલે આવી રીતે સહેલાઈથી ઘાયલ થઈ ગયા હશો. નહિ તો તમારા જેવા મહાપરાક્રમી પુરુષને આવી રીતે ઘાયલ કરવાની શક્તિ કોનામાં છે?'

ભીષ્મ કશું ના બોલ્યા.

એમને થયું કે વધારે બોલવાથી કોઈ વિશેષ હેતુ નહિ સરે.

એ આંખ મીંચીને વેદના વેઠતા પડી રહ્યા.

રાજાઓ, રાજપુરુષો ને યોદ્ધાઓ એમને છોડીને વિદાય થયા એટલે એમને ઘવાયલા જાણીને કર્ણ ઉતાવળે પગલે એમની પાસે આવી પહોંચ્યો.

ભીષ્મને જોઈને એનું હૈયું ભરાઈ આવ્યું, એની આંખ છલકાઈ ગઈ, અને એણે ગદગદ્ કંઠે એમને પોતાની ઓળખાણ આપી.

ભીષ્મે પોતાની આંખ ઉઘાડીને કર્ણને એક હાથ ફેલાવીને આલિંગન આપ્યું ને પોતાના સંરક્ષકોને દૂર મોકલીને એકાંતમાં જ કહ્યું:

'કર્ણ, તારા આગમનથી મને અતિશય આનંદ થયો છે. તું રાધાપુત્ર નથી પરંતુ કુંતીપુત્ર છે. તારા પિતા અધિરથ નથી પરંતુ સૂર્યના શુભાશીર્વાદથી જ તું ઉત્પન્ન થયો છે તેની તને ખબર છે?'

'હા. ખબર છે.'

'મને દેવર્ષિ નારદે અને મહર્ષિ વ્યાસે એ હકીકત કહી બતાવેલી. તને તેની ખબર છે એ જાણીને મને અધિક આનંદ થઈ રહ્યો છે. બાણવિદ્યામાં, શસ્ત્રસંધાન કરવામાં ને યુદ્ધકળામાં તું કૃષ્ણ અને અર્જુન જેવો જ નિપુણ છે. તારામાં ઘણા સદગુણો પણ છે. પાંડવો તારા ભાઈઓ જ હોવાથી એમની સાથે સમાધાન કરી લે. એથી તારું બળ વધશે ને મને શાંતિ થશે.'

'પરંતુ દુર્યોધને મને જે મદદ કરી છે તેને લીધે મેં એને છેવટ સુધી વફાદાર રહેવાનું અને યુદ્ધમાં એના પક્ષમાં રહીને એને બનતી બધી જ મદદ કરવાનું વચન આપ્યું છે. એ વચનનો ભંગ કરીને દુર્યોધનનો વિશ્વાસઘાત નહિ કરી શકું. મેં એને મારાથી બનતી બધી જ રીતે સમજાવવાનો ને યુદ્ધના ઘોર કર્મમાંથી પાછા વાળવાનો પ્રયત્ન કરી જોયો પરંતુ એણે ના માન્યું. હું મારી રીતે હજુ પણ એક બીજો પ્રયત્ન કરી જોઈશ. એ નહિ જ માને તો મારે માટે એની સાથે રહીને લડ્યા વિના કોઈ રસ્તો જ નહિ રહે.'

'તું દુર્યોધનને સમજાવવાનો પ્રયત્ન કરીશ એ સાચું છે પરંતુ એ નહિ માને. એવો પ્રયત્ન મેં પણ કરી જોયો છે-હજુ આજે જ, છતાં પણ એ નથી ફળ્યો.'

'તો પછી મારાથી એનો ત્યાગ તો નહિ જ કરી શકાય. કૃષ્ણ જેમ અર્જુનને માટે પોતાનું સર્વસ્વ સમર્પી બેઠા છે તેમ મેં દુર્યોધનને માટે મારું બધું સમર્પી દીધું છે. હવે બીજો કોઈ રસ્તો નથી રહેતો. મને લાગે છે કે હું પાંડવોને-જો એમની સાથે યુદ્ધ કરવું જ પડશે તો-જીતી શકીશ. મારો વિચાર તમારી આજ્ઞા અને આશિષ મેળવીને જ યુદ્ધ કરવાનો છે, તો મને આજ્ઞા અને આશિષ આપો. મારાથી જે કોઈ અપરાધ થયો હોય તે માફ કરો. એને માટે સાચા દિલથી ક્ષમા માંગુ છું.'

ભીષ્મની આંખ ટપકવા માંડી. એ બોલ્યા:

'દુર્યોધનને સમજાવી જોજે ને ના જ સમજે તો પછી યુદ્ધ કરજે. હું તને આશિષ આપું છું. મનમાં દ્વેષ કે ક્રોધ રાખ્યા વિના કર્તવ્યબુદ્ધિથી યુદ્ધ કરીશ તો તને દોષ નહિ લાગે.'

કર્ણને સંતોષ થયો.

ભીષ્મની પ્રદક્ષિણા કરીને, એમને પ્રેમ તથા પૂજ્યભાવે પ્રણામ કરીને, એ રથમાં બેસીને ચાલી નીકળ્યો.

* * *

૩૨. યુધિષ્ઠિરને પકડવાની ઈચ્છા

કર્ણે દુર્યોધનને સમજાવવાનો એક વિશેષ પ્રયત્ન કરી જોયો તો ખરો જ પરંતુ એ પ્રયત્ન સફળ ના થયો.

દુર્યોધને કહ્યું:

'કર્ણ, તને યુદ્ધનો ભય લાગતો હોય તો જુદી વાત છે. તું યુદ્ધથી પાછી પાની કરી શકે છે. બાકી મારાથી તો યુદ્ધનો પરિત્યાગ નહિ જ થાય. મેં તારા બળને ભરોસે યુદ્ધનો આરંભ કર્યો છે એ તો ખરું જ, પણ ભીષ્મ પિતામહ શરશય્યા પર સૂતા છે તોપણ તારે લીધે મારો ઉત્સાહ એવો જ અતૂટ રહ્યો છે. હવે તો પાંડવો નહિ કે પછી હું નહિ.'

અને એવી રીતે યુદ્ધ ચાલુ જ રહ્યું.

દુર્યોધને કર્ણની સાથે પરામર્શ કરીને દ્રોણાચાર્યને સેનાપતિ પદ પ્રદાન કર્યું ત્યારે કૌરવસેના વિજયની અનેરી આશાથી આનંદમાં ડૂબી ગઈ.

દ્રોણાચાર્યે સેનાની વ્યૂહરચના કરીને યુદ્ધભૂમિમાં પ્રવેશ કર્યો ત્યારે કર્ણ અને બીજા અસંખ્ય મહારથીઓ અને યોદ્ધાઓ પણ એમની પાછળ ચાલીને યુદ્ધભૂમિમાં ગોઠવાઈ ગયા.

કૌરવો અને એમની સેનાના યોદ્ધાઓ કર્ણને જોઈને ખૂબ જ ઉમંગમાં આવી ગયા.

એમને થયું કે આપણો વિજય હવે નિશ્ચિત છે.

પાંડવોની પ્રચંડ સેના પણ કૃષ્ણ અને અર્જુનને આગળ કરીને યુદ્ધ માટે તૈયાર થઈને ઊભી રહી.

જોતજોતમાં તો બંને સેનાઓમાં ભીષણ યુદ્ધ ફાટી નીકળ્યું.

દ્રોણચાર્ય અને ધૃષ્ટદ્યુમ્ન બંને એકમેકનો નાશ કરવાની મહેચ્છાથી લડવા લાગ્યા.

ધૃષ્ટદ્યુમ્ને બાણોનો વરસાદ વરસાવીને દ્રોણાચાર્યના વાયુવેગે આવતા શરસમૂહને ખાળી દીધો.

પરંતુ દ્રોણાચાર્ય એમ સહેલાઈથી પાછા પડે તેવા ન હતા.

એમણે બાણોની વૃષ્ટિ કરીને ધૃષ્ટદ્યુમ્નને તથા બીજા યોદ્ધાઓને મૂંઝવી દીધા.

એમણે ભારે ક્રોધાયમાન બનીને પાંડવસેનાનો સફળતાપૂર્વક સામનો કરવા માંડ્યો.

એ જોઈને પાંડવપક્ષના યોદ્ધાઓ નાસભાગ કરવા લાગ્યા.

વૃદ્ધ હોવા છતાં યુવાન જેવા દેખાતા દ્રોણાચાર્ય પાંડવસેનામાં કાળની પેઠે કરાળ રૂપ ધારણ કરીને ફરવા માંડ્યા.

એમને એ રૂપમાં જોઈને પાંડવસેનાના મોટા ભાગના યોદ્ધાઓએ વિજયની આશા છોડી દીધી.

યુદ્ધના પંદરમા દિવસ સુધી દ્રોણાચાર્યે હાહાકાર મચાવી દીધો.

આરંભમાં એમણે દુર્યોધનની આગળ યુધિષ્ઠિરને કેદ કરવાનો સંકલ્પ કર્યો પરંતુ એ સંકલ્પને પોતાના ગુપ્તચરો દ્વારા જાણી ગયેલા અર્જુને યુધિષ્ઠિરને હિંમત આપતાં કહ્યું:

'આકાશમાંથી બધા તારા એક સાથે જ તૂટી પડે, પર્વતો પોતાની સ્થિરતા તજીને હાલવા લાગે, ને સરિતા તથા સાગરનાં નીર સદાને સારુ સુકાઈ જાય તોપણ દુર્યોધનના સાંભળતાં કરાયલો દ્રોણાચાર્યનો

સંકલ્પ સફળ નહિ થઈ શકે. હું જીવું છું ત્યાં સુધી તમારી સંપૂર્ણપણે રક્ષા કરીશ, ને દ્રોણાચાર્યની બધી જ બાજી ધૂળમાં મેળવીશ. દ્રોણાચાર્ય સર્વે શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ હોવા છતાં તમારે ભય રાખવાનું કશું કારણ નથી.'

સુવર્ણના રથમાં બેઠેલા દ્રોણાચાર્ય ચારે દિશામાં બાણો છોડી પાંડવસેનાને વ્યથિત કરવા લાગ્યા.

એમણે બધી દિશાઓને રૂંધી દીધી, પોતાનાં ભયંકર બાણોથી આકાશને ઢાંકી દીધું, ને ધૃષ્ટદ્યુમ્નની ચારે તરફ છવાયલી પાંડવોની સેનાને સંહારવા માંડી.

કપટયુદ્ધમાં કુશળ શકુનિએ સહદેવ સામે ધસારો કર્યો અને સહદેવને તીક્ષ્ણ તીરોથી વીંધી નાખ્યો.

એથી કુપિત થયેલા માદ્રીપુત્ર સહદેવે શકુનિના ધ્વજ, ધનુષ્ય, સારથિ અને ઘોડાઓને છેદી નાખ્યા અને શકુનિને પોતાને પણ ઘાયલ કર્યો.

શકુનિ હાથમાં ગદા લઈને રથ પરથી કુદી પડ્યો.

એણે સહદેવના સારથિને રથ પરથી નીચે પાડ્યો.

એવી રીતે રથ વગરના એ બંને યોદ્ધાઓ ગદાની મદદથી ખૂબ જ ઝનૂનપૂર્વક લડવા લાગ્યા.

જુદા જુદા યોદ્ધાઓ એવી રીતે પોતાનું પરાક્રમ બતાવવા માંડ્યા એથી આખીયે યુદ્ધભૂમિ ભારે ભયાનક બની રહી.

યુદ્ધભૂમિની બીજી બાજુએ અભિમન્યુ અને જયદ્રથ પૂરેપૂરી કુશળતાપૂર્વક લડીને પરાક્રમ દાખવી રહ્યા.

બંને વાઘ અને સિંહની પેઠે એકમેક પર પ્રહાર કરવા લાગ્યા.

અભિમન્યુ તલવારનો ઘા કરવા ગયો ત્યારે જયદ્રથે તેની ઢાલની કિનારી પર તલવારનો પ્રહાર કર્યો, એથી જયદ્રથની તલવાર તૂટી ગઈ.

એ જોઈને જયદ્રથ છ ડગલાં પાછળ ફૂદ્યો અને આંખના પલકારા જેટલા સમયમાં રથ પર બેસી ગયો.

અભિમન્યુ પણ રથમાં બેસીને ગર્જના કરવા લાગ્યો.

એ વખતે રાજા શલ્યે લોઢાની બનાવેલી, સુવર્ણથી સુશોભિત દેખાતી, પ્રદીપ્ત અગ્નિશિખા જેવી ભયંકર શક્તિ ફેંકી.

અભિમન્યુએ ગરુડ જેમ ઊડતા સૂર્યને પકડી પાડે તેમ તે શક્તિને પકડી પાડી અને વૈડૂર્યમણિથી જડેલી તે સુતીક્ષ્ણ શક્તિને શલ્ય ઉપર છોડી દીધી.

એ શક્તિપાતને લીધે શલ્યનો સારથિ મૃત્યુ પામ્યો અને શલ્ય પોતે રથ પરથી ગબડીને નીચે પડ્યો.

એ જોઈને પાંડવયોદ્ધાઓના મુખમાંથી ધન્યવાદના ધ્વનિ નીકળી પડ્યા.

ધન્યવાદના એ ધ્વનિથી રોષે ભરાયલા કૌરવયોદ્ધાઓ વીર અભિમન્યુની આજુબાજુ એકઠા થયા ને બાણોની વર્ષા કરવા લાગ્યા.

શલ્ય પોતે પણ અભિમન્યુનો સામનો કરવા તૈયાર થયો.

એ ખૂબ જ ઉશ્કેરાટપૂર્વક લોઢાની ગદા લઈને રથમાંથી ઊતરી પડ્યો.

એને જોઈને ભીમ પણ ગદા સાથે દોડી આવ્યો.

એ બંને વચ્ચે ભયંકર યુદ્ધ ફાટી નીકળ્યું.

ભીમસેને શલ્યની ગદા પર પ્રહાર કરીને એને તોડી પાડી. ત્યારે શલ્યે પણ ભીમની ગદાને ભાંગી નાખી.

તોપણ ખંડિત ગદાઓ સાથેનું એમનું યુદ્ધ ચાલુ જ રહ્યું.

ગદાના મર્મઘાતક પ્રહારથી બંને ઓછાવત્તા પ્રમાણમાં ઘાયલ થયા ને રક્તની ધારાથી રંગાઈ રહ્યા, તોપણ જરા પણ ડર્યા કે ગભરાયા વગર ઉત્સાહપૂર્વક લડતા જ રહ્યા.

ગદાપ્રહારથી ઘાયલ થયેલા એ બંને વીરપુરુષો આખરે એકી સાથે પૃથ્વી પર પછડાઈ પડ્યા.

શલ્યને વિહવળ બનીને પૃથ્વી પર પડેલો જોઈને મહારથી કૃતવર્મા એની પાસે પહોંચ્યો.

મૂર્છિત થયેલા શલ્યને એણે તરત જ પોતાના સુંદર, સ્વસ્થ, સુરક્ષિત, રથમાં બેસાડ્યો, ને રણમાંથી દૂર લઈ જવા માંડ્યો.

ભીમસેન ભાન આવતાં થોડા જ વખતમાં ઊભો થયો.

એ બધું જોઈને કૌરવો ભયભીત બની ગયા.

યુદ્ધભૂમિમાંથી પલાયન થતા એ કૌરવયોદ્ધાઓને દેખીને પાંડવપક્ષના વીરો સિંહનાદો કરવા લાગ્યા, શંખોનો નાદ કરવા લાગ્યા, અને મૃદંગો, ભેરીઓ અને આનકો વગાડવા માંડ્યા.

પાંડવપક્ષના યોદ્ધાઓ મહારથીઓ વિનાના કૌરવસૈન્યની ઉપર તૂટી પડ્યા ત્યારે દ્રોણાચાર્યે એમને હિંમત આપીને નાસભાગ કરતા રોકી દીધા.

લાલ ઘોડાવાળા રથમાં બેઠેલા દ્રોણાચાર્યે એ પછી પાંડવસૈન્યમાં પ્રવેશીને યુધિષ્ઠિર તરફ ધસારો કર્યો.

યુધિષ્ઠિરે કઠોર બાણની વર્ષા દ્વારા દ્રોણનો પ્રતિકાર કરવા માંડ્યો, પરંતુ દ્રોણે એમના ધનુષ્યને કાપી નાખ્યું.

એ વખતે ધૃષ્ટદ્યુમ્નને આગળ આવીને દ્રોણને આગળ વધતા અટકાવી દીધા એને લીધે પાંડવસેનાના યોદ્ધાઓ એને હર્ષનાદ કરીને અભિનંદન આપવા લાગ્યા.

પરંતુ અભિનંદનનો એ હર્ષનાદ શમી જાય તે પહેલાં તો દ્રોણાચાર્યે ધૃષ્ટદ્યુમ્નને ઉપરાઉપરી બાણ મારીને ઘાયલ કર્યો, ને પાંડવસૈન્યની વચ્ચે આવીને ચારે તરફ ફરવા માંડ્યું.

એમણે શિખંડીને બાર, ઉત્તમૌજાને વીસ, નકુલને પાંચ, સહદેવને સાત, યુધિષ્ઠિરને બાર, દ્રૌપદીપુત્રોને ત્રણ, સાત્યકિને પાંચ, અને વિરાટરાજને દસ બાણોથી વીંધી નાખ્યા, અને એ પછી યુધિષ્ઠિરને પકડવાની ઈચ્છાથી પ્રેરાઈને આગળ વધવા માંડ્યુ, એટલે વિરાટ, દ્રુપદ, કૈકયકુમારો, સાત્યકિ, શિબિ, વ્યાઘ્રદત્ત અને સિંહસેન જેવા બીજા કેટલાય યોદ્ધાઓએ એમના માર્ગને બાણોની ઝડી વરસાવીને ઘેરી લીધો.

દ્રોણાચાર્યે એ બાણો મારીને સિંહસેનના કુંડળથી મંડિત મસ્તકને ધડથી અલગ કરી દીધું ને વ્યાઘ્રદત્તનો પણ શિરચ્છેદ કર્યો.

એ પછી એમણે બાણોનો વરસાદ વરસાવીને પાંડવોના સર્વે મહારથીઓને હાંકી કાઢ્યા અને કાળની પેઠે કરાળ બનીને યુધિષ્ઠિરના રથ પ્રતિ પ્રયાણ કર્યું.

કૌરવો હર્ષોન્માદમાં આવીને માનવા માંડ્યા કે યુધિષ્ઠિર દ્રોણાચાર્યના હાથે હમણાં જ પકડાઈ જશે પરંતુ રથના ગડગડાટથી ધરતીને ગજાવી મૂકતો અર્જુન એટલામાં તો આગળ આવીને ઊભો રહ્યો.

એણે દ્રોણાચાર્યના સૈન્યને રોકવા અને વિખેરવા માંડ્યું.

એનાં બાણોથી ધરતી અને આકાશ તથા એની વચ્ચેનો પ્રદેશ ભરાઈ ગયો.

વાતાવરણ બાણથી ભરાઈ ગયું ને બાણમય લાગવા માંડ્યું.

એવી રીતે થોડાક સમય સુધી યુદ્ધ ચાલ્યા પછી સૂર્યાસ્ત થયો એટલે થાકેલાં ને યુદ્ધમાંથી ઉપરામ થયેલાં મનવાળાં પોતપોતાનાં સૈન્યોને અર્જુન તથા દ્રોણાચાર્યે પાછા વાળ્યાં.

સૈન્યો પાછાં વળવા માંડ્યા એટલે અર્જુને દ્રોણને પ્રણામ કરીને કહ્યું:

'વિધિની વિચિત્રતા તો જુઓ કે આપણે એકમેકની સામે લડવું પડે છે. આપણે ગુરુશિષ્ય હોવા છતાં અને એકમેક પ્રત્યે પ્રેમ ધરાવતા હોવા છતાં એકમેકની સામે શસ્ત્રો લઈને ઊભા છીએ એ શું ઓછું આશ્ચર્યકારક છે?'

'એમાં આશ્ચર્યકારક કશું જ નથી, અર્જુન!' દ્રોણાચાર્યે કહ્યું: 'કર્તવ્યના પાલન માટે કોઈવાર શસ્ત્રો લઈને સ્નેહીઓ, ગુરુજનો કે શિષ્યો સાથે લડવું પડે છે પણ ખરું. એવી રીતે યુદ્ધ કરવા છતાં પારસ્પારિક પ્રેમ એવો ને એવો જ રહેતો હોય છે ને રહેવો જોઈએ.'

અર્જુન વધારે કશું ના બોલી શક્યો.

*

સેનાઓ પોતપોતાની છાવણીઓમાં વિશ્રાંતિ માટે ગઈ એટલે દ્રોણાચાર્યે દુર્યોધનને ઉદ્દેશીને ગંભીરતાપૂર્વક જણાવ્યું:

'અર્જુનનું આજનું પરાક્રમ ઘણું અદભુત હતું.'

'મને તો અર્જુન કરતાં તમારું પરાક્રમ ઘણું અદભુત અને અસાધારણ લાગ્યું. અર્જુન ગમે તેવો તોપણ તમારો તો શિષ્ય જ ને? શિષ્ય કાંઈ ગુરુ કરતાં ઉત્તમ ના હોઈ શકે.'

'છતાં પણ અર્જુન શસ્ત્રવિદ્યામાં એટલો બધો કુશળ છે કે વાત નહિ. મોટામોટા મહારથીઓ, દેવો કે સાક્ષાત ઈન્દ્ર પણ એની આગળ નથી ટકી શકે એમ. યુધિષ્ઠિરને પકડવાની મારી ઈચ્છા તો છે પરંતુ એ ઈચ્છા અર્જુનને લીધે જ પૂરી નથી થઈ શકી. યુદ્ધમાં જો અર્જુનને દૂર લઈ જવામાં કે બીજે રોકી રાખવામાં આવે તો પાંડવોની બીજી સેના મારી સામે ના ટકી શકે અને યુધિષ્ઠિરને સહેલાઈથી પકડી શકાય.'

દુર્યોધનને દ્રોણાચાર્યની વાત ગમી જવાથી એણે કહ્યું:

'અર્જુનને યુદ્ધભૂમિમાં એક બાજુએ રોકી રાખવાનું આવશ્યક કામ રાજા ત્રિગર્ત એમની હાથ નીચેના ત્રિગર્તો દ્વારા સહેલાઈથી કરી શકશે. એ પરમ પરાક્રમી છે. એટલે આવતી કાલે યુધિષ્ઠિરને પકડી લેવાનો તમારો સંકલ્પ જરૂર સિદ્ધ થશે.'

ત્રિગર્તરાજા ઉત્સાહપૂર્વક બોલી ઊઠ્યા:

'દ્રોણાચાર્યના સંકલ્પની સિદ્ધિ માટે અમે અમારાથી બનતું બધું જ કરી છૂટીશું. અર્જુનને એના બળનું અભિમાન છે. એને લીધે એ અતિશય ઉન્મત્ત બન્યો છે. એના એ અભિમાનને ચૂર્ણ કરવાની મારામાં ને મારા સૈનિકોમાં પૂરતી શક્તિ છે. યુદ્ધભૂમિમાં એ શક્તિનો પ્રયોગ કરીને અમે અર્જુનનો નાશ કરીશું.'

ત્રિગર્તરાજાના શબ્દો સાંભળીને દુર્યોધન ખૂબ જ પ્રસન્ન થયો.

એણે ત્રિગર્તરાજાને એની હિંમતને માટે ધન્યવાદ આપ્યાં.

ત્રિગર્તરાજાના પાંચ ભાઈઓ-સત્યરથ, સત્યવ્રત, સત્યવર્મા, સત્યેષુ તથા સત્કર્માએ સંગ્રામમાં અર્જુન સાથે લડવાની પ્રતિજ્ઞા કરી.

એ પોતપોતાની સેના સાથે નીકળી પડ્યા.

એમણે પોતાની પૂર્વયોજનાનુસાર અર્જુનને યુદ્ધ માટે આહવાન કર્યું.

એ આહવાનનો અર્જુન અનાદર ના કરી શક્યો. એણે યુધિષ્ઠિરની અનુમતિ માગતા કહ્યું:

'મને કોઈ યુદ્ધ માટે લલકારે છે તો એ લલકારનો મારી સમગ્ર શક્તિથી જવાબ આપું છું. યુદ્ધના આહવાનને પાછું ના ઠેલવાનું મારું વ્રત છે. હું આ અહંકારી ત્રિગર્તોનો સંહાર કરવા માગું છું.'

'પરંતુ અર્જુન, દ્રોણાચાર્યનો આશય કેટલો બધો અમંગલ છે તેની તને ખબર છે. દ્રોણાચાર્ય મહાબળવાન, પરાક્રમી, શસ્ત્રકુશળ અને અમોઘ નિશ્ચયબળવાળા છે. એમણે મને પકડવાનો સંકલ્પ કર્યો છે.' યુધિષ્ઠિર બોલ્યા વિના ના રહી શક્યા.

'એમણે એવો સંકલ્પ કર્યો છે તોપણ એ સંકલ્પ સફળ નહિ થઈ શકે. આજના યુદ્ધમાં પાંચાલપુત્ર સત્યજીત તમારું રક્ષણ કરશે. એ પુરુષસિંહ જીવતો છે ત્યાં સુધી દ્રોણાચાર્યની ઈચ્છા નહિ ફળી શકે. એ દ્રોણાચાર્યનો પૂરેપૂરો પ્રતિકાર કરવાની શક્તિ ધરાવે છે.'

'પરંતુ ભોગજોગે એ યુદ્ધમાં માર્યો જાય તો?'

'એવી શંકા નકામી છે. એ અસાધારણ પરાક્રમી પુરુષસિંહને યુદ્ધમાં કોઈ જ નથી મારી શકે તેમ. છતાં પણ સંજોગોવશાત કોઈ કારણે જો એનું મૃત્યુ થાય તો તમે થોડાક વખતને માટે યુદ્ધ બંધ રાખજો. દ્રોણાચાર્યની શક્તિ અતિશય અસાધારણ હોવાથી તમે બધા એકઠા થઈને પણ એમનો સફળતાપૂર્વક સામનો નહિ કરી શકો.'

'ભલે. અમે એમનો સામનો નહિ કરીએ. પણ તે ક્યાં લગી?'

'જ્યાં સુધી હું ત્રિગર્તોની સાથેનું યુદ્ધ પતાવીને પાછો ના આવું ત્યાં સુધી.'

'સારું.'

યુધિષ્ઠિરની અનુમતિ અને આશિષ લઈને અર્જુન ક્ષુધાર્ત સિંહ જેમ મૃગોના ટોળા તરફ દોડી જાય તેમ ત્રિગર્તો તરફ દોડી ગયો.

ત્રિગર્તો તૈયાર થઈને જ ઊભેલા.

તે બધા એની ઉપર જાતજાતના ને ભાતભાતનાં શસ્ત્રો સાથે તૂટી પડ્યા.

બીજી બાજુએ દ્રોણાચાર્યની આજ્ઞાનુસાર ચાલનારી દુર્યોધનની સેના પણ યુધિષ્ઠિરને કેદ કરવા તૈયાર થઈ.

સેનાઓ વચ્ચે ઘોર યુદ્ધ ફાટી નીકળ્યું.

અર્જુને સુવર્ણથી મઢેલા પોતાના દેવદત્ત નામના શંખને ફૂંકીને એના ઘોષથી દિશાપ્રદિશાને ભરી દીધી.

એના ઘોર શબ્દથી ગભરાયલી ત્રિગર્તોની સેના થોડીકવાર તો કિંકર્તવ્યમૂઢ બનીને જડની પેઠે ઊભી રહી.

એમની જડતા દૂર થતાં એમણે અર્જુન પર બાણવૃષ્ટિ કરવા માંડી.

એ ત્રિગર્તોના હજારો બાણોને અર્જુને માત્ર દસ બાણો મારીને જ તોડી નાખ્યાં.

ત્રિગર્તોએ એથી સહેજ પણ હતાશ થયા સિવાય કૃષ્ણ અને અર્જુનને તીક્ષ્ણ તીરોથી ઢાંકી દીધા.

અર્જુને કેટલાય યોદ્ધાઓને ધરાશાયી કરી દીધા પછી વીર સુધન્વાનું ધનુષ્ય કાપી નાખ્યું અને એના રથના ઘોડાઓને મારી નાખ્યા.

એ પછી શિરસ્ત્રાણ સાથેના એના મસ્તકને પણ ધડ પરથી ગબડાવી પાડ્યું.

વીર સુધન્વા રણમાં પડયો એટલે ત્રિગર્તોની સેના નાસભાગ કરવા લાગી.

એ જોઈને ત્રિગર્તરાજ સુશર્માએ એ સેનાને હિંમત આપી.

એણે કહ્યું:

'આપણે અર્જુન સાથેના યુદ્ધમાંથી કોઈપણ કારણે પાછા ના હઠવાની પ્રતિજ્ઞા કરી છે. એ પ્રતિજ્ઞાને શું ભૂલી ગયા? આવી રીતે કાયરની પેઠે નાસભાગ કરવાથી આપણા યશમાં જરા પણ વધારો નહિ થઈ શકે. માટે મરવું પડે તો તેને માન્ય રાખીને ફરીવાર અર્જુનનો સામનો કરો. એ પરાક્રમી છે તો તમે પણ કાંઈ ઓછા પરાક્રમી તો નથી જ. સુધન્વા માર્યો ગયો છે એ સાચું છે પરંતુ હું હજી જીવતો છું ને તમારે પડખે છું ત્યાં સુધી તમારે હતાશ થવાનું કોઈ કારણ નથી.'

રાજા સુશર્માના શબ્દોથી યોદ્ધાઓ ઉત્સાહમાં આવી ગયા.

એમણે શંખોના નાદ કર્યા, અને એમની નારાયણ અને ગોપાલ નામની ટુકડીઓ મૃત્યુપર્યંત યુદ્ધમેદાનમાંથી પીછેહઠ ના કરવાનો નિર્ણય કરીને યુદ્ધ માટે સજ્જ અને વ્યવસ્થિત બની ગઈ.

એ જોઈને અર્જુને જણાવ્યું:

'કૃષ્ણ, ત્રિગર્તો જ્યાં સુધી જીવતા હશે ત્યાં સુધી યુદ્ધભૂમિને નહિ છોડે. મને લાગે છે કે મૃત્યુ એમને પોકારી રહ્યું છે. એ બધા મારી સાથે લડવા માટે ફરીથી તૈયાર થઈ રહ્યા છે. પરંતુ હરકત નહિ. તમારા શુભાશીર્વાદથી હું એમને ચપટી વગાડતામાં જ રણમાં રોળી નાખીશ. તમારા શુભાશીર્વાદને લીધે હું કોઈનાથી નથી ડરતો.'

યુદ્ધ ફરીથી શરૂ થયું ત્યારે ત્રિગર્તોએ કૃષ્ણ અને અર્જુન બંનેને બાણોથી આચ્છાદિત કરી દીધા.

અર્જુને પણ ક્રોધાયમાન બનીને ગાંડીવ પરથી બાણો પર બાણો છોડવા માંડ્યા.

એણે શત્રુસમૂહનું નિકંદન કાઢનારું વિશ્વકર્મા દેવનું અસ્ત્ર લીધું.

એના પ્રયોગથી જુદાં જુદાં હજારો રૂપો પ્રકટ થયાં.

પોતાની સેનામાં અર્જુનનાં અનેક રૂપો પ્રકટ થયેલાં જોઈને ત્રિગર્તો એકમેકને અર્જુન માનીને અંદરઅંદર જ લડવા લાગ્યાં.

અર્જુને પોતાની ધનુર્વિદ્યાના પ્રભાવથી શત્રુઓના મોટા દળનો નાશ કરી નાખ્યો.

આખીયે યુદ્ધભૂમિ બાણોથી ઢંકાઈ ગઈ.

ઘાયલ થયેલા, ધરતી પર ઢળી પડેલા, ચિત્કારો કરતા, પાણી માટે પોકારો પાડતા તથા મૃત્યુના ભયથી નાસભાગ કરતા યોદ્ધાઓ ચારે તરફ દેખાવા લાગ્યા.

અર્જુનના એ પરાક્રમથી પ્રલયકાળ પાસે આવ્યો હોય એવું લાગવા માંડ્યુ.

મદોન્મત અર્જુને કરેલા ત્રિગર્તોની સેનાના સંહારના સમાચાર સાંભળીને દ્રોણાચાર્યે યુધિષ્ઠિર પર ખૂબ જ જુસ્સાપૂર્વક આક્રમણ કર્યું.

પાંડવપક્ષના યોદ્ધાઓ યુધિષ્ઠિરનું રક્ષણ કરવા માટે દોડી ગયા, અને એવી રીતે ત્યાં પણ ભીષણ યુદ્ધ ફાટી નીકળ્યું.

ધૃષ્ટદ્યુમ્ને યુધિષ્ઠિરને હિંમત આપતાં કહ્યું:

'અર્જુને મને તમારી રક્ષા કરવાનું કામ સોંપ્યું છે તે હું ગમે તેવો મોટો ભોગ આપીને પણ પૂરું કરીશ. હું દ્રોણાચાર્યને સારી પેઠે પહોંચી શકું તેમ છું. અને જ્યાં સુધી જીવતો છું ત્યાં સુધી તે તમને નહિ પકડી શકે. એમની શક્તિ ગમે તેવી અસાધારણ હોય તોપણ એ મને યુદ્ધમાં કદાપિ નહિ જીતી શકે.'

એ પછી બાણોનો વરસાદ વરસાવતો ધૃષ્ટદ્યુમ્ન દ્રોણાચાર્યની સામે ધસી ગયો ત્યારે કાળસમાન કરાળ દેખાતા ધૃષ્ટદ્યુમ્નને દેખીને દ્રોણનું અંતર વજ્ર જેવું કઠોર હોવા છતાં થોડુંક ઉદાસ બની ગયું.

* * *

33. અભિમન્યુનું મૃત્યુ

ધૃષ્ટદ્યુમ્નને દ્રોણાચાર્ય સાથે લડવા આવેલો જોઈને ધૃતરાષ્ટ્ર પુત્ર દુર્મુખ એને આગળ વધતો રોકવા માંડ્યો. એને લીધે એ બંનેની વચ્ચે ઘોર સંઘર્ષ શરૂ થયો.

ધૃષ્ટદ્યુમ્નને પોતાની બાણવર્ષાથી દુર્મુખને ઢાંકી દીધો અને બીજી બાજુએ દ્રોણાચાર્યને પણ રોકી રાખ્યા.

દુર્મુખ પણ ધૃષ્ટદ્યુમ્નનો સામનો કરવા માંડ્યો અને એ પણ બનતી બધી જ શૂરવીરતાપૂર્વક.

એ પરિસ્થિતિનો લાભ લઈને દ્રોણાચાર્યે યુધિષ્ઠિરની સેનાને ઘેરી લીધી.

વાયુ જેવી રીતે વાદળાઓને છિન્નભિન્ન કરી નાંખે છે તેવી રીતે એમણે યુધિષ્ઠિરની સેનાને છિન્નભિન્ન કરી નાખી, ને યુધિષ્ઠિરની ઉપર આક્રમણ કર્યું.

યુધિષ્ઠિરે પોતાની સમગ્ર શક્તિથી પ્રતિ-આક્રમણ કર્યું ત્યારે એમની વિશાળ સેનાના યોદ્ધાઓએ કોલાહલ કરી મૂક્યો.

મહાશૂરવીર સત્યજીત યુધિષ્ઠિરનું રક્ષણ કરવાની આકાંક્ષાથી આગળ આવ્યો એટલે એની અને દ્રોણાચાર્યની વચ્ચે યુદ્ધ થયું.

બંને યોદ્ધાઓ પોતપોતાની યુદ્ધકળાનું પ્રદર્શન કરતા ઘોર યુદ્ધ કરવા લાગ્યા.

સત્યજીતે સુતીક્ષ્ણ બાણો દ્વારા દ્રોણને વીંધી નાખ્યા.

એ પછી પાંચ બાણો મારીને એમના સારથિને મૂર્છિત કર્યો ને બીજાં દસ બાણોથી એમના ઘોડાઓને ઘાયલ કર્યો.

એણે દ્રોણના ધ્વજને પણ છેદી નાખ્યો. પરંતુ દ્રોણ પણ એમ કાંઈ પાછા પડે તેવા ન હતા.

એમણે દસ સુતીક્ષ્ણ બાણોથી સત્યજીતને વીંધી નાખ્યો અને એના ધનુષ્યના બાણ સાથે ટુકડા કરી દીધા.

સત્યજીતે બીજું ધનુષ્ય લઈને દ્રોણ પર ત્રીસ બાણોનો પ્રહાર કર્યો.

સત્યજીતનું પરાક્રમ દ્રોણ કરતાં વધારે જોઈને પાંડવસેના પ્રસન્નતાને પ્રકટ કરતાં નાચવા લાગી.

એથી દુભાયલા કે ક્રોધે ભરાયલા દ્રોણાચાર્યે સત્યજીતનો સંહાર કરવાના આશયથી કાળરૂપ ધારણ કર્યું, ને અર્ધચંદ્રાકાર બાણ છોડીને એનું મસ્તક કાપી નાખ્યું.

સત્યજીતનો નાશ થયેલો જોઈને યુધિષ્ઠિર રથ દોડાવીને દૂર નાસી ગયા, પરંતુ પાંડવપક્ષના બીજા યોદ્ધાઓ દ્રોણ પર તૂટી પડ્યા. વિરાટરાજાનો નાનો ભાઈ શતાનીક એ યોદ્ધાઓમાં મુખ્ય હતો.

એણે છ બાણો મારીને દ્રોણને અને દ્રોણના સારથિ તથા ઘોડાઓને ઘાયલ કર્યા.

પરંતુ એ કશુંક વિશેષ પરાક્રમ કરી બતાવે એ પહેલાં તો દ્રોણે ક્ષુરજાતિના એક અમોઘ બાણથી એના કુંડળ સાથેના મસ્તકને ધડથી અલગ કરી દીધું.

એ જોઈને મત્સ્યયોદ્ધાઓ ત્યાંથી નાસી છૂટ્યા એટલે દ્રોણે ચેદિ, કરૂષ, કેકય, પાંચાલ, સૃંજય અને પાંડવપક્ષના બીજા વીર યોદ્ધાઓને જીતવા માંડ્યા.

ઉત્તમ ધનુષ્ય પરથી સત્વર બાણો છોડતા, શત્રુઓનો સંહાર કરતા, દ્રોણાચાર્યની પ્રત્યંચાનો ટંકાર સર્વે દિશાઓમાં સંભળાવા લાગ્યો.

શત્રુઓને ભય પમાડતા અને મિત્રોને અભય અપાવતા એ આચાર્યે પાંડવસૈન્યમાં સંક્ષોભ પેદા કરતાં ચારે તરફ ફરવા માંડ્યું.

કાળની પેઠે શત્રુઓનો સંહાર કરી રહેલા દ્રોણાચાર્યની ઉપર યુધિષ્ઠિર જેવા યોદ્ધાઓ ચઢી આવ્યા.

એમણે એકત્ર થઈને એમને ચારે બાજુથી ઘેરી લીધા.

શિખંડીએ મહાશૂરવીર આચાર્ય પર પાંચ, ક્ષેત્રવર્માએ વીસ, વસુદાએ પાંચ, ઉત્તમૌજાએ સાઠ, યુધિષ્ઠિરે બાર, ધૃષ્ટદ્યુમ્ને દસ, અને ચેકિતાને ત્રણ બાણોનો પ્રહાર કર્યો, એટલે દ્રોણાચાર્યે મદોન્મત્ત હાથીની પેઠે આગળ વધીને દૃઢસેનને રણમાં સુવાડી દીધો, ક્ષેમરાજાને નવ બાણોથી મૃત્યુના મુખમાં મોકલી દીધો, ને યુધિષ્ઠિર તરફ પ્રયાણ કર્યું.

યુધિષ્ઠિર દ્રોણનું પરાક્રમ જોઈને એ વખતે પણ નાસી ગયા ત્યારે દ્રોણે પાંચાલ્ય નામના યોદ્ધાને મારી નાખ્યો ને સાત્યકિ, ચેકિતાન, શિખંડી, સેનાબિંદુ તથા બીજા યોદ્ધાઓ તેમ જ રાજાઓને જીતી લીધા.

એમનો પ્રતિકાર કરવાની શક્તિ જાણે કે કોઈનામાં ના રહી.

એ જોઈને દુર્યોધન અતિશય આનંદમાં આવી ગયો.

એણે કર્ણની પાસે પહોંચીને કહ્યું:

'હવે આપણો વિજય નક્કી છે. દ્રોણાચાર્ય અસાધારણ પરાક્રમ બતાવી રહ્યા છે. એમનો સફળતાપૂર્વક સામનો કરે એવું પાંડવસેનામાં કોઈ જ નથી. ભીષ્મ પિતામહ યુદ્ધભૂમિમાં ઢળી પડ્યા ત્યારથી મારું મન ચિંતાતુર બની ગયેલું. મારી ચિંતાનો પાર નહતો. પરંતુ દ્રોણાચાર્યે રંગ રાખ્યો. એમનું અસાધારણ પરાક્રમ જોઈને મારી ચિંતા ટળી ગઈ છે ને મારું અંતર ઉત્સાહિત બની ગયું છે. ભીમ સૌને ભય પમાડે છે છતાં આજે એકલો પડી ગયો છે. એના વદન પર વિષાદનાં વાદળ ફરી વળ્યા છે.'

કર્ણે કહ્યું:

'દુર્યોધન, દ્રોણાચાર્યનું પરાક્રમ ઘણું ભારે છે, એમણે પાંડવોની સેનામાં હાહાકાર મચાવી દીધો છે. એમના પરાક્રમની આગળ કોઈપણ નથી ટકી શકે તેમ. એ પરાક્રમથી પ્રસન્નતા થાય એ સાવ સ્વાભાવિક છે. પરંતુ પાંડવસેનામાં જ્યાં સુધી ભીમ છે ત્યાં સુધી આપણે ખૂબ જ સાવધાન રહેવું પડશે. ભીમ અને બીજા પાંડવો ભૂતકાળના કટુ અનુભવોને યાદ કરીને જીવનના છેલ્લા શ્વાસ સુધી લડવાનું કે વેર વાળવાનું નહિ છોડે. માટે એમની વૃત્તિ અને શક્તિ વિશે સંભ્રમ કે શંકામાં રહેવું બરાબર નથી.'

દુર્યોધન ચિંતારહિત રહીને બોલ્યો:

'દ્રોણાચાર્યની શક્તિ ખરેખર અનંત છે એટલે ભીમ તથા બીજા પાંડવયોદ્ધાઓ એમના પર વિજય નહિ મેળવી શકે. છતાં પણ કાલે ઊઠીને કદાચ દ્રોણ પણ ઢળી પડે તોપણ તું મારી સાથે છે ને જીવતો છે ત્યાં સુધી મને ચિંતા નથી. કોઈ મારો વાળ પણ વાંકો નથી કરી શકે તેમ.'

કર્ણ થોડીકવાર શાંત રહ્યો ને પછી બોલ્યો:

'યુદ્ધમાં તારે પડખે ઊભા રહેવાની ને તને બનતી બધી જ રીતે મદદ કરવાની મારી પ્રતિજ્ઞા તો હું પાળીશ જ. મારા શરીરમાં પ્રાણ હશે ત્યાં સુધી તને ઊની આંચ નહિ આવવા દઉં. પાંડવો મને કાળ જેવો માને છે. એ માન્યતાને સાચી પાડતાં હું એમનો કચ્ચરઘાણ કાઢી નાખીશ. પરંતુ અત્યારે તો દ્રોણ એકલે હાથે લડીને શત્રુને શુરાતન દાખવી રહ્યા છે. એમને માથે ઘણી મોટી જવાબદારી છે અને એ જવાબદારીને એ એકલે હાથે જ વહી રહ્યા છે. એમને વિશેષ પરિશ્રમ ના પડે એટલા માટે આપણે એમને પડખે ઊભા રહીને એમને બનતી બધી જ રીતે મદદરૂપ થઈએ એ આવશ્યક છે. એમને કશું નુકશાન ના પહોંચે એ જોવાની આપણી ફરજ છે.'

દુર્યોધનને કર્ણની વાત ઘણી ગમી ગઈ.

એણે કર્ણની સાથે વિચારવિનિમય કરીને દ્રોણાચાર્યની રક્ષા કરવાની યોજના ઘડી કાઢી.

યુદ્ધનો ફરીવાર પ્રારંભ થયો ત્યારે દુર્યોધન દ્રોણાચાર્યની રક્ષા કરવાના આશયથી પોતાના ભાઈઓની સાથે દ્રોણાચાર્યના રથ પાસે જઈ પહોંચ્યા.

પાંડવપક્ષના યોદ્ધાઓ પણ ભાતભાતનાં શસ્ત્રોને ધારણ કરીને વિવિધરંગી ઘોડાઓ પર અને રથોમાં સવાર થઈને દ્રોણાચાર્યનો નાશ કરવાની ઈચ્છાથી આવી પહોંચ્યા.

બંને સેનાઓ વચ્ચે ઘોર યુદ્ધ ફાટી નીકળ્યું.

દિવસો સુધી ચાલેલા એ પ્રલંયકર મહાવિનાશકારક યુદ્ધમાં હજારો વીરોનો સંહાર થયો ને યુદ્ધભૂમિમાં લોહીની નદીઓ વહેવા લાગી.

એ ભયંકર યુદ્ધમાં અર્જુને કૃષ્ણના પથપ્રદર્શન પ્રમાણે પાંડવસેનાને પોતાના અસાધારણ પરાક્રમથી ચિંતાતુર કરી રહેલા રાજા ભગદત્તાનો નાશ કર્યો.

સુવર્ણની સુંદર માળાથી સુશોભિત શરીરવાળો ભગદત્ત અર્જુનનાં બાણોથી નિર્જીવ બનીને પર્વતસમાન ઉચ્ચ તેમ જ સુદૃઢ હાથી પરથી ચિત્કાર કરતો ધરતી પર ઢળી પડ્યો.

એ અને એવા બીજા મહત્વના વિજયોથી પાંડવસેના હરખમાં ડૂબી ગઈ પરંતુ એ હરખ સ્થાયી નહિ પણ અસ્થાયી અથવા ચિરંજીવીને બદલે ક્ષણજીવી નીવડ્યો.

પાંડવપક્ષે પણ અનેક અસાધારણ યોદ્ધાઓ મૃત્યુના મુખમાં મળી ગયાં.

અશ્વત્થામાએ નીલરાજાના ધનુષ્ય, ધ્વજ તથા છત્રનો નાશ કર્યો ત્યારે એ પ્રતાપી વીર રાજા હાથમાં ઢાલ તથા તલવાર લઈને રથ પરથી નીચે કૂદી પડીને અશ્વત્થામાના મસ્તકને ધડથી અલગ કરવા તૈયાર થયો. પરંતુ એનો પરિશ્રમ સફળ થાય તે પહેલાં તો અશ્વત્થામાએ નીલરાજાના ઊંચી નાસિકાવાળા, કુંડળયુક્ત મસ્તકને ધડથી જુદું પાડી દીધું. એથી પાંડવસેનામાં સર્વત્ર હાહાકાર થઈ રહ્યો.

એથી ઉત્સાહિત થઈને દ્રોણાચાર્યે ચક્રવ્યૂહની રચના કરી. અને એમાં અનેક પરાક્રમી રાજાઓ તથા યોદ્ધાઓને ગોઠવી દીધા.

એ યોદ્ધાઓએ લાલ વસ્ત્રો અને લાલ આભૂષણો ધારણ કરેલાં.

એ પરમ પરાક્રમી દસ હજાર યોદ્ધાઓ મૃત્યુના લેશ પણ ભય વિના ઊભા રહ્યા ત્યારે સંશપ્તકોની ટુકડીઓએ પોતાની પૂર્વયોજનાનુસાર, અર્જુનને યુદ્ધ માટે આહવાન કર્યું.

એ આહવાનને ઝીલીને અર્જુન એમની સાથે લડવા ગયો એટલે યુધિષ્ઠિર અને ભીમની સૂચનાનુસાર અભિમન્યુએ કૌરવોના ચક્રવ્યૂહમાં પ્રવેશ કર્યો.

એણે કહ્યું તો ખરું કે મને ચક્રવ્યૂહમાં પ્રવેશ કરતાં તો આવડે છે પરંતુ એમાંથી બહાર નીકળતાં નથી આવડતું, પરંતુ ભીમે તથા યુધિષ્ઠિરે એને એવું કહીને પ્રોત્સાહન આપ્યું કે તું એકવાર ચક્રવ્યૂહમાં પ્રવેશીશ એટલે તારી પાછળ પાછળ પ્રવેશીને અમે બધા જ યોદ્ધાઓને મારી નાખીશું એટલે તને બહાર નીકળતાં નહિ આવડતું હોય તોપણ ચાલશે.

એને લીધે અભિમન્યુએ ચક્રવ્યૂહમાં પ્રવેશ કર્યો.

વ્યૂહમાં પ્રવેશતાં પહેલાં એના સારથિ સુમિત્રે કહ્યું:

'આચાર્ય દ્રોણ અતિપરાક્રમી અને કુશળ છે. એમની સરખામણીમાં તમે હજુ બાળક છો. માટે જે કરો તે પૂરતા વિચાર પછી જ કરજો. તમારા માથા પર પાંડવોએ મોટી જવાબદારી નાખેલી છે.'

અભિમન્યુ બોલી ઊઠ્યો:

'એ જવાબદારીને હું સારી પેઠે સમજી શકું છું. હું ઉંમરમાં નાનો હોવા છતાં મોટા મોટા મહારથીઓનું પણ માનમર્દન કરી શકું તેમ છું. ઈન્દ્ર અને રુદ્ર તો શું પરંતુ મારા મામા કૃષ્ણ કે મારા પિતા અર્જુન મારી સાથે લડવા આવે તો એમને પણ હું હરાવી શકું તેમ છું. મને એમનો પણ ભય નથી લાગતો તો પછી આ કૌરવોનો શો હિસાબ છે? માટે જરા પણ ભયભીત થયા વિના આગળ વધ.'

સિંહનો બાળક હાથીઓ પર ચઢી આવે તેમ અભિમન્યુ દ્રોણાચાર્ય તથા બીજા મહારથીઓ પર ચઢી આવ્યો.

સુવર્ણના કવચવાળા એ અભિમન્યુનો ઉત્સાહ અદભુત હતો.

દ્રોણ અને બીજા કૌરવયોદ્ધાઓ એની સામે થયા અને એવી રીતે જોતજોતામાં દારુણ યુદ્ધ ફાટી નીકળ્યું.

અભિમન્યુએ વ્યૂહને ભેદી નાખીને પ્રવેશ કર્યો.

એને દ્રોણાચાર્યની દિશામાંથી અંદર પ્રવેશેલો જોઈને કૌરવયોદ્ધાઓ એની ઉપર તૂટી પડ્યા.

અભિમન્યુ એમનાથી લેશપણ ગભરાયા કે ડર્યા વિના એમની ઉપર બાણોની ભયંકર વૃષ્ટિ કરવા લાગ્યો.

એ વૃષ્ટિને લીધે કેટલાય બેહોશ બન્યા, કેટલાય ઘાયલ થયા, તો કેટલાય મૃત્યુ પામ્યા.

યુદ્ધની વિશાળ અને ભયંકર ભૂમિ લોહીથી ખરડાયેલા ધડો તથા મસ્તકોથી ભરાઈ ગઈ.

અભિમન્યુના પરાક્રમ આગળ કૌરવોની સેના ના ટકી શકી.

મોટા ભાગની સેના રણમાંથી હાથી અને ઘોડા દોડાવીને પાછી હઠવા લાગી.

એ દેખીને ક્રોધે ભરાયેલો દુર્યોધન અભિમન્યુનો સામનો કરવા માટે આવી પહોંચ્યો.

દુર્યોધનનું રક્ષણ કરવા માટે આવી પહોંચેલા દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, અશ્વત્થામા, કર્મ, કૃતવર્મા, શકુનિ, મદ્રરાજ, ભૂરિશ્રવા અને બીજા યોદ્ધાઓ અભિમન્યુને ચારે તરફથી ઘેરી વળીને એના પર બાણોનો પ્રહાર કરવા લાગ્યા.

અભિમન્યુએ દસ બાણો મારીને વીર અશ્મકેશ્વરને મારી નાખ્યો ત્યારે તો કૌરવોની સમસ્ત સેના ખળભળી ઊઠી.

અભિમન્યુએ એક અસાધારણ બાણના પ્રયોગથી કર્ણના કવચ અને શરીરને ભેદી નાખ્યું એ જોઈને સૌના વિસ્મયનો પાર ના રહ્યો.

એણે ઉપરાઉપરી બાણો મારીને રાજા શલ્યને વીંધી નાખ્યો અને રથની બેઠક પર જ બેહોશ કરી દીધો.

એ જોઈને કૌરવોની કેટલીક સેના દ્રોણાચાર્યના દેખતાં જ નાસવા લાગી.

એ વખતે શલ્યનો નાનો ભાઈ એની સામે યુદ્ધ કરવા અને એવી રીતે પોતાના મોટા ભાઈના મૃત્યુનું વેર લેવા દોડી આવ્યો.

એણે અભિમન્યુને દસ બાણો માર્યા પરંતુ એના બદલામાં અભિમન્યુએ સંખ્યાબંધ બાણો મારીને એના મસ્તકને, કંઠને, હાથને, પગને, ધનુષ્યને, ઘોડાઓને, છત્રને, ધ્વજ, સારથિ તથા ભાથાને નષ્ટ કરીને એનો પોતાનો પણ નાશ કરી નાખ્યો.

શલ્યનો નાનો ભાઈ એવી રીતે રણમાં રોળાયો ત્યારે એના મદોન્મત સૈનિકો અભિમન્યુ પર ચઢી આવ્યા પરંતુ અભિમન્યુએ કૃષ્ણ અને અર્જુન પાસેથી પ્રાપ્ત કરેલાં અસ્ત્રોના પ્રયોગથી એમને હતપ્રભ કરીને જીતી લીધા.

એ દેખીને દુર્યોધનની ચિંતાને પાર ના રહ્યો ત્યારે દુઃશાસને એને જણાવ્યું:

'અભિમન્યુનું પરાક્રમ ગમે તેવું અસાધારણ હશે તોપણ મને ખાતરી છે કે મારે હાથે જ એનો નાશ થશે. રાહુ જેમ સૂર્યને ગળી જાય છે તેમ એ સુભદ્રાપુત્રને પાંડવો તેમ જ પાંચાલોના દેખતાં ગળી જઈશ. અભિમન્યુનું મરણ થશે એટલે કૃષ્ણ, અર્જુન અને બીજા પાંડવયોદ્ધાઓ નિરાશ થઈને એમની મેળે જ મરણ પામશે.'

દુઃશાસને અભિમન્યુની સામે બાણોનો વરસાદ વરસાવવા માંડ્યો ત્યારે એ બંનેની વચ્ચે ભીષણ યુદ્ધ ફાટી નીકળ્યું.

અભિમન્યુએ ક્રોધાવેશમાં કહ્યું:

'દુઃશાસન, આજે તારો કાળ જ આવી પહોંચ્યો છે. આજે હું તને સારી પેઠે શિક્ષા કરીશ. તે પહેલાં કૌરવોસભામાં રાજા ધૃતરાષ્ટ્ર સાંભળતાં ધર્મરાજ યુધિષ્ઠિરને કઠોર વાક્યોથી કોપાવ્યા કે દુઃખી કર્યા છે તેમ જ વિજયથી ઉન્મત્ત થઈને ભીમને પણ અનુચિત વચનો કહ્યાં છે. શકુનિના કપટદ્યૂતમાં તારો પણ સહયોગ હતો. દ્રૌપદીની સાથે તેં દુર્વ્યવહાર કરેલો ને દુર્યોધનને પરધનનું હરણ કરવા માટે ઉત્સાહિત કરેલો. તારા એ ભયંકર દુષ્કર્મોનો દંડ ભોગવવા માટે તૈયાર થઈ જા. હું તને એ સૌનો દંડ આપવા માટે આવી પહોંચ્યો છું.'

એમ કહીને અભિમન્યુએ દુઃશાસનને બાણ માર્યું.

એથી દુઃશાસન ગળાના ભાગમાં ઘાયલ થયો.

અભિમન્યુએ એને બીજા પચીસ બાણ માર્યા, એથી એ એકદમ વીંધાઈ ગયો ને બેહોશ બન્યો.

સારથિ એને યુદ્ધભૂમિમાંથી સત્વર બહાર લઈ ગયો.

એ જોઈને પાંડવોની સેના પ્રસન્ન થઈ ને દુર્યોધન દુઃખી થયો.

એના દુઃખને દૂર કરવા કર્ણ આગળ આવ્યો ને અભિમન્યુ પર બાણોનો વરસાદ વરસાવવા લાગ્યો, છતાં પણ અભિમન્યુ હિંમત હાર્યા વગર લડતો જ રહ્યો.

એણે કર્ણના ધ્વજ, છત્ર તથા સારથિને વીંધી નાખ્યાં ને પરશુરામના પ્રતાપી શિષ્ય કર્ણને પણ વ્યાકુળ કરી દીધો.

એ પછી એણે કર્ણના નાના ભાઈના મસ્તકને છેદી નાખ્યું.

એનાં તીખાં તમતમતાં તીરોના પ્રહારને સહન ના કરી શકવાથી કર્ણ વાયુવેગી ઘોડાઓને દોડાવીને રણમાંથી નાસી ગયો.

અભિમન્યુએ જાણે કે આખી કૌરવસેનાને જીતી લીધી.

દુર્યોધનના પુત્ર લક્ષ્મણ તથા બૃહદબલને પણ એણે બીજા નાનામોટા અનેક યોદ્ધાઓની સાથે યમસદન પહોંચાડી દીધા.

એ પછી કર્ણને એણે જુદાં જુદાં બાણોનો પ્રહાર કરીને રક્તથી રંગી દીધો ને કર્ણે પણ એને એવી જ રીતે ઘાયલ કરીને લોહીનીગળતો કરી દીધો.

કર્ણે દ્રોણની સૂચના પ્રમાણે બાણો ફેંકીને અભિમન્યુના ધનુષ્યને કાપી નાખ્યું.

તે વખતે ભોજે એના અશ્વોને અને કૃપાચાર્યે એના સારથિને અને બંને પૃષ્ઠરક્ષકોને મારી નાખ્યાં.

કપાયલા ધનુષ્યવાળા એ વીર અભિમન્યુને છ મહારથીઓ ઘેરી વળ્યા.

એમણે એને રથહીન કરીને એના પર બાણોની વૃષ્ટિ કરવા માંડી.

એવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ અભિમન્યુ હિંમત હારવાને બદલે ઢાલ તથા તલવાર લઈને કૂદી પડ્યો.

દ્રોણાચાર્યે એક બાણ મારીને એની મણિમય મઢવાળી તલવારને ને કર્ણે એની ઢાલને તોડી પાડી, ત્યારે અભિમન્યુ ચક્ર લઈને દ્રોણ સામે દોડી ગયો.

કૌરવયોદ્ધાઓએ એ ચક્રના ટુકડેટુકડા કરી નાખ્યા ત્યારે એણે ગદા લીધી અને અશ્વત્થામાને મારી.

અશ્વત્થામા અગમચેતી વાપરીને ખસી ગયો એટલે એ ગદાએ અશ્વત્થામાના બે અશ્વો, પૃષ્ઠરક્ષકો અને સારથિનો નાશ કરી નાખ્યો. એ ઉપરાંત એણે બીજા કેટલાય યોદ્ધાઓને મારી નાખ્યા.

એણે દુઃશાસનના પુત્રના રથનો ઘોડાઓ સાથે નાશ કરી નાખ્યો એટલે દુઃશાસનના પુત્રે ગદા લઈને એની સાથે લડવા માંડ્યું.

લડતાં લડતાં બંને પડી ગયા ત્યારે દુઃશાશનના પુત્રે વખત વરતીને અભિમન્યુના મસ્તક પર પ્રહાર કર્યો.

ગદાના એ પ્રહારથી અભિમન્યુ મૂર્છિત થઈને ધરતી પર ઢળી પડ્યો ત્યારે કૌરવ યોદ્ધાઓએ એને ભેગા થઈને મારી નાખ્યો.

* * *

૩૪. અર્જુનની પ્રતિજ્ઞા

હજારો વીર યુદ્ધકુશળ યોદ્ધાઓનો એકલે હાથે વિનાશ કરનાર અભિમન્યુના ઉજ્જવળ જીવનનો એમ એકાએક અંત આવ્યો એટલે કૌરવો રાજી થયા, પરંતુ પાંડવસેનામાં ઊંડો શોક છવાઈ ગયો.

અભિમન્યુનું મરણ સૌને માટે વજ્રપાત જેવું ભયંકર થઈ પડ્યું.

સૌ યોદ્ધાઓ અથવા મહારથીઓ પોતપોતાનાં કવચ કાઢીને યુધિષ્ઠિરની આજુબાજુ વિષાદમગ્ન મુખે બેસી ગયા ત્યારે યુધિષ્ઠિરનું હૈયું હાથમાં ના રહ્યું અને એ બોલી ઊઠ્યા:

'કેસરી સિંહ જેમ કોઈ પણ પ્રકારના સંકોચ વિના ગાયોનાં ટોળામાં પ્રવેશ કરે તેમ વીર અભિમન્યુએ દ્રોણાચાર્યના દુર્ભેદ્ય વ્યૂહને ભેદીને કૌરવસેનામાં પ્રવેશ કરેલો. એણે પોતાના પ્રખર પરાક્રમથી પોતાનો સામનો કરવા આવેલા મોટામોટા મહારથીઓ તથા પરાક્રમીઓને કોઈ પણ પ્રકારના વિશેષ પરિશ્રમ વિના જ પરાસ્ત કરેલા. એ વીર અભિમન્યુ મરણ પામ્યો છે એથી મારી પીડાનો પાર નથી રહ્યો. મને ખબર નહિ કે રાજ્ય મેળવવાની ઈચ્છાથી થયેલા યુદ્ધમાં આપણે આવા મહામૂલ્યવાન ભોગ આપવા પડશે, નહિ તો હું યુદ્ધનો આધાર જ ના લેત. પરંતુ હવે શું થાય?'

થોડીક વાર સુધી શાંત રહીને એ ફરીવાર કહેવા માંડ્યા:

'અભિમન્યુના મૃત્યુના અમંગલ સમાચાર સાંભળીને અર્જુન અને સુભદ્રાના દિલની દશા કેવી થશે? એ સમાચાર એમનાથી કેવી રીતે સહી શકાશે? અર્જુનને માટે એ સમાચાર દુઃખદ કે શોકદાયક તો થઈ જ પડશે પરંતુ એના ક્રોધને પણ પરાકાષ્ઠાએ પહોંચાડશે. એનો ક્રોધ કૌરવોને માટે અત્યંત અશુભ થઈ પડશે. અભિમન્યુના મૃત્યુમાં હું જ મોટામાં મોટા કારણરૂપ છું. મેં જ જો યુદ્ધ કરવાની ના પાડી હોત તો આવું ભયંકર પરિણામ ના આવત. હવે તો વિશેષ શોક કર્યા વિના આ યુદ્ધને છેવટ સુધી લડી લેવું જ બરાબર છે. એવું કરવાથી જ અભિમન્યુને સાચી અંજલિ આપી શકાશે.'

યુદ્ધમાં શત્રુઓને પોતાના પરાક્રમનો પરચો બતાવીને છાવણીમાં પાછા આવેલા અર્જુને અભિમન્યુના મૃત્યુના સમાચાર સાંભળીને અતિશય શોક કરવા માંડ્યો.

અભિમન્યુની પાસે પહોંચ્યા પછી તો એ છાતીફાટ રુદન કરવા લાગ્યો.

એ રુદન ખરેખર હૃદયભેદક હતું.

એથી દિશાઓ પણ દ્રવી ગઈ ને કૃષ્ણ તથા પાંડવપક્ષના બીજા યોદ્ધાઓનાં હૃદય રડવા માંડ્યા.

લાંબે વખતે અર્જુન જરાક સ્વસ્થ થઈને બોલી ઊઠ્યો:

'જયદ્રથે કુટિલતાપૂર્વક આપણા યોદ્ધાઓને રણમાં રોકી રાખ્યા. અને એ પરિસ્થિતિનો લાભ લઈને કૌરવોના મહારથીઓએ અભિમન્યુને ઘેરી લીધો ને દુઃશાસનના પુત્રે એનો નાશ કર્યો એ જાણીને મારું અંતર ઊકળી ઊઠયું છે. જયદ્રથની એ કુચાલને યાદ કરીને હું પ્રતિજ્ઞા કરું છું કે આવતી કાલે સાંજે યુદ્ધ બંધ પડતાં પહેલાં જયદ્રથને જરૂર મારી નાખીશ. એ કોઈ કારણે કદાચ મારા હાથે નહિ મરે તો હું પોતે અગ્નિપ્રવેશ કરીને મારા શરીરને શાંત કરીશ. મારી આ પ્રતિજ્ઞા અફર છે અને એમાંથી મને કોઈ જ નહિ ચળાવી શકે. જયદ્રથને બચાવવાની ઈચ્છાથી આવતી કાલના યુદ્ધમાં મારો સામનો દ્રોણાચાર્ય, કૃપાચાર્ય કે કૃતાંત કાળ

કરશે તો એમનો પણ નાશ કરીશ. એનું રક્ષણ હવે કોઈ જ નહિ કરી શકે. એનો નાશ કરીશ ત્યારે જ મને શાંતિ વળશે, અને એ પછી કૌરવોના સઘળા યોદ્ધાઓનો સંહાર કરી નાખીશ. અભિમન્યુના મૃત્યુથી યુદ્ધનો મારો જુસ્સો ઠંડો પડી જશે એવું માનતા હોય તો કૌરવો ભંયકર ભૂલ કરી રહ્યા છે. એ જુસ્સો ઠંડો પડવાને બદલે વધારે પ્રબળ બન્યો છે.'

અર્જુન થોડેક શાંત રહીને બોલી ઊઠ્યો:

'જયદ્રથ પોતાના પ્રાણની રક્ષા માટે કાલે રસાતળમાં જશે, પાતાળમાં પ્રવેશશે, દેવનગરમાં દાખલ થશે, ગંધર્વલોકમાં ભરાશે, કે બીજે ક્યાંય પણ સંતાશે, તોપણ નહિ બચી શકે. એ જ્યાં પણ હશે ત્યાંથી પકડી લાવીને એનો નાશ કરીશ. એના શિરને હું આવતી કાલે સાંજ સુધીમાં સો બાણોથી છેદી નાખીશ.'

અર્જુને એવી પ્રતિજ્ઞા કરીને પોતાનો દેવદત્ત નામનો શંખ વગાડ્યો, અને એને ઉત્સાહ અથવા આનંદ આપવા કૃષ્ણે પાંચજન્ય શંખનો નાદ કર્યો.

એમની પાછળ હજારો પાંડવયોદ્ધાઓએ શંખનાદ કર્યા તેમ જ વાદ્યો વગાડવા માંડ્યા.

એમનો ઘોષ દિશાપ્રદિશામાં ફરી વળ્યો.

એ ઘોષને સાંભળીને કૌરવોને ખૂબ જ આશ્ચર્ય થયું.

થોડા જ વખતમાં એમણે પોતાના ગુપ્તચરો દ્વારા બધી માહિતી મેળવી ત્યારે એમના હોશકોશ ઊડી ગયા.

જયદ્રથ તદ્દન નિરુત્સાહ બની ગયો, દુઃખમાં ડૂબી ગયો, ને લાંબા વખતે બોલ્યો:

'અર્જુનની પ્રતિજ્ઞા ખરેખર દુઃખદ છે. એ પ્રતિજ્ઞાને એ પાળશે જ. એના પરાક્રમને હું જાણું છું. એણે એ પરાક્રમનો ભોગ મને બનાવવા ધાર્યો છે એ જાણીને મારો ઉત્સાહ ઓસરી ગયો છે. મને તો થાય છે કે ક્યાંક એકાંતમાં જઈને બેસી જઉં કે હવે યુદ્ધ કરવાનું પડતું મૂકીને ઘરભેગો જ થઈ જઉં.'

એ સાંભળીને દુર્યોધન બોલ્યો:

'તમે રાજા છો તથા સ્વભાવથી જ શૂરવીર છો છતાં પણ આવી રીતે હતાશ થાઓ છો તે શું ઉચિત છે? અર્જુને જે પ્રતિજ્ઞા કરી છે તે તો ક્રોધના આવેગમાં કરેલી છે. તેને વધારે પડતું મહત્વ ના આપતા. એની પ્રતિજ્ઞા સ્વપ્ને પણ પૂરી નહિ થઈ શકે. એ પોતાને પરમ પરાક્રમી કહેવડાવે છે તો તમે પણ ક્યાં ઓછા પરાક્રમી છો? યુદ્ધમાં તમારો સામનો અર્જુન, ભીમ, યુધિષ્ઠિર કે બીજું કોઈ પણ નથી કરી શકે તેમ. તમે એકલા જ એ ત્રણેને હરાવી શકો તેમ છો તો આ તો અમે તમારી સાથે છીએ. માટે તમારે જરા પણ ભય નથી પામવા જેવું.'

દુર્યોધને જયદ્રથને બીજી ઘણી રીતે ઉત્સાહ આપ્યો એથી જયદ્રથની ચિંતા થોડીક ઓછી થઈ. તોપણ એ પૂર્વવત્ પ્રસન્ન તો ના જ થઈ શક્યો.

એ દુર્યોધનને લઈને તે રાતે દ્રોણાચાર્ય પાસે ગયો.

દ્રોણાચાર્ય બધી વાતથી વાકેફ હતા.

એમણે એને આશ્વાસન આપ્યું એટલે એણે પૂછ્યું:

'લક્ષ્યને વીંધવામાં, ભેદવામાં, ઝડપથી બાણ ફેંકવામાં અને દૂરના નિશાનને પાડી નાખવામાં મારી અને અર્જુનની શક્તિ એકસરખી છે કે એ શક્તિમાં કશો ભેદ છે? તમે અમારા બંનેના વિદ્યાગુરુ હોવાથી અમારી વિશેષતાઓ, લાક્ષણિકતાઓ તથા ત્રુટિઓને સારી રીતે સમજી શકો એવા વિશ્વાસથી જ આ પ્રશ્ન પૂછી રહ્યો છું.'

દ્રોણાચાર્યે જયદ્રથના પ્રશ્નના ઉત્તરમાં કહ્યું:

'તમે બંનેએ મારી પાસે જ અભ્યાસ કર્યો છે એ સાચું છે પરંતુ એ પણ એટલું જ સાચું છે કે અર્જુન તારા કરતાં ધનુર્વિદ્યામાં વધારે કુશળ છે.'

'તો પછી એણે કરેલી પ્રતિજ્ઞાનું શું?'

'એ પ્રતિજ્ઞા ખૂબ જ ભયંકર હોવા છતાં પણ તારે એથી ભય પામવાનું કારણ નથી.'

'કારણ?'

'એનું મોટામાં મોટું કારણ એ છે કે હું તારી સાથે છું. મારાથી રક્ષિત પુરુષને પરાજિત કરવાની શક્તિ કોઈનામાં નથી. આવતી કાલે યુદ્ધમાં હું તારું પૂરેપૂરું રક્ષણ કરીશ અને એવી તો સુંદર વ્યૂહરચના કરીશ કે અર્જુન સહેજ પણ નહિ ફાવી શકે. તું સ્વધર્મનું પાલન કરતાં મન મૂકીને યુદ્ધ કર એ જ હિતાવહ છે. ક્ષત્રિયો કદી યુદ્ધથી ડરતા નથી. એમને માટે યુદ્ધ મંગલમય મહોત્સવરૂપ હોય છે. એવા યુદ્ધમાં કદાચ મરવું પડે તોપણ શું? એવું મરણ મોટામોટા મહારથીઓને પણ ઈર્ષા ઉપજાવે તેવું તથા દેવોને દુર્લભ હોય છે. એનાથી ડરવાનું ના હોય અને એનો શોક પણ ના કરવાનો હોય.'

દુર્યોધને કહ્યું:

'દ્રોણાચાર્ય પોતે જ તમારી રક્ષા કરવા તૈયાર થયા છે પછી હવે તમારે શેનો ભય છે? એ તમારી પૂરેપૂરી રક્ષા કરી શકે તેમ છે. હવે અર્જુનની પ્રતિજ્ઞા ખરેખર ખોટી ઠરશે અને એ અવસ્થામાં એને અગ્નિસ્નાન કરવું પડશે. એક રીતે એ આપણે માટે લાભકારક પણ છે કારણ કે જે અર્જુન પાંડવોને માટે મોટામાં મોટા આશ્રયરૂપ છે એનો એવી રીતે સહેલાઈથી અંત આવી જશે. મને તો લાગે છે કે એનું મૃત્યુ પાસે આવ્યું છે એથી જ એને આવી ભયંકર પ્રતિજ્ઞા કરવાનું સૂઝ્યું છે. નહિ તો એ એની કલ્પના પણ ના કરત.'

દ્રોણાચાર્ય અને દુર્યોધન સાથેની વાતચીતને પરિણામે જયદ્રથનો ભય દૂર થયો.

એ મોટે ભાગે નિશ્ચિંત બન્યો ને પૂરેપૂરા ઉત્સાહથી યુદ્ધ કરવા તૈયાર થયો.

બીજે દિવસે સવારે યુદ્ધની શરૂઆત પહેલાં યોદ્ધાઓએ શંખનાદ કર્યા ને ચારે બાજુથી વિવિધ પ્રકારના વાજિંત્રો વાગી રહ્યા.

આખીયે યુદ્ધભૂમિ ફરી પાછી ગાજી ઊઠી.

એ વખતે કૃષ્ણ સુભદ્રા, ઉત્તરા અને દ્રૌપદીને આશ્વાસન આપીને પાછા ફર્યા.

સુભદ્રા, ઉત્તરા અને દ્રૌપદી અભિમન્યુના મૃત્યુના સમાચાર સાંભળીને ખૂબ જ શોકિત બની ગયેલી.

એમનો શોક છેક જ સ્વાભાવિક હતો.

કૃષ્ણ અનેક પ્રકારની યુક્તિપ્રયુક્તિ દ્વારા એમને શાંત કરી.

અર્જુનના તંબૂ પાસે જઈને કૃષ્ણે એના રથને તૈયાર કર્યો.

તપેલા સુવર્ણસમાન કાંતિવાળો તે સુંદર રથ આસપાસના બીજા બધા જ રથોમાં નવી જ ભાત પાડવા માંડ્યો.

અર્જુને સુવર્ણસમાન પ્રકાશિત કવચ, મુકુટ, ધનુષ્યબાણ અને બીજાં શસ્ત્રોથી સજ્જ થઈને એ સુંદર રથની પ્રદક્ષિણા કરી.

એ પછી એ રથમાં બેઠો એટલે કૃષ્ણે રથને યુદ્ધભૂમિ તરફ દોડાવી મૂક્યો.

એ રથમાં સાત્યકિ પણ બેસી ગયો.

અર્જુન એને તથા કૃષ્ણને ઉદ્દેશીને બોલી ઊઠ્યો:

'યુદ્ધભૂમિમાં પ્રવેશતી વખતે જે સુંદર સાનુકૂળ શુભ શકુન થઈ રહ્યા છે તે મારા ઉત્સાહને વધારી રહ્યા છે. યુદ્ધમાં મારો વિજય જરૂર થશે એમાં શંકા નથી. આજે મારી કરેલી પ્રતિજ્ઞા પ્રમાણે હું જયદ્રથનો નાશ કરીશ. એનો નાશ કરવા માટે મારું અંતર અતિશય આતુર બની ગયું છે. માટે આપણા રથને એની સામે લઈ લો. હું જયદ્રથનો નાશ કરવાના ઉદ્દેશથી એની સાથે યુદ્ધ કરું ત્યારે તમારે યુધિષ્ઠિરનું બનતી બધી જ રીતે રક્ષણ કરવાનું રહેશે. તમે એમનું રક્ષણ ઘણી સારી રીતે કરી શકશો.'

અર્જુન તથા કૃષ્ણની સૂચનાને અનુસરીને સાત્યકિએ રથમાંથી નીચે ઉતરીને યુધિષ્ઠિરની સેના પ્રતિ પ્રયાણ કર્યું.

બંને બાજુના સૈન્યો બરાબર ગોઠવાઈ ગયાં એટલે ફરી પાછી ભેરીઓ વાગવા માંડી, મૃદંગો ગાજી ઊઠ્યાં, અને આજુબાજુ બધે શંખો ફૂંકાવા લાગ્યાં.

એ જોઈને કૃષ્ણ અને અર્જુને પણ શંખનાદ કરવા માંડ્યા.

એ પછી પોતાના રસ્તાને રોકીને ઊભા રહેલા ધૃતરાષ્ટ્રપુત્ર દુર્મર્ષણની આગળ રથને લઈ જવાની અર્જુને કૃષ્ણને વિનંતિ કરી, એટલે કૃષ્ણે એ વિનતિને માન આપીને રથને દુર્મર્ષણની આગળ લઈ લીધો.

અર્જુન અને દુર્મર્ષણની સેના વચ્ચે જોતજોતામાં ભયંકર યુદ્ધ ફાટી નીકળ્યું.

અર્જુને ક્રોધે ભરાઈને જે બાણોની વૃષ્ટિ કરી તેથી રણભૂમિ જાણે કે ઢંકાઈ ગઈ.

ચકરવકર, ચંચલ, ક્રોધભરેલી આંખવાળા, પીસાયલા મજબૂત હોઠવાળા તથા કુંડળવાળા કાનો તેમ જ ટોપવાળાં મસ્તકવાળા વીર યોદ્ધાઓ મરણને શરણ થઈને ધરતી પર પડવા લાગ્યાં.

એમનાં શરીરોમાંથી લોહીની ટશેરો ફૂટવા માંડી.

યુદ્ધભૂમિનો દેખાવ અતિશય ભયંકર બની રહ્યો.

દુર્મર્ષણની સેના પણ અર્જુનની સેના પર આકરા પ્રહારો કરી રહેલી.

એ તુમુલ યુદ્ધમાં પૃથ્વી પર કપાઈને પડતાં મસ્તકોનો અવાજ તાલવૃક્ષનાં ફળો જેવો લાગવા માંડ્યો.

યુદ્ધભૂમિ મનુષ્યોનાં મસ્તકો ઉપરાંત ઘોડાઓનાં મસ્તકો, હાથીઓની સૂંઢો, તથા જુદાં જુદાં અંગોપાંગોથી ભરાઈ રહી.

યુદ્ધભૂમિ પર સૂતેલા કેટલા કેટલાય વીરો, રક્તની સરિતામાં સ્નાન કરતા તરફડતા, કેટલાક ઊંડી વેદનાથી વ્યથિત થઈને બેભાન બની જતા, તો બીજા કેટલાક દયા ઉપજાવનારા પીડાભરપૂર પોકારો પાડતા.

અર્જુનનાં તીખાં તમતમતાં બાણોનો પ્રતિકાર કરવાની તાકાત જાણે કે કોઈનામાં ન હતી.

દુઃશાસન પોતે પણ અર્જુનનાં બાણોના પ્રહારોથી પીડાઈને ભયભીત થઈ ગયો અને પોતાની રક્ષા કરવાના આશયથી દ્રોણાચાર્યની પાસે પહોંચી ગયો.

અર્જુન એનો પીછો કરતો દ્રોણાચાર્ય પાસે આવી પહોંચ્યો ને કૃષ્ણની અનુજ્ઞા લઈને કહેવા માંડ્યો :

'તમે મારે માટે કૃષ્ણ અને યુધિષ્ઠિર સમાન પૂજ્ય છો. તમે મારા વિદ્યાગુરુ હોવાથી હું તમારા પ્રત્યે ખૂબ જ આદરભાવ ધરાવું છું. હું તમારી પાસે આવીને યુદ્ધમાં સફળતાનો આશીર્વાદ માગું છું. તમે મને આશીર્વાદ આપો ને સફળતા મળે એવો માર્ગ બતાવો. મારી જયદ્રથનો નાશ કરવાની પ્રતિજ્ઞા પૂરી થાય એ માટે બનતી બધી જ રીતે મદદ કરો.'

દ્રોણાચાર્યે સ્મિત સાથે ગંભીર સ્વરે કહ્યું:

'અર્જુન! તારી પ્રતિજ્ઞા મને ખબર છે અને આપણે બંને ગુરુ તથા શિષ્ય છીએ એની પણ ખબર છે પરંતુ હું જ્યાં સુધી જીવું છું ત્યાં સુધી એ પ્રતિજ્ઞાને નિરર્થક કરવા માટે મારાથી બનતું બધું જ કરી છૂટીશ. મને જીત્યા સિવાય તારાથી જયદ્રથને નહિ જીતી શકાય. હું તને આશીર્વાદ આપી રહ્યો છું—અલબત્ત, વાણીથી નહિ પણ બાણથી.'

એમ કહીને દ્રોણાચાર્યે એના પર બાણની વૃષ્ટિ કરવા માંડી. ત્યારે અર્જુને પણ પોતાની રક્ષા કરવાના ઉદ્દેશથી એમના ચરણમાં નવ બાણોનો પ્રહાર કર્યો.

દ્રોણે અર્જુનના એ બાણોને તોડી નાખ્યાં અને કૃષ્ણ તથા અર્જુનને અગ્નિની જ્વાળા જેવાં સુતીક્ષ્ણ બાણોથી વીંધી નાખ્યા.

એ પછી એમણે અર્જુનના ધનુષ્યની દોરીને તોડી નાખી, તથા તેના ઘોડાને ઘાયલ કર્યા.

અર્જુને સહેજ પણ ડર્યા કે ગભરાયા વગર ધનુષ્ય પર બીજી દોરી ચઢાવીને દ્રોણાચાર્યની સેના પર ઉપરાઉપરી ભયંકર બાણો છોડ્યાં તેથી એ સેનાનો સંહાર થઈ ગયો.

એ જોઈને દ્રોણાચાર્યે પાંડવસેનાને બાણોની વૃષ્ટિથી ઢાંકી દીધી, ને ભયંકર નારાચ બાણથી અર્જુનની છાતીમાં પ્રહાર કર્યો.

એ પ્રહારને લીધે અર્જુનનાં અંગો ધ્રૂજી ઊઠ્યાં.

અર્જુન અને દ્રોણાચાર્યના યુદ્ધની ભીષણતા જોઈને કૃષ્ણે કહ્યું:

'અર્જુન! દ્રોણાચાર્ય પર વિજય મેળવવાનું કામ સહેલું નથી. એ વિજય તો પછી મેળવાશે. આપણી સમક્ષનું સૌથી પ્રથમ મહત્વનું કામ તો જયદ્રથના વધનું છે. માટે દ્રોણાચાર્યને બાજુએ મૂકીને આપણે જયદ્રથની પાસે પહોંચી જઈએ.'

કૃષ્ણની સલાહને માન્ય રાખીને અર્જુને દ્રોણાચાર્યની પ્રદક્ષિણા કરીને બાણોની વર્ષા કરતાં આગળ ચાલવા માંડ્યું એટલે દ્રોણાચાર્યે કહ્યું:

'તું રણમાં શત્રુને જીત્યા વિના કદી આગળ નથી જતો અને આજે આમ આગળ કેમ જાય છે?'

અર્જુન બોલ્યો:

'શત્રુને જીત્યા વિના હું આગળ નથી જતો એ સાચું છે પરંતુ તમને મારા શત્રુ નથી માનતો. તમે મારા શત્રુ નથી પણ ગુરુ છો. હું તમારો શિષ્ય હોવાથી તમારા પુત્ર બરાબર છું. જગતમાં એવું કોણ છે જે તમને જીતી શકે? મનુષ્યોને માટે જ નહિ, દેવતાઓને માટે પણ તમે અજેય છો ને અજેય રહેવો સરજાયલા છો.'

એવું કહીને અર્જુન કૌરવસેના તરફ ધસી ગયો.

એની રક્ષા કરનારા યુધામન્યુ અને ઉત્તમૌજા પણ કૌરવોના સૈન્યમાં પ્રવેશ કરતાં એની પાછળ પાછળ જવા લાગ્યા.

તે વખતે કૃતવર્મા, જય, કાંબોજરાજ, શ્રૃતાયુષ તથા નાનામોટા બીજા અસંખ્ય યોદ્ધાઓ દ્રોણાચાર્યને આગળ કરીને એને આગળ વધતો અટકાવવા લાગ્યા.

અભિમન્યુના મૃત્યુશોકથી સંતપ્ત અર્જુન એ વખતે કાળ જેવો કરાળ દેખાવા માંડ્યો.

એણે કૌરવસેનાનો શૂરવીરતાપૂર્વક સામનો કર્યો.

પરંતુ કૌરવસેના પણ એમ સહેલાઈથી પાછી હઠે તેવી ન હતી.

જયદ્રથનો વધ કરવાના આશયથી આગળ વધતા અર્જુનના રસ્તાને એ બનતી બધી જ રીતે રોકવા લાગી.

એ યુદ્ધમાં કૌરવસેનાના શ્રુતાયુધ અને સુદક્ષિણનો નાશ થઈ ગયો, તથા બીજા અસંખ્ય યોદ્ધાઓ યમસદનમાં પહોંચી ગયા.

દ્રોણાચાર્ય ને ધૃષ્ટદ્યુમ્ન પણ પ્રાણોની પરવા કર્યા વિના ભીષણ યુદ્ધ કરવા માંડ્યા, અને એવી જ રીતે કર્ણ તથા ભીમ વચ્ચે પણ ભયંકર યુદ્ધ ફાટી નીકળ્યું.

* * *

૩૫. જયદ્રથનો વધ

અર્જુનની બાણ છોડવાની કળા અત્યંત અસાધારણ હતી. એ કેવી રીતે, ક્યારે, ક્યાં અને કોની ઉપર બાણો છોડતો તેની ખબર કોઈને પણ ના પાડતી.

એ એકસાથે અનેક શસ્ત્રાસ્ત્રોનો પ્રયોગ કરતો ને રણમાં કાળની પેઠે ફરતો રહેતો.

એની આગળ અહંકારથી પ્રમત્ત બનીને જે યોદ્ધાઓ આવતા તે ભડભડતા અગ્નિ સામે જતાં પતંગિયાની પેઠે નાશ પામતાં.

એવી રીતે અર્જુન શત્રુઓનાં શરીર અને યશનો નાશ કરતો.

એણે ચતુરતાપૂર્વક બાણો મારીને કેટલાય યોદ્ધાઓનાં મુકુટસહિત મસ્તકોને, બાજુબંધવાળા મોટા બાહુઓને તથા કુંડળો સહિત કાનોને કાપી નાખ્યા.

યોદ્ધાઓનાં ધડ મસ્તક વિનાનાં થઈ ગયાં, એમની ભુજાઓ હાથ વિનાની થઈ ગઈ, અને એમના હાથો આંગળીઓ વિનાના બની રહ્યા.

યોદ્ધાઓનાં મસ્તક પરની પાઘડીઓ, મુકુટો, કેયૂરો, કુંડળો, બાજુબંધો, સુવર્ણના સુંદર કવચો, હાથીઘોડાઓના અને બીજા અલંકારો, યુદ્ધભૂમિમાં ચારે તરફ દેખાવા લાગ્યા.

અર્જુને પોતાના અદભુત પરાક્રમથી એ યુદ્ધભૂમિને જાણે કે એક અવનવી મહાભયંકર નદીના રૂપમાં પલટાવી દીધી.

એ નદીમાં મજ્જા તથા મેદનો કાદવ પથરાયો અને લોહીનાં મોજાં ઊછળી રહ્યાં.

કેશરૂપી શેવાળથી લીલી લાગતી એ નદી આંતરડાં અને હાડકાંથી ભરાઈ ગઈ.

એ નદીના તટપ્રદેશો મસ્તકો તથા બાહુરૂપ પથ્થરોથી શોભવા માંડ્યા.

તેમાં છત્રો, ધનુષ્યો, ધ્વજાઓ અને પતાકાઓ ઊછળવા લાગી.

તેમાં રથોરૂપી હજારો મછવાઓ દેખાવા માંડ્યા, કાગડા અને કંક પક્ષીઓરૂપી મોટાં માછલાં ને શિયાળોરૂપી મગરો ફરવા લાગ્યા.

પોતાના અદભુત અને અસાધારણ પરાક્રમથી મોટા મોટા મહારથીઓને પણ ભય પમાડતો અર્જુન આખરે જયદ્રથ પાસે પહોંચી ગયો.

એણે જયદ્રથને ઉપરાઉપરી ચોસઠ બાણો મારીને ઘાયલ કર્યો, અને અશ્વત્થામાં, વૃષસેન, કૃપાચાર્ય, શલ્ય તથા કર્ણને પણ પોતાના વિષમય શરનો સ્વાદ ચખાડ્યો.

એ જોઈને જયદ્રથે ક્રોધે ભરાઈને બનતી બધી જ ચાલાકીથી બાણોનો પ્રહાર કરવાનો પ્રારંભ કર્યો.

એણે કૃષ્ણને ત્રણ બાણો મારીને અર્જુનના ઘોડાઓને આઠ બાણ માર્યા.

અર્જુને એક બાણથી જયદ્રથના સારથિનું મસ્તક કાપી નાખ્યું અને બીજા બાણથી એના રથના ધ્વજને છેદી નાખ્યો.

વરાહના ચિહ્નવાળો, અગ્નિની શિખા સરખો, સુંદર ધ્વજ દાંડા પરથી કપાઈને પૃથ્વી પર પડ્યો તે વખતે સૂર્યાસ્તની તૈયારી હોવાથી કૃષ્ણે અર્જુનને ઉદ્દેશીને જણાવ્યું:

'અર્જુન! સૂર્યાસ્ત થવાને હવે થોડોક સમય શેષ રહ્યો છે. સૂર્યાસ્ત પછી યુદ્ધ પૂરું થઈ જાય તે પહેલાં જયદ્રથનો વધ કરવાની તારી પ્રતિજ્ઞા પૂરી થવી જોઈશે. જયદ્રથ કૌરવપક્ષના છ મહારથીઓથી ઘેરાયલા તથા રક્ષાયેલા હોવાથી એના વધનું કામ સહેલું નથી. હું તારી પ્રતિજ્ઞાને પૂરી કરવા માટે મારી વિશેષ શક્તિથી સૂર્યની ઉપર આવરણ લાવી દઉં છું. એથી સૂર્યાસ્ત થયો સમજીને જયદ્રથ યુદ્ધ કરવાનું છોડી દેશે. એ પરિસ્થિતિનો લાભ લઈને એના પર પ્રહાર કરીને તું તારી પ્રતિજ્ઞા પૂરી કરી લેજે.'

અર્જુને કૃષ્ણના પ્રસ્તાવને માન્ય રાખ્યો એટલે કૃષ્ણે પોતાની વિશેષ શક્તિથી સૂર્યને ઢાંકી દેવા માટે અંધકાર પેદા કર્યો.

એથી સૂર્ય ઢંકાઈ ગયો.

સૂર્યાસ્ત થયેલો માનીને કૌરવયોદ્ધાઓ આનંદમાં આવી ગયા.

એમને થયું કે અર્જુનની પ્રતિજ્ઞા સમય પૂરો થવાથી વ્યર્થ થઈ એટલે એના નિર્ણય પ્રમાણે એ હવે બળી મરશે.

જયદ્રથ પણ પોતાનું જીવન બચવાથી એક પ્રકારની ઊંડી શાંતિ અને પ્રસન્નતાનો અનુભવ કરતાં આકાશ તરફ જોવા લાગ્યો.

એ જોઈને કૃષ્ણે ધીમા સ્વરે કહ્યું:

'અર્જુન! તારી પ્રતિજ્ઞાને પૂરી કરવાનો સરસ સમય આ જ છે. માટે સમયસૂચકતા વાપરીને જયદ્રથના મસ્તકને વહેલી તકે કાપી નાખ.'

એ સાંભળીને અર્જુન સાવધાન બની ગયો.

એણે કૃપાચાર્ય, શલ્ય, કર્ણ તથા વૃષસેન પર બાણોનો પ્રહાર કરીને જયદ્રથ તરફ ધસારો કર્યો ત્યારે જયદ્રથના વીર રક્ષકો એના ઓચિંતા આક્રમણથી ડઘાઈ ગયા.

અર્જુનના બાણપ્રહારથી ગભરાઈને એમણે જયદ્રથને છોડી દીધા.

અર્જુને જયદ્રથના રક્ષકોનો નાશ કર્યો ને બીજા મહારથીઓને બાણો મારીને મૂંઝવી દીધા.

એ પછી એણે એક મંત્રપૂત, મહાભયંકર, બાણ લીધું ત્યારે કૃષ્ણે કહ્યું:

'અર્જુન ! જયદ્રથના પિતા વૃદ્ધક્ષત્ર અહીંથી થોડેક દૂર આવેલા સમંતપંચકના બહારના પ્રદેશમાં તપ કરે છે. તેમણે જયદ્રથે કહ્યું છે કે તારો નાશ કરીને તારા મસ્તકને જમીન પર પાડશે તેના મસ્તકના સો ટુકડા થઈ જશે, માટે જયદ્રથના મસ્તકને જમીન પર પડવા દેવાને બદલે એના પિતા વૃદ્ધક્ષત્રના ખોળામાં પહોંચાડી દેજે, નહિ તો જયદ્રથના મૃત્યુની સાથે તારા મસ્તકના પણ ટુકડા થઈ જશે. તું જે ધારે તે બધું જ કરી શકે તેમ છે. તારે માટે કશું જ અશક્ય નથી.'

કૃષ્ણના ઉદ્ગારોથી ઉત્સાહ મેળવીને અર્જુને સુગંધ તથા માળાથી પૂજાયલા બાણને જયદ્રથનો નાશ કરવા માટે તૈયાર કર્યું.

ગાંડીવમાંથી છૂટેલું તે બાણ જયદ્રથને વાગતાવેંત જ એના મસ્તકને કાપી નાખીને, એ મસ્તકને લઈને આકાશમાં ઊડવા માંડ્યું.

સમંતપંચકના બહારના પ્રદેશમાં જયદ્રથના પિતા વૃદ્ધક્ષત્ર સંધ્યોપાસના કરતા બેઠા હતા ત્યાં પહોંચીને એ બાણે વૃદ્ધક્ષત્રના ખોળામાં એ કાળા કેશવાળા, કુંડળયુક્ત મસ્તકને મૂકી દીધું.

વૃદ્ધક્ષત્રને તેની ખબર પણ ના પડી.

એ સંધ્યોપાસના કરીને ઊભો થયો કે તરત જ એ મસ્તક પૃથ્વી પર પડ્યું.

એ જ વખતે વૃદ્ધક્ષત્રના મસ્તકના સૌ ટુકડા થઈ ગયા.

જયદ્રથનો નાશ થયેલો જોઈને દુર્યોધન, દ્રોણ, કર્ણ અને કૌરવપક્ષના બીજા યોદ્ધાઓ ઊંડા શોકમાં ડૂબી ગયા.

એ બધા જ હતપ્રભ બનીને વિલાપ કરવા લાગ્યાં.

એ વખતે કૃષ્ણે પોતાની માયાને સંકેલી લીધી એટલે તરત જ વાદળાં હઠી ગયાં ને સૂર્ય દેખાવા માંડ્યો.

એના પરથી સૌને ખાતરી થઈ કે હજુ સૂર્યાસ્ત નથી થયો.

અર્જુને પોતાની પ્રતિજ્ઞાની સફળતાના આનંદની અભિવ્યક્તિ કરતાં શંખનાદ કર્યો.

કૃષ્ણે પણ એવા જ અસાધારણ આનંદમાં ઓતપ્રોત બનીને શંખ વગાડ્યો.

એ શંખનાદથી કૌરવોના હૈયા ચીરાઈ રહ્યા.

પાંડવયોદ્ધાઓ એથી આનંદમાં આવી ગયા અને યુધિષ્ઠિરની પ્રેરણાથી દ્રોણાચાર્યનો વધ કરવાની અભિલાષાથી એમની ઉપર તૂટી પડ્યા.

અર્જુન પોતે પણ અનેકગણા ઉત્સાહથી યુક્ત થઈને કૌરવોની સામે લડવા લાગ્યો.

પોતાની સામે લડવા આવેલા અશ્વત્થામાને એણે ગુરુપુત્ર ગણીને અત્યંત મંદ વેગવાળાં બાણો મારવા માંડ્યાં ને એનાં ને કૃપાચાર્યનાં શસ્ત્રોનું મોટેભાગે વારણ જ કર્યું તોપણ એના પ્રહારથી એ બંને ઘાયલ થયા.

કૃપાચાર્ય તો તદ્દન મૂર્છિત બની ગયા ત્યારે એમનો સારથિ એમનું મરણ થયેલું માનીને એમને યુદ્ધભૂમિમાંથી દૂર લઈ ગયો.

અશ્વત્થામા પણ અર્જુનને મૂકીને બીજા રથીઓ પાસે ચાલ્યો ગયો.

એ જોઈને અર્જુન કૃષ્ણને ઉદ્દેશીને કહેવા માંડ્યો:

'કૃપાચાર્ય ઋષિપુત્ર છે, મારા આચાર્ય છે, ને દ્રોણાચાર્યના પરમ મિત્ર છે. એવા મહાપુરુષને મારે લીધે શરશય્યા પર સૂવું પડ્યું એથી મને ખૂબ જ દુઃખ થાય છે. એમણે મને શસ્ત્રાસ્ત્રોનું શિક્ષણ આપતી વખતે કહેલું કે તારે ગુરુ પર કદી પ્રહાર ના કરવો. મેં એ આજ્ઞાનો ભંગ કર્યો છે. મેં એમને બાણોથી ભયંકર પીડા પહોંચાડી છે. મારા જેવો અપરાધી અથવા અધમ બીજો કોણ હોઈ શકે?'

'એમાં તારો અપરાધ કશો જ નથી, અર્જુન!' કૃષ્ણે કહ્યું: 'કૃપાચાર્ય ઋષિપુત્ર છે ને ગુરુ છે એ સાચું છે પરંતુ ગુરુ થઈને એ એમની મર્યાદાને ભૂલી ગયા છે. નહિ તો એ દુર્યોધનનો પક્ષ લઈને તારી તથા પાંડવોની સામે આવી રીતે લડવા આવે ખરા? યુદ્ધ એ યુદ્ધ છે અને હવે એના વિશે કશો વિચાર કરવાનો ના

હોય. એમાં તો પોતાની સમગ્ર શક્તિને કામે લગાડીને વિજય માટે લડવાનું જ હોય. આ સમય અફસોસ કરવાનો નથી પરંતુ ઉત્સાહપૂર્વક લડવાનો છે.'

જયદ્રથના નાશથી બેચેન બનેલો કર્ણ અર્જુન તરફ ધસી આવ્યો ત્યારે યુધામન્યુ અને ઉત્તમૌજા સાત્યકિને આગળ કરીને એની સામે ધસી ગયા.

એ જોઈને અર્જુન બોલ્યો:

'રણમાં જયદ્રથનો નાશ થવાથી ક્રોધે ભરાયેલો કર્ણ દ્રુપદકુમાર યુધામન્યુ, ઉત્તમૌજા કે સાત્યકિને મારી નાખે એટલા માટે આપણે આપણા રથને એ બાજુ લઈ જઈને એને અટકાવીએ.'

કૃષ્ણે કહ્યું:

'સાત્યકિ પુષ્કળ પરાક્રમી હોવાથી કર્ણની બરાબરી કરી શકે તેમ છે. યુધામન્યુ અને ઉત્તમૌજાની મદદથી તો એ કર્ણને જરૂર હંફાવશે. માટે આપણે અત્યારે એ બાજુ નહિ જઈએ. અત્યારે કર્ણ ખૂબ જ ક્રોધે ભરાયેલો હોવાથી એની સાથે યુદ્ધ કરવાનું ઉચિત નથી. એની પાસે ઈન્દ્રે આપેલી મહાભયંકર શક્તિ છે. એ શક્તિને એણે તારે માટે જ રાખી મૂકી છે. એની ઉપર પ્રહાર કરવાનો સુયોગ્ય સમય આવશે ત્યારે હું તને સૂચના આપીશ. ત્યારે એને સહેલાઈથી હરાવી અને ધરાશાયી કરી શકાશે.

સાત્યકિને માટે કૃષ્ણે દારુકને સૂચના કરીને પહેલેથી જ એક સુંદર રથ મંગાવી રાખેલો.

એ રથ પર બેસીને સાત્યકિએ કર્ણ સાથે લડવા માંડ્યું.

બંને વચ્ચે મહાભંયકર યુદ્ધ થયું.

બંને એકમેકની ઉપર બાણોનો પ્રહાર કરવા માંડ્યા.

સાત્યકિએ કર્ણના સારથિને ઘાયલ કરીને નીચે ગબડાવી પાડ્યો તથા તેના શ્વેત વર્ણના ચારે ઘોડાઓને તીક્ષ્ણ બાણોથી મારી નાખ્યા.

એ પછી એના ધ્વજ તથા રથના ટુકડા કરી નાખ્યા.

કર્ણ રથ વિનાનો બની જવાથી કૌરવપક્ષના મહારથીઓનાં મન ઉદાસ થઈ ગયાં.

કર્ણના પુત્ર વૃષસેનને, મદ્રરાજ શલ્યે અને અશ્વત્થામાએ સાત્યકિને બધી બાજુથી ઘેરી લીધો.

કર્ણ તરત જ દુર્યોધનના રથ પર ચઢી ગયો.

એટલામાં તો સાંજ પડવાથી યુદ્ધ બંધ પડ્યું.

કૃષ્ણે અર્જુનની પ્રશંસા કરતાં કહ્યું:

'તારું બળ તથા પરાક્રમ અદભુત છે. તેં જયદ્રથનો વધ કરીને તારી પ્રતિજ્ઞાનું પાલન કર્યું એ માટે તને અભિનંદન આપું છું.'

'સાચાં અભિનંદન તો તમને જ ઘટે છે.'

'કેમ?'

'એનું સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે ખરી? તમે મને વારંવાર ઉત્સાહ ના આપ્યો હોત ને તમારી લોકોત્તર શક્તિથી મદદ ના કરી હોત તો જયદ્રથના વધની મારી પ્રતિજ્ઞાનું પાલન કદાચ મારાથી ના થઈ

શકત. તમે જેમના પક્ષે છો તેમનો સદા જય થાય એમાં કશો સંદેહ નથી. તમારા આશીર્વાદ અને અનુગ્રહથી અમારો વિજય થશે અને એનો યશ મને કે બીજા કોઈને નહિ પરંતુ તમને જ ઘટશે.'

અર્જુનના નમ્ર, વિનયયુક્ત વચનથી પ્રસન્ન થઈને કૃષ્ણે ઘોડાઓને છાવણી તરફ હાંકવા માંડ્યા, અને એને યુદ્ધભૂમિ બતાવતાં બોલ્યા:

'વિજય તથા યશની આકાંક્ષા રાખનારા આ શૂરવીર યુદ્ધકુશળ યોદ્ધાઓ તારાં બાણોના પ્રહારથી પૃથ્વી પર સૂઈ ગયા છે. એમનાં શસ્ત્રો અને આભૂષણો વેરવિખેર થઈને પડી રહ્યાં છે. ઘોડા, રથ તથા હાથીઓનો વિનાશ થઈ ગયો છે અને એમનાં મર્મસ્થાનો છિન્નભિન્ન થઈ ગયા છે. એમનાં બાણો, શસ્ત્રો, આયુધો અને વાહનોથી પૃથ્વી ભરાઈ ને છવાઈ ગઈ છે. કવચો, ઢાલો, હારો, કુંડલવાળા મસ્તકો, પાઘડીઓ, મુકુટો, બાજુબંધો, વસ્ત્રો, કંઠીઓ અને એવાં બીજાં આભરણોથી રણભૂમિ શોભી રહી છે. આખી યુદ્ધભૂમિ જોવી પણ ના ગમે તેવી ભયંકર થઈ ગઈ છે.'

જયદ્રથનો વધ થવાથી દુર્યોધનના શોકનો પાર ના રહ્યો.

એ એકદમ ઉદાસ અને ઉત્સાહહીન બની ગયો ને દ્રોણાચાર્યની આગળ વિલાપ કરવા લાગ્યો.

એણે કહ્યું:

'અર્જુન જેવો પરાક્રમી યોદ્ધો જગતમાં બીજો કોઈ જ નથી દેખાતો. એણે જયદ્રથનો તો નાશ કર્યો જ છે પરંતુ કૃપાચાર્ય, કર્ણ અને અશ્વત્થામાને પણ હંફાવ્યા છે. એનું પરાક્રમ જોઈને મારો ઉત્સાહ ઓસરી ગયો છે. કર્ણના અસાધારણ સામર્થ્યમાં વિશ્વાસ રાખીને કૃષ્ણના સંધિપ્રસ્તાવનો મેં અનાદર કરેલો અને પાંડવો સામે શસ્ત્રો ઉપાડેલા. અર્જુનનું પરાક્રમ એવું અસાધારણ છે તોપણ એનો ને પાંડવોનો નાશ કર્યા વિના મને ચેન નહિ પડે. તમે જો મન મૂકીને લડો તો પાંડવોનો સેનાસહિત નાશ કરવાનું કામ જરાય અશક્ય નથી.'

દ્રોણાચાર્યે જણાવ્યું:

'દુર્યોધન! હું મન મૂકીને જ લડું છું પરંતુ અર્જુનનું પરાક્રમ ઘણું અદભુત છે. તું હજુ એના પરાક્રમને નથી જાણતો. તેં અમારા ઉપદેશની અવગણના કરીને પાંડવો સાથે સંધિ કરવાને બદલે યુદ્ધ કરવાનું પસંદ કર્યું તો એમના પરાક્રમનો સ્વાદ ચાખી લે.'

'તો પછી આપણો શું પરાજય થશે?'

'પરાજય થશે કે વિજય એ તો કેમ કહી શકું?'

'તો પછી આપણે માટે કોઈ આશા જ નથી? અર્જુન ગમે તેટલો પરાક્રમી હોય તોપણ તમે તો એના અને અમારા ગુરુ હોવાથી સૌથી વિશેષ પરાક્રમી છો. તમારી ઉપસ્થિતિમાં અર્જુન આટલું બધું પરાક્રમ કરી જાય અને આપણો ઉપરાઉપરી પરાજય થાય એ શું સારું કહેવાય?'

દ્રોણાચાર્ય થોડી વાર સુધી વિચારમાં પડ્યા ને પછી બોલ્યા:

'હું જીવું છું ત્યાં સુધી તો પાંડવોને નહિ જીતવા દઉં. આવતી કાલે યુદ્ધ શરૂ થાય ત્યારે જોઈ લેજે કે કેવું પરાક્રમ બતાવું છું. મારી સમસ્ત શક્તિથી પાંડવસેના સામે યુદ્ધ કરીને હું એને મારો પરચો બતાવી આપીશ. કાં તો હું નહિ કે પછી પાંડવો નહિ. તું હવે નચિંત રહે.'

દ્રોણાચાર્યના શબ્દોથી દુર્યોધનનો ઉત્સાહ વધી પડ્યો અને એ બોલ્યો:

'હવે મને કાંઈક શાંતિ થઈ. તમે પૂરેપૂરી શક્તિથી લડશો તો પાંડવો તમારી સામે સહેજ પણ નહિ ટકી શકે. હું તમારી પાસેથી આવા જ બહાદુરી અને ઉત્સાહપૂર્વકના ઉદ્‌ગારોની અપેક્ષા રાખતો'તો. મને નથી લાગતું કે યુદ્ધમાં તમને કોઈપણ જીતી શકે. ભીષ્મ પિતામહ અને જયદ્રથના યુદ્ધમાં જે કફોડા હાલ થયા તેથી મારું અંતર અતિશય દુઃખી થઈ ગયેલું. એ દુઃખ છેક જ સ્વાભાવિક હતું. હવે એ દુઃખ કાંઈક હળવું થયું. કાલે સવારે શરૂ થનારું યુદ્ધ તમારા અભુતપૂર્વ પરાક્રમને લીધે ખૂબ જ રસમય બની રહેશે એમાં લેશપણ શંકા નથી.'

દુર્યોધને કર્ણ પાસે પહોંચીને એની સલાહ માગી તો કર્ણે કહ્યું:

'પાંડવોનો ઉત્તરોત્તર વિજય થઈ રહ્યો છે એમાં મને તો એમનું દૈવ જ કારણરૂપ લાગે છે. તેં એમનું રાજ્ય લેવા અને એમને દુઃખી કરવા થાય એટલું બધું જ કરી જોયું છે, અને આપણા પરાક્રમનો પણ પાર નથી. તોપણ એ યુદ્ધમાં જીતતા જ જાય છે. એમના ઉત્કર્ષને કદાચ કોઈ નહિ રોકી શકે.'

'તું પણ નહિ?'

'મારા વચનને વફાદાર રહીને હું તારા વિજયને માટે બનતું બધું જ કરી છૂટીશ એની તને ખાતરી આપું છું.'

'એવી ખાતરી તો દ્રોણાચાર્ય પણ આપેલી છે. અત્યાર સુધી એ મન મૂકીને નહોતા લડતા.'

'એવી માન્યતા ખોટી છે. દ્રોણાચાર્ય મન મૂકીને લડતા'તા છતાં પણ અર્જુનને ના રોકી શક્યા, કારણ કે અર્જુન અતિશય પરાક્રમી અને યુદ્ધકુશળ છે. દ્રોણાચાર્ય પણ કાંઈ ઓછા પરાક્રમી અને યુદ્ધકુશળ નથી, પરંતુ હવે વૃદ્ધ થયા હોવાથી જેવો પ્રતિકાર જોઈએ તેવો નથી કરી શકતા. કાલે એ પોતાના સંપૂર્ણ સામર્થ્યથી લડશે એટલે પાંડવોની સેનામાં આતંક ફેલાવશે. અને એમની સાથે હું તો છું જ.'

દુર્યોધન કર્ણને ભેટી પડતાં કહેવા માંડ્યો:

'કર્ણ! સાચું કહું તો તું જીવે છે ત્યાં સુધી મારી આશા અમર છે. મારા પૂર્વના કોઈક મહાન પુણ્યોદયના પરિણામે જ મને તારી મિત્રતાની પ્રાપ્તિ થઈ છે. તારા, મારા અને દ્રોણાચાર્યના સંયુક્ત સહકારથી પાંડવોને જરૂર જીતી શકાશે એટલું જ નહિ, નષ્ટ પણ કરી શકાશે.'

'જ્યાં સુધી મારા શરીરમાં શ્વાસ છે ત્યાં સુધી તને કોઈનોય ભય નથી ને તારે કશી જ ચિંતા નથી કરવા જેવી. હું જીવનના છેલ્લા શ્વાસ સુધી તારી સાથે જ રહીશ. યુદ્ધમાં પણ તને જિતાડવા માટે મારાથી બનશે તેટલું બધું જ કરી છૂટીશ.'

દુર્યોધનને શાંતિ થઈ.

એના મુખમંડળ પરના ભાવો પરથી એ સ્પષ્ટ દેખાઈ આવ્યું.

* * *

૩૬. ઘટોત્કચનું મૃત્યુ

બીજે દિવસે સવારે નિશ્ચિત સમયે યુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે કૌરવોના હાથીઓનું સૈન્ય પાંડવસેના પર ચઢી આવ્યું.

એ પાંડવસેનાની વચ્ચે પ્રવેશીને એની ઉપર તૂટી પડ્યું એટલે ચારે તરફથી યુદ્ધ થવા લાગ્યું.

યોદ્ધાઓ એકમેકને યમપુરીમાં મોકલવા માટે તૈયાર થઈને કાળના દૂત જેવા કરાળ બનીને ચારે તરફ ફરવા લાગ્યા.

મદોન્મત્ત હાથીઓ ક્રોધે ભરાઈને દંતશૂળો ભરાવીને એકમેકને ચીરી નાખવા માંડ્યા.

યશ અને વિજયની કામનાવાળા ઘોડાસવારોએ ભાલા, તલવાર, શક્તિ તથા રથીઓના પ્રહારોથી શત્રુપક્ષના ઘોડેસવારોને ઘાયલ કર્યા.

બીજા યોદ્ધાઓ પણ પોતપોતાની રીતે ચારે તરફ ભય, પીડા, અનર્થ અથવા આતંકનું સામ્રાજ્ય ફેલાવવા લાગ્યા.

દુર્યોધન પોતે પણ અદભુત ઉત્સાહમાં આવીને, અવનવી આશાથી અલંકૃત થઈને, પરાક્રમનું પ્રદર્શન કરવા માંડ્યો.

એનો સામનો કરવાનું કામ ભલભલા પ્રતાપી પાંડવયોદ્ધાઓને માટે પણ કપરું થઈ પડ્યું.

યુધિષ્ઠિર અને દુર્યોધન ભારે ઝનૂનપૂર્વક લડવા લાગ્યા.

એ ઉપરાંત અશ્વત્થામા, કર્ણ, સાત્યકિ, યુધિષ્ઠિર અને બીજા યોદ્ધાઓ પણ પૂરા જોમથી ઝઝૂમવા માંડ્યા.

એ યુદ્ધ રાતે પણ ચાલુ રહ્યું ત્યારે કર્ણ અને ઘટોત્કચ એકમેકની સાથે આથડી પડ્યા.

ઘટોત્કચનાં લોચન લાલ હતાં. એનું શરીર પ્રચંડ હતું, મુખ રતુંબડું અને પેટ ઊંડું હતું.

એ પર્વત જેવા ભારેખમ ભયંકર શરીરનો, વિશાળ ભુજાઓવાળો, ને વજ્ર કઠોર સ્પર્શવાળા હતો.

એના મસ્તક પર સુવર્ણનો સરસ મુકુટ શોભી રહેલો.

એણે સૂર્યસમાન કાંતિવાળા કુંડળો પહેરેલાં ને શરીર પર કાંસાનું બનાવેલું મહાતેજસ્વી વિશાળ કવચ ધારણ કરેલું.

એના ચારસો હાથ લાંબાપહોળા રથની આજુબાજુ રીંછનું ચામડું વીંટવામાં આવેલું અને એની ઉપર લાલ રંગની પતાકા ફરકતી.

એમાં જુદી જુદી જાતનાં ઉત્તમ આયુધો ભરેલાં.

પ્રદીપ્ત મુખવાળો, તેજસ્વી કુંડળોવાળો, રાક્ષસ વિરૂપાક્ષ એ વીર ઘટોત્કચનો સારથિ બનેલો.

ઘટોત્કચે કૌરવસેનામાં એટલો બધો ત્રાસ ફેલાવ્યો કે એ આખીય સેના મહાસાગરનાં મોજાની પેઠે કંપવા લાગી.

પોતાની સામે ધસી આવતા એ બેડોળ આંખવાળા, બિહામણા ઘટોત્કચને અટકાવવાના ઉદ્દેશથી કર્ણે એની ઉપર બાણોની વૃષ્ટિ કરવા માંડી.

ઘટોત્કચ ધનુર્વિદ્યામાં કુશળ હોવાથી ખૂબ જ ઉત્તેજના અને ઉગ્રતાપૂર્વક એનો સામનો કરવા માંડ્યો.

એ યુદ્ધની કઠોરતા એટલી બધી વધી ગઈ કે બંનેનાં શરીરોમાંથી લોહીની ધારાઓ વહેવા લાગી.

તોપણ કોઈ થાક્યું, કંટાળ્યું કે હાર્યું નહિ.

મરવા કે મારવાનો મંત્ર જપતા એ બંને મહાયોદ્ધાઓ એકમેકના કાળ બનતાં તીખા તમતમતા પ્રહારો કરવા લાગ્યા.

કર્ણ વારંવારના પ્રયત્નો કરવા છતાં પણ ઘટોત્કચને હંફાવી કે હરાવી ના શક્યો ત્યારે દિવ્ય અસ્ત્રનો પ્રયોગ કરવા તૈયાર થયો.

એ અલૌકિક અસ્ત્રને નિહાળીને ઘટોત્કચે સહેજ પણ ગભરાયા વિના રાક્ષસી મહામાયા પ્રકટ કરી એટલે ત્રિશૂળો તથા મુદગરોને ધારણ કરનારી અને પર્વતો તેમ જ વૃક્ષોને ગ્રહણ કરેલી રાક્ષસોની વિશાળ સેનાથી એ ઘેરાયેલો દેખાયો.

એને દેખીને રાજાઓ તથા યુદ્ધકુશળ યોદ્ધાઓ ગભરાઈ ગયા.

ઘટોત્કચે ભયંકર સિંહનાદ કર્યો અને એ સાંભળીને ઉત્સાહમાં આવેલી રાક્ષસોની સેનાએ ચારે તરફ પથ્થરવૃષ્ટિ કરી મૂકી, ને શસ્ત્રોના પ્રાણહર પ્રયોગો કરવા માંડ્યા.

એ શસ્ત્રપ્રયોગોથી કર્ણ સિવાયના બીજા મોટા ભાગના યોદ્ધાઓ ગભરાઈ ગયા.

ઘટોત્કચે રચેલી માયાનો કર્ણે જુદાં જુદાં અનેક બાણો મારીને નાશ કરી નાખ્યો, એટલે ઘટોત્કચ ક્રોધે ભરાયો.

એણે હાથમાં અસ્ત્રાની ધાર જેવી સુતીક્ષ્ણ ધારવાળું, તાજા સૂર્યની કાંતિ જેવી કાંતિવાળું, રત્નો તેમ જ મણિથી મંડિત, ચક્ર લીધું ને કર્ણના રથ સામે ફેંક્યું.

કર્ણે એ ચક્રને બાણ મારીને પૃથ્વી પર પાડી નાખીને ઘટોત્કચના પરિશ્રમને નિષ્ફળ કરી દીધો, એથી તો ઘટોત્કચ ક્રોધાગ્નિથી સળગવા લાગ્યો.

એણે કર્ણને બાણોથી ઢાંકી દીધો, અને એની ઉપર સુવર્ણના પટાવાળા ગદા ફેંકી.

કર્ણે કોઈક રમકડા સાથે રમતો હોય એમ એ ગદાનો પણ નાશ કરી નાખ્યો એટલે એ પૃથ્વી પર પડી.

એ પછી પ્રલયકાળના ઘનની પેઠે ગર્જના કરતો ઘટોત્કચ આકાશમાં ઊડીને વૃક્ષોની વૃષ્ટિ કરવા લાગ્યો.

કર્ણે બાણોની વર્ષા કરીને એના બધા ઘોડાઓને મારી નાખ્યા અને એના રથના ટુકડા કરી દીધા, છતાં પણ એ માયાવી યુદ્ધ કરીને કર્ણને હરાવવાનો પરિશ્રમ કરવા માંડ્યો.

ઘડીમાં કોઈ દેખે તેમ એ આકાશમાંથી અસંખ્ય બાણો ફેંકતો, ઘડીમાં શરીરને પ્રચંડ કરીને યુદ્ધભૂમિમાં દેખા દેતો, ઘડીમાં અશુભ અને બેડોળ મુખો કરીને કર્ણનાં બાણોને ગળી જતો, તો ઘડીમાં સેંકડો ટુકડા થઈને કપાઈ ગયો હોય એવો દેખાવ કરતો ને આકાશમાંથી નીચે પડતો.

એને નીચે પડેલો જોઈને કૌરવપક્ષના યોદ્ધાઓ ઉત્સાહમાં આવીને સિંહનાદ કરવા લાગ્યા, ત્યાં તો એ નવાં શરીરો ધારણ કરીને આજુબાજુ બધે જ દેખાવા લાગ્યો.

થોડોક સમય સુધી નાનું સ્વરૂપ ધારણ કરતો.

એવી રીતે ભાતભાતની માયાઓ કરીને આખરે આકાશમાંથી નીચે ઊતરીને એ સુવર્ણસુંદર રથમાં બેઠો, ને બોલ્યો:

'અરે સૂતપુત્ર, તને જો તારો પ્રાણ પ્રિય હોય તો યુદ્ધ કરવાનું માંડી વાળીને પાછો જા. આજે તારા મૃત્યુનો દિવસ લાગે છે માટે જ તું હઠપૂર્વક યુદ્ધ કરે છે.'

કર્ણે કહ્યું:

'આજે મારા મૃત્યુનો દિવસ છે કે તારા મૃત્યુનો એ તો પછી ખબર પડશે. એટલું સાચું છે કે હું તારો કાળ બનીને આવી પહોંચ્યો છું ને તને હમણાં જ મૃત્યુના મુખમાં પહોંચાડી દઉં છું.'

ઘટોત્કચે અટ્ટહાસ્ય કરીને કહ્યું:

'તો પછી જોઈ લે કે કોણ કોને મૃત્યુના મુખમાં પહોંચાડે છે! હજુ તને મારા પરાક્રમનો પૂરો પરચો નથી મળ્યો લાગતો.'

એણે બાણોની વૃષ્ટિ શરૂ કરી.

કર્ણે એ બાણોનો નાશ કરી નાખ્યો એટલે એણે અદૃશ્ય થઈને બીજી જાતની યુદ્ધકળાનો આધાર લીધો.

એણે માયાવી પર્વતનું રૂપ ધારણ કર્યું ને ત્રિશૂળ, ભાલા, તલવારો તથા મૂશળો વરસાવ્યાં એટલે કર્ણે એક અસાધારણ અસ્ત્રની મદદથી એ માયા પર્વતને નષ્ટભ્રષ્ટ કરી નાખ્યો.

ઘટોત્કચ કાળો મેઘ થઈને દેખાયો ને પથ્થરોની વૃષ્ટિ કરવા લાગ્યો ત્યારે શસ્ત્રકુશળ કર્ણે એ મેઘનો વાયવ્યાસ્ત્ર દ્વારા નાશ કર્યો, એટલે ઘટોત્કચ અસંખ્ય રાક્ષસોથી વીંટાઈને રથમાં બેસીને કર્ણની આગળ આવી પહોંચ્યો.

એ રાક્ષસો વાઘ, સિંહ તથા હાથી જેવા ભયંકર, સુદૃઢ અને પ્રતાપી હતા.

એમનામાં કેટલાક હાથી પર, કેટલાક ઘોડા પર તો બીજા કેટલાક રથ પર બેઠેલા.

એમણે ભાતભાતનાં શસ્ત્રો ધારણ કરેલાં અને કવચો તથા આભૂષણો પહેરેલાં.

કર્ણે એમનો સંહાર કરવાના ઉદ્દેશથી એમની સાથે યુદ્ધ શરૂ કર્યું.

ઘટોત્કચે મહાભયંકર ગર્જના કરીને કર્ણના ધનુષ્યના બાણો સાથે ટુકડા કરી નાખ્યા એટલે કર્ણે બીજું વધારે શક્તિવાળું ધનુષ્ય લઈને રાક્ષસોની સેનાનો સંહાર કરવા માંડ્યો.

પ્રલયકાળના પાવકની પેઠે પ્રચંડ રૂપ ધારણ કરીને એણે એ બધાને બાળી નાખ્યા.

કર્ણનું એ અસાધારણ પરાક્રમ જોઈને ઘટોત્કચની આંખમાંથી અગ્નિના તણખા ઝરવા લાગ્યા.

એના અંગેઅંગમાંથી જાણે કે અગ્નિની જ્વાળાઓ નીકળવા માંડી.

એણે સહેજ પણ ડર્યા કે ગભરાયા વિના કર્ણની ઉપર વજ્ર સરખાં કઠોર બાણોનો પ્રહાર કર્યો.

એણે શતઘ્ની નામનું ચક્રયુક્ત અસ્ત્ર ફેંક્યું એથી કર્ણના ચારે ઘોડાઓ મૃત્યુ પામ્યાં.

રથના ઘોડાઓ મૃત્યુ પામ્યા એટલે કર્ણ રથ પરથી ઊતરી પડ્યો.

એ જોઈને કૌરવો ગભરાઈ ગયા અને કોલાહલ કરવા લાગ્યા.

કેટલાકે તો કર્ણને કહ્યું પણ ખરું:

'મધ્યરાત્રીને વખતે આ રાક્ષસ ઘટોત્કચ આટલું બધું ભયંકર યુદ્ધ કરીને ચારે તરફ ત્રાસ ફેલાવી રહ્યો છે તોપણ તું એનો નાશ નથી કરતો એ જોઈને અમને નવાઈ લાગે છે. આ તો ઘણું જ અસાધારણ કહેવાય. તારી પાસે ઈન્દ્રે આપેલી જે શક્તિ છે તે શું કામની છે? એ શક્તિ હોવા છતાં તું તેનો પ્રયોગ નથી કરતો ને ઘટોત્કચના જીવલેણ પ્રહારોને સહ્યા કરે છે તે શું સારું લાગે છે?'

કૌરવયોદ્ધાઓના એ ઉદ્દગારોને સાંભળીને આખરે ક્રોધે ભરાયલા કર્ણે ઈન્દ્રે આપેલી અસાધારણ શક્તિનો પ્રયોગ કરવાનો નિર્ણય કર્યો.

ઘટોત્કચના વધની આકાંક્ષાથી એણે વૈજયંતી નામની સર્વોત્તમ અને એકદમ અસહ્ય, અમોઘ શક્તિને હાથમાં લીધી.

એ શક્તિને એણે અર્જુનનો નાશ કરવા માટે જ સાચવીને રાખી મૂકેલી.

શત્રુઓનો સંહાર કરનારી તે અસાધારણ શક્તિને કર્ણના હાથમાં જોઈને ઘટોત્કચ ભયભીત બની ગયો ને શરીરને પર્વત જેવું મોટું કરીને દોડવા લાગ્યો.

એ શક્તિએ રાક્ષસી માયા તથા સેનાનો નાશ કરીને અસંખ્ય શસ્ત્રાસ્ત્રોથી ઘાયલ થયેલા ઘટોત્કચના પ્રાણને હરી લીધા.

શક્તિના પ્રહારથી પ્રાણરહિત થઈને પૃથ્વી પર પડેલા ઘટોત્કચનું મસ્તક ઊંધું પડ્યું, એના અંગોપાંગો જડ બની ગયાં, ને એની જીભ બહાર નીકળી પડી.

પૃથ્વી પર પડતી વખતે એણે પોતાના શરીરથી કેટલીય કૌરવસેનાને કચરી નાખી.

ઘટોત્કચનો એ મહાભયંકર સંગ્રામમાં નાશ થયેલો જોઈને કૌરવપક્ષના સઘળા યોદ્ધાઓ આનંદમાં આવી ગયા અને વિજયસૂચક ગર્જનાઓ કરવા માંડ્યા.

શંખો, ભેરીઓ અને બીજા વાદ્યો વગાડીને એ કર્ણને અભિનંદન આપવા લાગ્યા.

કર્ણને પોતાને ઘટોત્કચના નાશથી ખૂબ જ શાંતિ થઈ.

એને પોતાનો પરિશ્રમ સફળ થયેલો લાગ્યો.

પરંતુ...

લાગણીનો આવેગ શાંત થતાં એને લાગ્યું તો ખરું જ કે આ શક્તિનો પ્રયોગ મેં ઘટોત્કચને માટે ના કર્યો હોત તો સારું, એ અમોઘ શક્તિ અર્જુનના નાશને માટે જ વપરાઈ હોત તો વધારે સારું થાત.

પાછું એને એવું પણ થયું કે અર્જુનને મારવા માટે મારી પાસે બીજાં કેટલાંય શસ્ત્રાસ્ત્રો છે. એ શસ્ત્રાસ્ત્રોની સંમિલિત શક્તિ આગળ અર્જુન ગમે તેવો પરાક્રમી હશે તોપણ નહિ ટકી શકે, અને હું એને જીતીને દુર્યોધનને આનંદ આપી શકીશ.

એ આનંદમગ્ન બનીને દુર્યોધનના રથમાં દાખલ થયો. એટલે દુર્યોધને એને આલિંગન આપતાં સત્કારપૂર્વક કહેવા માંડ્યું:

'તારા આજના પરાક્રમથી મને અતિશય આનંદ થઈ રહ્યો છે, કર્ણ ! તેં આજે મારી ખરેખર લાજ રાખી. સિંધુરાજ જયદ્રથના મૃત્યુથી મને જે મહાન અસહ્ય આઘાત લાગેલો એ આઘાત હવે કાંઈક શાંત થયો.

ઘટોત્કચનું સામર્થ્ય ઘણું અદભુત હતું. એ સામર્થ્ય આગળ તારા સિવાય બીજું કોઈ પણ ટકી શકે તેમ ન હતું. એવી રીતે પાંડવપક્ષના બધા જ યોદ્ધાઓને તું પહોંચી વળીશ. તારામાં વિશ્વાસ રાખીને તારે ભરોસે મેં યુદ્ધનો આરંભ કર્યો છે તે ઘણું જ સારું થયું છે.'

કર્ણ એના તરફ વિજયસૂચક નેત્રે જોઈ રહ્યો ને બોલ્યો:

'હું આવી રીતે બીજા બધા જ પાંડવયોદ્ધાઓનો નાશ કરી નાખીશ. મારો સામનો કરવાની શક્તિ કાળમાં પણ નથી.'

ઘટોત્કચના નાશથી કૌરવસેના આનંદમાં આવીને ઉત્સવ કરવા લાગી ને પાંડવસેના ખૂબ જ દુઃખી થઈ.

તૂટી પડેલા ભયંકર પર્વતની પેઠે મૃત્યુ પામેલા ઘટોત્કચને જોઈને પાંડવો શોકિત બન્યા અને અશ્રુ સારવા લાગ્યા.

ભીમની પીડાનો સ્વાભાવિક રીતે જ પાર ના રહ્યો.

અર્જુનને એ સમાચારની માહિતી મળી ત્યારે વ્યથિત હૃદયે, ઉતાવળી ચાલે, એ ઘટોત્કચના મૃત શરીર પાસે આવી પહોંચ્યો ને શોક કરવા લાગ્યો.

પરંતુ એની ને પાંડવોની પીડાની પરવા કર્યા વિના કૃષ્ણ હર્ષથી છલકાઈને સિંહનાદ કરવા ને નાચવા લાગ્યા.

એ જોઈને અર્જુનના વિસ્મયનો પાર ના રહ્યો, એ એકદમ ઉદાસ બની ગયો ને બોલ્યો:

'ઘટોત્કચના મૃત્યનો પ્રસંગ આનંદદાયક નથી પરંતુ શોકકારક છે તોપણ તમે આવો અભિનય કરી રહ્યા છો ઉચિત છે? ઘટોત્કચના કરુણાતિકરુણ મૃત્યુથી આપણાં સૈન્યોએ ઉદ્વેગને લીધે યુદ્ધ બંધ કર્યું છે અને અમારું ચિત્ત પણ ઠેકાણે નથી ત્યારે તમારું આવું વર્તન ખૂબ જ વિઘાતક અને વિસ્મયકારક લાગે છે. એનું રહસ્ય મારાથી જરા પણ નથી સમજાતું.'

કૃષ્ણે પોતાના એ અભિનયનું સ્પષ્ટીકરણ કરતાં કહ્યું:

'અર્જુન! મારું વર્તન વિસ્મયકારક જરૂર છે પરંતુ વિઘાતક તો નથી જ. તને તથા પાંડવોને એનું રહસ્ય ના સમજાય તે સ્વાભાવિક છે, પરંતુ એ રહસ્ય સમજાશે ત્યારે તને પણ મારું વર્તન અનુચિત નહિ જ લાગે. કર્ણે ઘટોત્કચનો નાશ કરવા માટે જે શક્તિનો પ્રયોગ કર્યો તે શક્તિ એને ઈન્દ્રે એનાં કવચ તેમ જ કુંડળના બદલામાં આપેલી. તે શક્તિના ઉપયોગથી તે તારો નાશ કરવાનાં સ્વપ્નાં સેવતો'તો.'

'મારો નાશ કરવાનાં સ્વપ્નાં?'

'હા. પરંતુ હવે એનાં સ્વપ્નાં કદાપિ સિદ્ધ નહિ થઈ શકે. એ તારો નાશ નહિ કરી શકે. ઈન્દ્રે આપેલી અમોઘ શક્તિના પ્રયોગથી કર્ણ શક્તિહીન બની ગયો છે. કર્ણને ઈન્દ્ર, કુબેર, વરુણ કે યમ પણ નથી જીતી શકે તેમ. એની પાસે કવચ, કુંડળ અને શક્તિ હતી ત્યાં સુધી આપણે બંને ભેગા થઈને પણ એનો પ્રતિકાર કરવાની શક્તિ નહોતા ધરાવતા, પરંતુ હવે એના મૃત્યુનો માર્ગ મોકળો થયો. હવે તારાથી એનો સંહાર સહેલાઈથી કરી શકાશે. એ વિચારને લીધે જ મારું અંતર અત્યારે શોક કરવાને બદલે આનંદની અભિવ્યક્તિ

કરી રહ્યું છે. યુદ્ધમાં કોઈક ઘાયલ થાય કે કોઈક પરાજય પામે એ છેક સ્વાભાવિક છે પરંતુ અંતિમ વિજય તમારો જ થશે એમાં શંકા નથી.'

'પણ કૌરવપક્ષમાં હજુ તો દ્રોણાચાર્ય અને એવા બીજા વીરો બાકી છે ને?'

'એમનો ઉપાય પણ થઈ રહેશે. યુદ્ધમાં એ સઘળાનો સંહાર થશે. મોટામાં મોટો ભય કર્ણનો હતો તે હવે મટી ગયો. છતાં એનો નાશ કરવાનો ઉપાય એક જ છે. યુદ્ધ કરતાં કરતાં તે જ્યારે ઘોર સંકટમાં સપડાશે ત્યારે તેના રથનું પૈડું પૃથ્વીમાં પેસી જશે અને તે પ્રમાદી બની જશે. એ અવસરનો લાભ લઈને તને સંકેત કરું ત્યારે એને મારી નાખજે. એનું મરણ એવી રીતે એકલા બળથી નહિ થાય, પરંતુ યુક્તિપ્રયુક્તિથી જ થઈ શકશે. એ દિવસ હવે બહુ દૂર નથી જ. કર્ણ તારા સંહારનો સંકલ્પ કરીને બેઠો હોવાથી તારી રક્ષા માટે જ મેં ઘટોત્કચનો નાશ કરાવ્યો અને એક વીરનું બલિદાન થવા દીધું છે.'

અર્જુન કૃષ્ણના શબ્દોને ભારે ઉત્તેજનાપૂર્વક સાંભળી રહ્યો.

એને કૃષ્ણને માટે માન પેદા થયું.

એનો પૂજ્યભાવ પરાકાષ્ઠાએ પહોંચી ગયો.

એણે કહ્યું:

'તમે જો ના હોત તો અમારો વિજય ના થાત. અમને અત્યાર સુધી જે સફળતા સાંપડી છે તે તમારા સ્નેહ, સદ્ભાવ તેમ જ પથપ્રદર્શનને લીધે જ સાંપડી શકી છે, ને ભવિષ્યમાં પણ એને લીધે જ સાંપડી શકશે. અમારે હજુ કર્ણ, દુર્યોધન, દ્રોણાચાર્યની સાથે કામ લેવાનું છે તે પણ તમારી કૃપાથી જ થઈ શકશે.'

'કર્ણનો નાશ તારા હાથે થઈ જશે, દ્રોણાચાર્યને દ્રુપદકુમાર ધૃષ્ટદ્યુમ્ન મારી નાખશે, ને દુર્યોધનનો વધ ભીમ કરશે. કૌરવસેના ગમે તેટલી મોટી હોય તોપણ મૃત્યુનો શિકાર બની ચૂકી હોવાથી કોઈ પણ ઉપાયે નથી ઊગરવાની. એ છતાં પણ અત્યારે તમારે બનતી બધી જ શૂરવીરતાપૂર્વક યુદ્ધ કરવાનું છે. ઘટોત્કચના નાશથી ઉત્સાહિત થયેલા કૌરવયોદ્ધાઓ પૂરી શક્તિથી લડી રહ્યા છે ને લડશે, એમનો પરાજય અને નાશ કરવા માટે આપણે બળ અને બુદ્ધિનો બંનેનો ઉપયોગ કરવો પડશે.'

ઘટોત્કચનું મૃત્યુ યુધિષ્ઠિરને માટે પણ મહાન શોકનું કારણ થઈ પડ્યું.

એમનું મુખ ઉદાસ બની ગયું.

દીર્ઘકાલ સુધી એ વિચારોમાં ડૂબી રહ્યા.

એમની આંખ અશ્રુથી ઊભરાઈ ગઈ.

કર્ણના પરાક્રમના વિચારથી એ ગભરાઈ ગયા ને ભય પામ્યા.

કૃષ્ણે એમને પણ આશ્વાસન આપ્યું ને કહ્યું:

'ઘટોત્કચ કર્ણની સાથે લડીને છેવટે મૃત્યુ પામશે એવી ખાતરી હોવા છતાં પણ મેં એને કર્ણની સાથે લડવા માટે પ્રોત્સાહન પૂરું પડેલું કારણ કે કર્ણને હંફાવવાની શક્તિ એના વિના બીજા કોઈનામાં ન હતી. અર્જુનને નિર્ભય અથવા સુરક્ષિત રાખવા માટે કર્ણને સાંપડેલી જીવલેણ શક્તિ વપરાઈ જવાની આવશ્યકતા હતી. એ આવશ્યકતાની પૂર્તિ કરતાં ઘટોત્કચનો ભોગ આપવો પડ્યો એનું દુઃખ તો મને પણ છે, પરંતુ બીજો કોઈ રસ્તો જ ન હતો. હવે કર્ણનો નાશ સહેલાઈથી કરી શકશે.'

તોપણ યુધિષ્ઠિરને સંપૂર્ણ શાંતિ તો ના જ થઈ.

એમણે કહ્યું:

'ભીષ્મ જેવાની શક્તિનો નાશ થયો હોવા છતાં આ યુદ્ધ પોતાની પૂરી ભયંકરતાથી ચાલી રહ્યું છે તેનું કારણ દુર્યોધનની દુર્બુદ્ધિ અને એને સાંપડેલો દ્રોણાચાર્ય તેમ જ કર્ણનો સાથ છે. કર્ણ જો પહેલેથી જ દુર્યોધનની પક્ષમાં ના હોત તો એ યુદ્ધ કરવાનું સાહસ જ ના કરત. માટે એ કર્ણનો વહેલી તકે નાશ જ કરી નાખવો જોઈએ. હું એનો નાશ કરવાની આકાંક્ષાથી હમણાં જ વિદાય થાઉં છું.'

યુધિષ્ઠિરે ધનુષ્ય ધારણ કરીને શંખનાદ કર્યો, ને યુદ્ધ માટે પ્રયાણ કર્યું.

એમની રક્ષા કરવાના ઉદ્દેશથી એમની પાછળ શિખંડી એક હાજર રથો, ત્રણસો હાથીઓ, પાંચ હજાર ઘોડેસવારો તથા બીજા વીર યોદ્ધાઓને લઈને ચાલી નીકળ્યો.

એ જ વખતે ત્યાં મહર્ષિ વ્યાસ આવી પહોંચ્યા.

એમણે યુધિષ્ઠિરને શાંત પાડીને કહ્યું:

'યુધિષ્ઠિર! ઘટોત્કચના મૃત્યુનો શોક કરવાને બદલે પાંડવો સાથે મળીને રાજ્યને માટે યુદ્ધ કરો. એ જ તમારે માટે હિતાવહ છે.'

'પરંતુ યુદ્ધમાં અમારો વિજય થશે કે અમને રાજ્ય મળશે ખરું?'

'શા માટે નહિ મળે? યુદ્ધમાં તમારો વિજય જરૂર થશે ને આજથી પાંચમે દિવસે આખાય રાજ્ય પર તમારો અધિકાર થશે. વિધિના એ વિધાનને હું મારી દૈવી દૃષ્ટિથી સ્પષ્ટ રીતે જોઈ શકું છું. એ વિધાન કદાપિ કે કોઈયે કાળે અન્યથા નહિ થઈ શકે. સત્ય અથવા ધર્મનો સદા જય થાય છે અને અસત્ય અથવા અધર્મનો ક્ષય થાય છે એ સિદ્ધાંત સાચો છે ને તમારા સંબંધમાં પણ સાચો થવા જ સરજાયલો છે.'

વ્યાસનાં વચનોથી યુધિષ્ઠિરને શાંતિ થઈ.

એમની હિંમત વધી ગઈ.

યુદ્ધ કરવાનું મુલતવી રાખીને વ્યાસના વિદાય થયા પછી એ પાછા વળ્યા.

ઘટોત્કચના મૃત્યુથી સમસ્ત કૌરવસેના આનંદમાં ડૂબી ગયેલી ત્યારે ધૃતરાષ્ટ્રની વેદનાનો પાર ન હતો. એ વેદનાનું કારણ જુદું હતું.

એમણે પોતાની વેદના ઠાલવતાં સંજયને કહ્યુ પણ ખરું:

'કર્ણે ઈન્દ્રે આપેલી શક્તિનો પ્રયોગ ઘટોત્કચ જેવા યુવક પર કરીને મોટી ભૂલ કરી. કર્ણની બુદ્ધિ અણીને વખતે બદલાઈ ગઈ કે શું? એ શક્તિ એણે અર્જુનને સારું જ સાચવી રાખવી જોઈતી'તી. ઘટોત્કચને બદલે એ શક્તિનો ઉપયોગ અર્જુનને મારવા માટે થયો હોત તો મને કેટલી બધી શક્તિ અને કેટલો બધો આનંદ થાત? હવે તો અર્જુનના નાશના એ સુખદ સમાચાર કોણ જાણે ક્યારે મળશે?'

* * *

૩૭. દ્રોણનો નાશ અને શલ્યનું સારથિપદ

બીજા દિવસના યુદ્ધમાં દ્રોણાચાર્યે રાજા વિરાટ અને દ્રુપદ જેવા મહાવીરોનો નાશ કરીને અસાધારણ પરાક્રમ કરી બતાવ્યું ત્યારે પાંડવોની સમસ્ત સેનામાં ભય તેમ જ હતાશાની લાગણી ફેલાઈ ગઈ.

દુર્યોધન અને સાત્યકિનું જે ઘોર યુદ્ધ થયું તે દરમિયાન દુર્યોધને સાત્યકિને દસ બાણો મારીને ઘાયલ કર્યો તો સાત્યકિએ પણ બાણોની વર્ષા કરીને એને વીંધવા માંડ્યો.

દુર્યોધને સાત્યકિના ધનુષ્યના બે ટુકડા કરી નાખ્યા એટલે સાત્યકિએ બીજું ધનુષ્ય લઈને એની ઉપર બાણો ફેંકયાં.

દુર્યોધને એ બાણોના ટુકડા કરી નાખ્યા, એ જોઈને લાગતા વળગતા યુદ્ધનિપુણ યોદ્ધાઓ કોલાહલ કરવા લાગ્યા.

દુર્યોધન બીજા બાણો છોડવા તૈયાર થયો પરંતુ એ જ વખતે સાત્યકિએ ભારે સમયસૂચકતા બતાવીને એના ધનુષ્યે પોતાના બાણના પ્રહારથી તોડી પાડ્યું.

રથીશ્રેષ્ઠ સાત્યકિનું એવું અદભુત પરાક્રમ જોઈને કર્ણ દુર્યોધનની રક્ષા કરવાના ઉદ્દેશથી દોડી આવ્યો, એટલે ભીમસેને સાત્યકિનો પક્ષ લઈને કહ્યું:

'અરે ઓ સૂતપુત્ર! સારું થયું કે તું લડવા માટે આવી પહોંચ્યો. હું તને હમણાં જ મારી શૂરવીરતાનો સ્વાદ ચખાડી આપું છું. હું એ માટે આતુર છું.'

'હુ પણ એટલો જ—બલકે તારા કરતાં પણ વધારે આતુર છું. કર્ણ બોલી ઊઠ્યો: 'તારે યમસદનમાં જવાની ઉતાવળ હોય તો ખુશીથી આવી જા. તને ત્યાં ચપટી વગાડતામાં પહોંચાડી આપું.'

કર્ણ વધારે બોલે એ પહેલાં તો ભીમે ઉપરાઉપરી બાણોનો પ્રહાર કરીને એને ઘેરી લીધો.

કર્ણે એના બાણોનો નાશ કરી નાખ્યો, એના ધનુષ્યને તોડી પાડ્યું, અને એના સારથિને મારી નાખ્યો.

એ જોઈને ભીમનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠ્યો.

એણે ગદા લઈને કર્ણના ધ્વજ, ધનુષ્ય ને સારથિનો નાશ કર્યો અને એના રથનું પૈંડુ તોડી પાડ્યું.

રથનું પૈંડુ તૂટવા છતાં પણ કર્ણ લેશપણ હતાશ થયા કે ગભરાયા વિના એવો જ અચળ રહ્યો ને જુદા જુદા શસ્ત્રપ્રયોગો કરીને ભીમ સામે લડવા લાગ્યો.

પાંચાલયોદ્ધાઓ દ્રોણાચાર્ય પર તીક્ષ્ણ બાણોનો મારો ચલાવવા લાગ્યા ને બીજી બાજુથી ભીમ જેવા મહાશક્તિશાળી યોદ્ધાઓ એમને ઘેરી વળ્યા.

એ વખતે અર્જુન પણ ત્યાં આવી પહોંચ્યો.

દ્રોણાચાર્ય પોતાના અસાધારણ સામર્થ્યથી સૂર્યની જેમ શોભી રહેલા.

પાંચાલો પરાક્રમી હોવા છતાં એમની સામે ના ટકી શક્યા.

દ્રોણાચાર્યે એમનો ને બીજા અનેક પાંડવયોદ્ધાઓનો સંહાર કરવાથી પાંડવો થોડાક ભયભીત બની ગયા ને વિચારવા લાગ્યા કે દ્રોણાચાર્ય આખર સુધી અવધ્ય જ રહેશે કે શું? અને જો એ અવધ્ય જ રહેશે તો

કૌરવો કદી હારશે નહિ ને જેને માટે આ ઘોર યુદ્ધ શરૂ કર્યું છે તે રાજ્ય પણ નહિ મળે, આ યુદ્ધ ધર્મ તેમ જ ન્યાયને માટેનું છે અને એને માટે આપેલો ભોગ શું નકામો જવા જ સરજાયલો છે?

અર્જુને કૃષ્ણની આગળ પોતાના એ મનોમંથનને રજૂ કર્યું એટલે કૃષ્ણે કહ્યું:

'દ્રોણાચાર્ય કૌરવ અને પાંડવસેનામાં સૌથી વધારે શક્તિશાળી છે. એમના પર વિજય મેળવવાનું કાર્ય કઠિન છે. જ્યાં સુધી એમના હાથમાં ધનુષ્ય છે ત્યાં સુધી એમને જીતવાની શક્તિ કોઈનામાં નથી. એ ધનુષ્ય કે બીજાં શસ્ત્રોનો ત્યાગ કરે પછી જ એમને જીતી શકાય. અને પછી તો સહેલાઈથી અને સામાન્ય મનુષ્યથી પણ જીતી શકાય.'

'પરંતુ યુદ્ધમાં એમને શસ્ત્રહીન કરવા કેવી રીતે?'

'હું પણ એ જ વિચાર કરી રહ્યો છું. એ શસ્ત્રહીન ના થાય ત્યાં સુધી એમનો પરાજય કે નાશ મનુષ્યો તો શું દેવતાઓ પણ નથી કરી શકે તેમ. એમને શસ્ત્રહીન કરવાનો એક ઉપાય મને સૂઝે છે ખરો.'

'કયો ઉપાય?'

'દ્રોણાચાર્યને અશ્વત્થામા પર સૌથી વધારે પ્રેમ છે. બીજા બધા વગર રહી શકે પરંતુ અશ્વત્થામાના મૃત્યુના સમાચાર એ સાંભળે તો ખૂબ જ દુઃખી બની જાય, અને યુદ્ધમાંથી એમનો રસ ઊઠી જવાથી શસ્ત્રોનો સત્વર પરિત્યાગ કરી દે.'

'પરંતુ અશ્વત્થામાનું મૃત્યુ થાય ત્યારે એમને એવા સમાચાર આપી શકાય ને? એ સિવાય એમને એવી કરુણ વાત કેવી રીતે કહી શકાય?'

'એને માટેનો રસ્તો પણ મેં શોધી કાઢ્યો છે.'

એમ કહીને કૃષ્ણે અર્જુન, યુધિષ્ઠિર તથા બીજા પાંડવયોદ્ધાઓને પોતાની યોજના કહી બતાવી.

અર્જુન અને યુધિષ્ઠિરને એ યોજના પસંદ તો ના પડી તોપણ એમણે એને કચવાતા મને માન્ય રાખી.

ભીમ ભારે ઉશ્કેરાટપૂર્વક બોલી ઊઠ્યો:

'કૌરવોનો આપણે આ યુદ્ધમાં ગમે તેમ કરીને નાશ કરવાનો હોવાથી મને તો કૃષ્ણની યોજના ખૂબ જ પસંદ પડી છે. દ્રોણાચાર્ય અને કર્ણ કૌરવોની શક્તિના મહાન સ્થંભરૂપ છે. એમને લીધે જ દુર્યોધન આટલો બધો ઘમંડી બની ગયો છે. એ બંનેનો વારાફરતી વધ કરીને આપણે એની મુખ્ય તાકાતને તોડી નાખીશું એટલે એને હરાવવામાં કોઈપણ જાતની મુશ્કેલી નહિ પડે. દ્રોણાચાર્ય તેમ જ કર્ણને જે રીતે પણ મારી શકાતા હોય તે રીતે મારવા માટે આપણે તૈયાર રહેવું જોઈએ. એ માટે કોઈપણ જાતનો વિચાર કે વિલંબ ના કરવો જોઈએ.'

ભીમના શબ્દો સાથે બીજા યોદ્ધાઓ સમંત થયા.

એ પછી કૃષ્ણની સૂચના પ્રમાણે ભીમે પોતાની સેનામાં રહેલા માલવ દેશના ઈન્દ્રવર્મા નામના રાજાના શત્રુઓનો સંહાર કરવામાં કુશળ હાથી અશ્વત્થામાને પોતાની ગદાની મદદથી મારી નાખ્યો અને દ્રોણાચાર્ય પાસે પહોંચીને 'અશ્વત્થામા હણાયો, અશ્વત્થામા હણાયો' એવી રીતે મોટે સ્વરે બોલવા માંડ્યો.

એ સાંભળીને દ્રોણાચાર્યના પગ ઢીલા થઈ ગયા.

એમનો ઉત્સાહ ઓસરી ગયો.

એમનું મસ્તક ભમવા માંડ્યું.

આંખે અંધારા આવવા લાગ્યાં.

અશ્વત્થામા શું ખરેખર હણાયો? પોતાનો પ્રિય, અતિશય પ્રિય, પ્રાણપ્રિય અશ્વત્થામા હણાયો? એને કેવી રીતે, ક્યારે અને કોણે હણ્યો? જો એ હણાયો જ હોય તો પછી યુદ્ધ કરવામાં સાર જ શો રહ્યો? યુદ્ધનો હેતુ શો? યુદ્ધ એટલે યુદ્ધ. હરાવવાની ને હણવાની ક્રિયા. એમાં અશ્વત્થામા તો શું, કોઈપણ હારી કે હણાઈ જાય, યુદ્ધ છે જ એવું નિર્દય, જટિલ અને ભયંકર.

પરંતુ અશ્વત્થામા જો ખરે જ હણાયો હશે તો મારાથી શસ્ત્રો ધારણ કરીને લડી નહિ શકાય.

એટલામાં તો ફરી પાછો એ જ અવાજ આવવા માંડ્યો:

'અશ્વત્થામા હણાયો, અશ્વત્થામા હણાયો.'

દ્રોણાચાર્યનો વિષાદ વધી ગયો.

એમની હિંમત તૂટી ગઈ.

એમણે યુધિષ્ઠિરને પૂછ્યું:

'શું અશ્વત્થામા ખરે જ હણાયો છો?'

'હા; હણાયો છે.' યુધિષ્ઠિરે જણાવ્યું, અને પછી છેક જ મંદ સ્વરે કહ્યું: 'માનવ અથવા હાથી.'

એ મંદ સ્વર દ્રોણાચાર્યના સાંભળવામાં ના આવ્યો એટલે એ પોતાના પ્રતાપી પુત્ર અશ્વત્થામાને મરાયેલો માનીને અતિશય દુઃખી બનીને વિલાપ કરવા લાગ્યા.

એમણે શસ્ત્રોનો પરિત્યાગ કરતાં કહ્યું:

'મને હવે જીવનમાં કશો જ રસ નથી રહ્યો. અશ્વત્થામા મને અતિશય પ્રિય અને મારા આત્મારૂપ હતો, એનો વધ કોણે અને કેવી રીતે કર્યો? હું એના સિવાય એક ક્ષણ પણ નહિ જીવી શકું. જીવન મારે માટે તદ્દન કડવું બની ગયું. હવે તો મારું મૃત્યુ પાસે આવે તો સારું.'

દ્રોણાચાર્યને શસ્ત્રહીન જોઈને કૃષ્ણે ધૃષ્ટદ્યુમ્નને સંકેત કરતાં જણાવ્યું:

'ધૃષ્ટદ્યુમ્ન! આવો અવસર ફરી ફરી નહિ આવે. આ અવસરનો પૂરેપૂરો લાભ લઈ લે. તું દ્રોણાચાર્યના નાશ માટે જ જન્મ્યો છે. માટે એમને છાતીમાં બાણ મારી દે. મારો તને આશીર્વાદ છે.'

ધૃષ્ટદ્યુમ્ન તૈયાર જ હતો.

એણે દ્રોણાચાર્યની છાતીમાં બાણ માર્યું કે તરત દ્રોણાચાર્ય ધરતી પર ઢળી પડ્યા. એમને માટે એ બાણ જીવલેણ થઈ પડ્યું.

દ્રોણાચાર્યનો નાશ થવાથી પાંડવો પ્રસન્ન થયા પરંતુ કૌરવોની પીડાનો પાર ના રહ્યો.

દુર્યોધનની દશા ખૂબ જ દયનીય બની ગઈ.

એ કર્ણની આગળ કલ્પાંત કરવા લાગ્યો ત્યારે કર્ણે કહ્યું:

'જ્યાં સુધી હું જીવું છું ત્યાં સુધી તારે કલ્પાંત કરવાનું કોઈ જ કારણ નથી. દ્રોણાચાર્યની ઉપસ્થિતિમાં મેં મન મૂકીને યુદ્ધ નહોતું કર્યું પણ હવે જોઈ લેજે. દ્રોણાચાર્ય ને ભીમ વિના હું એકલો જ પાંડવોને પરાસ્ત

કરવા માટે પૂરતો છું. કાલે મારું પરાક્રમ જોઈ લેજે. યુદ્ધમાં જય અને પરાજયના પ્રસંગો તો આવ્યા કરે પરંતુ અંતિમ જય કે પરાજય કોનો થાય છે એ જ અગત્યનું છે. હું પાંડવોને જરૂર પરાજય આપીશ.'

કર્ણનો સેનાપતિપદે અભિષેક કરવામાં આવ્યો.

કર્ણે દુર્યોધનને કહ્યું:

'આજે મારું અને અર્જુનનું યુદ્ધ થશે. એ મહાભયંકર યુદ્ધમાં કાં તો અર્જુનનો નાશ થશે કાં તો મારો. મારી પાસે ઈન્દ્રની આપેલી શક્તિ નથી રહી તોપણ મારું સામર્થ્ય હજુ અસાધારણ છે. અર્જુન શસ્ત્રસંચાલન અથવા યુદ્ધકૌશલમાં મારી બરાબરી નથી કરી શકે તેમ. એ મારા જેટલો પરાક્રમી પણ નથી. મારી પાસે જે ધનુષ્ય છે તે મને પરશુરામે આપેલું છે. એ ગાંડીવથી પણ ચઢિયાતું છે. અર્જુનની વિશેષતા એ છે કે એનો રથ અતૂટ અથવા અભેદ્ય છે ને ઘોડા દિવ્ય છે. એ ઉપરાંત એને કૃષ્ણ જેવા સર્વોત્તમ સારથિ મળ્યા છે. એને લીધે એ નિર્ભય છે.'

'પરંતુ આપણા પક્ષમાં શલ્ય જેવા શૂરવીર છે પછી કૃષ્ણનો શો ભય છે?'

'ભય તો મને કોઈનોય નથી લાગતો પણ હું આપણા લાભની વાત વિચારી રહ્યો છું.'

'કયી?'

'મહારાજ શલ્ય અશ્વવિદ્યાના ભારે મોટા મર્મજ્ઞ છે. સારથિપદમાં એ કૃષ્ણની બરાબરી કરી શકે તેમ છે. એ મારા સારથિ થઈ જાય તો મારી શક્તિ અનેકગણી વધી જાય. પછી તો યુદ્ધભૂમિમાં મારો સામનો કોઈ જ ના કરી શકે. જે મારી સામે લડવા આવે તે બધા જ હારી જાય.'

દુર્યોધને ઉત્સાહિત થઈને કહ્યું:

'શલ્યને તારું સારથિપદ સ્વીકારવા માટે હું સમજાવી શકીશ. એ મારું જરૂર માનશે.'

'તો તો એના જેવું ઉત્તમ બીજું એકે નહિ.'

દુર્યોધન એ જ વખતે મહારથી શલ્યની પાસે પહોંચીને વિનયપૂર્વક કહેવા લાગ્યો:

'મદ્રેશ્વર! મારી તમને એક પ્રાર્થના છે.'

'કયી પ્રાર્થના?'

'તમને અમારી ઉપર પ્રેમ છે તો અર્જુનના નાશ તેમ જ મારા મંગલને માટે તમે કર્ણના સારથિપદનો સ્વીકાર કરો.'

'સારથિપદનો?'

'હા. તમે સારથિ થશો એટલે કર્ણ શત્રુઓને સમાપ્ત કરી દેશે. કર્ણનું સારથિપદ સંભાળવા માટે તમારા સિવાય બીજી કોઈ જ સુયોગ્ય વ્યક્તિ નથી મળે તેમ. તમે સંગ્રામમાં કૃષ્ણ બરાબર હોવાથી કૃષ્ણ જેમ અર્જુનની રક્ષા કરે છે તેમ કર્ણની રક્ષા કરો. કર્ણ રથીઓમાં શ્રેષ્ઠ છે અને તમે સારથિઓમાં ઉત્તમ છો. તમારા બંનેનો સંયોગ થતાં સંસારની કોઈયે શક્તિ તમારી આગળ નહિ ટકી શકે.'

શલ્યની મુખમુદ્રા બદલાઈ ગઈ.

એની ઉપર ક્રોધની કટુ રેખાઓ ફરી વળી.

એની કાયા કંપવા લાગી.

'દુર્યોધન! આ તું શું બોલી રહ્યો છે?' એણે સહસા કહેવા માંડ્યું: 'તારું મગજ ઠેકાણે છે કે નહિ?'

'ઠેકાણે છે.'

'ઠેકાણે હોત તો આવો અનુચિત પ્રસ્તાવ ના મૂકત. મને સારથિપદ સંભાળવાની સૂચના કરીને તું મારું અપમાન કરી રહ્યો છે. હું એ સૂતપુત્ર કરતાં ઓછો શક્તિશાળી છું કે એનો સારથિ બનું? કર્ણ મારી સામે સંગ્રામમાં નથી ટકી શકે તેમ. મારી શક્તિથી હું પૃથ્વીને તોડી શકું તેમ છું, સમુદ્રને શોષી શકું તેમ છું, ને પર્વતોને છિન્નભિન્ન કરી શકું છું. શત્રુઓનો નાશ કરવાની સંપૂર્ણ શક્તિથી સંપન્ન હોવા છતાં હું એ સૂતપુત્રનો સારથિ બનું? એવી રીતે અપમાનિત થઈને નીચ પુરુષની સેવા કરવા કરતાં યુદ્ધને પડતું મૂકીને ઘેર જાઉં એ વધારે સારું છે.'

શલ્ય રોષે ભરાઈને ચાલવા લાગ્યો એટલે દુર્યોધને એનો હાથ પકડીને એને બેસાડતાં કહ્યું:

'મારા શબ્દોથી તમને દુઃખ થયું હોય તો તમારી ક્ષમા માગું છું. મારો ઉદ્દેશ તમને દુઃખી કે અપમાનિત કરવાનો જરાય નથી. તમારી શૂરવીરતા, યોગ્યતા તથા ઉત્તમતાને જાણું છું. તમે શત્રુઓને માટે શલ્ય બરાબર છો. ધર્મજ્ઞ છો, ને મારું પ્રિય કરવાનું વચન આપી ચૂક્યા છો, માટે એ વચનનું પાલન કરવાની કૃપા કરો. સારથિપદ જો ખરાબ હોત તો કૃષ્ણ જેવા પુરુષ એનો સ્વીકાર ના કરત. એનું પોતાનું મહત્વ છે. તમારા બળ આગળ મારું કે કર્ણનું બળ કશી જ વિસાતમાં નથી. તમે અશ્વવિદ્યાના સર્વોત્તમ જ્ઞાતા હોવાથી જ તમને આવી પ્રાર્થના કરી રહ્યો છું. કર્ણ શસ્ત્રવિદ્યામાં અર્જુનથી શ્રેષ્ઠ છે અને તમે અશ્વવિદ્યામાં કૃષ્ણ કરતાં પણ ચઢિયાતા છો એમાં મને શંકા નથી.'

શલ્યનો ક્રોધ પ્રશંસાના એ શબ્દોથી ઠંડો પડ્યો.

પાંડવોના હિતકાર્યને માટે આપેલા પોતાના વચનને યાદ કરીને સઘળું સમયાનુરૂપ થઈ રહ્યું છે એવું સમજીને એ બોલ્યો:

'દુર્યોધન! તું મને કૃષ્ણ કરતાં ઉત્તમ માને છે એ જાણીને મને શાંતિ થઈ. હું તારી એ પ્રશસ્તિથી પ્રસન્ન થઈને કર્ણનું સારથિપદ સ્વીકારવા તૈયાર થાઉં છું. હું કર્ણના ઘોડાઓની લગામ હાથમાં લઈશ. પરંતુ મારી એક શરત રહેશે.'

'શી શરત?'

'યુદ્ધમાં હું એની સાથે ગમે તેવી વાત કરી શકીશ. એને માટે એને કોઈ જાતની હરકત ના હોવી જોઈએ.'

'પરંતુ એ હશે તો એના હિતની જ વાત ને?'

શલ્યે હસીને કહ્યું:

'હા. હિતની જ વાત.'

દુર્યોધન તથા શલ્ય બંનેને પોતાના પાસા પોબાર પડેલા લાગ્યા. બંનેને પોતપોતાની રીતે સંતોષ થયો.'

* * *

૩૮. કર્ણની મૂર્છા

યુદ્ધને માટે તૈયાર થયેલા સેનાપતિ કર્ણને જોઈને કૌરવસેના હર્ષધ્વનિ કરવા લાગી.

દુર્યોધને એને ભેટીને કહ્યું:

'જે કામ ભીષ્મ પિતામહ તથા દ્રોણાચાર્યથી નથી થઈ શક્યું તે કામ તારાથી થઈ શકશે એવો મને વિશ્વાસ છે. તને સંપૂર્ણપણે સફળતા મળે એવું ઈચ્છું છું.'

કૌરવવીરોએ દુંદુભિ તથા ભેરિયોના નાદ સાથે રણભૂમિ તરફ કૂચ કરી.

એ વખતે ધરતી ડગમગવા માંડી ને કર્ણના રથના ઘોડા પૃથ્વી પર પડી ગયા.

કર્ણે એની લેશપણ પરવા કર્યા વિના રાજા શલ્યને સંબોધીને કહેવા માંડ્યું:

'મારી પાસે એવાં તો અસાધારણ શસ્ત્રાસ્ત્રો છે કે મને ઈન્દ્રનો પણ ભય નથી લાગતો. અર્જુનનો સામનો કરવાની શક્તિ મારા સિવાય બીજા કોઈનામાં નથી. ભીષ્મ અને દ્રોણ અગ્નિ તથા આદિત્ય જેવા તેજસ્વી, વિષ્ણુ અને ઈન્દ્ર જેવા પરાક્રમી, બૃહસ્પતિ અને શુક્રાચાર્ય જેવા નીતિકુશળ અને ઓજસ્વી હતા. તોપણ શસ્ત્રો એમની રક્ષા ના કરી શક્યા. એટલે પાંડવો ઘમંડી બની ગયા છે અને અર્જુનનો અહંકાર પણ પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. એના અહંકારનો અંત આણવા માટે જ મારો જન્મ થયો લાગે છે. મારા રથને એ પાંડવોની પાસે લઈ લો જેથી એમને મારી શૂરવીરતાનો સ્વાદ ચખાડી શકું. આજે સ્વયં કાળ પણ અર્જુનની રક્ષા કરવા માગશે તોપણ એની રક્ષા નહિ થઈ શકે.'

કર્ણની જુસ્સાભરેલી વીરવાણી સાંભળીને શલ્યે સ્મિત કરીને કહ્યું:

'કર્ણ! તું આવેશમાં આવીને જે કાંઈ બોલી રહ્યો છે તેનું મહત્વ મારે મન કશું જ નથી. ક્યાં અર્જુન અને ક્યાં તું? તમારા બંનેની સરખામણી કદી થઈ જ ના શકે. અર્જુનનો સામનો કરવાની કે અર્જુનને જીતવાની શક્તિ તારામાં તો શું બીજા કોઈનામાં નથી. એ તો અજય છે.'

'અજય ? એ અજય છે એવું મૂર્ખ વિના બીજું કોઈ જ ના માની શકે. હું એવો મૂર્ખ નથી કે એ વાતને માની લઉં. હું તો એને દુર્જય પણ નથી માનતો.'

'તું નથી માનતો પણ એ અજય છે એ સાચું છે. વિરાટનગરમાં ગાયોના હરણ વખતે એ અર્જુને તને, દ્રોણાચાર્યને, ભીષ્મને અને અશ્વત્થામાને સમસ્ત સેના સાથે હાર આપેલી તે ભૂલી ગયો કે શું? મને તો લાગે છે કે આજે તું એના ભયથી યુદ્ધભૂમિમાંથી પીછેહઠ કરીને નાસી જાય તો અવશ્ય માર્યો જઈશ.'

કર્ણ ક્રોધે ભરાઈને બોલ્યો:

'તમે તો મારા સારથિ થઈને અર્જુનનાં ગુણગાન ગાઈ રહ્યા છો!'

'તને એવું લાગતું હશે પરંતુ એ ગુણગાન સાચાં છે. તું ગમે તેટલું કરે તોપણ એની બરાબરી નથી કરી શકવાનો.'

'એનો નિર્ણય તમારાથી નથી થવાનો પરંતુ યુદ્ધથી જ થઈ શકવાનો છે. અર્જુન જ્યારે મારી સામે આવશે અને મારાં તીખાં તમતમતાં દેવદુર્લભ શસ્ત્રોનો સ્વાદ ચાખશે ત્યારે જ તમને, એને ને બીજા બધાને મારી લોકોત્તરતા અને સર્વોત્તમતાની પ્રતીતિ થશે.'

'મને તો એની પ્રતીતિ ક્યારનીય થઈ ગઈ છે.' શલ્યે વ્યંગાત્મક સ્વરે કહ્યું: 'મારે કોઈ વિશેષ પ્રતીતિની જરૂર નથી રહેતી.'

'બસ ત્યારે. રથને આગળ લઈ લો. મારું પરાક્રમ બતાવવા માટે મારું અંતર અધીરું બન્યું છે.'

કર્ણે કૌરવસેનાને ઉત્સાહિત કરીને પાંડવસેનાના યોદ્ધાઓને લલકારીને કહેવા માંડ્યું:

'તમારામાંથી જે મને અર્જુન અને કૃષ્ણની માહિતી પૂરી પાડશે એને હું ઈચ્છાનુસાર ધન આપીશ. એનાથી સંતોષ નહિ થાય તો ગાડું ભરીને રત્નો આપીશ. એનાથી પણ જો સંતોષ નહિ થાય તો હાથી જેવા બળવાન છ બળદો જોડેલો સોનાનો રથ આપીશ. એનાથી પણ એ પ્રસન્ન નહિ થાય તો એને સો સુવર્ણમય રથ, સો સુંદર હૃષ્ટપુષ્ટ ઘોડા, સોનાથી મઢેલાં શિંગડાવાળી ચારસો દૂઝણી ગાયો અને સો ગામ અર્પણ કરીશ. એથી પણ પ્રસન્ન નહિ થાય તો એની ઈચ્છા પ્રમાણેની કોઈપણ વસ્તુ પ્રદાન કરીશ. કૃષ્ણ અને અર્જુનને મારીને એમનું સમસ્ત ધન એને અર્પણ કરીશ.'

એ પછી એણે શંખનાદ કર્યો.

એ સાંભળીને દુર્યોધન અને એની સેનાના સૈનિકો ખૂબ જ આનંદમાં આવી ગયા.

આજુબાજુ બધે જ દુંદુભિ તથા મૃદંગોનો નાદ થવા લાગ્યો ને યુદ્ધને માટે આતુર થયેલા યોદ્ધાઓ સિંહની પેઠે ગરજવા માંડ્યા.

એ વખતે શલ્ય ફરીથી બોલી ઊઠ્યો:

'કર્ણ! અર્જુન અને કૃષ્ણની માહિતી મેળવવા માટે તારે એટલું બધું દાન નહિ કરવું પડે. એ તારી ખબર લેવા તારા અહંકારને ચૂર્ણ કરવા અને તને યમસદનમાં પહોંચાડવા તૈયાર થઈને તારી રાહ જોતા જ ઊભા હશે. એ પણ પોતાનું પરાક્રમ બતાવવા ઉત્સુક હશે. હજુ સુધી કોઈ શિયાળે સિંહનો નાશ કર્યો હોય એવું નથી સાંભળ્યું. તારી વાતો એવી વિચિત્ર છે.'

'પરંતુ હું તો સિંહ છું ને શિયાળનો નાશ કરવા માગું છું.'

'એ તો જ્યારે વીર અર્જુન તને તે સમસ્ત સેનાને પોતાનાં સુતીક્ષ્ણ બાણોથી પીડિત કરશે ત્યારે સમજાશે. મને તો લાગે છે કે તું લાંબા હાથ કરીને સૂર્યને પકડવા, બાહુબળથી સાગરને પાર કરવા, મોઢું પહોળું કરીને અગ્નિને પી જવા, તેમ જ પર્વતનાં ઉત્તુંગ શિખરો પરથી ફૂદકો મારવા માગે છે. માતાના ખોળામાં બેઠેલો બાળક ચંદ્રને પકડવાની ચાહના કરે તેમ તું અર્જુનને હરાવવાની ઈચ્છા કરે છે. જ્યાં સુધી તેં અર્જુનનાં શસ્ત્રનો સ્વાદ નથી ચાખ્યો ત્યાં સુધી તારી જાતને ભલે સિંહ સમજીને હરખાયા કર. અર્જુનનાં શસ્ત્રોનો સ્વાદ મળતાં તારો બધો જ હરખ ઊડી જશે. ઉંદર અને બિલાડી, ફૂતરું ને વાઘ, શિયાળ તથા સિંહ, સસલું અને હાથી, એક નથી. એમના ભેદને લોકો જાણે છે. તેવી રીતે તારા અને અર્જુનના ભેદથી પણ સૌ માહિતગાર છે. '

કર્ણને શલ્યનાં એ વચનો કાંટાની પેઠે વાગવા માંડ્યાં.

તોપણ શક્ય એટલી શાંતિ રાખીને એ બોલ્યો:

'ગુણવાનના ગુણોનું જ્ઞાન ગુણવાનને જ થઈ શકે છે. બીજા સાધારણ ગુણહીન માણસને નથી થઈ શકતું. તમે તેવા જ ગુણહીન હોવાથી મારા ગુણોને નથી સમજી શકતા તો મને એમાં કશું આશ્ચર્ય નથી

લાગતું. તમે અજ્ઞાનને લીધે જ ભાટની પેઠે અર્જુનનાં વખાણ કરી રહ્યા છો. પણ કોણ શિયાળ છે ને કોણ સિંહ છે, કોણ સસલું છે ને કોણ હાથી તે તો યુદ્ધ જ કહી બતાવશે. તમે અર્જુનની શસ્ત્રશક્તિની વારંવાર વાતો કરીને મને ડરાવવાની કોશિશ કરો છે પરંતુ શસ્ત્રશક્તિ તો મારી પાસે પણ છે. એનો ઈજારો કાંઈ એણે એકલાએ નથી રાખ્યો. મારું બાણ ભયંકર અને સર્વસંહારક છે. એથી હું મેરુ પર્વતને પણ તોડી શકું છું. એ બાણનો પ્રયોગ અર્જુન અને કૃષ્ણને છોડીને બીજા પર નહિ કરું. કારણ કે પાંડવોના વિજયનો આધાર અર્જુન પર છે અને વૃષ્ણિવંશીઓની લક્ષ્મી કૃષ્ણના આધારે રહેલી છે. અર્જુનનું ગાંડીવ ને કૃષ્ણનું સુદર્શનચક્ર ડરપોકને ડરાવી શકે એમ છે. તમે તેથી ડરીને ફાવે તેવા પ્રલાપો કર્યા કરો છો, પરંતુ આજે એમને મારીને તમારું જીવન પણ પૂરું કરીશ. મદ્રદેશના લોકો અસત્યભાષી, દુષ્ટ તથા કુટિલ હોય છે એ મેં સાંભળેલું. એ આજે પુરવાર થાય છે.'

'તો શું તું મને, અર્જુનને કે કૃષ્ણને મારી શકીશ? હું તો તારા પ્રાણની રક્ષા માટે તારા હિતનાં વચન કહી રહ્યો છું તોપણ તારી બુદ્ધિ બગડી હોવાથી તે તને કડવા લાગે છે તારું કમભાગ્ય છે.'

'કમભાગ્ય મારું નથી પણ તારું છે.' કર્ણે શલ્યને ટૂંકારો કરતાં કહેવા માંડ્યું: 'અને બુદ્ધિ પણ મારી નથી બગડી પણ તારી બગડી છે. તેથી જ તું આવા શબ્દો બોલી રહ્યો છે. એ શબ્દોનો દંડ તને જરૂર મળશે. મદ્રદેશના લોકો જીવતાં લગી દુષ્ટતા નથી છોડતાં. એ મદિરાપાન કરીને હસે છે, બૂમો પાડે છે, ઠેકાણા વગરનાં ગીત ગાય છે. ફાવે તેવું અસભ્ય આચરણ કરે છે. અને અશ્લીલ વાતો કરે છે. એ એમના ઘમંડ તથા અધમ કર્મોને માટે પ્રસિદ્ધ છે. તું મને અર્જુનનો ભય બતાવી રહ્યો છે પણ મને એ ભયની કશી અસર નથી થતી. તને પાંડવોએ પોતાના પક્ષમાં લઈ લીધો છે એવું લાગે છે માટે જ તું આવો શત્રુ જેવો વ્યવ્હાર કરે છે. પરંતુ યાદ રાખજે કે તારા જેવા હજારો લોકો પણ મને યુદ્ધવિમુખ નહિ કરી શકે. તારા દુષ્ટ વ્યવહારને લીધે તને અત્યારે જ મારીને માંસાહારી પ્રાણીઓને અધીન કરત પરંતુ દુર્યોધનના કામને બગાડવા નથી માગતો. તને તારા શબ્દોને માટે ક્ષમા કરવાનું મેં વચન આપેલું છે, નહિ તો મારી વજ્ર જેવી ગદાથી તારા મસ્તકને પૃથ્વી પર પાડી દેત.'

શલ્યે કહ્યું:

'તું મારી ઉપર ક્રોધે ભરાય છે છતાં હું તો તને તારા હિતનાં વચનો જ કહી રહ્યો છું.'

'તારાં એ વચનો મારે નથી સાંભળવા. એ વચનો મારા હિતનાં નથી પણ અહિતનાં છે.'

'તારી એ માન્યતા બરાબર નથી. કૃષ્ણ અને અર્જુનનો મહિમા જાણી લઈને તું એમનું શરણ લઈ લે તો તારું શ્રેય સધાશે.'

'હું અર્જુનને શરણે જઈને નહિ પરંતુ એની સાથે યુદ્ધ કરીને મારું શ્રેય સાધીશ. હું ડરપોક નથી, વીર છું, ને વીરની પેઠે લડવાનું ને શત્રુને હણવાનું બરાબર જાણું છું.'

કર્ણ અને શલ્યનાં વિરોધવચનો સાંભળીને દુર્યોધનને જરા ચિંતા થઈ.

એણે કર્ણને મિત્રભાવે સમજાવીને શાંત કર્યો અને શલ્યને પણ વધારે ના બોલવા માટે પ્રાર્થના કરી.

કર્ણ અને શલ્ય બંને દુર્યોધનનાં સમજાવવાથી સમજી ગયા.

શલ્યે કર્ણની સૂચનાનુસાર રથને આગળ ચલાવ્યો.

એ પછી ધૃષ્ટદ્યુમ્ન દ્વારા રક્ષાયલી પાંડવોની અદભુત સેનાને નિહાળીને કર્ણ સિંહનાદ કરતાં આગળ વધ્યો.

એણે કૌરવોની સમસ્ત સેનાની એવી જ સરસ વ્યૂહરચના કરી.

અસંખ્ય ઘોડાઓ, રથો અને શણગારેલા હાથીઓથી ભરેલો એ વ્યૂહ દેવતા અને દાનવોના વ્યૂહની પેઠે શોભવા લાગ્યો.

યુધિષ્ઠિરના આદેશાનુસાર અર્જુન પોતાના પસંદ કરેલા પ્રતાપી સૈનિકોને લઈને કર્ણનો સામનો કરવા તૈયાર થયો.

અર્જુનને આવતો જોઈને શલ્યે કર્ણને કહેવા માંડ્યું:

'કર્ણ! તું જેની શોધમાં હતો એ કુંતીપુત્ર અર્જુન આ આવી પહોંચ્યો. એના રથનો ભયંકર અવાજ આવવા માંડ્યો. એની સાથે જ ભયંકર અવાજ આવવા માંડ્યો. એની સાથે જ ભયંકર અપશુકનો થઈ રહ્યાં છે. કબંધાકાર કેતુ નામનો ગ્રહ સૂર્યમંડળને ઘેરીને ઊભો રહ્યો છે. તારા રથની ધજા હાલવા લાગી છે. ઘોડા કંપે છે, આ બધાં અપશુકનોને જોઈને મને તો લાગે છે કે આજે અનેક રાજાઓ તથા યોદ્ધાઓ મૃત્યુના મુખમાં હોમાઈ જશે. શંખ, ચક્ર, ગદા અને ધનુષ્યધારી કૃષ્ણ શ્વેત અશ્વોને હાંકતા આ બાજુ જ આવી રહ્યા છે. આ ગાંડીવનો ટંકાર પણ થવા લાગ્યો અને અર્જુનના છોડેલાં તીખા તમતમતાં બાણો યોદ્ધાઓનાં પ્રાણ લેવા લાગ્યાં. સંશપ્તકોનો લલકાર સાંભળીને અર્જુન એમની તરફ દોડી ગયો ને શત્રુઓનો સંહાર કરવા લાગ્યો.'

કર્ણે કહ્યું:

'સંશપ્તક વીરો પણ પરમ પરાક્રમી છે. એમણે અર્જુન પર ચારે તરફથી આક્રમણ કર્યું છે. એ અર્જુનનો હમણાં જ નાશ કરી નાખશે.'

'અર્જુનનો નાશ? અર્જુનનો નાશ કોણ કરી શકે એમ છે? જે બંને હાથે પૃથ્વીને ઉપાડી લે, ક્રોધાતુર બનીને પૃથ્વીને ભસ્મિભૂત કરી દે, અથવા દેવતાઓને સ્વર્ગમાંથી નીચે પાડી શકે, એ જ. સંશપ્તકોમાં એવી શક્તિ ક્યાં છે? અર્જુન સૂર્ય છે તો એની આગળ એ બધા સાધારણ આગિયા બરાબર છે.'

'સૂર્ય અર્જુન છે કે હું છું તે જોઈ લે.'

એવું કહીને કર્ણે પાંડવોની વિશાળ સાગર જેવી સેનાની ઉપર બાણોની વૃષ્ટિ કરવા માંડી.

એને લીધે પાંડવસેનાનો મોટા પ્રમાણમાં સંહાર થવા લાગ્યો ને યુધિષ્ઠિર પણ ઘાયલ થયા.

પાંચાલ રથીઓએ એને ઘેરી લીધો તો ખરો, પરંતુ એથી લેશપણ ગભરાયા વિના એણે પાંચ બાણ મારીને ભાનુદેવ, ચિત્રસેન, સેનાવિંદુ, તપન અને શૂરસેનને ધરાશયી કરી દીધા.

એ વીર પાંચાલ યોદ્ધાઓના મૃત્યુથી પાંચાલ સેનામાં હાહાકાર મચી રહ્યો.

પાંચાલોના બીજા દસ રથીઓએ એને ઘેરી લીધો પરંતુ એણે એમનો પણ નાશ કરી નાખ્યો.

એ વખતે એના રથનાં પૈંડાની રક્ષા કરનારા એના પુત્રો સુષેણ અને સત્યસેન પ્રાણોને હાથમાં રાખીને વીરતાપૂર્વક યુદ્ધ કરી રહેલા અને એનો મોટો પુત્ર વૃષસેન એની પાછળ રહીને એના પૃષ્ઠભાગની રક્ષા કરતો'તો.

આખુંયે યુદ્ધ અતિશય ભયંકરતા ધારણ કરી રહેલું.

એ ભયંકરતામાં વૃદ્ધિ કરતા હોય તેમ ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, ચેદિ, કૈકય, પંચાલ તથા મત્સ્યદેશીય વીર યોદ્ધાઓ, નકુલ અને સહદેવ એનો નાશ કરવાની ઈચ્છાથી એની તરફ દોડી આવ્યા.

એમણે એની ઉપર બાણો વરસાવવા માંડ્યાં.

કર્ણના પ્રતાપી પુત્રોએ તથા બીજા યોદ્ધાઓએ એમને આગળ વધતાં અટકાવી દીધા.

સુષેણે બાણ મારીને ભીમનું ધનુષ્ય તોડી નાખ્યું અને એની છાતીમાં સાત બાણોથી એને ઘાયલ કર્યો.

એ પછી એણે કર્ણની ઉપર બાણો છોડવા માંડ્યા ને દસ બાણોની મદદથી કર્ણના પુત્ર ભાનુસેનને સારથિ તથા ઘોડાઓ સાથે મારી નાખ્યો.

કૃપાચાર્ય, કૃતવર્મા, શકુનિ અને બીજા યોદ્ધાઓની પણ એણે બરાબર ખબર લીધી, પછી સુષેણને હણવા માટે તૈયારી કરી, પરંતુ એણે છોડેલા તીરના કર્ણે ટુકડા કરી નાખ્યા.

કર્ણે ભીમ પર બાણો છોડ્યા ને સુષેણે નકુલ પર.

એવી રીતે ભારે ઉગ્રતાયુક્ત યુદ્ધ ચાલુ રહ્યું.

બીજી બાજુએ વૃષસેન અને સાત્યકિનું યુદ્ધ ફાટી નીકળ્યું.

એ યુદ્ધ પણ ખૂબ જ ભીષણ હતું.

સાત્યકિએ ત્રણ બાણો મારીને વૃષસેનના સારથિને મારી નાખ્યો ને એક બીજા બાજુથી એનું ધનુષ્ય તોડી નાખ્યું.

પછી સાત બાણો મારીને એના ઘોડાઓનો નાશ કર્યો ને બીજા ત્રણ બાણોથી એની છાતીમાં પ્રહાર કર્યો.

એ પ્રહારથી વૃષસેનનું શરીર શૂન્ય જેવું બની ગયું.

થોડોક વખત સુધી બેહોશ રહીને એ બેઠો થયો ને ઢાલ તથા તલવાર લઈને સાત્યકિને મારવાની ઈચ્છાથી દોડવા લાગ્યો.

પરંતુ સાત્યકીએ એની ઢાલ તથા તલવારના સમયસૂચકતા વાપરીને ટુકડા કરી દીધા.

એ વખતે દુઃશાસને વૃષસેનને પોતાના રથ પર બેસાડી, દૂર લઈ જઈને બીજા રથ પર ચઢાવી દીધો.

વૃષસેને યુદ્ધભૂમિમાં પાછા આવીને લડવા માંડ્યું.

એણે સાત્યકિ, ભીમ, દ્રૌપદીના પુત્રો, સહદેવ, નકુલ, યુધિષ્ઠિર, શિખંડી, શતાનીક અને બીજા અસંખ્ય પ્રતાપી યોદ્ધાઓને બાણોથી પીડિત કર્યા ને કર્ણના પૃષ્ઠભાગની ફરીથી રક્ષા કરવા માંડી.

સાત્યકિએ પોતાનું પરાક્રમ બનાવતાં દુઃશાસનના સારથિ, ઘોડા તથા રથનો નાશ કરીને દુઃશાસનના કપાળમાં ત્રણ બાણ મારી દીધાં તોપણ દુઃશાસન હિંમત હાર્યા વિના બીજા રથ પર આરૂઢ થઈને એટલા જ ઉત્સાહથી લડવા લાગ્યો.

ધૃષ્ટદ્યુમ્ને, સહદેવે, નકુલે, સાત્યકિએ, શિખંડીએ, યુધિષ્ઠિરે, શતાનીકે અને બીજા વીરોએ કર્ણને ભાતભાતનાં બાણો મારીને પીડિત કર્યો ત્યારે કર્ણે પણ એમને બાણો મારીને પીડા પહોંચાડી.

કર્ણનાં બાણો એમની ઉપર અને આજુબાજુ બધે જ છવાઈ ગયાં ત્યારે એમને કશું સૂઝ્યું નહિ, એ વિહ્વલ અથવા બેચેન બની ગયા, અને એમણે કર્ણને સેનામાંથી આગળ જવા માટે માર્ગ આપ્યો, એટલે એ મહારથીઓ અને મહાન ધનુર્ધરોનું માનમર્દન કરતો કર્ણ હાથીઓની સેનામાં આગળ વધ્યો.

એણે ત્રીસ ચેદિ વીરોનો નાશ કરીને યુધિષ્ઠિર પર આક્રમણ કર્યું.

એ જોઈને શિખંડી, સાત્યકિ તથા પાંડવો યુધિષ્ઠિરને બધી બાજુથી ઘેરી વળીને એમની રક્ષા કરવા લાગ્યા.

એવી રીતે કૌરવયોદ્ધાઓ ભારે વીરતાપૂર્વક કર્ણની રક્ષા કરવા લાગ્યા.

એ પ્રમાણે વળી પાછું ભયંકર યુદ્ધ ફાટી નીકળ્યું.

કર્ણે યુધિષ્ઠિર પર આક્રમણ કર્યું એટલે પાંડવોના અનેક વીર યોદ્ધાઓ એની ઉપર શસ્ત્રાસ્ત્રો સાથે તૂટી પડ્યા.

કર્ણે એ શસ્ત્રાસ્ત્રોના ટુકડા કરી નાખ્યા ને પોતાનાં ભયંકર બાણોથી કેટલાય યોદ્ધાઓને ઘાયલ કર્યા.

એણે કેટલાયનાં મસ્તકો, સાથળો અને કેટલાયની ભુજાઓ કાપી નાખી ને કેટલાયને યમસદનમાં પહોંચાડી દીધા.

ભયનાં માર્યા કેટલાય યોદ્ધાઓ યુદ્ધભૂમિ છોડીને નાસી ગયા, કેટલાક ક્રંદન કરવા લાગ્યા, ને બીજા કેટલાક અભૂતપૂર્વ ઉત્સાહથી 'મારો કે મરો'નો મંત્ર લઈને કર્ણનો સાહસપૂર્વક સામનો કરવા લાગ્યા.

કર્ણ એ વખતે કાળ જેવો દેખાવા માંડયો.

પાંડવ તથા પાંચાલયોદ્ધાઓએ એને અટકાવવાનો પ્રયાસ જરૂર કર્યો પરંતુ એમનો પ્રયાસ નિષ્ફળ ગયો.

એ સૌનો સફળતાપૂર્વક સામનો કરીને અને એમને તદ્દન લાચાર બનાવીને એ યુધિષ્ઠિર પાસે પહોંચી ગયો, ત્યારે યુધિષ્ઠિર એને જોઈને ક્રોધે ભરાયા ને બોલ્યા:

'સૂતપુત્ર! તું યુદ્ધમાં દુર્યોધનનો પક્ષ લઈને અર્જુનનો ને અમારો નાશ કરવા તૈયાર થયો છે તો જોઉં તો ખરો કે તારું સામર્થ્ય કેટલું છે!'

'હું એ બતાવવા જ આવ્યો છું.'

યુધિષ્ઠિરે કર્ણને દસ બાણોથી વીંધી નાખ્યો એટલે કર્ણે દસ બાણો મારીને એનો બદલો લીધો.

એ જોઈને યુધિષ્ઠિરે કર્ણના વધની ઈચ્છાથી પ્રેરાઈને યમદંડ જેવું ભયંકર બાણ છોડ્યું.

એ બાણ કર્ણના જમણા પડખામાં પેસી જવાથી એને તરત જ મૂર્છા આવી ગઈ.

એનું શરીર શિથિલ થઈ ગયુ અને ધનુષ્ય હાથમાંથી છૂટીને રથ પર જઈ પડ્યું.

કર્ણ નિશ્ચેત બનીને શલ્યની સામે જ ઢળી પડ્યો એટલે યુધિષ્ઠિરે એના પર બીજો પ્રહાર ના કર્યો, પરંતુ કર્ણની એવી દશા દેખીને કૌરવોની સમસ્ત સેનામાં ખળભળાટ મચી ગયો.

થોડી જ વારમાં કર્ણની મૂર્છા વળી ગઈ એટલે એ યુધિષ્ઠિર સાથે યુદ્ધ કરવા તૈયાર થયો.

બંને વીર યોદ્ધાઓ એકમેક પર આકરા પ્રહારો કરવા લાગ્યા.

એ ભયંકર યુદ્ધ દરમિયાન કર્ણે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો એટલે એના અગણિત બાણોથી દિશાપ્રદિશાઓ ભરાઈ ગઈ.

એણે યુધિષ્ઠિરનું ધનુષ્ય તોડીને એમના કવચને છિન્નભિન્ન કરી દીધું.

લોહીલુહાણ થયેલા યુધિષ્ઠિરે છોડેલી પોલાદની પ્રબળ શક્તિને કર્ણે તોડી નાખી અને એમના રથના ટુકડા કરી નાખ્યાં.

પરાજય પામેલા યુધિષ્ઠિર બીજા રથ પર યુદ્ધભૂમિમાંથી નાસવા માંડ્યા ત્યારે એમનો પીછો કરીને કર્ણે એમને પકડી પાડીને કેદ કરવાનો વિચાર કર્યો, પરંતુ કુંતીને આપેલા વચનને યાદ કરીને એણે એ વિચાર છોડી દઈને કહ્યું:

'યુધિષ્ઠિર! ઉચ્ચ કુળમાં જન્મેલો, ક્ષાત્ર ધર્મમાં સ્થિત પુરુષ આવી રીતે યુદ્ધભૂમિમાંથી કાયરની પેઠે નાસી છૂટે છે? આજથી હવે યુદ્ધભૂમિમાં આવીને શૂરવીરોનો સામનો કરવાનો વિચાર પણ ના કરતા ને વીર પુરુષોને માટે ફાવે તેવો બકવાદ પણ ના કરતા. યુદ્ધભૂમિમાં આવીને મારા જેવાને કોઈ કડવી વાત કહેશો તો એનું પરિણામ આના કરતાં પણ ખરાબ આવશે. હવે તમારી છાવણીમાં જાવ કે કૃષ્ણ અને અર્જુનની પાસે જઈને આરામ કરો. તમારા મસ્તકને ધડથી અત્યારે જ અલગ કરી શકું તેમ છું તોપણ તમને સહીસલામત જીવનદાન આપીને જવા દઉં છું.'

કર્ણના આદેશાનુસાર શલ્ય એના રથને ભીમસેન પાસે લઈ ગયો.

ભીમે ધૃષ્ટદ્યુમ્ન તથા સાત્યકિને યુધિષ્ઠિરની રક્ષા કરવા મોકલીને અતિશય ક્રોધે ભરાઈને કર્ણની દિશામાં પ્રયાણ કર્યું.

યુધિષ્ઠિરની દુર્દશાનો બદલો લેવાની ઈચ્છાથી એણે કર્ણની ઉપર બાણોનો પ્રહાર કર્યો.

કર્ણે એનો પ્રતિકાર કર્યો.

ભીમે એને ઘાયલ કર્યો એથી ઉશ્કેરાઈને એણે એના ધનુષ્યના ટુકડા કરી દીધા.

ભીમે બીજું ધનુષ્ય ધારણ કરીને કર્ણનો વધ કરવા માટે જે ભયંકર બાણ છોડ્યું તેણે કર્ણની કાયાને વીંધી નાખી.

કર્ણ બેહોશ બનીને રથમાં ઢળી પડ્યો.

એને મૂર્છા પામેલો જોઈને શલ્ય રથને રણભૂમિમાંથી દૂર લઈ ગયો એટલે ભીમે કૌરવસેનાનો નાશ કરવા માંડ્યો.

* * *

૩૯. દુઃશાસનનો વધ

યુદ્ધમાં ભીમ, અર્જુન અને બીજા પાંડવવીરોનું પરાક્રમ જોઈને દુર્યોધનનો ઉત્સાહ ઓસરી ગયો.

એણે કૌરવયોદ્ધાઓને એકઠા કરીને કહેવા માંડ્યું:

'વીરો ! પાંડવો કરતાં તમે વિશેષ પરાક્રમી છો તોપણ પાંડવો વધારે પરાક્રમ બતાવી રહ્યા છે તે શું તમારે માટે જરા પણ શોભાસ્પદ છે? તમે શું કાયરો છો કે પાંડવો ઉપરાઉપરી વિજયો મેળવે છે? તમે તમારી સાચી શક્તિ નથી બતાવી ત્યાં સુધી જ. બાકી પાંડવોનું ગજું નથી કે એ તમને જીતી જાય. સ્વર્ગના ખુલ્લા દરવાજા જેવું આવું યુદ્ધ વારંવાર નથી મળતું. આ યુદ્ધમાં પાંડવોનો નાશ કરીને ધનધાન્યયુક્ત ધરતી ભોગવશો ને જો મરી જશો તો વીર ગતિને પ્રાપ્ત કરશો માટે પૂરેપૂરી વીરતાપૂર્વક લડવા માંડો.'

દુર્યોધનના શબ્દો સાંભળીને કૌરવયોદ્ધાઓ ઉત્સાહિત બની ગયા.

એ હર્ષનાદ કરવા ને વાજાં વગાડવા લાગ્યા.

કર્ણે કહ્યું:

'યુદ્ધમાં મારું પરાક્રમ પણ તેં જોઈ લીધું છે. એ પરાક્રમ ભીમ, અર્જુન કે કોઈ બીજા કરતાં જરા પણ ઊતરતું નથી. મને મૂર્છા આવવાથી મારે રણમાંથી પાછા ફરવું પડ્યું પરંતુ એનો અર્થ એવો નથી જ કે પાંડવો જીતી ગયા છે. વિજય તો છેવટે આપણો જ થશે. હું જીવું છું ત્યાં સુધી પાંડવોને કોઈપણ હિસાબે નહિ ફાવવા દઉં.'

દુર્યોધને કહ્યું:

'તારામાં મને વિશ્વાસ છે, કર્ણ! તારે ભરોસે તો મેં યુદ્ધનો આરંભ કર્યો છે અને હજુ પણ ભીષ્મ તથા દ્રોણ જેવા મહારથીઓના પડવા છતાં પણ, આવું મોટું યુદ્ધ લડી રહ્યો છું. મારી બધી જ આશા તારા પર છે ને તું મને જિતાડીશ એવી શ્રદ્ધા છે. ભીમ કે અર્જુનમાંથી ગમે તે એકનો કે બંનેનો નાશ કર એટલે મને શાંતિ થાય.'

એ વખતે ત્યાં અશ્વત્થામા આવી પહોંચ્યો ને બોલ્યો:

'તમને સૌને ખબર છે કે મારા પિતાજી શસ્ત્રો છોડીને યોગમાં સ્થિત થયેલા તોપણ નીતિના નિયમોનો ભંગ કરીને ધૃષ્ટદ્યુમ્ને એમને મારી નાખ્યા. એને લીધે મારું હૃદય વેદનામય બની ગયું છે. હું તમારી સમક્ષ પ્રતિજ્ઞા કરું છું કે એ દુષ્ટ ધૃષ્ટદ્યુમ્નને માર્યા વિના મારું કવચ નહિ કાઢું. એ ઉપરાંત, યુદ્ધમાં ભીમ કે અર્જુન જે પણ મારો સામનો કરવા આવશે એ સૌને મૃત્યુના મુખમાં મોકલી દઈશ.'

કર્ણ અને અશ્વત્થામાના ઉત્સાહજનક શબ્દો સાંભળીને કૌરવપક્ષના યોદ્ધાઓ આનંદમાં આવી ગયા.

બીજા દિવસે એમણે સુસજ્જ થઈને વ્યવસ્થિત રીતે પાંડવસેના પર આક્રમણ કર્યું.

પાંડવપક્ષના યોદ્ધાઓ પણ એમની ઉપર એમના પ્રાણના તરસ્યા થઈને તૂટી પડ્યા.

એવી રીતે પાછો ભીષણ સંગ્રામ શરૂ થયો.

વળી પાછી લોહીની નદીઓ વહેવા લાગી.

અશ્વત્થામાએ ધૃષ્ટદ્યુમ્ન પર આક્રમણ કરતાં કહ્યું:

'બ્રહ્મહત્યારા! આજે તને મૃત્યુના મુખમાં મોકલી આપું છું. જો અર્જુન તારી વહારે નહિ આવે, તું ડરપોકની પેઠે યુદ્ધભૂમિ છોડીને નાસી નહિ જાય, ને મારો સામનો કરશે, તો આજે તને તારા ઘોર દુષ્કર્મનો દંડ આપી દઈશ. મારા પિતા શસ્ત્રહીન હતા ત્યારે તેં એમને મારીને કયું પરાક્રમ કરી બતાવ્યું? હવે મારી સામે આવી જા તો તને ખબર પડે!'

'તારી વાતનો ઉત્તર હું નહિ આપું, મારી તલવાર આપશે.'

એમ કહીને ધૃષ્ટદ્યુમ્ને અશ્વત્થામાને બાણ માર્યું.

એથી ક્રોધે ભરાયેલા અશ્વત્થામાએ બાણોની વર્ષા કરીને ધૃષ્ટદ્યુમ્નને ચારે તરફથી ઢાંકી દીધો.

ધૃષ્ટદ્યુમ્ને પણ એને બાણોથી ઢાંકી દઈને એના ધનુષ્યને તોડી નાખ્યું ત્યારે એણે બીજું ધનુષ્ય લઈને ધૃષ્ટદ્યુમ્નના ધનુષ્ય, ઘોડા, સારથિ અને રથને નષ્ટ કરી નાખ્યા.

ધૃષ્ટદ્યુમ્ને લીધેલી ઢાલ તથા તલવારના પણ એણે તીર મારીને ટુકડા કરી નાખ્યા, અને એને અનેક રીતે ઘાયલ કર્યો, તોપણ એનો નાશ ના થયો ત્યારે ધનુષ્યને નાખી દઈને એ એને પકડવા દોડ્યો.

એ જોઈને કૃષ્ણે ધૃષ્ટદ્યુમ્નને બચાવવાની ઈચ્છાથી પ્રેરાઈને અર્જુનનો રથ એ બાજુ લઈ લીધો.

અર્જુને જોયું કે અશ્વત્થામા ધૃષ્ટદ્યુમ્નને ઘસડી રહ્યો છે તો એણે એને ઉપરાઉપરી બાણો મારવા માંડ્યા.

એ બાણોથી પીડિત થઈને અશ્વત્થામાએ ધૃષ્ટદ્યુમ્નને છોડી દીધો અને રથમાં બેસી ધનુષ્યબાણ લઈને અર્જુનની સાથે લડવાનું શરૂ કર્યું.

એ દરમિયાન સહદેવે ધૃષ્ટદ્યુમ્નને પોતાના રથ પર બેસાડીને બીજે હઠાવી દીધો.

અર્જુનનાં બાણોથી ક્રોધે ભરાયલા અશ્વત્થામાએ અર્જુનની છાતી તથા ભુજાઓમાં બાણો માર્યાં ત્યારે અર્જુને એક મહાભયંકર બાણ માર્યું.

એ બાણ અશ્વત્થામાના ખભા ઉપર વાગતાં જ એ વિહ્વળ થઈને રથની બેઠક પર બેસી ગયો.

એ બાણ વાગવાથી એને અસહ્ય વેદના થઈ.

એની એ અવસ્થા જોઈને સારથિ એને અત્યંત સ્ફુર્તિપૂર્વક યુદ્ધભૂમિમાંથી બહાર લઈ ગયો.

ધૃષ્ટદ્યુમ્નને એવી રીતે સંકટમુક્ત તથા અશ્વત્થામાને આપત્તિગ્રસ્ત જોઈને પાંડવસેના ખૂબ જ પ્રસન્ન બની રહી.

*

ઉત્સાહિત થયેલા યોદ્ધાઓ યુદ્ધમાં પોતાનું પરાક્રમ બતાવવા લાગ્યા.

એ વખતે જે ઘોર સંગ્રામ શરૂ થયો તેમાં દુઃશાસન નિર્ભય બનીને બાણોની વર્ષા કરતો ભીમસેન પર ચઢી આવ્યો.

એને પોતાની તરફ આવતો દેખીને ભીમ મૃગ પર સિંહ આક્રમણ કરતો હોય તેમ દોડ્યો અને એની પાસે પહોંચી ગયો.

બંને યોદ્ધાઓ પોતપોતાની યુદ્ધકળાનું પ્રદર્શન કરતા પ્રાણોની બાજી લગાવીને લડવા લાગ્યાં.

ભીમે બે બાણો મારીને દુઃશાસનના ધ્વજ અને ધનુષ્યને કાપી નાખી, એક બાણની મદદથી એના કપાળમાં પ્રહાર કર્યો ને બીજા બાણની મદદથી એના સારથિનું મસ્તક ઉડાવી દીધું.

દુઃશાસને ભીમને બાણો મારવા માંડ્યાં ને રથના ઘોડાઓને કાબૂમાં રાખીને લડવા માંડ્યું.

એણે એક ભયંકર બાણ મારીને ભીમના શરીરને છેદી નાખ્યું.

ભીમ અતિશય શિથિલ બનીને નિષ્પ્રાણ જેવો થઈને રથમાં ઢળી પડ્યો.

પરંતુ થોડા જ વખતમાં એ બેઠો થઈને લડવા લાગ્યો.

સિંહના જેવી ગર્જના કરીને એણે દુઃશાસનને લલકાર્યો એટલે દુઃશાસને પોતાનું પરાક્રમ બતાવતાં એના ધનુષ્યને કાપી નાખ્યું અને એના સારથિને વીંધી નાખ્યો.

ભીમે એની ઉપર જે શક્તિ ફેંકી એને એણે ઉપરાઉપરી દસ બાણો મારીને તોડી નાખી.

એ જોઈને કૌરવો હર્ષના પોકારો કરવા લાગ્યા.

એથી તો ભીમ વધારે ક્રોધે ભરાયો ને કહેવા લાગ્યો:

'દુઃશાસન! યુદ્ધમાં તારું અદૃષ્ટપૂર્વ પરાક્રમ જોઈને કૌરવો હરખઘેલા બની ગયા છે પરંતુ એ હરખ તથા પરાક્રમનો હું હમણાં જ અંત લાવું છું. મારી આ ગદા તારે માટે તૈયાર છે. એથી તારો નાશ કરીને તારું રક્તપાન કરીશ.'

દુઃશાસન એવી જ વીરતાપૂર્વક કહેવા માંડ્યો:

'તું મારો નાશ કરે એ પહેલાં તો હું તારો જ નાશ કરી નાખીશ. તું મને ગદા બતાવીને ડરાવી તથા ધમકી આપી રહ્યો છે, પરંતુ મને એનો ડર લેશપણ નથી લાગવાનો.'

એટલું કહીને દુઃશાસને ભીમની ઉપર એક શક્તિ ફેંકી.

ભીમે પોતાની ગદાને ફેરવીને એ શક્તિના ટુકડા કરી નાખ્યા.

ગદાના આઘાતથી દુઃશાસનનો રથ પાછો હઠી ગયો, એના શરીરને સખત ઈજા થઈ. એનું કવચ તૂટી ગયું, એનાં ઘરેણાં વેરવિખેર થઈ ગયાં. વસ્ત્રો ફાટી ગયાં, તથા વેદનાથી વ્યાકુળ થઈને ધ્રુજતોધ્રુજતો એ ધરતી પર પડી ગયો.

ગદાના પ્રહારથી દુઃશાસનના ઘોડાઓ મરી ગયા અને એનો રથ પણ તૂટી પડ્યો.

એ જોઈને પાંડવો અને પાંચાલ યોદ્ધાઓ હરખથી નાચવા લાગ્યા.

દુઃશાસનની એવી દયનીય દશા કરીને ભીમ વિજયસૂચક ગર્જનાઓ કરવા લાગ્યો ને બોલ્યો:

'દ્રૌપદી રજસ્વલા હતી. એણે નાનો કે મોટો કોઈયે અપરાધ નહોતો કર્યો. તોપણ એના કેશ પકડીને દુષ્ટ દુર્યોધનના આદેશથી આ નરાધમ એને કૌરવોની સભામાં લઈ આવેલો અને વસ્ત્રહીન કરવાનો પ્રયાસ કરેલો. એના એ ભયંકર દુષ્ટ કર્મનો દંડ એને આપી રહ્યો છું. તમારામાંથી કોઈ એને ઉગારી શકો તેમ હો તો ઉગારી લો.'

કર્ણ, દુર્યોધન, અશ્વત્થામા, કૃપાચાર્ય તથા કૃતવર્મા એ બધું જોતા અને સાંભળતા હતા છતાં ભીમની પાસે આવવાની કોઈની હિંમત ના ચાલી.

રથ પરથી કૂદીને ભીમે દુઃશાસનનો નાશ કરવાની ઈચ્છાથી એની તરફ દોટ મૂકી.

દુઃશાસનની પાસે પહોંચીને એણે સિંહ જેમ હાથીને પકડે તેમ એને પકડી લીધો.

એ પછી પોતાની તલવાર તાણીને એણે દુઃશાસનની ગરદન પર પગ મૂક્યો ને પૂછ્યું:

'દુષ્ટ! તેં મહારાણી દ્રૌપદીના કોમળ કેશને કયા હાથે ખેંચેલા?'

દુઃશાસન ક્રોધ તથા ધિક્કારથી તપી ઊઠ્યો ને બોલ્યો:

'આ હાથે. જે અતિશય બળવાન છે ને જેનાથી હજારો ગાયોનું દાન તથા શત્રુઓનો સંહાર થયો છે. તે આ જમણા હાથે મેં ભરસભામાં એના કેશ ખેંચેલા. પરંતુ એ વખતે તારા બધા જ ભાઈઓ સાથે તું હાજર હતો તોપણ મૂંગો કેમ રહેલો? તારું પરાક્રમ ક્યાં ગયેલું?'

'એ પરાક્રમ મેં આજને સારું સુરક્ષિત રાખેલું. હું તારા એ હાથને હમણાં જ ઉખાડી દઉં છું.'

ભીમે પરાક્રમનું પ્રદર્શન કરતાં એના જમણા હાથને જોરથી ખેંચીને ઉખાડી નાખ્યો.

દુઃશાસન વેદનાને લીધે ચીસ પાડી ઊઠ્યો ત્યારે ભીમે કહ્યું:

'તેં દ્રૌપદીને કેટલાય પોકારો પડાવ્યા છે તે યાદ છે ને?'

એણે દુઃશાસનને ઢોરની પેઠે માર માર્યો અને એની છાતીને ઉપરાઉપરી પ્રહારો કરીને ચીરી નાખી.એ પછી એના મસ્તકને તલવાર મારીને ધડથી અલગ કરી દીધું.

'હાશ!' એણે સંતોષનો અનુભવ કરતાં ઉદ્‌ગારો કાઢ્યા:

'હવે મને શાંતિ થઈ. અને આ નરાધમનો નાશ થવાથી હવે દ્રૌપદીને પણ શાંતિ થશે. એના અંતરમાં સળગતો અગ્નિ કાંઈક અંશે શમી જશે. કાંઈક અંશે એટલા માટે કે હજુ એનું અપમાન કરનાર એક બીજો નરાધમ દુર્યોધનનો નાશ કરવાનું કામ બાકી છે. એનો નાશ પણ જરૂર થશે ને ત્યારે મને, પાંડવોને ને દ્રૌપદીને સંપૂર્ણ શાંતિ વળશે.'

ભીમનું અતિશય રૌદ્ર રૂપ જોઈને કૌરવયોદ્ધાઓ ખૂબ જ ભયભીત બની ગયા ને એમનામાંના કેટલાક તો કર્ણના ભાઈ ચિત્રસેનની સાથે નાસવા લાગ્યા.

યુધામન્યુએ સેના સાથે ચિત્રસેનની ઉપર આક્રમણ કરીને એને સાત બાણ મારીને ઘાયલ કર્યો.

ચિત્રસેને પણ વીરતાપૂર્વક યુધામન્યુને ત્રણ અને એના સારથિને છ બાણ માર્યા.

યુધામન્યુએ એથી ક્રોધે ભરાઈને એક અમોઘ બાણની મદદથી ચિત્રસેનના મસ્તકને ધડથી અલગ કરી દીધું.

પોતાના ભાઈ ચિત્રસેનના મૃત્યુથી કર્ણ ક્રોધે ભરાયો.

એણે પાંડવસેના પર આક્રમણ કર્યું.

એના આકસ્મિક આક્રમણથી પાંડવસેના ગભરાઈને નાસવા લાગી ત્યારે નકુલે એનો સામનો કર્યો.

ભીમ મરેલા દુઃશાસનના દેહ પર તાંડવનૃત્ય કરતાં કહેવા લાગ્યો:

'દુઃશાસન! તેં તથા દુર્યોધને અમારી ઉપર કષ્ટો વરસાવવામાં બાકી નથી રાખ્યું. મને ઝેર આપીને નદીમાં નાખી દેવામાં આવ્યો. અમને કષ્ટપૂર્વક લાક્ષાગૃહમાં બાળી નાખવાનું ષડયંત્ર કરવામાં આવ્યું અને દ્યૂતમાં અમારું રાજ્ય લઈને અમને અરણ્યમાં રહેવા માટે વિવશ કરવામાં આવ્યા. ભરસભામાં દ્રૌપદીનું

અપમાન કરવામાં આવ્યું ને વિરાટનગરમાં અમારે જે કષ્ટો વેઠવા પડ્યાં એ તો જુદાં. આજે તને એનો બદલો આપી દીધો.'

એ પછી એ કૃષ્ણ અને અર્જુન પાસે પહોંચી ગયો.

એનું શરીર રક્તથી રંગાઈ ગયેલું.

એણે એમને દુઃશાસનના વધની વાત કહી બતાવી.

'દુઃશાસનનો સંહાર કરીને મારી એક પ્રતિજ્ઞા મેં પૂરી કરી છે. હવે દુર્યોધનનો વધ કરવાની બીજી પ્રતિજ્ઞા બાકી રહી. તે પણ જરૂર પૂરી થશે. કૌરવોના દેખતાં જ એ દુરાત્માના મસ્તકને કાપી નાખીને ઠોકરે મારીશ ત્યારે જ મને શાંતિ થશે.'

ભીમ એવી વાત કરતો હતો એવામાં તો પોતાના ભાઈની વધનો બદલો લેવાની ઈચ્છાથી પ્રેરાઈને દસ મહારથીઓ એની ઉપર એકીસાથે તૂટી પડ્યા.

એમણે એની ઉપર બાણો છોડવા માંડ્યાં.

એમને બાણો છોડતા જોઈને ભીમનાં લોચનો ક્રોધથી લાલ થઈ ગયા.

એણે કાળરૂપ ધારણ કરીને દસ બાણો મારીને એ દસે મહારથીઓને યમસદન મોકલી દીધાં.

એ દેખીને કૌરવોની સેના ભયભીત બનીને ભાગવા માંડી.

કર્ણ પણ ભીમસેનના એ અદભુત પરાક્રમને વિસ્મયપૂર્વક જોઈ રહ્યો.

એના અંતરમાં ભય પેદા થયેલો લાગ્યો ત્યારે શલ્યે કહ્યું:

'ભીમ અત્યારે કાળરૂપ થઈને લડી રહ્યો છે. એની સામે કોઈપણ ટકી શકે એવું નથી લાગતું. યુદ્ધકુશળ રાજાઓ એના ભયથી ગભરાઈને નાસી રહ્યા છે અને દુર્યોધન તથા કૃપાચાર્ય જેવા વીરો કિંકર્તવ્યમૂઢ બનીને બેસી ગયા છે. સર્વે શોકાતુર છે ને સૌની ચેતના જાણે કે લુપ્ત થઈ ગઈ છે. આવી પરિસ્થિતિમાં વિજયનો બધો જ આધાર તારા પર છે. પરિસ્થિતિની ગંભીરતાને સમજીને, પોતાના પરાક્રમનો ભરોસો રાખીને, હવે તારે અર્જુનનો સામનો કરવાનો છે. એ કામ તારા વિના બીજા કોઈનાથી નથી થઈ શકવાનું. જો યુદ્ધમાં વિજયી થવાશે તો મહાન કીર્તિ મળશે ને પરાજિત બનાશે તો સ્વર્ગના અક્ષય સનાતન સુખની પ્રાપ્તિ થશે.'

શલ્યના શબ્દો કર્ણને માટે પ્રેરક તથા ઉત્સાહવર્ધક થઈ પડ્યા.

નિરાશા તથા ચિંતાને ખંખેરી કાઢીને એ ફરી પાછો યુદ્ધને માટે તૈયાર થયો.

પોતાના પુત્ર વૃષસેનનો યુદ્ધમાં અર્જુને નાશ કર્યો છે એ સાંભળીને એ ખૂબ જ દુઃખી થયો ને કૃષ્ણ અને અર્જુનની દિશામાં આગળ વધ્યો ત્યારે એને જોઈને કૃષ્ણે કહ્યું:

'અર્જુન! તારે આજે જેની સાથે લડવાનું છે એ મહારથી કર્ણ સામેથી આવી રહ્યો છે. એના રથને સુંદર સફેદ ઘોડાઓ જોડેલા છે. એનાં બાણોની વર્ષા આગળ પાંચાલ મહારથીઓ દૃઢતાથી ઊભા નથી રહી શકતા, ને ભયભીત થઈને સેનાઓ સાથે નાસી રહ્યા છે. એ કર્ણને તું જ પહોંચી શકે તેમ છે. તારે તારી સમગ્ર શક્તિથી એનો વધ કરવાનો છે. તું શૂરવીરોમાં શ્રેષ્ઠ હોવાથી એ કરી શકીશ. મારો તને આશીર્વાદ છે.'

અર્જુન બોલ્યો:

'તમારા આશીર્વાદથી મારો વિજય નિશ્ચિત છે એમાં મને લેશપણ શંકા નથી. તમે આપણા રથને કર્ણની પાસે લઈ લો. એને મારી શૂરવીરતાનો સ્વાદ ચખાડીને હરાવીશ ત્યારે જ મને શાંતિ વળશે. આજનું અમારું યુદ્ધ ખૂબ જ યાદગાર બની રહેશે.'

અર્જુનના ઉત્સાહમાં વિવિધ રીતે વધારો કરતા કૃષ્ણ એના રથના ઘોડાઓને ઝડપથી હાંકવા માંડ્યા.

કર્ણનો વહેલી તકે વિનાશ કરવાનો વિચાર એમના મનમાં રમવા માંડ્યો.

થોડીવારમાં તો એમણે અર્જુનના રથને કર્ણના રથની સામે લાવીને ઊભો રાખ્યો.

* * *

૪૦. કર્ણનું મસ્તક કપાઈ ગયું

કૃષ્ણે, અર્જુને, કર્ણે અને શલ્યે સંગ્રામની સૂચના કરતા પોતપોતાના શંખો વગાડ્યા.

એ પછી કર્ણે શલ્યને સ્મિતપૂર્વક પૂછ્યું:

'સંગ્રામમાં મારું અર્જુનના હાથે મૃત્યુ થાય તો તમે શું કરો?'

'કરવાનું તો બીજું શું હોય?' શલ્યે સામેથી પૂછ્યું ને કહ્યું: 'એવું થાય તો તો હું કૃષ્ણ અને અર્જુન બંનેને મારી નાખું.'

'પરંતુ મોટે ભાગે એવું નહિ થાય. હું જ અર્જુનનો નાશ કરી નાખીશ.'

'કર્ણના હાથે મારું મૃત્યુ થાય તો ? તો તમે શું કરો?'

'એવું કદાપિ થવાનું જ નથી.' કૃષ્ણે કહ્યું: 'સૂર્ય પોતાના સ્થાનમાંથી નીચે પડે, સાગર સુકાઈ જાય, અને અગ્નિ ઉષ્ણતાનો ત્યાગ કરીને શીતળતા ધારણ કરી લે, તોપણ કર્ણ તારો નાશ નહિ કરી શકે. જો ભૂલેચૂકે પણ એવું થશે તો હું કર્ણ તથા શલ્યને જીવતા નહિ જવા દઉં. એ બંનેને વાતવાતમાં, રમતાં રમતાં, મસળી નાખીશ.'

અર્જુને કહ્યું:

'તમે કહો તે સાચું જ છે. કર્ણ મારો સ્વપ્ને પણ સંહાર નથી કરી શકવાનો. આજે હું મારાં બાણોની મદદથી કર્ણની કાયાને નિષ્પ્રાણ કરી દઈશ. આજે એ સૂતપુત્રની સ્ત્રીઓ વિધવા બનશે.'

'દુર્યોધન, કૃતવર્મા, કૃપાચાર્ય, શકુનિ અને કર્ણ કૃષ્ણ અને અર્જુન પર જીવલેણ બાણોનો પ્રહાર કરવા લાગ્યા.

એ જોઈને અર્જુને એમનાં ધનુષ્ય, બાણ, ઘોડા, હાથી, રથ તેમ જ સારથિનો નાશ કરી નાખ્યો, ને કર્ણને પણ બાર જેટલાં બાણ માર્યા.

એ વખતે શક, તુષાર, યવન તથા કામ્બોજ દેશના અસંખ્ય ઘોડેસવારો એને મારવાની ઈચ્છાથી દોડી આવ્યા, પરંતુ એણે સાવધ રહીને એ સૌનાં મસ્તકને જુદાં કર્યાં, અને એમના ઘોડા, હાથી અને રથોનો પણ નાશ કર્યો.

પરિસ્થિતિની પ્રતિકૂળતા પેખી લઈને અશ્વત્થામા તરત દુર્યોધન પાસે ગયો ને બોલ્યો:

'અર્જુનનું સામર્થ્ય અત્યંત અદભુત છે. એ આપણા શેષ સૈન્યનો સંહાર કરી નાખે તે પહેલાં એની સાથે સંધિ કરી લો. પાંડવો સાથે વેર વધારવામાં લાભ નથી. ભીષ્મ અને દ્રોણાચાર્ય જેવા મહાવીરો પણ જેમને નથી હરાવી શક્યા તે પાંડવોને આપણે કદી પણ હરાવી નહિ શકીએ. તમને કર્ણની શક્તિમાં વધારે પડતો વિશ્વાસ છે પરંતુ એ પણ અર્જુનની સામે નહિ ટકી શકે. પાંડવો સાથે સંધિ કરવાથી લાગતાવળગતા સૌનું શ્રેય સધાશે.'

દુર્યોધન બોલ્યો:

'પાંડવો સાથે સંધિ કરવાની વાત મારે ગળે નથી ઊતરતી. પાંડવો ગમે તેટલા પરાક્રમી હોય તોપણ આપણે કાંઈ ઓછા પરાક્રમી નથી જ. આપણે એમને સારી પેઠે પહોંચી વળશું. દુઃશાસનનો વધ

કરતી વખતે ભીમે મારે માટે જે શબ્દો કહેલા એ મને આજે પણ યાદ આવી અને સાલી રહ્યા છે. હું એનો બદલો લેવા માગું છું. ઉપરાંત, અર્જુન યુદ્ધ કરતાં થાકી ગયો છે. એને કર્ણ થોડી જ વારમાં મારી નાખશે એટલે પાંડવો તદ્દન શક્તિહીન બની જશે અને આપણું કામ સરળ બનશે. સંધિનો વિચાર કરીને તો આપણે એમને મદદરૂપ બની રહ્યા છીએ. એ વિચાર ભૂલેચૂકે પણ નથી કરવા જેવો.'

એ વખતે કર્ણ અને અર્જુન અત્યંત ઉત્સાહપૂર્વક લડવા લાગ્યાં.

બંને એકમેક પર જુદાં જુદાં શસ્ત્રો છોડવા માંડ્યા.

કર્ણ મદોન્મત્ત હાથીની પેઠે અર્જુનનો નાશ કરવા માટે આગળ વધ્યો એ જોઈને સોમક યોદ્ધાઓ પોકારી ઊઠ્યા:

'અર્જુન! હવે વિલંબ કરવાને બદલે કર્ણનું મસ્તક કાપી નાખો.'

અને કૌરવયોદ્ધાઓએ કર્ણને કહ્યું:

'અર્જુનને યમલોકમાં પહોંચાડવાનો સમય હવે પાસે આવ્યો છે. હવે વિલંબ કરવો બરાબર નથી.'

કર્ણ અને અર્જુન બંને એકમેક પર બાણોની વર્ષા કરવા લાગ્યા.

અર્જુને અગ્નેયાસ્ત્રનો પ્રહાર કરીને પૃથ્વી અને આકાશની વચ્ચે આગ ફેલાવી દીધી.

યોદ્ધાઓનાં વસ્ત્રો સળગવા લાગ્યાં એટલે એ રણમાંથી નાસવા માંડ્યા.

વાંસનું વન બળતું હોય ને જેવો ભયંકર અવાજ આવે એવો સૈનિકોનો આર્તનાદ સંભળાવા લાગ્યો એટલે કર્ણે તરત વારુણાસ્ત્રનો પ્રયોગ કર્યો.

એને લીધે મેઘોની ઘટા ઘેરાઈ ગઈ ને બધે પાણી જ પાણી થઈ ગયું.

અર્જુને વાયવ્યાસ્ત્રના પ્રયોગથી કર્ણના વારુણાસ્ત્રને શાંત કરી દીધું અને ઐન્દ્રાસ્ત્ર વજ્રને પ્રકટ કર્યું.

એમાંથી હજારો તીખાં બાણો પેદા થયાં.

એને લીધે કર્ણના ઘોડા, ધનુષ્ય, રથના પૈડાં તથા ધ્વજને નુકશાન થયું ને કર્ણનું શરીર લોહીથી લથપથ બની ગયું એટલે એણે સમુદ્રની જેમ ગર્જના કરનારા ભાર્ગવાસ્ત્રના પ્રયોગથી મહેન્દ્રાસ્ત્રમાંથી છૂટેલાં અર્જુનનાં બાણોના ટુકડા કરી નાખ્યાં, અને શત્રુસેનાનો સંહાર શરૂ કર્યો.

ભાર્ગવાસ્ત્રના પ્રયોગથી પાંચાલો અને સોમકો કષ્ટ પામવા લાગ્યા ત્યારે ક્રોધાતુર બનીને કર્ણ પર તૂટી પડ્યા અને એને જુદી જુદી જાતનાં બાણ મારીને વીંધવા લાગ્યા.

કર્ણે એમનામાંના મોટા ભાગના યોદ્ધાઓને ધરાશાયી કરી દીધા ત્યારે કૃષ્ણે અર્જુનને કહ્યું:

'અર્જુન! કર્ણ તારી ઉપસ્થિતિમાં અસાધારણ પરાક્રમ બતાવી રહ્યો છે. તારાં સઘળાં શસ્ત્રોને એણે નિરર્થક કરી નાખ્યાં છે. એને લીધે કૌરવોનો ઉત્સાહ વધી ગયો છે. તારી લોકોત્તર શસ્ત્રશક્તિ ક્યાં ગઈ! એ શક્તિનો ઉપયોગ કરીને કર્ણનો વહેલી તકે નાશ કરી દે. તું નિશ્ચય કરીશ તો કર્ણ તારી આગળ નહિ ટકી શકે. તારા કરતાં એ વધારે પરાક્રમી નથી જ.'

'કર્ણના વધ અને વિશ્વના કલ્યાણને માટે હવે હું એક મહા ભયંકર, અદભુત અસ્ત્રનો પ્રયોગ કરું છું. એને માટે તમારો આશીર્વાદ માગું છું.'

કૃષ્ણનો આશીર્વાદ પ્રાપ્ત કરીને અર્જુને બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો પરંતુ કર્ણે બાણો મારીને એ અસાધારણ અસ્ત્રને પણ છેદી નાખ્યું ત્યારે અર્જુને એવો જ એક બીજા અસ્ત્રનો પ્રયોગ કર્યો.

એ અસ્ત્રમાંથી પ્રજ્વલિત બાણોની વર્ષા થવા લાગી.

એ ઉપરાંત એમાંથી બીજા શસ્ત્રો પણ પ્રકટ થયાં અને યોદ્ધાઓનો નાશ કરવા લાગ્યાં.

કર્ણે પણ અર્જુન પર બાણોની વર્ષા કરવા માંડી.

બંને અસ્ત્રો ફેંકવાની કળામાં કુશળ હોવાથી એ અસ્ત્રોના પ્રયોગથી પોતપોતાની શત્રુસેનાનો સંહાર કરવા માંડ્યા.

અર્જુને અસંખ્ય બાણો મારીને કર્ણને ઘાયલ કર્યો એથી એને વેદના થવા લાગી.

એના મસ્તક પર મણિ, હીરા તથા સુવર્ણથી અલંકૃત જે ઉત્તમ મુકુટ હતો તે અર્જુનનું બાણ વાગવાથી કાનનાં કમનીય કુંડલ સાથે પૃથ્વી પર પડી ગયો.

અર્જુનના બીજા બાણથી એના કવચના પણ ટુકડા થઈ ગયા.

એ પછી અર્જુને એની છાતીમાં જે નવ બાણ માર્યા તેથી એ અતિશય ઘાયલ થઈ ગયો, એના હાથમાંથી ધનુષ્યબાણ પડી ગયાં, અને એ બેહોશ બનીને રથ પર ઢળી પડ્યો.

અર્જુને એને મારવાનો વિચાર મૂકી દીધો તો કૃષ્ણે કહ્યું:

'અર્જુન! યુદ્ધમાં એવી અસાવધાની ના ચાલે. બુદ્ધિમાન પુરુષ સંકટમાં સપડાયલા શત્રુનો સંહાર કરીને યશસ્વી બને છે. કર્ણ પહેલાં જેવો શક્તિશાળી બનશે તો તને ને બીજાને મુશ્કેલીમાં મૂકી દેશે. માટે એને પૂરો જ કરી દે.'

એટલામાં તો કર્ણને ભાન આવ્યું એટલે અર્જુનનાં બાણોના બદલામાં એણે કૃષ્ણ અને અર્જુનને બાણોથી વીંધવા માંડ્યા.

અર્જુને એની ઉપર એક પ્રાણઘાતક બાણનો પ્રયોગ કરવાનો નિર્ણય કર્યો.

એ જ વખતે કર્ણનો રથ ડગમગવા લાગ્યો. એ જોઈને એને ખૂબ જ આશ્ચર્ય થયું.

એની આંખ આગળ એના વિદ્યાગુરુ પરશુરામનો પેલો પ્રસંગ ઉપસ્થિત થયો.

એણે શોકયુક્ત સ્વરે કહેવા માંડ્યું:

'શલ્ય! હવે કદાચ હું નહિ બચું. મારા મૃત્યુનો સમય આવી ગયો.'

'કેમ? તારી વિદ્યા પૂરી થઈ ને તારી હિંમત તૂટી ગઈ?'

'એવું તો કેમ કહું? પરંતુ મને એક હકીકતનું સ્મરણ થઈ આવ્યું.'

'કયી હકીકતનું?'

'કર્ણે કશું સ્પષ્ટીકરણ ના કર્યું. અત્યારે એવા સ્પષ્ટીકરણનો સમય પણ નહોતો.

એની આંખ આગળ એ હકીકતના ઓળા ઊતરવા લાગ્યા.

પરશુરામ એકવાર કર્ણના સાથળ પર મસ્તક મૂકીને સૂઈ રહેલા ત્યારે કર્ણને એક કીડો કરડ્યો.

એથી એના સાથળમાંથી લોહીની ધારા વહેવા લાગી. પોતાને અસહ્ય પીડા થતી હોવા છતાં પણ, પરશુરામની નિદ્રામાં ભંગ ના પડે એટલા માટે એ ત્યાં જ બેસી રહ્યો.

પરશુરામે જાગ્યા પછી પૂછ્યું:

'બ્રાહ્મણમાં આટલી બધી ધીરજ અથવા સહનશક્તિ ના હોઈ શકે માટે તું બ્રાહ્મણ તો નથી જ. તારી જાતિ કયી છે તે કહી બતાવ.'

'હું સૂત છું.'

'સૂત? તેં બ્રાહ્મણનો વેશ લઈને મારી પાસેથી બ્રહ્માસ્ત્ર મેળવ્યું છે. પરંતુ હું શાપ આપું છું કે ખરે વખતે તને એનું સ્મરણ નહિ રહે.'

'ગુરુદેવ!'

'બસ, મારે જે કહેવાનું હતું તે મેં કહી દીધું. તેં મારી સાથે કપટ કર્યું છે.'

'બિલકુલ નહિ. હું તમારી કે કોઈની સાથે કપટ કરી જ ના શકું. મને એવી તાલીમ જ નથી મળી. તમારી સાથે કપટ કરવાનો મારો આશય છે જ નહિ. તમે ધીરજ, સહનશક્તિ તેમ જ ક્ષમાથી યુક્ત બ્રહ્મર્ષિ છો. મને શાપ આપતાં પહેલાં વિચાર તો કરો. મેં જે કાર્ય કર્યું છે તે તમારે માટેની પ્રખર શ્રદ્ધાભક્તિથી પ્રેરાઈને કર્યું છે. એના બદલામાં પુરસ્કાર ના આપો તો હરકત નહિ પણ શાપ આપવો ઉચિત નથી. તમારી આગળ તો હું બધી રીતે બાળક છું.'

'તોપણ મારો શાપ બરાબર છે. એમાં જરા પણ ફેરફાર નહિ થઈ શકે. તારી વિદ્યા પૂરી થઈ. હવે ઘેર જા.'

કર્ણને પરશુરામનું વર્તન ન્યાયોચિત ના લાગ્યું તોપણ એ શાંત રહ્યો.

એને એટલું તો અવશ્ય થયું કે ગુરુએ પોતાની સેવા તથા નિષ્ઠાની કદર કરીને પોતાની સાથે જેવો કરવો જોઈએ તેવો વ્યવહાર ના કર્યો.

એને એક એવા જ બીજા શાપપ્રસંગની સ્મૃતિ થઈ.

અસ્ત્રવિદ્યાની પ્રાપ્તિ માટે વનમાં વિચરતાં એકવાર એને હાથે ભૂલથી એક બાણ છૂટ્યું અને એક વાછરડાનું મૃત્યું થયું. એ જોઈને એના માલિક બ્રાહ્મણે કહ્યું:

'તેં આ નિર્દોષ વાછરડાનો વધ કર્યો છે.'

'એને માટે ક્ષમા માગું છું. મારી ભૂલ થઈ. સાચું કહું છું કે આ કામ મેં જાણીજોઈને નથી કર્યું.'

'એથી શું થયું? તને શાપ આપું છું કે યુદ્ધમાં લડતી વખતે તારા રથનું પૈડું પૃથ્વીમાં પેસી જશે ને ત્યારે તું મહાન આફતમાં મુકાઈ જશે. એ આફત જીવલેણ થઈ પડશે.'

'પરંતુ એક રીતે વિચારતાં હું નિર્દોષ છું.'

'ભલે.'

એ બંને ઘટનાઓની સ્મૃતિથી કર્ણનું કાળજું કંપી ઊઠ્યું.

એના રથનું પૈડું પૃથ્વીના ખાડામાં ફસાઈ ગયું અને પરશુરામે આપેલા અસ્ત્રને એ ભૂલી ગયો.

એ ઘોર વિષાદમાં ડૂબી ગયો ને બોલ્યો:

'વિદ્વાનો કહે છે કે ધર્મ મનુષ્યની રક્ષા કરે છે. મેં મારી શક્તિ પ્રમાણે ધર્મની રક્ષા કરી છે તોપણ આજે મારું જીવન મુસીબતમાં મુકાયું છે એટલે ધર્મ મનુષ્યોની હંમેશા રક્ષા જ કરે છે એવું નથી લાગતું.'

એ વખતે એના ઘોડા તથા એનો સારથિ શલ્ય પોતાની સ્વસ્થતા ખોવા લાગ્યા.

કર્ણ પોતે પણ અર્જુનનાં બાણોના ઉપરાઉપરી આઘાતથી વિચલિત થઈ ગયો, શિથિલ બન્યો, ને શૂન્યમનસ્ક જેવો બની રહ્યો.

એણે પોતાની રક્ષાને માટે લડી લેવાનો સંકલ્પ કરીને અર્જુન પર બાણોની વર્ષા કરી.

અર્જુને કર્ણનો નાશ કરવાની ઈચ્છાથી પ્રેરાઈને પોતાના ધનુષ્ય પર બ્રહ્માસ્ત્ર ચઢાવ્યું પરંતુ કર્ણે બાણની મદદથી એના ધનુષ્યની દોરી તોડી નાખી.

અર્જુને બીજી દોરી ચઢાવી તો કર્ણે એને પણ તોડી નાખી.

કર્ણે એવી રીતે અર્જુનની અગિયાર દોરીઓ તોડી નાખી અને અર્જુનને બાણો મારીને મૂંઝવણમાં મૂકી દીધો ત્યારે કૃષ્ણના કહેવાથી અર્જુને કર્ણ પર રૌદ્રાસ્ત્ર છોડવાનો વિચાર કર્યો.

એ વખતે કર્ણના રથનું પૈડું પૃથ્વીમાં વધારે પેસી જવાથી એ તરત નીચે ઊતરી પડ્યો ને બંને હાથની મદદથી પૈંડાને ઉપર કાઢવાનો પ્રયાસ કરવા લાગ્યો.

એનો પ્રયાસ નિષ્ફળ ગયો એટલે એણે અર્જુનને કહ્યું:

'કુતીનંદન! તું એક આદર્શ ધનુર્ધર છે માટે જ મારી સૂચના છે કે જ્યાં સુધી રથના પૈડાને હું બહાર ના કાઢું ત્યાં સુધી મારા પર શસ્ત્રો ના છોડતો. જેના માથાના વાળ વિખરાઈ ગયા હોય, જે બ્રાહ્મણ હોય, ક્ષમા માગતો હોય, શરણે આવ્યો હોય, પ્રાણરક્ષા માટે પ્રાર્થતો હોય, જેણે હથિયાર છોડી દીધાં હોય, જે પીઠ બતાવીને નાસતો હોય, જેની પાસે બાણ કે કવચ ના હોય, એવા યોદ્ધા પર શૂરવીરો કદી પણ શસ્ત્ર નથી ચલાવતા. તું એ ઉત્તમ યુદ્ધધર્મને જાણે છે. તું રથ પર છે ને હું જમીન પર છું. વળી હું વિક્ષિપ્ત હોવાથી મારી ઉપર પ્રહાર કરવો ઉચિત નથી.'

કૃષ્ણે કહ્યું:

'કર્ણ! હવે અંતકાળ પાસે આવ્યો છે ત્યારે તને ધર્મની યાદ આવે છે એ તારું સૌભાગ્ય છે. આપત્તિમાં અટવાયલા મનુષ્યો પોતાનાં કુકર્મોને દોષ દેવાને બદલે પ્રારબ્ધને જ દોષ દેતા હોય છે. પાંડવો તેર વરસ વનમાં રહ્યા તે પછી પણ એમને એમનું ન્યાયોચિત રાજ્ય આપવામાં ના આવ્યું ત્યારે ધર્મ ક્યાં ગયેલો? ભીમને દુર્યોધને ઝેરનું ભોજન કરાવ્યું ને વારણાવત નગરમાં લાક્ષાભવનમાં સૂતેલા પાંડવોને બાળી નાખવાનું ષડયંત્ર કરવામાં આવ્યું : દ્રૌપદીનું અપમાન કરવામાં આવ્યું અને નાનાસરખા એકલા અભિમન્યુને તારા જેવા અનેક મહારથીઓએ ચારે બાજુથી ઘેરીને મારી નાખ્યો ત્યારે એ ધર્મ ક્યાં હતો? અધર્મયુક્ત આચરણ કરનારા દુષ્ટોના સરદાર દુર્યોધનને યુદ્ધમાં સાથ આપવામાં કયી જાતનો ધર્મ રહેલો છે તે તો કહી બતાવ? હવે ધર્મની વાત કરવાથી તારો બચાવ નહિ કરી શકાય.'

'મેં અર્ધમયુક્ત આચરણ કરવામાં દુર્યોધનને કદી પણ સાથ નથી આપ્યો. મેં તો એને એવાં આચરણમાંથી મુક્ત કરવાનો જ પ્રયત્ન કર્યો છે. મારો પ્રયત્ન સફળ નથી થયો એ અલગ વાત છે. હું યુદ્ધમાં એને સાથ આપી રહ્યો છું એ એની સાથેના સ્નેહસંબંધને લીધે જ. એનો અર્થ એવો નથી કે એના પ્રત્યેક કર્મમાં મારો સહકાર હતો કે છે. અર્જુનને હાથે મારું મૃત્યુ થશે તેને તમે ગમે તે રીતે ઘટાવશો કે મનાવશો તોપણ જગત તો જાણશે જ કે એ મૃત્યુ અર્ધમયુક્ત જ હતું. દુર્યોધને કે મેં અથવા બીજાએ ગમે તેવો અધર્મ

કર્યો હોય તોપણ તમારે પણ અધર્મ કરવો કે અધર્મને અનુમોદન આપવું એવું ફલિત નથી થતું. એ કાંઈ આદર્શ ના કહેવાય.'

'મારે અત્યારે એની વધારે ચર્ચામાં નથી પડવુ. અર્જુન! કર્ણ જ્યાં સુધી રથ પર નથી ચઢ્યો ત્યાં સુધી એનું મસ્તક છેદી નાખ.'

'એટલે! તમને શું મારો ભય લાગે છે?'

'ભય નહિ, પરંતુ હું તને લડવાનો અધિક અવસર આપવા નથી માગતો.'

અર્જુને કૃષ્ણના આદેસાનુસાર કર્ણના રથની ધજાને તોડી નાખી, અને એક મહાભયંકર, અસાધારણ, અમોઘ બાણને ગાંડીવ પર ચઢાવીને કર્ણનો વધ કરવાના સંકલ્પ સાથે છોડી દીધું.

દિવસના ત્રીજા પ્રહર દરમિયાન છૂટેલા એ ભીષણ બાણે દિશાપ્રદિશાઓ અને આકાશમાં અજવાળું કરીને કર્ણના મસ્તકને કાપી નાખ્યું.

કર્ણનું મસ્તક પૃથ્વી પર પડી ગયું અને ધડ પણ લોહીથી લથપથ થઈને ઢળી પડ્યું એ જોઈને પાંડવપક્ષના સઘળા યોદ્ધાઓ ખૂબ જ હરખઘેલા બની ગયા.

કોઈ શંખ બજાવવા, કોઈ સિંહનાદ કરવા, તો કોઈ વિવિધ પ્રકારના વાદ્યો વગાડવા લાગ્યા.

મોટામોટા યોદ્ધાઓ, મહારથીઓ અને રાજાઓ અર્જુનને અભિનંદન આપવા માંડ્યા.

એ જ વખતે હસ્તિનાપુરમાં બેઠેલી કુંતીની કાયા કંપવા માંડી. એનું કાળજું ક્રંદન કરવા લાગ્યું.

એનું મન તદ્દન બેચેન બની ગયુ અને એની આંખે અંધારા આવ્યાં.

એણે પોતાની પરિચારિકાને પૂછ્યું:

'આ ભયંકર અપશુકન શાનાં થઈ રહ્યા છે? કૌરવપાંડવોના યુદ્ધમાં કોઈ મોટું અમંગલ થયું કે શું? અભિમન્યુનું મૃત્યુ થયું ત્યારે પણ મને કાંઈક આવું જ થઈ આવેલું.'

'અમંગલ તો બીજું શું થાય? ગઈ કાલના સમાચાર પ્રમાણે તો આજે કર્ણ અને અર્જુનનું યુદ્ધ થવાનું હતું. સંભવ છે કે એમનામાંથી કોઈનો અંત આવ્યો હોય.'

'અંત? અંત વળી કોનો આવે?'

'અંત આવે તો કર્ણનો જ આવી શકે કારણ કે અર્જુન એનાથી વધારે પરાક્રમી છે. કર્ણનો અંત આવે એ તો રાજી થવા જેવું છે. ઉત્સવ કરવા જેવું.'

'પરંતુ....' કુંતી કશું વિશેષ ના બોલી.

ફક્ત બબડી : 'કર્ણના મૃત્યુથી સંસારને એક મહાન ધનુર્ધરની ખોટ તો પડે જ.'

'પરંતુ તમને કે મને શી ખોટ પડે?'

કુંતીને માટે એ પ્રશ્ન અસહ્ય હતો. એ મૂક બની ગઈ.

એનો ઉત્તર એના અંતરે જ આપ્યો: એની વાણીએ નહિ.

હા, એની આંખના અશ્રુ કાંઈક કહેવા લાગ્યા ખરાં; પરંતુ પરિચારિકા એના ભેદને શું સમજે?

* * *

૪૧. દુર્યોધનની દુર્દશા

કર્ણને મૃત્યુ પામીને પૃથ્વી પર પડેલો જોઈને શલ્ય ભયભીત બનીને પોતાનો પ્રાણ બચાવવા ત્યાંથી નાસી છૂટ્યો.

કૃષ્ણ અને અર્જુને એને સહીસલામત રીતે જવા દીધો.

કૌરવપક્ષના બીજા યોદ્ધાઓ પણ ભયભીત થઈને ચાલી નીકળ્યા.

દુર્યોધનની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. એનું માથું ચક્કર ચક્કર ભમવા લાગ્યું.

કર્ણના મૃતદેહને નિહાળવા માટે સૌ એને ઘેરીને ઊભા રહ્યાં.

શલ્યે દુર્યોધન પાસે પહોંચીને કહેવા માંડ્યું:

'કર્ણનું પરાક્રમ અર્જુન કરતાં ઘણુ વધારે હોવા છતાં દૈવ એને અનુકૂળ ના હોવાથી એનો નાશ થયો. માટે શોક કરવાને બદલે સર્વ કાંઈ દૈવાધીન છે એવું માનીને ધીરજ ધારણ કર.'

દુર્યોધનનું મન ખૂબ જ ઉદાસ બની ગયું તોપણ લાંબા વખત પછી મનને થોડુંક સ્વસ્થ કરીને પોતાના સારથિને તથા શલ્યને ઉદ્દેશીને એ બોલ્યો:

'કર્ણના મૃત્યુથી મારી એક પાંખ કપાઈ ગઈ છે તોપણ સેનાની સહાયથી હું હજુ લડીશ તો ખરો જ. સેનાની પાછળ રહીને હું યુદ્ધ કરીશ ત્યારે મને કોઈપણ નહિ હરાવી શકે. હું અર્જુનનો નાશ કરી નાખીશ ને કૃષ્ણને પણ દંડ દઈશ. એવી રીતે મારા એકનિષ્ઠ મિત્ર કર્ણના ઋણમાંથી મુક્તિ મેળવીશ ત્યારે જ મારા આત્માને શાંતિ વળશે.'

દુર્યોધનના સારથિએ ઘોડાઓને ધીમી ગતિએ આગળ વધાર્યા.

કર્ણના મૃત્યુ પછી જ્યારે સૂર્યાસ્ત થયો ત્યારે તારાઓ ફીકા દેખાયા, પૃથ્વી કંપવા માંડી, દિશાઓમાં જાણે કે આગ લાગી, એ ધુમાડાના ગોટાઓથી છવાઈ ગઈ, સાગરમાં તોફાન શરૂ થયું, ગર્જનાઓ થવા માંડી, અને આંખુયે વાતાવરણ ભયંકર તથા નીરસ બની ગયું.

કૌરવસૈનિકો દુર્યોધન અને શલ્યને રણમાં છોડીને જ ચાલી નીકળ્યા.

એવી રીતે અસંખ્ય સૈનિકો ભયભીત થઈને ભાગી ગયા ત્યારે રાજા શલ્યની સલાહ માનીને દુર્યોધને યુદ્ધ બંધ કરવાનો આદેશ આપ્યો, એટલે સૌ સૈનિકો આરામ કરવાના આશયથી છાવણી તરફ ચાલી નીકળ્યા.

કર્ણના મૃત્યુના સમાચાર યુધિષ્ઠિરને માટે આનંદદાયક થઈ પડ્યા પરંતુ ધૃતરાષ્ટ્ર, ગાંધારી તથા કુંતીને માટે અતિશય વ્યથાજનક.

કુંતીએ હૃદયની વ્યથાને હૃદય સુધી સીમિત રાખી પરંતુ ધૃતરાષ્ટ્ર તથા ગાંધારીએ પોતાને શોકને મુક્ત રીતે પ્રકટ કર્યો. સંજયે ધૃતરાષ્ટ્રને અને વિદુરે ગાંધારીને શાંતિ આપી.

છાવણીમાં આવ્યા પછી કૃપાચાર્યે પરિસ્થિતિ પારખીને દુર્યોધનને પાંડવો સાથે સંધિ કરી લેવાની અને એવી રીતે બાકીનો જનસંહાર અટકાવવાની ફરીવાર સલાહ આપી પરંતુ દુર્યોધને એ સલાહનો સ્વીકાર ના કર્યો.

એણે પોતાની સેનાના મુખ્ય મુખ્ય યોદ્ધાઓની અનુમતિથી રાજા શલ્યને સેનાપતિ બનાવ્યો, ને યુદ્ધનો નિશ્ચય કર્યો, એટલે શલ્યે કહ્યું:

'કૃષ્ણ અને અર્જુને સાથે મળીને કર્ણને મારી નાખ્યો છે. એ બંને શૂરવીરોમાં શ્રેષ્ઠ છે તોપણ બાહુબળમાં મારી બરાબરી નથી કરી શકે તેમ. દેવો, દાનવો અને મનુષ્યો ત્રણે એક થઈને, એક મોરચો માંડીને, મારી સામે યુદ્ધ કરવા માટે આવી જાય તોપણ હું એકલો જ એમને હંફાવી અને હરાવી શકું તેમ છું તો પાંડવોનું તો કહેવું જ શું? તે તો મારી આગળ મગતરાં બરાબર છે. હું કૌરવસેનાનો સંચાલક બનીને એવી અદભુત વ્યૂહરચના કરીશ કે જેને પાંડવો ભેદી શકશે જ નહિ.'

શલ્યનો સેનાપતિપદે અભિષેક કરવામાં આવ્યો છે એ સમાચાર સાંભળીને કૃષ્ણે કહ્યું:

'યુધિષ્ઠિર! શલ્યને હું સારી રીતે ઓળખું છું. એ અત્યંત તેજસ્વી, પરાક્રમી અને યુદ્ધકુશળ છે. શલ્યની યુદ્ધકુશળતા ભીષ્મ, દ્રોણ અને કર્ણથી સહેજ પણ ઊતરતી નથી. એની બરાબરીનો યોદ્ધો તમારા વિના બીજો કોઈ જ નથી. તમારા વિના એને મારવાની શક્તિ બીજા કોઈમાં નથી. તમે એને અવશ્ય મારી શકશો. માટે મામાનો સંબંધ ગૌણ ગણીને એની સાથે યુદ્ધ કરો ને એને મારી નાખો.'

બીજે દિવસે યુદ્ધનો આરંભ થયો.

એ યુદ્ધમાં અસંખ્ય સૈનિકોનો સંહાર થઈ ગયો તોપણ શલ્યે ભીમ અને યુધિષ્ઠિર સાથેના યુદ્ધમાં અદભુત પરાક્રમ કરી બતાવ્યું.

પરંતુ એનો વધ કરવાના હેતુથી પ્રેરાઈને યુધિષ્ઠિરે આખરે એક અમોઘ શક્તિ છોડી.

એ શક્તિ શલ્યની છાતીને છેદી નાખીને જમીનમાં સમાઈ ગઈ ને શલ્ય લોહીલુહાણ થઈને ધરતી પર ઢળી પડ્યો.

એ જોઈને શલ્યનો નાનો ભાઈ યુધિષ્ઠિર પર ચઢી આવ્યો અને બાણો છોડવા લાગ્યો.

યુધિષ્ઠિરે એને છ બાણો મારીને ઘાયલ કર્યો અને એક તીક્ષ્ણ બાણની મદદથી એનું મસ્તક કાપી નાખ્યું.

લોહીથી લથપથ થયેલું એનું ધડ રથ પરથી નીચે પડ્યું ત્યારે એ દેખીને કૌરવસેના નાસભાગ કરવા લાગી.

એ પછી ધૃતરાષ્ટ્રના બીજા બાર પુત્રોનો નાશ કરવામાં આવ્યો, ને સહદેવે શકુનિને યમલોકમાં પહોંચાડી દીધો, ત્યારે કૌરવયોદ્ધાઓ હિંમત ખોઈ બેઠા, ને ભયભીત બની ગયા.

એમનાં વદન સુકાઈ ગયાં ને શરીર કંપવા લાગ્યા.

શકુનિનો નાશ કરવા માટે કૃષ્ણે તથા પાંડવોએ સહદેવને અંતરનાં અભિનંદન આપ્યાં.

શકુનિના સૈનિકો ક્રોધે ભરાઈને પાંડવો પર તૂટી પડ્યા તો ખરા પરંતુ ભીમ અને અર્જુને એમને પાછા પાડ્યા.

એમણે બાણોની વૃષ્ટિ કરીને એમનાં મસ્તક કાપી નાખ્યાં એટલે દુર્યોધને શેષ રહેલા સૈનિકોને પાંડવો પર આક્રમણ કરવાની તથા પાંડવો અને ધૃષ્ટદ્યુમ્નને મારી નાખવાની આજ્ઞા કરી.

પાંડવોનો નાશ કરવાની ઈચ્છાથી એ બધા ઉત્સાહથી ઊભરાઈને દોડયા તો ખરા, પરંતુ પાંડવોના પરાક્રમ આગળ ટકી ના શક્યા.

પાંડવોએ બાણોની મદદથી એમનો થોડા જ વખતમાં નાશ કરી નાખ્યો.

દુર્યોધને જોયું કે અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા સિવાય પોતાની સેનામાં કોઈ મહારથી બાકી નથી રહ્યો તથા બીજા બધા યોદ્ધાઓ અને સૈનિકો શાંત થયા છે ત્યારે એની પીડાનો પાર ના રહ્યો.

એનો શોક તથા સંતાપ પરાકાષ્ઠાએ પહોંચી ગયો.

પોતાના મરેલા ઘોડા તથા સારથિને યુદ્ધભૂમિમાં જ છોડી દઈને પ્રાણની રક્ષા માટે એ પૂર્વ દિશા તરફ પગપાળા જ નાસવા લાગ્યો.

એની ઈચ્છા એ દિશામાં આવેલા સરોવરમાં સંતાઈ જવાની હતી.

હાથમાં ગદા સાથે દોડતો દુર્યોધન કેટલેક દૂર પહોંચી ગયો એટલે એને સંજય મળ્યો.

એ હસ્તિનાપુર તરફ જઈ રહેલો.

એને જોતાવેંત જ દુર્યોધનની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં અને દિલમાં દુઃખનો દાવાનલ પેદા થયો.

જેમતેમ કરીને અશ્રુ લૂછીને એણે કહ્યું:

'સંજય! ધૃતરાષ્ટ્રને કહેજે કે દુર્યોધન સંગ્રામમાંથી જીવતો નાસી છૂટીને સરોવરમાં સૂઈ રહ્યો છે, ને ઘણો જ ઘાયલ થયો છે.'

દુર્યોધને સરોવરમાં પ્રવેશ કર્યો, અને એના પાણીને પોતાની શક્તિથી બાંધી દીધું.

થોડીવારમાં ત્યાં કૃપાચાર્ય, કૃતવર્મા અને અશ્વત્થામા આવી પહોંચ્યા.

દુર્યોધનના સમાચાર સાંભળીને એ વધારે દુઃખી થયા.

થોડા વખત લગી વિલાપ કરીને એ આગળ વધ્યા ત્યારે કૃપાચાર્યે સંજયને પોતાના રથમાં બેસાડી દીધો.

કૃપાચાર્ય, અશ્વત્થામા અને કૃતવર્માને સૂની છાવણી સ્મશાન કરતાં પણ વધારે ભયંકર લાગવા માંડી એટલે એ એમાં શાંતિથી રહી ના શક્યા. દુર્યોધન પાસે આવીને એમણે એને યુદ્ધને માટે ઉત્સાહ આપતાં કહ્યું:

'આવી રીતે સરોવરમાં પડી રહેવા કરતાં બહાર નીકળીને યુદ્ધ કરવું વધારે સારું છે. અમે સાથે મળીને લડવા માટે તૈયાર છીએ. આપણી સેનાનો નાશ થયો છે એ સાચું પરંતુ પાંડવોની સેના પણ ઘણા મોટા પ્રમાણમાં નાશ પામી છે. એમને જીતીશું તો રાજ્ય ભોગવીશું ને યુદ્ધમાં મરીશું તો સ્વર્ગ મેળવીશું.'

દુર્યોધને જણાવ્યું:

'તમે બધા મારે માટે યુદ્ધ કરવા તૈયાર છો તે જોઈને મને ખરેખર આનંદ થાય છે. આપણે યુદ્ધ જરૂર કરીશું પરંતુ હું ખૂબ જ થાકેલો હોવાથી આજનો આખો દિવસ મને આરામ કરવા દો.'

સરોવરના તટ પર વિશ્રામ કરવા બેઠેલા કેટલાક શિકારીઓએ એકાંતમાં થઈ રહેલા વિશ્વસનીય વાર્તાલાપને સાંભળી લીધો.

ધનની લાલસાથી પ્રેરાઈને એમણે પાંડવોને એ માહિતી પૂરી પાડી.

પાંડવોએ એમને પુષ્કળ ધન આપીને રાજી કર્યા ને પછી દુર્યોધનને મળવા માટે શેષ રહેલી સેના સાથે દ્વૈપાયન નામના વિશાળ અને સુંદર સરોવર તરફ પ્રયાણ કર્યું.

સરોવરની સમીપે આવીને યુધિષ્ઠિરે દુર્યોધનને ઉદ્દેશીને કહ્યું:

'દુર્યોધન! તું જેનું અભિમાન કરતાં થાકતો ન હતો તે તારું પરાક્રમ શું મરી પરવાર્યું કે આમ ડરપોક કે કાયર બનીને સરોવરમાં સંતાઈ રહ્યો છે? તારા સાથીદારો અને સૈનિકોનો સંહાર કરાવીને તારા પ્રાણને પ્રિય માનીને પાણીમાં બેસી રહ્યો છે તે તને છાજે છે? હજુ યુદ્ધ પૂરું નથી થયું તોપણ તને છુપાઈને રહેવાનું કેમ ગમે છે? મૃત્યુનો ભય લાગતો'તો તો તેં યુદ્ધ કર્યું જ શા માટે? તારું પૌરુષ ક્યાં ગયું? અમને સરોવરમાંથી બહાર આવીને પરાસ્ત કરીને પૃથ્વીનું રાજ્ય ભોગવ કે પછી અમારા હાથે મૃત્યુ પામીને રણભૂમિમાં તારા સ્વજનો સાથે સદાને સારું શયન કર.'

દુર્યોધન બોલ્યો:

'મારી પાસે રથ, સારથિ, ઘોડા, સેના કશું જ નથી. હું એકલો પડી ગયો છું એટલે ભયને લીધે નહિ પરંતુ આરામ કરવાના આશયથી અહીં આવી પહોંચ્યો છું. મને થોડોક વખત વિશ્રામ કરવા દો. તમે પણ વિશ્રામ કરો. પછી આપણે યુદ્ધ જરૂર કરીશું.'

'પરંતુ આપણે અત્યારે જ યુદ્ધ કરી લઈએ, પછી કાયમને માટે આરામ કરીએ.'

'જેમને માટે મને રાજ્ય મેળવવાની ઈચ્છા હતી તે મારા બધા જ બંધુઓ મૃત્યુ પામ્યા છે. પૃથ્વીના મોટા મોટા પુરુષરત્નોનો વિનાશ થઈ ગયો છે. એના ઉપભોગની મને ઈચ્છા નથી. પૃથ્વીનો ઉપભોગ ભલે તમે કરો. મારે એને માટે નથી લડવું.'

'આ પૃથ્વીને દાનમાં મેળવવાની ઈચ્છા હું નથી રાખતો. હું તો એનો ઉપભોગ તને જીતીને જ કરવા માગું છું. તને પહેલેથી જ સદ્દબુદ્ધિ સૂઝી હોત તો આ યુદ્ધ થાત જ નહિ. અમે એને માટે બનતી બધી જ કોશિશ કરી છૂટેલા. એ વખતે તો તું સોઈની અણી જેટલી જમીન પણ આપવા તૈયાર ન હતો. હવે માથે મૃત્યુ ભમે છે એટલે ભયનો માર્યો યુદ્ધનો ત્યાગ કરવાની વાતો કરે છે?'

'હું યુદ્ધનો ત્યાગ કરવાની વાતો નથી કરતો. યુદ્ધથી ડરતો પણ નથી. તમને સૌને યુદ્ધનો સ્વાદ ચખાડીને જીતી શકવાની મને શ્રદ્ધા છે. પરંતુ તમે અનેક છો અને હું એક છું. તમે બધા સંયુક્ત રીતે નહિ પણ વારાફરતી આવીને મારી સાથે યુદ્ધ કરો તો એવું યુદ્ધ કરીને તમને સૌને હરાવવાની મારી તૈયારી છે. તમારામાંથી કોઈ પણ એક વીર ગદા લઈને મારી સાથે લડવા માટે આવી જાય. હું એને ચપટી વગાડતામાં રણમાં રોળી શકું તેમ છું.'

એમ કહીને દુર્યોધન ખભા પર લોઢાની ગદા રાખીને બહાર નીકળ્યો.

એને બહાર આવેલો જોઈને પાંડવો તથા પાંચાલોએ તાળીઓ પાડી.

એથી ક્રોધે ભરાઈને એ બોલ્યો:

'મારા આ ઉપહાસનું ફળ તમારે જરૂર ભોગવવું પડશે. તમે બધા મારા હાથે યમસદનમાં પહોંચી જશો.'

યુધિષ્ઠિરે એને સોનાનું કવચ આપ્યું, સોનાનો ટોપ આપ્યો, ને કહ્યું:

'યુદ્ધ કરવા માટે તારે કોઈ બીજી વસ્તુની આવશ્યકતા હોય તો તે પણ માગી લે. પાંચ પાંડવોમાંથી જેની સાથે યુદ્ધ કરવાની ઈચ્છા હશે તે તારી સાથે યુદ્ધ કરશે. જો તું એક પણ પાંડવનો નાશ કરીશ તો આખુંય રાજ્ય તારું થશે.'

દુર્યોધને કવચ તથા ટોપ પહેરીને ગદાયુદ્ધની તૈયારી બતાવી એટલે ભીમસેને યુધિષ્ઠિર તથા કૃષ્ણને કહ્યું:

'આ દુષ્ટ દુર્યોધનને માટે મારા દિલમાં લાંબા વખતથી ક્રોધાગ્નિ સળગી રહ્યો છે. એનાં કુકર્મો અને એના અનર્થોને યાદ કરીને મારું મન એનો નાશ કરવા ઉતાવળું બની રહ્યું છે. માટે મને આદેશ આપો તો આ નરાધમનો અત્યારે જ નાશ કરી નાખું.'

યુધિષ્ઠિર તથા કૃષ્ણનો આદેશ અને આશીર્વાદ મેળવીને ભીમે ગદા લઈને દુર્યોધનને લડાઈને માટે લલકાર કર્યો.

એનો લલકાર સહન ના થવાથી દુર્યોધન એનો સામનો કરવા આવી પહોંચ્યો.

'દુષ્ટ દુર્યોધન!' ભીમે કહ્યું: 'તેં કરેલા અત્યાચારોનું સ્મરણ કરી લે ને એમના પરિણામરૂપે મરવા માટે તૈયાર થા. તારા અહંકારનો અંત આણીને આજે મારી ગદાથી તારા સાથળને તોડી નાખીશ.'

દુર્યોધને કહ્યું:

'પરાક્રમી પુરુષો ભાટની પેઠે પોતાની પ્રશસ્તિ નથી કરતા, પરંતુ યુદ્ધમાં પોતાનું પરાક્રમ જ બતાવે છે. તને ને બીજા બધાને મારવા માટે જ હું અત્યાર સુધી જીવતો રહ્યો છું. માટે બકવાદ કરવાનો બંધ કરીને હવે લડવા માટે આવી જા.'

બને યોદ્ધાઓ સૌની સંમતિથી સરસ્વતીના દક્ષિણ તટ પર આવેલા સમન્તપંચક સ્થાનમાં આવી પહોંચ્યા.

ત્યાં એમનું યુદ્ધ શરૂ થયું ત્યારે અસંખ્ય ઉત્પાતો થવા લાગ્યા.

દુર્યોધને એમને ભીમને માટે અમંગલ માન્યા ને ભીમે દુર્યોધનને માટે.

ભીમ ગદા લઈને દુર્યોધન સામે દોડયો એટલે દુર્યોધને ગર્જના કરતાં એનો એક કસાયલા, સિદ્ધહસ્ત, શૂરવીરને છાજે એવી રીતે સામનો કર્યો.

બંને યોદ્ધાઓ ભયંકર સાંઢોની પેઠે શોરબકોર કરતા પ્રહારો કરવા લાગ્યાં.

લડતાં લડતાં થાક લાગ્યો ત્યારે એમણે થોડોક વિશ્રામ કર્યો ને વળી પાછું યુદ્ધ શરૂ કર્યું.

બંને જુદાજુદા દાવો દ્વારા એકમેકને હરાવવાના ને ઘાયલ કરવાના પ્રયત્નો કરવા લાગ્યા.

એમની ગદાઓ વજ્ર જેવી કઠોર અને ભયંકર હતી.

દુર્યોધન યુદ્ધના દાવો બદલતો ભીમ પર તૂટી પડયો તો ખરો પણ ભીમે એને પાછો હઠાવ્યો.

એણે કરેલા ગદાપ્રહારથી દુર્યોધને પોતાની જાતને ઉગારીને એની છાતી પર પ્રહાર કર્યો એથી એને મૂર્છા આવી ગઈ, પરંતુ પોતાની જાતને સંભાળી લઈને એણે દુર્યોધનની પાંસળી પર ગદા મારી.

એથી વ્યથિત થઈને દુર્યોધન જમીન પર બેસી ગયો ત્યારે પાંચાલો હર્ષધ્વનિ કરવા લાગ્યાં.

એથી ક્રોધે ભરાઈને દુર્યોધન ભીમને ભસ્મ કરવા માગતો હોય તેમ ફૂંફાડા મારવા લાગ્યો.

એણે લાગ જોઈને ભીમના કપાળ પર ગદા મારી તોપણ એની અસર ભીમ પર ના થઈ.

એ અડગ જ ઊભો રહ્યો.

બંને વચ્ચે એવી રીતે લાંબા વખત લગી યુદ્ધ ચાલતું જ રહ્યું અને કોઈના હારવાની કે હણાવાની આશા ના રહી ત્યારે અર્જુન ભીમના દેખતાં સાંકેતિક રીતે પોતાનું ડાબું સાથળ ઠોકવા લાગ્યો.

ભીમ એનો સંકેત સમજી ગયો.

એણે દુર્યોધન પર એકાએક અને ખૂબ જ જોરથી આક્રમણ કર્યું.

સિંહ સમાન ગર્જના કરીને એ એના પર તૂટી પડ્યો ત્યારે દુર્યોધને પોતાની જાતને બચાવવા માટે કૂદવાનો પ્રયાસ કર્યો, પરંતુ એ જ વખતે ભીમે લાગ જોઈને એના સાથળ પર ગદાનો પ્રહાર કર્યો.

એ વજ્ર જેવી ગદાના પ્રબળ પ્રહારે દુર્યોધનનાં બંને સાથળોને તોડી નાખ્યાં, ને દુર્યોધન ચિત્કાર કરતો ધરતી પર ઢળી પડ્યો.

એ વખતે જોરથી આંધી શરૂ થઈ. આકાશમાં વીજળી થવા માંડી, ને ધૂળ તથા લોહીની વૃષ્ટિ થવા લાગી.

પાંડવો તથા પાંચાલોની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

એમણે ભીમનો જયજયકાર કર્યો અને એને અભિનંદન આપ્યાં.

'મૂર્ખ!' ભીમે ગોરવભરી ચાલે દુર્યોધન પાસે જઈને કહ્યું: 'તેં ભરસભામાં રજસ્વલા દ્રૌપદીનું અપમાન કરેલું અને અમારી મશ્કરી કરેલી તેનો દંડ હવે ભોગવી લે. આજે ભરસભામાં કરેલી મારી પ્રતિજ્ઞા આંશિક રીતે પૂરી થઈ એટલે મને આનંદ થઈ રહ્યો છે.'

એમ કહીને એણે દુર્યોધનના મુકુટને લાત મારી અને એના મસ્તકને પણ છૂંદી નાખ્યું.

યુધિષ્ઠિરે એને એવું કરતાં અટકાવ્યો ને કહ્યું:

'તેં તારી પ્રતિજ્ઞા પૂરી કરીને દુર્યોધન પર વિજય મેળવ્યો છે. હવે તારે એની સાથે આવો વર્તાવ ના કરવો જોઈએ. એ ગમે તેવો તોપણ કૌરવોનો રાજા અને આપણો કુટુંબી છે.'

કૃષ્ણની સૂચનાથી પાંડવો પોતાની સેનાના યોદ્ધાઓ સાથે દુર્યોધનની શિબિરમાં ગયાં.

કૃષ્ણના આદેશ પ્રમાણે ધનુષ્યબાણને લઈને અર્જુન રથમાંથી નીચે ઊતર્યો ને પછી કૃષ્ણ ઊતર્યા એટલે એ સુંદર રથ એની મેળે જ સળગી ઊઠ્યો.

કૃષ્ણે એનું રહસ્ય દર્શાવતાં કહ્યું:

'યુદ્ધમાં થયેલા જુદી જુદી જાતનાં શસ્ત્રાસ્ત્રોના આઘાતથી આ રથ પહેલેથી જ બળી ચૂકેલો પરંતુ મારે લીધે અત્યાર સુધી ટકી રહેલો. હવે મેં એનો ત્યાગ કરવાથી એ બળી ગયો.'

દુર્યોધનની શિબિરમાં ભરેલા ખજાના પર પાંડવોએ અધિકાર કર્યો. એમને અસંખ્ય રત્નો, મોતી, મણિ, આભૂષણ, સોના તથા ચાંદીની પ્રાપ્તિ થઈ એથી એ આનંદમાં ડૂબી ગયા.

એ રાતે એમણે કૃષ્ણની સલાહને શિરોધાર્ય કરીને શિબિરને બદલે ઓઘવતી નદીને કિનારે જ વિશ્રામ કર્યો.

*

દૂતોની પાસેથી દુર્યોધન તથા ભીમના ગદાયુદ્ધના સમાચાર સાંભળીને અશ્વત્થામા, કૃપાચાર્ય તથા કૃતવર્મા વાયુવેગી ઘોડાવાળા રથ પર બેસીને તરત જ દુર્યોધન પાસે આવી પહોંચ્યા.

દુર્યોધનની દુર્દશા દેખીને એમનાં હૈયાં હાલી ઊઠ્યાં અને એમની આંખમાં અશ્રુ આવી ગયાં.

દુર્યોધન લોહીથી ખરડાઈ ગયેલો.

એ બોલી ઊઠ્યો:

'ભીમે મને ગદાયુદ્ધના સર્વસ્વીકાર્ય નિયમોનો ભંગ કરીને કટિપ્રદેશની નીચેના ભાગમાં ગદા મારીને કપટપૂર્વક મારી નાખ્યો છે. એ માટે એ ધિક્કાર અને તિરસ્કારને પાત્ર છે. મને એટલો સંતોષ છે કે સ્નેહીજનો તથા સાથીઓના મૃત્યુ પછી હું પણ એમના પંથે પ્રયાણ કરીશ. કૌરવસેનામાં તમારા સિવાય બીજા કોઈયે મહારથીઓ જીવતા ના રહી શક્યા એ હકીકતનું મને દુઃખ છે. પરંતુ એને માટે બીજું શું થઈ શકે? પાંડવોએ કપટી કૃષ્ણની સલાહ પ્રમાણે આપણા બધા જ મહારથીઓને કપટપૂર્વક ભારે અનીતિનો આશ્રય લઈને મારી નાખ્યા છે. નહિ તો ભીષ્મ, દ્રોણ, જયદ્રથ, કર્ણ તથા શલ્ય દેવતાઓથી પણ હારે તેવા ન હતા. એ પાંડવોની સમસ્ત સેનાનો સંહાર કરી નાખત.'

એટલું કહીને દુર્યોધન રડવા લાગ્યો, અતિશય વ્યાકુળ બની ગયો, અને આગળ બોલી ના શક્યો.

એ જોઈને અશ્વત્થામા ખૂબ જ દુઃખી થયો ને પાંડવો પર ક્રોધે ભરાયો.

એ બોલી ઊઠ્યો:

'એ પાપી પાંડવોએ નીતિના બધા જ નિયમોને નેવે મૂકીને મારા પિતાને મારી નાખ્યા એ વાતનું દુઃખ મને છે જ પરંતુ આજે મને વધારે દુઃખ થઈ રહ્યું છે. તમારા સૌની સંમતિ હોય તો આજે કૃષ્ણના દેખતાં બનતા બધા જ ઉપાયોથી કામ લઈને હું બધા જ પાંચાલોને યમલોકમાં મોકલી દઉં.'

દુર્યોધન એ સાંભળીને રાજી થયો ને કૃપાચાર્યને ઉદ્દેશીને બોલ્યો:

'આચાર્ય! અશ્વત્થામા પોતાની વીરવાણીથી મને મરતાં પહેલાં શાંતિ આપી રહ્યો છે. હું અભિનંદન આપું છું. તમે પાણીનો કળશ લઈ આવો.'

કૃપાચાર્યે પાણીનો કળશ આણ્યો એટલે એ ફરી બોલ્યો:

'વિપ્રવર! તમે મારું મંગલ કરવા માગતા હો તો અશ્વત્થામાનો સેનાપતિપદ પર અભિષેક કરી દો.'

દુર્યોધનના આદેશાનુસાર કૃપાચાર્યે અશ્વત્થામાનો અભિષેક કરી દીધો.

દુર્યોધનને શાંતિ વળી. એણે કહ્યું:

'મારા પૂજ્ય માતાપિતા, મારી બેન દુઃશલા અને અંતઃપુરની નાનીમોટી બધી સ્ત્રીઓને મારા વતી આશ્વાસન આપજો. જીવન, જગત, શરીર, સામ્રાજ્ય, સંપત્તિ અને સર્વ કાંઈ આવું જ અસ્થાયી છે. કશું જ શાશ્વત નથી. પુત્ર, મિત્ર, સ્ત્રી, પરિવાર, કશું જ.'

એનો પ્રાણ તરફડવા લાગ્યો અને એણે આંખ મીંચી દીધી. એ આખી રાત એ ત્યાં જ પડી રહ્યો.

અશ્વત્થામા, કૃપાચાર્ય તથા કૃતવર્મા ત્યાંથી વિદાય થઈને ભવિષ્યની વ્યૂહરચના પર વિચાર કરવા લાગ્યા.

* * *

૪૨. અશ્વત્થામા વનમાં જાય છે

ભીમસેને ગદાયુદ્ધના નિયમોનો ભંગ કરીને દુર્યોધનની દુર્દશા કરી હોવાથી યુધિષ્ઠિરને થોડીક ચિંતા થઈ.

એમણે કૃષ્ણને કહ્યું:

'દુર્યોધનના સમાચાર સાંભળીને ગાંધારીને ખૂબ જ દુઃખ થશે. દુઃખને લીધે ક્રોધે ભરાઈને શાપ આપશે તો ભારે અમંગલ થશે. એ મહાન સતી તથા તપસ્વીની છે ને ધારે તો આપણને ઘડીના છઠ્ઠા ભાગમાં ભસ્મીભૂત પણ કરી શકે તેમ છે. માટે હસ્તિનાપુરમાં જઈને સૌથી પહેલાં તમે એને તથા ધૃતરાષ્ટ્રને શાંતિ આપો.'

કૃષ્ણને યુધિષ્ઠિરનો પ્રસ્તાવ પસંદ પડ્યો એટલે એમણે દારુકને બોલાવીને રથ તૈયાર કરાવ્યો.

હસ્તિનાપુર જઈને એમણે પોતાની છળરહિત સુંદર વાણીથી ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને આશ્વાસન આપ્યું.

એ વખતે મહર્ષિ વ્યાસ પણ ત્યાં જ હોવાથી એમના દર્શનનો લાભ પણ એમને આપોઆપ જ મળી ગયો.

એમના વિદાય થયા પછી મહર્ષિ વ્યાસે ધૃતરાષ્ટ્ર તથા ગાંધારીને આશ્વાસન આપ્યું.

એથી ગાંધારીનો ક્રોધ શાંત થયો.

*

દુર્યોધનની પાસેથી વિદાય થઈને અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા એક ભયંકર વનમાં આવી પહોંચ્યા.

ત્યાં એક વિશાળ વટવૃક્ષ હતું.

એની પાસે પહોંચીને એ રથમાંથી ઊતરી પડ્યા ને યુદ્ધની ઘટનાઓને યાદ કરીને શોક કરવા લાગ્યા. અતિશય થાકને લીધે કૃપાચાર્ય અને કૃતવર્મા બંને ઊંઘી ગયા પરંતુ અશ્વત્થામાને ઊંઘ ના આવી.

એ વટવૃક્ષ પર કેટલાય કાગડાઓ સૂતેલા.

એની શાખા પર પહોંચીને એક ઘુવડ પક્ષીએ એમને મારવા માંડ્યા.

એણે કેટલાકનાં મસ્તક કાપી નાખ્યા. કેટલાકના પગ તોડી નાખ્યા, તો કેટલાકની પાંખોનો નાશ કર્યો. બધા જ કાગડાઓનો એવી રીતે નાશ કરીને એ પક્ષી ઊડી ગયું.

અશ્વત્થામાને માટે એ પ્રસંગ પ્રેરણારૂપ થઈ પડ્યો.

એણે વિચાર્યું કે આ નાનાસરખા પક્ષીએ મને યુદ્ધ કરવાની યુક્તિ બતાવી છે:

પાંડવો ખૂબ જ તેજસ્વી, શક્તિશાળી અને ઉત્સાહી હોવાથી યુદ્ધમાં એમનો નાશ કરવાનું કામ સહેલું નથી: તોપણ દુર્યોધનની આગળ મેં એમનો નાશ કરવાની પ્રતિજ્ઞા લીધી છે: પાંડવોએ પોતે પણ અવારનવાર અનીતિ કરીને અમારા કેટલાય યોદ્ધાઓનો સંહાર કર્યો છે, માટે રાતની નીરવ શાંતિમાં એ સઘળા સુખપૂર્વક સૂતા હોય ત્યારે એમનો પણ નાશ કરવો ઉચિત છે.

વિચાર મહાભયંકર હતો તોપણ અશ્વત્થામાને પસંદ પડ્યો. એને એ આદર્શ લાગ્યો.

એણે કૃપાચાર્ય તથા કૃતવર્માને જગાડીને પોતાનો વિચાર કહી બતાવ્યો.

કૃપાચાર્યને એ વિચાર જરા પણ પસંદ ના પડ્યો. એ ધર્મની મર્યાદાને જાણતા હોવાથી એમણે અશ્વત્થામાને અનેક રીતે સમજાવી જોયો છતાં પણ એ ના સમજ્યો.

કૃપાચાર્યે કહ્યું કે સવારે ઊઠીને આપણે ત્રણે ભેગા મળીને પાંડવો પર આક્રમણ કરીશું અને એમને હરાવવાનો કે મારવાનો બનતો બધો જ પ્રયત્ન કરી છૂટીશું, પરંતુ એને એ સલાહ જરા પણ ના રુચી.

એણે અશાંત સ્વરે કહ્યું:

'મારું અંતર એકદમ અશાંત હોવાથી મને ઊંઘ નથી આવી શકે તેમ. આજે રાતે જ મારે મારું કામ પૂરું કરવું છે. તમે જે ધર્મની મર્યાદાની વાતો કરી રહ્યા છો તે ધર્મમર્યાદાના તો પાંડવોએ કૃષ્ણની સલાહથી ટુકડા કરી નાખ્યા છે. ધૃષ્ટદ્યુમ્ને સૌના દેખતા મારા શસ્ત્રહીન પિતાનો વધ કરેલો. રથીશ્રેષ્ઠ કર્ણને એના રથનું પૈડું પૃથ્વીમાં પેસી ગયેલું ત્યારે જ અર્જુને મારી નાખેલો. ભીષ્મ પિતામહને પણ શિખંડીને વચ્ચે રાખીને શસ્ત્રહીન દશામાં જ અર્જુન દ્વારા મારવામાં આવેલા. વીરવર ભૂરિશ્રવા રણમાં અનશનવ્રત લઈને બેઠેલા ત્યારે સાત્યકિએ નીતિની બધી જ મર્યાદાનો ત્યાગ કરીને એમનો વધ કરેલો. દુર્યોધનની સાથે પણ એવી જ અનીતિ કરવામાં આવી છે. એ બધા કરુણ દૃશ્યો મારી આગળ હાજર થઈને મને પાંડવોના નાશ માટે પ્રેરી રહ્યા છે. આજે રાતે જ હું એ કામ પૂરું કરીશ ત્યાં સુધી મને ઊંઘ નહિ આવે.'

અશ્વત્થામાએ રથને તૈયાર કર્યો એટલે કૃપાચાર્ય તથા કૃતવર્મા પણ એની સાથે જવા માટે તૈયાર થયા.

અશ્વત્થામા પાંડવોની શિબિરમાં પહોંચ્યા ત્યારે આખીય શિબિર શાંત હતી.

કાળરૂપ અશ્વત્થામાએ કૃપાચાર્ય અને કૃતવર્માને શિબિરના દ્વાર પર ઊભા રાખ્યા ને પોતે અંદર પ્રવેશ કર્યો.

ધૃષ્ટદ્યુમ્નની પાસે પહોંચીને એણે એને લાત મારીને જગાડ્યો.

ધૃષ્ટદ્યુમ્ન આશ્ચર્યચકિત થઈને પલંગ પરથી ઊતરવા માંડ્યો કે તરત જ એણે એના વાળ પકડીને એને નીચે નાખી દીધો.

એ પછી એની છાતી પર ચઢી બેસીને એના પોકારોની પરવા કર્યા વિના એને મારવા માંડ્યો.

એના મર્મસ્થાન પર પ્રહાર કરીને એને મારી નાખ્યો, ને તંબુની બહાર આવીને રથ પર ચઢીને ફરવા લાગ્યો.

એ પછી એણે ઉત્તમૌજા, યુધામન્યુ તથા બીજા કેટલાય મહારથીઓને પણ તલવારની મદદથી તથા બીજી રીતે મારી નાખ્યા.

શિબિરના ભિન્ન ભિન્ન ભાગોમાં સૂતેલા સૈનિકોનો પણ એણે નાશ કર્યો ને કેટલાય ઘોડા તેમ જ હાથીનું નિકંદન કાઢીને લોહીથી લથપથ થયેલા શરીરે સાક્ષાત કાળની જેમ ફરવા લાગ્યો.

દ્રૌપદીના જાગી ઊઠેલા પુત્રો અશ્વત્થામા પર બાણોનો વરસાદ વરસાવવા લાગ્યા, ત્યારે અશ્વત્થામાએ એમનો સામનો કર્યો.

એ એમની ઉપર તલવાર લઈને તૂટી પડ્યો.

પ્રતિવિંધ્ય તથા સુતસોમ એનો સામનો કરતાં મરાઈ ગયા, ત્યારે નકુલના પુત્ર શતાનીકે એની છાતી પર રથનું પૈડું માર્યું.

અશ્વત્થામાએ એના પર તલવારનો ઘા કર્યો એથી પૃથ્વી પર પડી ગયો એટલે એણે એનું મસ્તક કાપી લીધું.

એ પછી એણે શ્રુતકર્મા અને શ્રુતકીર્તિનો નાશ કર્યો, શિખંડીને પણ મારી નાખ્યો, ને રાજા વિરાટની શેષ રહેલી સેનાનો સંહાર કરીને રાજા દ્રુપદના પુત્રો, પૌત્રો અને સંબંધીઓને સાફ કરી દીધા.

અશ્વત્થામાનો સિંહનાદ સાંભળીને યોદ્ધાઓ ચમકી પડતા ને ભયભીત બનીને આમતેમ નાસવા લાગતા. કોઈ પોકારો પાડતા તો કોઈ અચેત બનીને પૃથ્વી પર પડી જતા.

અશ્વત્થામા એમને યમસદનમાં મોકલવા લાગ્યો, ને જે જીવન બચાવવાના આકાંક્ષાથી બહાર નાસવા માંડ્યા તે કૃપાચાર્ય અને કૃતવર્મા હાથે નાશ પામ્યા.

એ ત્રણેએ કોઈને પણ જીવતા ના જવા દીધા.

અશ્વત્થામા એ મહાભયંકર કર્મ કરીને બહાર આવ્યો અને કૃપાચાર્ય તથા કૃતવર્માને મળીને બધું કહેવા લાગ્યો.

એણે ઉપસંહાર કરતાં કહ્યું:

'આપણું કાર્ય પૂરું થઈ ગયું છે. મેં દ્રૌપદીના પુત્રોને, સઘળા પાંચાલોને તથા સંગ્રામમાંથી સુરક્ષિત રીતે પાછા આવેલા મત્સ્ય અને સોમક વીરોનો સંહાર કરી નાખ્યો છે. એમનો સંહાર કરવાની મને શાંતિ વળી છે. હવે આપણે મહાપ્રતાપી રાજા દુર્યોધન પાસે જઈએ અને એ જો જીવિત હોય તો સઘળા સમાચાર સંભળાવીએ. એ સાંભળીને એનો આત્મા પણ આનંદ પામશે.'

અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા દુર્યોધન પાસે આવી પહોંચ્યા ત્યારે એનો આત્મા એના શરીરને છોડવાની જાણે કે તૈયારી કરી રહેલો.

એને ભારે ગૂંગળામણ થઈ રહેલી.

લોહીના ખાબોચિયામાં પડ્યો પડ્યો એ અસહ્ય વેદનાનો અનુભવ કરી રહેલો.

એને એવી ભયંકર દશામાં પડેલો જોઈને એ ત્રણેનાં અંતર આક્રંદ કરી ઊઠ્યાં.

અઢાર અક્ષૌહિણી સેનાનો સ્વામી દુર્યોધન ધરતી પર દીનહીન બનીને પડી રહેલો!

જે હજારો રાજાઓની આગળ ચાલતો તે વીરશય્યા પર સૂઈને ધૂળ ચાટતો'તો.

બ્રાહ્મણો અથવા યાચકો જેને વિવિધ વસ્તુઓની પ્રાપ્તિ માટે વીંટળાઈ વળતા એને આજે માંસભક્ષણની લાલસાથી માંસાહારી પ્રાણીઓ ઘેરી વળેલાં. વિધિની કેવી વિચિત્રતા છે?

અશ્વત્થામાએ એની પાસે બેસીને સઘળા સમાચાર કહી સંભળાવ્યા ને કહ્યું:

'પાંડવોના પક્ષમાં હવે પાંચ પાંડવો, કૃષ્ણ અને સાત્યકિ એ સાત વીરો બચ્યા છે અને આપણાં પક્ષમાં અમે ત્રણ બચ્યા છીએ. દ્રૌપદીના પુત્રો, ધૃષ્ટદ્યુમ્નના પુત્રો, પાંચાલો અને મસ્ત્યવીરોનો મેં આજે જ નાશ કરી નાખ્યો છે. પાંડવોએ જે સર્વસંહાર કર્યો છે તેનો બદલો મે મોટા પ્રમાણમાં ચૂકવી દીધો છે.'

અશ્વત્થામાના શબ્દો સાંભળીને દુર્યોધનનું દુઃખ થોડુંક ઓછું થયું. એને જાણે કે જીવન મળ્યું.

એ ધ્રુજતા સ્વરે કહેવા માંડ્યો.

'અશ્વત્થામા! આજના સમાચારથી મને શાંતિ થઈ. કૃપાચાર્ય તથા કૃતવર્મા સાથે મળીને તેં જે મહાન કાર્ય કરી બતાવ્યું છે એ ખરેખર અજોડ છે એવું અદભુત કર્મ તો ભીષ્મ, દ્રોણ કે કર્ણ પણ નથી કરી શક્યા. શિખંડી સાથે સેનાપતિ ધૃષ્ટદ્યુમ્નનો પણ નાશ કરવામાં આવ્યો એ સમાચાર કેટલા બધા આનંદદાયક છે? પાંડવોનો પણ નાશ થઈ ગયો હોત તો સારું થાત, પરંતુ હરકત નહિ. આટલું પરાક્રમ પણ પૂરતું છે. તમારું ત્રણેનું કલ્યાણ થાઓ. હવે હું શાંતિથી મરી શકીશ.'

દુર્યોધનનો આત્મા શરીર છોડીને બહાર નીકળી ગયો.

એનું શરીર નિર્જીવ થઈને પડી રહ્યું.

*

રાત પૂરી થયા પછી ધૃષ્ટદ્યુમ્નના સારથિએ યુધિષ્ઠિર પાસે પહોંચીને શિબિરમાં થયેલા શૂરવીરોના સંહારના સઘળા સમાચાર કહી બતાવ્યા.

શિબિરમાંથી કૃતવર્માનું ધ્યાન ચૂકવીને એકમાત્ર એ જ નાસી છૂટેલો.

યુધિષ્ઠિર તથા પાંડવોના શોકનો પાર ના રહ્યો.

દ્રૌપદી પણ બીજી સ્ત્રીઓ સાથે વિલાપ કરવા લાગી.

સ્મશાન જેવી સૂની શિબિરમાં પ્રવેશીને એમણે એ સર્વસંહારનું કરુણ દૃશ્ય જોયું ત્યારે તો એમનું હૈયું હાથ જ ના રહ્યું. એમના સંયમના સઘળા બંધો તૂટી ગયા.

દ્રૌપદી એ ભયંકર દૃશ્ય દેખીને મૂર્છિત બની ગઈ.

એની મૂર્છાવસ્થા દૂર થઈ એટલે એણે કહ્યું:

'આવા મહાભયંકર પાપકર્મ કરનારા અશ્વત્થામાને જીવતો ના જવા દેવો જોઈએ. એના સાથીદારો સાથે એનો નાશ કરવામાં આવે એ જ ઉચિત છે. એ સિવાય મારો શોક કદાપિ નહિ ટળી શકે. ભીમ ! તમારા સિવાય બીજા કોઈનાથી એ કામ નથી થાય તેવું. તમારા જેવા પરાક્રમી પુરુષ બીજા કોઈ જ નથી. વારણાવત નગરમાં સૌની ઉપર સંકટ આવી પડેલું ત્યારે તમે જ રક્ષા કરેલી. હિડિમ્બાસુરનો સામનો પણ તમે જ કરેલો. વિરાટનગરમાં કીચક મને સતાવતો'તો ત્યારે તમે જ એને સીધો કરેલો. અશ્વત્થામાને પણ તમે જ મારી શકશો.'

દ્રૌપદીનો વિલાપ અસહ્ય હતો.

ભીમથી એ સહન ના કરી શકાયો.

એને શાંતિ આપવાની ઈચ્છાથી પ્રેરાઈને, અશ્વત્થામાના નાશનો નિશ્ચય કરીને, નકુલને સારથિ બનાવીને, એ રથ પર બેસીને ચાલી નીકળ્યો.

શિબિરમાંથી બહાર નીકળીને અશ્વત્થામાના રથના પૈડાંનાં ચિહ્નો જોઈને એણે એનો પીછો કર્યો.

કૃષ્ણ એની રક્ષા કરવાના ઉદ્દેશથી અર્જુન તથા યુધિષ્ઠિરને રથમાં બેસીને શસ્ત્રો સાથે એની પાછળ ગયા.

એ બધા થોડા જ વખતમાં ગંગાના તટપ્રદેશ પર આવી પહોંચ્યા.

ત્યાં અનેક ઋષિઓ સાથે મહર્ષિ વ્યાસ બેઠેલા.

એમની પાસે અશ્વત્થામા પણ બેઠેલો.

શરીરે ઘી લગાડીને એ કુશના કપડાં પહેરીને બેઠેલો.

એને જોઈને ભીમે એને યુદ્ધ માટે લલકાર્યો.

ભીમ, યુધિષ્ઠિર, કૃષ્ણ અને અર્જુનને પોતાની તરફ આવતા જોઈને અશ્વત્થામા ડરી ગયો ને વિચારવા લાગ્યો કે હવે બ્રહ્માસ્ત્રના પ્રયોગનો સમય આવી પહોંચ્યો છે.

એણે બ્રહ્માસ્ત્રનું ચિંતન કરીને 'પૃથ્વી પાંડવહીન બની જાવ.' એવો સંકલ્પ કરીને એક ખીલી લઈને, બ્રહ્માસ્ત્રને છોડી દીધું.

એ ખીલીમાં પ્રચંડ આગ પેદા થઈ અને બધું ભસ્મીભૂત કરવા લાગી.

કૃષ્ણના આદેશથી અર્જુને પણ બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો, ને હાથમાં ધનુષ્યબાણ ધારણ કર્યાં.

બંનેના અસ્ત્રો એકમેક સાથે અથડાઈ ને ભયંકર અવાજ કરવા લાગ્યાં.

એથી પૃથ્વી ડગમગવા લાગી ને પ્રાણીઓ ભયભીત બની ગયાં, ત્યારે મહર્ષિ વ્યાસે અને દેવર્ષિ નારદે એવાં ભયંકર શસ્ત્રોને છોડવા માટે ઠપકો આપ્યો.

અર્જુને અસ્ત્રને પાછું વાળી લીધું પરંતુ અશ્વત્થામા જરૂરી યોગ્યતાના અભાવે એને પાછું ના વાળી શક્યો.

આખરે વ્યાસની અનુજ્ઞા લઈને એને એણે ઉત્તરાના ગર્ભ પર છોડ્યું.

એ જોઈને કૃષ્ણે કહ્યું:

'અશ્વત્થામા ! તારો અસ્ત્રપ્રયોગ અમોઘ ઠરશે તોપણ ઉત્તરાનો ગર્ભ મૃતાવસ્થામાં ઉત્પન્ન થઈને પણ દીર્ઘાયુ બનશે. તેં ઘણું મોટું પાપ કર્યું છે અને એનું ફળ તારે જરૂર ભોગવવું પડશે. તું પૃથ્વી પર ત્રણ હજાર વરસ સુધી ભટકતો રહીશ ને કોઈની સાથે કોઈ જાતની વાતચીત નહિ કરી શકે. તારા શરીરમાંથી લોહી અને પરુની દુર્ગંધ નીકળશે એટલે તું વનમાં જ પડ્યો રહીશ. મહર્ષિ વ્યાસના કહેવાથી પાંડવો તારા મસ્તકનો મણિ લઈને તને જીવતો જવા દેશે. ઉત્તરાનો પુત્ર પરીક્ષિત કૃપાચાર્ય પાસેથી શસ્ત્રોનું જ્ઞાન મેળવશે ને સાઠ વરસ સુધી રાજ્ય કરશે. એ તારા દેખતાં જ ગાદી પર બેસશે. એ તારા બ્રહ્માસ્ત્રથી બળશે તોપણ હું એને સજીવન કરીશ.'

વ્યાસના આદેશથી અશ્વત્થામાને જીવતો રાખવામાં આવ્યો એટલે અશ્વત્થામા પાંડવોને પોતાને પોતાનો મહામૂલ્યવાન મણિ આપીને વનમાં ગયો.

એનું અંતર એકદમ ઉદાસ બની ગયું.

* * *

૪૩. કુંતીએ રહસ્ય ખોલ્યું

કૃષ્ણે અર્જુન અને યુધિષ્ઠિર તથા ભીમ સાથે પાછા આવીને દ્રૌપદીને સઘળી હકીકત કહી બતાવીને શાંત કરી.

ધૃતરાષ્ટ્રે જ્યારે પોતાના કુલનાશના સમાચાર સાંભળ્યા ત્યારે એમની પીડાનો પાર ના રહ્યો.

એ જોરશોરથી આક્રંદ કરવા લાગ્યા.

એમનો વિલાપ તથા પશ્ચાતાપ પથ્થર દિલને પણ પીગળાવે તેવો કરુણ હતો.

સંજયે એમને જેમતેમ કરીને શાંતિ આપીને કહ્યું:

'જે કાંઈ થવાનું હતું તે થઈ ગયું. હવે કરોડો ઉપાયો કરવાથી પણ એ અન્યથા નથી થવાનું. તમે પહેલેથી જ સમસ્ત પ્રસંગોના પરિણામનો કે સારાસારનો વિચાર કરીને દુર્યોધનને સમજાવ્યો હોત તો પરિસ્થિતિ કાંઈક જુદી જ હોત. પરંતુ હવે ગમે તેટલો શોક કરો તોપણ શું થાય? યુદ્ધમાં અઢાર અક્ષૌહિણી સેનાનો નાશ થઈ ગયો અને પૃથ્વી નિર્જન જેવી બની ગઈ. મને પોતાને પણ એનું દુઃખ છે પણ એનો કોઈ ઉપાય નથી. એ દુઃખને ભોગવવું જ રહ્યું. જગત આખું વિનાશી અને જીવન ક્ષણભંગુર છે. હવે તો મનને સમજાવીને તમારા પુત્રો, પૌત્રો, સ્વજનો, સ્નેહીઓ અને ગુરુજનોની વિધિપૂર્વક પ્રેતક્રિયા કરાવો એ જ બરાબર છે.'

વિદુરે પણ એમને શાંતિ આપવાનો પ્રયાસ કરતાં કહ્યું:

'આવા કપરા કાળમાં વિવેકનો આશ્રય લઈને મનને સમજાવો ને શાંત કરો. બધા જ જીવોની અંતિમ ગતિ આ જ છે. જેટલા સંચય છે તે સૌનું પર્યવસાન ક્ષયમાં જ થવાનું છે, સર્વ પ્રકારની ભૌતિક ઉન્નતિઓનો અંત પતન અથવા અવનતિમાં જ આવવાનો છે. સઘળા સંયોગો વિયોગમાં જ સમાપ્ત થવાના છે. અને એવી રીતે ગમે તેવા લાંબા જીવનનો અંત પણ મરણમાં જ આવવાનો છે. કુદરતનો ક્રમ જ જ્યારે એવો છે ત્યારે એનો શોક અસ્થાને છે.'

મહર્ષિ વ્યાસે પણ એમને સમજાવતાં કહેવા માંડ્યું:

'મનુષ્યોનાં જીવન કાયમને માટે નથી રહેનારાં એ તો તમે શાસ્ત્રજ્ઞ હોવાથી જાણો જ છો. મૃત્યુલોક અનિત્ય છે માટે તમે શોક ના કરો. દુર્યોધને પોતાની દુષ્ટતાને લીધે જ કૌરવો તથા પાંડવોની વિશાળ સેનાનો સંહાર કરાવ્યો છે. તમને થતા પ્રજ્વલિત પાવક જેવા પુત્રશોકને વિવેકરૂપી પાણીથી શાંત કરીને હવે આગળનું કર્તવ્ય કરવા માંડો.'

પોતાના સ્વજનોની અંત્યેષ્ટિ ક્રિયા કરાવવા માટે ધૃતરાષ્ટ્ર, ગાંધારી, કુંતી તથા બીજી અસંખ્ય સ્ત્રીઓની સાથે યુદ્ધભૂમિમાં આવી પહોંચ્યા ત્યારે એમનો અને બીજાં બધાનો શોક પરિસીમાએ પહોંચી ગયો.

આખી યુદ્ધભૂમિ ક્રંદન અને ગગનભેદી કરુણ ચિત્કારોથી ભરાઈ ગઈ.

એની વિઘાતક, અનિષ્ટકારક અસરથી એ ભૂમિ પોતે પણ જાણે કે વિલાપ કરવા લાગી.

ગંગાતટ પર શોક કરતાં એ વિશાળ જનસમૂહ પાસે પાંડવો, કૃષ્ણ તથા દ્રૌપદી જઈ પહોંચ્યા.

યુધિષ્ઠિરે ધૃતરાષ્ટ્રને પ્રણામ કર્યા એટલે ધૃતરાષ્ટ્રે એમને આલિંગન આપ્યું.

એમનું મન ખૂબ જ ખિન્ન હતું અને એ ભીમના પરાક્રમનો બદલો લેવા માગતા હતા.

કૃષ્ણને એમની એ મનોદશાની માહિતી હોવાથી એમણે ભીમને બદલે દુર્યોધને વરસો પહેલાં તૈયાર કરાવેલી ભીમની મૂર્તિને એમની આગળ હાજર કરીને કહ્યું:

'હવે આ ભીમ તમને પગે લાગે છે.'

'ભીમ? એને તો હું ક્યારનોય શોધી રહ્યો છું. એને માટેનો પ્રેમભાવ મારા હૃદયમાં ઊભરાઈ રહ્યો છે.'

એમ બોલીને ધૃતરાષ્ટ્ર એ મૂર્તિમય ભીમને સાચો ભીમ સમજીને ભારે ઝનૂનપૂર્વક ભેટી પડ્યા.

એને પોતાની બંને ભુજાઓથી દબાવીને એમણે તોડી નાખ્યો.

પરંતુ એથી તો એમની છાતી પર દબાણ થવાથી એમના મુખમાંથી નીકળતા લોહીમાં લથપથ થઈને એ પૃથ્વી પર પડી ગયા.

દસ હજાર હાથીના બળ જેટલા બળવાળા ધૃતરાષ્ટ્રને એવી રીતે પૃથ્વી પર પડેલા જોઈને સૌ આશ્ચર્ય પામ્યા, ને સંજયે એમને બેઠા કર્યા.

બેઠા થતાં જ એ 'હા ભીમ, હા ભીમ!' કરતાં રડવા લાગ્યા. ત્યારે કૃષ્ણે કહ્યું:

'તમારા હાથે ભીમનો નાશ નથી થયો પણ દુર્યોધને બનાવેલી ભીમની મૂર્તિ જ તૂટી ગઈ છે માટે તમે શોક ના કરો. તમારા ક્રોધ તથા મનોભાવોને જાણી લઈને મેં ભીમને તમારી પાસે આવવા જ નથી દીધો, કારણ કે તમારા બાહુપાશમાં ભિડાયા પછી કોઈપણ બચી શકે તેમ નથી. તમે વૃદ્ધ હોવા છતાં સશક્ત છો ને કાળરૂપ થઈ શકો છો તે જાણું છું, ને પ્રાર્થું છું કે હવે ક્રોધને શાંત કરીને પાંડવોને તમારા જ સમજીને આશીર્વાદ આપો જેથી આગળનું કામ સરળ થાય. પાંડુના પુત્રો તમારા જ પુત્રો છે એવું સમજીને એમના પ્રત્યે પ્રેમ રાખો અને એમને માર્ગદર્શન આપો. તમે તો વેદાદિ શાસ્ત્રોને જાણો છો તોપણ તમારા જ અપરાધથી થયેલા કુળનાશને નિહાળીને કુપિત થાઓ છો એ ઠીક નથી. દુર્યોધને દ્રૌપદીનું કૌરવસભામાં જે ભયંકર અપમાન કરેલું તેને લીધે જ ભીમે એનો વધ કર્યો છે.'

ગાંધારી બોલી:

'અમારા મનમાં પાંડવોને માટે દુર્ભાવ નથી, પરંતુ પુત્રશોકને લીધે અમારું મન વ્યાકુળ બની ગયું છે. આ કુંતીપુત્રોની રક્ષા કરવાનું કર્તવ્ય કુંતીની જેમ અમારું પણ છે જ અને અમે એનું પાલન જરૂર કરીશું. કૌરવોનો નાશ એમના કુકર્મોને લીધે જ થયો છે. એ છતાં પણ ભીમે દુર્યોધનને નાભિની નીચે ગદા મારી એને ધર્મ કે ન્યાયયુક્ત ના જ કહી શકાય.'

ભીમે કહ્યું:

'એ ધર્મ કે ન્યાયયુક્ત નથી એ તો હું પણ જાણું છું છતાં મારી રક્ષા માટે, દુર્યોધન મારા પર જ પ્રહાર કરશે એવી આશંકાથી, મેં એવું કામ કર્યું છે માટે મને ક્ષમા કરો.'

'યુદ્ધભૂમિમાં દુઃશાસનનું લોહી પીવાનું શું બરાબર હતું?'

'મેં એવી પ્રતિજ્ઞા કરેલી તોપણ એનું લોહી નથી પીધું. એવું અધમ કામ મારાથી ના જ કરી શકાય. ક્રોધાવસ્થામાં કરેલી પ્રતિજ્ઞાને પૂરી કરવા મેં એના લોહીને કેવળ સૂંઘેલું એટલું જ.'

યુધિષ્ઠિરને પોતાની પાસે બોલાવીને ગાંધારીએ આંખ પરની પટ્ટીની નીચેથી દૃષ્ટિ ફેંકી કે તરત જ યુધિષ્ઠિરના પગના નખ કાળા પડી ગયા.

એ જોઈને અર્જુન બીજા બંધુઓ સાથે પાછો ખસી ગયો.

કૃષ્ણ અને વ્યાસના સમજાવવાથી ગાંધારીનો રહ્યોસહ્યો ક્રોધ શાંત થયો એટલે પાંડવો કૃષ્ણને લઈને કુંતી પાસે ગયા.

એમનો મેળાપ ખૂબ જ કરુણ થઈ પડ્યો.

કુંતીએ દ્રૌપદીને આશ્વાસન આપ્યું અને એને ગાંધારી પાસે લઈ ગઈ ત્યારે એણે કુંતીને કહ્યું:

'તારા બધા જ પુત્રો જીવતા છે એટલે તારે શોક કરવાનું કોઈ કારણ નથી.'

કુંતી કહેવા તો ગઈ કે મારા પુત્રો પાંચ નહિ પણ છ હતા અને એમાંનો એક મોટો પુત્ર માર્યો ગયો છે પરંતુ એણે એ શબ્દોને વદનમાં જ રોકી રાખ્યા ને કહ્યું:

'કૌરવો પણ મને એવા જ પ્રિય હતા તેની તને ખબર છે. મને એમના મૃત્યુનું દુઃખ છે.'

ગાંધારીએ દ્રૌપદીને સાંત્વન આપ્યું.

એ પછી યુદ્ધમાં પડેલા વીરોનું સ્મરણ કરીને ગાંધારીએ કૃષ્ણને કહ્યું:

'કૃષ્ણ! કૌરવો અને પાંડવો અંદરઅંદરની ફાટફૂટને લીધે જ નાશ પામ્યા છે, પરંતુ તમે ધારત તો એમના વિનાશને અટકાવી શક્યા હોત. તમારો પ્રભાવ એવો અસાધારણ હતો અને તમારી પાસે ઘણી મોટી સેના હતી. તોપણ તમે કૌરવોની ઉપેક્ષા કરી. એટલા માટે તમને શાપ આપું છું કે તમારા બંધુઓ તથા જાતિભાઈઓનો આવી જ રીતે નાશ થશે. આજથી છત્રીસમા વરસે બંધુઓ, પુત્રો, મંત્રીઓ તથા સ્નેહીજનોનો નાશ થવાથી તમે એક નજીવા કારણથી અનાથની પેઠે મૃત્યુ પામશો. આજે વિલાપ કરતી આ ભરતવંશી સ્ત્રીઓની પેઠે તમારા કુટુંબની સ્ત્રીઓ પણ એમના સ્વજનોના મૃત્યુશોકથી વિલાપ કરશે.'

ગાંધારીના કઠોર વચનો સાંભળીને કૃષ્ણે એવી જ સ્વસ્થતા સાથે સ્મિતપૂર્વક કહેવા માંડ્યું:

'વૃષ્ણિવંશીઓનો વિનાશ દૈવી કોપથી જ થવાનો છે એની મને જાણ હોવાથી તમારા શબ્દો સાંભળીને મને કશું દુઃખ નથી થતું. જે કાંઈ થવાનું છે તેને માટે જ તમે શાપ આપ્યો છે. યદુવંશીઓનો સંહાર મનુષ્ય, દેવ, કે દાનવ કોઈ પણ નથી કરી શકવાનું. એ અંદરઅંદરના કલહથી જ નાશ પામશે. કૌરવોના વિનાશને માટે તમે મને કારણરૂપ કહી બતાવો છે પરંતુ સાચું કહું તો એને માટે તમે પણ જવાબદાર છો. દુર્યોધન ખૂબ જ નિષ્ઠુર, વડીલોની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારો તેમ જ દ્વેષભાવથી ભરેલો હોવા છતાં તમે તેને સારો માનીને માથા પર ચઢાવેલો. પહેલેથી જ તમે ન્યાયનીતિનો વિચાર કરીને એને નિયંત્રણમાં રાખ્યો હોત તો પરિસ્થિતિ આટલી હદે ના વણસત. પરંતુ જે થવાનું હતું તે થઈ ગયું. એને માટે શોક કરવાનો કે કોઈને દોષ દેવાનો કશો અર્થ નથી. જે સંજોગો ઊભા થયા છે તેમાંથી ધીરજપૂર્વક માર્ગ કાઢીએ એ જ બરાબર છે.'

ગાંધારી શાંત રહી.

ધૃતરાષ્ટ્રે મોહને સહેજ શાંત કરીને કુતૂહલ દર્શાવતાં યુદ્ધમાં સંહાર પામેલા સૈનિકો કે યોદ્ધાઓની સંખ્યા પૂછી તો યુધિષ્ઠિર જણાવ્યું:

'આ યુદ્ધમાં એક અબજ, છાસઠ કરોડ, વીસ હજાર વીર માર્યા ગયા છે. એ સિવાય ચૌદ હજાર યોદ્ધાઓ અજ્ઞાત છે, ઓળખી શકાયા નથી, ને દસ હજાર એકસો પાંસઠ વીરોનો પત્તો જ નથી.'

એ પછી ધૃતરાષ્ટ્રની સૂચનાથી યુધિષ્ઠિરે કૌરવોના પુરોહિતને બોલાવી એ સૌ યોદ્ધાઓની અંત્યેષ્ટિ ક્રિયા કરાવી અને એમના દાહકર્મની વ્યવસ્થા કરી.

આખરે ગંગાના પવિત્ર પાણીમાં ઊભા રહીને સ્ત્રીઓ તથા પુરુષો મૃત સ્વજનોને અંજલિ આપવા લાગ્યા ત્યારે કુંતીએ પાંડવોને પૂછ્યું:

'અર્જુને જેનો સંગ્રામમાં સંહાર કર્યો છે, જે સાચા અર્થમાં શૂરવીર હતો, જેણે દુર્યોધનની વિશાળ સેનાનું સફળ સેનાપતિત્વ કરેલું, પરાક્રમમાં જેના જેવો પૃથ્વી પર બીજો કોઈ રાજા ન હતો, તે મહાદાનેશ્વરી દૈવી કવચ અને કુંડળવાળો કર્ણ કોનો પુત્ર હતો તે જાણો છો?'

'કેમ નહિ?' ભીમ બોલી ઊઠ્યો: 'અમે તો જાણીએ છીએ પણ આખી દુનિયા પણ જાણે છે કે એ સૂતપુત્ર હતો.'

'બિલકુલ નહિ. એ અધિરથ અને રાધાને ત્યાં પેદા થયેલો સૂતપુત્ર ન હતો. એ તો તમારો મોટો ભાઈ હતો.'

'એટલે? એ કેવી રીતે?' યુધિષ્ઠિર અને અર્જુનથી પૂછી જવાયું.

કુંતી સંવેદનશીલ થઈને બોલી:

'એ બધું તમને કહી બતાવીશ. કૃષ્ણને અને દેવર્ષિ નારદને એની ખબર છે.'

'ખબર છે તો પછી અત્યાર સુધી કહ્યું કેમ નહિ?'

'એની જરૂર નહોતી માટે. પરંતુ એ સાચું છે. કર્ણ સૂતપુત્ર ન હતો પણ મારો પુત્ર હતો. એ સૂર્યનારાયણના શુભાશીર્વાદથી મને મારી કૌમાર્યાવસ્થામાં પ્રાપ્ત થયેલો. મેં ભય તથા સંકોચને લીધે એનો પરિત્યાગ કરેલો પછી અધિરથ અને રાધાએ એને પોતાને ત્યાં લઈ જઈને ઉછેરેલો. એ તમારો ભાઈ હતો. વરસો સુધી મેં એ રહસ્યને સાવધાનીપૂર્વક છાનું રાખેલું. મારું અંતર એથી વલોવાઈ જતું ને વ્યથિત થતું.'

'પરંતુ તારે કર્ણને તો એ હકીકત કહેવી હતી?'

'કર્ણને યુદ્ધ થતાં પહેલાં મેં એ કથા કહેલી ને કૃષ્ણે પણ કહેલી. અમે એને પાંડવપક્ષમાં લેવા પ્રયાસ કરેલો, પરંતુ એ દુર્યોધનને વચન આપી ચૂકેલો તથા ટેકીલો હતો એટલે એ પ્રયાસ સફળ ના થઈ શક્યો. આજે એને અંજલિ આપવાનો અવસર આવ્યો છે ત્યારે મારે આ સાચી હકીકત કહેવી પડે છે જેથી એને તમે તમારા મોટા ભાઈ તરીકે અંજલિ આપો.'

કર્ણના જન્મનું રહસ્ય સાંભળીને ત્યાં ઉપસ્થિત થયેલાં સૌ કોઈને દુઃખ થયું.

લોકો કહેવા લાગ્યા:

'કર્ણના અસાધારણ પરાક્રમનું સાચું રહસ્ય હવે સમજાયું. એક સાધારણ સૂતપુત્રમાં આવું વીરત્વ હોય જ નહિ.'

'મને તો વારંવાર શંકા થયા કરતી કે એ કોઈ સૂતપુત્ર નથી પણ ક્ષત્રિયપુત્ર છે. પરંતુ મારી શંકા કોને કહી બતાવું? જે સાંભળે તે મારી મશ્કરી જ કરે ને?'

'કર્ણમાં કેવળ વીરત્વ જ ન હતું, બીજા અનેક ગુણો હતા. એ તો એક રત્ન હતો.'

'કુંતી પણ કેટલી કઠોર હૃદયની કહેવાય કે એણે કર્ણના જન્મના રહસ્યને આટલા બધા લાંબા વખત લગી છુપાવી રાખ્યું?'

'છુપાવે નહિ તો શું કરે? એણે કઠોરતાને લીધે છુપાવ્યું કે પ્રેમને લીધે એ કેવી રીતે કહી શકાય? આપણે તો એના સંવેદનશીલ હૃદયની કેવળ કલ્પના જ કરવાની બાકી રહે છે.'

'એમ કહોને કે એણે આટલે વખતે પણ ભેદને ખોલી દીધો, નહિ તો કોઈને કશી ખબર જ ના પડત.'

કુંતીએ પાંડવોને કર્ણની જન્મકથા સંક્ષેપમાં કહી બતાવી ને કહ્યું:

'આજે મારા મગજ પરથી એક મોટો બોજો ઊતરી ગયો. મારું હૈયું જરા હળવું બન્યું. હવે હું શાંતિથી સૂઈ શકીશ.'

પરંતુ....

યુધિષ્ઠિરનું અંતર કર્ણની કથા સાંભળીને એકદમ અશાંત બની ગયું.

એ અંતરમાં જાણે કે અગ્નિજ્વાળા સળગવા માંડી.

એનો વિજયનો રહ્યોસહ્યો ઉત્સાહ પણ ઊડી ગયો.

એમની આંખમાંથી અશ્રુધારા નીકળી પડી.

જેમતેમ કરીને પોતાની જાતને સમજાવી, સ્વસ્થ કરીને, એમણે કર્ણને અંજલિ આપી.

એમણે શાસ્ત્રોક્ત રીતે એનું પ્રેતકર્મ પણ કરી લીધું.

* * *

૪૪. ભીષ્મનો શરીરત્યાગ

કર્ણના જન્મરહસ્યની કુંતીએ કહેલી કથા યુધિષ્ઠિરના હૈયાને હલાવનારી થઈ પડી.

એમનો રાજ્યોપભોગનો રહ્યોસહ્યો રસ પણ ઊડી ગયો.

એમણે અર્જુનને ઉદ્દેશીને સૌના સાંભળતાં કહેવા માંડ્યું:

'અર્જુન! આ યુદ્ધ કૌરવોને માટે તો મહાવિનાશકારી થયું જ છે પરંતુ આપણે માટે પણ અતિશય અમંગલ બન્યું છે. એને લીધે આપણો સર્વનાશ થઈ ગયો છે. રાજ્યસુખના લોભથી લડીને આપણે આપણાં સ્વજનોનો જ સંહાર કર્યો એના કરતાં તો એ રાજ્ય દુર્યોધનને જ ભોગવવા દીધું હોત અને આપણે એનો મોહ મૂકીને વૃષ્ણિ તથા અંધકવંશી ક્ષત્રિયોના નગરોમાં જઈને ભિક્ષાવૃત્તિથી જીવનનિર્વાહ કર્યો હોત તો ઘણું સારું થાત. બંધુઓનો નાશ કરવાથી સાંપડેલો શોક આપણને સુખી નહિ થવા દે. રાજ્યનો ત્યાગ કરીને મુનિવૃત્તિનો આશ્રય લઈને હું હવે જ્ઞાનપ્રાપ્તિ કરવા માગું છું. શોક તથા મમતાથી મુક્ત થઈને હું તો હવે જંગલમાં જ જતો રહીશ. મારે રાજ્ય નથી કરવું ને ભોગો પણ નથી ભોગવવા. મારો એ નિર્ણય અફર છે.'

યુધિષ્ઠિરના એ શોકજનક શબ્દો સાંભળીને અર્જુનનું મન ખિન્ન અને વ્યથિત બની ગયું. એ બોલી ઊઠ્યો:

'તમારા પ્રત્યે મને પ્રેમ અને પૂજ્યભાવ હોવા છતાં તમારા વિચારો સાથે હું જરા પણ સંમત નથી થઈ શકતો. પ્રખર પરાક્રમ કરીને પ્રાપ્ત કરેલી રાજ્યલક્ષ્મીને તમે ઠોકર મારવા તૈયાર થયા છો એ જોઈને મને ખૂબ જ ખેદ થઈ રહ્યો છે. એ રાજ્યલક્ષ્મીને ખરેખર છોડી જ દેવી હતી તો આટલું મોટું યુદ્ધ શા માટે કર્યું અને આટલા બધા રાજાઓ તથા યોદ્ધાઓનો સંહાર પણ શા માટે કરાવ્યો? સમૃદ્ધિશાળી રાજ્યનો પરિત્યાગ કરીને ઘેરઘેર ફરતાં ભિક્ષા માગશો એ જોઈને લોકો શું કહેશે? ઉત્તમ રાજવંશમાં જન્મી, પૃથ્વીને પોતાને અધીન કરી, હવે તમે વનમાં જવાની વાત કરો છે એમાં મને તો મૂર્ખતા જ લાગે છે. આ પૃથ્વી પર પહેલાં રાજા દિલીપનું શાસન હતું. પછી નૃગ, નહુષ, અંબરીષ અને માંધાતાનું શાસન થયું. એ જ પૃથ્વી પર હવે તમારું શાસન થયું છે. એને પ્રાપ્ત કરીને તમારે સમસ્ત પ્રાણીઓના કલ્યાણને માટે યજ્ઞ કરવો જોઈએ. એને બદલે તમે ત્યાગ કરવાની વાતો કરો છો એ જરા પણ આવકારદાયક નથી.'

'અર્જુન! તારા કહેવાથી હું મુનિઓના ઉત્તમ માર્ગનું આલંબન ના લઉં એ નહિ બની શકે. સાંસારિક સુખોને ક્ષુલ્લક માનીને અરણ્યમાં જઈને કંદમૂળ તથા ફળ ખાઈને હું તો તપસ્યા જ કરીશ. વૃક્ષની નીચે વાસ કરીશ ને મૃત્યુની પ્રતીક્ષા કરતાં શરીરને ગાળી નાખીશ. મમતાનાં બંધન તોડીને પૃથ્વી પર વિહાર કરીશ. જીવનનો રાગ અને મરણનો ભય નહિ રાખું. કોઈનું મંગલ કે કોઈનું અમંગલ નહિ ચાહું. હવે મને વિશુદ્ધ વિવેકની પ્રાપ્તિ થઈ છે. એનો ઉપયોગ કરીને અક્ષય અને નિર્ભય પદની પ્રાપ્તિ કરવા માગું છું.'

અર્જુને કહ્યું:

'જે વિચારો મને યુદ્ધના આરંભમાં આવેલા તેવા જ વિચારો હવે તમને આવે તે જાણીને મને નવાઈ લાગે છે ને દુઃખ થાય છે. મારા એ મોહજન્ય વિચારો કૃષ્ણની કૃપાથી દૂર થયા તેમ તમારા વિચારો પણ દૂર થશે. તમારા વિચારો ક્ષુલ્લક છે અને મને જરા પણ પસંદ નથી પડતા.'

ભીમે જણાવ્યું:

'તમે પહેલેથી જ આળસુ જીવન વિતાવવાનો વિચાર કર્યો'તો તો પછી કૌરવોનો સંહાર શા માટે થવા દીધો? અમને પહેલેથી જ કહ્યું હોત તો હથિયાર ના ઉઠાવત, કોઈનો વધ ના કરતા, ને તમારી પેઠે શરીરત્યાગનો સંકલ્પ કરીને અમે પણ ભિક્ષા માગી લેત. આપણો ધર્મ તો રાજ્યના ઉપભોગનો છે માટે એ જ ધર્મનું પાલન કરવું જોઈએ. પુત્રાદિના પાલનમાં અશક્ત હોય, અતિથિની સેવા કરવાની જેની શક્તિ ના હોય, ને જે પ્રમાદી તથા પરોપજીવી હોય, એ જંગલમાં જઈને એકાંતિક જીવન ભલે વ્યતીત કરે. તમારા જેવા શક્તિશાળી પુરુષો એ માર્ગે વળે તે બરાબર નથી. રાજાએ તો કર્મ જ કરવાં જોઈએ. કર્મોનો ત્યાગ કરનારને કદાપિ સિદ્ધિ નથી મળતી.'

એ પછી નકુલ અને સહદેવે પણ એવા જ વિચારો વ્યક્ત કર્યા અને દ્રૌપદીએ પણ એમને અનુરૂપ ભાવો પ્રદર્શિત કરીને ઉપસંહાર કરતાં કહ્યું:

'તમે અંબરીષ અને માંધાતા જેવા તેજસ્વી તથા વિવેકી છો. તો પ્રજાનું પાલન કરતાં આ વિશાળ પૃથ્વી પર શાસન કરો એ જ યોગ્ય છે. નિરાશાજનક વિચારો કરીને ઉદાસ બનવાને બદલે પ્રજાના કલ્યાણની યોજનાઓ ઘડીને સૌનું કલ્યાણ કરો.'

ભીમ બોલ્યો:

'તમે તો ધર્મજ્ઞ હોવાથી તમને અધિક કહેવાની આવશ્યકતા નથી. તોપણ તમને મોહમાં ડૂબેલા જોઈને કહ્યા વિના નથી રહેવાતું. તમે જેમ મહાશક્તિશાળી કૌરવયોદ્ધાઓ સાથે લડ્યા છો તેમ તમારા મન સાથે લડો ને એને વશ કરો. એની સાથે લડવામાં તલવાર, બાણ, ધનુષ્ય, ગદા કે બીજાં બહારનાં શસ્ત્રોની જરૂર નથી પડતી. મિત્રો કે સાથીઓ પણ નથી જોઈતા. એની સાથે તો એકલે હાથે જ વિવેકપૂર્વક લડવું પડે છે. તમારા મનને સ્થિર કરીને પરંપરાગત રાજ્યને ભોગવો ને જે વીતી ગયું છે તેને માટે શોક ના કરો.'

મહર્ષિ વ્યાસે અને કૃષ્ણે પણ જુદાં જુદાં દૃષ્ટાંતો દ્વારા યુધિષ્ઠિરને સમજાવવાનો અને મોહથી મુક્ત કરવાનો પ્રયાસ કર્યો. એ બંનેએ એમને રાજધર્મનો ઉપદેશ પણ પૂરો પાડ્યો.

કૃષ્ણે કહ્યું:

'તમે શોકિત બનીને બેસી ના રહો. મહર્ષિ વ્યાસ પરમ જ્ઞાની, તેજસ્વી, લોકહિતૈષી તથા તમારા ગુરુસમાન પૂજ્ય હોવાથી એમના આદેશાનુસાર તમે રાજ્યનો સ્વીકાર કરીને સૌનું કલ્યાણ કરો.'

કૃષ્ણની સલાહનો સ્વીકાર કરીને યુધિષ્ઠિર શોક છોડીને કર્તવ્યનો નિર્ણય કરીને આસન પરથી ઊભા થયા. એમની અશાંતિ, અસ્વસ્થતા અથવા ભ્રાંતિ દૂર થઈ.

ધૃતરાષ્ટ્રને આગળ કરીને કૃષ્ણ તથા બીજાં સ્વજનો સાથે એમણે હસ્તિનાપુર પ્રતિ પ્રયાણ કર્યું.

એમણે સફેદ રંગના સોળ બળદો જોડેલા સુંદર રથમાં બેઠક લીધી ત્યારે ભીમે રથને ચલાવવા માંડ્યો, અર્જુને છત્ર લીધું, ને નકુલ તથા સહદેવ ચામર ઢાળવા તથા પંખો કરવા લાગ્યા.

યુધિષ્ઠિરની પાછળ બીજા રથમાં યુયુત્સુ બેઠો અને ત્રીજા સુવર્ણમય રથમાં સાત્યકિ તથા કૃષ્ણ બેઠા.

સૌથી આગળ એક સુંદર પાલખીમાં ગાંધારી અને ધૃતરાષ્ટ્ર બેઠેલાં. એ પછી કુંતી તથા દ્રૌપદી જેવી સ્ત્રીઓ જુદાં જુદાં સાધનોમાં બેઠેલી.

એમનું ધ્યાન રાખવાનું કામ વિદુરજી કરી રહેલા.

હસ્તિનાપુરનાં નગરજનોએ એ સૌનું સ્નેહપૂર્વક સ્વાગત કર્યું.

એ એમને જોવા માટે એકઠાં થયાં.

યુધિષ્ઠિર સૌની સાથે રાજમાર્ગ પરથી પસાર થઈને રાજમહેલના વિશાળ દ્વાર પાસે આવી પહોંચ્યા ત્યારે એમનો સ્વસ્તિ શબ્દોથી સત્કાર કરીને બ્રાહ્મણોએ આશીર્વાદ આપ્યાં.

પછી રથમાંથી ઊતરીને યુધિષ્ઠિરે રાજભવનમાં પ્રવેશીને કુળદેવતાઓનું દર્શન કર્યું ને બહાર આવીને દાન આપ્યું. એ વખતે લોકોની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

પુરોહિત ધૌમ્યના આદેશાનુસાર મંગલ મૂહૂર્તમાં યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો ત્યારે એ પ્રસન્નતા અનેકગણી વધી ગઈ.

પૃથ્વીમાં પળે પળે નાનાંમોટાં પરિવર્તનો લાવનારા કાળદેવતાને સૌએ યાદ કર્યા ને મનોમન પ્રણામ કર્યા.

એ કાળદેવતા જ રંકને રાય અને રાય ને રંક કરે છે. જળને ઠેકાણે સ્થળની અને સ્થળની ઠેકાણે જળની સૃષ્ટિ કરે છે. એનાથી વિશેષ શક્તિશાળી બીજું કોઈ જ નથી.

એ સામ્રાજ્યોનાં સ્મશાનો કરે છે ને સ્મશાનની જગ્યાએ સામ્રાજ્યો રચે છે.

દુર્યોધન એ દેવતાના ભ્રૂભંગમાત્રથી હતો ન હતો થઈ ગયો.

એનું આસન ઘડીના છઠ્ઠા ભાગમાં હાલી ઊઠ્યું, ને યુધિષ્ઠિર પાંડવો સાથે વિજય તથા રાજ્યશ્રી પામ્યાં.

કેટલાય લોકોએ મનોમન કહ્યું:

'એ કાળદેવતાને નમસ્કાર!'

પ્રજાજનોએ યુધિષ્ઠિરને અભિનંદન આપ્યાં એટલે યુધિષ્ઠિરે એમનો આભાર માનતાં જણાવ્યું:

'મહારાજા ધૃતરાષ્ટ્ર મારા પિતા બરાબર છે. મારું મંગલ કરવા માગનારે એમની આજ્ઞાનુસાર વર્તવાનું ધ્યાન રાખવાનું છે. મારું કર્તવ્ય પણ એમની ને માતા ગાંધારીની સેવા કરવાનું છે. મારી તમને સૌને એ જ પ્રાર્થના છે કે એમની પ્રત્યે પહેલાં જેવો જ ભાવ રાખજો. આ સમસ્ત રાજ્ય એમનું છે અને અમે પણ એમના જ છીએ.'

યુધિષ્ઠિરની એ ઉદાત્ત ભાવનાનો પરિચય પામીને પ્રજાજનો પ્રસન્ન થયા અને એમની પ્રશંસા કરવા લાગ્યા.

ધૃતરાષ્ટ્ર તથા ગાંધારી પણ સંતોષ પામ્યા.

એમનું દુઃખ કાંઈક અંશે હળવું બન્યું.

યુધિષ્ઠિરે ભીમને યુવરાજપદ પ્રદાન કર્યું, વિદુરને પોતાના સલાહકાર કર્યા, સંજયને કોષાધ્યક્ષ બનાવ્યા, નકુલને સેનાની વ્યવસ્થા તથા દેખરેખનું કામ સુપ્રત કર્યું, શત્રુઓનો સામનો તેમ જ દુષ્ટોનું દમન કરવાની ખાસ જવાબદારી અર્જુનને સોંપી, ધૌમ્યને પુરોહિતપદ પ્રદાન કર્યું, અને સહદેવને પોતાની સાથે રાખીને પોતાની રક્ષાનું કામ સોપ્યું.

એ પ્રમાણે રાજ્યવયવસ્થા કરીને યુધિષ્ઠિરે કૃષ્ણની પાસે જઈને એમની પ્રેમપૂર્વક પ્રશસ્તિ કરીને કહ્યું:

'તમારા અનુગ્રહ, સહકાર તેમ જ સાથથી જ અમે રાજ્યની પ્રાપ્તિ કરી શક્યા છીએ, વિજયી બન્યા છીએ અને છતાં પણ ધર્મથી ચ્યુત નથી થયા.'

કૃષ્ણ એ પ્રશસ્તિથી લેશપણ વિચલિત થયા સિવાય શાંત રહ્યા ને બોલ્યા:

'શરશય્યા પર સૂતેલા ભીષ્મ અત્યારે મારું સ્મરણ, મનન અને ધ્યાન કરી રહ્યા છે એટલે મારું મન સ્વાભાવિક રીતે જ ત્યાં તેમની પાસે પહોંચી ગયું છે. ભીષ્મના સ્વર્ગવાસી થવાથી પૃથ્વી અમાસની રાત જેવી અંધકારમય, નીરસ તેમ જ કાંતિરહિત બની રહેશે. માટે એમની પાસે પહોંચીને એમને પ્રણામ કરો ને કોઈ શંકા હોય તો તેનું સમાધાન કરી લો. એમના શાંત થવાની સાથે સર્વ પ્રકારના જ્ઞાનનો પ્રકાશ શમી જશે.'

કૃષ્ણના આદેશાનુસાર યુધિષ્ઠિર એમની સાથે ભીષ્મ પાસે ગયા.

ઓઘવતી નદીના તટપ્રદેશ પર શરશય્યા પર શાંતિથી સૂતેલા ભીષ્મે કૃષ્ણને પ્રણામ કર્યા.

કૃષ્ણ, યુધિષ્ઠિર અને બીજા બધાએ રથમાંથી ઊતરીને ભીષ્મના કુશળ સમાચાર પૂછ્યા.

કૃષ્ણે કહ્યું:

'તમારા જીવનના છપ્પન દિવસો બાકી રહ્યા છે. તે પૂરા થતાં તમે શરીરનો ત્યાગ કરીને ઉત્તમ ગતિની પ્રાપ્તિ કરશો. યુધિષ્ઠિર ઉપદેશ શ્રવણની ઈચ્છા રાખે છે તો તમે તમારા પ્રખર જ્ઞાનામૃતથી એમને તપ્ત કરો.'

ભીષ્મે યુધિષ્ઠિરને અનેક પ્રકારનો ઉપદેશ આપ્યો. એથી યુધિષ્ઠિરને શાંતિ મળી.

એ ઉપદેશના અનુસંધાનમાં ભીષ્મે કહ્યું:

'શરીરમાં એક સાધારણ કાંટો વાગે છે કે નાની સરખી સોય ભોંકાય છે તોપણ કેટલી બધી પીડા થાય છે? તો આ તો સુતીક્ષ્ણ શરની શય્યા છે એની ઉપર હું શાંતિપૂર્વક સૂઈ રહ્યો છું તેનું મોટામાં મોટું કારણ એ જ કે મારા મનને મેં સંસારના ક્ષણભંગુર પદાર્થો ને વિષયોમાંથી પાછું વાળી લઈને પરમાત્મામાં લગાડી દીધું છે. મેં જ્ઞાનના પરમ પ્રકાશની મદદથી મારી વૃત્તિને શરીર તથા પ્રાણમાંથી ઉપર ઉઠાવીને વિશુદ્ધ પરમાત્માભાવમાં પ્રતિષ્ઠિત કરી છે.'

ભીષ્મે શરીરત્યાગનો સમય પાસે આવ્યો એટલે કૃષ્ણની અનુમતિ મેળવી.

એ વખતે સૂર્ય દક્ષિણાયનમાંથી નિવૃત્ત થઈને ઉત્તરાયણમાં આવી ચૂકેલો.

ચંદ્રમાસ પ્રમાણે મહા મહિનાનો શુકલ પક્ષ ચાલી રહેલો.

શરશય્યા પર અઠ્ઠાવન દિવસ રહ્યા પછી એમણે એમની આજુબાજુ એકઠા થયેલા વિશાળ જનસમૂહ તરફ દૃષ્ટિપાત કરીને યોગની ધારણા કરી.

એ વખતે એક મહાન આશ્ચર્યકારક ઘટના એ બની કે એમનો પ્રાણ જે અંગોનો પરિત્યાગ કરીને ઉપર ઊઠવા માંડ્યો એ અંગોમાં લાગેલાં બાણ આપોઆપ નીચે પડવા લાગ્યાં અને એમના જખમ પણ શાંત થતા ગયા.

એ જોઈને સૌના વિસ્મયનો પાર ના રહ્યો.

ભીષ્મનો પ્રાણ બ્રહ્મરંધ્રમાંથી પસાર થઈને બહાર નીકળી ગયો અને અવકાશમાં વિલીન થયો.

એવી રીતે એક મહાપ્રતાપી, મહામહિમાવાન, જીવન પર પડદો પડી ગયો.

યુધિષ્ઠિર તથા વિદુરે ભીષ્મના શરીરને ચિતા પર રાખીને રેશમી વસ્ત્રો તથા ફૂલોની માળાઓથી ઢાંકી દીધો.

વિદ્વાનો સામવેદનું ગાન કરવા લાગ્યા અને એના સુધામય સ્વરની વચ્ચે ભીષ્મના શરીરને ચંદનનાં કાષ્ઠ તેમ જ સુવાસિત દ્રવ્યોથી ઢાંકી દઈને ધૃતરાષ્ટ્રે ચિતાને આગ ચાંપી.

એ પછી મહર્ષિ વ્યાસ તથા કૃષ્ણ જેવા મહાપુરુષોની સાથે સૌએ ગંગાતટ પર જઈને એમને પોતપોતાની શ્રદ્ધાંજલિ આપી.

ભીષ્મના શરીરત્યાગ પછી યુધિષ્ઠિરનો શોક પરિસીમાએ પહોંચ્યો ત્યારે કૃષ્ણે એમને આશ્વાસન આપ્યું ને મૃત્યુનો શોક કરવાનું છોડી દઈને યજ્ઞોના અનુષ્ઠાનની પ્રેરણા પ્રદાન કરી.

એમના માર્ગદર્શન પ્રમાણે યુધિષ્ઠિરે આત્મશાંતિ માટે અશ્વમેધ યજ્ઞ કરવાનો સંકલ્પ કર્યો.

એ યજ્ઞના અશ્વની રક્ષા માટે અર્જુનની નિયુક્તિ કરવામાં આવી.

અર્જુન જુદા જુદા રાજાઓનો પરાજય કરીને આખરે હસ્તિનાપુર આવી પહોંચ્યો ત્યારે ચિત્રાંગદા પણ પોતાના પુત્ર બભુવાહન સાથે ત્યાં પહોંચી ગઈ.

યજ્ઞમાં યુધિષ્ઠિરે બ્રાહ્મણોને દક્ષિણાઓ આપીને તૃપ્ત કર્યા અને રાજાઓને પણ ભાતભાતની ભેટો આપીને વિદાય કર્યા ત્યારે યજ્ઞની પૂર્ણાહુતિ વખતે ત્યાં એક આશ્ચર્યકારક ઘટના બની.

અડધા સોનેરી શરીરવાળો એક નોળિયો કોઈપણ પ્રકારના સંકોચ વિના યજ્ઞમંડપમાં પ્રવેશીને સૌના દેખતાં યુધિષ્ઠિરની આગળ યજ્ઞભૂમિમાં આળોટવા માંડ્યો ને માનવની ભાષામાં બોલ્યો:

'આ યજ્ઞની તમે બધા પ્રશંસા કરો છો પરંતુ આ યજ્ઞ પેલા કુરુક્ષેત્રનિવાસી, ઉંચ્છવૃત્તિધારી, બ્રાહ્મણના યજ્ઞની તોલે નથી આવી શકે તેમ.'

'કેમ?' ત્યાં એકઠા થયેલા લોકોએ પૂછ્યું: 'આ યજ્ઞમાં શી ખામી છે? મહારાજા યુધિષ્ઠિરનો આ યજ્ઞ બરાબર વિધિપૂર્વક કરવામાં આવ્યો છે. એમાં દાન તથા પૂજાસેવાથી સૌને સંતુષ્ટ કરવામાં આવ્યા છે, તોપણ તું આવો આક્ષેપ કરે છે તે શું બરાબર છે?'

'હું આક્ષેપ નથી કરતો પરંતુ સાચું કહું છું.'

'કેવી રીતે?'

'હું મારા સ્વાનુભવની કથા કહી બતાવું. એ કથા થોડા દિવસો પહેલાંની ને કુરુક્ષેત્રની છે. ત્યાં ઉંચ્છવૃત્તિવાળો એક બ્રાહ્મણ રહેતો. એ પોતાની સ્ત્રી, પુત્રવધૂ અને પોતાના પુત્ર સાથે રહેતો ને તપ કરતો. એ શુદ્ધ આચારવિચારવાળો, ધર્માત્મા તથા જીતેન્દ્રિય હતો.

એકવાર એ પ્રદેશમાં ભયંકર દુકાળ પડ્યો. એને લીધે એ બ્રાહ્મણકુટુંબને દિવસો સુધી ભૂખે રહેવું પડ્યું. દિવસોના ઉપવાસ પછી એકવાર બ્રાહ્મણને શેર જેટલા જવ મળ્યાં.

એ જવનો સાથવો કરીને એના સરખા ભાગ પાડીને પોતાના કુટુંબ સાથે જમવા બેઠો ત્યાં જ કોઈ ક્ષુધાર્ત અતિથિ આવી પહોંચ્યો.

બ્રાહ્મણે એને પોતાનો ભાગ આપી દીધો તોપણ અતિથિની તૃપ્તિ ના થવાથી બ્રાહ્મણની સ્ત્રીએ, પુત્રવધુએ તથા એના પુત્રે પણ વારાફરતી પોતાના ભાગ પ્રસન્નતાપૂર્વક અર્પણ કર્યા.

એથી અતિથિને તૃપ્તિ થઈ.

બ્રાહ્મણ કુટુંબનો એ અદભુત ત્યાગ તથા સેવાભાવ જોઈને એ પ્રસન્ન થયો ને બોલ્યો કે તમે તમારી શુદ્ધ સેવાભાવનાથી જે દાન કર્યું છે તેથી મને ખૂબ જ સંતોષ થયો છે. તમારી ઉપર બધા દેવતાઓ પ્રસન્ન થયા છે. તમે શેર જેટલા સાથવાનું દાન કરીને બ્રહ્મલોક પર વિજય મેળવ્યો છે. હજારો અશ્વમેધ યજ્ઞ પણ તમારા આ દાનની બરાબરી નથી કરી શકે તેમ. તમે તમારા શરીરધારણને સફળ કરી દીધું. સંસારમાં તમારો યશ કાયમને માટે અજરામર બની ગયો. હું સાક્ષાત ધર્મ છું. તમારે સૌને માટે આ દિવ્ય વિમાન તૈયાર છે. તેમાં બેસીને તમે બ્રહ્મધામમાં પ્રયાણ કરો.'

'ધર્મના શબ્દો સાંભળીને બ્રાહ્મણે પોતાના કુટુંબ સાથે વિમાનમાં બેસીને બ્રહ્મધામ તરફ પ્રયાણ કર્યું.

એમના પ્રયાણ પછી દરમાંથી બહાર નીકળીને પેલા અતિથિએ જે સ્થળે ભોજન કરેલું એ સ્થળમાં મેં આળોટવા માંડ્યું.

'એ વખતે સાથવાની રહી સહી ગંધથી, ત્યાં પડેલા પાણી ને પુષ્પોના સ્પર્શથી અને સાથવાના નીચે ઢળેલાં અંશને મોં લગાડવાથી મારું માથું અને અડધું શરીર સોનાનું બની ગયું. એ જોઈને મને ખૂબ જ આશ્ચર્ય થયું.'

'ત્યારથી તે આજ સુધી મારા શેષ શરીરને સોનાનું કરવા માટે મેં કેટલેય ઠેકાણે પ્રવાસ કર્યો ને કેટલાંય તપોવનો તથા યજ્ઞસ્થાનોની મુલાકાત લીધી. મહારાજા યુધિષ્ઠિરના મહાન યજ્ઞની પ્રશસ્તિ સાંભળીને અહીં આવ્યો તોપણ મારું શરીર એવું ને એવું જ રહી ગયું. એથી જ મારે કહેવું પડ્યું કે આ યજ્ઞ પેલા ક્ષુધાર્ત બ્રાહ્મણકુટુંબના શેર સાથવાના સેવાયજ્ઞ બરાબર ઉત્તમ નથી લાગતો. નહિ તો મારું બાકીનું અડધું શરીર પણ સોનાનું થઈ જાત.'

એવું કહીને એ માનવભાષા બોલનારો નોળિયો સૌના આશ્ચર્ય સાથે અદૃશ્ય થઈ ગયો.

ત્યાં એકઠા થયેલા લોકો નોળિયાના શબ્દો સારી પેઠે સમજી ગયા.

એમને થયું કે અસંખ્ય મહાપુરુષો યજ્ઞનો આધાર લેવાને બદલે કેવળ તપશ્ચર્યાથી જ ઉત્તમ ગતિને મેળવી ચૂક્યા છે.

યજ્ઞોથી જે મહાન ફળની પ્રાપ્તિ થાય છે તે અને એથી પણ વિશેષ ફળ અદ્રોહ, સંતોષ, શીલ, સરળતા, તપ, ઈન્દ્રિયનિગ્રહ, સત્ય તેમ જ દાનથી પ્રાપ્ત થાય છે.

એ ગુણોમાંથી એક પણ ગુણનું અનુષ્ઠાન મોટા મોટા યજ્ઞોના અનુષ્ઠાનની ગરજ સારે છે.

યુધિષ્ઠિરને પણ એ હકીકત સમજાઈ ગઈ.

* * *

૪૫. મહાપ્રયાણ

દિવસો પાણીના રેલાની પેઠે વેગથી વીતવા લાગ્યા.

કારતક મહિનાની પૂનમ પણ આવી પહોંચી.

તે દિવસે વહેલી સવારે અગાઉથી કરેલા નિર્ણય પ્રમાણે ધૃતરાષ્ટ્ર, ગાંધારી તથા કુંતી શેષ જીવન તપશ્ચર્યામાં પસાર કરવા માટે વનમાં જવા નીકળ્યાં.

હસ્તિનાપુર નગરના વર્ધમાન નામના દ્વારમાંથી એ બહાર નીકળ્યાં અને પોતાની પાછળ આવતા વિશાળ જનસમૂહને અવારનવાર આગ્રહ કરીને પાછો વાળવા માંડ્યા.

વિદુર અને સંજય બંને ધૃતરાષ્ટ્રની સેવા માટે એમની સાથે વનમાં જવા તૈયાર થયેલા એટલે એમને માટે પાછા વળવાનો કોઈ પ્રશ્ન જ ન હતો.

યુધિષ્ઠિરે, અર્જુને, ભીમે તથા દ્રૌપદીએ કુંતીને વનમાં જવાનો વિચાર માંડી વાળવા માટે બને તેટલું બધું જ કરી જોયું પરંતુ કુંતીએ ના માન્યું.

એનું મન ખૂબ જ મક્કમ હતું.

એણે યુધિષ્ઠિરને કહ્યું:

'મેં મહારાજા પાંડુના સમૃદ્ધ સામ્રાજ્યનું સુખ ભોગવ્યું છે ને દાન તથા સેવાકર્મો પણ સારા પ્રમાણમાં કરી લીધાં છે. મને એનો મોહ નથી રહ્યો. હવે તો વનમાં રહીને ધૃતરાષ્ટ્ર અને ગાંધારીની સેવા કરતાં શેષ જીવન શાંતિપૂર્વક તપશ્ચર્યામાં વિતાવી દઈશ. તમે બધા પાછા જાઓ. તમારી બુદ્ધિ હંમેશા ધર્મમયી બની રહે ને અંતર ઉદાર થાય, એવો મારો આશીર્વાદ છે. સહદેવ અને નકુલનું બરાબર ધ્યાન રાખજો. કર્ણને યાદ કરીને એને માટે જરૂરી દાનપુણ્ય કરતા રહેજો, ને ભીમ, અર્જુન, દ્રૌપદી તથા બીજી સ્ત્રીઓને આનંદમાં રાખજો. કુરુકુળનો બધો જ બોજો તમારી ઉપર છે.'

સૌની આંખમાંથી આંસુ ચાલવા લાગ્યાં.

કુંતીને વનમાં આવવાનો વિચાર પડતો મૂકીને હસ્તિનાપુરમાં રહેવા માટે ધૃતરાષ્ટ્રે, વિદુરે અને ગાંધારીએ પણ સમજાવી જોઈ પરંતુ એમની સમજાવટ સફળ ના થઈ શકી.

કુરુક્ષેત્રમાં જઈને મહર્ષિ વ્યાસની સૂચનાનુસાર એ સૌએ વનમાં રહીને તપ કરતા રાજર્ષિ શતયૂપના આશ્રમમાં રહેવા માંડ્યું.

થોડાક સમયપર્યંત કુરુક્ષેત્રની એ પુણ્યભૂમિમાં રહ્યા પછી વિદુરે દેહત્યાગ કર્યો.

એ દરમિયાન પાંડવો પોતાના પરિવાર સાથે એ સૌને મળવા આવ્યા.

પાંડવો કુરુક્ષેત્રની એ તપોભૂમિમાંથી હસ્તિનાપુરમાં પાછા ફર્યા પછી ધૃતરાષ્ટ્ર, સંજય, કુંતી, ગાંધારી અને એમની સાથે રહેતા પુરોહિતો હરદ્વારમાં આવીને રહેવા લાગ્યા.

ધૃતરાષ્ટ્ર, સંજય, ગાંધારી તથા કુંતી હરદ્વારમાં ઘોર વનમાં ગંગાતટવર્તી પ્રદેશમાં રહીને કઠોર તપ કરવા માંડ્યાં.

એવી રીતે તપશ્ચર્યા કરતાં કરતાં લાંબો વખત વીતી ગયો ત્યારે એક દિવસ વનમાં ભયંકર આગ ફાટી નીકળી.

એ દાવાગ્નિમાં સમસ્ત જંગલ જલવા લાગ્યું.

ધૃતરાષ્ટ્રનું શરીર ઉપવાસ કરવાથી અતિશય અશક્ત બની ગયું હોવાથી એ પોતાના જીવનને બચાવવા માટે નાસી ના શક્યા એટલે સંજયને સંબોધીને બોલ્યા:

'સંજય! તમે કોઈ એવી જગ્યાએ જતા રહો કે જ્યાં અગ્નિની જ્વાળાઓ તમને જલાવી ના શકે. અમે અશક્ત હોવાથી અમારાથી હવે બચાય તેવું નથી લાગતું.'

ધૃતરાષ્ટ્રે પોતાના શરીરત્યાગનો સંકલ્પ કરીને ગાંધારી અને કુંતી સાથે આસન લગાવ્યું તથા યોગની વિધિનો આશ્રય લઈને મનને સમાધિમાં જોડી દીધું.

એ ત્રણેનાં શરીર નિશ્ચેટ બની ગયાં એટલે અગ્નિની ભયંકર જ્વાળાઓએ એમને ભસ્મીભૂત કરી દીધાં.

એ એકાએક બનેલી કરુણ ઘટનાના સમાચાર સાંભળીને પાંડવોના શોકનો પાર ના રહ્યો.

ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને કુંતીને સ્વાહા કરી જનાર સર્વભક્ષી અગ્નિ ધૃતરાષ્ટ્રે કરાવેલા યજ્ઞનો જ અગ્નિ હતો. યજ્ઞની પરિસમાપ્તિ પછી બાકી રહેલો એ અગ્નિ જ પવનના પ્રકોપથી વિશાળ સ્વરૂપ ધારણ કરીને વનમાં બધે ફરી વળેલો.

*

મહાભારતના ભયાનક યુદ્ધ પછીના છત્રીસમા વરસે યુધિષ્ઠિરને અનેક પ્રકારનાં અપશુકન થવા લાગ્યાં.

થોડા દિવસોમાં તો એમને સમાચાર મળ્યા કે ઋષિઓની મશ્કરી કરવા જતાં એમણે આપેલા શાપને લીધે સામ્બના પેટમાંથી નીકળેલા મૂસળને લીધે સમસ્ત વૃષ્ણિવંશીઓનો અંદર અંદર લડવાથી નાશ થઈ ગયો.

વૃષ્ણિ, અંધક અને ભોજવંશના વીરોનો નાશ થઈ ગયા પછી કૃષ્ણે દારુકને હસ્તિનાપુર મોકલીને સઘળા સમાચાર કહી સંભળાવ્યા.

એમણે યદુકુળની ને બીજી સ્ત્રીઓની રક્ષા માટે અર્જુનને દ્વારકા આવવાનો આદેશ મોકલ્યો.

એ વખતે બળરામે સમાધિ દ્વારા પોતાના શરીરનો ત્યાગ કર્યો.

વનમાં વિચરણ કરતા કૃષ્ણ એક શાંત સ્થાનમાં બેઠા ને પછી આડા પડ્યા.

એ જ વખતે મૃગોને મારવા નીકળેલા જરા નામના વ્યાધે ભૂલથી એમને મૃગ માનીને બાણ માર્યું.

એમની પાસે પહોંચ્યા પછી સાચી હકીકતનું ભાન થતાં એને ખૂબ જ દુઃખ થયું.

એણે કૃષ્ણને પગે પડીને એમની માફી માગી ત્યારે કૃષ્ણે એને આશ્વાસન આપ્યું ને કહ્યું:

'જે થયું છે તે બધું મારી ઈચ્છા અને યોજનાનુસાર જ થયું છે. તું તો એમાં નિમિત્ત બન્યો છે એટલું જ. તારે શોક કરવાનું કોઈ કારણ નથી. યદુકુળનો નાશ થયો છે, બળરામે પણ શરીરનો ત્યાગ કર્યો છે, અને હું પોતે પણ આ પરિવર્તનશીલ પૃથ્વીનો ત્યાગ કરીને પરમ ધામ માટે પ્રયાણ કરું છું.'

યોગાસનમાં આરુઢ થઈને કૃષ્ણે એ પછી તરત જ પરમ ધામ પ્રતિ પ્રયાણ કર્યું.

એમનું એ મંગલમય મહાપ્રયાણ ખરેખર અદભુત હતું.

એની સાથે એક સર્વલોકહિતકારી, સર્વાંગસુંદર, સર્વોત્તમ, અસાધારણ, અભિનયનો અંત આવ્યો. એક અત્યંત આશીર્વાદરૂપ ઉજ્જવળ, ઈતિહાસ પર પડદો પડી ગયો. એક અનેરા અધ્યાયની ઈતિશ્રી થઈ ગઈ.

અર્જુન દ્વારકામાં આવીને વસુદેવને મળ્યો તે પછી વસુદેવ પણ મૃત્યુ પામ્યા.

એમની તથા કૃષ્ણની સૂચના પ્રમાણે અર્જુન સાત દિવસ દ્વારકામાં રહીને યદુકુળની સ્ત્રીઓને, મંત્રીઓ બ્રાહ્મણોને અને બીજા સેવકોને લઈને હસ્તિનાપુર તરફ ચાલી નીકળ્યો.

હસ્તિનાપુર જતો વૃષ્ણિવંશી સ્ત્રીઓનો ને બીજો સમૂહ સમુદ્ર જેવો વિશાળ દેખાવા લાગ્યો.

એ સૌએ દ્વારકાનો ત્યાગ કર્યો કે તરત જ કૃષ્ણે ભાખેલી ભવિષ્યવાણી પ્રમાણે સમુદ્રે રત્નો, માણેક, મોતી તથા સુવર્ણથી ભરેલી દ્વારકાને પોતાના પાણીમાં ડુબાડી દીધી ત્યારે એ જમાનાના જ્વાજ્વલ્યમાન ઈતિહાસ સાથે સંકળાયેલી એક સુંદર સ્મૃતિનો લોપ થયો.

રસ્તામાં પંચનદ દેશમાં લૂંટારાઓએ અર્જુન અને સાથેના જનસમૂહ પર આક્રમણ કરીને લૂંટ ચલાવી અને અસંખ્ય સ્ત્રીઓનું અપહરણ કર્યું.

અર્જુનની શસ્ત્રવિદ્યા એ કટોકટીના વખતે બરાબર કામ ના કરી શકી.

લૂંટારાઓનો સામનો કરતાં થોડાક જનસમૂહ અને ધનને લઈને એ આગળ વધ્યો.

રસ્તામાં એણે મહર્ષિ વ્યાસની મુલાકાત લઈને સઘળી હકીકત કહી બતાવી.

*

વૃષ્ણિવંશીઓના નાશના, કૃષ્ણ અને બળરામના મહાપ્રયાણના અને બીજા સમાચાર સાંભળીને યુધિષ્ઠિર ખૂબ જ ઉદાસ બની ગયા તથા દુઃખી થયા. એમનું મન સંસાર પરથી ઉપરામ બની ગયું.

એમણે સર્વસંગપરિત્યાગ કરીને હિમાલયના પવિત્ર પ્રદેશમાં જવાનો નિર્ણય કર્યો.

મહર્ષિ વ્યાસ, નારદ, યાજ્ઞવલ્ક્ય અને ભરદ્વાજને બોલાવીને એમણે એમની અનુમતિ લીધી, કૃપાચાર્યની પૂજા કરી, ને પરીક્ષિતને એમની સેવામાં સુપ્રત કર્યો.

એમનો મહાપ્રસ્થાનનો સંકલ્પ સાંભળીને પ્રજાજનો શોક કરવા લાગ્યા તોપણ એમના એ સંકલ્પમાં ફેર ના પડ્યો.

એમણે ઉત્તમ પ્રકારનાં આભૂષણો ઉતારીને વલ્કલ વસ્ત્રો ધારણ કર્યા.

ભીમ, અર્જુન, સહદેવ, નકુલ અને દ્રૌપદીએ એમનું અનુકરણ કર્યું.

એ પણ એમની સાથે મહાપ્રસ્થાન કરવા તૈયાર થયાં.

દ્રૌપદીની યોગ્યતા જોઈને યુધિષ્ઠિરે એને સાથે આવવાની સંમતિ આપી.

એમની સાથે એ મંગલમય મહાયાત્રા માટે એક કૂતરો પણ ચાલી નીકળ્યો.

પ્રજાજનો અને સ્વજનોની આંખમાં આંસુ આવ્યાં.

એમના અંતર અતિશય આર્ત બની ઊઠ્યાં.

સૌએ એમને દુઃખી દિલે વિદાય આપી.

પાંડવોએ દ્રૌપદી સાથે પૂર્વ દિશા તરફ પ્રયાણ કર્યું. પછી લાલ સાગરના પ્રદેશ પર થઈને લવણ સમુદ્રના ઉત્તરતટ પરથી પસાર થઈને દક્ષિણ તથા પશ્ચિમ દિશા તરફ વધવા માંડ્યું. એ પછી પશ્ચિમ દિશામાં પ્રવાસ કરીને દરિયામાં ડૂબેલી દ્વારકા નગરીનું દર્શન કર્યું ને ઉત્તર દિશામાં પ્રસ્થાન કર્યું.

હિમાલયના પવિત્ર પ્રદેશમાં પ્રવેશીને સુમેરુ પર્વતનું દર્શન કરીને એ બધાં આગળ વધ્યાં ત્યારે સૌથી પહેલાં દ્રૌપદી નિશ્ચેટ થઈને ધરતી પર ઢળી પડી.

એ પછી આગળ વધતાં ક્રમેક્રમે સહદેવ, નકુલ, અર્જુન અને ભીમ પણ ઢળી પડ્યા.

માત્ર યુધિષ્ઠિર જીવતા રહ્યા.

એ આગળ વધ્યા અને એમની પાછળ આવેલો કૂતરો પણ આગળ વધ્યો.

થોડા જ વખતમાં એમની આગળ સુવર્ણમય સુંદર રથમાં બેસીને દેવોના અધીશ્વર ઈન્દ્ર આવી પહોંચ્યા ને બોલ્યા:

'યુધિષ્ઠિર, હું તમારું સ્વાગત કરું છું ને તમારી મંગલમય મહાન યાત્રા માટે તમને અભિનંદન આપું છું. તમે મારા રમણીય રથમાં બેસીને મારી સાથે ચાલો ને સ્વર્ગલોકમાં પ્રવેશ કરો.'

યુધિષ્ઠિરે પોતાના ભાઈઓ અને દ્રૌપદી સાથે જ સ્વર્ગમાં પ્રવેશવાનો આગ્રહ બતાવ્યો ત્યારે ઈન્દ્રે જણાવ્યું:

'તમારા ભાઈઓ અને દ્રૌપદી શરીર છોડીને તમારી પહેલાં જ ત્યાં પહોંચી ગયાં છે. તમે તેમને ત્યાં મળી શકશો. તમે આ જ શરીરથી ત્યાં આવી શકશો.'

યુધિષ્ઠિરે કહ્યું:

'આ કૂતરો છેક હસ્તિનાપુરથી મારી સાથે આવી રહ્યો છે. એણે પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ મારો ત્યાગ કરવાને બદલે મને વફાદારીપૂર્વક સાથ આપ્યો છે. એ મૂક હોવા છતાં હું એના હૃદયને સમજી શકું છું. હવે જ્યારે આટલી બધી આપત્તિઓને અંતે સહેદે સ્વર્ગમાં આવવાનો અવસર આવી પહોંચ્યો છે ત્યારે એનો પરિત્યાગ નહિ કરું.'

'પરંતુ સ્વર્ગમાં કૂતરાઓને માટે સ્થાન નથી. તમારે એનો ત્યાગ કરવો જ પડશે.'

'કદાપિ નહિ. એનો ત્યાગ કરવા કરતાં સ્વર્ગનો ત્યાગ કરવાનું જ હું વધારે પસંદ કરીશ. મારા સુખને માટે કૂતરાનો ત્યાગ નહિ કરી શકું. શરણે આવેલાનો ત્યાગ કરવો આદર્શ પુરુષને માટે બરાબર નથી જ.'

'તમે રસ્તામાં ઢળી પડેલા તમારા ભાઈઓ અને દ્રૌપદીનો ત્યાગ કરી દીધો ને આ કૂતરાનો નથી કરી શકતા? એનો તમને મોહ છે?'

'મોહ નથી પરંતુ એને માટે ન્યાયદૃષ્ટિ તથા સહાનુભૂતિ જરૂર છે. મારા પ્રિય ભાઈઓ તથા દ્રૌપદીનો ત્યાગ મેં એમનું મૃત્યુ થવાથી કર્યો છે. એમની જીવિતાવસ્થામાં નથી કર્યો.'

યુધિષ્ઠિરની ધર્મમય વાત સાંભળીને કૂતરાના રૂપમાં ધર્મદેવ પ્રસન્ન થયા ને એમની પ્રશંસા કરતા બોલ્યા:

'તમે સર્વ પ્રાણીઓ પ્રત્યેની દયા, સદાચારવૃત્તિ તેમ જ ન્યાયબુદ્ધિથી તમારા કુળને ઊજ્જવળ કર્યું છે. એકવાર પહેલાં મેં દ્વૈતવનમાં તમારા ભાઈઓ પાણી લેવા જતાં મૃતાવસ્થાને પ્રાપ્ત થયેલા ત્યારે તમારી કસોટી કરી લીધેલી. એ વખતે નકુલને જીવિત કરવાનું કહીને તમે તમારી ધર્મબુદ્ધિ બતાવેલી. આજે પણ એ જ ધર્મબુદ્ધિનું પ્રદર્શન કરાવીને અમારા મનને જીતી લીધાં છે. ધર્માચરણમાં તમારી સમતા કરવાવાળું સ્વર્ગમાં પણ બીજું કોઈ જ નથી. એટલે તમને આ જ શરીરથી ઉત્તમ ગતિની પ્રાપ્તિ થઈ રહી છે. હવે તમે આ દિવ્ય રથમાં બેસી જાઓ.'

સ્વર્ગલોકમાં પહોંચ્યા પછી યુધિષ્ઠિરે પોતાના બંધુઓને જોવાની ઈચ્છા કરી.

એમને દુર્ગંધિથી ભરેલા દુઃખમય લોકમાં લઈ જવામાં આવ્યા.

ત્યાં રહીને કષ્ટ ભોગવતા બંધુઓને જોઈને એમણે પણ એ કષ્ટમય લોકમાં રહેવાની ઈચ્છા કરી ત્યારે ઈન્દ્રની માયાથી પેદા થયેલો એ લોક અદૃશ્ય થયો, અને એમણે પોતાના બંધુઓને સ્વર્ગલોકમાં જોયા.

ઈન્દ્રે કહ્યું:

'તમારા બધા બંધુઓ સ્વર્ગલોકમાં જ છે. એમને માયાવી દુઃખમય લોકમાં દેખીને તમે એમની સાથે રહેવા તૈયાર થયા એ તમારો પવિત્ર બંધુપ્રેમ તથા ધર્મભાવ બતાવે છે.'

ઈન્દ્રની સૂચનાથી યુધિષ્ઠિરે દેવનદી ગંગામાં સ્નાન કર્યું કે તરત જ એમનુ માનવશરીર છૂટી ગયું અને એમને દૈવી દેહની પ્રાપ્તિ થઈ.

એમનું મહાપ્રસ્થાન અથવા મહાપ્રયાણ પૂરું થયું.

એ આનંદના અતિરેકમાં આવીને બોલી ઊઠ્યા:

'મનુષ્ય જગતમાં હજારો માતાપિતા તથા સેંકડો સ્ત્રીપુત્રો અને સ્વજનોના સંયોગવિયોગને અનુભવે છે. અજ્ઞાની મનુષ્યને હર્ષ તથા શોકના પ્રતિદિન હજારો પ્રસંગો પ્રાપ્ત થાય છે. એનો પ્રભાવ પ્રાજ્ઞના મન પર નથી પડતો.

'બંને હાથ ઉપર ઉઠાવીને પોકારીને કહું છું પણ કોઈ મારું નથી સાંભળતું. ધર્મથી કામ, અર્થ અને મોક્ષ બધુંય મળે છે તોપણ એનું અનુષ્ઠાન શા માટે નથી કરવામાં આવતું?'

'લૌકિક લાલસાથી પ્રેરાઈને, ભયથી, લોભથી કે પ્રાણની રક્ષા માટે પણ ધર્મનો ત્યાગ કદાપિ ના કરવો જોઈએ. ધર્મ નિત્ય અને સુખદુઃખ અનિત્ય છે. જીવાત્મા નિત્ય છે અને એના બંધન અથવા એની અશાંતિનાં કારણો અનિત્ય છે.'.

* * *

સમાપ્ત

* * *

ABOUT THE AUTHOR



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી વિરહાતુર બની 'મા' ના દર્શન માટે પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહીંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદ્ભુત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

આત્મકથા	પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ प्रकाश पथ का यात्री ▪ Steps towards Eternity
અનુવાદ	રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas)
ગદ્યકાવ્યો	અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite
ગીતો	હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ
ચિંતન	બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ)
ભજનો	આલાપ ▪ આરતી ▪ અભીપ્સા ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ ▪ સાંઈ સંગીત
મહાકાવ્યો	રામાયણ દર્શન ▪ કૃષ્ણ રુક્મીણિ ▪ ગાંધી ગૌરવ ▪
લેખ	આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા ▪ શ્રીરામ કથામૃત
જીવનચરિત્ર	ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪
પદ્યાનુવાદ	ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન
પ્રવચનો	અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ
પ્રસંગો	ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ श्रेय और साधना
પ્રવાસ	તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર
પત્રો	હિમાલયનાં પત્રો
પ્રશ્નોત્તરી	અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન
નવલકથા	આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ
વાર્તાઓ	રોશની
નાટક	રામનું હૃદય

*

For more information
on Life and works
of

Shri Yogeshwarji

Please visit

www.swargarohan.org

A Gujarati supersite for spiritual aspirants